નોંધ

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ.હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિયામક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| ડૉ.હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| શ્રી પ્રદીપ જોષી | આચાર્યશ્રી,<br>આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,<br>વસો |

## સંપાદન

| | |
|---|---|
| શ્રી એસ.એચ.બારોટ | ઈ/ચા. કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>ડફનાળા, શાહીબાગ,અમદાવાદ - 380 003. |

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલાં નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003 ટે.નં. 22869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઇ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

નોંધ

# વિભાગ : ૧ સ્ત્રી અભ્યાસો — એક પરિચય

આ વિભાગમાં સ્ત્રી અભ્યાસોની પ્રારંભિક પરિચય કરાવવાનો હેતુ રહેલો છે. સ્ત્રી અભ્યાસોની વૈજ્ઞાનિક સમજ કેળવવામાં આ વિભાગમાં ચર્ચા કરવામાં આવી છે. આ વિભાગમાં ચાર એકમો છે. આ ચાર એકમો દ્વારા તમને સ્ત્રી અભ્યાસ વિશેની પાયાની સમજ અપાશે.

- **એકમ - ૧ : સ્ત્રી અભ્યાસો :**

  આ એકમમાં સ્ત્રી અભ્યાસ કોને કહેવામાં આવે છે, તેનો શું અર્થ ઘટાવવામાં આવે છે. તેની ચર્ચા કરવામાં આવી છે.

- **એકમ - ૨ : સ્ત્રી અભ્યાસોનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર :**

  સ્ત્રી અભ્યાસો વિશેની સ્પષ્ટતા મેળવ્યા બાદ તેનું સ્વરૂપ કેવું છે તેને સમજાવવામાં આવ્યું છે.

- **એકમ - ૩ : સ્ત્રી અભ્યાસોનું મહત્વ અને અભિગમો :**

  આ એકમ દ્વારા તમે સ્ત્રી અભ્યાસોનું મહત્વ શા માટે છે તે સમજી શકશો તથા સ્ત્રી અભ્યાસના વસ્તીશાસ્ત્રીય, વિકાસાત્મક તથા વાસ્તવિકતાવાદી અભિગમોની ચર્ચા કરવામાં આવી છે.

- **એકમ - ૪ : સ્ત્રી અભ્યાસોનો ઉદ્ભવ અને વિકાસ :**

  જેના દ્વારા તમે સ્ત્રી અભ્યાસોની ઐતિહાસિક પૃષ્ટભૂમિકાને સમજી શકશો. પશ્ચિમના દેશોમાં અને ભારતમાં તેના ઉદ્ભવના કારણો જાણી શકાશે તેમજ ભારતમાં અત્યાર સુધીના સ્ત્રી અભ્યાસના વિકાસના વિવિધ તબક્કાઓની સમજ કેળવી શકાશે. આ ઉપરાંત આ વિભાગમાં સ્ત્રીઓની વિવિધ પદ્ધતિઓની વિસ્તૃત સમજ મેળવીશું. સ્ત્રી અભ્યાસો કયા કયા ક્ષેત્રોમાં કરવામાં આવે છે તેની ચર્ચા કરવામાં આવી છે.

રૂપરેખા

૧.૦ ઉદ્દેશો
૧.૧ પ્રસ્તાવના
૧.૨ અર્થ
૧.૩ સ્ત્રીઓની પરિસ્થિતિને માપવા માટેના માપદંડો
૧.૪ સારાંશ :

## ૧.૦ ઉદ્દેશો

સ્વાતંત્ર્ય બાદ ભારતમાં સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા જાણકારી મેળવવા તથા સ્ત્રીઓની સમસ્યાના ઉકેલ મેળવવા માટેના અનેક પ્રયત્નો થયા છે. તદ્ઉપરાંત બંધારણના મૂળભૂત સિદ્ધાંતોમાં પણ સ્ત્રીઓ અને પુરુષ બંનેને સમાન અધિકારી આપ્યા છે. પરંતુ હજુ સુધી સ્ત્રી પુરુષ વચ્ચે સમાનતા સ્થાપી શકાઈ નથી. સ્ત્રીઓ સ્વતંત્રતા ભોગવી શકતી નથી. આમ શા માટે છે ? તેની પાછળ કયા પરિબળો જવાબદાર છે ? તેને જાણવા, સમજવા માટે ''સ્ત્રી અભ્યાસો''ની શરૂઆત થઈ.

આ વિભાગના એકમો દ્વારા તમે સ્ત્રી અભ્યાસોની ઐતિહાસિક પાર્શ્વભૂમિકા સમજી શકશો.

- સ્ત્રી અભ્યાસોનું સ્વરૂપ સમજી શકશો.
- વિવિધ નારીવાદીઓ દ્વારા સ્ત્રી અભ્યાસોનો અર્થ શું ધરાવવામાં આવ્યો છે તે જાણી શકશો.
- ભારતમાં અને પશ્ચિમના દેશોમાં સ્ત્રી અભ્યાસોનો ઉદ્ભવ કેવા સંજોગો કઈ પરિસ્થિતિમાં થયો છે તેના વિશેની જાણકારી મેળવી શકશો.
- તમે જ્યારે સ્ત્રીઓની અનેક સમસ્યાઓમાંથી કોઈ પાસાનો અભ્યાસ કરવા માંગતા હશો તો કઈ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરી શકાય તેના વિશેની જાણકારી પ્રાપ્ત કરી અભ્યાસ કરવા સક્ષમ બનશો.

## ૧.૧ પ્રસ્તાવના

વિશ્વમાં સ્ત્રીઓના જીવન - સમસ્યાઓ વિશે સમયાંતરે જુદા જુદા લોકો દ્વારા વિચારણા કરવામાં આવી છે. પરંતુ સમગ્રલક્ષી રીતે સ્ત્રીઓ વિશે વિચારવાનું ઘણું મોડું શરૂ થયું છે. ''સ્ત્રી અભ્યાસો'' એમ જ્યારે આપણે વાંચીએ છીએ ત્યારે સ્ત્રીઓ વિશેની ચર્ચાઓ એમ સામાન્ય અર્થ તારવવામાં આવે છે. પરંતુ અહીં ''સ્ત્રી અભ્યાસો''ની વૈજ્ઞાનિક સમજૂતિ આપવામાં આવી છે.

''સ્ત્રી અભ્યાસો'' એ શબ્દ પશ્ચિમના દેશોની દેણ છે. તેની શરૂઆત વીસમી સદીના છઠ્ઠા દાયકાના ઉતરાર્ધમાં અમેરિકામાં થઈ. અમેરિકામાં સ્ત્રી અભ્યાસોના પાયો નંખાયો છે. જ્યારે ભારતમાં ૧૯૭૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ બાદ તેના તરફ ધ્યાન દોરાયું અને અભ્યાસના એક વિષય તરીકે તેને સ્થાનપ્રાપ્ત થયું આમ, ૧૯૭૫ પહેલા સ્ત્રીઓને અભ્યાસના વિષય તરીકે નહીં પરંતુ વસ્તુ તરીકે ગણવામાં આવતી હતી. સ્ત્રીઓ વિશેની વૈજ્ઞાનિક ચર્ચા ૧૯ મી અને ૨૦ મી સદીમાં થઈ. ત્યાર પહેલા સ્ત્રીઓ વિશેની ચર્ચાઓએ પુરુષ પર આધારિત હતી એટલે કે પુરુષોના દષ્ટિકોણથી સ્ત્રીઓને જોવામાં આવતી. પુરુષોની ઈચ્છા પ્રમાણે સ્ત્રીઓ જીવનશૈલી નક્કી થતી. સ્ત્રીઓના જીવન જીવવા વિશેના નિયમો પુરુષો દ્વારા નક્કી થતા. ભૂતકાળમાં સ્ત્રીઓના સ્થાન વિશે જે કાંઈપણ ચર્ચા-વિચારણા થઈ તે બધું પુરુષ નક્કી કરતા. સ્ત્રીને એક વ્યક્તિ તરીકે નહીં પરંતુ વસ્તુ તરીકે જોવામાં આવતી.

## ૧.૨ અર્થ

''સ્ત્રી અભ્યાસો'' એટલે સ્ત્રીઓના દૃષ્ટિકોણથી સ્ત્રીઓનો અભ્યાસ કરવો. સ્ત્રીઓના દૃષ્ટિબિંદુથી સ્ત્રીઓને જોવી. સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ વિશેની સમતોલ સમજ વિકસાવવી. તેમજ સામાજિક પ્રક્રિયાઓમાં સ્ત્રીઓના ફાળા વિશેની આલોચનાત્મક સમજ તો સ્ત્રી અભ્યાસોમાં સમાવેશ કરવામાં આવે છે. અર્થાત્ સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓ તેમની પરિસ્થિતિને કઇ રીતે જૂવે છે. તેમની પરિસ્થિતિ કેવી છે. તેના વિશેની જાણકારી મેળવવાનો છે. વિણાદાસ, મૈત્રેયી ક્રિષ્નારાજ, નિરા દેસાઇ જેવા સ્ત્રી અભ્યાસોના નિષ્ણાંતોના મતે સ્ત્રીઓના અભ્યાસો કરતા વિદ્વાનોએ સ્ત્રીઓની તમામ બાબતો વિશે ખૂબ જ ઉંડાણપૂર્વકની માહિતી એકત્ર કરી તેને સમાજ સમક્ષ સ્પષ્ટ રીતે મૂકવી જોઇએ. જેથી સમગ્ર માનવ સમુદાય સ્ત્રીઓ અંગે જુદી દૃષ્ટિથી વિચારી શકે. આ માહિતી સ્ત્રીઓના દૃષ્ટિકોણથી તેમના પરીપેક્ષ્યથી તપાસવી જોઇએ. આ પ્રકારના અભ્યાસો દ્વારા સ્ત્રીઓ વિશેની યોગ્ય સમજ કેળવી શકાય છે. તેના દ્વારા સમાજમાં સ્ત્રીઓ વિશેની જાગૃતિ સભાનતા આવે છે અને ભાવિના કાર્યક્રમો તેના આધારે ઘડી શકાય. આમ, સ્ત્રી અભ્યાસો એ વૈજ્ઞાનિક સમજ પૂરી પાડે છે. તેટલું જ નથી પરંતુ તેમાં ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છે.

સ્ત્રી અભ્યાસોમાં સમાજની જુદી જુદી પ્રક્રિયાઓ જેમકે સામાજિકરણ, ઔદ્યોગિકરણ, શહેરીકરણ તથા સામાજિક પરિવર્તનની પ્રક્રિયાઓમાં સ્ત્રીઓનો શું ફાળો છે. સ્ત્રીઓ પોતાની જીંદગી વિશેના કેવા પ્રત્યક્ષીકરણો ધરાવે છે. સમાજમાં સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ કેવી છે. તેના વિશેની સમજ આપે છે. સ્ત્રીઓની અપેક્ષાઓને સમજવામાં તથા સ્ત્રી રૂપે અસમાનતાના મુળભુત કારણોને શોધવા તથા સમજવામાં સ્ત્રી અભ્યાસો મદદકર્તા બને છે. તથા સમાજનું સામાજિક માળખું અને તેની બાબતોને સમજવું, સ્ત્રીઓ દ્વારા, સ્ત્રીઓ માટે ચાલતી ચળવળોને સમજવામાં સહાયરૂપ થાય છે. તેમજ સ્ત્રીઓ પ્રત્યેના અન્યાયોને સમાજ સમક્ષ છતાં કરવાનો પ્રયત્ન સ્ત્રી અભ્યાસોમાં કરવામાં આવે છે.

સ્ત્રીઓના અભ્યાસોએ સ્ત્રીઓના પરિપેક્ષ્યથી કરવા એટલે સ્ત્રીઓની પરિસ્થિતિ પ્રત્યે, સ્ત્રી સમાજ સાથેના સંબંધ પ્રત્યે, સ્ત્રીઓના દમન પ્રત્યે, સ્ત્રીઓના ભેદભાવ પ્રત્યે સભાન બનવું તેમજ આ સભાનતાનો સ્ત્રીની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાની શક્તિ તરીકે ઉપયોગ કરવો.

ટૂંકમાં સ્ત્રી અભ્યાસો એટલે ......

(૧) સ્ત્રીઓના પરિપેક્ષ્યથી....

(૨) સ્ત્રીઓની પરિસ્થિતિ અંગેની સમજ મેળવવી.

(૩) સ્ત્રીઓની સમગ્ર પરિસ્થિતિ પ્રત્યે સભાન બનવું.

(૪) સ્ત્રીઓની સમગ્ર પરિસ્થિતિ પ્રત્યે જાગૃતિ દાખવવી.

(૫) પરિવર્તન લાવવા સભાનતા અને જાગૃતિનો ઉપયોગ કરવો.

(૬) પરિસ્થિતિ અંગે મેળવેલા જ્ઞાનનાં વ્યવહારોમાં ઉપયોગ કરવા પગલા લેવા.

## ૧.૩ સ્ત્રીઓની પરિસ્થિતિને માપવા માટેના માપદંડો

સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિની સમજ કેળવવી. સમાજ સમક્ષ રજૂ કરવામાં આવે છે. ત્યારે સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિને સમજવા તથા માપવા માટે ત્રણ માપદંડો છે. (૧) દરજ્જો, (૨) સત્તા અને (૩) સ્વાયતતા.

### (૧) દરજ્જો (Status) :

વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધીના જીવનકાળ દરમ્યાન વ્યક્તિ અનેક દરજ્જાઓ ધરાવે છે. કેટલાક અર્પિત દરજ્જા છે. તેને જન્મ દ્વારા મળે છે. તો કેટલાક પ્રાપ્ત દરજ્જા છે જે તેના કર્મના આધારે મળતો હોય છે. વ્યક્તિના દરજ્જાના આધારે તેનું મૂલ્યાંકન

કરવામાં આવતું હોય છે. સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા માટે સ્ત્રીઓનો દરજ્જો જુદા જુદા ક્ષેત્રોમાં કેવો છે તેને તપાસવામાં આવે છે. દરજ્જાના મૂલ્યાંકન માટેના માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જેને આધારે સ્ત્રીઓના દરજ્જાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમકે આર્થિક ક્ષેત્રે સ્ત્રીઓને મિલ્કતના અધિકારો કયા કયા છે. સ્ત્રીઓની આવક કેટલી છે? રોજગાર માટેની તકો કેટલી પ્રાપ્ત થાય છે. રોજગારી માટેની તાલીમ પ્રાપ્ત થાય છે, મેળવેલી છે ? સ્ત્રીઓને પ્રાપ્ત થતી આરોગ્યની સુવિધાઓ, આરોગ્ય વિષયક સમસ્યાઓ તેના માટેની અવરોધક પરિસ્થિતિ શિક્ષણના ક્ષેત્રમાં સ્ત્રી સાક્ષરતાનો દર, નિમ્ન સાક્ષરતા માટેના પરિબળો વગેરે જાણવાનો પ્રયત્ન થાય છે. સ્ત્રીઓના શારીરિક-માનસિક વિકાસને અવરોધતા રિવાજો, પ્રયાસો, સ્ત્રીઓ પર પ્રતિબંધ મૂકતા રિત-રિવાજો, કુરિવાજો વગેરે દ્વારા સ્ત્રીઓના દરજ્જાને માપવામાં આવે છે.

**(૨) સત્તા (Power) :**

સત્તા એટલે સામાજિક સંબંધોમાં સામાપક્ષ ઉપર પોતાની ઈચ્છા લાદવાની શક્તિ જેમાં સામાપક્ષ ઉપર નિયંત્રણ લાદવામાં આવે છે. તેને હુકમો આપવામાં આવે છે. સમાજમાં દરેક તબક્કે દરેક ક્ષેત્રમાં એક વર્ગ પાસે ખૂબ સત્તા હોય જે બીજા ઉપર નિયંત્રણ રાખતા હોય છે. હુકમો ચલાવતા હોય છે. એક વર્ગ સત્તાશાળી હોય છે. બીજો વર્ગ સત્તાવિહિન હોય છે. દા.ત. જમીનદાર અને ખેત મજૂર મીલ માલિક અને કામદાર વિશ્વમાં મોટા ભાગની કુટુંબ વ્યવસ્થા પિતૃસત્તાક છે જેથી કુટુંબનો વડીલ પુરુષ, પિતા સત્તા ધરાવતો હોય છે. સ્ત્રીઓ પાસે કોઈ જ સત્તા હોતી નથી. સ્ત્રી અભ્યાસોમાં બીજા લોકો કયાંથી, કઈ રીતે સત્તા મેળવે છે. સત્તાનો ઉપયોગ કેવી રીતે કરે છે ? કઈ સંસ્થા કેવી રીતે સત્તા પ્રદર્શિત કરે છે. તેનો સમાવેશ થાય છે. જેમકે રાજ્ય, ધર્મસંસ્થા અને કુટુંબ સંસ્થા સત્તા ધરાવતા હોય છે. જેમાં રાજ્યતંત્રમાં કાયદાઓએ સત્તાને મજબુત બનાવે છે. રક્ષણ આપવાનું કાર્ય કરે છે. કુટુંબમાં કાયદાઓ, રિવાજો, પરંપરાઓમાં મોટાભાગે સ્ત્રીઓના હક્કનો અનાદર કરવામાં આવે છે. સ્ત્રીઓના કોઈ પણ પ્રકારની સત્તા આપવામાં આવતી નથી. આમ સત્તાકોની પાસે છે ? અને શા માટે છે ? તેને શોધવામાં આવે છે. જેના દ્વારા સ્ત્રીઓના દરજ્જાને સમજી શકાય.

**(૩) સ્વાયત્તતા (Autonomy)**

સ્ત્રી અભ્યાસોનું મહતવનું ત્રીજું પાસું સ્વાયતતા છે. સ્વાયતતા એટલે વ્યક્તિને સ્વતંત્ર રીતે વર્તવાની પસંદગી કરવાની તક જેમાં વ્યક્તિની ઈચ્છાઓ, જરૂરિયાતો સંકળાયેલાં હોય છે. સ્વાયતતામાં જ્યાં સુધી બીજી કોઈ વ્યકિતને - તેમના હક્કોને નુકશાન ન થાય કે બીજાના હક્કો દૂબે નહીં ત્યાં સુધી અને તે રીતે પોતાનું ભાવિ નક્કી કરવાનો હક્ક હોય છે. અર્થાત સ્વાયતતા વ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો નિર્દેશ કરે છે. સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓને કયા કયા ક્ષેત્રોમાં સ્વાયતતા કેટલી છે ? તેને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સામાન્ય રીતે સ્ત્રી જન્મથી જ બાળકના જન્મથી માંડીને તેનો ઉછેર, લગ્ન, શિક્ષણ, કારકિર્દીની પસંદગી, તેની જીવનશૈલીમાં દરેક ક્ષેત્રોમાં સ્વાયતતાનો અભાવ જોવા મળે છે.

ટૂંકમાં સ્ત્રીઓના અભ્યાસોમાં સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન ઉપરોક્ત ત્રણ માપદંડો દરજ્જો, સતા અને સ્વાયતતાને આધારે કરવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

૧. સ્ત્રી અભ્યાસોને નારીવાદીઓ કઈ રીતે સમજાવે છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

૨. તમારા મતે સ્ત્રી અભ્યાસો એટલે શું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. સ્ત્રીઓની પરિસ્થિતિને માપવા માટેના વિવિધ માપદંડો સરળ ભાષામાં સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૧.૪ સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે જોયું કે "સ્ત્રી અભ્યાસો" શબ્દ એ પશ્ચિમના દેશોમાંથી આવેલો શબ્દ છે. જેની શરૂઆત ૨૦ મી સદીના ૬ ઠ્ઠા દાયકામાં થઈ છે. જેમાં મુખ્યત્વે ૧૯૭૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદમાં રજૂ થયેલ વિવિધ દેશોના અહેવાલોએ સ્ત્રી અભ્યાસોનું મહત્વ લોકોને સમજાવ્યું છે. અને ત્યાર બાદ સ્ત્રી અભ્યાસો નારીવાદીઓ દ્વારા થવા લાગ્યા. નારીવાદી ચળવળો શરૂ થઈ.

નારીવાદીઓએ સ્ત્રી અભ્યાસોને સ્ત્રીઓના પરિપેક્ષ્યથી સ્ત્રીઓની સમગ્ર પરિસ્થિતિ અંગેની સમજ મેળવીને તે પ્રત્યે સભાન અને જાગૃત બનવાનો નિર્દેશ કરે છે. તેમજ સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે સભાનતા અને જાગૃત્તિનો ઉપયોગ કરવો અર્થાત્ જે કાંઇ માહિતી પ્રાપ્ત થયેલ છે તેનો વ્યવહારમાં ઉપયોગ કરીને તેને માટેના વિશિષ્ટ કાર્યક્રમો બનાવીને પગલા લેવાનો નિર્દેષ કરે છે. આ ઉપરાંત સ્ત્રીઓની પરિસ્થિતિને કેવી રીતે માપી શકાય તે દર્શાવ્યું છે. જેવા કે દરજ્જો સત્તા અને સ્વાયતતાના માપદંડો દ્વારા સ્ત્રીઓની પરિસ્થિતિને સમજી શકાય.

- **ચાવીરૂપ શબ્દો :**
  - **સ્ત્રી અભ્યાસો** : સ્ત્રીઓના દષ્ટિકોણથી સ્ત્રીઓના દષ્ટિબિંદુથી સ્ત્રીઓના વિવિધ પાસાઓ સમજી તેનો અભ્યાસ કરવો.
  - **સ્ત્રી પરિપેક્ષ્ય** : સ્ત્રીઓ પોતાના જીવનને કઇ રીતે જૂએ છે.
  - **દરજ્જો** : વ્યક્તિને પ્રાપ્ત થતું સ્થાન. જે તેને જન્મને આધારે પણ પ્રાપ્ત થાય જેને અર્પિત દરજ્જા તરીકે ઓળખવામાં આવે છે જ્યારે કેટલાક તેના કર્મને આધારે પ્રાપ્ત થતા હોય છે. જે પ્રાપ્ત દરજ્જો છે.
  - **સત્તા** : સામાજિક સંબંધોમાં સામાપક્ષ ઉપર પોતાની ઇચ્છા લાદવાની શક્તિ.
  - **સ્વાયતતા** : વ્યક્તિને સ્વતંત્ર રીતે વર્તન કરવાની કે પોતાની ઇચ્છાઓ, જરૂરીયાત મુજબ પસંદગી કરવાની તક.

# એકમ - ૨ સ્ત્રી અભ્યાસોનું સ્વરૂપ

## રૂપરેખા


૨.૧ ઉદ્દેશો
૨.૨ પ્રસ્તાવના
૨.૩ સ્ત્રી અભ્યાસોનું સ્વરૂપ
૨.૪ સારાંશ
૨.૫ ચાવીરૂપ શબ્દો


## ૨.૧ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- સ્ત્રી અભ્યાસોના સ્વરૂપને સમજી શકશો.
- નારીવાદી પરિપેક્ષ્યનો અર્થ જાણી શકશો.
- નારીવાદીઓ સ્ત્રી અભ્યાસોના સ્વરૂપને કેવી રીતે સમજાવે છે તે જાણી શકશો.

## ૨.૨ પ્રસ્તાવના

ભારતમાં ગાંધીજીના સ્વાતંત્ર્ય સંગ્રામની સાથે સાથે બ્રિટિશરોની વહીવટની નીતિના ભાગરૂપે એક બુદ્ધિજીવી અને સમાજસુધારક વર્ગ ઉદ્‌ભવ્યો. આ સમાજસુધારક વર્ગ દ્વારા સ્વાતંત્ર્યતાની ચળવળની સાથે સાથે ભારતીય સમાજમાં પ્રવર્તતા સામાજિક રિત-રિવાજોમાં કુરિવાજોમાં પરિવર્તન લાવવા માટેની ઝુંબેશ આદરી. તેના પરિણામ સ્વરૂપ સમાજમાં જાગૃતિ અને સભાનતા આવી. જેમાં સ્ત્રીઓના સ્થાન વિશે પણ ઐતિહાસિક પરિપેક્ષ્યમાં અનેક અભ્યાસો થવા લાગ્યા. પરંતુ ૧૯૭૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ અને મહિલા દાયકા (૧૯૭૫-૮૫) દરમ્યાન અનેકવિધ પરિબળોના પ્રભાવને કારણે વિકસેલી સામાજિક જાગૃતિએ સ્ત્રી અભ્યાસોને નવું જોમ-જુસ્સો પૂરા પાડ્યા. ત્યાર પહેલા સ્ત્રીઓ વિષયક અભ્યાસો થતા પરંતુ તે અભ્યાસો મૂલ્યમુક્ત અને વર્ણનાત્મક સ્વરૂપના અને પુરુષોના દૃષ્ટિલક્ષી કરવામાં આવ્યા હતા. તેમાં નારીબાદી પરિપેક્ષ્ય, દૃષ્ટિબિંદુનો અભાવ હતો. પરંતુ ૧૯૭૫ પછી સ્ત્રી અભ્યાસોના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે. આ સંદર્ભમાં ડૉ. નિરા દેસાઇ નોંધે છે તેમ, સ્ત્રીઓના ઉપરના સંશોધનો અને તેના આધારે સ્ત્રીઓના દરજ્જો સુધારવા માટેના સંગઠિત પગલાએ નવી વાત નથી. પરંતુ નવી વાત એ છે કે સ્ત્રીઓના સંશોધન અને સ્ત્રીઓના દરજ્જાની સુધારણા માટેના પગલામાં સ્ત્રીઓના પ્રશ્નો તરફ જોવાનો નવો પરિપેક્ષ્ય વિકસ્યો છે. સ્ત્રી અભ્યાસોનું સ્વરૂપ નીચે મુજબ દર્શાવી શકાય.

## ૨.૩ સ્ત્રી અભ્યાસનું સ્વરૂપ

### ૧. નારીવાદી પરિપેક્ષ્ય

નારીવાદી પરિપેક્ષ્ય એટલે નારીવાદી દૃષ્ટિકોણથી જોવાની રીત. સ્ત્રી અભ્યાસો પાછળ નારીવાદનું સંચાલકબળ રહેલું છે. જે સ્ત્રીઓના હિતો અને હક્કોના રક્ષણ માટેનું કાર્ય કરે છે. નારીવાદી ચળવળ એ માનવતાવાદી ચળવળ છે. નારીવાદીઓના મતે વિશ્વમાં અર્ધાથી વધુ વસ્તી સ્ત્રીઓની છે. તેમના પ્રશ્નો, જરૂરિયાતો, હિતો પુરુષો કરતાં અલગ છે. તેને સમજીને પુરુષ સમકક્ષ ગણીને સમાન બનાવવાનો પ્રયત્ન છે. તેમજ જે સ્ત્રીઓનું શોષણ થાય છે. સ્ત્રી પુરુષના ભેદભાવનો ભોગ બનેલી છે. તેવી સ્ત્રીઓના હિતોને આગળ કરીને સ્ત્રી અભ્યાસોમાં સમાવેશ કરવામાં આવે છે. સ્ત્રી અભ્યાસોના કાર્યક્ષેત્રમાં સ્ત્રીઓની શોષણ-દમનમાંથી મુક્તિ અને તેને કેવી રીતે સિદ્ધ થઇ શકે તેનો સમાવેશ થાય છે.

નારીવાદી પરિપેક્ષ્ય એટલે સ્ત્રીઓના દૃષ્ટિબિંદુથી જોવાની રીત સમાજમાં સ્ત્રીઓને પુરુષ સમકક્ષ ગણવામાં આવતી નથી. તેના પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. તેવી માન્યતા સાથે સ્ત્રી અભ્યાસો કરવા.

બીજુ નારીવાદી પરિપેક્ષ્યમાં સ્ત્રીઓની સ્થિતિને સ્ત્રીઓની દૃષ્ટિથી જોવી, તપાસવી, સમજવી તથા તેનું અર્થઘટન કરવું.

ત્રીજું ઘટક એ છે કે નારી અભ્યાસમાં સંશોધકે વસ્તુલક્ષિતાને બદલે આત્મલક્ષી સમાજ કેળવવા પર ભાર મૂકવામાં આવે છે. અર્થાત સ્ત્રીઓના જીવન વિશે તેની ઉંડી સમજ મળવવા માટે સ્ત્રીઓના જીવન દરમ્યાન તેમને થયેલા સારા-માઠા અનુભવો અંગેની માહિતી એકત્રિત કરવી.

ચોથું ઘટક એ સામાજિક વિજ્ઞાનોની મૂલ્યમુક્તતાને બદલે મૂલ્ય યુક્ત રીતે સ્ત્રીઓની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું. જેમાં સ્ત્રીઓના પૂર્વગ્રહો, માન્યતાઓ, વલણોનો પણ સમાવેશ થઈ જાય છે. સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા માટે, જોવા માટે અને અર્થઘટનમાં માનવતાવાદી દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ.

આમ, સ્ત્રીઓની પરિસ્થિતિ પ્રત્યે જાગૃતતા, સભાનતા અને સંવેદનશીલતા કેળવીને સ્ત્રીઓના જીવનનો અભ્યાસ કરવો એટલે નારીવાદી પરિપેક્ષ્ય.

મૈત્રેયી કિષ્નારાજ સ્ત્રી અભ્યાસોના ભારતીય પેક્ષ્યના ત્રણ ઘટકતત્વોનો નિર્દેશ કરે છે.

**૧. સ્ત્રી સમાનતા :**

ભારતીય સમાજનો ઇતિહાસ ઘણો લાંબો છે. જુદા જુદા તબક્કાઓમાં સ્ત્રીઓની પરિસ્થિતિ ભિન્ન ભિન્ન રહી છે. અનેક પ્રજાઓના સંઘર્ષો, શાસનને કારણે ભારત વિશ્વના અન્ય દેશો કરતા અલગ સાંસ્કૃતિક તત્વો ધરાવે છે. જેથી અન્ય દેશોની સ્ત્રીઓની સ્થિતિ કરતા ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ અલગ છે. તેને ઐતિહાસિક તબક્કાઓના સંદર્ભમાં તપાસવી જોઇએ. બીજું સ્વાતન્ત્ર્યતાની ચળવળમાં સ્ત્રીઓની ભૂમિકા મહત્ત્વની રહી હતી. જેની અસર સ્ત્રીઓના જીવન પર ઘેરી પડી છે. તેને કારણે સ્ત્રીઓની સમાનતાની ચળવળ શરૂ થઇ. આમ, ભારતમાં સમાજની વૈવિધ્યતા અને સ્ત્રીઓની સમાનતાના સંદર્ભમાં અભ્યાસો કરવામાં આવે છે.

**૨. ભાવિ અભિમુક્ત :**

સ્ત્રી સમાનતાનો મર્યાદિત અર્થ કરવામાં નથી આવતો પરંતુ અહીં સમાજમાં સ્ત્રીઓના અવાજને પુરુષના અવાજ જેટલું જ પ્રાધાન્ય મળે અને વિચાર-વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની તક મળે તે જોવાનું છે. બીજું સ્ત્રીઓની જવાબદારી ભાવિ સમાજના ઘડતરની છે. ભાવિ સમાજ કેવો હશે તે નક્કી કરવાનું છે અને તેથી સ્ત્રીઓએ રાજકીય, સામાજિક આર્થિક, શૈક્ષણિક દરેક ક્ષેત્રોમાં સક્રિય ભૂમિકા ભજવવાની છે. આમ, સ્ત્રી અભ્યાસોમાં શિક્ષણ-સંશોધન અને વિસ્તરણ એમ ત્રણ પાસાઓનો સમાવેશ કરવો જોઇએ.

**૩. મૂલ્ય મુકતતાનો ત્યાગ :**

સામાજિક વિજ્ઞાનોમાં જ્યારે સ્ત્રીઓના સંશોધન માટેનું આયોજન કરવામાં આવે ત્યારે તે આયોજન સ્ત્રીઓ અભિમુખ હોવું જોઇએ. સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓની તરફદારી કરવાની વૈચારિક પ્રતિબદ્ધતા હોવી જોઇએ. સ્ત્રીઓ પ્રત્યેનું પક્ષપાતી વલણ જરૂરી છે. સ્ત્રીઓના અભ્યાસો મુલ્ય મુક્ત નહીં પરંતુ મુલ્યયુક્ત હોવા જોઇએ.

## (૨) અભ્યાસના એકમ તરીકે સ્ત્રી અને સ્ત્રી જીવન

સામાજિક વિજ્ઞાનોના ક્ષેત્રમાં અગાઉ જે અભ્યાસો કરવામાં આવતા તેમાં સ્ત્રીઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવતા ન હતા. તેમાં સ્ત્રીઓ વિષયના હેતુના એક ભાગ પુરતી મર્યાદિત રહેતી પરંતુ અભ્યાસના વિષય તરીકે અલ્પ પ્રમાણમાં અભ્યાસો થતા બીજું કે અભ્યાસો થતા તે પુરુષોના દૃષ્ટિકોણથી થતા તેમાં સ્ત્રીઓની અનાત્મલક્ષીતા,

પ્રત્યક્ષીકરણનો અભાવ જોવા મળતો. સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓના જીવનના દરેક પાસાઓને તપાસવા જોઈએ. સ્ત્રી જીવનના દરેક ક્ષેત્રોમાં સ્ત્રીઓનો દરજ્જો કેવો છે ? સ્ત્રીઓને કયાં કેટલી સત્તા આપવામાં આવે છે ? તેની પરિસ્થિતિ કેવી છે ? તેનો અભ્યાસ કરવામાં આવે છે.

**(૩) સમીક્ષાત્મક :**

વર્તમાન સમયના સ્ત્રી અભ્યાસો એ સમીક્ષાત્મક સ્વરૂપના છે. પ્રારંભના અભ્યાસો સ્ત્રીઓની પરિસ્થિતિનો નિર્દેશ કરનારા હતા. પરંતુ હવેના અભ્યાસોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ શા માટે આવી છે. તેની પાછળના જવાબદાર પરિબળો કયા છે તેની સમીક્ષા કરવામાં આવે છે. સમાજ એ પુરુષ તરફી પક્ષપાત કરનારો છે. આથી સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓની પરિસ્થિતિમાં સુધારણા કરવા માટેના પગલાઓ તથા કાર્યક્રમો સુચવવામાં આવે છે. વર્તમાન સમયમાં સામાજિક વિજ્ઞાનોને સમીક્ષાત્મક બનાવવા પર ભાર મૂકવામાં આવે છે. અને સમાજના અભ્યાસોને મૂલ્યયુક્ત રહીને તટસ્થતા જાળવીને સમાજના અભ્યાસ કરવો જોઈએ તેમ માને છે. જ્યારે નારીવાદી સમાજ વિજ્ઞાનીઓના મતે સમાજ વૈજ્ઞાનિકોએ સમાજના ટીકાકાર, સમીક્ષક કે વિવેચક તરીકેની ભૂમિકા ભજવવી જોઈએ. સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓની પરિસ્થિતિનું નૈતિકતાથી મૂલ્યાંકન કરવું જોઈએ અને સમાનતા અને સ્વતંત્રતા પર ભાર મૂકવામાં આવે છે. આ પ્રકારના સ્ત્રી અભ્યાસો દ્વારા ભવિષ્યમાં સમાનતાલક્ષી સમાજની રચના કરી શકાશે.

**(૪) કાર્યક્રમ લક્ષીતા :**

સામાજિક સંશોધનો બે પ્રકારના હોય છે. એક સૈદ્ધાંતિક બીજું વ્યવહારિક વ્યવહારિક સંશોધનો દ્વારા સમાજની સમસ્યાઓના ઉકેલો દર્શાવવામાં આવે છે. સ્ત્રી અભ્યાસો ફક્ત સૈદ્ધાંતિક બાબતોનો નિર્દેશ નથી કરતા પરંતુ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ત્રણે બાબતોનો તેમાં સમાવેશ થાય છે. શિક્ષણ અને સંશોધન દ્વારા સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ વિશેની માહિતી એકત્રીત કરીને શિક્ષણ દ્વારા સમાજમાં લોકોને તેના વિશે જાગૃત કરી સભાનતા કેળવી સંવેદનશીલ બનાવવાનું કાર્ય કરે છે. આમ સ્ત્રી અભ્યાસોએ ઉપયોગીતાવાદી અને વ્યવહારલક્ષી વિજ્ઞાન છે તેમ કહી શકાય.

**(૫) આંતરશાસ્ત્રીય :**

સ્ત્રી અભ્યાસોએ આંતર વિદ્યાકીય છે. કારણ કે સ્ત્રીઓએ સમાજનું મહત્વનું અંગ છે. જેની પુરુષો અને સ્ત્રીઓની વસ્તી અડધોઅડધ છે. આથી સમાજનો અભ્યાસ કરનારા શાસ્ત્રો જેવા કે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઈતિહાસ, મનોવિજ્ઞાન કાર્યક્ષેત્રમાં સ્ત્રી જીવનના કોઈને કોઈ પાસાંનો સ્પર્શ કરવામાં આવે છે. મનોવિજ્ઞાન સ્ત્રીઓન માનસિકતા અને નૈતિક તફાવતોનો અભ્યાસ કરે છે. ઈતિહાસ એ સ્વાતંત્ર્યની લડતમાં રાજકીય શાસનમાં સ્ત્રીઓની ભૂમિકાનો અભ્યાસ કરે છે. અર્થવ્યવસ્થામાં સ્ત્રીઓની ભૂમિકા, સ્ત્રીઓની આર્થિક સમસ્યા, સ્ત્રી કામદારો, રોજગારીમાં સ્ત્રીઓનું સહભાગીપણું, કામના ક્ષત્રમાં સ્ત્રીઓનું શોષણ વગેરે અર્થશાસ્ત્રના અભ્યાસનો ભાગ છે. રાજ્યશાસ્ત્ર રાજકીય ક્ષેત્રમાં સ્ત્રીઓની ભાગીદારીના અભ્યાસો કરે છે. સમાજશાસ્ત્રમાં મોટાભાગના સ્ત્રી જીવનના તેની સમસ્યાઓ, શોષણ, દમન, વાસ્તવિક પરિસ્થિતિના અભ્યાસો કરવામાં આવ્યા છે. આમ, સ્ત્રી અભ્યાસો એ કોઈ એક વિષય પૂરતા મર્યાદિત ન રહેતા બહુ વિદ્યાકીય અભિગમ ધરાવે છે.

**○ સ્ત્રી અભ્યાસોનું કાર્યક્ષેત્ર :**

ભારતમાં સ્વતંત્રતા પહેલા અને પછી સ્ત્રી અભ્યાસો કરવામાં આવ્યા છે. સ્ત્રી અભ્યાસોનું વિષયક્ષેત્ર ઘણું જ વિસ્તૃત છે. કારણ કે સ્ત્રીઓના જન્મ થી મૃત્યુ સુધીની દરેક તબક્કાઓનો સમાવેશ સ્ત્રી ભ્યાસોમાં કરવામાં આવે છે. છતાં પણ અહીં સ્ત્રી અભ્યાસોના કાર્યક્ષેત્રને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે.

**(૧) સ્ત્રીઓના દરજ્જા વિષયક :**

સ્ત્રીનો દરજ્જો વિવિધ ક્ષેત્રમાં વિવિધ હોય છે. સ્ત્રીનો દરજ્જો કુટુંબમાં પુત્રી તરીકે, પત્ની તરીકે, તથા માતા તરીકેનો છે. આણે દરજ્જામાં સ્ત્રીનું સ્થાન [illegible]

છે. જુદા જુદા ધર્મોમાં પણ જુદા જુદા પ્રદેશોમાં, જુદી જુદી જ્ઞાતિ તથા વર્ગ વ્યવસ્થામાં પણ સ્ત્રીનાં દરજ્જો અલગ અલગ હોય છે. જેના આધારે કેટલાક રિત-રિવાજો ઉદ્‌ભવતા હોય છે. જેમકે મુસ્લીમ કુટુંબ કે હિંદુ ધર્મ કે ખ્રિસ્તી ધર્મમાં પુત્રીજન્મને અલગ અલગ રીતે જોવામાં આવે છે. તે જ રીતે ઉચ્ચ જ્ઞાતિમાં, મધ્યમ જ્ઞાતિમાં અને નિમ્ન જ્ઞાતિમાં પત્નીનો દરજ્જો અલગ છે. નિમ્ત જ્ઞાતિમાં પત્ની તરીકે જેટલી સ્વતંત્રતા છે તેટલી સ્વતંત્રતા ઉચ્ચ જ્ઞાતિમાં જોવા મળતી નથી. આમ સ્ત્રીઓના દરજ્જા વિષયક અનેક વિવિધતા જોવા મળે છે. જેનો સ્ત્રીઓના અભ્યાસક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવે છે. ભારતમાં સૌ પ્રથમ ૧૯૭૨ માં રચવામાં આવેલી સ્ત્રીઓના દરજ્જા વિષયક સમિતિએ ભારતની સ્ત્રીઓના દરજ્જાનો સમગ્રલક્ષી અભ્યાસ કરીને અહેવાલ રજૂ કર્યો હતો જે "Towards Equality" શિર્ષક હેઠળ પ્રસિદ્ધ થયો છે. જેમાં સ્ત્રીઓના આર્થિક ક્ષેત્ર, કૌટુંબિક ક્ષેત્ર, શૈક્ષણિક તથા રાજકીય ક્ષેત્રના દરજ્જાનું વાસ્તવિક ચિત્ર રજૂ કરી ભારતની સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ અને તેની સમસ્યાઓનું ચિત્ર રજૂ કરેલ હતું. અને ત્યાર બાદ સમાજમાં સ્ત્રીઓના હક્કો માટે જે ચળવળ ચાલુ થઇ તેનો પરિણામ સ્વરૂપ સ્ત્રીઓના સ્થાનમાં દરજ્જામાં મોટા પાયા પર પરિવર્તન આવ્યું છે. આમ, સ્ત્રીઓના દરજ્જામાં આવેલ પરિવર્તનને સમજવામાં સ્ત્રી અભ્યાસો મદદરૂપ બને છે.

(૨) **સ્ત્રીઓનો ભૂમિકા સંઘર્ષ :**

પરંપરાગત માહિતી સમાજમાં સ્ત્રીઓની ભૂમિકા નિશ્ચિત હતી તે પુત્રી તરીકે, પત્ની તરીકે તથા માતા તરીકેનું સ્થાન ધરાવતી હોવાથી આ ત્રણ જ ભૂમિકા મહતવની હતી જેનો અભ્યાસ પ્રારંભિક સ્ત્રી અભ્યાસો કરતા સંશોધકો દ્વારા કરવામાં આવતો હતો. પરંતુ બ્રિટિશ શાસન બાદ રાજકીય ક્ષેત્રમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારીને સ્ત્રીઓને જાગૃત અને સભાન કરી. તદુપરાંત ઔદ્યોગિકની પ્રક્રિયાએ ગ્રામીણ અર્થવ્યવસ્થામાં જે કૃષિ આધારિત હતી તેને બદલે કારખાના પદ્ધતિ દાખલ થતા પુરુષોની સાથે સાથે સ્ત્રીઓ દ્વારા ઘર અને ઘર બહાર આર્થિક પ્રવૃત્તિ કરવા લાગી. સ્ત્રીઓ જાહેરમાં અને ખાનગી ક્ષેત્રમાં નોકરીઓમાં જોડાવા લાગી જેને કારણે કામ કરતી સ્ત્રીઓ ભૂમિકા સંઘર્ષની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે. સ્ત્રીઓની આ ભૂમિકા સંઘર્ષ અંગેના અભ્યાસોએ સ્ત્રી અભ્યાસો કરતા નારીવાદીઓ કે સંશોધકો માટે રસનો વિષય બની રહ્યો છે. ભારતમાં ૧૯૬૦ થી ૧૯૭૫ ના સમયગાળા દરમ્યાન સ્ત્રીઓના કાર્ય અંગે, સ્ત્રીઓની તકલીફો અંગે, તેમની ભૂમિકા સંઘર્ષ અંગેના અભ્યાસો થયેલા જોવા મળે છે.

૩. **વસ્તી શાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં સ્ત્રી અભ્યાસો :**

ભારતમાં વસ્તી ગણતરીની સૌ પ્રથમ શરૂઆત ૧૯૦૧ થી થયેલી જોવા મળે છે., ૧૯૦૧, ૨૧, ૩૧ બાદ ૧૯૫૧ થી વ્યવસ્થિત રીતે વસ્તી ગણતરીના અહેવાલો તૈયાર થાય છે. દર ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. જેમાં સ્ત્રીઓની કુલ વસ્તી વયજૂથ પ્રમાણે વસ્તી, સ્ત્રીઓની રોજગારી ક્ષેત્રમાં ભાગીદારી, સ્ત્રી-પુરુષનું જાત પ્રમાણ, સ્ત્રીઓનો જન્મદર, મૃત્યુ પ્રમાણ, વસ્તી વૃદ્ધિમાં સ્ત્રીનું પ્રમાણ, સ્ત્રીઓને વૈવાહિક દરજ્જો, વયજૂથ પ્રમાણે સ્ત્રીઓનો મૃત્યુ દર, ભારતમાં લગ્નવય, સ્ત્રીઓ આધારિત કુટુંબોની સંખ્યા, સ્ત્રીઓનું આયુષ્યદર, સ્ત્રી મૃત્યુદરના કારણો. સ્ત્રીઓના આરોગ્ય ક્ષેત્રમાં કુપોષણની સમસ્યા તેના કારણો તેનું પ્રમાણ, સ્ત્રીઓ દ્વારા સ્વીકારેલ કુટુંબ નિયોજનની વિવિધ પદ્ધતિઓની માહિતી એકત્ર કરવામાં આવે છે. આર્થિક ક્ષેત્રમાં સ્ત્રીઓની કાર્યક્ષેત્રમાં ભાગીદારી, ગ્રામીણ ક્ષેત્રમાં સ્ત્રીઓની કાર્યક્ષેત્રમાં ભાગીદારી, ગ્રામીણ ક્ષેત્રમાં અને શહેરી ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીઓનું પ્રમાણ, વયજૂથ પ્રમાણે બેકારોનુ પ્રમાણ, વ્યવસાયિક માળખામાં સ્ત્રીઓ પ્રથમ દરજ્જા, બીજા દરજ્જા અને ત્રીજા દરજ્જાના ક્ષેત્રમાં સ્ત્રીઓનું ગ્રામીણ અને શહેરીક્ષેત્રમાં કેટલું પ્રમાણ છે તેને વેતન કેટલું મળે છે. રૂ. તેની સુવિધાઓ કેટલી મળે છે. સ્ત્રીઓના નામે કેટલી મિલ્કતો બેંકમાં જમા થાય છે. વગેરે બાબતોને તપાસવામાં આવે છે. શિક્ષણના ક્ષેત્રમાં કુલ સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વયજૂથ પ્રમાણે સ્ત્રી/સાક્ષરતાનું પ્રમાણ, પ્રદેશ પ્રમાણે સ્ત્રી સાક્ષરતા, સ્ત્રીઓન કેટલા

પ્રમાણમાં સ્કૂલમાં દાખલ કરવામાં આવે છે. દર ૧૦૦ છોકરાઓએ કેટલી છોકરીઓ સ્કૂલમાં દાખલ થાય છે. ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓનું પ્રમાણ કેટલું છે ? શાળા છોડવામાં છોકરા, છોકરીઓનું પ્રમાણ કેટલું છે ? છોકરીઓનું શાળા છોડવા પાછળના કારણો કયા કયા છે ? સ્ત્રી શિક્ષિકાઓનું પ્રમાણ કેટલું છે ? વગેરે પાસાઓની માહિતી વસ્તી વિષયક પરિપેક્ષ્યથી કહી શકાય છે.

આ ઉપરાંત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અર્થાત સત્તા સ્થાનો પર કેટલી સ્ત્રીઓ છે. ઘરમાં સ્ત્રીઓ કઇ કઇ બાબતોમાં નિર્ણયો લઇ શકે છે. પંચાયત, વિધાનસભા, લોકસભામાં સ્ત્રીઓનું પ્રમાણ કેટલું છે. કેટલી સ્ત્રીઓ વકીલ તરીકે, જજ તરીકે વર્ગ-૧, ૨ અધિકારી તરીકે, રાજકારણમાં મંત્રી તરીકે હોદ્દા ધરાવે છે. તેની જાણકારી પણ મેળવી શકાય છે. તેમજ સ્ત્રીઓ પર થતા અત્યાચારોનું પ્રમાણ, સ્ત્રીઓના ઉંચા મૃત્યુ પાછળના કારણો, વિકાસના અવરોધક પરિબળો વગેરે અનેકવિધ પાસાઓનો અભ્યાસ વસ્તી વિષયક પરિપેક્ષ્યથી કરીને સમાજ સમક્ષ સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્ર આંકડાકીય રીતે રજૂ કરી શકાય છે. ભારતમાં ૧૯૮૫, ૧૯૯૧, ૨૦૦૧માં ભારત સરકારના સમાજ કલ્યાણ ખાતા તરફથી તથા ગુજરાત રાજ્યના આંકડાકીય વિભાગ તરફથી પ્રસિદ્ધ થયેલા અહેવાલોમાં વસ્તી શાસ્ત્રીય પરિપેક્ષ્યથી સ્ત્રીઓનું સ્થાન અંગેની સમીક્ષા કરવામાં આવી છે.

**૪. સામાજિક - સાંસ્કૃતિક દષ્ટિકોણથી થતા અભ્યાસો**

દરેક સમાજની ચોક્કસ મૂલ્યો અને ધોરણો હોય છે. જેને આધારે વ્યક્તિ વર્તન કરતી હોય છે. જેના આધારે સમાજવ્યવસ્થાની રચના થતી હોય છે. પશ્ચિમના દેશોના મૂલ્યો અને ધોરણો કરતા પૂર્વ દેશોના મૂલ્યો, અને ધોરણો કરતા પૂર્વ દેશોના મૂલ્ય, ધોરણ અલગ જોવા મળે છે. જેથી દરેક સમાજની સામાજિક-સાંસ્કૃતિક વિશિષ્ટતા અલગ અલગ હોય છે. જે તે સમાજના સ્ત્રીઓના અભ્યાસો કરતીવખતે જે તે સમાજના સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો કયા કયા છે તેને સમજવા પણ એટલા જ મહત્વના બને છે. જે સમાજની સ્ત્રીઓની માનસિકતા, તેનું સમાજમાં સ્થાન, સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ પરત્વેના વલણો, માન્યતાઓ, સ્ત્રી જીવન સંબંધી ધોરણો સમજવામાં ઉપયોગી બનતા હોય છે. જેમ કે ભારતમાં હિંદુ ધર્મમાં પુત્ર જન્મનું મૂલ્ય હોવાને કારણે આજે પણ સ્ત્રી જન્મ આવકારદાયક બન્યું નથી. દિન-પ્રતિદિન ભ્રૂણહત્યાના બનાવો વધતા જાય છે. આમ જે તે સમાજની સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિને સમજવામાં સ્ત્રી અભ્યાસો મદદરૂપ બનતા હોય છે. આ સંદર્ભમાં ડૉ. વેંકટરામનએ કરેલો અભ્યાસ ગણી શકાય તેઓએ જીવશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક, સામાજિક અને સાંસ્કૃતિક દષ્ટિકોણથી સ્ત્રીની ભૂમિકા અને દરજ્જાને અનુલક્ષીને સ્ત્રી જીવન સંબંધી સામાજિક ધોરણોનું મૂલ્યાંકન કરેલ છે.

**૫. શિક્ષણના ક્ષેત્રમાં થતા અભ્યાસો :**

સ્વતંત્રતા બાદ ભારતમાં વિકાસના એક ઘટક તરીકે શિક્ષણ સ્વીકારવામાં આવ્યું છે. કોઇપણ દેશના વિકાસનો આધાર જે તે દેશમાં શિક્ષિતોનું પ્રમાણ કેટલું છે. તેના પર રહેલો છે. ભારતમાં ૧૯૫૧ માં શિક્ષણનું પ્રમાણ - હતું જેમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ બિલકુલ ઓછું હતું. આ સંદર્ભમાં જુદી જુદી પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન ભારતમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધે તે માટે અનેક કાર્યક્રમો, પગલાઓ લેવામાં આવ્યા છે. જેના પરિણામ સ્વરૂપે સ્ત્રી સાક્ષરતાના દરમાં વધારો થઇ રહ્યો છે. સ્ત્રી અભ્યાસોના કાર્યક્ષેત્રમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના સાક્ષરતાના દરનો તફાવત, સ્ત્રી સાક્ષરતાનું ઓછું પ્રમાણ, જુદા જુદા રાજ્યોમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ કેટલું છે ? સ્ત્રી સાક્ષરતાના ઓછા પ્રમાણ માટેના જવાબદાર પરિબળો કયા કયા છે ? તેને જાણવા, સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તદ્ઉપરાંત શાળામાં દાખલ થયા બાદ પ્રાથમિક કરતા માધ્યમિક, ઉચ્ચ માધ્યમિકમાં છોકરીઓનું શાળા છોડવાનું પ્રમાણ વધુ છે. તેની પાછળની પરિસ્થિતિ જાણી તેને દૂર કરવાનો પ્રયત્ન સ્ત્રી અભ્યાસો દ્વારા કરવામાં આવે છે. તેના માટે સરકાર દ્વારા 'કન્યા કેળવણી' એન.સી.ઇ.આર.ટી. તથા યુનિવર્સિટી દ્વારા પણ કન્યા કેળવણી અંગેના અનેક અભ્યાસો કરવામાં આવે છે.

## ૬. બંધારણ અને કાનુન ક્ષેત્ર સ્ત્રીઓના દરજ્જા અંગેના અભ્યાસો :

ભારતીય બંધારણના મૂળભૂત સિદ્ધાંતોમાં ભારતના દરેક નાગરીકોને સ્વતંત્રતા અને સમાનતાના અધિકારો આપવામાં આવ્યા છે. ભારતના બંધારણની કલમ ૧૪, ૧૫ માં સ્ત્રી અને પુરુષને સમકક્ષ ગણવાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. જેમાં લિંગના આધારે રાજ્ય કોઈપણ નાગરિક સામે ભેદભાવ દાખવશે નહીં. અને આ સિદ્ધાંતને મૂર્તિમંત્ર કરવા માટે ભારતમાં સ્ત્રીઓને પુરુષ જેવા જ હક્કો-અધિકારો આપવા માટે અનેક કાયદા અમલમાં આવ્યા છે. સ્ત્રીઓને લગ્ન વિષયક, વિધવા પુનઃલગ્ન, છૂટાછેડા, જીવનસાથીની મુક્ત પસંદગીનો અધિકાર, ત્યક્તા સ્ત્રીને ભરણ-પોષણનો અધિકાર. પુત્ર-પુત્રીના સમકક્ષ વારસા અધિકાર બળાત્કાર સામે રક્ષણ, ગર્ભપાત, કાનુન, તથા સલામતી અને રક્ષણ સંબંધી અનેક કાનુની જોગવાઈઓ મુજબ અધિકારો મળ્યા છે. આ અંગે સ્ત્રી અભ્યાસો દ્વારા સ્ત્રીઓની પરિસ્થિતિનો, સમસ્યાઓનો અભ્યાસ કરીને તે અંગેના વિવિધ કાયદાઓ બનાવવામાં આવે છે. આમ સ્ત્રી અભ્યાસોએ સ્ત્રીઓ વિષયક કાનુન બનાવવામાં સહાયરૂપ થાય છે.

તદ્ઉપરાંત સ્ત્રીઓ માટે અનેકવિધ કાનુનો હોવા છતાં હજી સુધી સમાજના વ્યવહારોમાં સ્ત્રીઓ પોતાને મળેલા બધા કાનુની અધિકારો ભોગવવા સમર્થવતા નથી. આનું કારણ એ છે કે સ્ત્રીઓને પોતાના અધિકારો ભોગવવા વિવિધ પરિબળો દ્વારા અવરોધો પેદા થતા હોય છે. સ્ત્રી અભ્યાસો આ અવરોધોને શોધવાનો પ્રયત્ન કરે છે અને સ્ત્રીઓ પોતાના અધિકારો કઈ રીતે ભોગવી શકે તે માટે માર્ગદર્શકરૂપ બનતા હોય છે.

## ૭. રાજકીય ક્ષેત્રમાં ભાગીદારી :

ભારતની સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓની ભૂમિકા અદ્વિતિય રહી છે. ભારતની સ્ત્રીઓ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પુરુષોની જેમ સહભાગી બનીને અમૂલ્ય ફાળો આપ્યો છે. આમ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓની ભૂમિકા તથા ગાંધીજીના નેતૃત્વને સ્ત્રીઓને રાજકીય સમાનતા આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. લડતમાં સ્ત્રીઓએ કાર્યકર તરીકે, રાજકીય નેતા તરીકે, પત્રિકાઓન પ્રસાર-પ્રચારમાં સંપાદક તરીકે સંગઠક તરીકે આમ, અનેક ભૂમિકાઓ ભજવી હતી. જેને કારણે સ્ત્રીઓમાં જાગૃતિ આવી, સભાનતા આવી જેને સ્ત્રીઓના મતાધિકારની માંગણી કરી અને ૭૩ મા બંધારણીય સુધારાએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રીઓ માટે ૩૩% બેઠકો આરક્ષિત કરી જેના પરિણામે સ્ત્રી અભ્યાસો પરંતુ એક નવું ક્ષેત્ર વિકસ્યું. આ સંદર્ભમાં સ્ત્રી અનામતને કારણે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી કેટલી વધી, સ્ત્રીઓ કેટલે અંશે પોતાની નવી ભૂમિકાને યોગ્ય ન્યાય આપી શકી કે કેમ ? તેની ભૂમિકા ભજવવામાં નડતા અવરોધો કયા કયા હતા. આ બધી બાબતોને સ્ત્રીઅભ્યાસીઓ દ્વારા સમજવામાં આવ્યા. આમ સ્ત્રીઓના વિષયવસ્તુમાં રાજકીય ક્ષેત્રમાં સ્ત્રી ભાગીદારીનો સમાવેશ થાય છે.

## ૮. પરિવર્તન પામતા સમાજમાં સ્ત્રીનું સ્થાન :

સ્વતંત્રતા બાદ ભારતમાં સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન માટે અનેકવિધ યોજનાઓ, કાર્યક્રમો બનાવવામાં આવ્યા. તદ્ઉપરાંત ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને પશ્ચિમીકરણની પ્રક્રિયાએ સમગ્ર સમાજવ્યવસ્થામાં મૂળ મોટા પાયા પર પરિવર્તન આણ્યા. જેની અસર સ્ત્રીઓના સ્થાન ઉપર પણ થઈ છે. સ્ત્રીઓની પરંપરાગત ભૂમિકાને બદલે સ્ત્રીઓ ઘર ને ઘર બહાર કાર્ય કરવા લાગી. શિક્ષણ મેળવવાને કારણે બહારની દુનિયા સાથેના સંપર્કો બંધાવાથી તે અનેક ક્ષેત્રોમાં અનેકવિધ ભૂમિકા ભજવવા લાગી. જેના પરિણામે સ્ત્રી અને પુરુષ બંનેના મૂલ્યો, વલણો અને માન્યતાઓમાં ધીમે ધીમે પરિવર્તન આવ્યું. તેમના હક્કો પ્રત્યે સ્ત્રીઓ જાગૃત બની, જેની અસર સમગ્ર સમાજ વ્યવસ્થા ઉપર પડી છે. સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવનાર પરિબળો અને પ્રક્રિયાઓ કઈ કઈ છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. તથા આ પરિબળો અને પ્રક્રિયાઓને કારણે શું પરિવર્તન આવ્યું છે તેને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

૯. **અન્ય ક્ષેત્રો :**

સ્ત્રી અભ્યાસોના વિષયવસ્તુમાં સ્ત્રીઓના આર્થિક, રાજનૈતિક, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રો ઉપરાંત સ્ત્રીઓની આરોગ્યની પરિસ્થિતિ, વિકાસમાં સ્ત્રીઓનો ફાળો, સ્ત્રી વિષયક વિકાસ કાર્યક્રમો અને તેની અસર તેમજ સ્ત્રીઓની સમસ્યાઓ, સ્ત્રી અત્યાચાર, સ્ત્રીઓના વિકાસ માટેના અવરોધક પરિબળો, પર્યાવરણમાં સ્ત્રીઓની ભૂમિકા વિગેરે જેવા અનેકવિધ ક્ષેત્રોનો સ્ત્રી અભ્યાસોમાં સમાવેશ કરવામાં આવે છે.

ટૂંકમાં સ્ત્રી અભ્યાસોનું વિષયવસ્તુ સ્ત્રી અને સ્ત્રીજીવનના દરેક પાસા સાથે સંકળાયેલું છે. સ્ત્રી જીવનના દરેકે દરેક પાસાનો સમાવેશ સ્ત્રી અભ્યાસોમાં કરવામાં આવે છે. આમ, સ્ત્રી અભ્યાસોનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિશાળ છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

○ નારીવાદી પરિપેક્ષ્યને તમે તમારી ભાષામાં સમજાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ મૈત્રેયી ક્રિષ્નારાજ સ્ત્રી અભ્યાસો માટે કયા ઘટકોનો નિર્દેશ કરે છે.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ મૂલ્ય મુક્તતા અને આંતરશાસ્ત્રીય અભિગમ આ બે ખ્યાલો સમજાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ સ્ત્રી અભ્યાસોના કાર્યક્ષેત્ર વિશે તમારા શબ્દોમાં ટૂંકમાં જણાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## ૨.૪ સારાંશ :

આ એકમમાં તમે સમજી શકયા હશો કે સ્ત્રી અભ્યાસો જે કરવામાં આવે છે તેનું સ્વરૂપ કેવું છે. મૈત્રેયી ક્રિષ્નારાજ જેવા નારીવાદીઓ ભારતીય સમાજના પરિપેક્ષ્યમા સ્ત્રી અભ્યાસો વિશે સમજાવતા દર્શાવ્યું છે કે ભારતમાં પ્રાદેશિક ભાષાકીય સાંસ્કૃતિક, જ્ઞાતિવિષયક અનેકવિધતા છે. જ્યારે ભારતમાં સ્ત્રી અભ્યાસો કરવામાં આવે છે ત્યારે આ વિવિકતા અને છતાં પણ તેઓમાં દશ્યમાન સમાનતાને ધ્યાનમાં રાખીને અભ્યાસો કરવામાં આવે છે.

સ્ત્રી અભ્યાસો એ માત્ર સ્ત્રીઓના પરિપેક્ષ્યથી, સ્ત્રી જીવનનો કેન્દ્રમાં રાખી કરવામાં આવે છે. આ અભ્યાસો સમીક્ષાત્મક, કાર્યક્રમલક્ષી તથા આંતરશાસ્ત્રીય અભિગમ ધરાવતા હોય છે.

આ ઉપરાંત આ એકમમાં તમોએ જાણ્યું હશે કે સ્ત્રી અભ્યાસોનું વિષયવસ્તુ કેટલું વિસ્તૃત છે. જે સ્ત્રી જીવનના શરૂથી અંત સુધીના દરેક તબક્કાઓના સમાવેશ સ્ત્રી અભ્યાસોમાં કરવામાં આવે છે.

ઉપયોગી બને છે. સ્વતંત્રતા બાદ બંધારણમાં સ્ત્રીઓને પુરુષ સમકક્ષ સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો આપવામાં આવ્યા છે. સમાજના દરેક ક્ષેત્ર કુટુંબ, લગ્ન, રાજ્ય, ધર્મ, શિક્ષણ, અર્થવ્યવસ્થા, સ્ત્રીઓના અધિકારો અને રક્ષણની જોગવાઈ કરવામાં આવે છે. પરંતુ ૧૯૭૪ ના *Towarels equality* ની પરિસ્થિતિના અહેવાલમાં સ્ત્રીઓ વિશેની જે ભ્રામક ખ્યાલો સમાજમાં પ્રવર્તતા હતા તે દૂર થયા. જેમાં દર્શાવવામાં આવ્યું કે ભારતમાં સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ સંતોષજનક નથી. વ્યવહારમાં સ્ત્રીઓના દરજ્જો પુરુષ કરતા ઘણો નીચો છે. આમ, સ્ત્રીઓના અભ્યાસો દ્વારા સ્ત્રીઓના નિમ્ન દરજ્જા પાછળના કારણો જાણ શકાય છે. તેની પાછળના અવરોધક પરિબળો કયા કયા છે. સ્ત્રીઓ તેમના અધિકારો કે હક્કો શા માટે ભોગવી શકતી નથી તકોનો લાભ લઈ શકતી નથી તે અંગેની સમજ મેળવવા સ્ત્રી અભ્યાસો ઉપયોગી બની શકે છે.

**૨. સામાજિક જાગૃતિ અને સભાનતા કેળવવા માટે આવશ્યક :**

સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ અંગેની માહિતી એકત્રીત કરીને સમાજ સમક્ષ રજૂ કરવામાં આવે છે. તેને અંગેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેના દ્વારા સમાજમાં સ્ત્રીઓના સ્થાન પરત્વે સ્ત્રીઓના શોષણ અને દમન પરત્વે તથા સ્ત્રીઓને મળેલા હક્કો પરત્વે સ્ત્રીઓમાં જાગૃતિ અને સભાનતા કેળવી શકાય છે. કારણ કે સ્ત્રીઓને ખુદને પોતાની વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ હોય છે. સ્ત્રીઓના અધિકારો અને હક્કો પરત્વે તેના સ્થાન પરત્વે ઘણી ગેર સમજો સમાજમાં અને સ્ત્રીઓમાં જોવા મળતી હોય છે. આ ગેર સમજોને દૂર કરવામાં સ્ત્રી અભ્યાસો મદદરૂપ બને છે. સ્ત્રી અભ્યાસો દ્વારા સ્ત્રીઓનું તાબેદારીનું પ્રમાણ, તેનું સ્વરૂપ, કારણો અને સ્ત્રીઓની નબળાઈ તથા સમાજના પ્રતિભાવો, વલણો જાણી શકાય છે. આવા જ્ઞાનના ઉપયોગ દ્વારા સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન લાવવામાં અને સ્ત્રીઓની પરિસ્થિતિ વિશેની યોગ્ય સમજ કેળવવામાં તથા સામાજિક સભાનતા અને જાગૃતિ લાવવામાં સ્ત્રી અભ્યાસો મદદરૂપ બને છે.

**૩) પગલા લેવામાં આવશ્યક :**

સ્ત્રી અભ્યાસોએ નારીવાદી ચળવળનો એક ભાગ છે. સ્ત્રી અભ્યાસો એ ફક્ત સ્ત્રીઓની પરિસ્થિતિનું ચિત્ર જ સમાજ સમક્ષ રજૂ કરતું નથી પરંતુ તેની પાછળના જવાબદાર પરિબળો કયા છે ? શા માટે સ્ત્રીઓ શોષણ, દમનનો શિકાર બને છે ? સ્ત્રીઓના ગૌણ સ્થાન માટેના જવાબદાર કારણો કયા છે ? સ્ત્રીઓનો દરજ્જો ઉંચો લઈજવા માટે કેવા પગલા લેવા જોઈએ ? સ્ત્રીઓના પોતાના હક્કો-અધિકારો કેવી રીતે ભોગવી શકે વગેરે બાબતો અંગેની માહિતી પૂરી પાડે છે. જેના દ્વારા કાર્યક્રમોનું આયોજન થઈ શકે. આમ, સ્ત્રી અભ્યાસો એ ફક્ત માહિતી એકત્રીકરણનું સાધન નથી પરંતુ સ્ત્રીઓના ભાવિ વિકાસ માટેના કાર્યક્રમો પગલાઓ લેવા માટેના સૂચનો પણ કરે છે. તે ફક્ત સમાજમાં જાગૃતિ કે સભાનતા જ નથી લાવતા પરંતુ સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટેના સૂચનો કરે છે. તથા સ્ત્રી વિકાસના આયોજન કરવામાં માર્ગદર્શક બને છે. આમ, સ્ત્રી અભ્યાસોએ સંશોધન-શિક્ષણ અને કાર્યક્રમ ત્રણે તબક્કાઓમાં ઉપયોગી બને છે. આ માટે આંતર વૈજ્ઞાનિક અભિગમ દાખવીને ક્રિયાત્મક સંદર્ભમાં જોવામાં આવે છે. આમ, સ્ત્રીઓએ ઉપયોગીતાવાદી અને વ્યવહારલક્ષી અભ્યાસો ગણી શકાય.

**૪) સમીક્ષાત્મક સાધન :**

સામાજિક વિજ્ઞાનો મૂલ્યયુક્ત રીતે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પૂર્વગ્રહયુક્ત રહીને અભ્યાસો કરવામાં આવતા હોય છે. મૈત્રેયી ક્રિષ્નારાજ આ અભિગમથી અલગ પડે છે. તેમના મતે સામાજિક વિજ્ઞાનોમાં મૂલ્યયુકતનો ખ્યાલ એ સંસ્થાનવાદી ખ્યાલ છે. આજના સમયમાં સામાજિક વિજ્ઞાનોએ સમીક્ષાત્મક બનવું જોઈએ. તેમના મતે સ્ત્રી અભ્યાસો એ સમાજની તપાસનું સમીક્ષાત્મક સાધન છે. ખાસ કરીને માર્કસવાદી નારીવાદીઓ અભ્યાસોમાં સમીક્ષાત્મક અભિગમની હિમાયત કરે છે. આ અભિગમ અનુસાર સ્ત્રી અભ્યાસી સામાજિક વૈજ્ઞાનિકોએ સમાજની પરિસ્થિતિનું વિવેચન કરીને સમીક્ષક તરીકેની ફરજ બજાવવાની હોય છે. સમાજ એ પિતૃસત્તા સમાજવ્યવસ્થા હોવાથી તેના તરફ

# એકમ - ૩ સ્ત્રી અભ્યાસોનું મહત્વ અને અભિગમો

**રૂપરેખા**


૩.૧ ઉદ્દેશો

૩.૨ પ્રસ્તાવના

૩.૩ નારી અભ્યાસોની આવશ્યકતા :

૩.૪ સ્ત્રી અભ્યાસના અભિગમો

૩.૪ સારાંશ

૩.૫ ચાવીરૂપ શબ્દો


## ૩.૧ ઉદ્દેશો :

પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા તમો....

- સ્ત્રી અભ્યાસો શા માટે કરવા જોઈએ તે જાણી શકશો.
- સ્ત્રી અભ્યાસો સ્ત્રીઓ વિષયક કાર્યક્રમોમાં કઇ રીતે મદદરૂપ બની શકે તેના વિકેની સમજ કેળવી શકશો. તથા સ્ત્રી અભ્યાસો ભારતીય સમાજની સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવામાં કઇ રીતે મદદરૂપ બને છે તેની જાણકારી મેળવી શકશો.
- ભારતમાં જે સ્ત્રી અભ્યાસો થાય છે. તેના વિરુદ્ધ અભિગમો વિશેની સમજ મેળવી શકશો.

## ૩.૨ પ્રસ્તાવના

કોઇપણ સમાજ જુદા જુદા એકમોનો બનેલો છે. આ એકમો એકબીજા સાથે પરસ્પરાવલંબી છે. સમાજના એક એકમમાં પરિવર્તન આવતા બીજા એકમોમાં પણ તેની અસર થાય છેઢ. ભારતીય સમાજવ્યવસ્થામાં જ્ઞાતિ, કુટુંબ અને ગ્રામ સમુદાય મહત્વના પાયાના અંગો છે. જેની આધા ભારતીય સમાજની રચના થયેલી છે. જેની આધારે સમાજના મૂલ્યો, ધોરણો, રિતરિવાજો ઘડાયેલા છે અને વ્યક્તિઓ વર્તન વ્યવહાર કરે છે. પરંપરાગત ભારતીય સમાજ વ્યવસ્થામાં એ પિતૃપ્રધાન રહી છે. જેથી જ્ઞાતિ, કુટુંબ અને ગ્રામસમુદાયમાં પુરુષોનું વર્ચસ્વ રહ્યું છે. સ્ત્રીનું સ્થાન ગૌણ છે. પરંતુ બ્રિટિશરોના શાસન દરમ્યાન કેટલાક સમાજ સુધારકો દ્વારા સ્ત્રીઓનું નીચું સ્થાન માટે જવાબદાર રીત-રિવાજો, કુરિવાજો સામે ઝુંબેશ અધુરી અને ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્યતાની લડતમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારીએ સ્ત્રીઓના સ્થાન વિશે, સ્ત્રીઓના પ્રશ્નો વિશે અને સ્ત્રીઓના દમન વિશે લોકોને વિચારતા કર્યા. સ્વાતંત્રતા બાદ કાયદાકીય રીતે સ્ત્રીઓને પુરુષ સમકક્ષ બનાવવામાં આવ્યા. બંધારણમાં સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો આપવામાં આવ્યા. પશ્ચિમના દેશોમાં જે અધિકારો-હક્કો મેળવવા માટે સ્ત્રીઓને લડત આપવી પડતી હતી તેને બદલે ભારતીય સમાજમાં તે અધિકારો સ્ત્રીઓને પહેલેથી પ્રાપ્ત થયેલા હતા. છતાં પણ સ્ત્રીઓની પરિસ્થિતિ સંતોષજનક નથી. સ્ત્રીઓની સામાજિક વાસ્તવિકતા કંઇક જુદું જ ચિત્ર રજૂ કરે છે. આથી સ્વતંત્રતા બાદ ભારતીય સમાજના વિકાસ માટે સમાજના અર્ધા અંગ સમાન સ્ત્રીઓની પરિસ્થિતિ અંગેનું જ્ઞાન મેળવી, મેળવેલા જ્ઞાનના આધારે સ્ત્રીઓના તેમજ સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટેના આયોજન માટે સ્ત્રી અભ્યાસો આવશ્યક બની ગયા છે.

## ૩.૩ નારી અભ્યાસોની આવશ્યકતા :

નારીવાદીઓ સ્ત્રી અભ્યાસો માટેની આવશ્યકતા નીચે મુજબ દર્શાવે છે.

**૧. સમાજ મેળવવા માટે આવશ્યક :**

સ્ત્રી અભ્યાસો એ સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્ર સમાજ સમક્ષ રજૂ કરે છે. તેના દ્વારા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન કેવું છે. તેના સમજવામાં સ્ત્રી અભ્યાસો

પક્ષપાત [illegible] છે. બ્રિટિશ શાસન સુધીના અભ્યાસોએ પુરુષો તરફી અભ્યાસો હતા. ત્યારે સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ, તેના અનુભવોને સ્ત્રીઓના દષ્ટિબિંદુથી તપાસીને મૂલ્યાંકનલક્ષી બનાવવા જોઈએ. તેમાં સંવેદનશીલતા દાખવવા ઉપર ભાર મૂકાય છે. આ પ્રકારના અભ્યાસો દ્વારા લૈંગિકતા, પિતૃસત્તા, શ્રમવિભાજન, સત્તા, દરજ્જો, સામાજિક કોટીક્રમ, સ્ત્રી જીવન જેવા ખ્યાલોને વધારે સ્પષ્ટ રીતે સમજી શકાયા છે. આમ, સ્ત્રી અભ્યાસો દ્વારા સ્ત્રીઓના જીવન વિશેની સમજણમાં વધારો થયો છે.

### ૫) સંસ્કારવાદી પક્ષપાત દૂર કરવામાં ઉપયોગી :

ભારતીય સમાજવ્યવસ્થા એ હિંદુધર્મના મૂલ્યો, માન્યતાઓ, વલણો, સંસ્કારો ઉપર આધારિત છે. જેમાં પિતૃસતાક પુરુષો તરફ પક્ષપાત ભર્યા વલણો જોવા મળે છે. જેમકે પુત્રજન્મને આવકાર, કેટલીક કહેવતો જેવી કે 'દિકરીને ગાય દોરે ત્યાં જાય', 'દિકરી પારકી થાપણ', 'સાપનો ભારો', 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' આવી કહેવતો સ્ત્રીઓ તરફનો પક્ષપાત વ્યક્ત કરે છે. જે સ્ત્રી અભ્યાસો દ્વારા જાણી શકાય છે. સમાજમાં સ્ત્રી પુરુષો વચ્ચેના સંસ્કારો પ્રત્યે જે પક્ષપાતો પ્રવર્તે છે તેને સમજવામાં સ્ત્રી અભ્યાસો મદદરૂપ બને છે. અત્યાર સુધી સ્ત્રી અભ્યાસોમાં સંસ્કારવાદી પક્ષપાત વ્યક્ત થતો હતો. પરંતુ ૧૯૭૫ પછી સ્ત્રીઓના અભ્યાસો સ્ત્રીઓના પરિપેક્ષથી કરવા જોઈએ તેવા અભિગમ વિકાસ પામતા સ્ત્રીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવવા પર ભાર મૂકવા લાગ્યો અને સ્ત્રીઓ પ્રત્યેના સંસ્કારવાદી મૂલ્યોની સમીક્ષાત્મક આલોચના થવા લાગી. સ્ત્રીઓ પ્રત્યેના બેવડા ધોરણોને શોધીને સમાજ સમક્ષ રજૂ કરવામાં આવે છે. આમ, સ્ત્રી અભ્યાસો દ્વારા સંસ્કારવાદી પક્ષપાત દૂર કરવામાં અને સ્ત્રી જીવનની સાચી સમજ મેળવવામાં ઉપયોગી બને છે.

### ૬) બહુવિધતાની સમજ પૂરી પાડવામાં ઉપયોગી :

ભારતીય સમાજ વિવધતા પૂર્ણ સમાજ છે. ભારતમાં ભૌગોલિક પ્રાદેશિક, ભાષાકીય, ધાર્મિક, જ્ઞાતિ, કોમનું વૈવિધ્ય રહેલું છે. દરેક જ્ઞાતિ, ધર્મ, કોમ, પ્રદેશની અલગ અલગ સંસ્કૃતિ જોવા મળે છે. દરેક જ્ઞાતિ, ધર્મ, પ્રદેશની જીવનશૈલી, રીત-રિવાજો, માન્યતાઓ, વલણોમાં વિવિધતા જોઈ શકાય છે. જેની અસર સ્ત્રીઓના જીવન પર પડે છે. સ્ત્રીઓએ કયાં કેવું વર્તન કરવું તેના નિયંત્રણો દરેક સમાજમાં અલગ અલગ છે. જેથી સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા માટે ઉપરોક્ત દર્શાવેલ વિવિધતાને ધ્યાનમાં રાખીને જ અભ્યાસો કરવા જોઈએ જેમકે હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામધર્મ ત્રણેમાં સ્ત્રીઓ વિષેના ધોરણો, નિયમો અલગ અલગ છે. તેજ રીતે ઉપલી જ્ઞાતિ, મધ્યમ જ્ઞાતિ, નિમ્ન જ્ઞાતિમાં પણ સ્ત્રીઓના વર્તન અંગેના ધોરણો ભિન્ન ભિન્ન છે. સ્ત્રી અભ્યાસો દ્વારા ભારતના જુદા જુદા રાજ્યો, પ્રદેશો, કોમ, ધર્મની વિશિષ્ટતાને સમજીને કયા કયા ક્ષેત્રોમાં સમાનતા છે અને કયાં કયાં ભિન્નતા છે તેને સમજી શકાય છે. જેના દ્વારા સ્ત્રીઓની ભૂમિકા સમાજમાં પ્રવર્તતા સાંસ્કૃતિક મૂલ્યો અને ધોરણોને સમજીને સ્ત્રીઓના નિમ્ન સ્થાનોમાં કયા તત્વો અવરોધક છે તે જાણી શકાય છે. આમ, સ્ત્રી અભ્યાસો દ્વારા ભારતીય સમાજની બહુવિધતાને સમજી શકાય છે.

### ૭) ભાવિ સમાજના ઘડતર માટે આવશ્યક :

ભારતમાં વસ્તીની દૃષ્ટિએ સ્ત્રીઓ અને પુરુષો અડધો અડધ છે. સમાજમાં નવા સભ્યોનું સામાજિકરણ કરવાનું કાર્ય સ્ત્રી દ્વારા (માતા દ્વારા) કરવામાં આવતું હોય છે. બાળકોમાં સંસ્કાર સિંચનનું કાર્ય માતા દ્વારા થાય છે. સમાજમાં સતત પરિવર્તનની પ્રક્રિયા ચાલુ હોય છે. વિકાસ કાર્યક્રમો દ્વારા નવા નવા ફેરફારો કરવામાં આવતા હોય છે. ત્યારે સમાજની ૫૦ % વસ્તીની (સ્ત્રીઓ) ભાવિ સમાજ માટેની કલ્પના કેવી છે આજે દરેક ક્ષેત્રોમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારી છે. ત્યારે સ્ત્રીઓના વિચારો, આશાઓ, આકાંક્ષાઓ શું છે તેના વિશેની જાણકારી મેળવવી આવશ્યક છે. આવી જાણકારી પ્રાપ્ત કરવામાં સ્ત્રી અભ્યાસો મદદકર્તા બને છે.

## ૮) સામાજિક વિજ્ઞાનોને સમૃદ્ધ બનાવવામાં ઉપયોગી :

સામાજિક વિજ્ઞાનો જેવા કે સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર, ઇતિહાસ મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર રાજ્યશાસ્ત્ર જેવા વિજ્ઞાનો છેલ્લા થોડા વર્ષોથી જ સ્ત્રી વિષયક મુદ્દાઓને સ્થાન આપવામાં આવ્યું છે. તે પહેલા સ્ત્રી વિષયક મુદ્દા તરફ ઉદાસીન વલણ જોવા મળતું હતું. ડૉ. નિરા દેસાઈના મતે સામાજિક વિજ્ઞાનોમાં સ્ત્રીઓના મુદ્દાઓને સ્થાન આપવાથી સમાજને તપાસવા માટેનું સમીક્ષાત્મક સાધન પૂરુ પાડી શકાય છે જેના દ્વારા પુરુષ તરફી પક્ષપાતને સમજી શકાય છે. તેમજ સ્ત્રીઓના મુદ્દાને અભ્યાસક્રમોમાં સ્થાન આપવાથી નવા ખ્યાલાત્મક માળખાઓ વિકાસ પામશે અને ખ્યાલાત્મક માળખાઓને પુનઃપરિભાષિત કરી શકાશે. બીજું સ્ત્રીઓના અભ્યાસોમાં સ્ત્રીઓના પરિપ્રેક્ષ્ય, દષ્ટિબિંદુથી અભ્યાસો કરવાથી તથા સમીક્ષાત્મક અભિગમ કેળવીને અભ્યાસો કરવાથી સામાજિક વિજ્ઞાનોના પરંપરાગત મૂલ્યયુક્તતાના ખ્યાલને તિલાંજલી આપીને મુલ્યયુકત રીતે અભ્યાસો કરી શકાશે. આનાદ્વારા સામાજિક વિજ્ઞાનોમાં સ્ત્રીઓના જીવન વિશેની તેમની વાસ્તવિક પરિસ્થિતિ પ્રત્યે સંવેદનશીલતા દાખવીને નવા દષ્ટિબિંદુથી અભ્યાસો થશે. જેનાથી સામાજિક વિજ્ઞાનોમાં નવી પદ્ધતિ, નવા સિદ્ધાંતો અને નવા અભિગમો વિકાસ પામશે. આમ સ્ત્રી અભ્યાસોનો સામાજિક વિજ્ઞાનોને સમૃધ્ધ કરવામાં મહતવનો ફાળો ગણી શકાશે.

## ૯) સ્ત્રીઓના પ્રદાનને સમજવામાં ઉપયોગી :

સ્ત્રી અને પુરુષ સમાજ જીવનના રથના બે પૈડા છે. એકમાં મુશ્કેલી સર્જાતા બીજું પૈડુ કામ કરી શકતું નથી. આમ, માનવ જીવનના ઉદ્‌ભવથી જ સ્ત્રી અને પુરુષ બંનેનું સમાન મહત્વ રહેલું છે. પરંતુ સમાજમાં પુરુષ તરફી પક્ષપાત હોવાથી સ્ત્રીઓના ફાળે આવતા કાર્યોને નગણ્ય ગણવામાં આવ્યું છે. સ્ત્રીઓને ઘરની ગૃહિણી તરીકે, બાળક ઉછેરની જવાબદારી સોંપવામાં આવી છે. પરતુ આર્થિક ક્ષેત્રમાં તેના કાર્યને 'કામ' તરીકે ગણવામાં આવતું ન હતું. પશ્ચિમના દેશોમાં સ્ત્રી ચળવળોને કારણે સ્ત્રીઓમાં ઘરના કાર્યોને કામ તરીકેની માન્યતા મળી, સમકાલીન સમયમાં સ્ત્રીઓ સમાજ જીવનના દરેક ક્ષેત્રો, સામાજિક, આર્થિક, રાજનૈતિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિકમાં અને દરેક એકમોમાં સક્રિય ભૂમિકા ભજવવા લાગી છે. ત્યારે સ્ત્રી અભ્યાસો એ કયા કયા ક્ષેત્રોમાં સ્ત્રીઓનો શું ફાળો છે તેને કારણે તે ક્ષેત્રો ઉપર તથા સ્ત્રીઓના જીવન ઉપર શું અસર પડી છે. તેને સમજી શકાય છે. સ્ત્રીઓના આવા પ્રદાનને સમજવા માટે સ્ત્રી અભ્યાસોએ ઉપયોગી બને છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

- નારીવાદી અભ્યાસો કઈ રીતે સ્ત્રીઓની પરિસ્થિતિ સમજવામાં અને જાગૃતિ લાવવામાં મદદરૂપ થાય છે ?

  ..........................................................................................

  ..........................................................................................

  ..........................................................................................

  ..........................................................................................

- સંસ્કારવાદી પક્ષપાત દૂર કરવામાં નારીવાદી અભ્યાસોનું યોગદાન વર્ણવો

  ..........................................................................................

  ..........................................................................................

  ..........................................................................................

  ..........................................................................................

- સામાજિક વિજ્ઞાનોને સમૃધ્ધ બનાવવામાં નારીવાદી અભ્યાસોની ભૂમિકા સ્પષ્ટ કરો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૭ નીચેના વિધાનો (✓) છે કે ખોટા (✗) તે જણાવો.

૧. નારીવાદી અભ્યાસો ભાવી કાર્યક્રમોના ઘડતરમાં ઉપયોગી બને છે. (✓)

૨. નારીવાદી અભ્યાસોએ મૂલ્ય મુક્ત હોય છે. (✗)

૩. સ્ત્રી અભ્યાસોએ નારીવાદી ચળવળનો એક ભાગ છે. (✓)

## ૩.૪ સ્ત્રી અભ્યાસના અભિગમો :

સ્ત્રીઓના અભ્યાસો વૈજ્ઞાનિક દષ્ટિકોણથી, સ્ત્રીઓના પરિપોથથી છેલ્લા બે દાયકા દરમ્યાન વધુ થવા લાગ્યા છે. સ્ત્રીઓના સ્થાન, દરજ્જા વિષયક અભ્યાસોમાં મુખ્યત્વે ત્રણ અભિગમો જોવા મળે છે. જે નીચે મુંજબ છે.

**(૧) વસ્તીશાસ્ત્રીય અભિગમ :**

આ અભિગમમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના વસ્તશાસ્ત્રીય સૂચાંકોને કેન્દ્રમાં રાખીને અભ્યાસો કરવામાં આવે છે. જેમકે સ્ત્રી પુરુષનું પ્રમાણ, સાક્ષરતાનો દર, જીવનકાળ, સરેરાશ, લગ્ન વય, સ્ત્રી-પુરુષનો જન્મદર, મૃત્યુ દર, આરોગ્યનું સ્થર, આર્થિક પ્રવૃત્તિમાં સ્ત્રીઓના સહભાગીપણાનો દર વગેરેને આધારે સ્ત્રીઓ અને પુરુષો બંને વચ્ચેનોતફાવત જોઈ શકાય છે. સ્ત્રી પુરુષની વસ્તીના પ્રમાણમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ, ઓછો મૃત્યુદર, નીચું આરોગ્ય, નીચી લગ્ન વય, નિમ્ન સ.કરતાનો દર, રાજકીય તથા આર્થિક ક્ષેત્રમાં સ્ત્રીઓની ઓછી સહભાગીદારી તથા દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું ઘટતો જતો જન્મદર વગેરે બાબતો દ્વારા સ્ત્રીઓનો બદલાતો દરજ્જો જાણી શકાય છે. તદ્ઉપરાંત આ પ્રકારના અભ્યાસો દ્વારા વસ્તી શાસ્ત્રીય ી-પુરુષની તુલના દ્વારા તેની સમાજના સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક, રાજકીય અસરો કેવી થશે તે પણ જાણી શકાય છે.

**(૨) વિકાસાત્મક અભિગમ :**

સ્વતંત્રતા બાદ ભારતમાં આયોજનબદ્ધ વિકાસ કરવાનો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે. પંચવર્ષીય યોજનાઓમાં જુદા જુદા ક્ષેત્રોના વિકાસ માટેના ઉદ્દેશ્યો તથા લક્ષ્યાંકો નક્કી કરી તેને સિદ્ધ કરવાના પ્રયાસો થાય છે. જેમાં અનેક પ્રકારના વિકાસ કાર્યક્રમો આપવામાં આવ્યા છે. કેટલાક નારીવાદીઓ સ્ત્રીઓ માટેના વિકાસ કાર્યક્રમો કયા કયા છે ? તેની સ્ત્રીઓ પર કેવી અસર પડે છે ? વિકાસ કાર્યક્રમોમાં સ્ત્રીઓને કેટલું મહત્વ આપવામાં આવ્યું છે ? વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીઓનો ફાળો કેટલો છે ? સ્ત્રીઓને નિર્ણયની પ્રક્રિયાના સત્તા મંડળોમાં કેટલું સ્થાન ધરાવે છે. વગેરે બાબતોને કેન્દ્રમાં રાખીને અભ્યાસો કરવાનો અભિગમ વિકાસ પામ્યો છે. અહીં 'વિકાસ'નો અર્થ વ્યાપક સ્વરૂપમાં જોવામાં આવે છે. વિકાસ એટલે સર્વાંગી વિકાસ. જેમાં આર્થિક, ધાર્મિક, રાજનૈતિક, સામાજિક, સાંકીતિક અને જીવનશૈલીના સંદર્ભમાં તપાસવામાં આવે છે. આ અભિગમમાં સ્ત્રીઓ અને વિકાસ વચ્ચેનો પારસ્પરિક સંબંધ તપાસવાનો બંને વચ્ચેની આંતરક્રિયાની હકારાત્મક અને નકારાત્મક અસરોને કેન્દ્રમાં રાખીને અભ્યાસો કરવામાં આવે છે.

વિકાસાત્મક અભિગમને કેન્દ્રમાં રાખીને ડૉ. નિરા દેસાઈ, રેહાના, ડૉ. કલ્પના શાહ જેવા નારીદાવીઓએ અનેક અભ્યાસો કર્યા છે. તેમના મતે ઉદારીકરણ, વૈશ્વિકરણ, ઔદ્યોગીકરણની પ્રક્રિયાની સ્ત્રીઓના જીવન પર અને સમાજજીવન પર ગાઢ અસર થઈ છે. યાંત્રીકરણ વધતા સ્ત્રીઓની બેરોજગારીના પ્રશ્નો વધ્યા છે. સંગઠિત ક્ષેત્રો કરતા અસંગઠિત ક્ષેત્રોમાં સ્ત્રીઓને કામ કરવું પડે છે. સ્ત્રીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી

છે. એકબાજુ સ્ત્રીઓના પરંપરાગત કાર્યોમાં યાંત્રીકરણ એ સહાયતા કરી છે. પરંતુ બીજી બાજુ અનેક સમસ્યાઓ પણ ઉભી કરી છે. આમ, સમાજ જીવનમાં વિકાસ કાર્યક્રમોને કારણે મોટાપાયા પર પરિવર્તન આવ્યું છે. જેની અસર સ્ત્રીઓના જીવન પર પડી છે. જો કે વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીઓનું યોગદાન જેટલું વધવું જોઇએ તેટલું વધ્યું નથી. તેની પાછળના જવાબદાર પરિબળ તરીકે પુરુષ તરફી વિકાસાત્મક કાર્યક્રમો ગણી શકાય. આઠમી પંચવર્ષીય યોજના બાદ જ સ્ત્રી સામર્થ્યના અભિગમને કેન્દ્રમાં રાખીને સ્ત્રીઓ તરફી વિકાસ કાર્યક્રમો બનાવવામાં આવ્યા છે. આમ, વિકાસાત્મક અભિગમમાં સ્ત્રીઓ અને વિકાસ બંને વચ્ચેનો સહસંબંધ તપાસી વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીઓના ફાળાનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**(૩) વાસ્તવિકતા અભિગમ :**

વાસ્તવિકતાનો અભિગમ એટલે સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્ર પ્રાપ્ત કરવું. આ અભિગમ દ્વારા સ્ત્રીઓની સામાજિક વાસ્તવિકતાને જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સમાજમાં સ્ત્રીઓના સંગઠનો દ્વારા થતા આંદોલનો, સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ, સ્ત્રીઓના જૂથો દ્વારા થતી માંગણીઓ, તેમના અહેવાલો, સ્ત્રી અત્યાચાર, દમન, શોષણની પરિસ્થિતિને તપાસવામાં આવે છે. ૧૯૭૫-૮૫ ના આંતરરાષ્ટ્રીય વર્ષ અને મહિલા દાયકા દરમ્યાન સ્ત્રીઓના જીવનને સ્પર્શતા પાસાઓના અભ્યાસો માટે અનેક નારીવાદીઓ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા. સ્ત્રી સંગઠનો દ્વારા અભ્યાસના જે અહેવાલો તૈયાર થયા છે. જેમાં દર્શાવ્યું છે કે સ્ત્રીઓ અનેક પ્રકારની સમસ્યાઓનો ભોગ બની રહી છે. જેમાં મુખ્યત્વે સ્ત્રીઓના કાર્યસંબંધી અને અત્યાચારની સમસ્યાઓ વિશેષ ધ્યાન ખેંચે છે.

સ્ત્રીઓના સંગઠનોએ સ્ત્રીઓના પ્રત્યે થતા અત્યાચાર, દમન, શોષણ અટકે તેના માટે નીચે મુજબની માંગણીઓ રજૂ કરેલ છે.

(૧) સમાન કામ માટે સમાન વેતન, (૨) ઘોડિયા ઘરની સુવિધા, (૩) કામ કરતી સ્ત્રીઓને સંગઠિત કરવી, (૪) સંચાર માધ્યમોમાં થતા નારી પ્રદર્શન અને લૈંગિક ભૂમિકાના રજૂ થતા ચિત્રો ઉપર સેન્સર શિપ મૂકવી, (૫) દેવદાસી પ્રથાની નાબુદી કરવી, (૬) ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સુવિધા આપવી, (૭) નશાખોરી નાબુદ કરવી, (૮) સ્ત્રીઓના શોષણનું મુળનું વિશ્લેષણ કરવું, (૯) પત્નીની મારપીટ સામે વિરોધ કરવા, (૧૦) આરોગ્ય સંભાળવા માટે સ્ત્રીઓને તાલીમ આપવી, (૧૧) ઘરકામમાં પુરુષોએ સહભાગી બનવું, (૧૨) સ્ત્રીઓ માટે ખાસ અદાલતો સ્થાપવી, (૧૩) દલિત, પછાતવર્ગની સ્ત્રીઓને શિક્ષણ આપવું, (૧૪) મોંઘવારી-ભાવવધારાનો વિરોધ કરવો, (૧૫) દહેજ, મૃત્યુની સમસ્યા હલ કરવી, (૧૬) સ્ત્રી કાર્યકરો માટે તાલીમ-શિબિરો યોજવી, (૧૭) સ્ત્રીઓને નેતૃત્વની તાલીમ આપવી, (૧૮) જાતીય સતામણી અને માનસિક સતામણીની સમસ્યા દૂર કરવી.

આમ, વસ્તી શાસ્ત્રીય અભિગમ, વિકાસ અભિગમ અને વાસ્તવિકતાવાદી અભિગમો દ્વારા સ્ત્રીઓની નિમ્ન દરજ્જા માટેના જવાબદાર પરિબળોને શોધવાનો, તેને હલ કરવા માટેના ઉપાયો શોધવાનો પ્રયત્ન ઉપરોક્ત ત્રણે અભિગમોના અભ્યાસો દ્વારા કરવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

○ વસ્તી વિષયક અભિગમનો તમે શું અર્થ ધરાવો છો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

○ વિકાસાત્મક અભિગમથી કયા નારીવાદીઓએ અભ્યાસો કર્યા છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

○ સ્ત્રી અભ્યાસોના વિવિધ અભિગમો સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

○ સ્ત્રી સંગઠનો દ્વારા સ્ત્રીઓના શોષણ અટકાવવા માટે કઈ માંગણીઓ કરવામાં આવી છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## ૩.૫ સારાંશ

આ એકમમાં તમો ભારતમાં સ્ત્રી અભ્યાસોની જરૂરિયાત શા માટે છે ? તેનું મહત્વ શું છે તે સમજી શકશો. સ્ત્રી અભ્યાસો દ્વારા સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ સમજી શકાય છે. ભારતમાં અનેકવિધ વિવિધતા છતાં સ્ત્રીઓના અનેક પાસાઓમાં જોવા મળતી સમાનતા કઈ છે. સ્ત્રીઓ માટેના કાર્યક્રમો બનાવવામાં, તથા તેને વિશેના પગલાઓ લેવામાં સ્ત્રી અભ્યાસો ઉપયોગી બન્યા છે બીજી સ્ત્રી અભ્યાસોએ કોઈ એક જ શાળા કે વિજ્ઞાન દ્વારા કરવામાં આવતા નથી. પરંતુ સમાજ વિજ્ઞાનીઓ, ભાષાશાસ્ત્રીઓ દ્વારા પણ વિવિધ પરિપેક્ષ્યોમાં કરવામાં આવે છે.

સ્ત્રી અભ્યાસોને વસ્તી શાસ્ત્રીય અભિગમ, વિકાસાત્મક અભિગમ તથા વાસ્તવિકતાવાદી અભિગમથી કરવામાં આવે છે. અને તેના આધારે સ્ત્રીઓની પરિસ્થિતિને સમજી વિવિધ સંગઠનો દ્વારા તેમની સમસ્યાઓને હલ કરવાના પ્રયત્નો થાય છે.

## ૩.૬ ચાવીરૂપ શબ્દો :

૧. **સંસ્કારવાદી પક્ષપાત** : દરેક સમાજમાં ચોક્કસ સાંસ્કૃતિક મૂલ્યો હોય છે. આ મૂલ્યો સ્ત્રી વિકાસમાં ક્યારેક સહાયક ક્યારેક અવરોધક બનતા હોય છે. સાંસ્કૃતિક મૂલ્યો તરફી વલણ.

૨. **વસ્તીશાસ્ત્રીય અભિગમ** : વસ્તીગણતરી અભ્યાસમાં અનેકવિધ પાસાઓના આંકડા રજૂ કરવામાં આવે છે. જે વસ્તી સાથે સંબંધિત હોય.

૩. **વિકાસાત્મક અભિગમ** : સરકારના વિવિધ કાર્યક્રમોની લોકો પર શું અસર થઈ છે તેને તપાસવાનો પ્રયત્ન થાય તે વિકાસાત્મક અભિગમ.

# એકમ : ૪ સ્ત્રી અભ્યાસોનો ઉદ્‌ભવ અને વિકાસ

## રૂપરેખા


૪.૧ ઉદ્દેશો
૪.૨ પ્રસ્તાવના
૪.૩ ભારતમાં સ્ત્રી અભ્યાસોના ઉદ્‌ભવ અન ાવકાસ
૪.૪ ભારતમાં સ્ત્રીઓ અંગેના અભ્યાસોનો ઉદ્‌ગમ અને વિકાસ
૪.૫ સ્ત્રી અભ્યાસોનું પદ્ધતિશાસ્ત્ર
૪.૬ અનુભવજન્ય સંશોધન
૪.૭ વ્યક્તિ તપાસ પદ્ધતિ
૪.૮ કેન્દ્રીય સમૂહ ચર્ચા
૪.૯ સારાંશ


## ૪.૧ ઉદ્દેશ્યો :

આગળનાં વિભાગમાં આપણે સ્ત્રી અભ્યાસોનો ખ્યાલ તેનું મહત્વ તેના અભ્યાસના વિવિધ અભિગમોની ચર્ચા કરી ગયા છે. આ વિભાગના અભ્યાસ દ્વારા તમો સ્ત્રી અભ્યાસોની શરૂઆત કયાંથી થઇ, કેવી રીતે થઇ, તેની પાછળના જવાબદાર પરિબળો કયા કયા છે તેના વિશેની જાણકારી મેળવી શકશો.

આ વિભાગમાં પશ્ચિમના દેશોમાં સ્ત્રી અભ્યાસોના ઉદ્‌ભવ પાછળના પરિબળોની ચર્ચા કરેલ છે. તેમજ ભારતમાં સ્ત્રી અભ્યાસોની શરૂઆત કયારે થઇ તેના વિશેની સમજ મેળવી શકશો.

આ ઉપરાંત ભારતમાં સ્ત્રી અભ્યાસોમાં કઇ કઇ સંસ્થાઓ દ્વારા તેને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે. તેમજ ભારતમાં સ્ત્રી અભ્યાસોના વિવિધ તબક્કાઓ વિશેની જાણકારી પ્રાપ્ત કરી શકશો.

**સ્ત્રી અભ્યાસો ઉદ્‌ભવ - વિકાસ :**

## ૪.૨ પ્રસ્તાવના

યુરોપની ફ્રાંસની રાજ્ય ક્રાંતિ તથા ઈંગ્લેન્ડની ઔદ્યોગિકરણની પ્રક્રિયાએ સમગ્ર વિશ્વમાં સામાજિક આર્થિક અને રાજકીય ક્ષેત્રે જુદી જ રીતે વિચારવાની ફરજ પાડી. વિશ્વમાં સામાજિક આર્થિક અને રાજકીય ક્ષેત્રે જુદી જ રીતે વિચારવાની ફરજ પાડી. વિશ્વમાં આર્થિક અને રાજકીય ક્ષેત્રે મોટા પાયા પર પરિવર્તન આવ્યું. ફાંસવાદી, રાજાશાહી સામે લોકશાહી શાસન વ્યવસ્થાના વિચારો ફેલાયા. સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વની મૂલ્યોની ઓળખ થઇ. ૧૯ મી સદીએ ઔદ્યોગીકરણની સાથે સાથે વિચારણા માટેની સદી બની. રાષ્ટ્રોની સહિયારા વિકાસ માટેની ભૂમિકા સર્જી સામાજિક વિજ્ઞાનોમાં ૧૯૬૦ થી ૧૯૭૦ માં સમાજ વિશે વધુ ને વધુ જ્ઞાન પ્રાપ્ત થાય, જટિલ સમાજ વિશે વધુ માહિતી પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો શરૂ થયા. તદ્‌ઉપરાંત અસમાન વિકાસ જૂથો વચ્ચેની અસમાનતા, નબળા જૂથો, ગરીબો, લઘુમતી, ધર્મ, જાતિ અને જ્ઞાતિની સાથે સાથે સ્ત્રી-પુરુષ અસમાનતા વિશે ચર્ચા શરૂ થઇ. જો કે સ્ત્રી અભ્યાસોનો પાયો અમેરિકામાં નંખાયો આમ, સ્ત્રી અભ્યાસો એ પશ્ચિમી શબ્દ છે. સમગ્ર વિશ્વમાં ૧૯૭૦-૮૦ ના દસકા દરમ્યાન સ્ત્રીઓના સમાજમાં સ્થાન, દરજ્જા, ભૂમિકા તેને મળતા હક્કો, ભોગવટા, કુટુંબમાં તેનું સ્થાન અને મળતી તકો તથા સ્ત્રીઓને મળતી વિકાસની તકો અંગેની ચર્ચા શરૂ થઇ. યુનો, મેક્સિકોમાં ૧૯૭૫ માં આંતરરાષ્ટ્રીય મહિલાઓની સભામાં 'મહિલા વર્ષ'ની ઘોષણા કરવામાં આવી. ભારતમાં ૧૯૭૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ બાદ જ 'સ્ત્રી અભ્યાસો' શબ્દ પ્રયોગ શરૂ થયો. ૧૯૭૧ થી ૧૯૭૪ માં તૈયાર થયેલ સ્ત્રીઓની સ્થિતિ અંગેનો અહેવાલ ૧૯૭૫ માં પ્રકાશિત થયો. જેમાં સ્ત્રીઓને સામાજિક દરજ્જો, સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા, માનવીય હક્કોનો અભાવ, સ્ત્રીઓ પ્રત્યે આચરણમાં

આવતા ગુનાઓ અને તેની કનકગતની બાબતો પ્રકાશમાં આવી. ૧૯૭૦ માં 'અદૃશ્ય' સ્ત્રીઓના સ્થાન વિશેના અભ્યાસો કરવા જોઈએ તેવો ખ્યાલ ઉદ્ભવ્યો.

સ્ત્રીઓના અભ્યાસોએ દર્શાવ્યું કે સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાઓ દૂર કરવા માટે રાજ્ય કે ધર્મ જ નહીં પરંતુ સ્ત્રીઓ પોતે જ પોતાના ભાગ્યવિધાતા છે તે બાબત પર ભાર મુકાયો. શરૂઆતના અભ્યાસોમાં સ્ત્રી-પુરુષની ચર્ચા અને એકબીજાની વિરુદ્ધ છે તે સ્વરૂપની થતી નહીં કે બંને વ્યક્તિ જુદી જુદી છે તે રીતેના સ્ત્રીઓ અંગે વિવિધ સમયમાં વિવિધ અભ્યાસો થયા છે. પરંપરાગત સ્ત્રી અભ્યાસો અને મહિલા વર્ષ પછીના સ્ત્રી અભ્યાસોના પરીપેક્ષમાં અને અભિગમોની બાબતમાં અલગ તરી આવે છે. ૧૯૭૫ પછીના સ્ત્રી અભ્યાસો નારીવાદી પરીપેક્ષ્યો, સમીક્ષાત્મક અભિગમ અને આંતર વિદ્યાકીય અભિગમથી થયેલા જોવા મળે છે.

## ૪.૩ ભારતમાં સ્ત્રી અભ્યાસોનો ઉદ્ભવ અને વિકાસ :

ભારતમાં સ્ત્રીઓના અભ્યાસોને કેટલાક પરિબળોને કારણે વેગ મળ્યો છે. સ્વતંત્રતા પૂર્વે સુધારણાવાદી ચળવળ અને સ્ત્રી શિક્ષણને લીધે સ્ત્રીઓના જીવન ઉપર કેટલાક અભ્યાસો કરવામાં આવ્યા. પરંતુ સ્વતંત્રતાની લડતનું મહત્વ વધતા સુધારાવાદી પ્રવૃત્તિ મંદ પડી. સ્ત્રીઓ સ્વાતંત્ર્યતાની ચળવળમાં સક્રિય બની. સ્વતંત્રતા બાદ ભારતના સંવિધાનમાં સ્ત્રી પુરુષ સમાનતાનો સ્વીકાર થયો. સ્ત્રીઓના અધિકારોના સંદર્ભમાં અનેક કાયદાઓ ઘડવામાં આવ્યા. દરેક પંચવર્ષીય યોજનામાં સ્ત્રીઓના વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. સુમા ચીટનીસ નોંધે છે કે ઘણા વિદ્વાનો સ્ત્રીના દરજ્જા સંબંધી વ્યક્તિગત પ્રશ્નોને લીધે સ્ત્રી અભ્યાસો તરફ દોરવ્યા છે. વ્યક્તિગત પ્રશ્નોમાં સ્ત્રીઓને મારઝૂડ, ઘર અને બહાર કામના ક્ષેત્રોમાં ભેદભાવ, શોષણ દમનનો ભોગ બની હોય, સ્ત્રીને વૈતરુ કરનારી ગણવામાં આવી હોય આવા અનેક અનુભવોએ સ્ત્રીઓના જીવન સંબંધી કોઈને કોઈ પરિસ્થિતિનો અભ્યાસ કરવા તરફ દોરે છે. ભારતમાં નારીવાદનું આગમન આઠમા દાયકામાં થયું છે.

## ૪.૪ ભારતમાં સ્ત્રીઓ અંગેના અભ્યાસોનો ઉદ્ગમ અને વિકાસ :

૧૯૬૬ માં નદી શિક્ષણનીતિનાં અનુસંધાનમાં યુ.જી.સી. (યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન) અને આઈ.સી.એસ.એસ.આર. (ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ સાયન્સ રિસર્ચ) એ સ્ત્રીઓના અભ્યાસો અંગે પ્રોત્સાહન આપ્યું. છેલ્લા બે દાયકાથી સ્ત્રીઓનાં પ્રશ્નો અંગે ખૂબ ચર્ચાઓ થાય છે. અને તમામ પાસાઓનો અભ્યાસ કરવાનો પ્રયત્ન થાય છે. સ્વાભાવિક રીતે જ માત્ર બોલવાથી કે માત્ર ચર્ચા કરવાથી પ્રશ્નો હલ થશે નહીં. પરંતુ દશ્ય અને સંચાર સાધનો એ પણ સ્ત્રીઓમાં પ્રશ્નોની નોંધ લીધી છે. ૧૯૭૦ ના દાયકામાં સ્ત્રીઓની તેવડી ભૂમિકા, ભૂમિકા સંઘર્ષ અંગે ચર્ચા શરૂ થઈ. વિકાસના સક્રિય ભાગીદાર તરીકે સ્ત્રીઓને જોવા લાગ્યા. ૧૯૭૯ માં છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં સ્ત્રીઓને ટારગેટ ગ્રુપ ગણવામાં આવી. સ્ત્રી શિક્ષણ રોજગાર અને આરોગ્યને મહત્વ આપવામાં આવ્યુ. ૧૯૭૦ની આસપાસ થયેલાં સંશોધનોમાં સ્ત્રીને વર્ગ, જ્ઞાતિ, ધર્મ તથા સાંસ્કૃતિક ભિન્નતા તથા અસમાનતાની સાથે સાથે તેની સ્ત્રી હોવાને નાતે પણ સામાજિક અન્યાય ભોગવવા પડ્યો છે. સામાજિક વાસ્તવિકતાનાં પરિવર્તન લાવવું હોય તો સ્ત્રીનાં શોષણ દમન અને ગૌણ દરજ્જાના મૂળ શોધવા પડે. આઈ.સી.એસ.એસ.આર. એ સ્ત્રીનાં દરજ્જા વિશે ૧૯૭૫ ના અહેવાલ પછી ચર્ચા શરૂ થઈ. ૧૯૭૮ નો મથુરા બળાત્કાર કેસ, સ્ત્રીનું ઘટતું જતું પ્રમાણ સ્ત્રીની આયુષ્ય ધોરણ કાર્યમાં સ્ત્રી ભાગીદારીનું પ્રમાણ અને સ્ત્રીઓનું સ્થળાંતર આ બધાની ચર્ચા કરવામાં આવી, દહેજ વેશ્યાવૃત્તિ, સ્ત્રીઓનું વેચાણ આ બધાને કારણે સ્ત્રીઓને દરજ્જો વધુ નીચો જશે તેવું લાગવા માંડ્યું. અસંગઠિત ક્ષેત્રમાં સ્ત્રીઓના રોજગારીનાં પ્રમાણ વધ્યા સાથે સાથે સમાજમાં કામ કરતી સ્ત્રીઓમાં સ્ત્રીઓનાં દરજ્જા અંગે સમાજમાં એને માટે જુદા જુદા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. ૧૯૭૬ પછી આઈ.સી.એસ.એસ.આર. નાં સંશોધનોનો મુખ્ય ધ્યેય સ્ત્રીના દરજ્જાને

અસર કરતાં સામાજિક આર્થિક ચળવળો, સંસ્થાઓ તેમનાં દષ્ટિકોણ તેમનાં વલણ વગેરેનું વિશ્લેષણ કરવા અને તે અંગેનું જ્ઞાન એકત્ર કરવાનું તથા સામાજિક વિજ્ઞાનોમાં નવા દષ્ટિકોણ ઉમેરવાનો છે. સ્ત્રીઓનો સમાજમાં ફાળો અને તેની ભૂમિકાઓનાં પોતાની જીંદગી પરત્વેનાં ખ્યાલોની ચર્ચા શરૂ.

આઈ.સી.એસ.એસ.આર.નો ખાસ ઉદ્દેશ સમાજમાં સ્ત્રીઓનાં પ્રશ્નો અંગે જાગૃતિ લાવવી. સમાજ સંવેદનશીલ થઈ એને વિશે વિચારે અને સ્ત્રી સમાનતા માટે પ્રયત્ન થાય એવા પ્રયત્ન થયા. ભારતમાં પણ વિશ્વનાં સંદર્ભમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ચર્ચા શરૂ થઈ. ભારતમાં ગરીબી, બેકારી, ધર્મનું રાજકારણ, કુટુંબમાં સ્ત્રીની ભૂમિકા, આર્થિક ઉદારતા ધર્મ જનૂનોનો ઉદ્‌ભવ અને દઠિકરણ વગેરે જોવા મળ્યું. આંતરરાષ્ટ્રીય ચળવળોમાં પણ એશિયા અંગે ચર્ચા થવા માંડી માત્ર પશ્ચિમનાં દેશો જ નહીં પરંતુ ત્રીજા વિશ્વમાં સ્ત્રી સંસ્થાઓ તેમની ચળવળો સ્ત્રીઓનાં પ્રશ્નો વગેરેને કારણે પશ્ચિમ કરતાં કંઈક જુદા પ્રકારનું મોડેલ ઉભું કરવાનો પ્રયત્ન થયો. સ્ત્રીઓ અંગેનાં અભ્યાસો સ્ત્રી સમાનતા, અન્યાય, શોષણ વગેરે માટે સંઘર્ષ કરતી સંસ્થાઓને કારણે સમાજ એ તરફ જાગૃત થયો. હરિયાળી અને સફેદ ક્રાંતિને કારણે સ્ત્રીઓ અંગે કોઈ તથા સમાજ અંગે એક નદી દિશા જોવા મળી. અનેક પ્રકારનાં વિકાસ કાર્યક્રમોને કારણે સ્વાભાવિક સ્ત્રીઓ અંગેનાં પ્રશ્નો અને સ્ત્રીઓના દષ્ટિકોણની ચર્ચા થઈ.

આ બધાની ચર્ચાઓને કારણે શૈક્ષણિક સંસ્થાઓને પણ આમાં રસ પડ્યો અને આ પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરી જ્ઞાનમાં વધારો કરવાનો પ્રયત્ન શરૂ થયો.

સ્ત્રીઓનાં અભ્યાસ અંગે વિવિધ દષ્ટિબિંદુઓથી ચર્ચા શરૂ થઈ. આંતર રાષ્ટ્રીય મહિલા દાયકાને કારણે દેશમાં અને દેશ બહાર સ્ત્રીઓ માટે અનેક તક ઊભી થઈ. દરેક જગ્યાએ સ્ત્રીઓ વિશે અનેકવિધ ચર્ચાઓ થવા લાગી. અલબત્ત બધી જ સંસ્કૃતિઓમાં સ્ત્રીઓ અંગેનાં જુદા જુદાં અને જુદા પ્રમાણમાં છે. ભારતમાં ગરીબી, બેકારી, ધર્મનું જનૂન વગેરે વધુને વધુ છે. સમગ્ર સ્ત્રીઓની ચળવળમાં એશિયાની સ્ત્રીઓનો ફાળો વધવા લાગ્યો છે. સ્ત્રીઓને થતાં અન્યાય શોષણ વગેરે અંગેનું સાહિત્ય બહાર પડવા લાગ્યું છે. એશિયાનાં સંદર્ભમાં પિતૃસત્તાક સત્તા અંગેની ચર્ચા થવા લાગી છે. દૂધ મંડળીઓ પુષબટક ટેકનોલોજી હરિતક્રાંતિ સ્ત્રીઓને ઘર આંગણે મળતી રોજગારી જાગૃતિ અંગે થતી ચર્ચાઓ વગેરે કારણ સ્ત્રીઓમાં થોડી સમાનતા આવવા લાગી. આ બધી ચર્ચાઓ સમાજમાં થતી હતી. પરંતુશિક્ષણમાં એની ખાસ અસર વર્તાતી ન હતી. ૧૯૮૧માં ઈન્ડિયન એસોસીએશન ફોર વિમેન સ્ટડીઝની સ્થાપના થઈ. દર બે વર્ષે તેની કોન્ફરન્સ થાય છે. ત્યાં સ્ત્રીઓનો પ્રશ્ન અભિગમ ચળવળ વગેરેની ચર્ચા થાય છે.

યુ.જી.સી. અને આઈ.સી.એસ.એસ.આર.નાં વિધ્યાત્મક વલણને કારણે સ્ત્રીઓની પરિસ્થિતિ અંગે ચર્ચા શરૂ થઈ છે. વધુને વધુ લોકો આ અંગે જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ડૉ. નીરા દેસાઈ ભારતમાં થયેલા સ્ત્રી અભ્યાસોને બે વિભાગમાં વર્ગીકૃત કરે છે.

૧. સ્વાતંત્ર્ય પૂર્વે થયેલા સ્ત્રી અભ્યાસો.

૨. સ્વાતંત્ર્યતા બાદ થયેલા સ્ત્રી અભ્યાસો.

## ૧. સ્વાતંત્ર્ય પૂર્વે થયેલા સ્ત્રી અભ્યાસો :

સ્વાતંત્ર્યતા પૂર્વે ભારતમાં સ્વાતંત્ર્યતાની ચળવળની સાથે સાથે સમાજ સુધારાણાની અને સમાજના પુર્નનિર્માણની ચળવળ ચાલતી હતી. સમાજસુધારકો દ્વારા સ્ત્રીઓના નીચા દરજ્જા માટે કારણભૂત એવા સમાજમાં પ્રવર્તત કુરિવાજો સામે ચળવળ શરૂ કરી હતી. સતીપ્રથા, બાળ લગ્નપ્રથા, કુલીન શાહી, દેવદાસી પ્રથા, ફરજિયાત વૈધવ્ય જેવી અમાનવીય પ્રથાઓ વિશે લખાણો શરૂ કર્યા. આમ, સમાજસુધારકો દ્વારા સામાજિક સુધારાણાનાં અભિગમથી લખાણો લખાયા, ચર્ચાપત્રો લખ્યા, આ લખાણો વૈજ્ઞાનિક ઢબે લખાયા ન હતા. માત્ર પરિસ્થિતિનું બયાન કરતા નિબંધો હતા. તદઉપરાંત કેટલાક સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ, ઈતિહાસકારોએ વૈદિક યુગમાં સ્ત્રીઓના સ્થાનનું ભવ્ય અને મૌલિક ચિત્ર રજૂ કરવા સમર્થતા કરી. આ અભ્યાસો મુખ્યત્વે ઉચ્ચ જ્ઞાતિના હિંદુ

સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓના અભ્યાસ સાથે સંકળાયેલા હતા. સ્વાતંત્ર્ય પૂર્વેના અભ્યાસોમાં મુખ્યત્વે નીચેના અભ્યાસોનો સમાવેશ કરી શકાય.

1. Altekar A.S. Position of Women in Hindu Civilization.
2. Buhlerg - The Laws of Manu
3. Chintamani C.Y. Indian Social Reform.
4. Chiplunka G.M. The scientific basis of women's education.
5. Ellis Hovelock - Man and Women.
6. M.K. Gandhi - Women and Social injustice
7. C.A. Hole - Hindu women and herfuture.
8. M.A. Mara - The status of Women in Ancient India.
9. Mehta Mansa - The women Under the Hindu Law of Marriage.

આ બધા અભ્યાસોમાં સ્ત્રીઓના દરજ્જા, શિક્ષણ, કાર્ય તથા સામાજિક પરિસ્થિતિનું વર્ણનાત્મક ચિત્રાણ રજૂ કરેલ છે. તેના કારણે સ્ત્રીઓની પરિસ્થિતિ ઉપર પ્રકાશ ફેંકાયો છે.

**(૨) સ્વાતંત્ર્ય બાદ થયેલા સ્ત્રી અભ્યાસો :**

ડૉ. નિરા દેસાઈ આઝાદી બાદ ભારતમાં થયેલા સ્ત્રી અભ્યાસોને બે વિભાગમાં વહેંચે છે.

૧. ૧૯૭૦ પહેલા સ્ત્રી અભ્યાસો.

૨. ૧૯૭૦ પછી થયેલા સ્ત્રી અભ્યાસો

૧૯૭૦ પહેલા થયેલા સ્ત્રી અભ્યાસોમાં કેટલીક વિશેષતાઓ જોવા મળી છે જેમકે

૧. આ સમયના સ્ત્રી અભ્યાસો કુટુંબ અને અન્ય સંસ્થાઓમાં સ્ત્રીની ભૂમિકા પરના હતા. કામ કરતી સ્ત્રીઓ પરના અભ્યાસો મુખ્યત્વે શિક્ષિત મધ્યમ વર્ગની કામ કરતી સ્ત્રીઓ પરના હતા.

૨. બીજું આ અભ્યાસો સમાજશાસ્ત્રમાં પીએચ.ડી. કક્ષાએ થયેલા હતા. જેમાં મુખ્યત્વે શિક્ષિત મધ્યમ વર્ગની નોકરી કરતી સ્ત્રીઓના અને સ્ત્રીઓની ભૂમિકા સંઘર્ષના વિશેષ જોવા મળે છે.

૩. આ ગાળાના કેટલાક અભ્યાસો શહેરી, શિક્ષિત, ઉચ્ચવર્ગની સ્ત્રીઓના કાનુની પાસાઓને સ્પર્શતા અભ્યાસોનો સમાવેશ થાય છે.

૪. નિમ્ન વર્ગની સ્ત્રીઓ કે ગ્રામીણ સ્ત્રીઓ પરના અભ્યાસો ભાગ્યે જ જોવા મળે છે.

આમ, આ અભ્યાસો મધ્યમ વર્ગ કે ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ પુરતા મર્યાદિત હતા. આ અભ્યાસમાં નારી પરિપ્રેક્ષ્યનો અભાવ હતો. આ સમયના અભ્યાસોમાં પ્રોમીલા કપુર, નાયર, અગ્નિહોત્રી, અખતર, દૂબે, નીરા દેસાઈ, પદ્મીની સેન ગુપ્તા વગેરેના અભ્યાસો ગણાવી શકાય. જેમના અભ્યાસ વિષયમાં કામ કરતી સ્ત્રીઓ, દાંમ્પત્ય જીવનમાં અનુકૂલન, ભૂમિકા સંઘર્ષ, સ્ત્રી-પુરુષની ભૂમિકા, દરજ્જામાં પરિવર્તન, સ્ત્રીઓની બદલાતી ભૂમિકા, સ્ત્રીઓ પ્રત્યેના વલણો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૧૯૭૦ પછીના થયેલા સ્ત્રી અભ્યાસો અગાઉના થયેલા સ્ત્રી અભ્યાસોથી તેમના વિષય, પરિપ્રેક્ષ્ય અને અભિગમોથી અલગ તરી આવે છે. ૧૯૭૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદમાં રજૂ થયેલા ભારતીય સ્ત્રીઓના દરજ્જા વિષયક અહેવાલ "Towards Equality" પછી સ્ત્રી વિષયક અભ્યાસોના દૃષ્ટિબિંદુ બદલાઈ ગયા. આ અહેવાલે ભારતમાં સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્ર રજૂ કર્યું. જે સ્ત્રીઓ વિશેની કલ્પના અને આદર્શ વિશેનો ભ્રમ હતો તેને તોડનારો હતો. આ અહેવાલ સરકાર, સ્ત્રી સંગઠનો, સમાજશાસ્ત્રીઓ અને સમાજ માટે ચોંકાવનારો હતો. તેના પરિણામ સ્વરૂપે સ્ત્રી અભ્યાસો

પ્રત્યે જાગૃતતા અને સભાનતા વધી અને સ્ત્રી અભ્યાસોને વેગ મળ્યો. શૈક્ષણિક સંસ્થાઓમાં સામાજિક વિજ્ઞાનોના અભ્યાસક્રમોમાં સ્ત્રી અભ્યાસોને સ્થાન આપવાની ચળવળ શરૂ થઇ. એટલું જ નહીં પરંતુ સ્ત્રી અભ્યાસોએ આંતર શાસ્ત્રીય કે બહુવિધ શાસ્ત્રીય રીતે વિકાસ પામ્યા. ૧૯૭૦ પછી મહત્વના જે સ્ત્રી અભ્યાસો થયા તે નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. Towards Equality : ભારત સરકાર, ૧૯૭૫ ભારત સરકારનો સ્ત્રીઓના દરજ્જા વિષયક સમિતિનો અહેવાલ.

૨. Role conflict in woking women by kala Rani,1976

૩. Women in India : Country Paper 1985 : ભારત સરકારના સમાજકલ્યાણ ખાતા તરફથી વસ્તીશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી પ્રસિદ્ધ થયેલ અહેવાલ.

૪. Indian Women - Change and Challenge - 1986 : નિરા દેસાઇ - વિભુતી પટેલ

૫. Feminine Roler 1986 K.N. Venkaliayappa.

૬. Women's Studies in India Some Perpective : મૈત્રીય કિષ્નારાજ, ૧૯૮૬.

૭. Women and Society - 1986 . અમીતકુમાર ગુપ્તા.

૮. Women in Indian Society, 1989 : રેહાના ઘડીયાળી.

૯. સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા - ૧૯૮૯, ડૉ. કલ્પના શાહ.

૧૦. Women Power : Status of Women in India, 1991 - Ashokkumar & Harish.

૧૧. Role of Women in India's Freedom Struggle 1994 - V Rajendra Raju.

૧૨. The Encylopaedia of Women's Studies-1995 Gujaraj Shah.

આમ, ૧૯૭૦ પછી જે સ્ત્રી અભ્યાસો થયા તે અનુભવજન્ય સંશોધનો, સૈદ્ધાંતિક પરિપેક્ષ્ય, જીવશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક, સામાજિક, સાંસ્કૃતિક દષ્ટિકોણથી અને વિશ્લેષણાત્મક સ્વરૂપના જોવા મળે છે. આ અભ્યાસના અભ્યાસ વિષય તરીકે શિક્ષિત સ્ત્રીઓની ગૃહિણી તથા વ્યવસાયિક ભૂમિકા વચ્ચેના ભૂમિકા સંઘર્ષ, વસ્તી વિષયક પરિસ્થિતિમાં આરોગ્ય, શિક્ષણ, રોજગારી, રાજકીય સહભાગીપણુ જેવા પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તદ્ઉપરાંત સ્ત્રીઓના દરજ્જાનું ઐતિહાસિક વિશ્લેષણ, લગ્ન, દહેજ, કુટુંબ જીવન, લગ્ન વિષયક સમસ્યાઓ, કૌટુંબિક સમસ્યાઓ, સ્ત્રીઓની ગુનાખોરી, બળાત્કાર અત્યાચાર, ગર્ભપાત જેવા સમકાલીન પ્રશ્નોનું આલેખન ઉપરોક્ત અભ્યાસોમાં કરવામાં આવ્યું છે.

આમ, વિવિધ સમયગાળામાં સ્ત્રીઓ વિષયક જે અભ્યાસો થયા છે તેને પાંચ તબક્કામાં વહેંચી શકાય.

૧. ૧૯૩૦-૪૦ ના શરૂઆતનો તબક્કો - આ તબક્કામાં સ્ત્રીઓની સ્વાતંત્ર્ય ચળવળમાં ફાળા અંગે, તેમના આર્થિક, સામાજિક અને રાજકીય ફાળા અંગેના અભ્યાસોનો ગણી શકાય.

૨. ૧૯૪૦ થી ૬૦ નો તબક્કો જેમાં સ્ત્રીઓની ભૂમિકા, શૈક્ષણિક સ્થિતિ, અને વસ્તી વિષયક લાક્ષણિકતાઓની ચર્ચા કરવામાં આવી છે.

૩. ૧૯૬૦ થી ૭૫ નો તબક્કો - આ તબક્કામાં સ્ત્રીઓના કર્તવ્ય અંગે, તકલીફો, ભૂમિકા અંગેની ચર્ચા કરવામાં આવી છે.

૪. ૧૯૭૫ પછી સ્ત્રીઓના બધા જ પ્રશ્નો વિશે આંતર વિદ્યાકીય શાખાની દષ્ટિએ ચર્ચાઓ અભ્યાસો કરવામાં આવ્યા છે.

૫. ૧૯૯૦ પછી સ્ત્રીઓના કાર્યો,આર્થિક સહભાગીતા, લૈંગિક અસમાનતા, પ્રચાર માધ્યમોમાં સ્ત્રીઓ જેવા મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને અભ્યાસો થયા છે

સૌ પ્રથમના તબક્કાઓના અભ્યાસોએ Macro Studies થતા, ખૂબ સામાન્ય માત્ર વિષયની મર્યાદામાં તથા સર્વે ટાઈપ અને સામાન્ય સંશોધન પદ્ધતિ વાપરીને થતા. ૧૯૭૫ પછી Macro Studies કે જે ખાસ ચોક્કસ બાબતો અંગે વિશ્લેષણાત્મક, ખૂબ ઉંડાણવાળા વ્યક્તિ તપાસ પદ્ધતિ તથા સહભાગી નિરીક્ષણ દ્વારા Action Research જોવા મળે છે.

## ૪.૫ સ્ત્રી અભ્યાસોનું પદ્ધતિશાસ્ત્ર :

માનવસમાજમાં વ્યક્તિ પોતાની બુદ્ધિમતાનો ઉપયોગ નવીન શોધો દ્વારા કરે છે. તે હંમેશા પોતાની જીજ્ઞાસાવૃત્તિને સંતોષવા નવીન પ્રયોગો કરે છે. સંશોધનો કરે છે. જો કે સંશોધન એટલે અસંબંધ વિગતો એકત્રીત કરવી તે નથી. સંશોધન આવશ્યક રીતે એક વ્યવસ્થિત પૂછપરછ, બાહ્યલક્ષી, પ્રતિપાદન યોગ્ય પદ્ધતિઓ મારફત વિગતો શોધે છે. જેથી તેમની વચ્ચેનો સંબંધો શોધી શકાય અને એ સંબંધોમાંથી વ્યાપક સિદ્ધાંત આપવા તથા નિયમો તારવી શકાય. આ માટે સંશોધન એ સત્યની શોધ માટેની એક પદ્ધતિ છે. સમીક્ષાત્મક વિચારણાની પદ્ધતિ છે.

સંશોધન ત્રણ પ્રકારના હોય છે જો કે કયારેક ત્રણે પ્રકારોને અલગ વિભાજીત કરવાનું મુશ્કેલ બની જતું હોય છે. કારણ કે તેમાં કયા પાસા પર ભાર મૂકાયો છે તે મહત્વનું હોય છે.

૧. હકીકતોની શોધ, જેમાં સામાજિક સર્વેક્ષણ કરવામાં આવતું હોય છે અને જે કંઈ સંશોધન સામગ્રી એકત્ર કરવામાં આવે તેનું અર્થઘટન કરવામાં આવે છે. દા.ત. સેન્સસનો રિપોર્ટ.

૨. આ પ્રકારના સંશોધનમાં ઉપલબ્ધ માહિતીનું અર્થઘટન કરવામાં આવતું હોય છે. અર્થાત, તેમાં દ્વિતીય માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. આવા સંશોધનોમાં નવી હકીકતો એકત્રિત કરવામાં આવતી નથી. પરંતુ ઉપલબ્ધ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન પર ભાર મૂકવામાં આવે છે.

૩. જ્યારે ત્રીજા પ્રકારના સંશોધન શુદ્ધ સૈદ્ધાંતિક પ્રકારના હોય છે. જેનો આધાર ફક્ત પ્રાથમિક અને દ્વિતીયક માહિતી પર આધારિત હોય છે. આ સંશોધનો બુનિયાદી સંશોધન છે. જેમાં સિદ્ધાંતની રચના કરવામાં આવે છે. જેમકે આઈન્સ્ટાઈનનો સાપેક્ષતાનો સિદ્ધાંત કે ન્યુટનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત આના ઉદાહરણો છે.

સંશોધનનો ઉદ્દેશ્ય વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત કરવાનો રહેલો છે. સંશોધન શુદ્ધ અને વ્યવહારુ બે પ્રકારના હોય છે. શુદ્ધ સંશોધન એ કુદરતી બાબતો, પ્રક્રિયાઓનો અભ્યાસ કરે છે. જ્યારે વ્યવહારુ સંશોધન એ સમાજની સામાજિક પરિસ્થિતિ, સમસ્યાઓનો વ્યવહારુ ઉકેલ શોધવાનો પ્રયાસ કરે છે.

સંશોધનમાં સામાજિક સંશોધનો એ સામાજિક ઘટનાઓ વ્યક્તિના વર્તન વ્યવહારોનો અભ્યાસ કરે છે. નારીવાદીઓ દ્વારા થતા અભ્યાસો એ સામાજિક સંશોધનો છે. કારણ કે આ પ્રકારના સંશોધનો સ્ત્રીઓની પરિસ્થિતિ, સ્થાન, સમસ્યાઓ, સ્ત્રી જીવનના વિવિધ પાસાઓ અંગેની માહિતી એકત્ર કરી તેનું અર્થઘટન કરી સામાન્યીકરણ તારવવાનો પ્રયત્ન કરે છે.

સંશોધન કરતી વખતે સંશોધકે સંશોધનના અનેકવિધ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે.

### ૧. વિષય પસંદગી

સામાજિક સંશોધનમાં સંશોધક માટે સૌથી મહત્વની બાબત વિષયપસંદગીની છે. સંશોધન વિષયની પસંદગી માટે સંશોધકની આંતરસૂઝ, વિશાળ વાંચન, તર્કસંગત વિચાર કરવાની પ્રક્રિયા તથા વ્યક્તિની સૂઝ હોય તો વિષય પસંદગી યોગ્ય થઈ શકે. સંશોધનના

પ્રશ્નની પસંદગીમાં વૈજ્ઞાનિક તથા વ્યવહારિક માસાઓનો ખ્યાલ રાખવો પડે છે. જેમકે સ્ત્રી અભ્યાસો જ્યારે કરવામાં આવે છે; ત્યારે સ્ત્રીના સ્થાન વિશે કે તેની સમસ્યા વિશે કે કામની પરિસ્થિતિ વિશે કે દરજ્જા અને ભૂમિકામાં આવેલ પરિવર્તન વિશે શેના વિશે અભ્યાસ કરવો છે તે નક્કી કરવું પડે છે. આમ, સંશોધન વિષય પસંદગી અને તેના પ્રશ્નની પસંદગી વખતે તેનું કદ, ગુણવત્તા, સંશોધકનો રસ, હેતુ વિગેરે બાબતોને ધ્યાનમાં રાખીને પસંદગી કરવી પડે છે.

**૨. માહિતી એકત્રીકરણની પ્રવિધિઓ :**

સામાજિક સંશોધનમાં સંશોધનના હેતુઓ, ધ્યેયોને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીત કરવામાં આવતી હોય છે. સંશોધનની માહિતી એકત્રીકરણ માટે અનેકવિધ પ્રવિધિઓ અને પદ્ધતિઓ પ્રવર્તમાન છે. ક્યારેક દ્વિતીયક કે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે ક્યારેક ક્ષેત્રીય માહિતી પર આધારિત સંશોધનો કરવામાં આવે છે. સ્ત્રી અભ્યાસો એ બંને પ્રકારની માહિતીને આધારે કરવામાં આવતા હોય છે. સ્ત્રી અભ્યાસો માટે કોઈ ચોક્કસ પદ્ધતિ કે પ્રવિધિઓ નથી. પરંતુ સામાજિક સંશોધનોમાં વપરાતી પદ્ધતિ કે પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

સ્ત્રી અભ્યાસોમાં નીચે મુજબની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧) ઐતિહાસિક, (૨) અનુભવજન્ય, (૩) વ્યક્તિ તપાસ પદ્ધતિ

**(૧) ઐતિહાસિક :**

'ઇતિહાસ' શબ્દનો અર્થ 'ઇતિદહ-આસ' એમ થાય છે. જ્યારે 'History'શબ્દનો અર્થ અંગ્રેજીમાં "જ્ઞાન અને સભ્યની શોધ" એમ થાય છે. ઈતિહાસ એટલે ભૂતકાળની વિગતોનું યા હકીકતોનું સુસંગઠિત જ્ઞાન, ઇતિહાસમાં માનવતાના ભૂતકાળના સમસ્ત ક્ષેત્રનો સમાવેશ થાય છે. જેમાં મનુષ્યનો વિચાર તેના સમકાલીન સમાજના અનુસંધાનમાં કરવામાં આવે છે. જ્યારે જીવનચરિત્રના રૂપમાં એક જ વ્યક્તિના જીવનનો ઉલ્લેખ હોય છે. તેને ઈતિહાસ કહી શકાય. ઈતિહાસ કળા એ વિજ્ઞાન બને છે. તે પ્રાકૃતિક વિજ્ઞાનોની પ્રયોગના ક્ષેત્રમાં જુદો પડે છે. કારણ કે ઈતિહાસનો આધાર એવા નિરીક્ષણો ઉપર હોય છે. જેમનું પુનરાવર્તન થઇ શકતું નથી. ઈતિહાસ અને અન્ય સામાજિક વિજ્ઞાનો એકબીજા સાથે સંબંધિત છે. ઐતિહાસિક પદ્ધતિમાં ત્રણ મુખ્ય પ્રક્રિયાઓનો વિચાર કરવામાં આવે છે.

૧. સામગ્રી એકત્રિકરણ કરતી વખતે દસ્તાવેજો અને અવરોધો, ગૌણ ઉદ્દગમ સ્થાનો, પુસ્તકોની યાદી અને સામગ્રીની વ્યવસ્થિત ગોઠવણી.

૨. એકત્ર કરેલી સામગ્રીની બાહ્ય આલાચના અને આંતરિક આલોચના કે સમીક્ષા.

૩. વિગતો વાંચી શકાય એવા રૂપમાં હોવી જોઇએ.

ઐતિહાસિક ઉદ્દગમ સ્થાનોના વર્ગીકરણમાં બે મુખ્ય ભાગ પાડવામાં આવે છે.

૧. ઘટનાઓનો અહેવાલ જેને બનાવોના દસ્તાવેજો કહેવામાં આવે છે અને જેની સમજપૂર્વક ભવિષ્યમાં સંક્રમિત કરવા માટે નોંધ કરવામાં આવે છે.

૨. ભૌતિક પદાર્થો કે લેખિત સામગ્રી જેનું ઐતિહાસિક મૂલ્ય હોય છે. જે અવશેષો તરીકે ઓળખાતા હોય છે અને જે વધુ જ્ઞાન આપનાર હોય છે.

આમ, ઐતિહાસિક સામગ્રી સંશોધકને ભૂતકાળના ઈતિહાસને સમજવામાં મદદરૂપ બનતી હોય છે. સામાજિક સંશોધનોમાં જન્મ, લગ્ન, મૃત્યુ, છૂટાછેડા, મિલ્કતને લગતી માહિતી એકત્રીત કરવામાં આવતી હોય છે.

સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓના સ્થાન વિશે જ્યારે અભ્યાસો કરવામાં આવતા હોય છે. ત્યારે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં લેખિત સ્વરૂપના ગૌણ

દસ્તાવેજો, વસ્તી ગણતરીના અહેવાલો, વર્તમાનપત્રો, સામયિકો, સરકારી ખાતાના આંકડાઓ, લોકસાહિત્ય, લોકગીતો, લોકકથાઓ, ઈતિહાસ પર આધારિત ગ્રંથો વગેરેના ઉપયોગ દ્વારા માહિતી એકત્રીત કરી સ્ત્રીઓનું જીવન કેવું છે તે તપાસવામાં આવે છે.

## ૪.૬ અનુભવજન્ય સંશોધન

સામાજિક સંશોધનોમાં ગૌણ માહિતી પ્રાપ્ત કરવા ઐતિહાસિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જ્યારે વ્યક્તિના અંગત જીવન વિશે કે વ્યક્તિના વર્તન વ્યવહારો વિશેની માહિતી એકત્રીત કરવાની હોય ત્યારે તેને અનુભજાજન્ય સંશોધન કહેવામાં આવે છે. જજી પ્રાથમિક માહિતી ઉપર આધારિત હોય છે.

પ્રાથમિક માહિતીમાં સંશોધક જાતે જ માહિતી એકત્રીત કરતો હોય છે. જેમાં સંશોધક સંશોધનક્ષેત્ર પસંદ કરી કોની પાસેથી માહિતી એકત્ર કરવી તે નક્કી કરે છે. પ્રાથમિક માહિતીને કારણે સંશોધક માનવસંબંધોને સમજી શકે છે. વાસ્તવિક માહિતી પ્રાપ્ત કરી શકે છે. તથા ચકાસણી કરી શકે છે અને તેના માટે અનેક પ્રવિધિઓનો ઉપયોગ કરવો પડે છે. સ્ત્રી અભ્યાસોમાં સંશોધક પ્રાથમિક માહિતી એકત્ર કરવા તેનો નિદર્શન પસંદ કરી લોકો સાથે ચર્ચા કરે છે. સભાઓ, મીટીંગો, ગોઠવે, કયારેક પસંદ કરેલ નિદર્શ સાથે વ્યક્તિગત મુલાકાત કરી માહિતી એકત્રીત કરવામં આવે છે. જેના દ્વારા સમાજની વાસ્તવિક પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરવામં આવે છે. આ પ્રકારની માહિતી એકત્ર કરવા માટે સંશોધક સહભાગી નિરીક્ષણ અને મુલાકાત પ્રયુક્તિ તથા વ્યક્તિ તપાસ, પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રયુક્તિઓમાં સંશોધક વ્યક્તિનાં વર્તનના એક ભાગરૂપ બની સમજવાનો પ્રયત્ન કરે છે. નિરીક્ષણમાં સંશોધકે કઈ બાબતોનું નિરીક્ષણ કરવાનું તે નકકી કરવું પડે છે. કોનું નિરીક્ષણ કરવાનું છે કેટલા સમય માટે કરવાનું છે આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીત કરવામાં આવે છે. સ્ત્રી અભ્યાસોમાં આ પ્રયુક્તિ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

## ૪.૭ વ્યક્તિ તપાસ પદ્ધતિ :

આ પદ્ધતિનો ઉપયોગ વર્તમાન સમયમાં સામાજિક સંશોધનમાં ઉંડાણપૂર્વકની માહિતી એકત્ર કરવા માટે કરવામાં આવે છે. વ્યક્તિ તપાસ પદ્ધતિનો ઉપયોગ ડૉકટરો, વકીલ, સામાજિક સંસ્થાના કાર્યકરો, વગેરે દ્વારા કરવામાં આવે, જેમકે ડૉકટર દર્દીની કેસ હિસ્ટ્રી તૈયાર કરે તેના વિશેની તેના કટુંબની, તેની ટેવોની, માહિતી એકત્રીત કરે, રોગના લક્ષણોની જાણકારી મેળવી રોગને દૂર કરવા માટેના ઉપાયો સૂચવે છે. આમ કોઈપણ વ્યક્તિ જીવનના દરેકે દરેક પાસાઓ, જીવનની તમામ બાબતોને સમજવા, સમાજની સંસ્કૃતિના મૂલ્યો, વલણોને સમજવા, વ્યક્તિના આંતર સંબંધો, આંતર ક્રિયાઓને સમજવામાં આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિ દ્વારા કોઈપણ એકમની વિસ્તૃત, ઉંડાણપૂર્વકની તપાસ કરવામાં આવે છે. આ પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે સંશોધક સંશોધનને લગતી માહિતીની સાથે સામાન્ય માહિતીને પણ લક્ષમાં લેવી જોઈએ. આ પદ્ધતિમાં વ્યક્તિ સાથેની મુલાકાત, નિરીક્ષણ ઉપરાંત વિશેષ માહિતી એકત્ર કરવા દ્વિતીયક સ્રોતો જેવાકે ડાયરી, જીવન વૃતાંત, પત્રો, દસ્તાવેજોનો પણ ઉપયોગ કરવો પડે છે. વ્યક્તિ તપાસ પદ્ધતિ સંશોધકને એક વ્યક્તિ, એકમ કે ઘટના અંગે સંપૂર્ણ માહિતી આપે છે. સામાજિક કાર્યકર કે સંશોધક ઉપયોગીતાવાદી દષ્ટિકોણ રાખી કોઈપણ બાબતને સમજવા પ્રયાસ કરે છે. પ્રશ્નને સમજી તે અંગેની સારવાર નક્કી કરે છે. સંશોધક આ પદ્ધતિથી એકત્ર કરેલી માહિતીની સરખામણી કરે છે. વર્ગીકરણ કરે છે. વિશ્લેષણ કરે છે અને ક્યારેક આમાંથી ઉપકલ્પના ઘડે છે. અને સામાન્યીકરણ કરે છે.

સ્ત્રી અભ્યાસોમાં સ્ત્રીઓના જીવન વિશેની માહિતી કૌટુંબિક સંબંધો અંગેની માહિતી, સ્ત્રી અત્યાચાર જેવી સમસ્યાઓની માહિતી વ્યક્તિ-તપાસ પદ્ધતિ દ્વારા મેળવી શકાય છે

## ૪.૮ કેન્દ્રીય સમૂહ ચર્ચા (Focus Group Discussion)

જ્યારે સંશોધન ક્ષેત્રીય માહિતી પર આધારિત હોય લોકોના જીવન વિશેની માહિતી એકત્ર કરવાની હોય ત્યારે સંશોધક ગુણાત્મક મુલાકાત અને નિરીક્ષણના પ્રયોગ દ્વારા માહિતી એકત્રીત કરે છે. કેન્દ્રીય સમૂહ પદ્ધતિને "સમુહ મુલાકાત" તરીકે ઓળખાવી શકાય જે ગુણાત્મક પદ્ધતિનો એક ભાગ છે. જે રચિત, અર્ધરચિત કે બિન રચિત મુલાકાત હોઈ શકે છે. જેમાં સંશોધક ઘણી વ્યક્તિઓને એક સાથે પદ્ધતિસર રીતે પ્રશ્નો પુછી શકે છે. કેન્દ્રીય સમૂહ પદ્ધતિનો ઉપયોગ કયારેક માર્કેટીંગ સંશોધનમાં કરવામાં આવે છે. અમેરિકામાં કોમ્પ્યુટરના ઉપયોગ વિશે તથા તે અંગેના લોકોના મંતવ્યો જાણવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એચ.આઈ.વી./એઈડ્સ અંગેના સંશોધનોમાં પણ આ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે.

કેન્દ્રીય સમુહચર્ચામાં સામાન્ય રીતે ૧૨ થી ૧૫ વ્યક્તિઓને એક સ્થળે એક મુદ્દા પર ચર્ચા કરવા માટે ભેગા કરવામાં આવે છે. વિષયની પસંદગી અભ્યાસના મુદ્દા સાથે સંબંધિત હોય છે. વિષય પસંદગીને આધારે સમૂહના સહભાગી વ્યક્તિઓ કોણ હશે તે નક્કી કરવામાં આવે છે. જેમકે સ્ત્રીઓના જીવન વિશે, સ્થાન વિશેની માહિતી મેળવવી હોય ત્યારે મધ્યમ વર્ગની સ્ત્રીઓ, ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ, નિમ્ન વર્ગની સ્ત્રીઓ એવા અલગ અલગ સમૂહો રચી ચર્ચા કરવામાં આવે છે તદ્ઉપરાંત ગ્રામીણ સ્ત્રીઓ શહેરી સમુદાયની સ્ત્રીઓ, કામ કરતી સ્ત્રીઓ આવા સમુહો રચવામાં આવે છે. સમુહચર્ચામાં જે ઉત્તરદાતાઓને પસંદ કરવામાં આવે તે સામાન્ય રીતે બિનયદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવતા હોય છે. અર્થાત ઉત્તરદાતા સહભાગીએ કોઈ ચોક્કસ સમુદાયને આધારે સામાન્યીકરણ કરવામાં આવતું નથી. પરંતુ અનેક સમુહો સાથે ચર્ચા કર્યા બાદ તારણો તારવવામાં આવે છે. વિલીયમ ગોપસન (૧૯૯૨) એ અમેરિકાના નાગરિકો રાજકીય મુદ્દાઓ અંગે કેવા મંતવ્યો ધરાવે છે તે જાણવા માટે આ પ્રયુક્તિનો ઉપયોગ કરેલ હતો અને વસ્તુવિશ્લેષણ કરેલું હતું.

રિચાર્ડ કુઝ (૧૯૮૮ : ૪૪-૪૫) કેન્દ્રીય સમુહચર્ચાના પાંચ લાભ દર્શાવે છે.

૧. આ પ્રયુક્તિ એ સામાજિક સંશોધનમાં લોકોનું વાસ્તવિક જીવન તથા સામાજિક વાતાવરણ અંગેની માહિતી એકત્રીત કરવામાં ઉપયોગી બને છે.

૨. આ પ્રયુક્તિમાં લચીલાપણું હોય છે. કારણ કે તેમાં સમુહના ઉત્તરદાતાઓની પસંદગીમાં ચોક્કસ માપદંડ નથી. તેને સમુહની સંખ્યામાં પણ ચોક્કસ આંકડા હોતા નથી.

૩. આમાં વ્યક્તિ સામે જ હોવાથી તેની વિશ્વસનીયતા વધી જાય છે.

૪. આ પ્રયુક્તિમાં ખર્ચ ઘણો જ ઓછો થાય છે.

આ ઉપરાંત સંશોધક દ્વારા વ્યક્તિગત મુલાકાતમાં જે માહિતી નથી મળતી તે સમૂહ ચર્ચા દ્વારા મેળવી શકાય છે. જેમકે કયારેક કોઈ વ્યક્તિ પોતાના વિશેની માહિતી આપવા તૈયાર ન હોય ત્યારે તેના વિશેની માહિતી તેની સાથેની વ્યક્તિ પૂરી પાડે છે અને કયારેક મજાક, મશ્કરી દ્વારા પણ માહિતી પ્રાપ્ત થાય છે. વ્યક્તિ પહેલા સંકોચ અનુભવતી હોય પરંતુ પાછળથી તે જ વ્યક્તિ ઘણી માહિતી પૂરી પાડતી હોય છે.

આ પ્રયુક્તિના લાભ ઉપરાંત કેટલાક ગેરલાભ પણ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

૧. કેન્દ્રીય સમુહ પદ્ધતિમાં સંશોધકનું નિયંત્રણ વ્યક્તિ મુલાકાત કરતાં ઓછું નિયંત્રણ હોય છે.

૨. એકત્રીત કરેલ માહિતીનું પૃથક્કરણ કરવું મુશ્કેલ હોય છે.

૩. મોડરેટર કેન્દ્રીય સમુહનું સંચાલન કરવા માટે વ્યક્તિઓને માર્ગદર્શન આપવા માટેની ખાસ કૌશલ્ય ધરાવતો હોવો જોઈએ.

૪. સમૂહ વચ્ચેની ભિન્નતા કયારેક મુશ્કેલીઓ ઊભી કરે છે કારણ કે

કયારેક કોઈ બે વ્યક્તિઓ કે બે જૂથો વચ્ચે અણબનાવ હોય અને તેઓ એક જ સમુહમાં આવે ત્યારે મુશ્કેલી સર્જાવાની શક્યતા રહે છે.

૫. કયારેક સમુહની રચના કરવામાં મુશ્કેલી ઉદ્ભવે છે.

૬. ચર્ચા એ Conducive વાતાવરણમાં થવી જોઈએ.

આમ, સમુહ ચર્ચાના જેમ લાભ છે તેમ તેની સાથે કેટલાક પડકારો પણ જોવા મળે છે. અન્ય મુલાકાત કરતા આ પ્રકારની ચર્ચાઓમાં મોડેરેટ પાસે ખાસ કૌશલ્યની આવશ્યકતા રહે છે. અને સમુહનું નિયંત્રણ રાખવું એ એક મોટો પડકાર હોય છે.

આ પ્રકારની પ્રયુક્તિમાં વધુ લોકો પ્રભાવીત હોય છે અને તેનો નિર્ણય અને મંતવ્ય લોકોને દોરતા હોય છે. મુલાકાત લેનારે આ બાબતનું ખાસ ધ્યાન રાખવાનું હોય છે અને દરેક વ્યક્તિ આ પ્રક્રિયામાં સહભાગી થાય તે જોવાનું હોય છે. આમાં મુલાકાત લેનાર વ્યક્તિના મંતવ્યો પણ કયારેક મહત્વની ભૂમિકા ભજવતા હોય છે.

આમ, કેન્દ્રીય સમુહ ચર્ચા એ ગુણાત્મક ક્ષેત્રીય સંશોધનની અન્ય પ્રયુક્તિ કે પદ્ધતિથી અલગ છે. ડેવિડ મોર્ગન (૧૯૯૩) પણ કેન્દ્રીય સમુહ ચર્ચાને પ્રશ્નાવલી કે સર્વેક્ષણની અન્ય પદ્ધતિ કરતા વિશિષ્ટ અને શ્રેષ્ઠ માને છે.

**તમારી પ્રગતિ ચકાશો.**

○ પશ્ચિમના દેશોમાં સ્ત્રી અભ્યાસોની શરૂઆત પાછળ કયા પરિબળો જવાબદાર હતા.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ ભારતમાં સ્ત્રી અભ્યાસોનો ઉદ્ભવ સમજાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ ડૉ. નીરા દેસાઈ ભારતમાં સ્ત્રી અભ્યાસોને કેટલા વિભાગમાં વર્ગીકૃત કરે છે.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ સ્વાતંત્ર્ય પૂર્વેના મુખ્ય પાંચ અભ્યાસો દર્શાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ ડૉ. નીરા દેસાઈ દ્વારા દર્શાવેલ સ્વાતંત્ર્યતા બાદ થયેલા અભ્યાસોની વિશેષતા સમજાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

○ ૧૯૭૦ પછી ભારતમાં થયેલા મુખ્ય પાંચ અભ્યાસો સમજાવી કયા અભિગમથી થયેલા છે તે ટૂંકમાં વર્ણવો.

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

○ ભારતના સ્ત્રી અભ્યાસોના વિવિધ તબક્કાઓ જણાવો.

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

○ સ્ત્રી અભ્યાસોની વ્યક્તિ તપાસ પદ્ધતિ વિશે જણાવો.

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

○ કેન્દ્રીય સમુહ ચર્ચા પ્રયુક્તિ સ્ત્રી અભ્યાસોમાં કેવી રીતે ઉપયોગી થાય છે તે ઉદાહરણ સહિત સમજાવો.

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

○ ઐતિહાસિક પદ્ધતિમાં કયા સ્ત્રોતોનો ઉપયોગ થાય છે ?

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

## ૪.૯ સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે સ્ત્રી અભ્યાસના ઉદ્‌ભવની ચર્ચા કરી ગયા છે. જેના દ્વારા આપ પશ્ચિમના દેશોમાં સ્ત્રી અભ્યાસો ક્યારે શરૂ થયા. ભારતમાં સ્ત્રી અભ્યાસ પાછળ જવાબદાર પરિબળો કયા કયા છે ? તેમજ સ્ત્રી અભ્યાસો પાછળ જવાબદાર પરિબળો કયા કયા છે ? તેમજ સ્ત્રી અભ્યાસોના વિવિધ તબક્કાઓ તેમજ ભિન્ન ભિન્ન અભ્યાસો વિશેની જાણકારી પ્રાપ્ત કરી શકયા હશો.

આ ઉપરાંત આ વિભાગમાં સ્ત્રી અભ્યાસો કરતી વખતે કઈ પદ્ધતિ અને પ્રયુક્તિઓનો ઉપયોગ થઈ શકે તે તમે સમજી શકયા હશો. અને સ્ત્રી અભ્યાસો કરવામાં આ પદ્ધતિ અને પ્રયુક્તિઓ તમને ઉપયોગી થશે.

# એકમ ૫ સ્ત્રી અધિકારિતા

રૂપરેખા


૫.૧ વિષયપ્રવેશ

૫.૨ ઉદ્દેશો

૫.૩ સ્ત્રીઓની અધિકારિતા એટલે શું?

૫.૩.૧ વ્યાખ્યા

૫.૩.૨ સ્ત્રીઓની અધિકારિતાનાં પરિમાણો

૫.૩.૩ સ્ત્રી-અધિકારિતાનો સંકેત આપતી બાબતો

૫.૪ અધિકારિતા આપવાની પ્રક્રિયા

૫.૪.૧ વ્યાખ્યા

૫.૪.૨ અધિકારિતા કોણ આપે?

૫.૫ અધિકારિતાની અભિવ્યક્તિ

૫.૬ સારાંશ

૫.૭ 'તમારી પ્રગતિ ચકાસો'


## ૫.૧ વિષયપ્રવેશ

આ પહેલાંના એકમમાં આપણે સ્ત્રીઓની ચિરંતન સમસ્યાઓ કઈ છે તે સમજવાનો પ્રયત્ન કર્યો.એ વાત સ્પષ્ટ છે કે સમાજના વલણમાં પરિવર્તન ન આવે અને સ્ત્રીઓ તેમના જીવન તેમ જ નાણાંકીય અને ભૌતિક સાધનોના સંદર્ભમાં આત્મનિર્ભર ન બને ત્યાં સુધી તેમની સ્થિતિમાં કોઈ પરિવર્તન આવી શકે તેમ નથી.બીજા શબ્દોમાં કહીએ તો સ્ત્રીઓને અધિકારિતા આપવી જરૂરી છે.આ એકમમાં આપણે'અધિકારિતા'ની વિભાવના સમજવાનો પ્રયત્ન કરીશું.

## ૫.૨ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ પૂરો કર્યા બાદ તમે-

- 'અધિકારિતા'ની વિભાવના સમજી શકશો.
- અધિકારિતાની પ્રક્રિયાનાં ગતિશીલ પાસાંઓની જાણકારી મેળવી શકશો.
- અધિકારિતા સુનિશ્ચિત કરવામાં જુદી જુદી સંસ્થાઓ,વ્યક્તિઓ અને સંગઠનોની ભૂમિકા સમજી શકશો.
- વાસ્તવિક અનુભવોના અભ્યાસના આધારે તેની તલસ્પર્શી સમજ પ્રાપ્ત કરી શકશો.

## ૫.૩ સ્ત્રીઓની અધિકારિતા એટલે શું?

### ૫.૩.૧ વ્યાખ્યા

'અધિકારિતા'શબ્દ આજે અવારનવાર સાંભળવા મળે છે.માધ્યમો,વિકાસકાર્યકરો અને વર્ગખંડમાં તેનો શબ્દપ્રયોગ વારંવાર થાય છે.આ શબ્દ સ્પષ્ટપણે 'અધિકાર' અથવા સત્તા સાથે સંકળાયેલો છે.સરળ શબ્દોમાં કહીએ,તો 'અધિકારિતા' શબ્દ 'અધિકાર આપવો'પરથી તારવવામાં આવ્યો છે,જેનો અર્થ છે - અધિકાર આપવો અથવા પ્રાપ્ત કરવો અથવા અધિકારમાં વધારો કરવો.આમ અધિકારિતા શબ્દનો એક સૂચિતાર્થ અધિકારનાં સમીકરણ અથવા સ્તર બદલવાં એવો પણ છે.તેથી તેને સામાજિક પરિવર્તનની પ્રક્રિયા અને પરિણામ બન્ને સ્વરૂપે જોઈ શકાય.

'અધિકાર'નો અર્થ છે અંકુશ અથવા નિયંત્રણ.માનવ-સમાજનાં સંદર્ભમાં તેનો અર્થ છે સંસાધનો પરનું નિયંત્રણ.આ સંસાધનો પ્રાકૃતિક કે નાણાકીય સંસાધનો જેવા ભૌતિક સંસાધનો અથવા શ્રમ,કૌશલ અને માણસોનાં સ્વરૂપમાં માનવ-સંસાધનો હોઈ શકે અથવા માહિતી,વિચારો અને જ્ઞાનનો સમાવેશ કરતાં,બૌદ્ધિક સંસાધનો હોઈ શકે સત્તા અથવા અધિકાર,વ્યક્તિઓ અથવા વ્યક્તિસમૂહો વચ્ચેની સાપેક્ષ ગતિશીલતાનું નામ છે અને તેનું વિતરણ મોટેભાગે અસમાન રીતે થયેલું હોય છે.આ અસમાનતા

નિયંત્રણ,અંકુશ અથવા પ્રભુત્વમાં પરિણમે છે.ઘણીવાર આ પ્રભુત્વમાં શોષણનું તત્ત્વ નિહિત થયેલું હોય છે.

અધિકારનું બીજું એક પરિમાણ વ્યક્તિગત સ્તરે જોવા મળે છે અને તે વધુ સકારાત્મક છે.આપણે તેને વ્યક્તિત્વ,વિશિષ્ટ કાર્યકુશળતા અને પ્રતિભા વગેરે જુદાં જુદાં નામે ઓળખીએ છીએ.આમ છતાં,આપણે ચર્ચા કરી રહ્યા છીએ એ સંદર્ભમાં આપણી નિસ્બત સામાજિક સ્તરે રહેલા અધિકાર સાથે છે. સમાજમાં અધિકાર અથવા સત્તા જે પ્રકારે આપવામાં આવે છે અથવ સામાજીક અધિકારનું જે માળખું છે તેને પરંપરા,મૂલ્યો,ઈતિહાસ અને પ્રવર્તમાન વિચારસરણી તથા વર્તનને કારણે વધુ બળ મળે છે.કોઈપણ નિશ્ચિત પ્રકારનું સત્તા-માળખું સ્થાયી અથવા બિનપરિવર્તનશીલ હોતું નથી.વાસ્તવમાં સમાજ સતત પરિવર્તન પામતો રહે છે અને આ પરિવર્તન માટે સ્ત્રીઓ સહિત ઓછી સત્તા કે અધિકાર ધરાવતી વ્યક્તિઓની લડત મહત્ત્વનો ભાગ ભજવે છે.સત્તા અથવા અધિકારનું સંતુલન બદલવાનો કોઈપણ પ્રયત્ન પ્રવર્તમાન સત્તા-માળખામાં પરિવર્તન માટે જવાબદાર બને છે.

જાણીતા સ્ત્રી-કર્મશીલ શ્રીલતા બાટલીવાલા,સ્ત્રી-અધિકારિતાની વ્યાખ્યા કરતાં કહે છે,''સ્ત્રી અધિકારિતા એટલે સ્ત્રીઓ દ્વારા ભૌતિક અને બૌદ્ધિક સંસાધનો પર વધુ નિયંત્રણ પ્રાપ્ત કરવાની અને સમાજની તમામ સંસ્થાઓ અને સામાજિક માળખાઓમાં પ્રસ્થાપિત થયેલી પિતૃસત્તાલક્ષી વિચારસરણી અને સ્ત્રીઓ વિરુદ્ધ સમાજનિર્મિત(સ્ત્રી-પુરુષ)જાતિની વિભાવનાના આધારે રાખવામાં આવતા ભેદભાવોને પડકારવાની પ્રક્રિયા.''સ્ત્રી અધિકારિતા એ પ્રક્રિયાનું નામ છે જે દ્વારા સ્ત્રીઓ વધુ સમાન અધિકારો તેમજ ઘર અને સમુદાય તથા આર્થિક અને રાજકીય જીવનમાં મહત્ત્વના નિર્ણયો કરવાનો વધુ અવકાશ માગે છે.

## ૫.૩.૨ સ્ત્રી અધિકારિતાનાં પરિણામો

અધિકારિતાના પ્રશ્નને વિકાસના વ્યાપક સંદર્ભમાં સમજવાનં જરૂર છે.આપણે એ પૂછવું જરૂરી છે કે અધિકારિતા શા માટે? અને અધિકારિતા જયારે વિકાસનો પર્યાય ન બનતી હોય ત્યારે અધિકારિતાની પ્રક્રિયા સમાજનું માળખું જે રીતે ઘડાય છે તે પદ્ધતિમાં વ્યાપક અને પદ્ધતિસરનું પરિવર્તન લાવવાનો સૂચિતાર્થ ધરાવે છે અને આ અર્થમાં અધિકારિતા જેનું આખરી લક્ષ્ય અધિકારવિહોણાઓને અધિકાર પૂરો પાડવાનું છે એવા કોઈપણ નક્કર વિકાસલક્ષી પ્રયત્નોનો આવશ્યક ભાગ બની જાય છે.

એકંદરે સ્ત્રી-અધિકારિતાનું લક્ષ્ય સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના અધિકારોનું સંતુલન બદલવાનું છે,જેથી સમાજમાં અધિકારોનું વિતરણ વધુ સમાન રીતે થઈ શકે. આમ છતાં,જયારે આપણે સ્ત્રી-અધિકારિતાની આ સમગ્ર પ્રક્રિયાને વધુ ઝીણવટથી તપાસીએ ત્યારે તે પ્રક્રિયાનાં આર્થિક,સામાજિક,રાજકીય અને કાનૂની પરિમાણોનો ખ્યાલ આવે છે.આ પ્રત્યેક પરિમાણ એકબીજા સાથે સંકળાયેલું છે અને એકબીજા પર અસર કરે છે.

'આર્થિક અધિકારિતા'એટલે સ્ત્રી દ્વારા ઉપાર્જિત અને સંચાલિત સ્થાયી આજીવિકા દ્વારા વધુ સારી ગુણવત્તા ધરાવતા ભૌતિક જીવનની પ્રાપ્તિ.'સામાજિક અધિકારિતા'એટલે સમાજમાં સ્ત્રીઓનો વધુ સમાન દરજ્જો.

'કાનૂની અધિકારિતા',સ્ત્રી-અધિકારિતાનું સમર્થન કરતા અસરકારક કાનૂની માળખાની એક જોગવાઈ સમાન છે અને 'રાજકીય અધિકારિતા' એટલે રાજકીય નિર્ણયો લેવામાં સ્ત્રીઓની સહભાગિતા અને નિયંત્રણનું સમર્થન કરતી રાજકીય પદ્ધતિ.

વિકાસ માટે તદ્દન નીચલા સ્તરે કાર્યશીલ વ્યક્તિઓ લાંબા સમયથી ચર્ચા કરતી આવી છે કે કયા પ્રકારની અધિકારિતા પહેલાં સુનિશ્ચિત કરવી-આર્થિક, સામાજિક કે રાજકીય.તદ્દન નીચલા સ્તરે સ્ત્રીઓ અનુ કહેતી સાંભળવા મળે છે કે પહેલાં તેમને રોટલો પૂરો પાડવો અનિવાર્ય છે; આખા કુટુંબનું પેટ ભરાયેલું હોય પછી જ તેઓ અધિકારિતા વિશે ચર્ચા કરી શકે.વિકાસ માટે કાર્યશીલ અન્ય કેટલીક વ્યક્તિઓ માને છે કે આર્થિક અધિકારિતા માટે,પહેલાં લડત અને ચળવળ આધારિત પ્રયત્નો દ્વારા સામાજિક અને રાજકીય અધિકારિતા પ્રાપ્ત કરવી અનિવાર્ય છે.સ્ત્રીઓની અધિકારિતા માટે સ્ત્રીઓ સાથે રહીને કામ કરતા ક્ષેત્ર આધારિત સ્વૈચ્છિક સંગઠનોને જુદાજુદા પ્રકારના અનુભવો થાય છે.પરંતુ મુખ્ય પ્રશ્નનો હજુ કોઈ ચોક્કસ ઉત્તર મળતો નથી.

ઘણા લોકોની બીજી ચિંતા એ છે કે અધિકારિતાનું લક્ષ્ય પુરુષો તો નથી ને? આ મુદ્દા અંગે થોડી સંદિગ્ધતા

હોઈ શકે.પરંતુ સ્ત્રીઓની અધિકારિતાથી પુરુષોનાં હિતો જોખમાશે અને પુરુષો તેમના અધિકારો ખોઈ બેસશે એ ડર બિનુનિયાદ છે.સ્ત્રીઓની અધિકારિતા પિતૃસત્તા અને તેના દ્વારા પ્રસ્થાપિત થતાં નિયંત્રણો સામે છે,પુરુષો સામે નહિ.સ્ત્રીઓને વધુ અધિકારો આપવા પાછળનો ઉદ્દેશ પુરુષો અને સ્ત્રીઓ બંનેનો સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.સ્ત્રીઓને ભૂતકાળનાં બંધનો અને તેમની જાતિ સાથે સાંકળી લેવામાં આવેલી બીબાંઢાળ ભૂમિકાઓમાંથી મુક્ત કરવામાં આવશે તો જ પુરુષો પણ તેમની રૂઢિગત ભૂમિકાઓ અને વર્તણૂકથી મુક્ત થઈ શકશે.મૂળ ઉદ્દેશ પુરુષો અને સ્ત્રીઓ બંનેને સમાન વિકાસ માટેની તક પૂરી પાડવાનો છે.પુરુષોની મુક્તિ અથવા આઝાદી અહીં એ અર્થમાં અભિપ્રેત છે કે તેઓ સ્ત્રીઓ પરના તેમના પરંપરાગત અધિકારો જતા કરશે અને સમાન ધોરણે સ્ત્રી-પુરુષ સંબંધ સ્થાપિત કરશે,જેમાં એકબીજાના અધિકારો અને જવાબદારીઓ માટે પરસ્પર આદરની લાગણી જોવા મળશે.

- **સ્ત્રીઓની અધિકારિતા પાછળનો ઉદ્દેશ પુરુષો અને સ્ત્રીઓ બન્નેનો સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.**
- **સ્ત્રી-અધિકારિતા પુરુષ-વિરોધી નહિ,પરંતુ પિતૃસત્તા-વિરોધી છે.**

સ્ત્રી-અધિકારિતાના સમર્થનમાં કાયદા ઘડવા માટે લગ્ન,સંપત્તિ,જાતીય સતામણી,બળાત્કાર અને હિંસાના અન્ય સ્વરૂપોને લગતા કાયદાઓમાં ફેરફાર કરવો જરૂરી છે,પરંતુ માત્ર આટલું કરવું જ પર્યાપ્ત નથી.પ્રગતિશીલ કાયદા સ્ત્રી અધિકારિતા માટે સાનુકૂળ પર્યાવરણ અવશ્ય ઊભું કરે છે.પરંતુ કાયદાકીય જોગવાઈ તો માત્ર પ્રથમ પગલું જ છે.કાયદાઓની જોગવાઈઓનો સ્ત્રીઓ સાચા અર્થમાં લાભ ઉઠાવી શકે એવી સ્થિતિ નિર્માણ કરવી એ અધિકારિતાની પ્રક્રિયાનું મુખ્ય કાર્ય છે.

આ ઉપરાંત,અધિકાર ન હોવાની સ્થિતિ સમાજના જુદા જુદા વર્ગોમાં સ્ત્રીઓને જુદી જુદી રીતે અસર કરે છે.ગરીબાઈમાં જીવતી સ્ત્રીઓ માટે તે બેવડી રીતે બોજારૂપ બને છે.તેમને એકતરફ ગરીબીની સમસ્યાઓ સામે ઝૂઝવું પડે છે અને બીજી તરફ પુરુષોની તુલનામાં વધુ સમાન અધિકારો માટે લડવું પડે છે.

આમ,સ્ત્રી-અધિકારિતા સમાજમાં પરિવર્તન લાવવાનો ઉદ્દેશ ધરાવતી એક સર્વગ્રાહી પ્રક્રિયા છે.અધિકારિતાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે જીવનમાં આર્થિક,સામાજિક અને રાજકીય પરિમાણોમાં પરિવર્તન જરૂરી છે.

## ૫.૩.૩ સ્ત્રી અધિકારિતાનો સંકેત આપતી બાબતો

સ્ત્રીઓની સ્થિતિ અને દરજ્જામાં આવતાં સ્પષ્ટપણે જોઈ શકાય તેવાં પરિવર્તનો સ્ત્રી અધિકારિતાનો સંકેત આપે છે.અધિકારિતાની પ્રક્રિયાનો સંકેત આપતી બાબતો પિછાણવી તે એક જટિલ કામ છે.કોણ કયા સમયે કયા વિષયનું મૂલ્યાંકન કરે છે તેના પર ઘણો આધાર રહે છે.આમ છતાં,એમ કહેવું ઉચિત છે કે પોતાને અધિકારો પ્રાપ્ત થાય એ માટે સંઘર્ષ કરી રહેલી સ્ત્રીઓ જ આવા સંકેતસૂચકો નક્કી કરવા માટે સૌથી વધુ યોગ્ય વ્યક્તિઓ સાબિત થઈ શકે,કારણકે તેમણે નક્કી કરેલા સંકેતસૂચકો સ્ત્રીઓના વાસ્તવિક જીવનના અનુભવો પર આધારિત હશે.સ્ત્રી-અધિકારિતાના કેટલાક ઉદાહરણ રૂપ સંકેતસૂચકો છે-સ્ત્રી પોતાની જાતને નકારાત્મકમાંથી સકારાત્મક દૃષ્ટિએ જોતી થાય છે,તેનું આત્મગૌરવ અને આત્મવિશ્વાસ વધે છે.સ્ત્રીઓની જાણકારી અને જ્ઞાન,શિક્ષણ, કૌશલ અને અધિકારો અંગેની જાગૃતિના સ્તરમાં સ્પષ્ટપણે વધારો થયેલો જોવા મળે છે,સ્વતંત્રપણે નિર્ણયો લેવાની તેની ક્ષમતામાં વિધેયક પરિવર્તન આવે છે અને તેના માનવ અધિકારોના હનન સામે અવાજ ઉઠાવવાની અને તેનો બચાવ કરવાની તેની ક્ષમતા વધે છે.

તમારી પ્રગતિ ચકાસો-૧

૧) 'અધિકારિતા' શબ્દનો અર્થ શું છે?

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨) 'આર્થિક અધિકારિતા' એટલે શું?

૩) સામાજિક અધિકારિતા એટલે શું?

૪) કાનૂની અને રાજકીય અધિકારિતા એટલે શું?

૫) અધિકારિતા પ્રાપ્ત થઈ હોવાના સંકેત આપતી બાબતો કઈ કઈ છે?

## ૫.૪ અધિકારિતા આપવાની પ્રક્રિયા

### ૫.૪.૧ વ્યાખ્યા

સ્ત્રીઓ માટે સમાન અને સક્રિય અધિકારોનો હિસ્સો મેળવવાનો ઉદ્દેશ ધરાવતી અધિકારિતા પ્રક્રિયાને મૂલ્યો અને વિચારોના ભારનો પણ સામનો કરવો પડશે જેનું સ્ત્રીઓમાં બાળપણથી જ તેમના સમાજીકરણના ભાગરૂપે સિંચન કરવામાં આવે છે. આ સામાજિક અનુકૂલન સ્ત્રીઓના અસ્તિત્વનો એક ભાગ અને તે તેમની માનસિકતા બનતી જાય છે અને તેમનું વર્તન તેનાથી પ્રભાવિત થાય છે. સ્ત્રીઓ એક સમુદાય અથવા સમાજના ભાગરૂપે જીવે છે અને તેથી સમાજ અથવા સમુદાય તેમના પર પિતૃસત્તા અને વર્તણૂકનાં અપેક્ષિત ધોરણો લાદે છે. તેથી સ્ત્રી-અધિકારિતાની પ્રક્રિયાની શરૂઆતરૂપે સ્ત્રીઓની પોતાની વિચારસરણી અને વર્તનમાં પરિવર્તન આવવું જોઈએ અર્થાત્ સૌપ્રથમ સ્ત્રીઓની પોતાની ચેતનામાં પરિવર્તન આવે એ અનિવાર્ય છે.

સ્ત્રીઓએ તેમની જાત વિશેના અભિપ્રાયો બદલવા પડશે. તેમાં આત્મગૌરવ, આત્મવિશ્વાસ તથા તેમની પોતાની શક્તિઓ અને ક્ષમતાઓ અંગેની તેમની સમજ વધે તે અનિવાર્ય છે. તેમનાં વર્તન અને વિચાર, તેમને વધુ સ્વતંત્ર બનાવે એ રીતે કોળી ઊઠવાં જોઈએ. તેમણે પોતાની વધુ સારી કદર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને કુટુંબ તથા સમુદાયને ટકાવી રાખવામાં તેમની વિશિષ્ટ જાણકારી, કૌશલ અને યોગદાનનું મહત્ત્વ સમજી તેનું મૂલ્ય આંકતા શીખવું જોઈએ. તે પણે તેમના મૂળભૂત અધિકારો, જે તેમના માનવ અધિકારો પણ છે, તેને દૃઢતાપૂર્વક અભિવ્યક્ત કરવાનું મહત્ત્વ પણ સમજવું જોઈએ.

ત્યારબાદ સ્ત્રીઓએ અનેક સ્તરોએ, બહુવિધ દિશાઓમાં લડત ચલાવવી અનિવાર્ય છે. આ લડત તેમના

અંગત અને વ્યક્તિગત સ્તરેથી જ શરૂ થાય એ જરૂરી છે.એવું કહેવાય છે કે જે અંગત અને વ્યક્તિગત હોય તેને જ રાજકીય અને સાર્વજનિક બનાવી શકાય.બે જાતિઓ (સ્ત્રી અને પુરુષ) વચ્ચે અધિકારોની રાજનીતિને સ્વીકારવી અને સમજવી અનિવાર્ય છે.અધિકારિતાની પ્રક્રિયા આગળ વધે તેમ પુરુષ સ્ત્રીઓ પરનું પરંપરાગત પ્રભુત્વ અને નિયંત્રણ ગુમાવતો જાય છે.આ પ્રક્રિયા કુટુંબમાં જ બનવી જોઈએ, તેનાથી ઘણીવાર ઘરમાં બળવાની સ્થિતિ પણ સર્જાતી હોય છે.અધિકારિતા માટે ઝઝૂમી રહેલી સ્ત્રીઓએ,અચાનક જ પોતાના પરંપરાગત અધિકારો અને નિયંત્રણો હાથમાંથી સરકતાં જોઈ ધૂંધવાઈ ઊઠતા પુરુષોની નારાજગીનો સામનો કરવાની પણ તૈયારી રાખવી જોઈએ.અધિકારિતા માટેનો રસ્તો હંમેશા લાંબો,એકલવાયો અને ડરામણો હોય છે.તે માટે સ્ત્રીઓએ કેટલીક માનસિક-સામાજિક કિંમત પણ ચૂકવવી પડે છે.જેમ કે, સુરક્ષિત જીવનનો ભોગ આપવો,બહુવિધ ભૂમિકાઓ ભજવવામાં કોઈની સહાય ન મળવી,જુદા જુદા પ્રશ્નો અંગે મનમાં ગૂંચવાડો ઊભો થવો,વગેરે.પરંતુ આ સંઘર્ષ વ્યક્તિગત સ્તરે જ શરૂ થાય છે અને આ સંઘર્ષના પરિપાકરૂપે જ અધિકારિતા પ્રાપ્ત થાય છે.વાસ્તવમાં આ 'સંઘર્ષ' જ 'અધિકારિતાની પ્રક્રિયા' છે.

તાજેતરના દાયકાઓમાં સ્ત્રીઓ વ્યકિતગત સ્તરે સંઘર્ષ કરી જ રહી છે અને આ સંઘર્ષમાં તેઓ એકલી નથી.પોતાના અધિકારો મેળવવા માટેના આ પ્રયત્નોને વધુ વ્યાપક અને વેધક બનાવવા સમુદાયો,દેશો અને સમગ્ર વિશ્વમાં સ્ત્રીઓ એકબીજા સાથે સંપર્ક શૃંખલા સ્થાપી રહી છે.સ્ત્રીઓના સંગઠિત થવાના આ પ્રયત્નો,સેંકડોની સંખ્યામાં ઊભા થઈ રહેલાં મહિલા સંગઠનોમાં આકાર લેતા જોવા મળે છે,પછી તે સંગઠનો બિનસરકારી સંગઠન હોય કે સહકારી મંડળીઓ હોય અથવા બેંક કે ટ્રેડ યુનિયનો હોય,સ્ત્રી સંગઠનોનાં મહામંડળો હોય અથવા સ્ત્રીઓની લોકઆધારિત સામાજિક ચળવળો હોય.આમ,વ્યક્તિગત લડત સંયુક્ત પ્રયત્નોથી નિરંતર આગળ વધતી જાય છે અને સંયુક્ત લડત વ્યક્તિગત પ્રયત્નોથી આગળ વધતી જાય છે.

## ૫.૪.૨ અધિકારિતા કોણ આપે?

''અધિકારિતા કોણ આપે?'' એ પ્રશ્ન ઘણીવાર પૂછવામાં આવે છે.અગાઉ થયેલી ચર્ચા પરથી જોઈ શકાશે કે કોઈ એક વ્યક્તિ,સંસ્થા કે સંગઠન સ્ત્રીઓને અધિકારિતા આપતાં નથી.સબળ રાજકીય સમર્થન,સ્વૈચ્છિક સંસ્થાઓ,મહિલા જૂથો,કેળવણીકારો અને સંશોધકો,સંનિષ્ઠ સરકારી અમલદારો તથા અન્ય સહાયક જૂથોના સહિયારા પ્રયત્નો દ્વારા ઊભા થયેલા સાનુકૂળ પર્યાવરણ દ્વારા જ સ્ત્રી અધિકારિતાના ધ્યેયને આગળ ધપાવી શકાય અને છતાંય આખરે તો સ્ત્રીઓએ પોતે જ કુટુંબ અને ઘરની બહાર સ્વયં પ્રયત્નોથી અધિકારિતા હાંસલ કરવાની છે અન્ય પરિબળો અધિકારિતાની પ્રક્રિયાને સુગમ બનાવવામાં માત્ર સહાયક જ બની શકે.સ્ત્રીઓ અને તેમની સાથે જોડાયેલી વાસ્તવિકતામાં પરિવર્તન લાવવા માટે આ બાહ્ય સહાયકો અથવા પરિબળો સ્ત્રીઓને માત્ર પ્રેરકબળ પૂરું પાડી શકે.ક્ષેત્ર આધારિત વિકાસ કર્મચારીઓનું મુખ્ય કામ હવે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં છેક નીચલા સ્તરે સ્ત્રીઓને સંગઠિત બનાવી તેમની અધિકારિતા સુનિશ્ચિત કરવાનું છે.આ માટે જરૂરી સ્વાશ્રયી જૂથો રચવા સ્ત્રીઓને ગતિશીલ બનાવવી એ એક અત્યંત પ્રચલિત પદ્ધતિ છે.સ્વાશ્રયી જૂથો એકસરખા સામાજિક-આર્થિક પરિવેશમાંથી આવતી અલ્પાધિકાર પ્રાપ્ત સ્ત્રીઓને એકબીજાની નજીક લાવે છે.આ ગરીબ સ્ત્રીઓ તેમની સહિયારી સમસ્યાઓ વિશે ચર્ચા કરવા નિયમિત બેઠકો યોજે છે અને તેમની સંયુક્ત અધિકારિતા માટે સાથે મળીને કામ કરે છે.અનુભવી સ્વાશ્રયી જૂથો સ્થાનિક મહિલા નેતૃત્વ તૈયાર કરવામાં પણ સહાય પૂરી પાડે છે અને આવી મહિલા નેતાઓ સમગ્ર ગામના સમુદાયના વિકાસ માટે કામ કરે છે.

આ પ્રક્રિયામાં આવતાં અંતરાયોનો સામનો કોઈ એક સ્ત્રીએ કરવો પડતો ન હોવાથી સ્ત્રી અધિકારિતા માટેના આ સંયુક્ત અભિગમમાં કેટલાક સ્પષ્ટ ફાયદાઓ રહેલા છે.વળી,આવાં સ્વાશ્રયી જૂથો સ્ત્રીઓને તેમના ભૌતિક(બચત)અને માનવસંસાધનો એકત્રિત કરવાનો અવકાશ આપે છે અને વ્યક્તિગત જોખમની સંભાવનાઓ ઘટાડી લોકશાહી ઢબે કામ કરવાની તકો પણ પૂરી પાડે છે.પોતાના દરજ્જા અને સમાજનિર્મિત(સ્ત્રી-પુરુષ) જાતિના કારણે થતા અત્યાચારમાંથી મુક્ત થવા સંઘર્ષ કરી રહેલી સ્ત્રીઓ માટે જુદાં જુદાં સંસાધનો ઉપલબ્ધ બનાવવા માટે સ્વાશ્રયી જૂથોના માધ્યમ દ્વારા અવાજ ઉઠાવી શકાય છે.

આમ છતાં,એ અવશ્ય યાદ રાખવું જોઈએ કે અધિકારિતાની પ્રક્રિયા,સ્ત્રીઓ જેમાં રહે છે એ વ્યાપક સામાજિક અને રાજકીય પર્યાવરણમાં આકાર લે છે.આ વ્યાપક સંદર્ભ અધિકારિતાની પ્રક્રિયા માટે

સહાયક પણ બને છે અને આ બાધારુપ પણ બને છે. આ વ્યાપક પર્યાવરણના ભાગરૂપે વગદાર નેતાઓ, સંસ્થાઓ તેમજ નીતિઓ અને કાયદાઓ દ્વારા તેને સતત સમર્થન મળતું રહે તે અનિવાર્ય છે અને સામે પક્ષે, અધિકારિતા માટેની ચળવળ દ્વારા પણ આ પર્યાવરણનું નિર્માણ કરતાં મુખ્ય તત્ત્વોમાં પરિવર્તન લાવવા માટે સતત પ્રચાર-પ્રસાર થતો રહેવો જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧) અધિકારિતાની પ્રક્રિયા ક્યાંથી શરૂ થાય છે?

---------------------------------------------------

---------------------------------------------------

---------------------------------------------------

૨) સ્ત્રીઓની અધિકારિતા સુનિશ્ચિત કરવામાં બાહ્ય સહાયકો શું ભૂમિકા ભજવે છે?

---------------------------------------------------

---------------------------------------------------

---------------------------------------------------

---------------------------------------------------

૩) સ્ત્રીઓને શા માટે સંગઠિત બનાવવી જોઈએ?

---------------------------------------------------

---------------------------------------------------

---------------------------------------------------

---------------------------------------------------

## ૫.૫ અધિકારિતાની અભિવ્યક્તિ

આ અનુભાગમાં આપણે કેટલીક વાસ્તવિક પરિસ્થિતિઓનાં ઉદાહરણો જોઈશું, જેણે સ્ત્રીઓને અધિકારિતા પૂરી પાડી છે અને એવાં કેટલાંક સંગઠનો વિશે ચર્ચા કરીશું, જે સ્ત્રી-અધિકારિતા માટે સતત કાર્યરત છે. પ્રથમ ઉદાહરણ છે અમદાવાદ ખાતેની મહિલા સંસ્થા 'સેવા' અર્થાત્ 'સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન્સ ઓર્ગેનાઈઝેશન' (સ્વરોજગાર કરતી સ્ત્રીઓની સંસ્થા). આ સંસ્થા સ્વરોજગાર કરતી ગરીબ સ્ત્રીઓ જેવી કે, શાકભાજી તથા અન્ય ચીજ-વસ્તુઓ વેચનાર, દૂધ વેચતી સ્ત્રીઓ, વસ્ત્ર કારીગરો, નકામી વસ્તુઓ વીણનાર, અગરબત્તી બનાવનાર, વગેરેની બનેલી છે. સંસ્થા આવા સ્ત્રીકામદારોને દલાલો અથવા નિયોક્તાઓ દ્વારા થતાં શોષણ સામે રક્ષણ પૂરું પાડે છે. સંસ્થાએ સ્ત્રીઓને તેમનું પોતાનું ટ્રેડ યુનિયન બનાવી વધુ સારું વેતન તથા શ્રમ-અધિકારો માટે લડત ચલાવવામાં પણ સહાય કરી છે. 'સેવા' તેની સભાસદ સ્ત્રીઓ માટે એક બેંક પણ ચલાવે છે, જેથી આ સ્ત્રીઓને શાહુકારો પાસેથી વ્યાજના ઊંચા દરે કરજ લેવું ન પડે. સ્વરોજગાર કરતી સ્ત્રીઓને આ સંસ્થાએ સરકારની જુદા જુદા પ્રકારની કલ્યાણ યોજનાઓનો લાભ અપાવવામાં પણ સહાય કરી છે અને ઘણી સ્ત્રીઓને ખાસ જીવન અને આરોગ્ય વીમાના લાભો પણ આપ્યા છે. 'સેવા' તેના પ્રકારની સૌથી જૂની અને શ્રેષ્ઠ સંસ્થા છે.

અન્નપૂર્ણા મહિલા મંડળ-મુંબઈ ખાતે આવેલી અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ઓછી આવક ધરાવતી સ્ત્રીઓની એક મોટી ધિરાણ સહકારી મંડળી છે. આ સહકારી મંડળીના તમામ સભ્યોને તેમનાં વસવાટનાં સ્થળો મુજબ સંગઠિત કરવામાં આવ્યા છે અને દરેક સ્થળની પોતાની એક નેતા હોય છે. મંડળ તેના સભાસદોને ઘરેથી જ તૈયાર ભોજન પૂરું પાડવાનો વ્યવસાય કરવા નાની લોન પૂરી પાડે છે. આ સંગઠન તેના સભાસદોને સંગઠિત રાખવા અને સંસ્થાના ખર્ચ માટે જરૂરી આવક ઊભી કરવા એક મોટું ઉદ્યોગ સાહસ ચલાવે છે અને તેની માલિકી પણ ધરાવે છે. મંડળ આર્થિક, કાનૂની અને માનવ અધિકારોની રક્ષા પણ કરે છે. આ ઉપરાંત, કેટલાંક એવા મોટાં સ્ત્રી-સંગઠનો છે જે લઘુ ધિરાણ અભિયાનના ભાગરૂપે ચાલે છે. સ્ત્રીઓને

સસ્તું અને તાત્કાલિક ધિરાણ પૂરું પાડતાં આ સંગઠનો પૈકી 'ફ્રેન્ડઝ એન્ડ વિમેન્સ વર્લ્ડ બેંકિંગ' (અમદાવાદ ખાતે) 'કમ્યુનિટી ડેવલપમેન્ટ ફંડ' (હૈદરાબાદ) તથા 'વર્કિંગ વિમેન્સ ફોરમ'(ચેન્નઈ) જાણીતાં સંગઠનો છે. લઘુ ધિરાણ પૂરું પાડતાં સંગઠનો સ્ત્રીઓને તેમની ઘરગથ્થુ જરૂરિયાતો માટે, જૂનાં દેવાં ચૂકવવા માટે અથવા ગુજરાન ચલાવવા માટે નાણાં પૂરાં પાડે છે.

પૂર્વ ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં કામ કરતી બીજી એક સંસ્થા છે. 'ડેવલપમેન્ટ ઈનીશીએટીવ્ઝ ફોર સોશ્યલ એન્ડ હ્યુમન એક્શન' (દિશા). 'દિશા' એ હજારો આદિજાતિ સ્ત્રીઓના અધિકારોનું રક્ષણ કરવામાં સહાય કરી છે. આ સ્ત્રીઓમાં મહદંશે ગૌણ વનપેદાશો એકઠી કરનાર અથવા રોજમદાર સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આ સ્ત્રીઓનાં યુનિયનો તથા સહકારી મંડળીઓની પણ રચના કરવામાં આવી છે. 'દિશા'એ આદિજાતિ સ્ત્રીઓને વન ચોકિયાતો, સ્થાનિક શાહુકારો અને જમીનદારો સામે લડત ચલાવવામાં અને દર વર્ષે તેમને વધુ ન્યૂનતમ વેતન અપાવવામાં સહાય કરી છે. હવે આ સ્ત્રીઓને લાંચ આપવાની કે વનવિભાગના અત્યાચારો સહન કરવાની લાચારી ભોગવવી પડતી નથી. આ સ્ત્રીઓ સરકાર પાસેથી તેમની વનભૂમિનું ખત-પત્ર મેળવવામાં પણ સફળ થઈ છે, જેથી તેમને તેમના વનપ્રદેશ છોડીને અન્ય સ્થળે જવાની ફરજ પાડવામાં ન આવે.

## ૫.૬ સારાંશ

સ્ત્રીઓમાં તેમની સ્થિતિ, દરજ્જા, સામાજિક વાસ્તવિકતાના અધિકારો અંગેની જાગૃતિ વધે ત્યારે સ્ત્રી-અધિકારિતાની પ્રક્રિયા શરૂ થાય છે. જાગૃતિ વધવાની સાથે અથવા તેના પરિણામરૂપે શિક્ષણ, જાણકારી, ઉપયોગી કૌશલો અને કાર્યોમાં પણ વધારો થવો જોઈએ. કોઈ નિશ્ચિત કાર્ય માટે સ્ત્રીઓ સંગઠિત બને ત્યારે તેઓ વધુ જાણકારી પ્રાપ્ત કરે છે અને નવાં કાર્યો કરવાની પ્રેરણા મળે છે અને આ પ્રક્રિયાનું પુનરાવર્તન થાય છે. આથી નિરંતર પ્રક્રિયાને પરિણામે વધુ ઊંચા સ્તરની અધિકારીતા પ્રાપ્ત થાય છે. આ રીતે પરિવર્તનની પ્રક્રિયામાં ઉત્તરોત્તર થતી વૃદ્ધિને કારણે અધિકાર સાથે જોડાયેલી માન્યતાઓ અને અધિકાર શબ્દની વ્યાખ્યા સુધ્ધાં બદલાઈ શકે છે.

ઉપર જણાવેલી પ્રક્રિયા ચેતના અને કાર્ય વચ્ચેનો સંબંધ દર્શાવે છે. કાર્યથી ઊંચા સ્તરની ચેતના અથવા સભાનતા પ્રાપ્ત થાય છે અને આ સભાનતા વધુ અસરકારક કાર્યો કરવાની પ્રેરણા પૂરી પાડે છે. સ્ત્રી-અધિકારિતા માટે સ્ત્રીઓને સ્વાશ્રયી જૂથોમાં સંગઠિત કરી સંયુક્ત રીતે કાર્યશીલ બનાવી શકાય છે. આ જૂથોમાં લોકશાહી પદ્ધતિથી નિર્ણયો લેવામાં આવતા હોવાથી સ્ત્રીઓમાં નેતૃત્વની ક્ષમતા વિકસે છે, જોખમો અને બાહ્ય પડકારોનો ઓછો સામનો કરવો પડે છે અને સ્ત્રીઓ પિતૃસત્તાની દમનકારી ચુંગલમાંથી મુક્ત થઈ પોતાની ક્ષમતા અને યોગ્યતાની સાચી પિછાણ કરી શકે છે.

## ૫.૭ 'તમારી પ્રગતિ ચકાસો' કસોટીના ઉત્તરો

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧) 'અધિકારિતા' શબ્દ અધિકાર પરથી તારવવામાં આવ્યો છે, જેનો અર્થ છે અધિકાર આપવો અથવા પ્રાપ્ત કરવો તેમજ અધિકારમાં વધારો કરવો. અધિકારિતાની પ્રક્રિયા દ્વારા સ્ત્રીઓ ભૌતિક અને બૌદ્ધિક સંસાધનો પર નિયંત્રણ મેળવે છે અને પિતૃસત્તા તેમજ સમાજનિર્મિત સ્ત્રી-પુરુષ) જાતિના આધારે કરવામાં આવતા ભેદભાવોને પડકારે છે.

૨) આર્થિક અધિકારિતા એટલે સ્ત્રી દ્વારા ઉપાર્જિત અને સંચાલિત સ્થાયી આજીવિકા દ્વારા વધુ સારી ગુણવત્તા ધરાવતા ભૌતિક જીવનની પ્રાપ્તિ.

૩) સામાજિક અધિકારિતા એટલે સમાજમાં સ્ત્રીઓનો વધુ સમાન દરજ્જો.

૪) કાનૂની અધિકારિતા, સ્ત્રી અધિકારિતાનું સમર્થન કરતા અસરકારક કાનૂની માળખાની એક જોગવાઈ સમાન છે અને રાજકીય અધિકારિતા એટલે રાજકીય નિર્ણયો લેવામાં સ્ત્રીઓની સહભાગિતા અને નિયંત્રણનું સમર્થન કરતી રાજકીય પદ્ધતિ.

૫) નીચેની બાબતો સ્ત્રી-અધિકારિતાનો સંકેત આપે છે. સ્ત્રી પોતાની જાતને નકારાત્મકમાંથી સકારાત્મક દૃષ્ટિએ જોતી થાય છે; તેનાં આત્મગૌરવ અને આત્મવિશ્વાસમાં વધારો થાય છે; સ્ત્રીઓની જાણકારી

તેમ જ જ્ઞાન, શિક્ષણ, કૌશલ અને અધિકારો અંગેની જાગૃતિના સ્તરમાં સ્પષ્ટપણે વધારો થયેલો જોવા મળે છે,સ્વતંત્રપણે નિર્ણયો લેવાની તેની ક્ષમતામાં વિધેયક પરિવર્તન આવે છે અને તેના માનવ અધિકારોના હનન સામે અવાજ ઉઠાવવાની અને તેનો બચાવ કરવાની તેમની ક્ષમતા વધે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧) સ્ત્રી-અધિકારિતા માટેની પ્રક્રિયાની શરૂઆત વ્યક્તિગત સ્તરે સ્ત્રીઓમાં જ થવી જોઈએ.

૨) સબળ રાજકીય સમર્થન,સ્વૈચ્છિક સંસ્થાઓ,મહિલા જૂથો,કેળવણીકારો અને સંશોધકો, સંનિષ્ઠ સરકારી અમલદારો તથા અન્ય સહાયક જૂથોના સહિયારા પ્રયત્નો દ્વારા ઊભા થયેલા સાનુકૂળ પર્યાવરણથી સ્ત્રી-અધિકારિતાની પ્રક્રિયાને સુગમ બનાવી શકાય.

૩) એકલી સ્ત્રીઓએ સંભવિત અવરોધોનો સામનો એકલા હાથે કરવો પડે છે.સમાન હિતો ધરાવતી અથવા સમાન સામાજિક-આર્થિક પરિવેશમાંથી આવતી સ્ત્રીઓ જ્યારે સંગઠિત થાય ત્યારે તેમને સંયુક્ત-બળ પ્રાપ્ત થાય છે.

# NOTES

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

MSO-4
જાતિ અને સમાજ
2

વિભાગ

# ૨

# નારીવાદી સિદ્ધાંતો અને નારીવાદી ચળવળ


| | |
|---|---|
| એકમ - ૧ | સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તરીકે નારીવાદી સિદ્ધાંતો |
| એકમ - ૨ | ભારત અને ગુજરાતમાં નારીવાદી ચળવળ તથા કેટલાક અભ્યાસો |
| એકમ - ૩ | નારીવાદી અભિગમ |

નોંધ

## લેખક


ડૉ.આમ્રપાલી મર્ચંટ

કુલપતિશ્રી
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૩.


## પરામર્શક (વિષય)


ડૉ.વિદ્યુત જોષી

ભૂતપૂર્વ કુલપતિશ્રી
ભાવનગર યુનિવર્સિટી.


## પરામર્શક (ભાષા)


ડૉ.પ્રદિપ જોષી

આચાર્યશ્રી
આર્ટસ અને કોમર્સ કોલેજ,
વસો.


## સંપાદન અને સંયોજન


ડૉ.આમ્રપાલી મર્ચંટ

કુલપતિશ્રી
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૩.


## સંયોજન સહાય


શ્રી એસ.એચ.બારોટ

મદદનીશ કુલસચિવ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૩.



**પ્રકાશક**

શ્રી એસ.એચ.બારોટ, મદદનીશ કુલસચિવ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નં ૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૩.



સર્વ હક સ્વાધીન, આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પૂનઃ મુદ્રીત કરવાની મનાઈ છે.

નોંધ

એકમ-૧

# ૧. સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તરીકે નારીવાદી સિદ્ધાંતો

## હેતુ :

આ પુસ્તિકા નારીવાદ અંગે વિવિધ બાબતો અંગે ચર્ચા કરશે અને નારીવાદી સિધ્ધાંતો, અભિગમ અને સમાજ ઉપર થતી તેની અસરો ની ચર્ચા કરશે.

## ૧. પરિચય :

લોકશાહી એ માનવજાતનું શાણપણ દર્શાવે છે, કારણ સમાનતા, શોષણવિહીન સમાજ, ઉદારમતવાદ અને જીવો અને જીવવા દો એ નિતિ માનવ અસ્તિત્વ અને વિકાસ માટે અનિવાર્ય છે. રુઢીવાદી સમાજમાં અસમાનતાઓ અને તે દ્વારા શોષણ સતત સમાજમાં જોવા મળ્યું છે. લોકશાહી સમાજે જાહેરમાં સમાનતાનો એક ખ્યાલ પ્રસરાવ્યો સાથે સાથે આ વલણ સમાજના તમામ સ્તર, વર્ગ અને જૂથોમાં પ્રસરવાની શરુઆત થઈ. ફ્રાંસની રાજક્રાંતિએ સમગ્ર વિશ્વમાં લોકશાહીનો ખ્યાલ પ્રસરાવ્યો. પુનઃજાગૃતિના કાળમાં લોકશાહીની સ્થાપનામાં ફ્રાંસ અગ્રેસર રહ્યું. સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વના ખ્યાલો મહત્ત્વ પામવા લાગ્યા. દરેક બાબતો માટે દ્દષ્ટિકોણ બદલાયા. દરેક બાબત માટે ઉપરોક્ત બાબત માપદંડ તરીકે ગણાવા લાગ્યા. સમગ્ર વિશ્વમાં એની વત્તી ઓછી અસરો જોવા મળી. જાહેર જીવનમાં સમાનતા માટેના ચોકકસ પગલા લેવાની રાજયની ફરજ ગણાઈ અને લોકશાહી શાસને તેને અમલમાં મુકયુ. આ બધી બાબતો છેલ્લી સદીઓમાં પૃથ્વિના તમામ રાષ્ટ્રોમાં જોવા મળી. ફ્રાંન્સની રાજયક્રાંતિ પછી લગભગ ૨૦૦ વર્ષે સમાનતાની વાત, સમાનતકની વાત, ઉદાર મતવાદની વાત જાહેર જીવનમાંથી કૌટુંબિક જીવન તરફ નિર્દેશ કરવા લાગી. ૧૯૭૫ માં યુનો કે જે સંયુકત રાષ્ટ્રસંઘ છે, તેણે મહિલા વર્ષ ઉજવી અને વિશ્વની તમામ મહિલાઓ માટે એક નવીજ પરિસ્થિતી સર્જી. વિશ્વની મહિલાઓના અભ્યાસો થયા અને એમાથી સાંપ્રત જગતમાં મહિલાઓની પરિસ્થિતી વિશે, સ્ત્રી પુરુષ સમાનતા વિશે, સ્ત્રીના દરજજા અંગે, સ્ત્રીના કામ અંગે, સ્ત્રીના વળતર અંગે, સ્ત્રીના આર્થિક, સામાજીક, રાજકિય દરજજા અંગે, સ્ત્રી ઉપર થતા અત્યાચાર અંગે વિવિધ સ્તરે, વિવિધ દ્રષ્ટિકોણોથી ચર્ચાઓ શરુ થઈ. પરિણામે આંતરરાષ્ટ્રિય મહિલા વર્ષમાથી આંતરરાષ્ટ્રિય દાયકો જાહેર કરવાની અનિવાર્યતા ઉભી થઈ અને યુનોએ તે પ્રમાણે કર્યુ મહિલાઓ માટે સમાનતા તરફની આ હરણફાળ હતી

ભારતમાં પણ બ્રિટીશ સલ્તનત પછી લોકશાહીની સ્થાપના થઈ. ભારતીય બંધારણે સંપૂર્ણ સમાનતાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો. આની અસર સૌ પ્રથમ જાહેર જીવન ઉપર થઈ. સામાજિક વ્યવહારમાં પ્રવર્તમાન અસમાનતાઓ નાબૂદ કરવાની ચળવળ મહાત્મા ગાંધીએ શરૂ કરી હતી જેને બંધારણે કાયદાનો આધાર આપ્યો. ભારતીય જીવનમાં જ્ઞાતિગત અસમાનતાઓને નેસ્તનાબૂદ કરવાની કાયદાએ વ્યવસ્થા કરી. સામાજિક વ્યવહારમાં આમૂલ પરિવર્તન શક્ય બન્યું. ફરજિયાતપણે કાયદાએ સમાનતા પ્રસ્થાપિત કરી. જાહેર જીવનમાં બંધારણીય કાયદાને લીધે સંપૂર્ણ સમાનતા પ્રસ્થાપિત થઈ. આ સમાનતાના સિદ્ધાંતે સામાજિક વ્યવહારો, આંતરક્રિયાઓ અને આંતરસંબંધોમાં

પરિવર્તન આણ્યા. ઈ.સ. ૧૪૦૦માં ફ્રાંસમાં સૌ પ્રથમ જાતીયતા અંગે ચર્ચા શરૂ થઈ. જાતીગત સમાનતા અંગે ચર્ચા શરૂ થઈ. સ્ત્રીને સ્ત્રી હોવાને કારણે સહન કરવું પડે, અન્યાય થાય, ગેરલાભ થાય અને પુરુષને પુરુષ હોવાને કારણે સર્વોપરિતા પ્રાપ્ત થાય તે અંગે ચર્ચાઓ શરૂ થઈ, વિશ્લેષણ શરૂ થયા અને સમાનતાની માંગ બળવત્તર બની. ઈ.સ. ૧૪૦૦માં જેની શરૂઆત થઈ, કાયદાએ સમાનતા સ્વીકારી છતાં આજે પણ સ્ત્રીઓનો સામાજિક દરજ્જો પુરુષની સરખામણીએ ખૂબ નીચો છે એ સાબિત કરે છે. સદીઓથી સમાજમાં લગભગ અડધા પ્રમાણમાં સ્ત્રીઓ અસ્તિત્વ ધરાવતી હોવા છતાં તે મુખ્ય પ્રવાહમાં કદી ભાગીદાર થઈ નથી. વિશ્વનું અને દેશોનું જાહેર જીવન પુરુષોથી ભરપુર છે. તેમાં અપવાદરૂપે સ્ત્રીઓ જોવા મળે છે. દુનિયાનું ૨/૩ કાર્ય સ્ત્રીઓ કરે છે અને ૧/૧૦ વળતર પ્રાપ્ત કરે છે અને ૧/૧૦૦ મિલ્કત તેની પાસે છે. સ્ત્રી આયોજક નહીં પણ માત્ર કામ કરનાર છે. તે કદી નિર્ણયમાં ભાગીદારી ધરાવતી નથી. તે માત્ર કાર્યકર્તા છે. કામદાર તરીકે ફરજ નિભાવે છે. વિશ્વની નારી કામ કરીને જાત ઘસી નાખે છે. પણ બાપનું ઘર એના ભાઈનું છે અને પતિનું ઘર એનું નથી. એને ઘરની રાણી કહેવાય છે. પણ માત્ર કહેવા ખાતર. એ માત્ર કામ કરવા માટે,એને વ્યવસ્થિત રાખવા માટે, કાર્યરત છે. એને માટે ત્યાં ફરજ છે અને સંપૂર્ણ હક વિનાની ફરજ છે. એ ત્યાં દમન, શોષણ અનુભવે છે. સંસારના કાર્યનો મોટો ભાગ એ ઉપાડતી હોવા છતાં તે માત્ર કાર્યકર છે, વેઠ કરનાર છે. એને માત્ર કાર્ય કરવાનું હોય છે. એને પોતાના મત પ્રમાણે કાર્ય કરવાનું હોતું નથી. માત્ર સ્ત્રી જાતિ હોવાને કારણે તેણે કમોતનો (ભ્રૂણહત્યા)નો સામનો કરવાનો હોય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો આટલો ખરાબ ઉપયોગ ક્યારેય નહીં થયો હોય. એનાથી આગળ વધીને ૦-૪ વર્ષ સુધી સ્ત્રીનો મૃત્યુ દર પુરુષની સરખામણીએ ઊંચો છે. માતૃત્વ ધારણ કરનારાઓમાં ૧% સ્ત્રીઓ દર વર્ષે મૃત્યુ પામે છે. ૮૪% સ્ત્રીઓ એનિમીયાનો ભોગ બને છે. શારીરિક રીતે પુરુષ કરતાં સ્ત્રી વધુ મજબૂત હોવા છતાં સ્ત્રી સામાજિક અસમાનતાઓને કારણે શારીરિક દુ:ખદર્દ અનુભવે છે. સમાજ સ્ત્રીને શિક્ષણથી વંચિત રાખી વેઠિયા મજૂરની પરિસ્થિતિમાં રાખવાનો પ્રયાસ કરે છે. સ્ત્રીને જો સમાજમાં પ્રભુત્વ પામવું હોય તો તેને શિક્ષણની તક આપવી પડે. ઈ.સ. ૨૦૦૧ની સાલમાં પણ ૪૬% સ્ત્રીઓ નિરક્ષર છે. દર ૧૦ મિનિટે સ્ત્રી પતિના હાથનો માર ખાય છે. દરરોજ ગુજરાતમાં ૨૦ સ્ત્રીઓ કમોતે મરે છે. માનવજાતિના હોવા છતાં સામાજિક કારણોસર સ્ત્રીએ અત્યાચાર સહન કરવા પડે છે. તે અસમાનતાના દ્યોતક છે. ખરેખર કોઈપણ શોષિત અને શોષક આટલા નજીક હોતા નથી જેટલા સ્ત્રી અને પુરુષ હોય છે. એક જ ઘરમાં અને સાથે રહેતાં હોવા છતાં સમાનતા જોવા મળતી નથી. સૌથી મહત્ત્વની વાત એ છે કે સમાજ સામાજિકરણની પ્રક્રિયામાં સ્ત્રીને એવી તૈયાર કરે છે કે તે પોતે પોતાનો નીચો દરજ્જો સ્વીકારે છે. સ્ત્રી પિતૃસત્તાક વ્યવસ્થાનો ભાગ બની પોતે પણ પિતૃસત્તાક વ્યવસ્થાનો ભાગ બની કાર્યરત બને છે. પિતૃસત્તાક વ્યવસ્થામાં દરેક વ્યક્તિને માત્ર કુટુંબના દૃષ્ટિકોણથી ઉછેરવામાં આવે છે, જેથી તે માત્ર કુટુંબનું વિચારે છે. માતૃત્વને એટલું બધું મહત્ત્વ અપાયું, એટલા બધાં સ્તુતિગીતો રચાયા કે જેને લીધે સ્ત્રીની ઓળખ માત્ર માતા તરીકે પ્રસ્થાપિત થઈ. માતૃત્વનો મહિમા ગાઈ સ્ત્રીને સંપૂર્ણ બલિદાન માટે તૈયાર કરવામાં આવી. ઈ.સ. ૧૯૭૫ના આંતરરાષ્ટ્રીય વર્ષ ઊજવ્યા બાદ જે દાયકો જાહેર કરાયો તેને લીધે સ્ત્રી પ્રત્યે આચરાતી હિંસા, સ્ત્રીઓને ભોગવવી પડતી અસમાનતા પ્રત્યે સમાજને જાગૃત કરવાનો

પ્રયત્ન થયો. પણ હજી ખૂબ કામ કરવાનું બાકી છે. જાતિગત અસમાનતાને હજી તો સંપૂર્ણ દૃષ્ટિમાન કરવાની બાકી છે. હજી પણ ઘણાં ક્ષેત્રો બાકી છે કે જ્યાં સમાનતા છે કે નહીં તેનું વિશ્લેષણ કરવાનું બાકી છે.

## ૧.૧ સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તરીકે નારીવાદી સિદ્ધાંતો :

Gender શબ્દ એ સાંસ્કૃતિક વિભાવના છે. જે શારીરિક ભેદથી આગળ જઈ શારીરિક ભેદના પાયા પર રચાયેલ સામાજિક અને સાંસ્કૃતિક ઘડતર અને ઓળખ દર્શાવે છે. જાતિ શબ્દ લિંગ આધારિત જૂથ દર્શાવાય છે. શારીરિક ભેદની દૃષ્ટિએ વિશ્વના તમામ પુરુષો અને તમામ સ્ત્રીઓની લિંગ આધારિત ઓળખ જૂથમાં સમાનતા ધરાવે છે. સમાજ લિંગ કે જાતિ આધારિત અપેક્ષા ધરાવે છે. તેથી જ વિવિધ સમાજોમાં સ્ત્રીઓની વિવિધ ભૂમિકા સાથે તેમના અલગ હક્કો, અધિકાર અને ફરજો નક્કી થાય છે. સ્ત્રીની અપેક્ષિત ભૂમિકા પ્રમાણે સામાજિકીકરણની પ્રક્રિયા દરમ્યાન સ્ત્રીને તે જ રીતે કેળવવામાં આવે છે. સ્ત્રીના લક્ષણો, ગુણધર્મો જન્મજાત નથી. પરંતુ સભાનતાપૂર્વક તેને કેળવવામાં આવ્યા છે. જ્યારે Gender શબ્દ પ્રચલિત નહોતો ત્યારે મહદ્ અંશે સ્ત્રી શબ્દ વાપરવામાં આવતો હતો. સમાજશાસ્ત્રમાં દુર્ખાઈમે શ્રમવિભાજનની વાત કરી પણ તેમાં સ્ત્રીના શ્રમનો ઉલ્લેખ માત્ર પણ નથી. એ રીતે આ શ્રમવિભાજનનો સિદ્ધાંત અધૂરો ગણાય. ઈ.સ. ૧૯૭૫ પછીની ચર્ચાઓએ સ્ત્રી વિશે વિચારવાની ફરજ પાડી. ઈ.સ. ૧૯૭૫ પછી જ્યારે 'સ્ત્રી દાયકો' જાહેર થયો અને ત્યારથી રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ ચર્ચાઓ શરૂ થઈ. સ્ત્રી અંગેની વિવિધ ચર્ચાઓમાંથી નારીવાદની શરૂઆત થઈ.

Gender Lerner (1971 : 236) "Any struggle designed to elevate their (women's) status socially, politically, economically and in respect to their self concepts" નારીવાદની આ ખૂબ સરળ વ્યાખ્યા છે કે કોઈપણ ચળવળ જે સ્ત્રીના સામાજિક, રાજકીય અને આર્થિક દરજ્જાને સુધારે.

આ વ્યાખ્યા સ્ત્રીઓના વર્તમાન દરજ્જાની વાસ્તવિક્તાને પણ દર્શાવે છે.

Richard Evans (1977 : 39)"The Doctrine of equal rights of women-based on the theory of the equality of the sexes"

માત્ર સમાન અધિકારની વાત રિચાર્ડ ઈવાન કરે છે પણ એમાં સમગ્ર નારીવાદનો સાર છે.

Drude Dahlerup (1986 : 6) ના મતે 'Feminism is an ideology whose basic goal is to remove the discrimination and degradation of women and to break down the male dominace of society''

South Asian Workshop માં સૌ નારીવાદીઓએ કહ્યું કે,'Feminism is an awareness of patriarchial control, exploitation and oppression at the material and ideological levels of women's labour, fertility and sexuality in the family, at the place of work and in society in general and includes action by women and men to transform society"

ઉપરોક્ત બધી જ વ્યાખ્યાઓમાં જોવા મળે છે કે મૂળ વાત સ્ત્રી-પુરુષ સમાનતાની છે. સ્ત્રીને સ્ત્રી હોવાને નાતે જે તાબેદારી ભોગવવી પડે છે, જે દમન સહન કરવું પડે છે તે દૂર થવું જ જોઈએ અને જાતિગત ભેદભાવને બદલે સમાનતા પ્રસ્થાપિત થવી જોઈએ.

 બધી જ ચર્ચાઓમાંથી એવું પ્રતિપાદિત થાય છે કે પિતૃસત્તાક વ્યવસ્થા સ્ત્રીને દ્વિતીય

દરજ્જો આપે છે અને સમાજની બધી જ સંસ્થાઓના ધોરણો તથા મૂલ્યો તે પ્રમાણે ઘડાય છે.

Delphy (1977) કહે છે કે સ્ત્રી દમનનો ભૌતિક પાયો છે. પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં લગ્નનો કરાર, પુરુષને સ્ત્રીની જાતિયતા અને મજૂરી ઉપર કાબૂ આપે છે.

ગેલ ઑમવેટ (૧૯૮૬ : ૩૭) કહે છે તેમ પિતૃસત્તા સ્ત્રીની જાતિયતા, પ્રજોત્પત્તિ માળખામાં વ્યવસ્થાના એક ભાગરૂપે થાય છે. પિતૃસત્તા એક માળખાત્મક રચના છે અને આ રચના સમાજની બધી સામાજિક સંસ્થાઓમાં જોવા મળે છે. સમાજમાં કુટુંબ અને જાહેર જીવનના ધોરણોમાં, મૂલ્યોમાં, વાર્તાઓમાં, ગીતોમાં, લોકસાહિત્યમાં, રાજ્યોના કાયદાકીય જોગવાઈઓમાં, અર્થવ્યવસ્થામાં, ધાર્મિક સંસ્થાઓ, વિધિવિધાનો, મૂલ્યો, આદર્શો વગેરેમાં એ સતત હાજર હોય છે. પિતૃસત્તા પુરુષને અગ્ર સ્થાને દર્શાવવા, રાખવા અને આ વ્યવસ્થા ટકાવી રાખવા, સમાજની બધી જ સંસ્થાઓમાં પિતૃસત્તાને અનુરૂપ ધોરણો, મૂલ્યો અને આદર્શો સતત સામાજિકરણની પ્રક્રિયા દરમ્યાન ઘૂંટાવે છે. સતત તમામ સામાજિક વ્યવહારોમાં સહજપણે, સામાન્યપણે એ દૃશ્યમાન થાય છે. સૌથી વધુ મહત્વની વાત એ કે સ્ત્રી પણ એને સામાન્ય બાબતની જેમ સ્વીકારી લે છે.

રી Feminist dictionary(1989 : 159)માં Humm દર્શાવે છે કે પિતૃસત્તા એટલે પુરુષની સત્તા બતાવતી વ્યવસ્થા જે તેની સામાજિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા સ્ત્રીનું દમન કરે છે. પુરુષ દ્વારા સ્ત્રીનું દમન થતું જ રહે છે. સ્ત્રી પ્રત્યે સતત ભેદભાવ થતો જ રહે છે. પુરુષનો આર્થિક સાધનો ઉપર કાબૂ અને આર્થિક સાધનોમાંથી મળતી સત્તા તેને વધુ શક્તિશાળી બનાવે છે.

Silvia Walby(1990)માં જણાવે છે કે પિતૃસત્તાને એક વ્યવસ્થા તરીકે જૂએ છે. આ સામાજિક માળખા અને વ્યવસ્થાની એક વ્યવસ્થા છે. પિતૃસત્તાક વ્યવસ્થા પુરુષને આધિપત્ય આપે છે. અને એ જાળવી રાખવા માટે સમાજના ધોરણો, આદર્શો અને મૂલ્યમાં તે સતત અભિવ્યક્ત કરે છે.

ઉપરોક્ત બધી જ વ્યાખ્યાઓમાં જોઈ શકાય છે કે પિતૃસત્તાક વ્યવસ્થામાં પુરુષ સ્ત્રી ઉપર સત્તા ધરાવે છે તે પ્રતિપાદિત કરવામાં આવે છે. સ્ત્રી ઉપર પુરુષની માલિકી છે તે સતત સાબિત કરે છે.

## ૧.૨ વિવિધ નારીવાદી સિદ્ધાંતો :

'સમાનતા' - આ શબ્દની આસપાસ આ બધી ચર્ચાઓ શરૂ થઈ છે. નારીવાદી સિદ્ધાંતો મુખ્યત્વે સ્ત્રીદમનનું વર્ણન, સમજૂતી, તે રોકવા માટે વિવિધ દૃષ્ટિકોણ દર્શાવે છે. સિદ્ધાંતો સાપેક્ષ હોય છે. વિવિધ સામાજિક, આર્થિક, રાજકીય પરિસ્થિતિઓમાં સ્ત્રીઓ અંગે વિવિધ સમયમાં સિદ્ધાંતો ઉદ્‌ભવ્યા પણ જગતની બધી જ સ્ત્રીઓની પરિસ્થિતિ, વિવિધતાને ખ્યાલમાં રાખી સર્વાંગ સંપૂર્ણ સિદ્ધાંત હજી ઉદ્‌ભવ્યો નથી.

૧. ઉદારમતવાદી નારીવાદ
૨. સમાજવાદી(માર્ક્સવાદી)નારીવાદ
૩. ઉદ્દામવાદી નારીવાદ
૪. મનોવિશ્લેષણવાદી નારીવાદ

## ૧.૨.૧ ઉદારમતવાદી નારીવાદ :

લોકશાહીનો ઉદારવાદ એ સમાજની તમામ બાબતો ઉપર, સંસ્થાઓ ઉપર અને ધોરણો ઉપર અસર કરી ગયો. લોકશાહી એટલે સમાનતા અને સમાનતક.ઉદારમતવાદી નારીવાદ એટલે ઉદારમતવાદ ઉપર આધારિત નારીમુક્તિ અંગેની ચળવળ. નારીવાદી સિદ્ધાંતો સાંપ્રત પ્રચલિત વિચારસરણીમાંથી પ્રેરણા લઈ ઉદ્‌ભવ્યા છે. ઉદારમતવાદના મુખ્ય સિદ્ધાંત સમાનતા અને સ્વતંત્રતા છે. ઉદારમતવાદનો મુખ્ય ધ્યેય પ્રગતિ છે અને તેનો આધાર સમાનતા, સ્વતંત્રતા અને માનવતા ઉપર છે. વિજ્ઞાન અને કાયદો એ એના મુખ્ય સાધન છે. ઉદારમતવાદમાં ૧૮મી સદીમાં ક્લાસીકલ ૧૯મી સદીમાં વેલ્ફેર ઉદારમતવાદ અને ૨૦મી સદીમાં કન્સેપ્ચ્યુલ ઉદારમતવાદનો ઉદ્‌ભવ થયો. આ ઉદાર મતવાદ હજી આજે પણ અમલમાં જણાતો નથી. સમગ્ર વિશ્વમાં ભ્રૂણ હત્યા એ જગતનું સ્ત્રીઓ પ્રત્યેનું વરવું વલણ સ્પષ્ટ કરે છે.

ક્લાસીકલ ઉદારમતવાદ જાતિભેદ ઉપર ભાર મૂકે છે, જાતિભેદને મહત્વ આપે છે. કલ્યાણવાદી ઉદારમતવાદીઓ (Welfare liberalist) જાતીય ભૂમિકા (Gender Roles) જાતીય ભૂમિકા ઉપર ભાર મૂકે છે. ખ્યાલાત્મક ઉદારમતવાદ (Conceptual liberalism) વ્યક્તિનાં શારીરિક લક્ષણો ઉપર ભાર મૂકે છે. ભારતમાં જયાં આત્માને મહત્વ અપાય છે એ દેશમાં પણ સ્ત્રીઓ સાથેનો વ્યવહાર યોગ્ય જણાતો નથી.

ઉદારમતવાદીઓ માને છે કે સ્ત્રીઓ માટે સમાજમાં સમાનતા નહોતી. સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્ત કરવાની છૂટ નહોતી, નિર્ણયમાં ભાગીદારીની છૂટ નહીં, સ્ત્રીને સંપૂર્ણ સ્વતંત્રતા નહીં. પુરુષને સ્વતંત્ર નાગરિક બનવાની તક મળતી હતી. જ્યારે સ્ત્રીએ પુરુષના મદદનીશ તરીકે ફરજ બજાવવાની રહેતી. સમગ્ર સમાજ, પુરુષ બુદ્ધિશાળી, શક્તિશાળી, હિંમત વગેરે ગુણ તેનામાં વિકસે તે માટે પ્રયત્ન કરે છે.સ્ત્રી સહનશીલ બને, ધીરજવાન બને, નમ્ર બને તેવા પ્રયાસ કરવામાં આવે છે. ઉદારમતવાદીઓ માને છે કે સ્ત્રીઓને અસમાનતાના ભોગ બનવું પડે છે. ઉદારમતવાદીઓ માને છે કે સમાજે સ્ત્રીની સ્વાયત્તતા અને સ્વતંત્રતા ખતમ કરી છે અને સમાજ સતત સ્ત્રીને પરાવલંબી રાખે છે, જેથી સ્ત્રી દમન અનુભવે છે. જાતીયતા ખાનગી ક્ષેત્રમાં ગણાય છે. રાજ્ય જાહેર ક્ષેત્ર માટે અનેક પ્રકારના નીતિનિયમો બનાવે છે. પણ ખાનગી ક્ષેત્રને રાજ્યમાંથી બાકાત રાખે છે. ખાનગી ક્ષેત્રમાં સ્ત્રીઓની જાતીય સતામણી થાય છે. રૂઢિચુસ્ત વિચારકોની વિચારસરણીને ઉદારમતવાદીઓ સ્વીકારતા નથી.

ઉદારમતવાદીઓ માને છે કે સ્ત્રી પુરુષને સમાન માનવા જોઈએ. દરેક વ્યક્તિને સ્વતંત્રતા અને સ્વાયત્તતા મળવી જોઈએ. દરેક વ્યક્તિને સમાન તક મળવી જોઈએ. ઉદારમતવાદીઓને મતે દરેક વ્યક્તિને ન્યાય પ્રાપ્ત થવો જોઈએ. નારીવાદીઓ સ્ત્રીને પ્રસૂતિના લાભ મળે, રજા મળે, બાળસંભાળ કેન્દ્ર મળે તેના પ્રયત્ન કરે છે. ઉદારમતવાદી નારીવાદ સ્ત્રીને સ્વતંત્રતા, સમાનતા અને સ્વાયત્તતા અપાવવાનો પ્રયત્ન કરે છે.

ઉદારમતવાદી વિચારસરણી સમાનતા, સ્વતંત્રતા, સ્વાયત્તતા અને સામાજિક ન્યાયનાં મૂલ્યો ધરાવે છે. અને વ્યક્તિને તે પ્રાપ્ત થાય તે માટે વકીલાત કરે છે, સંઘર્ષ કરે છે. સ્ત્રી

પુરુષ જેટલી જ સક્ષમ છે, માત્ર તેને તક મળવી જોઈએ. સમાજના પક્ષપાતી વ્યવહારને કારણે સ્ત્રીઓ પછાત રહે છે, ઓછું મહત્ત્વ પામે છે. ઉદારમતવાદી વિચારધારા પ્રમાણે વિવિધ સુધારા કરી, સમાજે આદર્શ સમાજની રચના કરવી જોઈએ. આને માટે જાગૃતિ ચળવળો કરવી જોઈએ. સ્ત્રીઓને જાગૃત કરી, સંગઠિત કરી, પોતાની માંગણીઓ કરી શકે, પોતે જ દબાણ જૂથ બની શકે, તેવી તાલીમ આપવી જોઈએ. સમગ્ર સમાજ સ્ત્રી અને પુરુષ બન્નેએ સમાનતામૂલક સમાજની રચના કરવા પ્રયત્ન કરવો જોઈએ.

## ૧.૨.૨ સમાજવાદી(માર્કસવાદી) નારીવાદ

મૂડીવાદ સાથે ઉદારમતવાદ સંકળાયેલો છે. માર્કસવાદી વિચારસરણીથી પ્રભાવિત થઈ માર્કસવાદી નારીવાદની શરૂઆત થઈ છે. માર્કસવાદ સામાજિક દમન, અસમાનતા, માટે મૂડીવાદને જ જવાબદાર માને છે. માર્કસવાદ ઉત્પાદનની પદ્ધત્તિને મહત્ત્વની ગણે છે. કારણ માર્કસવાદ તપાસે છે, માત્ર ઉત્પાદનના સંબંધો, શ્રમવિભાજન, સ્ત્રીના કાર્ય, સ્ત્રીના શ્રમની કિંમત - એ બધી બાબતો મહત્ત્વની છે. માર્કસવાદીઓના મતે ઉત્પાદનની પદ્ધત્તિ જ વિચારસરણી ઘડે છે, મૂલ્યો ઘડે છે. એટલે તેનો જ કાબૂ આપણા જીવન ઉપર રહે છે. સ્વાભાવિક રીતે માનવજીવનની જરૂરિયાતોને સંતોષવાનાં સાધનો જ સૌપ્રથમ ઘડાયા હશે. માર્કસ અને એંજલ્સ માને છે કે પહેલું ઐતિહાસિક કાર્ય એ જ હશે કે જરૂરિયાત મુજબ ઉત્પાદનનાં સાધનો ઘડાયા હશે.ધીમે ધીમે નવી નવી જરૂરિયાતો ઉત્પન્ન થઈ તેમ તેમ ઉત્પાદનનાં નવાં નવાં સાધનો વધવા લાગ્યાં અને ઉત્પાદન વધવા લાગ્યું. પ્રાચીન સમાજમાં સ્ત્રી ભૌતિક ઉત્પાદન કરતી અને તેનો દરજ્જો સમાન હતો. આદિમ સમાજમાં માતૃવંશીય કુટુંબ જોવા મળતું હતું. આ પ્રકારના કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો સન્માનનીય હતો. આ સમાજમાં નારીદમન, શોષણ એવુ કંઈ જોવા મળતું નથી. આદિમ સમાજમાં શિકાર પુરુષ કરતો પણ ખાવાની વ્યવસ્થા સ્ત્રીઓ કરતી. સ્ત્રીઓ પ્રાણી પાળતી, વણાટકામ કરતી અને માટીના પાત્ર બનાવતી. માર્કસવાદીઓને મતે સ્ત્રીશોષણ, દમનના મૂળીયા વર્ગવ્યવહારમાં જોવા મળે છે. ખેતી અને પશુપાલનના વિકાસથી ચલણ અસ્તિત્વમાં આવ્યું. ધીમે ધીમે બજારનાં સ્થળો નિવાસથી અલગ થયાં અને પુરુષ પાસે સત્તા જમા થવા લાગી. પુરુષના કાર્યનું મહત્ત્વ વધવા લાગ્યું. સ્ત્રીનો દરજ્જો નીચો થવા લાગ્યો. મૂડી, વારસા વગેરેના પ્રશ્નો થયા અને કુટુંબવ્યવસ્થા માતૃસત્તાકમાંથી પિતૃસત્તાક વ્યવસ્થામાં બદલાઈ. પુરુષ મિલકતનો માલિક બન્યો. માર્કસવાદીઓ માને છે કે પુરુષ સ્ત્રીનું શોષણ કરતો નથી. પણ મૂડીવાદ સ્ત્રીના દમનનું મૂળ કારણ છે. સ્ત્રી કામદાર છે. તેથી અને તે સ્ત્રી છે, તેથી તેનું દમન થાય છે. મૂડીવાદમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી ઉચ્ચ વર્ગ પાસે હોય છે. શ્રમિક માત્ર શ્રમનો માલિક હોય છે. તે તેણે કરેલા ઉત્પાદનનો માલિક હોતો નથી. તે જ રીતે સ્ત્રી પણ કશાની માલિક હોતી નથી. તે પિયર અને સાસર બંને સ્થળે કાર્ય કરે, મજૂરી કરે, પણ તે કદી ક્યાંય કશાની માલિક હોતી નથી. સ્ત્રીનાં બધા જ કામ મહદ્ અંશે વળતર વગરનાં હોય છે. એને Labour of love કહી શકાય. સ્ત્રીના કાર્યને વળતરવિહીન માનવામાં આવે છે. સ્ત્રી આખો દિવસ કામ કરે છે.સ્ત્રી, પુરુષ કરતાં વધારે કલાક કામ કરે છે છતાં તેના કામને કાર્યની વ્યાખ્યાથી બહાર રાખવામાં આવ્યા છે. સ્ત્રીને દેશમાં કામદારોની ગણતરી થાય તેમાં પણ ગણવામાં આવે છે. મૂડી બજારમાં સ્ત્રીના શ્રમને મહદ અંશે અનામત દળ

તરીકે ગણવામાં આવે છે. સ્ત્રીના કાર્યને સહેજ પણ મહત્ત્વ અપાતું નથી. માર્ક્સ અને એંજલ્સ પતિ-પત્નીના સંબંધને તાબેદારી સંબંધ કહે છે. કુટુંબમાં મુખ્ય કમાનાર પુરુષ જ ગણવામાં આવે છે. માર્કસવાદ સ્ત્રી દમનનાં પરિબળો ગણાવે છે. જાતિ આધારિત શ્રમવિભાજન,સ્ત્રીના શ્રમને વળતરની ગણતરીમાંથી બાદ, સ્ત્રીના કાર્યને કાર્યની વ્યાખ્યામાંથી બાદ, સ્ત્રીને વારસામાંથી બાદ, પતિનું પત્ની ઉપર નિયંત્રણ, પત્નીનું પરાવલંબન અને સ્ત્રીને જાહેર જીવનમાંથી બાકાત રખાઈ છે. ટૂંકમાં સ્ત્રી વળતર વિનાની કામદાર છે. સ્ત્રી ઘરે કામ કરીને કમાય છે છતાં તેને કામદાર ગણવામાં આવતી નહોતી. સેવાના ઈલાબેન ભટ્ટે ૧૯૯૧માં સૌપ્રથમ ઘેર બેસીને કામ કરતી સ્ત્રીને કામદાર તરી-કે દરજ્જો અપાવ્યો. આ વર્ષથી જ તેઓની ગણતરી કામદાર તરીકે થઈ.

માર્કસવાદ માને છે કે સ્ત્રીઓએ જાહેરક્ષેત્રમાં કામ કરવું જોઈએ. આ કાર્ય કરશે ત્યારે તેણે સ્ત્રી-પુરુષ તરીકે નહીં પણ વ્યક્તિ તરીકે કાર્ય કરવું જોઈએ. સ્ત્રી કમાશે એટલે પરાવલંબી રહેશે નહીં. સ્ત્રી બહાર કામ કરેશે તેથી વધુ મજબૂત બનશે. કેટલીક સ્ત્રીઓ મિલકત પણ ધરાવશે. સાથે સાથે ઘરકામને મહત્ત્વ આપવું પડશે, જેથી સ્ત્રીના કામને વળતરની ગણતરીમાં લેવાઈ તો તે નિરાધાર દેખાતી બંધ થશે. સ્ત્રીના ઘરના કાર્યને પણ વળતર મળવું જોઈએ.

માર્કસવાદી વિચારસરણી એવી છે કે સ્ત્રી આર્થિક ઉત્પાદન કરે અથવા આર્થિક સ્ત્રીના કામને વળતર અપાય તો સ્ત્રીના દરજ્જામાં સુધારો થશે. ‘સમાન કામ સમાન વળતર’ આ રીતને લીધે પણ સ્ત્રીનું કામ સુધરશે.

માર્કસવાદી નારીવાદીઓ કહે છે કે આમ થવાથી સ્ત્રીને સ્ત્રી તરીકે જોવાનો અભિગમ દૃઢ થશે. માર્કસવાદ અંગે પણ વિવિધ આલોચના થઈ છે. દા.ત. યુનિયનમાં, ક્રાંતિકારી સંગઠનોમાં સ્ત્રીના મુદ્દાને ક્યારેય અગ્રતા અપાતી નથી. ક્રાંતિકારી સંગઠનોની કાર્યપદ્ધતિ પણ સ્ત્રીને લક્ષમાં લેતી નથી. બધાં જ સંગઠનો રાત્રે મીટિંગ રાખે છે અને મધરાત્રે કે લગભગ બે વાગ્યે તે પૂરી થાય છે. તો તેવા સંજોગોમાં સ્ત્રીએ પુરુષ પર અવલંબિત રહેવું પડે છે. માર્કસવાદીઓ સ્ત્રીઓના શોષણ અંગે, સ્ત્રીઓના દમન અંગે કંઈ જ ખાસ ચર્ચા કરતા નથી. ટૂંકમાં કહી શકાય કે માર્કસવાદ દમન, શોષણ અંગે ચર્ચા કરે છે, તેમાંથી મુક્ત થવાના ઉપાય દર્શાવે છે પણ સ્ત્રીને એમાં ખાસ ગણતરીમાં લેતા નથી. માર્કસવાદ માને છે કે ક્રાંતિ બાદ સમાજમાં રાજકીય અને આર્થિક લોકશાહી સ્થપાશે. ઉત્પાદનના સાધનોની માલિકી પ્રજાની હશે અને ઉત્પાદનની તમામ વહેંચણી થશે, સમાન કામ માટે સમાન વળતર મળશે. દરજ્જો જાતિ ઉપરથી નક્કી નહીં થાય, કુટુંબના કાર્યો સામાજિક રીતે થશે. બધી જગ્યાએ જાહેર જીવન અને કુટુંબમાં સમાનતા, સ્વતંત્રતા અને માનવતા હશે.

### ૧.૨.૩ ઉદ્દામવાદી નારીવાદ

ઉદ્દામવાદ એટલે ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરવા માટે ઉગ્ર અને અંતિમ પગલું. ઉદ્દામવાદી નારીવાદ એટલે નારીમુક્તિ માટેની ઉગ્ર અને અંતિમવાદી ચળવળ. આ પ્રકારનો નારીવાદ ક્રાંતિકારી પરિવર્તનની વાત કરે છે. આ અંતિમવાદી અભિગમ ધરાવતી વિચારસરણી છે. નારી માટે અહીં તમામ પ્રકારની મુક્તિની વાત થાય છે. ઉદ્દામવાદીઓ નારીના દમન માટે ત્રણ વિવિધ વિચારસરણીઓ દર્શાવે છે. સ્ત્રીની જાતિય ભૂમિકાઓને કારણે તે દમનનો ભોગ બની છે, સ્ત્રીની શરીર રચનાને કારણે તે શોષણ, દમનનો ભોગ બને છે. ત્રીજી વિચારસરણીવાળા માને છે, પુરુષ શારીરિક રીતે

1

શક્તિશાળી હોવાને કારણે પુરુષ સ્ત્રીનું શોષણ કરે છે અને આધિપત્ય જમાવે છે. આ સાંસ્કૃતિક રીતે સમર્થન પામેલી બાબત છે. સમગ્ર વિશ્વનાં તમામ દેશોમાં આ બાબત સતત જોવા મળે છે.

ઉદ્દામવાદી નારીવાદનું શાસ્ત્રીય કાર્ય, પુરુષ આધિપત્યની વ્યવસ્થાને વિશ્લેષિત કરી સમજવાનું છે. ઉદ્દામવાદી નારીવાદીઓ માને છે કે દરેક સમાજમાં અને રાષ્ટ્રમાં બે સંસ્કૃતિઓ હોય છે. એક પુરુષની અને બીજી સ્ત્રીની સંસ્કૃતિ જેને Culture of Silence કહી શકાય. જે અભિવ્યક્ત થયેલી છે તે પુરુષની સંસ્કૃતિ છે. સમગ્ર જાહેરમાં દેખાતી સંસ્કૃતિ પુરુષની વિચારસરણી, મૂલ્યો અને અપેક્ષાઓને અભિવ્યક્ત કરે છે. જ્યાં જ્યાં સ્ત્રીને પુરુષથી નબળી દર્શાવાય છે ત્યાં પુરુષ બળવાન, વિધેયાત્મક, બુદ્ધિશાળી, આક્રમક અને આધિપત્ય ધરાવતો તથા સ્ત્રીને નબળી, લાગણીશીલ, નિષ્ક્રિય, ઓછું વિચારનાર તરીકે દર્શાવાય છે. મહદ અંશે સમાજમાં સ્ત્રીઓ સહિત બધા આવું માને છે. ઉદ્દામવાદીઓ માને છે કે રાજ્ય દમન કરે છે તેથી જ નારીદમન થાય છે. રાજ્ય સ્ત્રીને અધિકારોથી વંચિત રાખે છે.

ઉદ્દામવાદી નારીવાદી ફાયરસ્ટોનના મતે સ્ત્રીની શરીર રચનાને લીધે જ સ્ત્રીને દમન સહન કરવું પડે છે. આ જાતિય વર્ગ જણાય છે કારણ સ્ત્રી બાળજન્મ આપે છે અને બાળઉછેર કરે છે. સ્ત્રીને બળજબરીપૂર્વક માતા બનાવી શકાય છે. તેથી જ તે પુરુષને આધિન છે. સ્ત્રી ઉપર બળાત્કાર થાય છે. ગર્ભપાત ઉપર મર્યાદા રાખે છે, ગર્ભનિરોધક સાધનો વાપરવા ઉપર પ્રતિબંધ રાખે છે. નારીદમનને યંત્રવિજ્ઞાન દ્વારા કદાચ મટાડી શકાય પણ નારીદમનને પરંપરાનું પીઠબળ છે તેથી તે નાબૂદ થતાં સમય લાગશે. ઉદ્દામવાદી સંસ્થાઓ માને છે કે પિતૃસત્તાક વિચારસરણીએ સ્ત્રીને માતા તરીકે જ પૂર્ણતા અને માન આપ્યા છે. પિતૃસત્તાક વ્યવસ્થા તેના મૂલ્ય પ્રમાણે સ્ત્રીને માત્ર માતા તરીકે માન આપે છે અને સ્ત્રીને માતા થવા તૈયાર કરે છે. સ્ત્રીની પૂર્ણતા સ્ત્રીના માતૃત્વમાં છે એવા મૂલ્યોનો પ્રસાર કરી એ પ્રમાણે જ કાયદા, ધોરણો અને કાર્યક્રમો ઘડે છે. સ્ત્રીને જાતિય રીતે ગુલામ બનાવે છે. તમામ કાર્યો લિંગભેદની દૃષ્ટિએ જ વર્ગીકૃત કરે છે. સ્ત્રીને બધા જ સંદર્ભોમાં તેના શરીરથી અલગ જોવામાં આવતી નથી. ઉદ્દામવાદી નારીવાદ એવું માને છે કે સ્ત્રીની જાતિયતા ઉપર પિતૃસત્તાક વ્યવસ્થા નિયંત્રણ રાખે છે. બળાત્કાર સંપૂર્ણપણે ગુનો છે. પરંતુ વિવિધ પ્રયુક્તિઓથી બળાત્કારમાં સ્ત્રીઓનો જ વાંક છે એવું દર્શાવી તેને યોગ્ય છે, એવું ફસાવવાનો પ્રયત્ન થાય છે. બળાત્કાર એ દમનની પ્રક્રિયા છે, રાજકારણ છે. બળાત્કારને સમાજ એ રીતે જૂએ છે કે સ્ત્રી એ અંગે મૌન રહેવાનું પસંદ કરે છે. આ એક જ ગુનામાં જેની સામે ગુનો થાય છે તેને (Victim) ચૂપ રહેવાનો વારો આવે છે. કારણ કે સમાજનો અભિગમ પિતૃસત્તાકવાદી અને પક્ષપાત ભર્યો હોય છે. ઉદ્દામવાદ વેશ્યાવૃત્તિને પુરુષ દ્વારા થતી બળપૂર્વકની યુક્તિ, જબરજસ્તી માનવામાં આવે છે. સ્ત્રી વેશ્યા થાય છે એના કારણમાં પુરુષ જ છે. લાભ, લાલચ કે બળ સ્ત્રીને વેશ્યાવૃત્તિ તરફ ધકેલે છે. અને વેશ્યાને પોતાના લાભ માટે વાપરી તેને હલકી ગણવામાં આવે છે. ઉદ્દામવાદ માને છે કે લગ્ન એ પણ સ્ત્રી માટે શોષણ અને દમનનું સાધન છે. અહીં પુરુષનું આધિપત્ય સંપૂર્ણપણે હોય છે. ઉદ્દામવાદ માને છે કે સમાજમાં લિંગભેદની નાબૂદી એ જ ધ્યેય છે.

*સ્ત્રીમુક્તિ માટેની વ્યૂહરચના*

*સ્ત્રી મુક્તિ એટલે સ્ત્રીએ પોતે પોતાને મદદ કરવાની છે. સમાજ મહદ્અંશે મૂલ્ય, ધોરણો અને વિવિધ પ્રકારના વિશ્વાસો ઉપર આધારિત છે. ફાયરસ્ટોનના મતે સ્ત્રીમુક્તિ શકય છે. સ્ત્રીને જો મુક્ત થવું હોય તો સ્ત્રીએ પોતે જ મુક્તિ પામવા માટે તૈયાર થવું પડશે. સ્ત્રીએ પોતાની માનસિકતા બદલવી પડશે. સ્ત્રીએ લગ્ન ન કરવા જોઈએ. સ્ત્રીએ પોતે પુરુષના નોકર છીએ, પોતે નીચા છે, પોતે નબળા છે, પોતે સક્ષમ નથી, પોતે કંઈ જ નહીં કરી શકે - આ ભાવના દૂર કરવી પડશે. પોતે આત્મનિર્ભર, સબળ, સક્ષમ છે અને ધારે તે કરી શકશે એવી વિચારસરણી દૃઢ બનાવવી પડશે. સ્ત્રીએ પોતાને સબળ બનાવવા બધા જ પ્રયત્નો કરવા જોઈએ. સ્ત્રીઓએ સંગઠિત થઈ પરસ્પર મદદ કરી લિંગના ભેદભાવ વિનાની અને બિન દમનકારી સમાજની સ્થાપના કરવી પડશે.*

*ઉદ્દામવાદી નારીઓ વર્તમાન સમયમાં જે સ્ત્રીઓ કુટુંબમાં હતાશ હોય, ત્રસ્ત હોય તેઓ માટે અલગ રહેવાની વ્યવસ્થા રોજીરોટી, તાલીમ માટેની વ્યવસ્થા કરે છે. સ્ત્રીએ જો દમનમુક્ત અને શોષણમુક્ત સમાજ બનાવવો હોય તો સ્ત્રીઓની શક્તિઓને ખીલવવા માટેની વ્યૂહરચના ઘડવી પડશે.*

*ઉદ્દામવાદી વિચારસરણી મુજબ સ્ત્રી અને પુરુષ બંને મુક્ત રીતે, સ્વતંત્ર રીતે પોતપોતાનો વિકાસ સાધી શકે. સ્ત્રી અને પુરુષ વિરોધી નથી પણ દમન અને શોષણ વિનાનો સમાજ બંને માટે આવશ્યક છે.*

## ૧.૨.૪ મનોવિશ્લેષણવાદી નારીવાદ :

*માનવ વર્તનના વિવિધ આધાર અંગે સતત ચર્ચા ચાલે છે. જેમા સ્વીકારાયુ છે કે માનવ વર્તન તેના આંતરિક સત્વ ઉપર આધારિત છે. સમાજમાં માનવના વર્તન માટે આંતરિક બાબતો જવાબદાર છે એવી બાબત સ્વીકારાઈ છે. સીગમન્ડ ફ્રોઈડ આ બાબતનું વિશ્લેષણ કર્યુ છે. ફ્રોઈડના મતે માનવના વર્તનને નક્કી કરનાર આંતરિક કારણો હોયછે. સ્ત્રી અને પુરુષના લક્ષણો જે સમાજ દર્શાવે છે તે કુદરતી નથી, સમાજ દ્વારા તેને ઘડવામાં આવ્યાં છે. ફ્રોઈડ પણ માને છે દરેક વ્યક્તિમાં સ્ત્રી અને પુરુષ બન્નેના ગુણ હોય છે. માત્ર સામાજિકીકરણ દ્વારા જ સ્ત્રી અને પુરુષ બંનેને અલગ ઘડવામાં આવે છે. સામાજિકીકરણ દ્વારા છોકરાઓ પિતાના મૂલ્યો આત્મસાત કરે છે. ફ્રોઈડના મતે પુરુષ ઉચ્ચત્તર છે. સ્ત્રી નૈતિક દૃષ્ટિએ ઉતરતી કોટિની છે. ફ્રોઈડે શારીરિક નિર્ણાયકતાની વાત કરી તેના અનુસંધાને નારીવાદીઓએ સખત વિરોધ કર્યો. નારીવાદીઓ એવું માનતા નથી કે સ્ત્રીની સત્તા તથા પુરુષની સત્તાને તેમના શારીરિક બંધારણ સાથે લેવાદેવા છે. બેટ્ટી ફ્રોઈડન, ફાયરસ્ટોન અને મિલેટ જેવાઓએ સખત વિરોધ કરી કહ્યું કે સ્ત્રીની સત્તા સામાજિક વિચારસરણી પ્રમાણેની છે. કારણ કે શરીર સાથે એને કંઈ લેવાદેવા નથી. આલ્ફ્રેડ એડલર, હોર્ની અને થોમસન આ શારીરિક નિર્ણાયકવાદનો સખત વિરોધ કરે છે. આ ત્રણેય માને છે કે સ્ત્રીના દમન અને શોષણનું મૂળ પિતૃસત્તાક, સામાજિક-સાંસ્કૃતિક માળખાઓમાં છે. આ સમગ્ર બાબતને જોતાં એવું સમજાય છે કે સમાજની સાંસ્કૃતિક વ્યવસ્થા એ પ્રમાણેની છે કે જેમાં પુરુષ અને સ્ત્રી અંગેના ખ્યાલો અભિવ્યક્ત થતાં હોય છે. અને સામાજિકીકરણની પ્રક્રિયા દરમ્યાન દરેક વ્યક્તિમાં એ દૃઢ કરી દેવામાં આવે છે. સ્ત્રીને બાળજન્મ આપવો એ કુદરતી બાબત છે. પણ બાળઉછેરમાં*

માતાના વધુ ફાળાને કારણે સ્ત્રી અને પુરુષ અંગેની વિવિધ છાપ ઉપસે છે. આ તબક્કામાં અસભાનપણે વ્યક્તિ બધું જ મનમાં સંગ્રહિત કરે છે.

ડિનર સ્ટેઈને (Cited in Rosemarie, ૧૯૯૪ : ૧૫૦ થી ૧૫૩ ) સંબંધોની જાતિય ગોઠવણને સુંદર રીતે સમજાવી છે. સમાજમાં સ્ત્રી કરતાં પુરુષ માટે જાતિય માલિકી મહત્વની હોય છે. સ્ત્રી પુરુષ માટે જ છે અને સ્ત્રી પુરુષના સંતોષ માટે જ કાર્યરત છે. સ્ત્રીને કદી વ્યક્તિ ગણાતી નથી. સ્ત્રી અને પુરુષના શરીર અલગ છે એવી સમજ ઊભી કરાઈ છે. અને તેથી સ્ત્રી પુરુષના ઊંચનીચ દરજ્જા માત્ર શારીરિક ભેદને કારણે છે. અને તેથી સ્ત્રી પોતાના શરીરને તિરસ્કારે છે. સ્ત્રી ખાનગી ક્ષેત્ર માટે છે, એણે જાહેર ક્ષેત્ર માટે કાર્ય કરવાનું નથી. માતૃત્વનું એટલું ગૌરવીકરણ કરવામાં આવે છે, જેથી દરેક સ્ત્રી માતા બનવાની ઈચ્છા ધરાવે છે. સમાજ જન્મથી જ સ્ત્રી અને પુરુષને અલગ અલગ રીતે તૈયાર કરે છે અને તે પ્રકારની વિચારસરણી વિકસાવે છે. લૂઈસ સ્ટ્રોસ સમજાવે છે કે લગ્ન અંગેના નિષેધોના કારણે સામાજિક સંબંધોના વર્તુળ મોટાં થાય છે. અને કુટુંબ વચ્ચે સંબંધો બંધાય છે. કુટુંબો વચ્ચે લેવડદેવડ થાય છે. અને સ્ત્રીઓની અદલાબદલી થાય છે. આ અંગેના નિયમો સ્ત્રીને સંપૂર્ણ રીતે બીજે દરજ્જો આપે છે. ટૂંકમાં આ લેવડદેવડના નિયમો સ્ત્રીને કોટિક્રમમાં નિમ્નકક્ષાએ રાખે છે.

આ પરિસ્થિતિને બદલવા સામાજિક માળખાંઓમાં જ પરિવર્તન લાવવું પડે. માનવજન્મથી જ માતા સાથે પિતાને પણ જોડવા જોઈએ. બાળઉછેરમાં બન્નેનો સરખો ફાળો હશે તો બન્નેનો દરજ્જો બાળક ઉપર અલગ પ્રભાવ નહીં પાડે. આ પ્રક્રિયા બન્નેના દરજ્જા અંગે વિભિન્ન ખ્યાલો પ્રસરાવશે નહીં. સ્ત્રી ખાનગી ક્ષેત્ર સાથે જાહેર ક્ષેત્રમાં પણ ફાળો આપશે. તેથી પોતે પોતાનું અસ્તિત્વ માત્ર બાળકને લીધે જ છે એ વાત ભૂલશે. બાળઉછેરમાં માતાપિતા બન્ને હોવાથી બાળક બન્નેને સમાન ગણશે. શારીરિક મર્યાદાઓ જ સ્ત્રી પુરુષના દરજ્જા માટે કારણભૂત ગણાશે નહીં. ઊંચનીચના ખ્યાલોને કારણે જ દમન ઊભું થાય છે તે નષ્ટ થઈ જશે.

ટૂંકમાં સ્ત્રીએ પોતાના માનસમાં પોતાને પુરુષ સમકક્ષ સ્થાપવાની છે અને વ્યક્તિ તરીકે પ્રગટવાની છે. સ્ત્રી પોતે પોતાને કોઈના સંદર્ભમાં નહીં પણ માત્ર વ્યક્તિ તરીકે સ્થાપિત કરે તો સમાજના માળખા બદલાઈ જાય.

## ૧.૨.૫ અસ્તિત્વવાદી નારીવાદ (Existential Feminism)

સિમોન દ. બોવિયરના 'ધ સેકન્ડ સેક્સ'ના વિચારોએ આ નારીવાદમાં મહત્વનું પ્રદાન કર્યું. બોવિયરના મતે સ્ત્રી સમાજમાંથી અન્યત્વનો ખ્યાલ ગ્રહણ કરે છે. સાત્રના મતે અસ્તિત્વને ત્રણ રીતે જોઈ શકાય. વ્યક્તિ પોતામાં જ અસ્તિત્વ ધરાવનાર, પોતાને માટે અસ્તિત્વ ધરાવનાર તથા અન્ય માટે અસ્તિત્વ ધરાવનાર એમ ત્રણ રીતે જોઈ શકાય. સ્ત્રીને અન્ય માટે અસ્તિત્વ ધરાવનાર તરીકે જોઈ શકાય. બોવિયરના મતે પુરુષ પોતાને સ્વ અને સ્ત્રીને અન્ય તરીકે જોતો આવ્યો છે. પુરુષ સ્ત્રીને ભયરૂપ માને છે અને તેથી તેના અસ્તિત્વને નિમ્ન બનાવી તેણે સ્ત્રીને ગુલામ બનાવી દીધી છે. પુરુષે વિવિધ યંત્રો, આયુધો શોધ્યા અને તેને કારણે પોતાનમાત્ર એક માત્ર મહત્વનો માની બીજા બધાને પોતાને માટે કાર્ય કરનાર તરીકે ઓળખે છે. પુરુષ પોતે જ આદર્શ સ્ત્રી અંગેના ખ્યાલ ઘડે છે અને તેમાં સ્ત્રી પોતે પોતાને નકારે તે પ્રમાણેની રચના કરે છે. સ્ત્રી પોતાનું સર્વસ્વ

પુરુષ માટે ત્યાગે તે પ્રકારે તમામ બાબતો ઘડવામાં આવે છે. સ્ત્રી પોતે બધું જ પુરુષને સમર્પણ કરે, બધું ત્યાગે એની અપેક્ષા રાખવામાં આવે છે. બોવિયર માને છે કે પત્નીની ભૂમિકા, માતાની ભૂમિકા નારીમુક્તિ માટે અવરોધક છે. માતાની ભૂમિકા દ્વારા તે આવતીકાલની પેઢીમાં સ્ત્રીના કાર્ય અંગે એટલે રાંધતી, સાફ કરતી, મદદનીશ તરીકે ભૂમિકા ભજવતી, કાળજી લેતી એવા ખ્યાલ ઘડાય છે. આનો અર્થ એ થાય કે બાળક સ્ત્રી અને પુરુષની ભૂમિકા અંગેના ખ્યાલ નાનપણથી આત્મસાત કરે છે. ત્યારબાદ સ્ત્રી તરી-કે તેની પાસે તે ભૂમિકાની જ અપેક્ષા રખાય છે. પુરુષપ્રધાન સમાજે સ્ત્રી ઉપર જે મર્યાદાઓ, પરિભાષાઓ તથા ભૂમિકાઓ, લોકાચાર, પરંપરા, શિષ્ટાચાર લાદ્યા છે તેમાંથી બહાર નીકળવું સહેલું નથી. છતાં સ્ત્રીએ સમાનતા પ્રાપ્ત કરવા માટે સ્વત્વ પામવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે.

સિમનો દ. બોવિયરના મતે સ્ત્રીઓએ વિવિધ પ્રકારના પ્રયત્નો કરીને પોતે 'સ્વ' છે એવું કેળવવું પડશે. તેમના મતે સ્ત્રીએ ઘર છોડી બહાર નીકળી કામ કરવું પડશે. પુરુષ જે વાતાવરણમાં કામ કરે છે તે વાતાવરણમાં તેમણે કામ કરવું જ પડશે, જેથી હરિફાઈયુક્ત માહોલ બને અને સ્ત્રીઓ માટે કેટલીક શક્યતાઓ ઊભી થાય. સ્ત્રીઓએ સંપૂર્ણ બૌદ્ધિક બનવું જોઈએ. બૌદ્ધિક એટલા માટે બનવું જોઈએ કે જેથી તે પોતે પરિસ્થિતિને સમજી શકે, પરિસ્થિતિના પરિવર્તન અંગે વિચાર કરી શકે અને વ્યૂહરચના ઘડી શકે. બુદ્ધિથી જ તે અસમાનતાઓ સમજી શકે અને અસમાનતાઓને દૂર કરવા પ્રયત્નશીલ થઈ શકે. સાથે સાથે સ્ત્રીએ મિલકતની વ્યવસ્થા બદલવી પડશે અને સમાજવાદી માળખાઓ ઘડવા પ્રયત્ન કરવા જોઈએ. દમનકારી સમાજરચનાના અંત માટે સ્ત્રી પોતે જ પોતાનું પ્રારબ્ધ ઘડી શકે છે એ વિચારને આત્મસાત કરી લેવો પડશે.

## એકમ-૧

તમારી પ્રગતિ ચકાસો.

૧. ઉદારમતવાદી નારીવાદ સમજાવો.

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૨. સમાજવાદી(માર્ક્સવાદી)નારીવાદ સમજાવો.

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------

૩. ઉદ્દામવાદી નારીવાદ સમજાવો.

----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------

૪. મનોવિશ્લેષણવાદી નારીવાદ સમજાવો.

----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------

૫. અસ્તિત્વવાદી નારીવાદ સમજાવો.

----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------

# ભારત અને ગુજરાતમાં નારીવાદી ચળવળ અને વિવિધ અભિગમો તથા કેટલાક અભ્યાસો :

## ૨.૧ પ્રસ્તાવના :

વિશ્વ જ્યાં સુધી શાંતિમાં ન જીવે ત્યાં સુધી સ્ત્રી સતત બીજા સ્થાનેજ રહે છે, કારણ યુધ્ધમાં અને યુધ્ધબાદ સ્ત્રીઓ તકલીફમાં મુકાય છે. માત્ર શાંતિના સમયમાં જ વિકાસની, સમાનતાની, લોકશાહીની ચર્ચા શકય બને છે.

ભારતમાં નારી માટે કોઈએ જો સૌપ્રથમ વિચાર્યુ હોય તો તે રાજા રામમોહનરાય. રાજા રામમોહનરાયથી મહાત્મા ગાંધી સુધી અનેક સંવેદનશીલ વિદ્વાનો, વિચારકો તથા સંવેદનશીલ નેતાઓએ સ્ત્રી સમાનતા, કલ્યાણ માટે ચળવળ ઉપાડી. નારીની સમસ્યાઓ, દુઃખ શોષણ, અસમાનતાઓને લક્ષમાં લઈ અનેકવિધ ચર્ચાઓ થઈ અને ઉપાયો યોજાયા તેને નારી આંદોલન કે ચળવળ કહી શકાય. કારણ આ આંદોલનો સમગ્ર સમાજવ્યવસ્થાને કે મૂલ્યને બદલવા માટે હોય છે. આંદોલનો વિવિધ પ્રકારનાં હોય છે. આ આંદોલન સમાજમાં પરિવર્તન લાવવા માટેનો સંગઠિત સામૂહિક પ્રયત્ન કહી શકાય. દરેક આંદોલનનું ધ્યેય સમાજરચના અને મૂલ્યવ્યવસ્થામાં પરિવર્તન લાવવાનું હોય છે.

સ્વાતંત્ર્યપૂર્વે સમાજસુધારકોએ સાંપ્રત સમાજના રીતરિવાજો ટીકાત્મક દૃષ્ટિથી તપાસવા, ઉદારમતવાદી વિચારસરણીથી સમાજને તપાસ્યો, વિશ્લેષણ કર્યું. રાજા રામમોહનરાયે સ્ત્રીની અસ્તિત્વ અંગેની સમસ્યાને હાથ ધરી અને સીમાવર્તી ઉકેલ લાવી આપ્યો. માત્ર પતિના અસ્તિત્વથી જ પત્નીનું અસ્તિત્વ ટકી શકે એ વાત દૂર કરી દીધી. આ સમયગાળામાં સામાજિક સુધારકોએ સમાજસુધારાઓ માટે જેહાદ જગાવી સમગ્ર સમાજમાં પછાત ગણાય તે બધું દૂર કરી કંઈક નવું સુધારાવાદી દાખલ થવું કરવું એ એમનો ધ્યેય હતો. આ દરમ્યાન જ પુનરુત્થાનવાદીઓએ ભારતના ભવ્ય ભૂતકાળને ઉજાગર કરી આ માત્ર આપણને ફરી પુનઃ જીવિત કરવાનો પ્રયાસ છે એવું કહી પ્રાચીન ભારતને, તેનાં મૂલ્યોને, આદર્શોને, જીવન દર્શનને જીવંત કરવાનો પ્રયાસ કર્યો. રાજા રામમોહન રાયે સતીનો પ્રશ્ન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા પુનઃલગ્ન અને કુલીનપ્રથા વિરોધી અવાજ ઉઠાવ્યો. મહાદેવ ગોવિંદ રાનડે, ધોંડો કેશવ કર્વે, નર્મદ, કરસનદાસ મૂળજી, મહિપતરામ વગેરેએ આ સમાજ સુધારામાં વિધેયાત્મક સૂર પુરાવ્યો. ગુજરાતમાં,ખાસ મહત્વની વાત એ હતી કે નર્મદ, દલપતરામ, મહિપતરામ અને ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સાહિત્યકારોએ પણ આ લડતને સાહિત્ય દ્વારા ખૂબ સાથ આપ્યો. આ બધી ઝુંબેશને કારણે સ્ત્રીશિક્ષણની ચર્ચા થઈ. આખોય અભિગમ સ્ત્રીઓને પતિના કાર્યમાં સાથ આપનાર તરીકે તૈયાર કરવાનો હતો. મહર્ષિ ધોંડો કેશવ કર્વેએ વિદ્યાપીઠની સ્થાપના કરી. આ કામ દરમ્યાન વિધવાવિવાહ, બાળલગ્ન નાબૂદી, શિક્ષણ વગેરે અંગે સુધારા માટે ચર્ચા થઈ.

આ કામમાં સ્ત્રીને આધુનિક બનવાની વાત હતી, સ્વતંત્ર બનવાની નહીં. આ દરમ્યાન ૧૯૧૭એની બેસન્ટ વીમેન્સ ઈન્ડિયન એસોસિયેશન

૧૯૨૫ નેશનલ કાઉન્સિલ ફોર વીમેન ઈન ઈન્ડિયા
૧૯૨૭ અખિલ હિંદ મહિલા પરિષદ
ગુજરાતમાં 'સ્ત્રી મિત્ર' અને 'સુંદરી સુબોધ' જેવાં સામયિકો આવ્યાં. મહાત્મા ગાંધીએ રાજકારણમાં પ્રવેશ કર્યો અને સ્ત્રીઓને પ્રવેશ અપાવ્યો.
ઈ.સ. ૧૯૧૭માં સ્ત્રી મતાધિકાર માટે સરોજીની નાયડુ સ્ત્રીઓના મતાધિકારને પ્રશ્ને મોન્ટેગ્યુ અને ચેમ્સફર્ડને મળ્યાં. ઈ.સ. ૧૯૧૮ની કોંગ્રેસમાં સરોજીની નાયડુએ આ અંગે ઠરાવ રજૂ કર્યો. આ બધી કાર્યવાહીને કારણે સ્ત્રીને મતાધિકાર મળ્યો પણ મત આપવાનો અધિકાર નીચેની શરતોએ મળ્યો :
(૧) સ્ત્રીના પતિ મિલકત અંગેની મતાધિકારની લાયકાત ધરાવતા હોય અને જેની ઉંમર ૨૫ વર્ષની હોય.
(૨) મિલકતની લાયકાત ધરાવનાર પુરુષની ૨૫ વર્ષની ઉપરની વય ધરાવતી વિધવા.
(૩) જે સ્ત્રી સ્નાતક હોય અને ૨૧ વર્ષથી ઉપરની વયની હોય.
અખિલ હિંદ મહિલા પરિષદે આ સૂચનાનો સખત વિરોધ કર્યો. આ વિરોધને કારણે ઈ.સ. ૧૯૩૫માં સ્ત્રી સ્નાતક હોય તો મતાધિકાર મળે એવો સુધારો કરવામાં આવ્યો. આનો અખિલ હિંદ મહિલા પરિષદે સખત વિરોધ કર્યો. અખિલ હિંદ મહિલા પરિષદે કોઈપણ પ્રકારની મહેરબાની સ્વીકારવાની ના પાડી. ઈ.સ. ૧૯૪૧માં સ્ત્રી સંસ્થાઓની સંગઠિતતાએ સ્ત્રી મતદાતાઓનું પ્રમાણ ૧:૨૦ હતું તેને બદલે ૧:૫ થયું. ૧૯૩૫ની ચૂંટણીમાં ૪૧ બેઠકો સ્ત્રી અનામત હતી અને સ્ત્રીઓ સામાન્ય બેઠકો ઉપર ઉમેદવારી નોંધાવી ચૂંટાઈ આવી હતી.
આ ગાળા દરમ્યાન હિન્દુ કોડ બિલ અંગે ચર્ચા શરૂ થઈ. ઈ.સ. ૧૯૪૧માં સરકારે હિન્દુ કાયદા મિશન નીમ્યું. હિન્દુ કોડ બિલની ચર્ચાએ મહિલા સંગઠનોના સંગઠિત બળની મહત્તા દર્શાવી. સ્ત્રીઓના દરજ્જા અંગેના પ્રશ્નની ચર્ચા કેન્દ્રસ્થાને રહી. આ બધી ચર્ચા દરમ્યાન પિતૃસત્તાક મૂલ્યની રાષ્ટ્રવાદીઓ અને ઉદારમતવાદીઓ ઉપર પણ કેટલી દૃઢ હતી તે વાત સ્પષ્ટ બની.
આ ગાળા દરમ્યાન ઈ.સ. ૧૯૩૮માં ભારતમાં આયોજન અંગે ચર્ચા શરૂ થઈ અને ૨૯ પેટાસમિતિઓમાં એક સમિતિ 'આયોજિત અર્થતંત્રમાં સ્ત્રીઓની ભૂમિકા' અંગે પણ રચવામાં આવી. આ સમિતિમાં સરોજીની નાયડુ, હંસા મહેતા તેમજ વિજયાલક્ષ્મી પંડિતનો સમાવેશ કરવામાં આવ્યો. સમાજસુધારકોએ કલ્યાણ અભિગમથી કાર્યની શરૂઆત કરી. ઈ.સ. ૧૯૨૦ પછી સ્ત્રીઓને સમાન હક્ક માટે લડત હાથમાં લીધી હતી. અલબત્ત સ્ત્રીને વ્યક્તિ તરીકે સમજવાની શરૂઆત ત્યાં સુધી થઈ નહોતી. ઈ.સ. ૧૯૫૪માં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા ભારતીય મહિલા રાષ્ટ્રીય ફેડરેશનની સ્થાપના કરી. ત્યાર બાદ મહિલા દક્ષતા સમિતિ નીમાઈ. All India Democratic Women Association ની સ્થાપના થઈ. આઝાદી પછી ઈ.સ. ૧૯૬૦ સુધી ખાસ ધારદાર ચળવળો જોવા મળી નહીં. જે સ્ત્રીઓ આગેવાન હતી તે બધી રાજ્યસત્તાની ભાગીદારી બની. અને સ્ત્રી ચળવળ થોડી શાંત થઈ. અલબત્ત ઉચ્ચ કે મધ્યમ વર્ગ વિકાસ પામવાની પ્રક્રિયામાં મશગૂલ બન્યા. પણ મજૂર સ્ત્રીઓએ પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ,બિહાર અને કેરાલામાં નક્સલવાદી ચળવળમાં જોશભેર ભાગ લીધો. ચીપ-કો આંદોલન તો સંપૂર્ણપણે સ્ત્રીઓનું જ બની ગયું. ઈ.સ. ૧૯૭૦માં મહારાષ્ટ્રમાં શાહદા ખાતે સ્ત્રીઓએ દારૂ, પતિનો માર વગેરે સંગઠિત થઈ લડત ચાલુ કરી. ઈ.સ.

૧૯૭૨માં ઈલાબેન ભટ્ટે અસંગઠિત ક્ષેત્રની બહેનોને સંગઠિત કરી એક વ્યવસ્થિત લડાઈ ચાલુ કરી. ઈ.સ. ૧૯૭૪માં બહાર પાડેલા Towards Equality ના દસ્તાવેજે જાહેર કર્યું કે બંધારણમાં અપાયેલ ખાત્રી છતાં સ્ત્રીનો વિકાસ ખૂબ ઓછા પ્રમાણમાં થયો છે અને વિકાસની અવળી અસર સ્ત્રીઓ પર થઈ છે. સ્ત્રીઓની સમાનતાની ચળવળ અનેકવિધ તબક્કાઓમાંથી પસાર થઈ છે અને વિવિધ અભિગમો તથા દષ્ટિકોણો અભિવ્યક્ત કરે છે.

Towards Equality ને લીધે સ્ત્રીઓ અંગેની એક ઊભી થયેલી છાપ ભૂંસાઈ કારણ મધ્યમવર્ગની શિક્ષિત વાચાળ બહેનોને કારણે સ્ત્રીઓએ સમાનતા પ્રાપ્ત કરી છે એ વાત ચર્ચાઈ રહી હતી. અને સ્ત્રી અંગેનો વિચાર વિવિધ દષ્ટિકોણથી થવો જોઈએ એવી ચર્ચા શરૂ થઈ. સ્ત્રીઓ એટલે માત્ર શહેરી મધ્યમ વર્ગની સ્ત્રીઓ નહીં પરંતુ સ્ત્રીની ભૂમિકાનો દરજ્જો વિવિધ રીતે, વિવિધ દષ્ટિકોણોથી તપાસવો જોઈએ એવી ચર્ચા શરૂ થઈ. સ્ત્રીઓને કોઈ એક જ સ્તરે ન જોઈ શકાય એવી સભાનતા અને સમજ સ્પષ્ટ થઈ. ઈ.સ. ૧૯૭૫માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે જાહેર કર્યું અને તે જ વર્ષમાં પ્રથમ વિશ્વ મહિલા સંમેલન મેક્સિકોમાં(દક્ષિણ અમેરિકા) યોજાયું. આ સંમેલને 'સમાનતા, વિકાસ અને શાંતિ' ને મધ્યવર્તી વિચાર તરીકે સ્વીકાર્યો હતો. આ પરિષદમાં સમાનતા અંગે વિશદ છણાવટ કરવામાં આવી. સ્ત્રીઓને બધા જ ક્ષેત્રમાં સહભાગી બનાવવાની ચર્ચા થઈ. વિશ્વના શાંતિના પ્રયાસોમાં સ્ત્રીને પણ સહભાગી બનાવવાની ચર્ચા થઈ. ઈ.સ. ૧૯૭૫થી ઈ.સ. ૧૯૮૫ સુધીના દાયકાને મહિલા દાયકા તરીકે જાહેર કરવામાં આવ્યો. આ દાયકામાં જિલ્લા કક્ષાએથી, રાજ્ય અને રાષ્ટ્રભરમાં સ્ત્રી પ્રશ્નો, સ્ત્રી સમસ્યાઓ અંગે ચર્ચાઓ થઈ. કાર્યક્રમો યોજાયા અને સંગઠનો રચાયાં. ભારતમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીની શરૂઆત થઈ. મહારાષ્ટ્રમાં દેવદાસીઓનું સંમેલન યોજાયું, સમગ્ર ભારતમાં સ્વાયત્ત સ્ત્રી જૂથોની શરૂઆત થઈ. આ ગાળામાં કલ્યાણ અભિગમમાંથી સમાનતા અભિગમની શરૂઆત થઈ. ઈ.સ. ૧૯૭૪માં આંધ્રપ્રદેશના હૈદ્રાબાદમાં Progressive Organisation of Women (POW)ની શરૂઆત થઈ. સ્ત્રી સમાનતા, સ્ત્રી શોષણ અને સ્ત્રી દમન અંગે ચર્ચાઓ શરૂ થઈ. સ્ત્રીઓની સમસ્યાઓ અંગે ખૂબ ચર્ચા શરૂ થઈ. ભારતમાં આ સમયગાળા દરમ્યાન સ્થાનિક કક્ષાથી આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી અનેક સ્વાયત્ત જૂથો પોતાની સમજ, ધ્યેયો, ઉદ્દેશ, કાર્યક્રમ અને સભાનતાને આધારે આ આંદોલનમાં જોડાયા. પોતપોતાની કક્ષા,નેતાગીરી, પ્રશ્નો અંગેની સમજ, સંદર્ભજૂથો, સ્ત્રી સમાનતા, કલ્પના અને તબક્કા અનુસાર અનેક જૂથો રચાયાં. ઈ.સ. ૧૯૭૫ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ અને દાયકાને કારણે સ્ત્રીઓ અંગેની ઘણી માહિતી દશ્યમાન થઈ. સંચાર માધ્યમોએ આ બાબતને ખૂબ મહત્ત્વ અને પ્રાથમિકતા આપી અને તેને કારણે સમગ્ર ભારતમાં તેની વિવિધ અસરો જોવા મળી. રાજા રામમોહનરાયના પ્રયત્નો પછી શરૂ થયેલ વિવિધ સમાજસુધારકોએ હાથ ધરેલ કાર્યક્રમો કલ્યાણ અભિગમથી કાર્યરત હતા. પણ આ તબક્કામાં સમાનતાના પ્રશ્નો અને અધિકાર પ્રાપ્ત થવા જોઈએ એ અભિગમથી આંદોલનો થયાં. સ્ત્રીઓ અંગે અભ્યાસો થવા લાગ્યા એટલે સ્ત્રીઓ અંગે પ્રવર્તમાન ખ્યાલોમાં પણ પરિવર્તનો આવ્યાં.

આ સમયગાળા દરમ્યાન સ્ત્રી દમન, શોષણ, દરજ્જો, સમાજની અન્યાય અને ભેદભાવભરી નીતિ અંગે ચર્ચા શરૂ થઈ, પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા. વિવિધ મૂલ્યો,

ધોરણો, બેવડાં ધોરણો, અલગ માપદંડો અંગે ચર્ચા શરૂ થઈ. પિતૃસત્તાક સમાજવ્યવસ્થા અંગે ચર્ચા શરૂ થઈ. પિતૃસત્તાક મૂલ્યો અને માળખાં અંગે વિશ્લેષણો તથા ચર્ચા શરૂ થઈ.

આ આંદોલનના તબક્કામાં અનેક મહિલા સંસ્થાઓ ઉદ્‌ભવી અને અનેક ધાર્મિક જૂથોએ પણ મહિલા પાંખ શરૂ કરી. આ બધા જ પ્રકારનાં સંગઠનોની પ્રવૃત્તિઓમાં એવું સ્પષ્ટ જોવા મળ્યું કે મોટા ભાગનાં જૂથો એવું માનતા હતા કે માત્ર કાયદો કંઈ જ નહીં કરી શકે. સમાજની ભાગીદારી આવશ્યક છે. આ સમય દરમ્યાન જનજાગૃતિ અંગે તથા ચોક્કસ મુદ્દાને કેન્દ્રસ્થ કરી આંદોલનમાંથી ઉદ્‌ભવેલા સ્ત્રીજાગૃતિ માટે કાર્ય કરતાં જૂથો જોવા મળ્યાં. સ્ત્રી સમાનતાને મુદ્દે સ્ત્રીને થતા અન્યાય માટે લડતાં જૂથો, આશ્રય આપનાર જૂથો, વિવિધ વ્યાવસાયિક જૂથો, સ્વૈચ્છિક સંસ્થાઓની મહિલા પાંખો, રાજકીય જૂથોની મહિલા પાંખો તથા નારી અંગે અભ્યાસ કરતાં જૂથો એમ વિશિષ્ટ જૂથો ઉદ્‌ભવ્યાં. આ પ્રકારના જૂથોમાં મહદ્ અંશે સ્ત્રીઓની આગેવાની હેઠળ સ્ત્રીઓ સંગઠિત બનતી જોવા મળી. આ તબક્કામાં સ્ત્રીઓને મન દમન,શોષણ, અન્યાય અને ભેદભાવ સામે લડત આપવી મહત્ત્વની હતી. આ તબક્કામાં સ્ત્રીઓ પોતાની સ્વાયત્તતા સચવાય તેટલી સાવધ, ચોક્કસ અને સ્પષ્ટ હતી. આ તબક્કાનાં જૂથો Line Organisation નહોતાં. બધી જ લડતો, જૂથો અવિધિસરનાં, ખુલ્લા માળખા અને કાર્યપદ્ધતિ તથા વિચારસરણી ધરાવતી હતી. અહીં સ્ત્રી જૂથોમાં સંપૂર્ણ પારદર્શી ચર્ચાઓ, પદ્ધતિઓ જોવા મળી. નિર્ણય લેનાર અને અનુસરનાર એમ બે જૂથો નહિ પણ ભાગીદારી સંપૂર્ણપણે જોવા મળી. સ્ત્રીને સ્ત્રી તરીકે સહન કરવા પડતા તમામ ભેદભાવો સામે આ લડત હતી. મોટા ભાગની લડતો સ્વયંભૂ, સ્વયંસ્ફૂરિત કે ગણતરી વિનાની હતી. મહદ્ અંશે આ આંદોલનો નીચે મુજબ હતાં :

૧. દહેજ વિરોધી આંદોલન
૨. સતી વિરોધી આંદોલન
૩. બળાત્કાર વિરોધી આંદોલન
૪. કૌટુંબિક હિંસા વિરોધી આંદોલન
૫. સ્ત્રીઓ અંગેના ખરાબ ખ્યાલ (સભ્યતા વિરુદ્ધ પોસ્ટર્સ), છેડતી, જાતિય સતામણી વિરોધી આંદોલન
૬. પર્યાવરણ મદદકર્તા આંદોલન

## ૨.૨.૧ દહેજ વિરોધી આંદોલન :

પિતૃસત્તાક વ્યવસ્થાના સર્વસામાન્ય દૂષણ તરીકે દહેજને સ્વીકારવામાં આવ્યું છે. સમાજમાં સ્ત્રીના નીચા દરજ્જાની દહેજ સાબિતી આપે છે. સમાજમાં પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષને કુટુંબનો આંતરિક મામલો સમજવામાં આવે છે. કન્યાના બાપને સતત વરના બાપ કરતાં હીન સમજવામાં આવે છે. અને અધિકારની રૂએ કન્યાના પિતા પાસે વરપક્ષ સતત ભૌતિક બાબતોની માગણી કરતો રહે છે. આ માંગણીઓ જ્યારે કન્યાના પિતા સંતોષી ના શકે ત્યારે સ્ત્રીને આત્મહત્યા સિવાય આરો રહેતો નથી અને તેને તે રસ્તે ધકેલવામાં આવે છે. ક્યારેક તેને નાટકીય ઢબે મારી નાંખી, ચા બનાવતા દાઝી ગઈ, રસોઈ બનાવતાં સ્ટવ ફાટ્યો વગેરે દૃશ્યો ઊભાં કરવામાં આવે છે. આ સમયગાળા

દરમ્યાન સ્ત્રી સંસ્થાઓએ તેને મહત્ત્વના કાર્ય તરીકે પ્રાધાન્ય આપ્યું અને સંચાર માધ્યમોએ તેની ઉપર તેજાબી હુમલો કર્યો. દિલ્હીમાં દહેજ વિરોધી મંચની સ્થાપના થઈ. સંસ્થાઓએ ચર્ચાસભાઓ, શેરી નાટકો, પોસ્ટરો, દેખાવો, વર્તમાનપત્રોમાં લેખો તથા સામયિકોમાં કોલમો લખ્યા.

ઈ.સ. ૧૯૭૫માં હૈદ્રાબાદમાં POW પ્રોગ્રેસીવ ઓર્ગેનાઝેશન ઓફ વીમેને દહેજ વિરોધી આંદોલનની શરૂઆત કરી. લગભગ ૨૦૦૦ નાગરિકોએ આ આંદોલનમાં ભાગ લીધો. ઈ.સ. ૧૯૭૯માં દિલ્હીમાં મહિલા દક્ષતા સમિતિએ સળગી જવાના બનાવો અંગે તપાસ કરી. તે આત્મહત્યા કે અકસ્માતના બનાવો નથી પણ ખૂન કે હત્યાના બનાવો છે એવું જાહેર કરાયું. દિલ્હીના મોડેલ ટાઉન વિસ્તારમાં તરવિંદર કૌરના આવા મૃત્યુના અનુસંધાને 'સ્ત્રીસંઘર્ષ' નામનો મંચ સ્થાપ્યો. દિલ્હીમાં કંચન ચોપ્રા, કલકત્તામાં દેબજા, રાંચીમાં નિવેદિતા દત્તા, પુનામાં મંજૂશ્રી સારડા, અમદાવાદમાં વર્ષા, આણંદમાં કોકીલા વગેરે કેસોએ આવી વિવિધ સંસ્થાઓની શરૂઆત કરી. આવાં આંદોલનોમાં સાસરિયાનો બહિષ્કાર, જાહેર અપમાન, કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા. સમગ્ર શહેરની સંસ્થાઓ એકત્ર કરાઈ, ક્યાંક નાગરિકોનો સાથ લેવાયો, ક્યાંક કેસ દાખલ કરવામાં આવ્યાં. યુવાનોને દહેજ લઈશું નહિ અને યુવતીઓને દહેજ આપીશું નહી જેવી પ્રતિજ્ઞા જાહેરમાં લેવડાવી. દેશભરમાં વ્યાપક રીતે આવાં અનેક આંદોલન થયાં. ઈ.સ. ૧૯૬૧ના દહેજ પ્રતિબંધક ધારામાં પરિવર્તન લાવવાનું નક્કી કરવામાં આવ્યું. ઈ.સ. ૧૯૮૪માં નવો દહેજ પ્રતિબંધક પસાર કરવામાં આવ્યો.આ ધારામાં દહેજ ઉપર પ્રતિબંધ નથી મુકાયો પણ દહેજની રકમ ઉપર મર્યાદા મૂકવામાં આવી. સૌથી મહત્ત્વની બાબત એ બન કે ભારતીય દંડ સંહિતા - IPCમાં ૪૯૮ 'અ' નો સમાવેશ કરવામાં આવ્યો. આ કાયદામાં સાસરિયા દ્વારા સ્ત્રી પર થતાં શારીરિક અને માનસિક ત્રાસને બિનજામીનપાત્ર ગુનો ગણવામાં આવ્યો. લગ્નના પ્રથમ નવ વર્ષમાં જો નવવધૂનું મૃત્યુ થાય તો પોસ્ટમોર્ટમ કરવું ફરજિયાત બન્યું. દિલ્હીમાં દહેજને કારણે થતી ત્રાસની ફરિયાદો માટે મહિલા પોલીસ સેલની વ્યવસ્થા કરવામાં આવી. મુંબઈ, અમદાવાદ, વડોદરમાં આવા ખાસ સેલ સ્થાપવામાં આવ્યા. અલબત્ત આ સેલમાં કોઈપણ પ્રકારની તાલીમ વિના પોલીસને સામાજિક કાર્યકરની ભૂમિકામાં મૂકવામાં આવ્યા, જેથી વલણ કે અભિગમમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નહિ. સૌપ્રથમ દહેજપ્રથા માત્ર ઊંચી જ્ઞાતિઓમાં હતી તેને બદલે નીચી જ્ઞાતિઓમાં પણ પ્રસરી છે. સ્ત્રી એ બોજો છે અને એને જિંદગીભર પાલવવા દહેજ આપવું પડે એવા મતના પ્રસારથી દહેજપ્રથા વધુ પ્રસરી છે. આ જ અરસામાં કાનપુરની ત્રણ નાની દીકરીઓએ સામૂહિક આત્મહત્યા કરી અને તેને કારણે સ્ત્રી માટે સાસરિયા એકલા જ નહિ પણ પિતૃપક્ષમાં પણ તેના નીચા દરજ્જાને કારણે પ્રશ્નો ઊભા થાય છે, એવું સ્પષ્ટ થયું. આ સમગ્ર મુદ્દામાં સમાજમાં સ્ત્રીનો નીચો દરજ્જો, સ્ત્રી અંગેના પ્રત્યક્ષીકરણો, સ્ત્રીઓ અંગેના વલણો અંગે વિશદ છણાવટ થઈ.

## ૨.૨.૨ સતીવિરોધી આંદોલન :

ઈ.સ. ૧૮૨૯માં સતીપ્રથા નાબૂદ કરતો કાયદો રાજા રામમોહનરાયના પ્રયત્નોને કારણે પસાર થયો. પરંતુ ૫૯ વર્ષ બાદ રાજસ્થાનના દેવરાલા ગામે યુવાન વિધાવ

રૂપકુંવરને ફરજિયાત સતી થવાની ફરજ પાડી તેના પતિની ચિતા સાથે બાળી મૂકવામાં આવી. અમલદારો, વહીટદારોનું વલણ તથા આપણા જે તે સમૂહનું પછાતપણું, જંગલી અને ક્રૂર વલણ પ્રદર્શિત કરે છે. સમગ્ર દેશનાં સ્ત્રીસંગઠનોએ આનો ઉગ્ર વિરોધ કર્યો અને ઉગ્ર આંદોલનો કર્યા. સરકારે ખૂબ ઢીલાશ દેખાડી, ખાસ્સા વિલંબ પછી સતી નાબૂદી ધારો પસાર કર્યો. સ્ત્રી સંગઠનોની ભાવના અને લાગણીઓને લક્ષમાં લઈ આ કાયદો પસાર કરવામાં આવ્યો. આ સતીપ્રથાની રૂઢિ હતી તે સ્વીકારી સરકારે આ સતીના ફોટા વેચનારને શિક્ષા કરવી એવી કોઈ જોગવાઈ કાયદામાં કરી નથી. કેટલાંક જૂથોએ આ ધાર્મિક પ્રથા કે લાગણી ઉપર કુઠારાઘાત છે એવી ચર્ચાઓ પણ કરી. આ સમગ્ર ઘટના પતિ-પત્નીના સંબંધો, સમાજની સમજ, સરકારી અમલદારોની નિષ્ક્રીયતા, ઉપેક્ષા દર્શાવે છે.

## ૨.૨.૩ બળાત્કાર વિરોધી આંદોલન :

પિતૃસત્તાક વ્યવસ્થા સ્ત્રીને દ્વિતીય દરજ્જા ઉપર રાખે છે. બળાત્કાર એક નવી ઘટના છે કે જેમાં ગુનેગાર નહીં પરંતુ ગુનાનો ભોગ બનનારને ફરી ફરી ભયંકર યાતનામાંથી પસાર થવું પડે છે. સ્ત્રીના શરીર સાથે કુટુંબની ઈજ્જતને જોડી દેવામાં આવે છે, જેથી ગુનાનો ભોગ બનનારને ચૂપ રહેવાની ફરજ પડે છે. ન્યાયિક કાર્યવાહી પણ ખૂબ લાંબી અને યાતનાપૂર્ણ હોય છે. તેથી મહદ્ અંશે ભોગ બનનાર અને તેનું કુટુંબ ચૂપચાપ તે સહન કરે છે.

ભારતમાં બળાત્કારના કેસમાં પોલીસ અને લશ્કરના માણસો પણ આ ગુનો કરે છે. અને આ આંદોલન આવા જ એક બનાવમાંથી ઉદ્‌ભવ્યું. આમાં લશ્કર દ્વારા બળાત્કારના બનાવો ખૂબ ઓછા બહાર આવે છે. તેઓ પોતાની જાતને આ ગુનો કર્યા પછી પણ બચાવી શકશે એવું સમજે છે. તેથી આ ગુનો આચરે છે. ઈ.સ. ૧૯૭૮માં હૈદ્રાબાદમાં એક સ્ત્રી તેના પતિ સાથે ૯ થી ૧૨ના શોમાં થિયેટરમાં સિનેમા જોવા ગઈ હતી. ઘરે પાછા ફરતા તેને તથા તેના પતિને પકડી લેવામાં આવ્યા અને સ્ત્રી ઉપર પોલીસે બળાત્કાર કર્યો. પતિએ વિરોધ કરતા તેને માર મારીને મારી નાંખવામાં આવ્યો. આવા પોલીસના સત્તા પ્રદર્શનથી હૈદ્રાબાદના ૨૦,૦૦૦ નાગરિકો રસ્તા ઉપર આવી ગયા. તેમણે પોલીસ ચોકીને ઘેરાવ કર્યો, તેની સામે પોલીસે ગોળીબાર કર્યો. ૨૬ જાનહાનિ થઈ. લોકોએ મુખ્યમંત્રીને ઘેરાવ કર્યો. છેવટે રાજ્યપાલ શાસન લાદ્યું અને તપાસ સમિતિ નિમાઈ, ત્યારે આંદોલન શાંત થયું.

સૌથી વધુ મહારાષ્ટ્રમાં બનેલ મથુરા બળાત્કાર કેસે જાગૃતિ ફેલાવી. સ્ત્રી સંગઠનો સક્રિય બન્યા. મહારાષ્ટ્રમાં ચંદ્રપુર નામના ગામે ૧૪ વર્ષની છોકરીને રાત્રે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવી. ત્યાં દારૂ પીધેલી હાલતમાં પોલીસોએ મથુરા ઉપર બળાત્કરા કર્યો. નીચલી કોર્ટે તુકારામ અને ગણપતને નિર્દોષ જાહેર કર્યા પછી હાઈકોર્ટે કસુરવાર ઠેરવી સજા આપી અને સુપ્રિમ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા અને એવી દલીલ ગ્રાહ્ય રાખી કે મથુરાના શરીર ઉપર ઈજાના નિશાન નથી એટલે એણે વિરોધ કર્યો છે એવું સાબિત થતું નથી. ઉપરાંત તેને બીજાં છોકરા સાથે સંબંધ હતો. તેથી તેના ચારિત્ર્ય અંગે સવાલો પેદા કરવામાં આવ્યા. સુપ્રિમ કોર્ટે માત્ર ૧૪ વર્ષની બાલિકાના કેસમાં ગુનેગારને છાવર્યા અને બળાત્કારનો ભોગ બનનારને ગુનેગાર ઠેરવવાનું વલણ અપનાવ્યું. તેથી દિલ્હી

તરીકે સ્વીકારી લેવામાં આવતી હતી. પરંતુ હવે એની સામે અવાજ ઉઠાવાય છે. નારી સંસ્થાઓ સંગઠિત થઈ એનો મુકાબલો કરે છે. તાજેતરમાં સ્ત્રી બાળકીની થતી ભ્રૂણહત્યા એ બાબતની ચરમસીમા છે. માનવની સંવેદનશીલતા અંગે પ્રશ્નાર્થ ખડા કરે છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ માનવામાં આવે છે એ સંસ્કૃતિમાં સંતાનને માત્ર સ્ત્રી હોવાને કારણે મોતને ઘાટ ઉતારી દેવાય છે. આ પાશવી હિંસા છે અને કારણ છે, સ્ત્રી પ્રત્યે સમાજનો વર્તાવ, સ્ત્રીને માત્ર સ્ત્રી હોવાને કારણે જન્મ લેવામાંથી બાકાત રખાય છે. જો જન્મ થઈ જાય તો ૦ - ૪ વર્ષ દરમ્યાન હજારે લગભગ ૧૯ સ્ત્રીઓ મોતને શરણ થાય છે. ઉછેરમાં સંપૂર્ણ ભેદભાવ રખાય છે. સામાજિકરણ દરમ્યાન સ્ત્રીને પોતે પુરુષથી નીચી છે એ ઠસાવી દેવાય છે અને તેથી જ પિતૃસત્તાક વ્યવસ્થાના મૂલ્ય સાચવવા એ સાધન બને છે. દહેજપ્રથા એના અસ્તિત્વ માટે અપમાનજનક પરિસ્થિતિ સર્જે છે. એનું મૂલ્ય વ્યક્તિ તરીકે સ્વીકારાતું નથી, પણ કેટલો દહેજ લાવી શકાય છે, તે રીતે અંકાય છે.પરિણિત સ્ત્રી કૌટુંબિક હિંસાનો ભોગ બને છે. સરેરાશ દર દસ મિનિટે એક સ્ત્રી પોતાના પતિના હાથનો માર ખાય છે. તે સિવાય ગાંધીજીના ગુજરાતમાં પણ રોજ ૧૭ સ્ત્રીઓ કમોતે દમ તોડે છે. કૌટુંબિક હિંસા સમાજની ભયંકર, ક્રૂર અને વરવી પ્રથા દર્શાવે છે. મોટાભાગના ગરીબ કુટુંબોમાં સંતાનો મા પ્રત્યે આચરાતી હિંસાના સાક્ષી બને છે અને વાસ્તવિક્તા તરીકે એને સ્વીકારે છે. સ્ત્રીને સમાજના બાકી બધા પુરુષોથી બચવા એક પુરુષ સાથે રહેવું, તેને સહેવો તે એકમાત્ર વિકલ્પ હોય છે. પતિ તેની સામે જે હિંસા આચરે તેની સામે તેની પાસે કોઈ વિકલ્પ હોતો નથી. પિયર, પડોશી કે પોલીસ બધા જ તેને ત્યાં જ રહેવાનું અને પતિના હૃદય પરિવર્તન કરાવવાની સલાહ આપે છે. તેથી તેને માત્ર હિંસા સતત સહન કરવી પડે છે. ઈ.સ. ૧૯૮૪ સુધી કુટુંબમાં હિંસા થાય તેની સામે તેની પાસે કોઈ કાયદો નહોતો. ૧૯૮૪માં કલમ ૪૯૮ - અ કાયદામાં દાખલ થઈ ત્યારે જ પ્રથમવાર કૌટુંબિક હિંસા સામે સ્ત્રીને રાજ્ય તરફથી મદદ મળી અને આ કલમ પણ દહેજ માટેના ત્રાસ સામે જ લગાડી શકાય એટલે દહેજ ન હોય તો ત્રાસ ન હોય એવું જ માનવામાં આવે છે. આ કલમના ઉપયોગ માટે સ્ત્રી અનેકવિધ તાપ સહન કર્યા પછી જ કાર્યરત બને છે. છતાં પોલીસ તેને સમજાવવાનો પ્રયાસ કરે છે. માત્ર હવે સ્ત્રી સંસ્થાઓની મદદ હોય તો સ્ત્રીને ન્યાય મળવાની સંભાવનાઓ વધે છે. ૪૯૮ - અના ઉપયોગે ધીમે ધીમે સ્ત્રીને મદદ કરવાની શરૂઆત કરી છે.

સ્ત્રીને સૌથી વધુ કનડનાર દારૂ છે અને ભારતમાં અનેક જગ્યાએ દારૂ વિરુદ્ધ સંઘર્ષ થયેલો જોવા મળે છે. બિહારમાં, મહારાષ્ટ્રમાં, શહાદામાં, છત્તીસગઢમાં, હિમાચલ પ્રદેશમાં એમ અનેક જગ્યાએ સ્ત્રીઓએ દારૂ સામે લડત માંડી અને ક્યાંક એમને પરિણામો જોવા મળ્યા. મણિપુરમાં પણ સ્ત્રીઓએ દારૂ સામે જંગ માંડ્યો. ક્યારેક સ્ત્રીઓએ પુરુષના માર સામે પણ ઉગ્ર આંદોલન કરી પુરુષોને ઝુકાવ્યા. આવી અનેક સ્વયંસ્ફૂરિત લડતને કારણે નવા પ્રકારના મદદ કેન્દ્રો સમગ્ર ભારતમાં ઊભાં થયાં. મુંબઈમાં નારી કેન્દ્ર, બાપનું ઘર, દિલ્હીમાં સહેલી, કાનપુરમાં સખી કેન્દ્ર, અમદાવાદમાં અવાજ - આ બધા કેન્દ્રો સ્ત્રીના દુઃખદર્દને સમજી તેને તેના દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરે છે. તેને મદદરૂપ થવા પ્રયાસ કરે છે. આ બધાં જ કેન્દ્રો સ્ત્રીના સવાલને માત્ર વ્યક્તિગત કેસ તરીકે જોતાં નથી. પરંતુ તેને કુટુંબના, સમાજના સંદર્ભમાં સ્ત્રી - પુરુષ આધિપત્ય, સત્તાના સંદર્ભમાં જોવાનો પ્રયાસ કરે છે. આવી સંસ્થાઓ પરસ્પર મદદ

યુનિવર્સિટીના ચાર પ્રોફેસરોએ સુપ્રિમ કોર્ટને વિરોધ વ્યક્ત કરતો ખુલ્લો પત્ર લખ્યો. આ સાથે દેશની ઘણીબધી મહિલા સંસ્થાઓએ વિરોધ કરવાનું નક્કી કર્યુ. મુંબઈના બળાત્કાર વિરોધી મંચે દેશવ્યાપી વિરોધ ઊભો કરવાનું નક્કી કર્યું. આ કેસ આંતરરાષ્ટ્રીય મહિલા દિને ફરી ખોલવા માટે માંગણી કરવાનું નક્કી કર્યું. દેશભરની સ્વૈચ્છિક સંસ્થાઓ કોઈ એક અભિયાન માટે એકત્ર થઈ. નવા સ્ત્રી જૂથો રચાયાં. મોટા ભાગના શહેરોમાં વિરોધ પ્રદર્શનો થયા. આ સાથે જ રાજસ્થાનમાં વિજયનગર, બિહારમાં પટના વગેરે શહેરોમાં પોલીસ બળાત્કાર સામે આંદોલનો થયા. સમગ્ર દેશમાં બળાત્કાર વિરોધી આંદોલન શરૂ થયું. મહિલા સંગઠનો અને ક્રિયાશીલ જૂથોએ બળાત્કાર અંગેના કાયદાની સરકારને ફરી તપાસ કરવાની ફરજ પાડી. ૧૯૮૩માં ફોજદારી ધારામાં સુધારો કરાવ્યો.

બળાત્કારના કેસમાં હજી નારી સંગઠનોએ ધારી સફળતા પ્રાપ્ત કરી નથી. બળાત્કારના કેસમાં પિતૃસત્તાક વ્યવસ્થા અને મૂલ્યોને કારણે સ્ત્રીએ કેવાં કપડાં પહેર્યાં હતાં, તેનું વર્તન કેવું હતું, તેનું ચારિત્ર્ય કેવું છે વગેરે બાબતોની ચર્ચા થાય છે અને સ્ત્રી જ જવાબદાર છે એવી ચર્ચા થાય છે. પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં બળાત્કાર માટે પુરુષને દંડિત કરવાને બદલે સ્ત્રીને જવાબદાર ગણવામાં આવે છે. ગુજરાતમાં નારી આંદોલનના એક કિસ્સામાં સાગબારામાં આદિવાસી બહેન ઉપર પોલીસે બળાત્કાર કર્યો. આ કેસમાં રાજપીપળા સમાજસેવા સંઘ, લોક અધિકાર સંઘ તથા સહિયરે જાત તપાસ કરી આ બનાવની તમામ વિગતોને પ્રજા સમક્ષ મૂકી. આ જાત તપાસને કારણે સુપ્રિમ કોર્ટે સી.બી.આઈ. દ્વારા તપાસ કરી. આ કેસમાં ઉપરોક્ત ત્રણેય સંગઠનો અને પ્રચાર માધ્યમોએ સક્રિય ભાગ ભજવ્યો. અહીં સ્વૈચ્છિક સંગઠનોએ સહી ઝુંબેશ, શેરી નાટકો, જાહેર સભાઓ દ્વારા જનજાગૃતિ લાવી, અને પરિણામે સુપ્રિમ કોર્ટે તપાસ કરાવી અને ગુનેગારને સજા તથા ગુનાના ભોગ બનનારને વળતર અપાવી શક્યા.

દેશભરના સ્ત્રી સંગઠનોએ બળાત્કારના કાયદામાં ફેરફાર થાય તે માટે માગણી કરી. આ ચર્ચાઓ દરમિયાન આ કેસ બંધ બારણે ચાલવા જોઈએ કે જાહેર રીતે - એમાં ઘણી ચર્ચા થઈ કે ભોગ બનનાર માટે બંધ બારણે કેસ ચાલે તે જરૂરી છે, વાજબી છે. પણ જો આ કેસ બંધ બારણે ચાલે તો ન્યાયની પ્રક્રિયા ઉપર લોકોનો અંકુશ કે દબાણ રહે નહીં. આ આંદોલન દરમ્યાન એક બીજો મુદ્દો ખૂબ મહત્ત્વનો બન્યો કે અહીં સાબિતીનો ભાર ફરિયાદી ઉપર નહીં પણ આરોપી પર હોવો જોઈએ. પણ આ બાબત ઉગ્ર ચર્ચાઓ બાદ બે અભિપ્રાયો જોવા મળ્યા. એક જૂથને આ જોગવાઈ થવી જ જોઈએ એવું લાગતું હતું જ્યારે એક જૂથને લાગતું હતું કે આ કલમનો દૂરુપયોગ થશે એવું લાગતું હતું. આ બાબતમાં સ્ત્રી સંગઠનોને ધારી સફળતા પ્રાપ્ત થઈ નથી. આ ચર્ચાઓ દરમ્યાન કોર્ટે કસ્ટોડિયલ રેપ અંગે ચિંતા વ્યક્ત કરી અને એ ગંભીર ગુનો છે એ વાત સ્વીકારી અને કંઈક થવું જ જોઈએ એમ માન્યું. છતાં જેવા સુધારા સ્વૈચ્છિક સંગઠનોએ માગ્યા તેવા થઈ શક્યા નહીં.

## ૨.૨.૪ ઘરેલું હિંસા વિરોધી આંદોલન :

સાંપ્રત સમાજમાં કુટુંબમાં થતી હિંસા પરત્વે જાગૃતિ આવવાની શરૂઆત થઈ છે. કુટુંબમાં સ્ત્રી પ્રત્યે પારાવાર હિંસા આચરવામાં આવે છે. પ્રથમ તો એને સ્ત્રીના નસીબ

પણ લે છે. Networking પણ કરે છે. લોકજાગૃતિ માટે સતત કાર્યશીલ રહે છે. સ્ત્રીઓ પોતાના અવાજને બુલંદ બનાવવા સામયિકો પણ બહાર પાડે છે. ઈ.સ. ૧૯૭૮માં મુંબઈથી ફેમીનીસ્ટ નેટવર્ક, સ્ત્રી સંઘર્ષ, અમદાવાદનું સેવાનું અનસૂયા, અવાજનું નારીવિશ્વ, મધુ કીશ્વારનું માનુષી, મહારાષ્ટ્રમાં બાઈજા - આવા અનેક સામયિકો પણ સ્ત્રીના અવાજને, દ્રષ્ટિકોણને, પ્રત્યક્ષીકરણને સમાજ સુધી પહોંચાડવા કાર્યાન્વિત થયા. આ સિવાય પોસ્ટર્સ, લોકજાગૃતિ માટે રેલી, સભાઓ, ચર્ચા સભાઓ, જાહેર સભાઓના માધ્યમનું વ્યવસ્થિત ઉપયોગ કર્યો છે.

## ૨.૨.૫ સભ્યતા વિરુદ્ધ પોસ્ટર્સ, છેડતી, જાતીય સતામણી વિરોધી આંદોલન :

સ્ત્રીને જ્યાં સુધી ભોગ-વિલાસનું સાધન, વસ્તુ માનવામાં આવે ત્યાં સુધી અનેક પ્રકારના પ્રશ્નોનો સામનો કરવો પડે છે. સ્ત્રી એટલે ઉપભોગનું સાધન એ ખ્યાલને કારણે સ્ત્રીને અનેક ત્રાસના ભોગ બનવું પડે છે. જગતની બધી સ્ત્રીઓને બળાત્કાર કે કુટુંબના ત્રાસનો ભોગ બનવું પડતું નથી પણ છેડતી, જાતીય સતામણીનો ભોગ તો બનવું જ પડે છે. સ્ત્રીની ભયંકર મશ્કરી કરવામાં આવે છે. એને માત્ર વસ્તુના રૂપમાં જ જોવામાં આવે છે. ઈ.સ. ૧૯૮૨માં રેલવેના અલગ કમ્પાર્ટમેન્ટમાં પુરુષ પ્રવેશ સામે સ્ત્રીઓએ આંદોલન કર્યું હતું, કૉલેજમાં થતાં રેગીંગ સામે વિદ્યાર્થીનીઓનું આંદોલન અમદાવાદની એક માત્ર સંસ્થા અવાજનું ખરાબ પોસ્ટર્સ સામેનું આંદોલન. આવાં આંદોલનોએ સ્ત્રી સામે આચરાતા વિવિધ અત્યાચારો સામે પોતાની સમજ પ્રમાણે શક્ય હોય તે સાધનો તથા માધ્યમોથી આંદોલન શરૂ કર્યાં, ચર્ચા જગાવી, પોતાના અવાજને બુલંદ કરી પોતાને થતા ત્રાસ સામે અવાજ ઉઠાવ્યો. સ્વૈચ્છિક સંસ્થા જ્યાં સુધી આવા પ્રકારનું કામ ન હાથ ધરે ત્યાં સુધી આવા કામ મહદ્અંશે થઈ શકતા નથી. આજના સમાજમાં મિડીયાના આક્રમણને કારણે અને અતિરેકને કારણે આ બાબત ગંભીર વિચાર માગી લે તેવી છે.

## ૨.૨.૬ પર્યાવરણ મદદકર્તા આંદોલન :

વિશ્વમાં શ્રમવિભાજન લૈંગિક રીતે જ થયેલું જોવા મળે છે. પુરુષ એટલે ગૃહ બહારના કામ કરે અને સ્ત્રી ઘરના કામ કરે. પુરુષના બધા જ કામમાં અધિકાર, સમય, નિયમ તથા વળતર હોય અને સ્ત્રીના કામમાં કોઈ અધિકાર નહીં માત્ર ફરજ હોય, સમય અંગેના નિયમ ન હોય, અને કામનું વળતર ન હોય. સ્ત્રીએ ઘરનાં બધાં જ કામ કરવાનાં પણ કોઈપણ પ્રકારનું વળતર નહીં. આ પ્રશ્ને સ્ત્રી હવે જાગૃત બની છે. હિમાલયની તળેટીમાં સ્ત્રીઓને લાકડાં, ઘાસ લાવવા માટે ખૂબ તકલીફ પડતી હતી. તેમાં રાજકારણીઓએ વૃક્ષો કાપવાના કોન્ટ્રેક્ટ આપ્યો અને એની સામે સ્ત્રીઓએ વૃક્ષને ચીપકી જઈને વૃક્ષ ન કાપવાં દીધાં અને આંદોલન 'ચીપકો આંદોલન' તરીકે પ્રખ્યાત થયું.
આવા આંદોલનો સ્ત્રીઓની જાગૃતિના તબક્કા, તેમની બદલાતી જતી રણનીતિ, કાર્યસૂચિ, કાર્યપદ્ધત્તિ, બદલાતા માધ્યમો, તેમનાં બદલાતા સંગઠનો દર્શાવે છે.
નારી આંદોલનોએ બુદ્ધિજીવીઓને પણ વિચાર કરવા પ્રેર્યા. નારી અભ્યાસ એ નારી

આંદોલનની વિશિષ્ટતા છે. સ્ત્રીઓ અંગે વિવિધ દષ્ટિકોણથી વિવિધ સમયમાં અભ્યાસ થતા હતા. પહેલા માત્ર ઉપલી જ્ઞાતિની સ્ત્રીઓ અંગે અભ્યાસ થતા, એમના પ્રશ્નો ઉપર ખાસ ધ્યાન અપાતું. ઉદારમતવાદી મૂલ્યોને આધીન સ્ત્રીની પરિસ્થિતિ અંગે વિચાર કરવામાં આવતો. સ્ત્રીઓના કામ અને બેવડા ભાર અંગે ચર્ચાઓ શરૂ થઈ. ઈ.સ. ૧૯૭૪માં "Towards Equality" નો અહેવાલ પ્રસિદ્ધ થયા પછી સમગ્ર અભ્યાસની તરાહ બદલાઈ. આ અહેવાલ બાદ સ્ત્રીઓની વિવિધ ક્ષેત્રમાંની અસમાન પરિસ્થિતિઓનું વિશ્લેષણ શરૂ થયું અને ત્યારબાદ અભ્યાસોના ઉદ્દેશ અને તરાહ બદલાઈ. ભારતીય સામાજિક સંશોધન સંસ્થાએ (Indian Council of Social Science Research) નારી અભ્યાસને સ્વીકૃતિ આપી. સ્ત્રીઓના અભ્યાસોને મદદ આપી. સંશોધન માટે નાણાકીય સંસાધનો ઉપલબ્ધ કરાવી આપવાની શરૂઆત થઈ. ઈ.સ. ૧૯૭૪ બાદ નારી અભ્યાસકેન્દ્રો સ્થપાયાં. ઈ.સ. ૧૯૮૧મા Indian Association of Woman Studiesની સ્થાપના થઈ. આ સંસ્થાએ આંદોલન અને અભ્યાસને સાંકળ્યા. ઈ.સ. ૧૯૮૬થી University Grants Commission આ સ્ત્રી અભ્યાસને સ્વીકૃતિ આપી. કેટલીક યુનિવર્સિટીઓમાં સ્ત્રી અભ્યાસકેન્દ્રોની સ્થાપના કરી.ઈ.સ. ૧૯૭૦ના દસકા પછી નારી આંદોલન અને નારી અભ્યાસની તરાહ બદલાઈ. ઈ.સ. ૧૯૭૫ થી ૧૯૮૫ સુધી જે અભ્યાસો અને આંદોલન થયાં તેનાથી સ્ત્રીઓ અંગેના મુદ્દા રાજકારણમાં કેન્દ્રસ્થાને આવ્યા. સ્ત્રીઓના પ્રશ્નો માત્ર કાયદાથી ઉકલશે નહીં પરંતુ એના પ્રશ્નોને ઊકેલવા સમાજની ભાગીદારી જોઈશે. સ્ત્રી અભ્યાસ માટે વિવિધલક્ષી દષ્ટિકોણની આવશ્યક્તા છે. માધ્યમોએ પણ સ્ત્રી-જાગૃતિ માટે વિધેયાત્મક ભૂમિકા ભજવી. સરકારની તાલીમ સંસ્થાઓ,-રાજકીય પક્ષોએ મહિલા પાંખ ધારદાર બનાવી. ઈ.સ. ૧૯૭૫ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ પછીના મહિલા દાયકામાં નારી આંદોલન અને નારી અભ્યાસોમાં આમૂલ પરિવર્તન આવ્યું. માત્ર ઉદારમતવાદ નહીં પરંતુ પિતૃસત્તાક વ્યવસ્થાનાં માળખાં અને મૂલ્યો અંગે ચર્ચા શરૂ થઈ. ઈ.સ. ૧૯૮૫ સુધી અનેક નિષ્ણાતો અને અનેક વિદ્યાશાખાના વ્યાવસાયિકો નારી અભ્યાસ સાથે સંકળાયા. આંદોલનનો વ્યાપ વધ્યો. સરકારો તથા વિશ્વ સંસ્થાઓને સ્ત્રીઓ અંગે વિચારવાની ફરજ પડી. Women Empowerment અને Genderજેવી વિભાવનાઓ વપરાવા લાગી. ઈ.સ. ૧૯૮૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘના વિશ્વ મહિલા દાયકાની સમાપ્તિ થઈ. નૈરોબી ખાતે ત્રીજી વિશ્વ મહિલા પરિષદમાં સ્ત્રીઓના પ્રશ્ને Stock taking અને accounting થયું. વિશ્વના નારી આંદોલનકારીઓએ એકત્ર થઈ વિશ્વની સરકારો સુધી મત પહોંચાડ્યો. ઈ.સ. ૨૦૦૦ની સાલ સુધી સ્ત્રીઓના વિકાસ અંગે વ્યૂહરચના થઈ. નારી સંગઠનોએ એકત્ર થઈ ઈ.સ. ૧૯૯૩માં વિયેનામાં ભરાયેલ માનવ અધિકાર પરિષદમાં સ્ત્રીઓને માનવ અધિકાર મળવા જ જોઈએ અને સ્ત્રી અધિકારનો ભંગ માનવ અધિકારનો ભંગ છે તે સ્વીકારવા દબાણ લાવ્યા. ઈ.સ. ૧૯૯૪માં કૈરો ખાતેની વસ્તી અને વિકાસની આંતરરરાષ્ટ્રીય પરિષદમાં સ્ત્રીઓના પ્રજનન અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્વીકાર કરાવી શક્યું. ઈ.સ. ૧૯૯૫માં ચીનમાં બેજિંગ ખાતે યોજાયેલ સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિષદ ભરાઈ ત્યારે વિશ્વભરના બિનસરકારી સંસ્થાના ૩૦૦૦ સભ્યોએ ભાગ લીધો. સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિષદમાં પશ્ચિમના દેશોનું વર્ચસ્વ હતું. એમણે મુખ્યત્વે IMF અને World Bankની નીતિઓના અનુસંધાનમાં સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા શું કરી શકાય તેની ચર્ચા કરી. જ્યારે નારી

કાર્યકર્તાઓએ ગરીબી, શિક્ષણની અસમાન તકો, સ્વાસ્થ્ય સેવાની અસમાન તકો, સ્ત્રી પરત્વે હિંસા, પિતૃસત્તાક વ્યવસ્થા, બાળકીના અધિકાર, સત્તાની વહેંચણી અંગે ચર્ચા કરી. આ ચર્ચાની અસરો વૈશ્વિક સંસ્થાઓ ઉપર પણ થઈ. ભારતમાં સૌપ્રથમ છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ઈ.સ. ૧૯૮૦-૮૫માં 'સ્ત્રી અને વિકાસ' વિષય ઉપર એક પ્રકરણ લખાયું. સ્વતંત્રતાથી આજ સુધી સ્ત્રીકલ્યાણ કરવું જોઈએ અને તેને નબળા જૂથ તરીકે જ જોવામાં આવી છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં પણ સ્ત્રીને વ્યક્તિ તરીકે જોવામાં આવી નથી. હજી કુટુંબને જ એકમ જોવામાં આવે છે. સાતમી પંચવર્ષીય યોજના(૧૯૮૫-૯૦)માં સ્ત્રી સમાનતા અને સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ ઊભા કરવાની વાત થઈ. ઈ.સ. ૧૯૮૫માં માનવ સંસાધન વિકાસ મંત્રાલયમાં મહિલા અને બાળવિકાસ ખાતુ ખોલવામાં આવ્યું. ઈ.સ. ૧૯૮૮માં National Perspective Plan તૈયાર કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૮૮માં સરકારે જાગૃતિકરણની શિબિરો તથા કાનૂની સલાહકેન્દ્રો માટે ફંડ આપવાની શરૂઆત કરી. શિક્ષણ ખાતા હેઠળ મહિલા સામર્થ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સરકારે બિનસરકારી સંગઠનોના પ્રતિનિધિઓને પોતાનામાં સામેલ કરવા માંડ્યા. સ્વૈચ્છિક સંગઠનોએ સ્ત્રીઓ માટે કાર્ય કરવા માંડ્યું. ટ્રેડ યુનિયનો તથા રાજકીય પક્ષોએ પોતાના સંગઠનોમાં મહિલાઓ માટે ખાસ પાંખો ખોલી. નારીવાદી કાર્યકરોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. અમદાવાદમાં સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન સરકારી તાલીમશાળાએ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સરકારી અધિકારીઓને તાલીમ આપવા મહિલા સેલની સ્થાપના કરી. નારી આંદોલનમાં રાષ્ટ્રીય આંદોલનના રાષ્ટ્રીય સંમેલનો પણ યોજાયાં. ઈ.સ. ૧૯૮૧મા Indian Association for Woman Studiesની સ્થાપના થઈ ત્યાર પહેલા પણ ઈ.સ. ૧૯૭૪માં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીએ, ટાટા ઈન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ સ્ટડીઝ, સેન્ટર ફોર ડેવલપમેન્ટ સ્ટડીઝ, ઈન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ સ્ટડીઝ જેવી સંસ્થાઓએ સ્ત્રીઓ અંગેના અભ્યાસ હાથ ધર્યા. યુ.જી.સી.એ પ્રથમવાર અને પછી દસ યુનિવર્સિટીઓમાં અને પછી બીજા ૧૦ એમ ૩૨ સ્ત્રી અભ્યાસકેન્દ્રોની સ્થાપના કરી.

## ૨.૩ ગુજરાતમાં નારી આંદોલન

ભારતનું સ્વાતંત્ર્યપ્રાપ્તિનું આંદોલન ગુજરાતમાંથી જ ઉદ્ભવ્યું હતું. આંદોલનો વિવિધ પ્રકારના હોય છે. આંદોલનો સમગ્ર સમાજવ્યવસ્થા કે મૂલ્યો બદલવા માટેના હોય છે. આ સંગઠિત કે સામૂહિક પ્રયાસ હોય છે. સામાજિક આંદોલન હેતુ, વિચારસરણી, કાર્યક્રમો,નેતૃત્વ અને સંગઠન ધરાવે છે. જ્યારે સ્ત્રીઓના પ્રશ્નો કેન્દ્રસ્થ બને ત્યારે તે નારી આંદોલન તરીકે ઓળખી શકાય છે. નારી આંદોલન એટલે સ્ત્રી - સમાનતા અને સ્ત્રી - વિમુક્તિના ઉદ્દેશ્યો હાંસલ કરવાનો સંગઠિત પ્રયાસ. ગુજરાતમાં ઉદારમતવાદીઓના સમર્થકો નર્મદાશંકર, કરસનદાસ મૂળજી અને મહિપતરામ નીલકંઠે સ્ત્રીઓની સમસ્યાઓ સમજી, તેના ઉકેલો દર્શાવવાનું કાર્ય કરતા હતા. તેઓએ કન્યા કેળવણીની ઝુંબેશ ઉપાડી હતી. નારી આંદોલન સાથે ત્યારે સામાજિક સુધારણા પણ હાથ ધરાઈ હતી. પુનરુત્થાનવાદી વિચારકોએ ભારતના ભવ્ય ભૂતકાળને ઉજાગર કર્યો. સાથે સાથે રાષ્ટ્રીય ભાવનાને જગાડવા પ્રયત્ન કર્યો. આ વિચારધારામાં સ્ત્રીઓના પ્રશ્નો મોખરે હતા. સતીપ્રથા, વૈધવ્ય, બાળલગ્ન, પડદાપ્રથા, નિરક્ષરતા વગેરે પુનરુત્થાનવાદીઓએ સ્ત્રીઓના પ્રશ્નોને મહત્તા આપી. નર્મદ અને કરસનદાસ

આંદોલનની વિશિષ્ટતા છે. સ્ત્રીઓ અંગે વિવિધ દૃષ્ટિકોણથી વિવિધ સમયમાં અભ્યાસ થતા હતા. પહેલા માત્ર ઉપલી જ્ઞાતિની સ્ત્રીઓ અંગે અભ્યાસ થતા, એમના પ્રશ્નો ઉપર ખાસ ધ્યાન અપાતું. ઉદારમતવાદી મૂલ્યોને આધીન સ્ત્રીની પરિસ્થિતિ અંગે વિચાર કરવામાં આવતો. સ્ત્રીઓના કામ અને બેવડા ભાર અંગે ચર્ચાઓ શરૂ થઈ. ઈ.સ. ૧૯૭૪માં "Towards Equality" નો અહેવાલ પ્રસિદ્ધ થયા પછી સમગ્ર અભ્યાસની તરાહ બદલાઈ. આ અહેવાલ બાદ સ્ત્રીઓની વિવિધ ક્ષેત્રમાંની અસમાન પરિસ્થિતિઓનું વિશ્લેષણ શરૂ થયું અને ત્યારબાદ અભ્યાસોના ઉદ્દેશ અને તરાહ બદલાઈ. ભારતીય સામાજિક સંશોધન સંસ્થાએ (Indian Council of Social Science Research) નારી અભ્યાસને સ્વીકૃતિ આપી. સ્ત્રીઓના અભ્યાસોને મદદ આપી. સંશોધન માટે નાણાકીય સંસાધનો ઉપલબ્ધ કરાવી આપ્વાની શરૂઆત થઈ. ઈ.સ. ૧૯૭૪ બાદ નારી અભ્યાસકેન્દ્રો સ્થપાયાં. ઈ.સ. ૧૯૮૧મા Indian Association of Woman Studiesની સ્થાપના થઈ. આ સંસ્થાએ આંદોલન અને અભ્યાસને સાંકળ્યા. ઈ.સ. ૧૯૮૬થી University Grants Commission આ સ્ત્રી અભ્યાસને સ્વીકૃતિ આપી. કેટલીક યુનિવર્સિટીઓમાં સ્ત્રી અભ્યાસકેન્દ્રોની સ્થાપના કરી.ઈ.સ. ૧૯૭૦ના દસકા પછી નારી આંદોલન અને નારી અભ્યાસની તરાહ બદલાઈ. ઈ.સ. ૧૯૭૫ થી ૧૯૮૫ સુધી જે અભ્યાસો અને આંદોલન થયાં તેનાથી સ્ત્રીઓ અંગેના મુદ્દા રાજકારણમાં કેન્દ્રસ્થાને આવ્યા. સ્ત્રીઓના પ્રશ્નો માત્ર કાયદાથી ઉકલશે નહીં પરંતુ એના પ્રશ્નોને ઊકેલવા સમાજની ભાગીદારી જોઈશે. સ્ત્રી અભ્યાસ માટે વિવિધલક્ષી દૃષ્ટિકોણની આવશ્યક્તા છે. માધ્યમોએ પણ સ્ત્રી-જાગૃતિ માટે વિધેયાત્મક ભૂમિકા ભજવી. સરકારની તાલીમ સંસ્થાઓ, રાજકીય પક્ષોએ મહિલા પાંખ ધારદાર બનાવી. ઈ.સ. ૧૯૭૫ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ પછીના મહિલા દાયકામાં નારી આંદોલન અને નારી અભ્યાસોમાં આમૂલ પરિવર્તન આવ્યું. માત્ર ઉદારમતવાદ નહીં પરંતુ પિતૃસત્તાક વ્યવસ્થાનાં માળખાં અને મૂલ્યો અંગે ચર્ચા શરૂ થઈ. ઈ.સ. ૧૯૮૫ સુધી અનેક નિષ્ણાતો અને અનેક વિદ્યાશાખાના વ્યાવસાયિકો નારી અભ્યાસ સાથે સંકળાયા. આંદોલનનો વ્યાપ વધ્યો. સરકારો તથા વિશ્વ સંસ્થાઓને સ્ત્રીઓ અંગે વિચારવાની ફરજ પડી. Women Empowerment અને Gender જેવી વિભાવનાઓ વપરાવા લાગી. ઈ.સ. ૧૯૮૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘના વિશ્વ મહિલા દાયકાની સમાપ્તિ થઈ. નૈરોબી ખાતે ત્રીજી વિશ્વ મહિલા પરિષદમાં સ્ત્રીઓના પ્રશ્ને Stock taking અને accounting થયું. વિશ્વના નારી આંદોલનકારીઓએ એકત્ર થઈ વિશ્વની સરકારો સુધી મત પહોંચાડ્યો. ઈ.સ. ૨૦૦૦ની સાલ સુધી સ્ત્રીઓના વિકાસ અંગે વ્યૂહરચના થઈ. નારી સંગઠનોએ એકત્ર થઈ ઈ.સ. ૧૯૯૩માં વિયેનામાં ભરાયેલ માનવ અધિકાર પરિષદમાં સ્ત્રીઓને માનવ અધિકાર મળવા જ જોઈએ અને સ્ત્રી અધિકારનો ભંગ માનવ અધિકારનો ભંગ છે તે સ્વીકારવા દબાણ લાવ્યા. ઈ.સ. ૧૯૯૪માં કેરો ખાતેની વસ્તી અને વિકાસની આંતરરરાષ્ટ્રીય પરિષદમાં સ્ત્રીઓના પ્રજનન અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્વીકાર કરાવી શક્યું. ઈ.સ. ૧૯૯૫માં ચીનમાં બેજિંગ ખાતે યોજાયેલ સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિષદ ભરાઈ ત્યારે વિશ્વભરના બિનસરકારી સંસ્થાના ૩૦૦૦ સભ્યોએ ભાગ લીધો. સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિષદમાં પશ્ચિમના દેશોનું વર્ચસ્વ હતું. એમણે મુખ્યત્વે IMF અને World Bankની નીતિઓના અનુસંધાનમાં સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા શું કરી શકાય તેની ચર્ચા કરી. જ્યારે નારી

મૂળજીએ વિધવા પુનર્લગ્ન,બાળલગ્ન, કજોડા તથા સ્ત્રીના જાતિય શોષણ અંગે મુદ્દા ઊભા કર્યા. આ આંદોલનમાં સ્ત્રીઓની વિષમ પરિસ્થિતિ પરત્વે સમાજને જાગૃત કર્યો પણ ખાસ ઉકેલ મળી શક્યો નહીં. કરસનદાસ મૂળજી તથા નર્મદે વૈષ્ણવ મહારાજોના કરતૂતો ઉઘાડાં પાડ્યાં. ગુજરાતમાં સામાજિક સુધારાની સાથે સાહિત્ય સર્જન પણ થયું. નર્મદનું સાહિત્ય, દલપતરામની કવિતાઓ, મહિપતરામની સાસુ-વહુની લડાઈ, ગોવર્ધનરામનો સરસ્વતીચંદ્ર સુધારા અંગેના વિચારો પ્રગટ કરે છે.

૧૮૮૭માં ગુજરાતમાં સંસાર સુધારા પરિષદની સ્થાપના કરવામાં આવી હતી. આની સાથે બાળલગ્ન નિષેધક મંડળી, વિધવા પુનર્લગ્ન મંડળી, પરહેજગાર મંડળી તથા મહિપતરામ અનાથાશ્રમ જેવી સંસ્થાઓ પ્રાપ્ત થઈ અને "સુંદરી સુબોધ" અને 'સ્ત્રીમિત્ર' સ્ત્રી માસિકની શરૂઆત થઈ. આ ગાળામાં જ વિદ્યાબહેન અને શારદા બહેન મહેતા બે ગુજરાતની પ્રથમ સ્નાતિકાઓ બની. મહર્ષિ કર્વેએ વિધવાશ્રમ અને મહિલા વિદ્યાપીઠની સ્થાપના કરી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સ્ત્રી વિષયક પ્રવૃત્તિઓ શરૂ કરી. ૧૯૨૫માં નેશનલ કાઉન્સીલ ફોર વીમેન ઈન ઈન્ડિયાની સ્થાપના થઈ. ૧૯૨૭માં અખિલ હિંદ મહિલા પરિષદની સ્થાપના થઈ.

અત્યાર સુધીની મોટાભાગની ચળવળો સ્ત્રીને કેળવણી આપી શિક્ષિત બનાવવા માટે જ હતી. સાથે સાથે સ્ત્રીને વ્યક્તિ તરીકે નાની મોટી છૂટ પ્રાપ્ત થાય તે માટે જ હતી. મહદ્ અંશે બધી જ ચળવળોમાં ઉપલા કે ઉપલા મધ્યમ વર્ગની સ્ત્રીઓ ભાગ લેતી હતી.

મહાત્મા ગાંધીના આગમનથી ભારતીય સ્વતંત્રા સાથે સ્ત્રીઓની સ્વતંત્રતાની ચળવળને નવા જ કાર્યક્રમો તથા અભિગમનો સ્પર્શ થયો. ભારતીય સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓની ભાગીદારી વધી. ગાંધીજીએ સ્ત્રીને બધા જ કાર્યક્રમોમાં સમાન ભાગીદાર બનાવી મહત્ત્વની ભૂમિકા તથા જવાબદારી સોંપી. સ્ત્રીઓ પિકેટિંગ કરતી, ભાષણો કરતી, સત્યાગ્રહમાં જોડાતી અને સંપૂર્ણ સમર્પિત ભાવે લડતમાં જોડાતી હતી. સમગ્ર ચળવળે રૂખ બદલ્યું. સ્ત્રીઓના પ્રશ્નો અચાનક રાષ્ટ્રીય પ્રશ્નો બન્યા. સામાજિક કુરિવાજ, અન્યાય અને શોષણ સામે મહાત્મા ગાંધીએ લડત આદરી. મહાત્મા ગાંધીની વિચારસરણી, પ્રવૃત્તિઓ તથા વલણને કારણે આબાલવૃદ્ધ સૌ સ્વતંત્રતાની લડતમાં યથાશક્તિ ભાગ લેતા. ૧૯૩૨માં બાળલગ્ન પ્રતિબંધક શારદા એક્ટ અમલમાં આવવાનો હતો. તે સમયે સૌ બાળકોને પરણાવી દેવામાં પડ્યા હતા. અજ્ઞાન, અશિક્ષિત પ્રજા બાળલગ્નના દૂષણથી અજાણ હતી. ગાંધીએ પરદેશી શાસકોની સાથે જ સામાજિક દૂષણોની સામે પણ લડત આદરી હતી. બાપુના વિચારો, પદ્ધતિ અને કાર્યો સ્ત્રીઓ માટે પ્રેરણાતીર્થ બન્યા. ૧૯૩૪માં ૨૪મી એપ્રિલે મૃદુલાબેન સારાભાઈએ જ્યોતિસંઘની સ્થાપના કરી. જ્યોતિસંઘના ઉદ્દેશ્યો સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ પ્રગટાવી, તેમને નીડર નાગરિક બનાવી, શારીરિક અને માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે મદદ કરી સ્વાવલંબી બનાવવી; બંધુત્વ, રાષ્ટ્રીયતા કેળવી, કોમી ભાવના મીટાવી, કુરિવાજ, કુરૂઢિઓમાંથી મુક્ત કરવી, સ્ત્રીને સામાજિક કાર્યકર બનાવવી વગેરે હતા.

શારદાબહેન મહેતાના પ્રમુખપદે પ્રથમ સમિતિ નિમાઈ. નંદુબહેન, ગુલાબબહેન, લાલા, અનસુયાબહેન સારાભાઈ, નીનાબહેન ઝવેરી, ચંપાબહેન અને પ્રેરણાસ્રોત મૃદુલાબહેન સારાભાઈ સૌ સાથે કામ કરતા હતા. જ્યોતિસંઘે સૌપ્રથમ કાર્યકર બહેનો માટે પ્રવૃત્તિ શરૂ કરી. જ્યોતિસંઘમાં સામાજિક ન્યાય, વિષમતા સામે અવાજ, તાલીમ, વ્યાપાર બૌદ્ધિક તાલીમ, વ્યાયામ, ગૃહઉદ્યોગ, પુસ્તકાલય અને વાહન ચલાવવાના

વર્ગો, મંદબુદ્ધિની બહેનો વગેરે માટે કાર્ય શરૂ કરવામાં આવ્યા.
જ્યોતિસંઘનું ગાંધીજીના હાથે ઉદ્‌ઘાટન થયું. આ સંસ્થામાં અનેક ધુરંધરોએ કાર્ય કર્યું. આ સંસ્થામાં ચારૂમતી યોદ્ધાએ નામ કાઢ્યું. સ્ત્રીઓના ખૂનને આત્મહત્યામાં ખપાવવામાં આવતા હતા ત્યારે તેમણે તેની સામે લડત ઉપાડી સફળતા પ્રાપ્ત કરી.
જ્યોતિસંઘના ત્રણ વર્ષ બાદ ૧૯૩૭માં અમદાવાદમાં વિકાસગૃહની સ્થાપના થઈ. મૃદુલાબહેન સારાભાઈના નેતૃત્વ હેઠળ આ સંસ્થાએ કાર્ય શરૂ કર્યું. વિકાસગૃહ સ્ત્રીવિકાસ માટે સતત મથતી સંસ્થા છે. સ્ત્રીઓ માટે રહેવાની, શિક્ષણની, ગૃહઉદ્યોગ માટેની તાલીમની મહિલા જાગૃતિ માટેની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. મૂળમાં તો સ્ત્રીને જ્યારે નિવાસ તથા રક્ષણની કોઈ વ્યવસ્થા ન હોય ત્યારે એને બાપના ઘર જેવી વ્યવસ્થા આપવા માટે વિકાસગૃહની સ્થાપના કરવામાં આવી હતી. આજે પણ વિકાસગૃહમાં અનેકવિધ પ્રવૃત્તિ કરવામાં આવે છે.
સૌથી મહત્ત્વની વાત એ છે કે આવા ૧૦ વિકાસગૃહો આખા રાજ્યમાં સ્થાપવામાં આવ્યા. આજે પણ ગુજરાતમાં આ વિકાસગૃહો કાર્યરત છે.
ગાંધજીને કારણે ગુજરાતમાં મહિલા જાગૃતિ, મહિલા ઉત્થાનની પ્રવૃત્તિઓ ઝડપી વધી. ૧૯૩૮માં 'આયોજિત અર્થતંત્રમાં સ્ત્રીઓની ભૂમિકા' અંગે એક સમિતિની રચના કરવામાં આવી હતી.આ સમિતિએ જણાવ્યું કે ભારતીય સ્ત્રી નાગરિક સમાનતા પ્રાપ્ત કરશે, એકપત્નીત્વ પામશે, છુટાછેડામાં હક મેળવશે, વાલીપણામાં અને મિલકતમાં સમાનતા પ્રાપ્ત કરશે. આ સમિતિનું કાર્યક્ષેત્ર વિશાળ હતું. તેમાં કુટુંબ, લગ્ન, વારસા હક અંગે તથા સ્ત્રીઓની સ્થિતિ અંગે ચર્ચા હતી. સમાન નાગરિક ધારની ચર્ચા પણ આ સમયે થઈ હતી. મહાત્મા ગાંધીની છત્રછાયામાં શારદાબહેન મહેતા ઉચ્ચશિક્ષણ માટે પ્રયત્નશીલ બન્યા. સરોજીની નાયડુ, મૃદુલાબેન સારાભાઈ કે અનસુયા સારાભાઈ કોમી રમખાણમાં સ્ત્રીઓને બચાવે, અપહૃતા સ્ત્રીઓને પુનઃ સ્થાપન માટે જીવસટોસટ સાહસ ખેડતા બહેનો આ બધાને કુટુંબ, કોમ તથા સમાજનો સામનો કરવો પડ્યો છે. આ બધી જ સ્ત્રીઓ તત્કાલીન સમાજના ્લ્યો સામે માથુ ઊંચકવું પડ્યું છે,ધોરણભંગ કરવો પડ્યો છે.
હિન્દુસ્તાન - પાકિસ્તાન ભાગલા સમયે લગભગ ૮૦ હજારથી દોઢ લાખ સ્ત્રીઓ જેની ઉપર અત્યાચાર થયા હતા, તેમને પુનઃસ્થાપિત કરવાનું કાર્ય મૃદુલાબેન સારાભાઈને સોંપવામાં આવ્યું હતું. તેમને કમળાબેન પટેલનો સાથ પ્રાપ્ત થયો હતો.
આઝાદી પછી લગભગ ૧૯૭૦ સુધી મોટાભાગની અગ્રણી સ્ત્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વિવિધ પ્રકારના વિકાસમાં જોડાયા. દરેક મંડળ પોતાની સમજ, સંસાધન અને કક્ષા પ્રમાણે વિકાસના કાર્યમાં જોતરાઈ ગયા. શિક્ષણ પ્રસાર, કુરિવાજોની નાબૂદી, તાલીમ, કૌશલ્ય, પ્રસાર, કુટુંબ નિયોજન, મહિલાઓની ઉન્નતિ વગેરે કાર્યોમાં જોડાઈ ગયા. મોટાભાગે એવું માન્યું કે હવે સ્ત્રી ઉન્નતિના કાર્યો સરકાર કરશે. સરકાર વિવિધ કાર્યક્રમો દ્વારા સમાનતા લાવી દેશે. તેથી ખૂબ ઉગ્ર આંદોલનો જોવા મળ્યા નહીં. છતાંય આ સમય દરમ્યાન તેલંગણ, વારલી સત્યાગ્રહ, પારડી સત્યાગ્રહ, નક્સલબારી આંદોલન, તેભાગા આંદોલન, શાહદા આંદોલન, ચીપકો આંદોલન જેવા આંદોલનો સતત ચાલતા રહ્યાં.
૧૯૭૦ પછી ભ્રમનિરસન થયા, ધીમે ધીમે પ્રજા પોતે જ કાર્યશીલ થવાનું વિચારવા લાગી. ૧૯૫૦ થી ૧૯૭૦ સુધીમાં પ્રજાને, સમાજ કાર્યકરોને ખાતરી હતી કે સરકાર

કાયદા ઘડશે, કાર્યક્રમો ઘડશે, અમલમાં મૂકશે તેથી સ્ત્રી પુરુષ સમાનતા આવશે. સ્ત્રીઓના દુ:ખ દૂર થશે, સ્ત્રી શોષણમુક્ત થશે અને સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવશે. સ્ત્રી આત્મસન્માન અને સ્વાવલંબન ભોગવી શકશે. આ બધી વાતો ન થઈ શકી. માત્ર કાયદા વાસ્તવિક પરિસ્થિતિ બદલી નહીં શકે એવી વાતો સ્પષ્ટ બની. પોતે જ બુલંદ બનવું પડશે એવી પરિસ્થિતિ સ્પષ્ટ બની. માત્ર કાયદો કદી પરિસ્થિતિ નહીં બદલી શકે એવું સ્પષ્ટપણે લોકોએ અનુભવ્યું. તેથી જ ૧૯૭૦ પછી સમગ્ર ભારતની પરિસ્થિતિ બદલાઈ.

મહારાષ્ટ્રમાં ૧૯૭૨માં જાગૃતિશિબિરની અસર હેઠળ સ્ત્રીઓએ દારૂબંધી માટે આંદોલનની શરૂઆત કરી. આ આંદોલનો સાથે મોંઘવારી વિરોધી આંદોલનો મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં પણ થયા.

ગુજરાતમાં ૧૯૭૨માં એક સફળ પરિવર્તનનો પાયો નંખાયો. સ્ત્રી સમર્થ બને, જાતે સંગઠિત થાય, શક્તિ કેળવે અને પોતે જ સશક્ત થવા પ્રયાસ કરે તેવો પ્રયાસ ઈલાબેન ભટ્ટે કર્યો. અમદાવાદના મજૂર મહાજનની મહિલા પાંખ તરીકે ઈલાબેન ભટ્ટે 'સેવા'ની શરૂઆત કરી. આ સ્ત્રી સંસ્થાએ સ્ત્રીઓની દુનિયા બદલી નાંખી. સ્ત્રી સંગઠનની એક નવી ઓળખ દર્શાવી, એક નવી શક્તિ દર્શાવી. ૧૯૯૧ના સેન્સસ પહેલા ઘેર બેસી કામ કરનાર સ્ત્રીને કામદાર તરીકે ગણના કરવામાં આવતી નહોતી. ઈલાબેન ભટ્ટના પ્રયાસથી ઘેર બેસીને કામ કરતી સ્ત્રીને ૧૯૯૧ના સેન્સસમાં કામદાર તરીકે દરજ્જો અપાવ્યો. 'સેવા'એ અસંગઠિત સ્ત્રીઓના બધા જ પ્રશ્નોને હાથમાં લીધા એમના વ્યવસાયવ્યવસાયનું સ્થળ, આરોગ્ય, શિક્ષણ, તાલીમ, બચત વગેરેને ધ્યાનમાં રાખી પ્રવૃત્તિઓ શરૂ કરી. 'સેવા'એ સ્ત્રીના પ્રશ્નમાં એડવોકેટ તરીકે ભૂમિકા ભજવી. સ્ત્રીઓમાં જાગૃતિ ફેલાવી અને તેમનામાં આત્મવિશ્વાસ દૃઢ બનાવ્યો. અસંગઠિત ક્ષેત્રમાં કાર્ય કરતી સ્ત્રીઓ માટે આ સંસ્થાએ અભૂતપૂર્વ કાર્ય કર્યું. આ સાથે 'અનસુયા'નામનું મુખપત્ર પણ શરૂ કર્યું.

અમદાવાદમાં ૧૯૮૧માં ડૉક્ટર ઈલાબેન પાઠકની 'અવાજ' સંસ્થાએ કૌટુંબિક હિંસા સામે બાથ ભીડી. શિક્ષણ અને આરોગ્યના પ્રશ્નો હલ કરવાની શરૂઆત કરી. તેઓ ઘરેલું બધા જ પ્રશ્નોને ઉકેલવાનો પ્રયાસ કરે છે. તેઓએ ઘરેલું હિંસા સામે લડવાનું કામ, એડવોકેટનું કાર્ય, સ્ત્રીને માટે આશ્રયસ્થાન, સ્ત્રી માટે તાલીમ યોજવાનું કાર્ય કર્યું. 'અવાજે' સ્ત્રીઓના બિભત્સ જાહેરાત માટેના ચિત્રો, નાટક અને સિનેમાના પોસ્ટર્સ વિરુદ્ધ અનેક સમયે, જ્યારે જરૂર પડી ત્યારે વિવિધ આંદોલનો કર્યા. અવાજે ગરીબી નાબૂદી માટે સ્ત્રીઓને મદદ, કૌટુંબિક હિંસા સામે મદદ એ બંને કાર્ય જરૂર મુજબ કર્યા. આશ્રયસ્થાનમાં સ્ત્રી રહે, ગમતી બાબત અંગે તાલીમ લે, વ્યવસાય કરી શકે એવી વ્યવસ્થા કરી છે. અવાજે એના મુખપત્ર તરીકે 'નારીવિશ્વ'ની શરૂઆત કરી.

વડોદરામાં તૃપ્તિ શાહની 'સહિયર' પણ સ્ત્રીઓના પ્રશ્ને કાર્યરત છે. સ્ત્રી સામે થતાં અત્યાચાર સામે વિવિધ આંદોલનો યોજે છે અને જનજાગૃતિ માટે સરઘસ, શેરી નાટકો તથા સભાઓ યોજે છે.

આણંદમાં પણ એક ડેન્ટીસ્ટના પત્નીના મૃત્યુને આત્મહત્યામાં ખપાવવાની સામે ૨૨ મહિલા મંડળો એકત્ર થયા. એમાં આશા દલાલ, આમ્રપાલી મર્ચંટ, રમાબેન પટેલ, રમાબેન દોશી, ધર્મિષ્ઠાબેન પંડ્યા વગેરેએ સંગઠિત થઈ ખૂબ અસરકારક ભૂમિકા ભજવી અને ડૉક્ટરને સજા કરાવી. આ સંઘર્ષને સ્થાયિત્વ આપ્યું મહિલા સંસ્થા 'જાગૃત

મહિલા સંગઠન' નામે. અને આ સંસ્થા આજે પણ મહિલા જાગૃતિકરણનાં અનેક કાર્યોમાં રત છે.

વલસાડમાં 'અસ્તિત્વ'નામની સંસ્થા પણ બકુલાબેન ઘાસવાલાની આગેવાની હેઠળ કાર્યરત છે. તે પણ આવી પ્રવૃત્તિઓમાં રત છે.

ગુજરાતમાં ૧૯૮૫ની આસપાસ સ્વાતિ, ઉત્થાન, સારથી, દિશા, ચિનગારી, કચ્છ મહિલા વિકાસ, સંગઠન વગેરેએ સ્ત્રીઓના સ્થાનિક પ્રશ્નો, સ્ત્રી આરોગ્યના પ્રશ્નો, પર્યાવરણના પ્રશ્નો, ગોચર, પાણી, બળતણ, ચારાની સમસ્યા અંગે, બચતમંડળીઓ, વેચાણ મંડળીઓ અંગે કાર્ય શરૂ કર્યાં છે.

આ સિવાય 'આર્ષ' માંગરોળ, વઢવાણમાં 'વિકાસ વિદ્યાલય', જામનગરમાં 'કસ્તુરબા સ્ત્રી વિકાસ ટ્રસ્ટ', વિદ્યાનગરમાં ધર્મિષ્ઠાબેન પંડ્યા અને પુષ્પાબેન મહેતાનું 'ખેડા જિલ્લા બાલકલ્યાણ સંઘ' વગેરે કાર્યરત છે.

ગુજરાતમાં ચીપકો આંદોલનની જેમ જે કડાદરા ગામનું આંદોલન મહિલાઓની જાગૃતિની શાખ પૂરે છે. આ ગામની બહેનોએ એમના ગામની ગોચરની જમીન ઔદ્યોગિક ગૃહને વેચી દેવાઈ હતી તેની સામે આંદોલન શરૂ કર્યું. એમાં ચીનુભાઈ વૈદ્ય, 'ગુજરાત બિરાદરી'ના અરવિંદ દેસાઈ અને 'ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ', 'લોક અધિકાર સંઘ' વગેરેએ એકત્ર થઈ બહેનોને સાથ આપ્યો, દિશા આપી, હિંમત આપી અને સૌએ એકત્ર થઈ ગામની જમીન પાછી પ્રાપ્ત કરી.

ગુજરાતમાં ચોક્કસ હેતુ માટે ગાંધીજીના જમાનામાં શરૂ થયેલ સંસ્થાઓ ગાંધીવાદી વિચારસરણી ધરાવે છે. સાથે સાથે વિવિધ વિચારસરણીઓ ધરાવતી નવગાંધીવાદી સંસ્થાઓ, સંચાલકીય અભિગમ ધરાવતી અને કેટલીક ક્રાંતિકારી વિચારસરણી ધરાવતી સંસ્થાઓ કાર્યરત છે. પહેલા માત્ર એક વ્યક્તિની આસપાસ સંસ્થાઓ રચાતી હતી, હમણાં કેટલીક સમાન વિચારસરણી ધરાવતી મહિલાઓ એકત્ર થઈ સંસ્થાઓ રચી કાર્ય કરતી જોવા મળે છે. આ સંસ્થાઓનો તાજેતરનો અભિગમ મહિલા સામર્થ્યનો છે. સ્ત્રીને સમર્થ બનાવી તેને જ પોતાના પ્રશ્નો હલ કરવા સમર્થ બનાવવી એ છે. સમાજ અને સરકાર પણ મહિલાઓને અમુક ચોક્કસ પ્રવૃત્તિઓમાં મદદકર્તા બને છે. છતાં પિતૃસત્તાક મૂલ્યો સામે હજી ગંભીર પડકારો ઊભા થતા જોવા મળતા નથી.

વિવિધ પ્રવૃત્તિઓ સાથે નારી અંગે વિવિધ અભ્યાસો પણ હાથ ધરાયા, જેમાંના કેટલાકની ચર્ચા અહીં કરીએ.

## ૨.૪ વિદેશમાં થયેલ સ્ત્રી અભ્યાસો

સ્ત્રી અભ્યાસોની શરૂઆત ખૂબ અવ્યવસ્થિત હતી. સમાજ માનવશાસ્ત્ર સ્ત્રી ચળવળ તરફી હતું. આ સિવાય સમાજશાસ્ત્રીઓએ - માનવશાસ્ત્રીઓએ સ્ત્રીઓ અંગેના અભ્યાસો હાથ ધર્યા.

★ અન્ના એફ.સ્ટેઈન અને જે.એમ.મુયસે દક્ષિણ આફ્રિકાની આદિવાસી મહિલાઓનો અભ્યાસ કર્યો. એમણે આ પુસ્તકમાં સ્ત્રીઓની બદલાતી ભૂમિકા, સ્ત્રીઓનો દરજ્જો, સ્ત્રીઓની શૈક્ષણિક, સામાજિક, આર્થિક, રાજકીય અને કાનૂની પરિસ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી તેમણે દર્શાવ્યું કે પુરુષની સરખામણીમાં સ્ત્રીનો દરજ્જો નિમ્ન છે. સ્ત્રી પરાવલંબી છે.

★ લીલી લોઈબોવીત્ઝેએ સ્ત્રી પુરુષના શારીરિક તફાવતો માટેની પ્રચલિત માન્યતાઓ, સામાજિક ભૂમિકા, બંને વચ્ચેના તફાવતો અને સમાનતાની ચર્ચા કરી છે.

★ સ્લોકુમે પ્રચલિત માન્યતાઓનો અભ્યાસ કર્યો છે. ગોયુધે સ્ત્રી પુરુષનાં પક્ષપાતી વલણોનો અભ્યાસ કર્યો છે.

★ ડ્રેપરે જાતીય સમાનતાનો અભ્યાસ બદલાતી જતી ભૂમિકાના સંદર્ભમાં કર્યો છે.
તેમાં સમાજમાં પુરુષનું વર્ચસ્વ, બેઠાડું જીવન, ખાનગી મિલકત વગેરેની ચર્ચા કરી છે.

★ લેવિટ સ્પેક્સ અને વેધરફોર્ડ ઓસ્ટ્રેલિયાના એબઓરી-જીન્સનો માનવશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. તેમના અભ્યાસ ઉપરથી ફલિત થાય છે કે સ્ત્રીઓનો દરજ્જો ઊતરતો છે.

★ એલિઝાબેથે ફેઈથોર્ને ન્યુ ગિયાનાના ટાપુઓ પરના કાફે લોકોનો અભ્યાસ કર્યો, જેમાં સ્ત્રીની અપવિત્રતા અને જાતીય સંબંધો અંગેનો અભ્યાસ કર્યો છે. તેમના અભ્યાસ મુજબ પણ સ્ત્રીનો દરજ્જો ઊતરતી કક્ષાનો છે.

★ વેબસ્ટરે માતૃસત્તાક સમાજવ્યવસ્થાનો મૂલ્યાંકનલક્ષી અભ્યાસ કર્યો છે.

★ રૂબિને સ્ત્રીઓ જુલમ અને ત્રાસનો ભોગ કેવી રીતે બને છે તેનો અભ્યાસ કર્યો છે. તેમના અભ્યાસમાં સ્ત્રીનો દરજ્જો નિમ્ન છે તે ફલિત થાય છે.

★ સક્સે આફ્રિકામાં વસતી સ્ત્રીઓના દરજ્જાનો અભ્યાસ કર્યો છે, જે દર્શાવે છે કે સ્ત્રીઓનો દરજ્જો નીચો છે.

★ જુડીથ બ્રાઉન અને ઈરોક્યોસીસે આદિવાસી સમુદાયનું પ્રાગ-ઐતિહાસિક સમયનું પૃથક્કરણ દર્શાવ્યું છે. સ્ત્રીના અભ્યાસમાં માત્ર સ્ત્રીનું ઉત્પાદન કાર્ય નહીં પણ તેવાં કૌટુંબિક કાર્યો તથા રાજકીય સત્તાને પણ લક્ષમાં લેવી જોઈએ.

★ રેઈટરે ફ્રાંસના ગામડાંના સ્ત્રી પુરુષના અધિકારો તથા જીવનધોરણનું વિશ્લેષણ કર્યું છે.

★ હાર્ડિંગે કૃષક સમાજનો અભ્યાસ કરીને સ્ત્રી પુરુષના ભાષાકીય તફાવતોની સમજૂતી આપી છે. એણે ઔપચારિક અને અનૌપચારિક સત્તાનો પણ અભ્યાસ કર્યો છે.

★ સુસાન બ્રાઉને ડોમીનીકલ રીપબ્લીકમાં ગરીબાઈની સ્ત્રી જીવન ઉપર અસર અંગે અભ્યાસ કર્યો છે.

★ સીલ્વરમેને ઈટાલીમાં નાની વયે લગ્ન થવાથી સ્ત્રીને ભોગવવા પડતા તાણ અને સંઘર્ષની ચર્ચા કરી છે.

★ રૂબાએ કોલંબિયાના ગામડાં માં મૂડીવાદને કારણે સ્ત્રી ઉપર થતી અસરોની તપાસ કરી. જાણવા મળ્યું કે આનાથી સ્ત્રીની માતૃશક્તિ પરાવલંબી બની જાય છે.

★ નાઈજીરિયામાં રેમીએ સ્ત્રી-પુરુષના હક્કો અને તફાવતોનો અભ્યાસ કર્યો છે. એકાંકી જીવન વિતાવતી સ્ત્રીઓ,મધ્યમવર્ગની કાર્યશીલ મહિલાઓ તથા અદ્યતન ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીને આવરી લીધા છે.

★ ડાયમંડે ચીનની મહિલાઓની બદલાતી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી છે. બેરોએ મલેશિયાની મહિલાઓનો અભ્યાસ કર્યો અને જાણવા મળ્યું કે સ્ત્રીનું સ્થાન સમાજમાં પશુ કરતાં બદતર છે.

★ સમર અને કેલેર ફીજીની સ્ત્રીઓનો અભ્યાસ કર્યો અને જાણવા મળ્યું કે અસંસ્કારી પતિ સ્ત્રી ઉપર જુલમ ગુજારે છે અને છતાં બધા નિર્ણયો પતિ લે છે.

## ૨.૫ વિવિધ નારી અભ્યાસો :

સ્ત્રીઓ અંગે વિવિધ અભ્યાસો થયા છે. ભારત સરકારે સ્ત્રીના દરજ્જા અંગે વિવિધ અહેવાલો પ્રસિદ્ધ કર્યા છે. વિશ્વ વિકાસ દસ્તાવેજ (World Development Report)માં પણ સ્ત્રીઓ અંગે ખાસ દષ્ટિકોણથી માહિતી દર્શાવવામાં આવે છે. સ્ત્રીઓ અંગે સૌપ્રથમ સમાજસુધારણા ચળવળ શરૂ થઈ અને સમાજસુધારકોએ સામાજિક સુધારણાના અભિગમથી લખાણો લખ્યા, ચર્ચા પત્રો લખાયા. આ બધા વૈજ્ઞાનિક ઢબે લખાયેલ લખાણો નહોતા પરંતુ નિબં ે હતા. આ બધા અભ્યાસો ઈતિહાસકારો, માનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ તથા ત ્વચિંતકોએ અભ્યાસ કર્યા છે. આવા કેટલાક અભ્યાસો નીચે મુજબ છે :

| | |
|---|---|
| 1. Altekar A. S. | : "Position of Women in Hindu Civilisation" |
| 2. Buhler G. | : "The laws of Manu" (1886) |
| 3. Chattopadhayaya Kamaladevi | : "The awakening of Indian Women" |
| 4. Chintamani C. Y. | : "Indian Social Reform (1901) |
| 5. Chiplunkar G. M. | : "The Scientific Basis of Women's Education" (1930) |
| 6. Cousins Margaret E. | : "The Awakening of Asian Woman hood" (1992) |
| 7. Ellis Havelock | : "Man and Woman" (1934) |
| 8. Gandhi M. K. | : "Women and Social Injustice" |
| 9. Hate C. A. | : "Hindu Women and Her Future" |

(1948)

10. Indra M. A. : "The Status of Women in Ancient India"

11. Klein Viola : (1) 'The Feminine Character, History and Ideology'(1946)
: (2) "Employing Married Women.

12. Maythew Arthur : "The Education of India" (1926)

13. Mehta Hansa : "The Women under the Hindu Law of Marriage and Succession" (1943)

ઉપરનાં બધાં જ પુસ્તકોમાં સ્ત્રીઓના દરજ્જા, શિક્ષણ, તેમના કાર્ય તથા સામાજિક પરિસ્થિતિની વર્ણનાત્મક રીતે ચર્ચા કરવામાં આવી છે.
આવી ચર્ચાઓને કારણે સ્ત્રીની પરિસ્થિતિ, કાયદા, શિક્ષણ આ બધી જ બાબતો અંગે ચર્ચા શરૂ થઈ. કેટલાક બીજા પણ દસ્તાવેજો સ્ત્રીના અભ્યાસ માટે મહત્વના છે.

1. The National Social Conference, Annual Reports (1887 to 1917).
2. All India Women's Confrrence, Annual Reports (1927 to 1962).
3. National Planning Committee Series - "Women's Role in Planned Economy"(1927).
4. Myrdal Alva Klein Viola - "Women's Two Roles - Home and Work" (1957)
5. National Commitee on Women's Education. Women's International Democratic Federation 4th Congress.

ઉપરોક્ત બધા જ દસ્તાવેજો ઉપરથી સ્ત્રીઓની પરિસ્થિતિ સ્પષ્ટ બને છે.
૧૯૨૧માં હટને સેમા નાગા જાતિનો અભ્યાસ કર્યો છે. આ આદિજાતિમાં સ્ત્રી પોતાની મરજી મુજબ લગ્ન કરી શકતી નથી. પરંતુ તેનું સામાન્ય જીવન જીવવા યોગ્ય છે. પણ મિલકત, વારસો અને જાતીય સંબંધો જેવી બાબતોમાં તેમનું નકારાત્મક વલણ છે.
આ ઉપરાંત ઘણા અભ્યાસો થયેલા છે. વિવિધ સમયગાળામં નીચે પ્રમાણેના અભ્યાસો જોવા મળે છે.

૧. સ્વાતંત્ર્યોતર ૧૯૩૦-૪૦ના દાયકામાં સ્વાતંત્ર્ય ચળવળમાંસ્ત્રીઓના ફાળા અંગે, તેમના આર્થિક, સામાજિક અને રાજકીય ફાળા અંગે પુસ્તકો લખાયાં.

૨. ઈ.સ. ૧૯૪૦-૬૦ના દ્વિદશકમાં સ્ત્રીઓની ભૂમિકા અંગે, સ્ત્રીઓની શૈક્ષણિક પરિસ્થિતિ અંગે તેમની વસ્તીવિષયક લાક્ષણિક્તાઓ વગેરેની ચર્ચા થઈ છે.

૩.ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૭૫ના ગાળામાં સ્ત્રીઓના કર્તવ્ય અંગે, સ્ત્રીઓની તકલીફો અંગે, તેમની ભૂમિકા અંગે ચર્ચા શરૂ થઈ.

૪. ઈ.સ.૧૯૭૫ પછીના અભ્યાસોમાં સ્ત્રીઓના બધા જ પ્રશ્નો વિશે આંતરવિદ્યાકીય શાખાની દૃષ્ટિએ ચર્ચા થવા લાગી

૫. ઈ.સ. ૧૯૯૦ પછી સ્ત્રીઓ અને તેમના વિવિધ કાર્ય તથા તેમની આર્થિક સહભાગીતા, ઉપરાંત લૈંગિક અસમાનતા, પ્રચાર માધ્યમોમાં સ્ત્રીની ભૂમિકા, માત્ર

સેક્સની દૃષ્ટિએ ઉપયોગમાં લેવાય છે.

સૌપ્રથમ Macroa Studies થતા હતા જે ખૂબ સામાન્ય માત્ર વિષયની મર્યાદામાં તથા સર્વે અને સામાન્ય સંશોધન પદ્ધત્તિ વાપરીને થતા હતા.

સ્વાતંત્ર્યોતર ભારતમાં ઈ.સ. ૧૯૪૭ થી ૧૯૭૦ સુધી સ્ત્રીઓ અંગે વિવિધ અભ્યાસો થયા છે. આ અભ્યાસોમાં મહદ્ અંશે સ્ત્રીના સ્થાન અંગે અભ્યાસો થયા છે. આમાં અખ્તર બેગ, દુબે, નાયર, થોમસ, અગ્રવાલ, અગ્નિહોત્રી, માથુર, રાનડે, રામદેવ, રાવ, ગાંગુલી, નીરા દેસાઈ અને પદ્મીની સેનગુપ્તા વગેરેને અભ્યાસો મહત્ત્વના છે.

આ અભ્યાસોમાં મહદ્ અંશે સ્ત્રીઓના દરજ્જા અંગે ચર્ચા થઈ હતી. આ ગાળા દરમ્યાન મુખ્યત્વે શિક્ષિત સ્ત્રીઓ અંગે અભ્યાસો થયા. મોટે ભાગે નોકરી કરતી સ્ત્રીની બેવડી ભૂમિકા, સ્ત્રીને થતા પ્રશ્નો, ભૂમિકા સંઘર્ષ ઉપર અભ્યાસો થયા છે. વિવિધ કાયદાઓની સમાજ ઉપર અસરોની પણ ચર્ચા કરવામાં આવી છે.

ઈ.સ. ૧૯૭૦ પછી, Microa Studies એટલે કે ચોક્કસ બાબતો અંગે અભ્યાસો શરૂ થયા.વિશ્લેષણાત્મક, ખૂબ ગહન, ખાસ એકમ તપાસ પદ્ધત્તિ તથા સહભાગી નિરીક્ષણ દ્વારા તથા આંતરવિદ્યાકીય Interdisciplinary તથા Multy disciplinary અભિગમથી અભ્યાસો શરૂ થયા. આ પછી ક્રિયા સંશોધનો - Action Reaserch પણ હાથ ધરવામાં આવ્યા. આમાના કેટલાક અભ્યાસો વિવિધ અભ્યાસુઓએ કર્યા. સમાજજીવન અને સ્ત્રીના દરજ્જા અંગે નીરા દેસાઈ, દેવકી જૈન, મનમોહન કૌર, મૈત્રેયી ક્રિશ્નરાજ, રામ આહુજા, કલ્પના શાહ, બીના અગ્રવાલ, અશોકકુમાર, હરીશ, અમીન ગુપ્તા, રેહાના ઘડિયાળી વગેરેએ લખ્યા.

સ્ત્રીઓના પ્રશ્નો અંગે દાંડેકર, લીલા ગુલાટી, કલા રાની, આમ્રપાલી મર્ચન્ટ વગેરેએ લખ્યા. આ સિવાય તારા પટેલ, કમલેશ માન, ઉષા કાન્હેરે, સુદર્શન પાણિગ્રહી, વીણા મજૂમદાર, ઈલા પાઠક, શમસુદીન શમ્શ વગેરેએ લખ્યા.

## એકમ-૨

તમારી પ્રગતિ ચકાસો.

૧. ભારતમાં સ્ત્રી ઉત્થાન માટે થયેલ વિવિધ પ્રયત્નો સમજાવો.

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૨. દહેજ વિરોધી આંદોલન સમજાવો.

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

૩. સતી વિરોધી આંદોલન સમજાવો.

૪. બળાત્કાર વિરોધી આંદોલન સમજાવો.

૫. ઘરેલું હિંસા વિરોધી આંદોલન સમજાવો.

૬. સભ્યતા વિરુદ્ધ પોસ્ટર્સ, છેડતી, જાતિય સતામણી વિરોધી આંદોલન સમજાવો.

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

૭. પર્યાવરણ મદદકર્તા આંદોલન સમજાવો.

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

# એકમ - ૩
# નારીવાદી વિકાસના અભિગમ

## ૩.૧ પ્રસ્તાવના :

સમાજના કોઈપણ વિભાગ કે જૂથના વિકાસની વાત એટલે સમાજના વિવિધ વિભાગો વચ્ચેના આંતર સંબંધો અને આંતરક્રિયાઓની વાત સમાજમાં અને અનેકવિધ જૂથો હોવા છતાં બધા જ જૂથોની બાદબાકી કરીએ તોય સ્ત્રી અને પુરુષ એમ બે જૂથ સાર્વત્રિક અને કુદરતી છે. સ્ત્રીની વાત એટલે સ્ત્રી પુરુષ અસમાન આંતરસંબંધોની વાત. બધા જ જૂથોના દરજ્જા, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને રાજકીય પૃષ્ઠભૂમિકા પર આધારિત હોય છે. વ્યક્તિના પોતાના, પોતાના વિશે, લોકો વિશે તથા સમાજ વિશેના પ્રત્યક્ષીકરણોની અસર પણ વ્યક્તિના વિકાસ ઉપર જોવા મળે છે. દરેક સમાજમાં ભૂમિકાને અનુરૂપ દરજ્જો એનાયત થતા હોય છે! ભૂમિકા ભજવનારને સામાજિક માળખામાં દરજ્જા એનાયત થાય છે. ભૂમિકા ભજવનારાઓને સમાજ, સામાજિકરણની પ્રક્રિય દ્વારા તૈયાર કરે છે. આ પ્રક્રિયા દ્વારા વ્યક્તિનું પોતાનું આગવું પ્રત્યક્ષીકરણ, ખ્યાલો, જ્ઞાનાત્મક માળખું તૈયાર થાય છે. આ પ્રક્રિયા દ્વારા વ્યક્તિના વલણો, પૂર્વગ્રહ,મૂળભૂત બાબતો દૃઢ બને છે. ભૂમિકા અંગેની અપેક્ષા, દરજ્જા સાથે સંકળાયેલું મૂલ્ય વ્યક્તિના જ્ઞાનાત્મક માળખામાં સામાજિકરણની પ્રક્રિયા દ્વારા દૃઢ થાય છે. વ્યક્તિની ભૂમિકા એ સામૂહિક અપેક્ષા છે. સમૂહની આકાંક્ષા છે. ભૂમિકાઓ પરસ્પરાવલંબી હોય છે. ભૂમિકા ભજવનાર સમૂહની અપેક્ષાને ખ્યાલમાં રાખી ભૂમિકા ભજવવાનો પ્રયત્ન કરે છે. સમાજમાં સ્ત્રી અને પુરુષ પણ આ જ રીતે વિવિધ ભૂમિકાઓ ભજવી, વિવિધ દરજ્જા ભોગવે છે. સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં તથા ભૂતકાળના અનુભવ મુજબ ભૂમિકાઓ ભજવવા અંગે અપેક્ષા રાખવામાં આવે છે. વ્યક્તિનું વર્તન ધોરણાત્મક માળખા ઉપર આધારિત હોય છે. વ્યક્તિ સામાજિકરણની પ્રક્રિય દ્વારા ભૂમિકા અને સ્વયંને જોડે છે. આ સંબંધ વ્યક્તિને ઓળખ આપે છે. આ સંબંધ સ્થિર.લક્ષણો સર્જે છે.

સ્વ વિશે ચોક્કસ પ્રકારના ખ્યાલ વિકસે છે. પોતાના વિશેની કલ્પનાઓ, ધારણાઓ તૈયાર થાય છે. જો વ્યક્તિમાં પોતાના વિશેના ખ્યાલોમાં એકસૂત્રતા હોય તો સુગ્રથન અને સાતત્ય પ્રવર્તે છે. જો વ્યક્તિના પોતાના અંગેના ખ્યાલોમાં ગૂંચવાડો હોય, સ્પષ્ટતા ન હોય તો, સંઘર્ષ હોય તો, તણાવ સર્જે છે. સ્ત્રીઓના સંદર્ભમાં ચર્ચા કરીએ તો, સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકા વિવિધ બાબતો ઉપર આધારિત હોય છે. સમાજશાસ્ત્રી વેબરના મતે સમાજ દ્વારા વ્યક્તિને કૌટુંબિક પૃષ્ઠભૂમિકા, વ્યવસાય, મિલકત, જાતિ તથા શિક્ષણ મુજબ દરજ્જો અપાય છે. ભારતીય સંદર્ભમાં આમાં જ્ઞાતિ પણ ઉમેરાય છે. વિશ્વના સંદર્ભમાં ધર્મ પણ મહત્ત્વનું પરિબળ છે. આ બધા જ તફાવતોને લક્ષમાં લઈએ તોય બધા જ જૂથોમાં સ્ત્રી ગૌણ સ્થાન ધરાવે છે. વિવિધ સમુદાયોમાં, જ્ઞાતિઓમાં, પૈસાદાર, મધ્યમ કે નિમ્ન વર્ગોમાં, નગર કે ગ્રામીણ સમુદાયમાં વસતા, તમામ વ્યવસાય કરનારાઓમાં એટલે કે બધામાં જ સાર્વત્રિક રીતે સ્ત્રીનું સ્થાન ગૌણ છે, પુરુષથી દ્વિતીય છે. પિતૃમૂલક સંસ્થામાં સ્ત્રીને સતત દ્વિતીય સ્થાન આપવામાં આવ્યું છે.

સ્ત્રીના આ દ્વિતીય સ્થાનને વધુ સુગમતા બક્ષવા, તેને મદદ કરવા, વિવિધ સમયે સામાજિક સુધારણા માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. સ્ત્રીને મદદ કરવાના અનેક વિવિધ કાર્યક્રમોને તપાસીએ તો તેમાંથી વિવિધ અભિગમ જોવા મળે છે.

## ૩.૨.૧ કલ્યાણ અભિગમ :

સદીઓથી સ્ત્રીને દ્વિતીય દરજ્જો અપાયો છે. સ્ત્રીના અસ્તિત્વને પણ પુરુષના અસ્તિત્વ સાથે જોડવામાં આવ્યું હતું. તેથી જ પતિ પરમેશ્વર એ કહેવત અસ્તિત્વમાં આવી હતી.રાજા રામમોહનરાયના પ્રયત્નોથી કલ્યાણ અભિગમથી સ્ત્રીને મદદ કરવાની શરૂઆત થઈ. કલ્યાણ અભિગમમાં એક આપનાર અને બીજું લેનાર હોય છે : એક દાતા અને એક સ્વીકારનાર. કલ્યાણ અભિગમમાં બધી જ બાબતો આપનારના મત પ્રમાણે નક્કી થાય છે. ખ્યાલ, વિચાર, આયોજન અને કાર્ય આપનાર દ્વાર નક્કી કરવામાં આવે છે. આપનાર સમર્થ અને શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ અભિગમમાં લેનાર નિષ્ક્રિય હોય છે. તે માત્ર લે છે, એની ઈચ્છા કે અનિચ્છાનો અહીં સ્વીકાર થતો નથી. એને નબળો અને લાચાર માનવામાં આવે છે. સ્ત્રીઓના વિકાસ માટે સૌપ્રથમ કલ્યાણ અભિગમ અપનાવવામાં આવ્યો. આ અભિગમમાં એવો મૂળભુત ખ્યાલ છે કે મહિલાઓ માટે સમાજમાં સૌથી મહત્ત્વની ભૂમિકા માતૃપદની છે. આ ભૂમિકા માટે સ્ત્રીને જેટલી મદદ થઈ શકે એટલી કરવી જોઈએ. આ અનુસંધાને જ સ્ત્રી કલ્યાણના કાર્યક્રમો અપનાવવામાં આવે છે. જેવા કે દુષ્કાળ રાહતના કાર્યક્રમો, કુટુંબ નિયોજન, માતૃ સંભાળ અને પોષણયુક્ત આહાર વગેરે. આ અભિગમમાં સામાજિક સુધારણાનો અભિગમ પ્રત્યક્ષ છે.

## ૩.૨.૨ સમાનતાનો અભિગમ :

બીજા તબક્કામા સ્વતંત્રતા અને સમાનતાની વાત થઈ. ફ્રાંસની રાજ્યક્રાંતિના સંદર્ભમાં વિશ્વમાં સમનત્વ પ્રસરાવવાના બધા જ પ્રયત્નો થયા. આ પ્રયત્નોમાં ધર્મ, જ્ઞાતિ, વર્ગ, પ્રદેશ સાથે જાતિનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સ્ત્રીને આ સમનત્વ વાસ્તવિક રીતે હજુ પ્રાપ્ત થયું નથી. આપણે કાયદા ઘડ્યા પણ કાયદાને મદદકર્તા લોકશાહી સંસ્થાઓ હજી આજે પણ પ્રસ્થાપિત થઈ શકી નથી. કાયદાથી રાજ્યે સમાનતાની વ્યવસ્થા કરી પણ પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં સ્ત્રીને પ્રાપ્ત થયેલું ગૌણત્વ, સમન્યાય અને સમાનતાના હક અપાયા છતાં હજી તેને વાસ્તવિક્તામાં પલટાવી શકાયા નથી. આ અભિગમાન સંદર્ભમાં માળખાને સુધારવાનું આયોજન થાય છે. આ અભિગમના અનુસંધાને સ્ત્રીની વિભિન્ન ભૂમિકાઓને સમજવા અને તેને ન્યાય અપાવવા વ્યૂહરચના ઘડાય છે. સ્ત્રીની ત્રેવડી ભૂમિકાના સંદર્ભમાં જાગૃતિ આવી છે અને બહુપાસીય વ્યૂહરચના ઘડાય છે. રાજ્યસંસ્થાએ સ્ત્રીને પડકારી શકાય તેવા હક્કો, સમાનતા અને સ્વતંત્રતા આપી પીઠબળ પૂરું પાડ્યું. રાજ્યે હસ્તક્ષેપ કરી અભિગમથી પણ પ્રયત્નો શરૂ કર્યા. માળખાગત સુધારા કર્યા, સ્ત્રીની સહભાગીતા ઉપર ભાર મૂકી વ્યૂહરચનાઓ ઘડી કાર્યક્રમો અમલમાં મૂક્યા. અસમાનતા ઓછી કરવા બધા જ પ્રકારના પ્રયત્નો હાથ ધર્યા. આ અભિગમ મુજબ સ્ત્રી પુરુષ સમાનતા માટે સમાજ પ્રયત્નશીલ બન્યો. માત્ર

અસમાન વાસ્તવિક્તાઓને સમાન જાહેર કરી દેવાથી સમાનતા પ્રાપ્ત થતી નથી. અલબત્ત રાજકીય પીઠબળ અને અનેકવિધ આયોજનો તથા કાર્યક્રમોથી સ્ત્રીના સ્થાનમાં ફરક જોવા મળે છે.સ્ત્રીને અધિકાર સાથે સાથે, સ્ત્રી કુશળતા પ્રાપ્ત કરી શકે એવી વ્યૂહરચના ઘડી, સ્ત્રીની ઉત્પાદકીય ભૂમિકાને લક્ષમાં રાખી, તેની ઉપયોગિતાને લક્ષમાં રાખી, આ અભિગમ અમલી બન્યો હોય તેમ જણાય છે. આ અભિગમમાં સ્ત્રીને વિકાસમાં ભાગીદારી સમજી, અને તે વધે તેને લક્ષમાં રાખી આયોજન કરવામાં આવ્યું છે. માત્ર વિકાસ જ સૌથી પ્રભાવશાળી સાધન છે તે સ્વીકારી સ્ત્રીને વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવાનો અભિગમ સ્પષ્ટ થાય છે. કુશળતાના અભિગમ દ્વારા સ્ત્રીને કુશળ બનાવવાનો પ્રયત્ન પણ હાથ ધરવામાં આવ્યો છે. આ અભિગમમાં સ્ત્રીની ત્રેવડી ભૂમિકાને લક્ષમાં રાખી તેને મદદરૂપ થઈ કુશળતા વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સ્ત્રીને આ અભિગમ અન્વયે સંસાધન તરીકે જોવામાં આવે છે. સ્ત્રીની ઉપલબ્ધિ સમાજને લાભાન્વિત કરશે તે વલણ દૃશ્યમાન થાય છે. સ્ત્રી-ઉત્થાન માટે વ્યૂહરચના ઘડાય છે.

સમાનતાના અભિગમમાં સમાનતા પ્રદાન કરવામાં આવે છે પણ અસમાન જૂથોને સમાનતા અપાય છે. આવી જ સમાનતા સ્ત્રીપુરુષને પ્રાપ્ત થાય છે. હાથી અને કીડીની સમાનતા, એક બળવાન અને નબળાને અપાતી સમાનતા. દા.ત. એક ખાલી બસ હોય અને ૨૫ જુવાન અને ૨૫ વૃદ્ધ લોકોને એમાં દોડીને ચઢવાનું કહે તો માત્ર જુવાન જ પ્રથમ નંબરે રહે. આ જ રીતે સ્ત્રી અને પુરુષને સમાનતા પ્રાપ્ત થઈ છે. સમાનતાના અભિગમમાં સ્ત્રીઓની પ્રગતિ થઈ. જાહેરજીવનમાં સ્ત્રીને લાભ થયો. પણ આ અભિગમની ખામીઓની ચર્ચા થઈ અને તેમાંથી ઉદ્‌ભવ્યો સમર્થતાનો અભિગમ.

## ૩.૨.૩ સમર્થતાનો અભિગમ :

સાંપ્રત સમાજમાં સ્ત્રીને સક્ષમ, સમર્થ બનાવવાનો અભિગમ પ્રચલિત છે. સ્ત્રી પુરુષ પર અવલંબિત છે અને તેને ગૌણ દરજ્જો અપાયો છે. તે લક્ષમાં લઈ સમાનતા તથા સ્વતંત્રતાને વિસ્તરવા દેવા તથા સ્ત્રીને સક્ષમ બનાવી, સમાનતા પ્રાપ્ત કરે તેવી પરિસ્થિતિના સર્જન માટે પ્રયત્ન કરવામાં આવે છે. વિવિધ પ્રવર્તમાન માળખાઓની ચકાસણી માટે તે માળખા દ્વારા શોષણ કે દમન થતું હોય તો તેની ચકાસણી કરી નવાં માળખા ઘડવા કે જૂના માળખામાં નીતિયોગ્ય પરિવર્તન આવી શકે તેવા સુધારા કરવાના પ્રયત્ન કરવામાં આવે છે. સ્ત્રીઓની વિવિધ ભૂમિકાઓ સમજી, તેમની જરૂરિયાતોને પારખી, તેને પૂર્ણ કરી, તેની ક્ષમતાઓનો વિકાસ કરવાની વ્યૂહરચના ઘડવામાં આવે છે. પ્રથમવાર જ સમગ્ર અભિગમમાં પરિવર્તન આવ્યું છે. Top Down ને બદલે Down top નો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે. આ અભિગમને લક્ષમાં રાખી બધાં જ માળખા, સંરચનાઓ તથા વ્યવસ્થાને સમજી લે તેના પરિવર્તન લાવવાના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. બધા જ માળખાઓ સંતુલિત બને, વ્યક્તિને સહભાગી બનાવે, બધા જ પ્રકારના ભયને નષ્ટ કરી, વ્યક્તિલક્ષી, વ્યક્તિમિત્ર માળખાં પ્રયોજવાનો પ્રયાસ કરે. આ માળખાંઓમાં જો ધાર્યા પરિવર્તન શક્ય ન બને તો વૈકલ્પિક માળખાં ઊભા કરી, સ્ત્રીને વાસ્તવિક રૂપમાં સ્વતંત્રતા અને સમાનતા પ્રાપ્ત થાય તેવા પ્રયત્નોની શરૂઆત થઈ. સમર્થતા અને સક્ષમતા દ્વારા મુક્તિનો આ અભિગમ છે. આ અભિગમ

માત્ર મહિલાઓ માટે નહીં પણ માનવજાત માટે એટલે સ્ત્રી અને પુરુષ બંને માટે મદદરૂપ છે, વરદાનરૂપ છે. આ અભિગમની વિશિષ્ટતા એ છે કે આમાં વ્યક્તિને મદદ કરવાને બદલે, એને જ સમર્થ બનાવવાની વાત છે કે જે પોતે પોતાની લડાઈ લડી શકે. વ્યક્તિને શક્તિસંપન્ન બનાવવાનો અભિગમ છે. આ અભિગમમાં સમાજ લાભાન્વિત થાય છે.

આમ ઉપરોક્ત ત્રણ અભિગમ જોવા મળે છે. આ સિવાય બીજા ત્રણ અભિગમ પણ જોવા મળે છે :

૧. વિકાસમાં સ્ત્રીઓ
૨. સ્ત્રીઓ અને વિકાસ
૩. લિંગ અને વિકાસ

## ૩.૩.૧ વિકાસમાં સ્ત્રીઓ :

Women in Development આ શબ્દ, બોઝરનું, આર્થિક વિકાસમાં સ્ત્રીઓની ભૂમિકા પ્રકાશિત થયા પછી, અમેરિકન નારી મુક્તિવાદી ચળવળમાં ઉપયોગ લેવાયો. ૧૯૬૦ થી ૧૯૭૦ના દાયકામાં ખ્યાલ આવ્યો કે, વિકાસના કેટલાક પાસાઓની અસર સ્ત્રીઓ સુધી પહોંચતી નથી. ક્યારેક તે પરિસ્થિતિ વણસાવે છે. આ દૃષ્ટિકોણમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે, ઉત્પાદકીય ક્ષેત્રમાં સ્ત્રીઓને ઓછામાં ઓછું નુકસાન થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. આ અભિગમ દ્વારા સ્ત્રીને નડતાં પ્રશ્નો, સમસ્યાઓને દૃશ્યમાન બનાવવાનો, સમજવાનો તથા ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તમામ સંસ્થાઓ, માળખાંઓ તથા વ્યવસ્થાઓમાં સ્ત્રીઓના પ્રશ્નોને સમજવાના, તેને દૃશ્યમાન બનાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ દૃષ્ટિકોણ મુજબ વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો. બધાં જ સામાજિક માળખાંઓમાં, મૂલ્યોમાં, પ્રક્રિયાઓમાં અને ધોરણોમાં સ્ત્રીના ગૌણત્વ અને દમનને સ્વીકારવામાં આવ્યું છે. સંઘર્ષ નહીં કરવાનો એ ખ્યાલ સ્પષ્ટ છે. એવો સવાલ પૂછાતો જ નથી કે, શા માટે વિકાસના લાભ સ્ત્રીઓને મળતા નથી ? અહીં સ્ત્રીઓને માત્ર એક જ વર્ગમાં જોવામાં આવે છે. જ્ઞાતિ, વર્ગ, સમુદાયની ઉપેક્ષા કરવામાં આવી છે. સ્ત્રીને વિભિન્ન પરિસ્થિતિઓમાં એક જ વર્ગમાં જોવામાં આવે છે. સ્ત્રીઓની વિવિધ વાસ્તવિકતાઓને અવગણવામાં આવે છે. આ અભિગમમાં સ્ત્રીની આર્થિક ઉત્પાદકતાને જ મહત્ત્વ આપવામાં આવે છે. સ્ત્રીઓની પ્રજનન સેવા અંગે ઉપેક્ષા દાખવાય છે, તેને ગૌણ ગણવામાં આવે છે. આ ચર્ચા સૌપ્રથમ બોઝરે તેના પુસ્તકમાં શરૂ કરી. સૌપ્રથમ આ દૃષ્ટિકોણથી સ્ત્રીઓ અંગેની માહિતી વિશ્લેષિત કરવામાં આવી. જાતીય ધોરણે કરવામાં આવતા શ્રમવિભાજન અંગે વિશદ છણાવટ કરવામાં આવી. જેમ જેમ સમાજ વધુ ને વધુ પરસ્પરાવલંબિત થતો ગયો તેમ તેમ ખેતીપ્રધાન વ્યવસ્થામાં પરિવર્તન આવતા ગયા અને તેને કારણે સ્ત્રી અને પુરુષના કામ ઉપર જે અસરો થઈ તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. આ દૃષ્ટિકોણમાં સ્ત્રી પુરુષ અંગેની વિભિન્નતાઓ અને અસમાનતાઓને છતી કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. આ દૃષ્ટિકોણમાં વિકાસની સ્ત્રીપુરુષ ઉપર વિભિન્ન અસરો તપાસવી અને દૃશ્યમાન બનાવવી એ ધ્યેય જોવા મળે છે.

## ૩.૨.૨ સ્ત્રીઓ અને વિકાસ :

૧૯૭૯માં ઉદ્ભવેલ વિકાસમાં સ્ત્રીઓ અંગેના દષ્ટિકોણ તથા આધુનિકીકરણના સિદ્ધાંત અંગે જે ચર્ચા થઈ તેના સંદર્ભમાં આ દષ્ટિકોણનો ઉદ્ભવ થયો છે. આ અભિગમનો સૈદ્ધાંતિક પાયો એ છે કે, સ્ત્રીઓ અને વિકાસની પ્રક્રિયા વચ્ચે સીધો સંબંધ છે અને સ્ત્રીઓ વિકાસની ભાગ છે છતાં તેનો તેમાં સંપૂર્ણ સમાવેશ થતો નથી. આ અભિગમ પિતૃસત્તાક ઉત્પાદનની વિવિધ પદ્ધતિઓ અને સ્ત્રીઓના ગૌણત્વ અને દમન વચ્ચેના સંબંધ સમજાવવામાં નિષ્ફળ ગયું છે. આ અભિગમમાં સ્ત્રીઓના પ્રશ્નોને પુરુષના પ્રશ્નોથી અલગ કરી, સ્ત્રીને કેન્દ્રમાં રાખી, વિશ્લેષણ કરવાની બાબતને કેન્દ્રમાં રખાતી નથી. સ્ત્રીઓની ઉત્પાદનની ભૂમિકાને તેની પ્રજનનની ભૂમિકા અને કામને ભોગે વધુ મહત્ત્વ મળે છે. આ અભિગમમાં એવું માનવામાં આવે છે કે જો આંતરરાષ્ટ્રીય માળખું સમાન બનશે તો સ્ત્રીઓની સ્થિતિ આપોઆપ સુધરશે. આ અભિગમમાં સ્ત્રીઓના રાજકીય અને સામાજિક માળખામાં ઓછા પ્રતિનિધિત્વ અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. આ દષ્ટિકોણ ધરાવનારા એવો મત ધરાવે છે કે સમગ્ર સમાજનો વિકાસ થશે તો આપોઆપ સ્ત્રીનો પણ વિકાસ થશે. આ અભિગમ લૈંગિક અસમાનતાઓને કારણે ઉદ્ભવનારા પ્રશ્નો અંગે ચર્ચા કરતા નથી.

## ૩.૩.૩ લિંગ અને વિકાસ :

આ દષ્ટિકોણ વિકાસમાં સ્ત્રીઓ અને સ્ત્રીઓ અને વિકાસ બંનેને લક્ષમાં રાખી, તે અભિગમની ઉપલબ્ધિઓ તથા મર્યાદાઓને સમજી લિંગ અને વિકાસના દષ્ટિકોણથી ચર્ચા કરે છે. આ દષ્ટિકોણ સમાજવાદી નારી મુક્તિવાદી વિચારસરણીથી પ્રભાવિત છે. આ દષ્ટિકોણના પુરસ્કર્તાઓ સમગ્રલક્ષી (holistic) અભિગમમાં માને છે અને લૈંગિક ભૂમિકા આપવાના પાયાને જ પડકારે છે. આ અભિગમમાં માત્ર સ્ત્રી સંગઠનોની એકતા જ નહીં પરંતુ સંવેદનશીલ પુરુષોના પ્રદાનને સ્વીકારાય છે. આ અભિગમ સ્ત્રીઓના સમગ્ર ફાળાને આવકારે છે અને સ્ત્રીઓના ઘરમાં તેમજ ઘર બહાર બંને સ્થળોના પ્રદાનને માન્યતા આપે છે. જાહેર અને અંગત એવા વિરોધાભાસને નકારે છે અને બંને કાર્યક્ષેત્રનો સમન્વય કરે છે. આ અભિગમ અંગત બાબતને કાયદાથી કે સમાનતાથી પર ન માનવાની વાત કરે છે. અંગત ક્ષેત્રમાં સ્ત્રીઓની ભાગીદારી બધાં જ ક્ષેત્રમાં અર્થપૂર્ણ થાય અને વધે તે અંગે પ્રયત્નશીલ છે. સામાજિક સેવાઓ પૂરી પાડવી એ સરકારની ફરજ છે એમ તે માને છે. તેઓ સરકાર માટે દબાણ જૂથનું કાર્ય કરે છે. સ્ત્રી નિષ્ક્રિય રીતે માત્ર સેવા મેળવનાર નહીં પરંતુ સ્ત્રી સક્રિય રીતે તેને સ્વીકારે છે. સ્ત્રીઓએ પોતના હક માટે સંગઠિત થવાની જરૂર પર ભાર મૂકે છે અને તેની અસરકારક તથા અર્થપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેવી પરિસ્થિતિ સર્જવા સ્ત્રી સંગઠનોએ રાજકીય પ્રભુત્વ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ એમ માને છે. સમાજ પિતૃસત્તાક તથા વર્ગ અને વર્ણ હેઠળ સ્ત્રીઓનું દમન કરે છે તે સ્વીકારે છે. આ દમનનો વિરોધ કરે છે અને માળખાકીય સુધારા દ્વારા સ્ત્રીઓને સમર્થ બનાવવાની હિમાયત કરે છે. સ્ત્રીને સમાન અને સંપૂર્ણ વારસાધિકાર પ્રાપ્ત થાય તેનો પ્રયત્ન કરે છે. સમાજમાં સમાનતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા તમામ પરિબળોએ એકત્ર થઈ, આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ અને સ્ત્રી-પુરુષ વચ્ચે જે સત્તાના સંબંધો છે તે બદલાવવા જ જોઈએ તેમ તે માને છે. તમામ

પરિબળો કે જે સ્વતંત્ર સમાજ ઈચ્છે છે, તેમણે આ કાર્યમાં જોડાવવું જોઈએ એમ તે માને છે. આ અભિગમના સમર્થકો એમ માને છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ત્રી-પુરુષ સમાનતાનુ માળખું અસ્તિત્વમાં છે તેને આધારરૂપ માની, ત્રીજા વિશ્વમાં નવી વૈશ્વિક ઉદ્યોગીકરણની પ્રક્રિયાઓમાં, સ્ત્રીઓએ પોતાનો સંપૂર્ણ ભાગ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ થવું જોઈશે. આ અભિગમના સમર્થકો એમ માને છે કે સ્ત્રીઓના દમનના મૂળ તરીકે સામાજિક રચના જવાબદાર છે. સમાજ સ્ત્રી-પુરુષ માટે વિભિન્ન નિયમો ઘડે છે અને તે જ સ્ત્રીપુરુષ અસમાનતાના મૂળ છે.

આમ આ ત્રણ પ્રકારના વિવિધ અભિગમ સિવાય ગરીબી નાબૂદીનો અભિગમ પણ જોવા મળે છે. ગરીબીનાબૂદીનો અભિગમ - આ અભિગમમાં સ્ત્રીને વિકાસ સાથે સાંકળવાની વાત છે. સ્ત્રીને કુશળ કારીગર બનાવવા, પ્રયત્નશીલ થવા, તાલીમ લેવા, તૈયાર થવા અંગે સૂચન કરે છે.

આ અભિગમ સ્ત્રીનો આર્થિક વિકાસમાં ફાળો વધવો જોઈએ તેની વાત કરે છે પણ સમાનતાની ચર્ચા કરતો નથી. આમ સ્ત્રીઓ અંગે વિવિધ અભિગમોની ચર્ચા આપણે જોઈ.

## ૩.૨.૪ સમાપન

સમાજમાં સતત પરિવર્તન જોવા મળે છે. ફ્રાંસની રાજ્યક્રાંતિ અને લોકશાહીની સ્થાપનાની અસર સમગ્ર વિશ્વ ઉપર થઈ. પ્રથમ જાહેર જીવનમાં સ્વતંત્રતા અને સમાનતાની વાત થઈ, કાયદો ઘડાયો અને અમલમાં મૂકાયો. આ અસર જાહેર જીવનમાંથી ખાનગી જીવન ઉપર પણ થઈ. એ જ રીતે, ઉદારમતવાદ, માર્કસવાદ અને સમાજવાદી અસર જીવનના તમામ પાસાઓ ઉપર થઈ. આ જ રીતે નારીવાદી ચળવળે સમાજજીવન ઉપર ગહન અસરો કરી. સમાજની પાયાની સંસ્થાઓ કુટુંબ,શિક્ષણ, આર્થિક સંસ્થા, ધાર્મિક સંસ્થા તથા રાજકીય સંસ્થા તથા બીજી ઉપસંસ્થાઓ, પેટા સંસ્થાઓ, મૂલ્યો, ધોરણો તથા માળખાઓ ઉપર આ ચળવળની અસર જોવા મળી. આ ચળવળની અસર સમાજ ઉપર થઈ તેથી સામાજિક શાસ્ત્રો ઉપર પણ આની અસર થઈ. નારીવાદી પરિપ્રેક્ષ્યને કારણે સમાજશાસ્ત્રમાં ફેરવિચારણા શરૂ થઈ. બધા જ સિદ્ધાંતોની ચકાસણી થઈ. દા.ત. દુર્ખિમે શ્રમવિભાજનનો સિદ્ધાંત આપ્યો પણ એમાં ક્યાંય સ્ત્રીનો સમાવેશ નથી. આવી ચર્ચાને કારણે ચર્ચાના વિષયો, સામયિકો, સેમિનારોના વિષયો બદલાયા. મહિલાવર્ષ અને મહિલાદાયકાની અસરને લીધે યુ.જી.સી. અને આઈ.સી.એસ.એસ.આર. જેવી સંસ્થાઓએ પણ સ્ત્રી અભ્યાસોને પ્રોત્સાહન આપ્યું. વિશ્વવિદ્યાલયોમાં સ્ત્રી અભ્યાસ કેન્દ્રો - Women Studies Center સ્થપાયા. અભ્યાસક્રમોમાં પરિવર્તન આવ્યા. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોમાં નારીવાદી દષ્ટિકોણ સામેલ કરવામાં આવ્યો.

મહત્ત્વની બાબત એ છે કે પ્રથમ તબક્કમાં નારીવાદને કારણે નારીને પ્રતીકાત્મક મહત્ત્વ આપવામાં આવ્યું. ધીમે ધીમે આ બાબતને બદલે હવે નારી અંગે, નારીનાં વિવિધ પાસાંઓ અંગે ચર્ચા શરૂ થઈ.

સમાજશાસ્ત્રીય રીતે જોઈએ તો, હવે સમાજનું એક પણ ક્ષેત્ર સ્ત્રીઓના દષ્ટિકોણ, સ્ત્રી અંગેની ચર્ચાથી અલિપ્ત રહી શક્યું નથી. તમામ અભ્યાસો, ચર્ચાઓ તથા સિદ્ધાંતોમાં સ્ત્રીઓ અંગે ચર્ચા થાય છે. સંશોધનના માળખા બદલાયાં, વિષય બદલાતા, પદ્ધતિઓમાં પણ પરિવર્તન આવ્યાં. નારીવાદી સિદ્ધાંતો અને તેના અભ્યાસોની અસર

સમગ્ર સમાજશાસ્ત્રીય સંશોધન, ચર્ચાઓ તથા તેના હાર્દ ઉપર થઈ.

દરેક સમાજમાં અનેક પ્રકારની સ્તરરચના જોવા મળે છે અને સ્તરરચના પ્રમાણે એક જૂથ બીજા જૂથ સાથે આંતરક્રિયાઓ કરી આંતરસંબંધ રાખે છે. સમાન સ્તરના સભ્યો વચ્ચે સમાનતા, વિચારોનું આદાનપ્રદાન, પરસ્પર મૈત્રી, સદ્‌ભાવ અને માનમરતબો રાખવામાં આવે છે. જ્યારે સ્તરમાં ભિન્નતા અચૂકપણે જોવા મળે છે.ઊંચા સ્તરના લોકોને આદર્શ મનાય છે અને તેની સરખામણીમાં નિમ્ન સ્તરના લોકો એને અનુસરવાનો પ્રયત્ન કરે છે. નિમ્ન સ્તરના લોકો માટે ઉચ્ચ સ્તરના લોકોના આદર્શ, વર્તનવ્યવહાર, મૂલ્યો, ધોરણો, નિયમો રોલમોડેલ બને છે. તમામ સ્તરોની ભાષા ભિન્ન હોય છે. તમામ સ્તરોના આદર્શો, મૂલ્યો, ધોરણોમાં ભિન્નતા જોવા મળે છે. વિશ્વના બધા જ પિતૃસત્તાક સમાજવ્યવસ્થામાં સ્ત્રી અને પુરુષના અનુક્રમે નિમ્ન અને ઉચ્ચમ એમ બે સ્તર જોવા મળે છે. ઉપર જણાવ્યું તેમ પિતૃસત્તાક સામાજિક વ્યવસ્થા પુરુષને સ્ત્રીનો માલિક બનાવે છે. દાસત્વ સદીઓથી એટલે જ નારી પુરુષનું દાસત્વ કરે છે. ઉદારમતવાદી ચળવળથી વિશ્વના બધા જ સમાજોમાં પરિવર્તન આવ્યું તે જ રીતે સ્ત્રી પુરુષ સંબંધોમાં પણ પરિવર્તન આવ્યું. સમાનતા અને સ્વતંત્રતાના મૂલ્યે સ્ત્રી-પુરુષના સંબંધો અંગે પ્રશ્નો ઉઠાવ્યા. નારીવાદી ચળવળો થઈ, નારીવાદી અભ્યાસો થયા અને જાગૃત સમાજોમાં તથા જાગૃત જૂથોમાં બધી જ સામાજિક સંસ્થાઓ દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપિત કરવાનો પ્રયત્ન થયો. આથી સ્ત્રી-પુરુષ સંબંધના મૂલ્યમાં, આંતરક્રિયાઓમાં, આંતરસંબંધોમાં, ભાષાઓમાં, પ્રત્યક્ષીકરણમાં પરિવર્તનની શરૂઆત થઈ. સ્ત્રી-પુરુષની આંતરક્રિયાઓ અને આંતરસંબંધોમાં પરિવર્તન આવ્યું.

એકમ - ૩

---

તમારી પ્રગતિ ચકાસો:

---

૧. નારીવાદી વિકાસમાં કલ્યાણ અભિગમ સમજાવો.

---------------------------------------------------------

---------------------------------------------------------

---------------------------------------------------------

---------------------------------------------------------

---------------------------------------------------------

---------------------------------------------------------

---------------------------------------------------------

---------------------------------------------------------

---------------------------------------------------------

૨. નારીવાદી વિકાસમાં સમાનતાનો અભિગમ સમજાવો.

---

૨. નારીવાદી વિકાસમાં સમર્થતાનો અભિગમ સમજાવો.

---

૩. નારીવાદી વિકાસમાં સ્ત્રીઓ અંગેનો અભિગમ સમજાવો.

---

૪. નારીવાદી વિકાસમાં સ્ત્રીઓ અને વિકાસ અંગેનો અભિગમ સમજાવો.

---

૫. નારીવાદી વિકાસમાં લિંગ અને વિકાસ અંગેનો અભિગમ સમજાવો.

# સંદર્ભસૂચિ:

1. Kothari Jaya Pillai : Women Empowerment, Gyan Publishing House, New Delhi 1995.

2. Andermahi Sonya : A Glossary of Feminist Theory, Copublished in United States of America, Oxford University Press, New York 2000.

3. Ahuja Ram : 'Rights of Women', Rawat Publications, Jaipur 1992.

4. Geotz Anne Marie : 'Women Development Workers' Sage Publications, Delhi-2001.

5. Kabeer Naila : 'Reversed Realities' Kali For Women, Delhi 1995.

# નોંધ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**MSO-4**
**જાતિ અને સમાજ**

3

વિભાગ

# 3

## સ્ત્રીનો દરજ્જો


એકમ-1
સ્ત્રીનો દરજ્જો - સમીક્ષા **06**

એકમ-2
વેદકાલીન સમાજવ્યવસ્થામાં સ્ત્રીનો દરજ્જો **08**

એકમ-3
બ્રિટિશ શાસન પૂર્વે ભારતમાં સ્ત્રીનો દરજ્જો **12**

એકમ-4
બ્રિટિશ શાસનના અમલ દરમ્યાન સ્ત્રીનો દરજ્જો **18**

એકમ-5
રાષ્ટ્રીય લડત અને સ્ત્રીનો દરજ્જો **35**

એકમ-6
સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો **39**

એકમ-7
સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો **44**

એકમ-8
સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો રાજકીય દરજ્જો **51**

નોંધ

## લેખક

ડૉ. ઈલાબેન મેકવાન

વ્યાખ્યાતા, અનુ. સમાજશાસ્ત્ર વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભવિદ્યાનગર- 388 120.

## પરામર્શક (વિષય)

ડૉ. હેમીક્ષા રાવ

અધ્યક્ષ અને પ્રોફેસર,
અનુ. સમાજશાસ્ત્ર વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

## પરામર્શક (ભાષા)

ડૉ.નટુભાઈ રાવલ

૨૫, આરતી સોસાયટી,
મણીનગર, અમદાવાદ-8.

## સંપાદન અને સંયોજન

ડૉ. આમ્રપાલી મર્ચંટ

કુલપતિશ્રી,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
ડફનાળા,શાહીબાગ,અમદાવાદ - 380 003

## સંયોજન સહાય

શ્રી.એસ.એચ.બારોટ

મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
ડફનાળા, શાહીબાગ,
અમદાવાદ - 380 003.

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર- ૭, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003 ટે.નં. 22869690

© સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

નોંધ

# સારણીની યાદી


સારણી 7.1 સ્વતંત્ર ભારતમાં સ્ત્રી-પુરૂષ શિક્ષણની ટકાવારી

સારણી 7.2 ગુજરાતમાં જિલ્લાવાર શૈક્ષણિક પરિસ્થિતિ

સારણી 7.3 ભારતમાં રાજ્યવાર સ્ત્રી-પુરૂષ શૈક્ષણિક ટકાવારી

સારણી 8.1 લોકસભામાં ચૂંટાયેલ સ્ત્રી સભ્યો

સારણી 8.2 લોકસભામાં મતદાનની ટકાવારી

# એકમ 1: સ્ત્રીનો દરજ્જો - સમીક્ષા


1.1 પ્રસ્તાવના

1.2 સ્ત્રીનો સામાજિક દરજ્જો


## 1.1 પ્રસ્તાવના

કોઈપણ સમાજવ્યવસ્થાના પ્રગતિનો માપદંડ કે વિકાસની માત્રાને તપાસવી હોય તો જે તે સમાજવ્યવસ્થાના મૂળભૂત ઘટકોને તપાસવા પડે. મૂળભૂત ઘટકો એટલે સમાજવ્યવસ્થાના ચાલકબળ.સમાજવ્યવસ્થાને ચાલુ રહેવું હોય કે શાશ્વત રહેવું હોય તો સમાજવ્યવસ્થાની કાર્યાત્મક આવશ્યકતાને પૂર્ણ કરવી પડે. દરેક સમાજવ્યવાસ્થાની પોતાની કાર્યાત્મક આવશ્યકતાઓ છે તથા તેને પૂર્ણ કરવા માટેની સંસ્થાઓ પણ કાર્યરત છે. સમાજવ્યવાસ્થાની મૂળભૂત જરૂરિયાત નવીન સજીવો પૂરા પાડવાની છે. જો સમાજવ્યવસ્થામાં જૂના સભ્યો વિદાય લે કે મૃત્યુ પામે તો તેમના સ્થાને નવીનસભ્યો ઉમેરાય તો જ તે વ્યવસ્થા નિરંતર ચાલુ રહે. સમાજવ્યવાસ્થાની આ ગતિશીલતાને સતત ગતિશીલ રાખવા માટે મુખ્યત્વે બે સંસ્થાઓ કાર્યરત છે. જેમાં એક કુટુંબસંસ્થા અને બીજી લગ્નસંસ્થા.

લગ્ન દ્વારા કુટુંબનું નિર્માણ થાય છે અને કુટુંબ સમાજને નવીન સભ્યો આપે છે. આમ, કુટુંબસંસ્થાને સમાજનું મૂળ ઘટકતત્ત્વ ગણાવી શકાય. કુટુંબસંસ્થામાં પણ બે વ્યક્તિઓ મૂળ ચાલકબળ બને છે. એક સ્ત્રી અને એક પુરુષ. સ્ત્રી અને પુરુષ દ્વારા સમાજનું નિર્માણ થાય છે. સમાજમાં સ્ત્રી અને પુરુષ બન્નેની જરૂરિયાત હોવા છતાં તેમના સ્થાનમાં અસમાનતા જોવા મળે છે. સ્થાન એ તેની સાથે સંકલિત ભૂમિકાનો નિર્દેશ કરે છે. સ્ત્રીનું સ્થાન, સ્ત્રીનો દરજ્જો એ તેની ભૂમિકાનો નિર્દેશ કરે છે. દરજ્જો એ સમાજ જીવનના વિવિધ તબક્કાઓ દરમ્યાન વિવિધ ક્ષેત્રો જેવાં કે કુટુંબ, લગ્ન, મિલકત, શિક્ષણ, ધર્મ વગેરેમાં સ્ત્રીના હક્કો સૂચવે છે. સ્ત્રીની ભૂમિકા તેની ફરજોનો નિર્દેશ કરે છે.સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રોમાં સ્ત્રી જે ફરજો બજાવે છે તે ફરજો તેની ભૂમિકા છે. પુરૂષોની દૃષ્ટિએ સ્ત્રીની જે ભૂમિકા છે તે સ્ત્રીની દૃષ્ટિએ પોતાનો દરજ્જો બને છે. સ્ત્રીની ભૂમિકા તેના દરજ્જાનું ગત્યાંત્મક પાસું છે. સ્પષ્ટ રીતે સમજવું હોય તો એ રીતે સમજી શકા કે સ્ત્રી જ્યારે તેના હક્કો ભોગવે છે ત્યારે વાસ્તવમાં તે પોતાની ભૂમિકા ભજવે છે.

સ્ત્રીના દરજ્જા અંગેની ચર્ચા અનેક પ્રશ્નો ઊભા કરે છે કારણ કે ભારતીય સમાજ અનેક ધર્મી છે. ગ્રામીણ વિસ્તાર, શહેરી વિસ્તાર તથા કસ્બા ધરાવતો આ દેશ છે. તેથી જ ભારતીય સ્ત્રીઓની ચર્ચા કરતી વખતે એ સ્પષ્ટ કરવું પડે કે આપણે ક્યા પ્રદેશની, ક્યા વર્ગની, કઈ જ્ઞાતિની, ક્યા ધર્મની, ગામડાની કે શહેરની કે પછી આદિવાસી સ્ત્રીની વાત કરવા માગીએ છીએ. દરેક ભારતીય સ્ત્રીનો દરજ્જો સમાન નથી તથા દરેક ભારતીય સ્ત્રી બધે જ એકસરખું સ્થાન પણ ધરાવતી નથી. કોટિક્રમિક રીતે દરજ્જો નક્કી થતો જોવા મળે છે. આ ઉપરાંત દરેક ભારતીય સ્ત્રીની સમસ્યાઓ કે પ્રશ્નો એક સમાન નથી. સમગ્ર ભારતીય સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો વધારતાં કે ઘટાડતાં મૂલ્યો, ધોરણો અનેકવિધ તથા ભિન્ન ભિન્ન હોય છે. ભારતીય સ્ત્રીના દરજ્જામાં પ્રવર્તતી વિવિધતાએ ઘણીવખત ભારતીય સ્ત્રી અંગેનું એક ભ્રામક ચિત્ર ઊભું કરે છે. મોટા મેટ્રોપોલીટન શહેરી વિસ્તારની સ્ત્રીઓ એવો આભાસ પેદા કરી રહી છે કે સ્ત્રીઓનો દરજ્જો ધ્યાનપાત્ર રીતે ઊંચો રહ્યો છે કે પુરુષની સમકક્ષ છે. સ્ત્રીઓએ વિકાસ સાધ્યો છે. સ્ત્રીઓ સાથે પ્રવર્તતી જાતિયતા (Gender) આધારિત અસમાનતાઓ ઘટી ગઈ છે. આજની સ્ત્રી સહજતાપૂર્વક જ્યાં જવું હોય ત્યાં અને જ્યારે જવું હોય ત્યાં જઈ શકે છે. પુરુષ સહકર્મચારીઓ સાથે ખભેખભા મિલાવીને કામ કરે છે. તો આનાથી તદ્દન વિરોધાભાસી ચિત્ર શહેર સાથે નહિવત્ સંપર્ક ધરાવતા ગ્રામીણ વિસ્તારમાં જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારમાં બ્રાહ્મણ, વાણિયા કે ઉચ્ચજ્ઞાતિની સ્ત્રીઓ ઘરની ચાર દિવાલમાં પરંપરાગત જીવન ગાળતી તથા સગાસંબંધીઓમાં સેવાકાર્ય બજાવીને પરંપરાગત ભૂમિકા ભજવતી જોવા મળે છે. પતિદેવ પરમેશ્વર, પતિ સેવા એ જ જીવન વગેરે જેવા આદર્શ સાથે જીવન વ્યતીત કરતી જોવા મળે છે. આ જ વિસ્તારની વાલ્મિકી સ્ત્રીઓ, આદિવાસી સ્ત્રીઓ આર્થિક સાંસ્કૃતિક અને સામાજિક રીતે કચડાયેલી હોય છે.

એક બાજુ શિક્ષિત ભદ્રવર્ગની સ્ત્રીઓ છે. જેની સંખ્યા સીમિત છે. ઉચ્ચ શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી બનાવનાર સ્ત્રીઓની સંખ્યા અલ્પ કે નહિવત્ છે. તેઓ અનેક ક્ષેત્રોમાં સફળતા મેળવે છે તથા ખ્યાતિ પણ મેળવે છે. તો બીજી બાજુ મોટાભાગની સ્ત્રીઓ અનેક જાતની સામાજિક મુશ્કેલીઓ, ગેરલાભો અને ભેદભાવોનો ભોગ બનતી હોય છે.

આમ, સ્ત્રીઓનું વિશ્વ દ્વિમુખી ચહેરો ધરાવે છે. ચહેરાની એક બાજુ ઉન્નત વિકાસ પામેલી તથા આકાશને પણ સીમિત બનાવતી નારી છે. તો બીજી બાજુ મુશ્કેલીઓ, અત્યાચારોનો સામનો કરતી શોષણયુક્ત જીવન જીવતી સ્ત્રી છે. વિભિન્ન ઈતિહાસના કાલચક્રમાં સ્ત્રીના દરજ્જાની ચર્ચા આ પ્રકરણમાં કરીશું તે પહેલાં સ્ત્રીના સામાજિક દરજ્જાની ચર્ચા અનિવાર્ય રહેશે.

## 1.2 સ્ત્રીનો સામાજિક દરજ્જો :

'દરજ્જા' ને અંગ્રેજીમાં સ્ટેટસ (Status)કહેવામાં આવે છે જે વ્યક્તિના હક્કો અને અધિકારોનો નિર્દેશ કરે છે. સમાજશાસ્ત્રની વ્યાખ્યા પ્રમાણે વ્યક્તિનો દરજ્જો એટલે સમાજમાં મળતા હક્કો અને અધિકારો. સમાજમાં કેટલીક વ્યક્તિઓને વધુ હક્કો અને વધુ અધિકારો મળે છે જ્યારે તેની તુલનામાં કેટલીક વ્યક્તિઓને ઓછા હક્કો, ઓછા અધિકારો મળે છે. જેઓ વધુ હક્કો - અધિકારો ભોગવે છે તેઓ ઊંચા દરજ્જાવાળા ગણાય છે અને જેઓ ઓછા અધિકારો, ઓછા હક્કો ભોગવે છે તેઓ નીચા દરજ્જાના ગણાય છે. સ્ત્રીના દરજ્જાનું મૂલ્યાંકન પુરુષના દરજ્જાના સંદર્ભમાં કરવામાં આવે છે.

દરજ્જાની સાથે ભૂમિકાનો ખ્યાલ સંકલિત છે. વ્યક્તિ જે ભૂમિકા ભજવે છે તેને આધારે તેનો દરજ્જો નક્કી થાય છે. ભૂમિકા એટલે વ્યક્તિએ બજાવવાની ફરજો. દરજ્જો એટલે વ્યક્તિના હક્કો - અધિકારો અને ભૂમિકા એટલે વ્યક્તિની ફરજો. દરજ્જો અને સ્થાન એ બન્ને પર્યાયવાચી શબ્દ છે. સ્થાનને અંગ્રેજીમાં Position કહેવામાં આવે છે. દરજ્જો અને સ્થાન એ બન્ને શબ્દના અર્થ ભિન્ન છે. 'સ્થાન' શબ્દમાં દરજ્જો અને ભૂમિકા એ બન્નેનો સમાવેશ થઈ જાય છે. સમાજમાં સ્ત્રીનું સ્થાન એવું કહીએ ત્યારે 'સમાજમાં સ્ત્રીનો દરજ્જો' એમ નિર્દેશ કરીએ છીએ.

પુરુષનો દરજ્જો એ સ્ત્રીના દરજ્જાના મૂલ્યાંકન માટેનો માપદંડ બને છે. સંવિધાન અને કાનૂનમાં સ્ત્રી અને પુરુષના દરજ્જો સમકક્ષ છે. એટલે કે સંવિધાનમાં સ્ત્રી અને પુરુષના હક્કો - અધિકારો સમાન છે. તેમાં કોઈ અસમાનતા નથી. સ્ત્રીઓનો ઔપચારિક દરજ્જો સમાન છે. એનો અર્થ એ થયો કે સંવિધાનમાં સ્ત્રી - પુરુષ સમાન છે. સ્ત્રીઓનો ઔપચારિક દરજ્જો એટલે સૈદ્ધાંતિક દરજ્જો. કાયદા દ્વારા સ્ત્રીને પુરુષ જેવા જ અધિકાર આપવામાં આવ્યા છે. દરેકે દરેક ક્ષેત્રે એટલે કે રાજકીય, ધાર્મિક, આર્થિક વગેરે ક્ષેત્રોમાં સ્ત્રીને પુરુષ સમકક્ષ દરજ્જો આપવામાં આવ્યો છે. સ્ત્રીનો ઔપચારિક દરજ્જો અને વાસ્તવિક સામાજિક વ્યવહારમાં સ્ત્રીનો દરજ્જો એ બન્ને વચ્ચે હજી ઘણો તફાવત છે. એટલે કે કાયદા સમક્ષ સ્ત્રી - પુરુષ સમાન છે, પરંતુ હજી સમાજના વ્યવહારમાં સ્ત્રી - પુરુષ અસમાનતાની પરંપરા નાબૂદ થઈ નથી. સ્ત્રીઓનો ઔપચારિક દરજ્જો વાસ્તવિક જીવન (Real life)માં ચરિતાર્થ થયો નથી. સ્ત્રીઓને ઘણી અસમર્થતાઓ અને અસમાનતાનો ભોગ બનવું પડે છે. બંધારણીય અધિકારો મળેલા હોવા છતાં સ્ત્રીઓને અસમાનતાનો ભોગ બનવું પડે છે તેથી મળેલા અધિકારો ભોગવવા માટે સ્ત્રીઓ અસમર્થ રહી છે. તેના માટે મૂળભૂત રીતે જોઈએ તો સ્ત્રીઓના ઐતિહાસિક દરજ્જા પર દૃષ્ટિપાત કરવો પડે.

# એકમ 2 વેદકાલીન સમાજવ્યવસ્થામાં સ્ત્રીનો દરજ્જો (ઈ.સ. પૂર્વે 2000 થી ઈ.સ. પૂર્વે 800)

2.1 પ્રસ્તાવના
2.1.1 સ્ત્રીશિક્ષણ
2.1.2 લગ્નપ્રથા
2.1.3 ગૃહજીવન
2.1.4 વિધવા
2.1.5 જાહેર જીવન
2.1.6 ધાર્મિક જીવન
2.1.7 મિલકત
2.2 વેદકાલનો અનુગામી સમય
2.2.1 પુત્રીજન્મ
2.2.2 લગ્ન
2.2.3 વિધવા સ્ત્રીનું સ્થાન
2.3 બૌદ્ધકાલીન સમયમાં સ્ત્રીનું સ્થાનઃ
2.3.1 ગૃહસ્થી સ્ત્રીઓનું જીવન
2.3.2 લગ્ન વય
2.3.3 વિધવા સ્ત્રી
2.3.4 ધર્મના ક્ષેત્રે સ્ત્રીનું જીવન
2.3.5 ઉપસંહાર

## 2.1 પ્રસ્તાવનાઃ

વૈદિકયુગમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થા પ્રવર્તની હતી. સામાન્ય રીતે સત્તા પુરુષના હાથમાં કેન્દ્રિત રહેતી છતાં પણ સ્ત્રી - પુરુષ વચ્ચે સમાનતા પ્રવર્તતી હતી. પુત્ર જન્મ પ્રત્યે પક્ષપાત હોવા છતાં પણ પુત્રીના જન્મને આવકારવામાં આવતો હતો. તેના વિકાસ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવતું નહોતું. વૈદિકયુગમાં સ્ત્રીઓના દરજ્જાની ચર્ચા કરવા માટે વિવિધ મુદ્દાઓ જેવા કે શિક્ષણ, લગ્ન, લગ્નની વય, ગૃહજીવન વગેરેને આધારે કરી શકાય.

### 2.1.1 સ્ત્રીશિક્ષણઃ

વૈદિક સમયમાં સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર કરવામાં આવતો હતો. સ્ત્રીઓ વેદોનો અભ્યાસ કરી શકતી હતી તથા ઋચાઓ પણ રચતી હતી. લોપામુદ્રા, વિશ્વાવરા અને ઘોષાએ ઋચાઓ રચી હતી. વૈદિકયુગમાં બ્રહ્મવાદિની તથા સદ્યોદ્વા એમ બ વિભાગોમાં વિદ્યાર્થિનીઓને વિભાજિત કરવામાં આવતી હતી. બ્રહ્મવાદિની તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતી જ્યારે સદ્યોદ્વા 15 થી 16 વર્ષની ઉંમર સુધી એટલે કે લગ્ન ન થયાં હોય ત્યાં સુધી અભ્યાસ કરી શકતી. મૈત્રેયી, ગાર્ગી, આત્રેયી જેવી પ્રતિભાવંત સ્ત્રીઓએ શિક્ષણક્ષેત્રે ઉજ્જવળ કીર્તિ પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત સ્ત્રીશિક્ષિકા માટે ઉપાધ્યાયા અને શિક્ષક પત્ની માટે ઉપાધ્યાયિની શબ્દ વપરાતો.

આ પરથી એમ કહી શકાય કે વૈદિકયુગ દરમ્યાન સ્ત્રીઓ શિક્ષણ ક્ષેત્રે પુરુષ સમકક્ષ દરજ્જો ધરાવતી હતી તથા શિક્ષણ લેવાનો તેમનો અધિકાર હતો.

### 2.1.2 લગ્નપ્રથાઃ

વૈદિક યુગમાં લગ્ન એક સામાજિક કાર્ય ગણાતું હતું. વ્યક્તિગત સંબંધો નહિ પરંતુ લગ્નના મુખ્ય હેતુઓ ધર્મ પ્રજા અને રતિ કેન્દ્ર સ્થાને રહેતા હતા. લગ્નનો મુખ્ય હેતુ ધાર્મિક ફરજો અદા કરવાનું અને વંશ ચાલુ રાખવાનુ ગણાયું હતુ. લગ્નની વય 15 થી 16 વર્ષની

ગણાતી હતી. સ્વાભાવિક રીતે જ લગ્નવય ઊંચી હોવાને કારણે જીવનસાથીની પસંદગીમાં કન્યાની પસંદગીને અગ્રિમતા અપાતી હતી. વેદકાળમાં ગાંધર્વ પ્રકારનાં લગ્નોની ચર્ચા જોવા મળે છે જે એ બાબતને સૂચવે છે કે પાત્રની પસંદગીમાં સ્ત્રીઓની પસંદ - નાપસંદને યોગ્ય સ્થાન હતું. વેદકાળમાં પિતા લગ્નના સમગ્ર નિર્ણયો પોતાના હસ્તક રાખતા હોય એવો ઉલ્લેખ જોવા મળતો નથી. આ ઉપરાંત ગોત્ર, પ્રવર કે જ્ઞાતિનાં બંધનો તે સમયે ન હતાં.

આમ, વેદકાળમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થા પ્રવર્તમાન હોવા છતાં લગ્નના ક્ષેત્રે સ્ત્રીઓનો દરજ્જો પુરુષ સમકક્ષ રહેતો જોવા મળે છે.

## 2.1.3 ગૃહજીવન:

વેદકાલીન સમાજમાં સ્ત્રીઓ ગૃહજીવનમાં ઉચ્ચસ્થાને બિરાજમાન હતી. સમાજમાં સ્ત્રી શિક્ષણનાં દ્વાર સ્ત્રીઓ માટે ખુલ્લાં હતાં. મોટી ઉંમરે સ્ત્રીઓનાં લગ્ન થતાં હતાં. આ અન્ય પ્રકારની સગવડતાને કારણે સમાજમાં ગૃહજીવનમાં સ્ત્રીઓ મહત્તા ધારણ કરતી.

## 2.1.4 વિધવા:

કોઈપણ સમાજમાં વિધવા સ્ત્રી પરત્વેના પ્રવર્તમાન નીતિનિયમો કે મૂલ્યો જે તે સમાજની સ્ત્રી પ્રત્યેની દૃષ્ટિને અભિવ્યક્ત કરે છે. વૈદિકયુગમાં સતી પ્રથાનો રિવાજ પ્રવર્તમાન ન હતો. પ્રાગ્ઐતિહાસિક યુગમાં સતી પ્રથા પ્રવર્તમાન હશે પરંતુ વેદકાલીનમાં તે રિવાજ ન હતો. એવી દૃઢ માન્યતા વિદ્વાનોમાં છે. વેદકાલીન યુગમાં એક રિવાજ પ્રવર્તમાન હતો કે પત્નીના મૃત્યુ બાદ શબને અગ્નિસંસ્કાર માટે લઈ જવામાં આવે ત્યારે પત્ની જોડે જતી, શબની સાથે સૂઈ પણ જતી. પરંતુ કૌટુંબિક સગાંવહાલાંની વિનંતીથી એ પાછી આવતી અને બધાં પ્રાર્થના કરતાં કે આ વિધવા સ્ત્રીની ભવિષ્યની જિંદગી પણ સમૃદ્ધ થાય અને સુખ પ્રાપ્ત કરે તેવી અભ્યર્થના કરવામાં આવતી. વિધવા સ્ત્રીના માટે ત્રણ રસ્તા રાખવામાં આવતા હતા. સહમરણ કે અનુમરણનો માર્ગ ન સ્વીકારે તો એક તો એ વૈધવ્યયુક્ત જીવન ગાળે, બીજું, દિયર કે નજીકના સગાઓ સાથે જાતીય સંબંધનો સ્વીકાર કરી લે અથવા પુનઃ લગ્નનો સ્વીકાર કરે. આ ત્રણ રસ્તા તેની સમક્ષ રહેતા. નિયોગની પ્રથા કે જેમાં સ્ત્રી પતિના ભાઈ સાથે કે નજીકના સગા સાથે લગ્ન કરે એ વેદકાલીન વ્યવસ્થામાં પ્રચલિત હતું.

આમ, વેદકાળ વ્યવસ્થામાં વિધવા પુનઃલગ્નની હિમાયત હતી તેમ નોંધી શકાય. તે વિધવા પુનઃ લગ્નની સમાજની સ્વીકૃતિ પણ સૂચવે છે.

## 2.1.5 જાહેર જીવન:

વેદકાલીન સમયમાં સામાજિક અને જાહેર પ્રસંગોમાં સ્ત્રીઓની હાજરી સામાન્ય ગણાતી હતી. 'સમન' ઉત્સવમાં અર્થમાં આ શબ્દનો ઉપયોગ થાય છે. યુવાન અને વૃદ્ધ સ્ત્રીઓ આ ઉત્સવને ધામધૂમથી ઊજવતી હતી. આ પ્રસંગે બાણાવળીઓ પોતાની બાણવિદ્યાનો પરિચય દેખાડતા અને કુંવારી કન્યા માટે યોગ્ય જીવનસાથી મેળવવાનો માટે પ્રસંગ ઉજવાતો હતો. વારાંગનાઓ પણ વિવિધ સ્થાન ભોગવતી હતી.

## 2.1.6 ધાર્મિક જીવન:

વેદકાલીન સમયમાં ધર્મની પ્રગાઢતા હતી. દરેક કાર્યમાં ધર્મ અનિવાર્ય ગણાતો હતો. સ્ત્રીનું સ્થાન ધર્મ ક્ષેત્રે પણ ઉચ્ચ હતું. સામવેદની ઋચાઓ સ્ત્રીઓ જ ગાતી, પતિ બહારગામ હોય ત્યારે રોજિંદી ધાર્મિક ક્રિયાઓ કરવાની જવાબદારી સ્ત્રીઓને શિરે રહેતી. સીતાયાગ, રૂદ્રબલિ અને રૂદ્રયાગ જેવા યજ્ઞો સ્ત્રીઓએ જ કરવાના હતા. આમ, ધાર્મિક જીવન પણ ઉન્નત હતું.

## 2.1.7 મિલકત:

વેદકાલીન સમયમાં મિલકતના વારસા હક્કોનું સ્વરૂપ સ્પષ્ટ થતું નથી. પરંતુ નિરુક્તમાં યજ્ઞાચાર્યે જે પિતાને પુત્ર ન હોય તેની પુત્રીને વારસા અધિકાર છે તેવો ઉલ્લેખ કરેલો મળે છે. આ ઉપરાંત પતિ તરફથી પત્નીને ભેટ આપવાના ઉલ્લેખો પણ મળી આવે છે.

આમ, વિભિન્ન દૃષ્ટિકોણના પરિમાણમાં જોતાં વેદકાલીન સમયમાં પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા પ્રવર્તમાન હોવા છતાં સ્ત્રીનો દરજ્જો ઊંચો હતો, સન્માનનીય હતો. સ્ત્રીનું સ્થાન ઊંચું ગણાતું હતું.

## 2.2 વેદકાલનો અનુગામી સમય:

વેદકાલનો અનુગામી સમય ઈ.સ. પૂર્વે 800 વર્ષથી ઈ.સ. 200 વર્ષ સુધીનો એટલે કે લગભગ 1000 વર્ષનો ગણી શકાય. આ સમય દરમિયાન સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન આવ્યું. ધર્મસૂત્રો, મનુસંહિતા, મહાકાવ્યો અને કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આ સમયમાં આવેલા પરિવર્તનોની ઝાંખી કરાવે છે. આ સમયગાળામાં વેદકાલીન સમાજમાં પ્રવર્તની સામાજિક ગતિશીલતા ધીમે ધીમે ઓછી થતી જાય છે. સ્ત્રીઓ માટે સામાજિક વિચારસરણી તેમજ કાયદાની દૃષ્ટિએ પરતંત્રતા સૂચક વિધાનોનું મંડાણ આ સમાજમાં શરૂ થઈ ગયું હતું. સ્ત્રીઓ તથા શુદ્રો માટે ભક્તિ જ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે એવું સૂચન કરીને સમાજમાં ધાર્મિક દૃષ્ટિએ સ્ત્રીને નીચું સ્થાન આપવાનો પ્રયત્ન થયો. મનુસ્મૃતિ પ્રમાણે કોઈપણ હિંદુ માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ માનવીના અંતિમ ધ્યેય છે. આ ચાર પુરૂષાર્થોને ચાર આશ્રમોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. બ્રહ્મચાર્યશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સન્યસ્તાશ્રમ. દરેકે દરેક આશ્રમમાં પોતાની વિશિષ્ટ ફરજો મનુષ્યએ બજાવવાની રહેતી. વર્ણવ્યવસ્થા વધારે દૃઢ થતી જતી હતી. બ્રાહ્મણોનું સ્થાન સમાજમાં ખૂબ જ ઊંચું હતું. મનુસ્મૃતિ બ્રાહ્મણ વર્ણને વિશિષ્ટ અધિકારો આપે છે. આ પ્રકારના વેદકાલના અનુગામી સમયમાં સ્ત્રીઓના દરજ્જાને વિવિધ દૃષ્ટિકોણથી જોવો આવશ્યક છે. જેની ચર્ચા આ પ્રમાણે કરી શકાય.

### 2.2.1 પુત્રીજન્મ:

વેદકાલના અનુગામી સમાજમાં પુત્રીજન્મ આવકારદાયક ગણાયો નથી. પુત્રીને આપત્તિ - આફત ગણવામાં આવતી હતી. જ્યારે પુત્ર જ આશાનું કિરણ છે તેવી માન્યતા દૃઢ બની. વેદકાલીન સમયમાં પ્રવર્તતી શિક્ષણની સ્વતંત્રતા સ્ત્રી પાસેથી છીનવાઈ ગઈ. શિક્ષણનાં દ્વાર સ્ત્રીઓ માટે બંધ થયાં. લગ્ન સ્ત્રીઓ માટે ફરજિયાત બન્યાં. આમ, સ્ત્રીનો દરજ્જો નિમ્ન થતો ગયો.

### 2.2.2 લગ્ન:

મનુસ્મૃતિમાં આઠ પ્રકારનાં લગ્નોનો ઉલ્લેખ જોવા મળે છે, જેમાં બ્રાહ્મણ, દેવ, પ્રાજાપત્ય અને આર્ય સ્વરૂપને માન્ય ગણવામાં આવ્યાં હતાં. જ્યારે ગાંધર્વ, આસુર, રાક્ષસ તથા પિશાચ એ અમાન્ય ગણાતાં હતાં. ઈ.સ. 300 વર્ષ પૂર્વે કન્યા માટે લગ્ન કરવાં ફરજિયાત બની ગયાં. ઉપનયનનો સંસ્કાર કન્યા માટે બંધ કરી લગ્નની વિધિને ઉપનયન સાથે સરખાવવામાં આવી. પતિની સેવા ગુરુની સેવા સમાન છે અને ગૃહકાર્ય યજ્ઞની બરાબર જ છે એમ ગણાયું. એટલે કે સ્ત્રીને બીજા કોઈ ધાર્મિક કાર્યની વિધિની કે અભ્યાસની આવશ્યકતા નથી તેવી માન્યતા દૃઢ બની. અનુવેદકાલીન યુગમાં સ્ત્રીએ અપરિણીત રહેવું એ નારી માટે પાપનું કાર્ય છે એવી માન્યતા પ્રચલિત બની. લગ્નને અનિવાર્ય બનાવી લગ્નની વય નીચી લાવવાના પ્રયાસ પણ આ સમય દરમિયાન થયો.

### 2.2.3 વિધવા સ્ત્રીનું સ્થાન:

વેદકાલીન સમયમાં નિયોગની જે પ્રથા હતી તેને મર્યાદિત કરવામાં આવી. પહેલાં નિયોગમાં ત્રણ પુત્રો સુધી સંબંધ રાખી શકાય તેવી રૂઢિ હતી. ધીમે - ધીમે આ સમયમાં 2 પુત્ર સુધી મર્યાદા નિશ્ચિત કરવામાં આવી. મનુસ્મૃતિમાં પત્નીધર્મ અંગે મનુ કહે છે કે જે સાધ્વી સ્ત્રી પતિના મૃત્યુ બાદ અવિરત પવિત્ર વર્તન આચરે છે તે પવિત્ર પુરુષની માફક અપુત્ર હોવા છતાં સ્વર્ગે સિધાવે છે. ઈ.સ. 200 થી વિધવા પુનઃ લગ્ન તરફ સમાજની ટીકા વધતી જાય છે. સાથે સાથે વિધવાના પુત્રનું સ્થાન પણ નીચે ઊતરતું ગયું.

## 2.3 બૌદ્ધકાલીન સમયમાં સ્ત્રીનું સ્થાન:

બ્રાહ્મણ વર્ણની વધતી જતી મહત્તા સામે બૌદ્ધ ધર્મીઓએ પહેલીવાર પડકાર કર્યો. હિંદુ ધર્મની વધતી જતી રૂઢિચુસ્તતા તેમજ ક્રિયાકાંડની હારમાળા સમાજમાં સ્ત્રી તેમજ શુદ્ર વર્ણ માટે બંધિયાર વાતાવરણ સર્જાયું હતું. આ સમયમાં સ્ત્રીના સ્થાનને સમજવા માટે બે વિભાગમાં સમજી શકાય.

1. ગૃહસ્થી સ્ત્રીઓનું સમાજમાં સ્થાન

2. ભિખ્ખુણીનું સ્થાન

### 2.3.1 ગૃહસ્થી સ્ત્રીઓનું જીવન :

બૌદ્ધ ધર્મ ક્રિયાકાંડને મહત્ત્વ આપતો નથી તથા પિંડદાનની સાર્થકતા પણ જોવાતી હતી અને તેથી જ કુદરતી રીતે જ ધાર્મિક કાર્યની પુત્રીની અનિવાર્યતા આ સમયમાં નથી. આ ઉપરાંત આ સમયગાળામાં પુત્ર અથવા પુત્રીને દત્તક પણ લઈ શકાતાં હતાં. એ હકીકત સ્ત્રીના ઊંચા સ્થાનનું નિર્દેશ કરે છે. બૌદ્ધકાલીન સમય દરમિયાન કન્યા-કેળવણી પર ધ્યાન અપાયું હતું. સકલ ખેમા અને ધમ્માદિની નામધારી ભિખ્ખુણીઓનાં ધાર્મિક પ્રવચનોએ સ્ત્રીની શક્તિનો ખ્યાલ આપ્યો હતો. આમ, બૌદ્ધકાલીન સમયમાં સ્ત્રીનું સ્થાન ઊંચું ગયું હતું.

### 2.3.2 લગ્ન વય :

બૌદ્ધકાલીન સમયમાં સમાજમાં પિતૃસત્તાક વ્યવસ્થા પ્રવર્તતી હતી. તેમ છતાં પુરુષના મહત્ત્વના સ્થાનની મર્યાદામાં રહીને સ્ત્રીને જેટલા અધિકાર આપી શકાય તેટલો આપવાનો પ્રયાસ થયો હતો. લગ્નની વય 16 થી 20 વર્ષની હશે. અપરિણીત પુત્રીને બૌદ્ધ ધર્મ સ્વીકારવા માગતી હોય તો માતા - પિતા બન્નેની સંમતિ અનિવાર્ય હતી. બુદ્ધ પોતે કહે છે કે પુરુષે પોતાની પત્નીનું બહુમાન કરવુ જોઈએ. આમ, લગ્ન અંગે પણ સ્ત્રીનો દરજ્જો બૌદ્ધકાલીન સમયમાં ઊંચો ગયેલો જોવા મળે છે.

### 2.3.3 વિધવા સ્ત્રી :

બૌદ્ધકાલીન સમયમાં સ્ત્રીનો દરજ્જો ઊંચો ગયો હતો. તથા બીજી બાજુ સ્ત્રીઓને ભિખ્ખુણી થઈ શકવાની છૂટને કારણે સ્ત્રીનું જીવન પરાધીન બનતું નહિ. વિધવા સ્ત્રીઓ સંઘમાં જોડાઈ જતી. તેથી પુનઃ લગ્નની જરૂર પડતી નહોતી આ પરથી એમ કહી શકાય કે બૌદ્ધકાલીન સમય દરમિયાન વિધવા સ્ત્રીઓની સ્થિતિ કંઈક અંશે સંતોષજનક તથા માનવીય ગુણોથી સભર હતી.

### 2.3.4 ધર્મના ક્ષેત્રે સ્ત્રીનું જીવન :

બૌદ્ધ ધર્મની શરૂઆતમાં બુદ્ધ પોતે સ્ત્રીઓને સંઘમાં દાખલ કરવાના વિરોધી હતા, કારણ કે તેઓને સ્ત્રીના ચારિત્ર્યમાં, સ્ત્રીની તત્પરતામાં તેમજ સ્ત્રીની એકધ્યેયતામાં વિશ્વાસ ન હતો. પરંતુ પાલક માતા મહાપ્રજાપતિ તથા આનંદના અવિરત પ્રયાસોને પરિણામે બૌદ્ધ ધર્મનાં દ્વાર સ્ત્રીઓને માટે ખુલ્લા મૂકાયાં. સ્ત્રીને પણ નિર્વાણ માટે અધિકારિણી ગણવામાં આવી.

જો કે, બૌદ્ધ ધર્મે ભિખ્ખુ અને ભિખ્ખુણીઓ વચ્ચે તફાવત નોંધ્યો છે. ભિખ્ખુણીને 8 વિશિષ્ટ નિયમોનું પાલન કરવું પડતું. પરિણામે યુવાન ભિખ્ખુ આવે તો પ્રૌઢ વયની ભિખ્ખુણીએ પણ ઊભા થઈને તેને માન આપવાનું રહેતું. આ ઉપરાંત, તેની સૂચનાઓનો પણ અમલ કરવો પડતો. આટલી મર્યાદાઓ રાખીને બૌદ્ધ ધર્મે સ્ત્રીઓ માટે ધર્મનાં દ્વાર ખુલ્લાં મૂકયાં અને આમ્રપાલી જેવી વારાંગનાને પણ નિર્વાણપદની અધિકારી બનાવી બૌદ્ધ ધર્મે સ્ત્રીની ધાર્મિક સ્વતંત્રતામાં મોટું પગલું ભર્યું.

### 2.3.5 ઉપસંહાર :

આમ, વૈદિક સમયે સ્ત્રીઓનું સ્થાન ઊંચું હતું. સ્ત્રીઓને ઉપનયનનો સંસ્કારનો અધિકાર પ્રાપ્ત થયેલો હતો. પરંતુ અનુવૈદિક યુગમાં સ્ત્રીઓનું સ્થાન નીચે ગયું. સ્ત્રીઓ અનેક પરંપરા તથા બંધનોયુક્ત જીવન જીવતી બની. પરંતુ, ત્યારબાદ સ્થપાયેલ બૌદ્ધ ધર્મમાં સ્ત્રીનું સ્થાન ફરી એક વખત ઉન્નત બન્યું. આમ, સ્ત્રીઓમાં સતત પરિવર્તન નોંધાયેલું જોવા મળ્યું છે.

# એકમ 3 બ્રિટિશ શાસન પૂર્વે ભારતમાં સ્ત્રીનો દરજ્જો


3.1 પ્રસ્તાવના

3.1.1 કન્યા-જન્મ-બાળપણ

3.1.2 કેળવણી

3.1.3 લગ્ન

3.1.4 વિધવા જીવન

3.1.5 વિધવાલગ્ન

3.1.6 ધાર્મિક અધિકારો

3.1.7 મિલકત અંગેના અધિકારો

3.1.8 અન્ય મિલકતમાં વારસા અધિકારો

3.1.9 સ્ત્રીઓ અને જાહેર જીવન

3.1.10 સારાંશ

3.2 ભક્તિસંપ્રદાય અને સ્ત્રીનો દરજ્જો

3.2.1 ભક્તિ સંપ્રદાયની વિશિષ્ટતા

3.2.1.1 ભક્તો વિવિધ સંપ્રદાયમાંથી આવે છે.

3.2.1.2 સંતોનો સંદેશ સમગ્ર જનસમાજ માટે

3.2.1.3 કર્મકાંડ

3.2.1.4 માતૃભાષાને પ્રોત્સાહન

3.3 સ્ત્રીઓના દરજ્જા પર ભક્તિ સંપ્રદાયની અસર

3.3.1 સામાજિક સ્વાતંત્ર્ય તથા સ્ત્રી ઉદ્ધાર

3.3.2 ઊપસંહાર

3.3.3 સારાંશ


## 3.1 પ્રસ્તાવના:

બ્રિટિશ શાસન પૂર્વે બૌદ્ધધર્મ તથા જૈન ધર્મે બ્રાહ્મણોની મહત્તા ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કેટલાંક પરિબળો એવું પણ માને છે કે પુરાણોની રચના બ્રાહ્મણધર્મની પુનઃ સ્થાપના માટે જ છે. પરિણામે જ્ઞાતિ સંસ્થામાં આવેલી ગતિશીલતા ઘટી અને સ્ત્રીઓની સ્વતંત્રતા ઉપર વધુ ને વધુ નિયંત્રણો મૂકાતાં ગયાં. આ સમયગાળા દરમ્યાન પરદેશી આક્રમણોની સામે હિંદુ સમાજવ્યવસ્થાને ટકાવી રાખવા માટે હિંદુ ધર્મને વધુ જડ- સંકુચિત બનાવવામાં આવ્યો. આ સમયગાળા દરમિયાન ધાર્મિક ગ્રંથોના વિશાળ અર્થો ઘટાવીને કાયદાની દૃષ્ટિએ સ્ત્રીઓને વધારે હક્ક આપવાનો પ્રયાસ થયો. ભક્તિ સંપ્રદાયે હિંદુધર્મનાં બંધનોને ધાર્મિકક્ષેત્રે હળવાં કરી સ્ત્રીના દરજ્જાને ઉન્નત કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ પ્રયાસો સઘન ન હોવાને કારણે ભારતની સ્ત્રીની દશા આ સમય દરમ્યાન વધારે ને વધારે વિષમ બની ગઈ.

### 3.1.1 કન્યાનો જન્મ અને બાળપણ:

મનુસ્મૃતિના સમયમાં સ્ત્રી-જન્મની અવહેલના વધી. સ્ત્રીને તમામ યાતનાઓનું મૂળ ગણવામાં આવતી. આ સમયગાળા દરમિયાન બાળહત્યાના બનાવો પણ બનવા લાગ્યા. જો કે આ તમામ બાબતો નિમ્ન વર્ણમાં પ્રવર્તતી હતી. કન્યા હત્યાનો રિવાજ ઉચ્ચવર્ણમાં પ્રવર્તતો નહોતો.

### 3.1.2 કેળવણી:

આ સમયગાળા દરમિયાન સ્ત્રીઓને માત્ર ગૃહકાર્ય પૂરતી જ કેળવણી આપવામાં આવતી હતી. સ્ત્રીશિક્ષણ નામશેષ હતું. સ્ત્રીકેળવણીની આવશ્યકતાનો સ્વીકાર પણ કરવામાં આવતો

ન હતો. બ્રિટિશ શાસન પૂર્વે સ્ત્રીઓ માટે સંપૂર્ણપણે અંધકાર યુગ પ્રવર્તતો હતો તેના દરજ્જાને સ્વીકાર્ય ગણવામાં આવતો ન હતો.

### 3.1.3 લગ્ન:

આ સમયગાળા દરમ્યાન લગ્નની વય આઠ થી બાર વર્ષની જોવા મળે છે એટલે કે કન્યાના રજોદર્શન પહેલાં લગ્ન કરવું ઉત્તમ ગણાતું. લગભગ છઠ્ઠીથી સાતમી સદી સુધીમાં બ્રાહ્મણ કન્યાનાં લગ્નો આઠ થી દશ વર્ષની વચ્ચે કરવામાં આવતાં. નાની ઉંમરે લગ્ન થતાં હોવાથી સ્વાભાવિક રીતે જ જીવનસાથીની પસંદગીમાં સ્ત્રીનો અવાજ રહેતો નહિ. ગૃહસ્થાશ્રમને જ સર્વશ્રેષ્ઠ ધર્મ તરીકે સ્વીકારવામાં આવતો તથા સ્ત્રીઓની અપરિણિતાવસ્થા અસંભાવિત હતી. ગૃહિણીજીવનને જ એક ઉત્તમ અને આદર્શ જીવન ગણવામાં આવતું. આ ઉપરાંત પતિવ્રતા સ્ત્રીનો આદર્શ પણ રજૂ કરવામાં આવ્યો. પતિ એ જ પરમેશ્વરનો ખ્યાલ સર્વસ્વીકૃત બન્યો. જો કે બહુપત્નીત્વનો રિવાજ પણ ન હતો, કોઈપણ પુરુષ અમુક સંજોગોમાં જ બીજી પત્ની કરી શકતો. કોઈપણ કારણ વગર બીજી પત્ની કરે તો તેને પાપનું આચરણ ગણવામાં આવતું.

### 3.1.4 વિધવા જીવન:

આ સમયગાળો વિધવાઓ માટે અત્યંત દયનીય તથા કઠોર બન્યો. વૈધવ્ય જીવનની યાતનાઓ અત્યંત વધવા માંડી. પતિના મૃત્યુ બાદ પત્નીને જીવવાનો કોઈ જ અધિકાર નથી તથા જરૂરિયાત પણ નથી તે બાબતનો સ્વીકાર થયો હતો. ક્ષત્રિય વર્ગમાં સતીની પ્રથા વધુને વધુ પ્રચલિત બનવા લાગી. આ ઉપરાંત આ સમયમાં રાજપૂત સ્ત્રીઓ જૌહરનો પણ આશ્રય લેતી. ઈસુના 1000 વર્ષ પછી બ્રાહ્મણ સ્ત્રીઓ પણ સતીત્વ સ્વીકારતી. જે સ્ત્રી સતી થતી તેની પૂજા - અર્ચના કરવામાં આવતી તથા 'સતીમાતા' તરીકે સ્થાપિત કરવામાં આવતી

આમ, બ્રિટિશ શાસનપૂર્વે વિધવાનું જીવન કારાગૃહ બનીને રહ્યું હતું.

### 3.1.5 વિધવાલગ્ન:

જે સમાજમાં 'સતીમાતા' ના આદર્શ ખ્યાલનો સ્વીકાર થયો હોય ત્યાં વિધવા લગ્ન કે પુર્નલગ્નની બાબત જ વિચારી શકાય નહીં. વિધવા લગ્નનિષેધ ચુસ્તપણે પાળવામાં આવતો હતો. સ્ત્રીએ વિધવા તરીકે અત્યંત યાતનાપૂર્ણ જિંદગી જીવવી પડતી હતી. વિધવા સ્ત્રીએ સૌભાગ્યનાં બધાં જ લક્ષણો છોડવાનાં હતાં. જેમ બને તેમ દેહને વધુ ને વધુ કદરૂપો કે વિકૃત બનાવવાનો પ્રયાસ કરવાનો હતો. વિધવા સ્ત્રીને માટે વાળ ઉતરાવી લેવાની રૂઢિ પણ પ્રવર્તમાન હતી. વિધવા સ્ત્રી એક અલાયદી ઓરડીમાં અંધકારમય ભાવિ સાથે જીવન જીવતી. વિધવાસ્ત્રીનું જીવન પશુના જીવન કરતા પણ બદતર બન્યું હતું.

### 3.1.6 ધાર્મિક અધિકારો:

સ્ત્રીઓનું ધાર્મિક જીવન માત્ર વ્રત તથા ઉપવાસો પૂરતુ સીમિત બની ગયું. આચારધર્મ વધવાને કારણે સ્ત્રીઓના ધાર્મિકક્ષેત્રે અધિકારો ઓછા થતા ગયા. શુદ્રો, સ્ત્રીઓ અને નીચલીકક્ષાના દ્વિજબંધુઓ વેદને સાંભળવાના પણ અધિકારી નહોતા. તેમના કલ્યાણ માટે પુરાણો લખવામાં આવ્યાં છે.

### 3.1.7 મિલકત અંગેના અધિકારો:

બ્રિટિશ શાસન પૂર્વે વિજ્ઞાનેશ્વર તથા જીમૂતવાહન નામના કાયદાશાસ્ત્રીઓ હતા. તેમણે હિંદુ વારસાના નિયમો રજૂ કરનાર શાખાઓ મિતાક્ષર તથા દાયભાગ સ્થાપી. સ્ત્રીધન અંગેની વ્યાખ્યા કરતાં જ [illegible]વ્યું કે વડીલોની, ભાઈઓની તથા પતિની ભેટો સાથે તેના પતિના બીજી સ્ત્રી સાથેના લગ્ન પ્રસંગે અપાયેલી ભેટ અને બાકીની (આદ્યા) બધી એવો અર્થ સ્ત્રીધનનો થાય છે. વિજ્ઞાનેશ્વરે સ્ત્રીધનની વ્યાખ્યાને વધુ વિશાળ અર્થ આપતાં જણાવ્યું કે 'સ્ત્રીધન એટલે જે ધન માતા, પિતા, પતિ અથવા ભાઈએ આપેલું છે અને જે માતૃપક્ષનાં સગાંઓએ અગ્નિ સમક્ષ લગ્નમાં આપેલું ધન છે. અથવા પતિના બીજા લગ્ન સમયની ભેટ છે. જે મિલકતના હક્કો લઈ લેવામાં આવ્યા હોય તેના બદલાની ઊપડામણ - Gratuity આપવામાં આવી હોય અને (આદ્યા) બાકીની કોઈપણ મિલકત 1. વારસો, 2. ખરીદી, 3. ભાગલા પડવાને કારણે, 4. પડાવી લેવાને કારણે, 5. અચાનક પ્રાપ્તિને કારણે મળેલી હોય તે બધી જ મિલકતને સ્ત્રીધન કહી શકાય.

આમ, [illegible] શાખાએ સ્ત્રીધનની વ્યાખ્યાને વિસ્તૃત બનાવી છે પરંતુ અધિકારની [illegible] હતી. [illegible] આર્થિક [illegible] વિધવાના [illegible]

આમ માતૃભાષા અને પ્રાંતની ભાષામાં સાહિત્યનું સર્જન થવાથી બહુજન સમાજ સુધી ધાર્મિક, સામાજિક અને તત્ત્વચિંતનનું જ્ઞાન પહોંચ્યું હતું.

## 3.3 સ્ત્રીઓના દરજ્જા પર ભક્તિ સંપ્રદાયની અસર :

ભક્તિ સંપ્રદાય સમાનતામૂલક સંપ્રદાય હતો જેમાં સ્ત્રી - પુરુષ કે જ્ઞાતિ કે જાતિના કે ધર્મના ભેદભાવોને સ્થાન ન હતું. ભક્તિ સંપ્રદાયમાં સ્ત્રીઓને પણ સ્થાન હતું. તેમનો પ્રવેશ આવકાર્ય ગણાતો હતો. સ્મૃતિ અને પુરાણધર્મ પ્રમાણે પતિવ્રતા ધર્મને સ્થાને સ્વતંત્ર ભક્તિની તેની અધિકારિણી ગણવામાં આવી હતી. વારાંગના, પતિતા કે વિધવા સ્ત્રી પણ ભક્તિથી ઈશ્વર પ્રાપ્તિની અધિકારિણી ગણવામાં આવી હતી. ભક્તિ સંપ્રદાયે સ્ત્રી- પુરુષ સમાનતા સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. પરિણિત, અપરિણિત, સુંદર કે બદસુરત, હિંદુ કે મુસલમાન, બ્રાહ્મણ કે મહાર બધી જ સ્ત્રીઓને ઈશ્વરને પ્રાપ્ત કરવાની, સાંનિધ્યને પહોંચવાની તક મળી. ભક્તિ સંપ્રદાયની કેટલીક સંત સ્ત્રીઓ જેવી કે મીરાંબાઈ ઈતિહાસના અમૂલ્ય વારસો બની ગઈ.

### 3.3.1 સામાજિક સ્વાતંત્ર્ય તથા સ્ત્રી ઉદ્ધાર :

સંતોએ ધાર્મિક ક્ષેત્રે સમાનતા સ્થાપીને સ્ત્રીઓનાં સામાજિક સ્થાન ઉપર પણ અસર કરી છે. સંતોનાં પ્રચારનાં મુખ્ય સાધનો કથા તથા કીર્તન હતાં. સ્ત્રીઓ પણ આ પ્રકારનાં જાહેર કાર્યક્રમમાં જોડાવા લાગી. ધાર્મિક કાર્ય માટે તો તે ઘરની ચાર દીવાલમાંથી બહાર આવી. આ ઉપરાંત કોઈ પણ ભક્ત પત્નીની સંમતિ વગર સંન્યાસ લઈ ન શકે તેવો નિયમ હતો. આ બાબત સ્ત્રીઓની નિર્ણય શક્તિના સ્વીકારની સાબિતી આપે છે. સ્ત્રી માત્ર પાર્થિવ જીવનની સંગિની નથી પરંતુ મોક્ષ પ્રાપ્તિના પ્રયાસોમાં પણ તે સહધર્મચારિણી છે એ માન્યતા પ્રચાર પામી. મનુસ્મૃતિના સમયથી સ્ત્રીઓને ભારતીય સંસ્કારવારસામાં સહભાગી બનાવી. આ સમય દરમિયાન દેવોની પૂજા સાથે દેવીઓની પૂજા પણ સ્ત્રીની મહત્તા સૂચવી શકે છે. દેવી પૂજાએ પરોક્ષ રીતે સ્ત્રીઓના સ્થાનમાં સુધારો લાવવામાં મદદ કરી.

### 3.3.2 ઊપસંહાર:

ભક્તિ આંદોલનમાં સ્ત્રીઓનો પણ સંત તરીકે સ્વીકાર એ બાબત સાબિતી આપે છે કે ભક્તિ આંદોલને સ્ત્રીઓના સ્થાન ઉપર અસર કરી છે. બધા જ ભક્તોએ સ્ત્રીના ભક્તિ કરવાના અધિકારને સ્વીકાર્યો હોવા છતાં સ્ત્રી જાતિ પરત્વે તેમની દૃષ્ટિ તાત્કાલીન સ્ત્રીવિષયક દૃષ્ટિબિંદુથી જરા પણ અલિપ્ત ન હતી. સ્ત્રીઓમાં તેમને વિશ્વાસ નહોતો. ગૃહસ્થાશ્રમની મહત્તા આંકવા છતાં એમ પણ વારંવાર સૂચવાયું છે કે મોક્ષ પ્રાપ્તિમાં સ્ત્રી અંતરાયરૂપ છે. એકનાથ કહે છે કે પોતાની પત્ની સાથે પણ જેટલી જરૂર હોય તેટલું જ બોલવું.

ભક્તિ આંદોલનનું મૂલ્યાંકન કરતાં એક બીજી હકીકત પણ સ્પષ્ટ થાય છે કે સંતકવિઓની માગણીઓ બધી કેન્દ્રીય હતી, લોકશાહીના પાયારૂપ હતી. જેનો પ્રચાર સમગ્ર ભારતના ખૂણે ખૂણા સુધી પહોંચ્યો હતો. તો પણ ભારતની સામાજિક પરિસ્થિતિને ભક્તિ આંદોલન કેમ બદલી ન શક્યું ? કારણ કે ભારતીય સમાજ આ સંતોના કાળ દરમ્યાન એટલો દુર્બળ અને ક્ષીણ થઈ ગયો હતો કે તેનામાં પરિવર્તનની તાકાત જ રહી ન હતી. ધર્મના ક્ષેત્રે થોડી ઘણી સમાનતા આપી, પરંતુ સમાજિક રચના એટલી જડ હતી કે ભક્તોના પ્રયાસો છતાં પણ એ જડતાનાં બંધનો તૂટયાં નહીં.

બીજી એક બાબત નોંધપાત્ર એ કહી શકાય કે ભક્તિ સંપ્રદાયના કાર્યક્રમનો મુખ્ય હેતુ ધાર્મિક સુધારો હતો. સમાનતા પ્રધાન રીતે ધર્મના ક્ષેત્રમાં સ્થાપવાની હતી. કુટુંબ સંસ્થા કે જ્ઞાતિસંસ્થા કે મિલકત સંસ્થા ઉપરની તેમની ટીકાઓ સમાનતાના મૂલ્યો પ્રેરિત ન હતી. જ્ઞાતિની જ્યારે ટીકા કરવામાં આવે ત્યારે પણ ભક્તોનો હેતુ ધર્મને માટે જ હતો.

ભક્તો માનવીય ગુણોથી સભર સમાનતા મૂલક સમાજની રચના કરવાની ખેવના ધરાવતા હતા પરંતુ તેમની પાસે સામાજિક કે આર્થિક નવસર્જનની કોઈ કલ્પના કે આયોજનની યોગ્ય વ્યૂહરચના ન હતી. સમાજ અંગે કે સામાજિક વિકાસ અંગે કોઈ વિશિષ્ટ વિચારસરણી તેમની પાસે ન હતી. તેથી સ્ત્રીઓના દરજ્જામાં થોડું ઘણું પરિવર્તન નોંધાયું. તેનાથી સમગ્રદર્શી સમાજરચનામાં પરિવર્તન લાવી શકાયું નહીં.

આવતા. મા-બાપ તથા પતિ તરફથી મળેલ ધનને સૌદાઈક કહેવામાં આવતું જેના ઉપર સંપૂર્ણ પણે સ્ત્રીનો અધિકાર રહેતો. જ્યારે બાકીની મિલકત આસૌદાઈક ગણાતી જેમા ઉપર સ્ત્રીનો મર્યાદિત અધિકાર રહેતો.

આમ, બ્રિટિશ શાસન પૂર્વે સ્ત્રીઓને મિલકતના અધિકારો મળેલા હતા. જો કે અધિકારોનો ભોગવટો કેટલો તે હંમેશાં પ્રશ્ન બની રહેતો.

### 3.1.8 અન્ય મિલકતમાં વારસા હક્ક:

મિતાક્ષરી શાખા પ્રમાણે પત્નીને વ્યક્તિગત મિલ્કતમાં અધિકાર મળે છે. પરંતુ સંયુક્ત મિલકતમાં પ્રાપ્ત થયેલ નથી. જો કે કાયદાથી વિધવા જે કાંઈ પણ મેળવે છે તેને વિધવાની મિલકત ' Widow's Estate ' તરીકે જ ઓળખવામાં આવે છે. જો કે તેને ઉપભોગ કરવાનો અધિકાર મળતો. મિલકતને વેચાણનો, વારસામાં આપવાનો કે ધનમાં રૂપાંતરિત કરવાનો અધિકાર મળતો નથી.

.આ સમય દરમ્યાન સ્ત્રીઓને વારસાના અધિકારો વધારે વિસ્તૃત તથા નિશ્ચિંત રીતે મળ્યા હતા, પરંતુ અન્ય રીતે સ્ત્રીઓ પરાધીન હતી. શિક્ષણની વંચિતતાને કારણે અજાગૃત હતી. પોતાના અધિકારો વિષે સજાગ ન હતી. પરિણામે પરાધીન વધુ હતી. તેથી અધિકારોનો નહિવત્ ઉપયોગ કરી શકતી તથા અધિકારોના ઉપયોગ અંગે પણ શંકાસ્પદ બાબતો બની રહેતી હતી.

### 3.1.9 સ્ત્રીઓ અને જાહેરજીવન:

આ સમયગાળામાં થયેલા પરદેશી આક્રમણોને કારણે સ્ત્રીઓની પરિસ્થિતિ વધુ ને વધુ કફોડી બની. સમાજમાં શાંતિ તથા સુરક્ષાના પ્રશ્નો ઊભા થયા. પરિણામે સ્ત્રીઓને મુક્ત કે સ્વતંત્ર ન રાખવાના વિચારો પ્રચલિત થતા ગયા. ભય અને રક્ષણને કારણે રક્ષણ તથા સલામતીની ભાવનામાંથી પરદા પ્રથાની શરૂઆત થઈ પાછળથી પરદાપ્રથા રાજવીકુટુંબમાં ઉમરાવવર્ગમાં, જમીનદારવર્ગમાં એક રિવાજ બની ગઈ. શિક્ષણનો અભાવ, બાળલગ્નનો પ્રચાર તથા જુદા જુદા રિવાજો દ્વારા સ્ત્રીના જીવન પર અનેક પ્રતિબંધો લદાયા. તેથી સ્ત્રીનું જીવન સીમિત બની ગયું.

### 3.1.10 સારાંશ:

વેદકાલીન સમયમાં સ્ત્રી - પુરુષ વચ્ચે જે સમાનતા પ્રવર્તતી હતી તે સંપૂર્ણ પણે અસ્ત પામી. પુરાણ તથા તેના અનુગામી સમય જે લગભગ 1300 વર્ષની કાળમર્યાદામાં રહેલો છે તે સમયમાં રિવાજો, અનેક પ્રકારનાં નિયંત્રણો તથા વિદેશી આક્રમણોના ડરને કારણે સ્ત્રીને રક્ષણ તથા સલામતી આપવાની ભાવનાથી સ્ત્રીનો દરજ્જો સતત નીચો ગયો તથા સ્ત્રીનું સંપૂર્ણ જીવન પરદાપ્રથાના કાળા બુરખાની અંદર વિલિન થઈ ગયું.

## 3.2 ભક્તિસંપ્રદાય અને સ્ત્રીનો દરજ્જો

પ્રાગ્ બ્રિટિશ સમયમાં સ્ત્રીઓના દરજ્જા ઊપર ભક્તિસંપ્રદાયની અસરો પણ પડી. સમગ્ર જનસંખ્યામાં લોકપ્રિય થયેલા કવિઓએ પોતાના જીવન, કવન તથા કાર્ય દ્વારા સમાજમાં પ્રવર્તતી સંકુચિતતાને પડકારી તથા તેને દૂર કરવાનો પ્રયાસોનો પ્રભાવ સ્ત્રીના દરજ્જા પર પડ્યો છે. હિંદુસંસ્કૃતિ પર આઠમી સદીમાં મુસલમાન પ્રજાનું સૌ પ્રથમ આક્રમણ થયું પરિણામે શંકરાચાર્યે વર્ણાશ્રમ ધર્મની પુનઃ સ્થાપના કરવાનો પ્રયાસ કર્યો, જ્ઞાનની મહત્તા વધારી અને સ્ત્રીઓ તેમ જ નીચલા વર્ણના અધિકારો મર્યાદિત કરવા માટે વાતાવરણ સર્જ્યું.

અગિયારમી સદીમાં મહમદ ગઝનવી આક્રમણથી ફરી ભારતમાં મુસલમાન સત્તાની શરૂઆત થઈ. ભક્તિસંપ્રદાયના સંસ્થાપક રામાનુજાચાર્ય આ સમયમાં થઈ ગયા. એક તરફ પરધર્મીઓના પ્રતિકારરૂપે અને બીજી બાજુ મુસલમાન ધર્મમાં રહેલી અંતર્ગત સમાનતાને પરિણામે વર્ણાન્તરનો મોટો ભય રહ્યો હતો તેથી હિંદુ સમાજની સંકુચિતતા વધતી ગઈ. હિંદુ સમાજની સંકુચિતતાને ઘટાડવાનો પ્રયાસ ભક્તિસંપ્રદાય દ્વારા થયો. ધર્મના ક્ષેત્રમાં જ્યારે સમાનતાની કે લોકશાહીની દૃષ્ટિ આવે એટલે તેની અસર સ્ત્રીઓના દરજ્જા ઉપર પણ ચોક્કસ પડે.

### 3.2.1 ભક્તિ સંપ્રદાયની વિશિષ્ટતા:

ભક્તિ સંપ્રદાય અને સ્ત્રીના દરજ્જાની જ્યારે ચર્ચા કરીએ છીએ ત્યારે એ પ્રશ્ન જરૂર થાય કે ભક્તિ સંપ્રદાયની એવી તે કઈ વિશિષ્ટતા હતી કે જેને લીધે હિન્દુ સમાજ અને વિશેષતઃ સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન આવ્યું ? અથવા ભક્તિ સંપ્રદાયની અસર સ્ત્રીઓના દરજ્જા પર

### 3.3.3 સારાંશ:

વૈદિકયુગમાં સ્ત્રી-પુરુષ સમાનતા પ્રવર્તતી હતી. સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રોમાં સ્વાતંત્ર્ય ભોગવતી સ્ત્રી સમાજમાં માનભર્યું અને ગૌરવપૂર્ણ સ્થાન ધરાવતી હતી. પરંતુ વેદકાલીન સમાજમાં પિતૃસત્તાક વ્યવસ્થા પ્રવર્તમાન હતી અને પિતૃસત્તાક સમાજની સંરચના સ્ત્રીને મર્યાદિત અધિકારો આપે છે તે વાસ્તવિકતાનો પણ સ્વીકાર કરવો પડે. વેદકાલીન સમયમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થાની મર્યાદામા રહીને પણ સ્ત્રીને જેટલા અધિકારો કે હક્કો આપી શકાય તેટલા હક્કો કે અધિકારો સ્ત્રી વેદકાલીન સમાજમાં ભોગવતી હતી. જેમ જેમ આચાર ધર્મ વધવા માંડ્યો, ખાનગી મિલ્કતનો ખ્યાલ વિકાસ પામ્યો તેમ તેમ પુત્રપ્રાપ્તિની ઝંખના વધતી ગઈ. વંશ વારસાના ખ્યાલે સ્ત્રીના દરજ્જા ઉપર અસર કરી.

પરંપરાગત ભારતીય સમાજમાં કન્યાના જન્મ અને ઉછેરની અવશ્યકતા વધી. સ્ત્રીને એક માનવ વ્યક્તિ તરીકે ન ગણતાં તે ખરીદી શકાય, વેચી શકાય, ભેટ આપી શકાય, ભોગવી શકાય તેવી વસ્તુ ગણાવા લાગી. બાલિકા હત્યા, દૂધપીતી પ્રથા, દેવદાસી પ્રથા, સતીપ્રથા દ્વારા સ્ત્રીના જીવવાના તેમજ ઉછેરના અધિકાર છીનવાઈ ગયા હતા. વૈધવ્ય જીવનની યાતનાઓ, કેશવપનની અત્યંત ક્રૂરપ્રથા સ્ત્રીને બદસૂરત બનાવવાનો પ્રયાસ કરે છે. વિધિઓ, પ્રથાઓ અને રિવાજોની પરંપરા દ્વારા સ્ત્રીની પરતંત્રતાને વધારે સખત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સ્ત્રીના હક્કોને ગુલામના હક્કો સાથે સરખાવવામાં આવ્યા હતા. સ્ત્રીને એક માનવ વ્યક્તિ તરીકે ન ગણતા તે ખરીદી શકાય, વેચી શકાય તેવા ગુલામ સાથે તુલના કરવામાં આવી હતી. પતિ પરમેશ્વરનાં આદર્શ ખ્યાલ સમાજમાં રજૂ થયો. પત્નીને શારીરિક શિક્ષા કરવાનો પતિને અધિકાર મળ્યો, પત્ની માટે પતિ પરમેશ્વરનો આદર્શ રજૂ થયો.

બૌદ્ધધર્મે તથા ભક્તિ સંપ્રદાયે સ્ત્રીને માટે એક વૈકલ્પિક જીવનની શક્યતા ઊભી કરી. પરંતુ આ બન્ને પ્રવાહોની અંતર્ગત મર્યાદા હોવાને કારણે આ પરિબળોની વ્યાપકતા જાણીતી નથી.

સ્ત્રીની કોઈ વ્યક્તિમત્તા હતી નહી કે ન તો કોઈ તેના સામાજિક અધિકારો હતા. તેનામાં કોઈ ઉચ્ચ નૈતિક ખ્યાલો હોઈ શકે તેવું માનવા પણ કોઈ તૈયાર હતું નહિ. આ સમયમાં સ્ત્રીને વ્યક્તિ રૂપે નહિ, પરંતુ કોઈપણ પુરુષ સાથે સબંધિત અવલંબનના રૂપમાં જ જોવામાં આવતી. મનુસ્મૃતિ કહે છે તે પ્રમાણે સ્ત્રીનું જીવન પિતા, પતિ કે પુત્ર સાથે જ સંકળાયેલું હતું.

સ્ત્રીના ધાર્મિક અને શૈક્ષણિક અધિકારો મર્યાદિત જ નહીં પરંતુ તદ્દન છીનવાઈ ગયા હતા. જ્ઞાનપ્રાપ્તિ અને વિદ્વત્તા સ્ત્રી માટે અનિચ્છનીય ગણાતાં. પડદાપ્રથા વ્યાપક અને કઠોર બની હતી. તેનો ભંગ કરનાર સ્ત્રીને સમાજ બહિષ્કૃત કરતો અથવા તો તે સખત શિક્ષાનો ભોગ બનતી. પરદાપ્રથાને લીધે સામાન્ય સ્ત્રી જાહેરજીવનના અધિકારથી વંચિત બની અને તેનું જીવન ચાર દીવાલોમાં સીમિત બન્યું. મિલકત અધિકારોમાં પણ સ્ત્રી - પુરુષમાં અસમાનતા પ્રવર્તતી હતી.

સ્ત્રીનું જીવન તો પરાધીન હતું, પરંતુ માનસ પણ પરાધીન બની ગયું. જે કાંઈ પણ બંધનો હતાં તેને પડકારવાની શક્તિ પણ તે ધરાવતી નહિ. સ્ત્રી એટલી બધી પરાધીન હતી કે તેને મળેલા મર્યાદિત વારસા અધિકારો ભોગવવા તે અસમર્થ હતી.

પણ પડી. મહાદેવ ગોવિંદ રાનડે આ અંગે સંતોની કેટલીક લાક્ષણિકતાઓ વર્ણવે છે જેની ગહન ચર્ચા કરવાથી જ ભક્તિ સંપ્રદાયની સ્ત્રીના દરજ્જા પર પડેલી અસરને સમજી શકાશે.

### 3.2.1.1 ભક્તો વિવિધ સંપ્રદાયમાંથી આવે છે:

ભક્તિ સંપ્રદાયના પ્રચારકોના સામાજિક સ્તર પર દષ્ટિપાત કરીએ તો મહદ્અંશે પ્રચારકો સમાજના નીચલાસ્તરમાંથી આવતા હતા. જેમને ધર્મવ્યવસ્થામાં કશું જ સ્થાન ન હતું. રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, જ્ઞાનદેવ, તુલસીદાસ વગેરે ભક્તો કદાચ ઉચ્ચ જ્ઞાતિમાંથી આવતા હશે, જ્યારે કબીર વણકર હતા, અખો સોની હતા, નામદેવ દરજી હતા તથા રૈદાસ મોચી હતા. આમ, સામાજિક સ્તરના આધારે જ તે ભક્તિ સંપ્રદાયની સમાનતા તથા સામાજિક ગતિશીલતાનો નિર્દેશ મળે છે. સામાન્યતઃ સ્ત્રીઓને કે શુદ્રોને સીધી ભગવાનને પ્રાર્થના કરવાનો અધિકાર ન હતો ત્યારે મીરાંબાઈ, મુક્તાબાઈ, જનાબાઈ, કાન્હીપાત્રા જેવી સંત કવયિત્રીઓ કે સ્ત્રીભક્તોએ સામાજિક ગતિશીલતાનો તથા સ્ત્રીના દરજ્જામાં આવેલ પરિવર્તનનો નિર્દેશ કરે છે.

### 3.2.1.2 સંતોનો સંદેશ સમગ્ર જનસમાજ માટે:

ભક્તોનો સંદેશ એ માત્ર કોઈ જ્ઞાતિ કે ધર્મના વાડામાં બંધાયેલો ન હતો. તે તો સમગ્ર જનસમાજ માટે સમાનતાને ધોરણે હતો. સંતોની સંતવાણીના દ્વાર બધા જ ધર્મજનો માટે તેમજ સ્ત્રી-પુરુષના ભેદભાવ રહિત સમગ્ર માટે ખુલ્લાં હતાં તુકારામ કહે છે કે જ્ઞાતિની કશી જ મહત્તા નથી. ખરી મહત્તા તો ઈશ્વરની છે. ભક્તિ સંપ્રદાયનાં દ્વાર બધાને માટે ખુલ્લાં જ હતાં. સમાનતાલક્ષી વાતાવરણમાં વંશ કે જાતિ, જ્ઞાતિ કે વર્ગ કશાને સ્થાન હતું નહિ. કબીર સ્ત્રીઓને પણ ધર્મ સમજાવતા. સ્ત્રી ભક્તો પણ સંપ્રદાયમાં હતી. નરસિંહ મહેતા હરિજન વાસમાં જઈને ભક્તિ કરતા તેઓ કહેતા....

> "એવા રે અમો એવા રે એવા..
> તમે કહો છો વળી તેવા રે
> ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો,
> કરશું દામોદરની સેવા રે..."

આ પરથી ફલિત થાય છે કે ભક્તિ સંપ્રદાયમાં કોઈપણ પ્રકારના નાત-જાતના કે ધર્મના ભેદભાવો રાખવામાં આવતા ન હતા. તદ્ઉપરાંત સ્ત્રી પણ ભક્ત બની શકતી હતી અને અસમાનતામૂલક સમાજને સ્થાને સમાનતામૂલક સમાજ રચના દષ્ટિગોચર થતી જોવા મળે છે.

### 3.2.1.3 કર્મકાંડ:

સંતોનો વિરોધ હિંદુધર્મમાં બ્રાહ્મણવર્ણની પ્રવર્તતી સર્વોચ્ચતા સામે હતો. હિંદુધર્મમાં બ્રાહ્મણોને કારણે કર્મકાંડની વિધિનું પ્રમાણ વધી ગયું હતું. તેથી ભક્તિ સંપ્રદાયે તેનો વિરોધ કર્યો અને ઈશ્વરની પ્રાપ્તિ માટે, ઈશ્વરની અભ્યર્થના માટે બ્રાહ્મણરૂપી માધ્યમ કે તેમની કર્મકાંડની આવશ્યકતાને નકારી. ભક્તિ સંપ્રદાયે હૃદયની પવિત્રતા પર વિશેષ ભાર મૂક્યો. પ્રેમ અને પ્રેરણાને જીવનનાં સૂત્ર બનાવવાની બાબતને અગ્રિમતા આપતા હતા. તેઓ ઈશ્વર સાથે સીધો સંપર્ક કરવામાં માનતા હતા. ભક્તિ સંપ્રદાયમાં મંદિરની પવિત્રતા કરતાં હૃદયની પવિત્રતા ને મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

### 3.2.1.4 માતૃભાષાને પ્રોત્સાહન :

ભક્તિ સંપ્રદાયના ભક્તોએ પોતાનો ભક્તિ સંદેશ લોકબોલીમાં આપ્યો. એટલે કે પોતાની જ માતૃભાષામાં આપ્યો. પરિણામે તેનો પ્રભાવ વધુ પડયો. આ ઉપરાંત માતૃભાષામાં જ સાહિત્યનું સર્જન કરવામાં આવતું તેથી તે વધુ ને વધુ લોકભોગ્ય બન્યું પહેલાંનું તમામ ધાર્મિક સાહિત્ય સંસ્કૃતમાં લખાયું હતું. સ્ત્રીઓ તથા શૂદ્રોને શિક્ષણ લેવાનો અધિકાર ન હતો. તેથી તેમને સંસ્કૃતનું જ્ઞાન ન હતું. પરિણામે ધાર્મિક સાહિત્યનું વાંચન તેમને માટે અશક્ય હતું. ભક્તિ સંપ્રદાયનું સરળ શૈલીમાં અને માતૃભાષામાં જ લખાયેલું સાહિત્ય વધુ ને વધુ લોકભોગ્ય બન્યું. ભક્તિ સંપ્રદાયના આ સાહિત્યે બ્રાહ્મણ વર્ણની તથા અન્ય ઉચ્ચ વર્ણની ઈજારા શાહી પર પ્રહાર થયો. આ ઉપરાંત સમગ્ર ભારતમાં પ્રાન્તોની ભાષાઓ વિકસી. દરેક પ્રાન્તની ભાષામાં ભક્તિ સંપ્રદાયનું સાહિત્ય ઉપલબ્ધ બન્યું. સાહિત્ય સમૃદ્ધ થતું ગયું અને લોકોના માનસિક જગત તથા બૌદ્ધિક જગતનો વિકાસ થયો.

# એકમ 4 બ્રિટિશ શાસનના દરમ્યાન સ્ત્રીનો દરજ્જો


**4.1** પ્રસ્તાવના

**4.2** ઉદારમતવાદી ફિલસૂફી

4.2.1 રાજા રામમોહનરાય

4.2.1.1 સતીપ્રથાનો વિરોધ

4.2.1.2 સ્ત્રીઓ તથા મિલકતના હક્કો

4.2.1.3 કુલીનશાહી સામે પડકાર

4.2.1.4 સારાંશ

**4.3** ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર

4.3.1 પ્રસ્તાવના

4.3.2 વિધવાવિવાહ અંગેની સમસ્યા

4.3.3 કુલીનપ્રથા

4.3.4 શિક્ષણ

4.3.5 સારાંશ

**4.4** બહેરામજી મલબારી

**4.5** મહાદેવ ગોવિંદ રાનડે

4.5.1 પ્રસ્તાવના

4.5.2 બાળલગ્ન

4.5.3 વિધવા પુનઃલગ્ન

4.5.4 સ્ત્રીશિક્ષણ

4.5.5 ઇંન્ડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સ

4.5.6 સારાંશ

**4.6** ધોંડો કેશવ કર્વે

4.6.1 પ્રસ્તાવના

4.6.2 વિધવાની સમસ્યા

4.6.3 સ્ત્રીશિક્ષણ

4.6.4 નિષ્કામ કર્મ

4.6.5 સારાંશ

**4.7** પુનરુત્થાનવાદીઓ - સ્વામી વિવેકાનંદ

4.7.1 પ્રસ્તાવના

4.7.2 સ્ત્રીશિક્ષણ

4.7.3 બાળલગ્ન

4.7.4 સ્ત્રીઓની પરિસ્થિતિ

4.7.5 ઊપસંહાર

**4.8** સ્વામી દયાનંદ સરસ્વતી

4.8.1 પ્રસ્તાવના

4.8.2 દયાનંદ સરસ્વતીની તત્ત્વધારા

4.8.3 સ્ત્રીશિક્ષણ

4.8.4 લગ્ન

4.8.5 વિધવા સ્ત્રી

4.8.6 આર્યસમાજ

4.8.7 સારાંશ

4.9 શ્રીમતી એની બેસન્ટ

4.9.1 પ્રસ્તાવના

4.9.2 બાળલગ્ન

4.9.3 સ્ત્રીશિક્ષણ

4.9.4 વિધવા પુનર્લગ્ન

4.9.5 સારાંશ

## 4.1 પ્રસ્તાવના :

વાસ્કો-ડી-ગામાએ કાલિકટ બંદરે ઈ.સ. 1498માં વહાણ લાગર્યાં ત્યારથી ભારતમાં પશ્ચિમી સમાજ રચનાનાં સંપર્કના મંડાણ થયાં. ભારતીય સંસ્કૃતિ સૌપ્રથમ પોર્ટુગીઝ પ્રજા અને પછી વાલંદા, ફ્રેન્ચ અને બ્રિટિશ પ્રજાજનના સંપર્કમાં આવી. બ્રિટિશરો વેપારનો ઉદ્દેશ લઈને ભારતમાં આવેલા હોવાના કારણે શરૂઆતમાં તેઓ માત્ર વેપારમાં જ રચ્યા પચ્યા રહ્યા. 18 મી સદીના અંત ભાગમાં પ્લાસીના યુધ્ધને અંતે બંગાળ, બિહાર અને ઓરિસ્સાના દીવાની હક્કો લઈને તેઓએ રાજયના વહીવટીકર્તા તરીકે ભારતીય પ્રજાના સંપર્કમાં આવવાની શરૂઆત કરી અને ત્યારથી જ ભારતના આર્થિક, સામાજિક અને સાંસ્કારિક જીવનમાં ક્રાંતિકારી પરિવર્તનનાં પગરવ મંડાયા.

ભારતની જ્ઞાતિ સંસ્થા, સંયુક્ત કુટુંબ પ્રથા અને ગ્રામ્ય સમુદાય ઉપર રાજકીય ક્ષેત્રે આવેલ નવીન પ્રજાઓના આક્રમણની અસર નહિવત્ હતી. માત્ર આક્રમણોને પરિણામે સામાજિક સંરચનામાં સંકુચિતતા અને સ્થગિતતાનું પ્રમાણ વધ્યું હતું. બ્રિટિશરો પોતાના આગમનની સાથે નવી આર્થિક રચના તથા નવી વિચારશૈલી લાવે છે અને આ બંને પ્રવાહોની અસર ભારતીય જીવનમાં ઘણી ઊંડી તથા વ્યાપક રીતે પડે છે. બ્રિટિશરો ભારતની પાયારૂપ સંસ્થાઓ જેવી કે કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થા અને ગ્રામ્ય સમુદાયની સ્થિરતાને હલાવી નાખે છે.

15મી સદીમાં ભૌગોલિક શોધખોળો વધવા માંડી. કોલંબસે ભારતને શોધતાં - શોધતાં અમેરિકાની નવી દુનિયા શોધી કાઢી. વાસ્કો-ડી ગામા ભારતના આંગણે આવી પહોંચ્યો. આમ, માનવસંબંધોની દુનિયા વિશાળ બનતી ગઈ. આ સમયના સમાજચિંતકો, વૈજ્ઞાનિકો એક અનન્ય પ્રતિભા ધરાવતા હતા. યુરોપમાં 15મી અને 16મી સદીથી પુનઃ જાગરણ (Renaissance) તથા સુધારાવાદ (Reformation)ની શરૂઆત થઈ હતી. આ પરિબળોને પરિણામે સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ ખીલી. 15મી થી 19મી સદી સુધીના 400 વર્ષના સમયગાળામાં અનેક તત્ત્વચિંતકો, વૈજ્ઞાનિકો તથા સમાજચિંતકોએ સ્વતંત્ર વિચાર કરવાની તથા બુદ્ધિ પ્રેરિત પ્રવૃત્તિઓ કરવાની પહેલ કરી. બેકન, લોક, હ્યુમા, વોલ્ટર, રૂસો, ડિડેરો વગેરે વ્યક્તિની સ્વતંત્રતા માટે પ્રચાર કરતા અને લડતા હતા. સામંતશાહી સમાજના દરજ્જાના આધારે રચાયેલી સમાજ રચનાને સ્થાને સમાનતાલક્ષી, વ્યક્તિપ્રધાન સમાજરચનાની હિમાયત કરવાની શરૂઆત થઈ હતી.

આ સમયગાળા દરમિયાન સમાજ વ્યવસ્થા ઔદ્યોગિક ક્રાંતિ અને વિચારોની ક્રાંતિમાંથી પસાર થઈ રહી હતી. અને તેણે સમાજરચનાનાં આમૂલ પરિવર્તન જન્માવ્યું. નવી કેળવણી પામેલો ભારતના નવા શિક્ષિત યુવા વર્ગ 19મી સદીની બીજી પચીસીમાં પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કમાં આવે છે અને ત્યારથી ઉદારમતવાદની શરૂઆત થઈ. આ બધાની જ અસર અંતે સ્ત્રીઓનો દરજ્જા પર પડી છે અને તેથી જ ઉદારમતવાદી વિચારસરણીનો સંક્ષિપ્ત પરિચય અનિવાર્ય ગણાશે.

## 4.2 ઉદારમતવાદી ફિલસૂફી :

ઉદારમતવાદી ફિલસૂફી સમાનતા, સ્વતંત્રતા અને માનવતાનાં મૂલ્યોને આધીન ફિલસૂફી છે. કાનૂન અને વિજ્ઞાન એ તેના મુખ્ય એકમો છે અને નવી વિચારસરણી પ્રમાણે જન્મ આધારિત દરજ્જા કરતાં વ્યક્તિની કાર્યકુશળતા ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. જન્મ કે દરજ્જા સાથે સંકળાયેલી બધી જ પરાધીનતા પર ઉદારમતવાદીએ પ્રહાર કર્યો. ઉદારમતવાદી ફિલસુફીએ બુદ્ધિને પ્રાધાન્ય આપ્યું. તથા યોગ્યતા અને અયોગ્યતાનો વિચાર કરી વ્યક્તિએ બુદ્ધિ જેમ સૂચવે તેવુ વર્તન કરવાનું જણાવ્યું. રિવાજ, રૂઢિ તથા ધાર્મિક બંધનોનું વગર વિચારે અનુકરણ કરવા ઉપર તેમણે નિયંત્રણ મૂક્યું. પરિણામે મધ્યયુગની ધર્મપ્રેરિત વિચારસરણીમાં ધર્મગુરૂઓ જે કહે

તે જ સત્ય બાકી બધું અસત્ય એ માન્યતા હતી તેને સ્થાને નવી દષ્ટિ મળી. સામાજિક, રાજકીય, આર્થિક એમ બધાં જ ક્ષેત્રોમાં બુદ્ધિની કસોટી અપનાવવાનો પ્રયાસ થયો. આ ઉપરાંત ઉદારમતવાદી ફિલસૂફીએ વ્યક્તિ સ્વાતંત્ર્યને પ્રાધાન્ય આપ્યું. પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતાથી જીવન જીવવાનો હક હોવો જોઈએ તેની હિમાયત કરી. આવા વિચારોના પ્રવાહથી નવી આર્થિક વ્યવસ્થાનો પ્રભાવ ભારતીય સમાજ અને સ્ત્રી જીવન ઉપર પડ્યો. બ્રિટિશ સમય દરમિયાન 19મી સદીના પૂર્વનું ભારત કંઈક જુદું જ નવીન ઔદ્યોગિક અને મૂડીવાદ ઉપર આધારિત મળ્યું ગૃહઉદ્યોગોને સ્થાને ઔદ્યોગીકરણ થયું. રાજકીય ક્ષેત્રે નવીનીકરણ અમલમાં આવ્યું આ સમયે કેટલાક ઉદારમતવાદી સુધારકો આવ્યા અને કેટલાક પુંનરુત્થાનવાદી સુધારકો પણ આવ્યા જેમણે સ્ત્રીઓના દરજ્જા ઉપર પરિવર્તનના પ્રવાહક તરીકે અસરો કરી. જેની વિશદ ચર્ચા કરવી અનિવાર્ય છે.

### 4.2.1 રાજા રામમોહનરાય :

ઈ.સ. 1772 ના મે માસમાં રાજા રામમોહનરાયનો જન્મ થયો. એમના જન્મ સમયે ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની સ્થાયી થઈ ચૂકી હતી. યુરોપમાં પણ ક્રાંતિકારી પલટો થયો હતો. ફ્રેન્ચ ક્રાંતિની સાથે ઔદ્યોગિક ક્રાંતિ પણ આ ગાળામાં થઈ હતી. રાજા રામમોહનરાય અંગ્રેજી કેળવણીની માગણી કરનાર સૌપ્રથમ વ્યક્તિ બન્યા. નવા વિચારકોને આવકારવાની પહેલ તેમણે કરી. ઈ.સ. 1811ની સાલમાં પોતાનાં ભાભીને ફરજિયાત પણે બળજબરીપૂર્વક અગ્નિની જવાળામાં હોમાતા જોયાં અને ત્યારથી જ સતીપ્રથા વિરોધનું મંડાણ થયું. ઈ.સ. 1818થી તેમણે સતીપ્રથા વિરુદ્ધનું પ્રચાર કાર્ય શરૂ કર્યું. આની સામે સમાજનાં રૂઢિચુસ્તોએ 'સમાચાર-દર્પણ' માં સતી પ્રથાના તરફેણમાં લેખો લખ્યા અને સતીપ્રથાને બચાવવાનો પ્રયાસ કર્યો.

ગવર્નર જનરણ સર વિલિયમ બેન્ટિકની સહાયથી ઈ.સ. 1829માં સતીપ્રથા વિરુદ્ધ કાયદો પસાર કરવામાં આવ્યો. ઈ.સ. 1830માં રૂઢિચુસ્તોએ સતીપ્રથા વિરુદ્ધ કાયદાની અરજી કરી તેને પાછો ખેંચી લેવાની સૂચના કરી. આ સમયગાળા દરમિયાન બંગાળના જાગૃત સમૂહની સહાયતાથી "બ્રહ્મોસમાજ" સંસ્થા પણ સ્થપાઈ. "બ્રહ્મોસમાજ" સુધારકોની કાર્યભૂમિનું પ્રતિક બન્યું. બ્રહ્મોસમાજ એટલે જ સામાજિક સુધારક એમ પર્યાય બની ગયો. તેમણે માનવી મૂર્તિ વગર ખરા ઈશ્વરને ભજી શકે છે તેવી મધ્યમ માર્ગ આપ્યો.

#### 4.2.1.1 સતીપ્રથાનો વિરોધ :

રાજા રામમોહનરોયે પોતાનાં ભાભીને ફરજીયાતપણે અગ્નિમાં હોમાતાં જોયાં ત્યારથી સતી પ્રથાના અમાનુષી અત્યાચાર સામે વિરોધ કર્યો. રાજા રામમોહનરોય ઉદારમતવાદી વિચારસરણી ધરાવતા હતા. તેમનો સતીપ્રથા સામેનો વિરોધ બુદ્ધિપ્રધાન હતો. તેમણે રૂઢિચુસ્તોની દલીલ તોડી પાડીને સુધારકોના વિચારો પ્રસરાવવા પ્રયાસ કર્યો.

રૂઢિચૂસ્ત વર્ગે સતીપ્રથાના બચાવમાં પાંચ દલીલો રજૂ કરી પરંતુ રાજા રામમોહનરોયે સતીપ્રથાના વિરોધમા દલીલો પણ રજૂ કરી. દલીલોને આધારે તેની ગહનતાને સમજીએ.

**રૂઢિચુસ્ત વર્ગની પહેલી દલીલ :**

રૂઢિચૂસ્ત વર્ગે સતીપ્રથાના તરફેણમાં દલીલ કરી હતી કે સતીની પ્રથા માન્ય રાખવી જોઈએ કારણ કે અંગીરસ, હારિત, વ્યાસ જેવા ઋષિઓએ એનુ સમર્થન કર્યું છે.

આ દલીલ સામે રાજા રામમોહનરાયે જણાવ્યું કે ઋષિમુનિઓ કે શાસ્ત્રકારોની જે ઓથ લેવામાં આવી છે તે અસ્થાને છે, કારણ મહાન શાસ્ત્રકારોએ કહ્યું છે કે મનુસ્મૃતિ જે કહે તે સાચું જ માનવામાં આવે, મનુસ્મૃતિમાં સતીપ્રથાની હિમાયત કરવામાં આવી નથી બલકે વિધવાએ સંયમપૂર્ણ ત્યાગી જીવન ગાળવું જોઈએ એવું કહ્યું છે. એટલે એ જ આદર્શ સ્વીકારવો જોઈએ.

**રૂઢિચુસ્ત વર્ગની બીજી દલીલ :**

વેદમાં પણ મોક્ષ પ્રાપ્તિ માટે એનું અનુમોદન કરવામાં આવ્યું છે.

રાજા રામમોહનરોયે આ દલીલના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું છે કે કોઈપણ કાર્ય જયારે માનવી કરે ત્યારે ફલપ્રાપ્તિની આશા ન હોવી જોઈએ. સતીની પ્રથા ફલ પ્રાપ્તિ માટે જો આચરવામાં આવતી હોય તો તેની ભાવના જ

આખી શાસ્ત્ર વિરૂદ્ધ છે માટે તેનો અંત લાવવો જોઈએ.

**રૂઢિચુસ્ત વર્ગની ત્રીજી દલીલ :**

સતીની પ્રથા ફરજિયાત નથી. પરંતુ મરજિયાત છે.

ત્રીજી દલીલના અનુસંધાનમાં રાજારામમોહનરાય જણાવે છે કે આ સૌથી મોટું જૂઠાણું છે. સતીપ્રથા મરજિયાત છે, પરંતુ તેનો અમલ ફરજિયાત છે. સતીની વિરૂદ્ધ અરજીમાં તેઓ કહે છે "તમારા ફરિયાદીઓ (રૂઢિચુસ્તો) ચોક્કસપણે પોતાના અભ્યાસથી તથા અવલોકનથી જાણે છે કે એવા અસંખ્ય બનાવો બન્યા છે કે જ્યારે ભવિષ્યમાં વારસો મેળવવાની લાલસાથી અનેક સગાંઓ વિધવા સ્ત્રીઓને સતી થવાની ફરજ પાડે છે. કેટલીક સ્ત્રીઓ આવેશથી, દુ:ખના પ્રાબલ્યથી સતી થવા નિર્ધાર જાહેર કરે અને પછી અગ્નિજ્વાળાથી ભયભીત બનીને અનિચ્છા દર્શાવે તો તેમને જબરદસ્તીથી ચિતા ઉપર મૂકવામાં આવે છે. ચિતાની આસપાસ દોરી બાંધવામાં આવે છે તથા વાંસના થાંભલાઓ રાખવામાં આવે છે. આ બંધનો તોડીને સ્ત્રી દોડીને બચવાની કોશિષ કરે તો ફરી પાછી ખેંચી લાવવામાં આવે છે. અને અગ્નિદાહ દેવામાં આવે છે. અમે અરજદારને કહીએ છીએ કે આ જ સૂચવે છે કે કોઈપણ રીતે આ એક પ્રકારનું ખૂન છે."

આમ, રૂઢિચૂસ્તવર્ગની સતીપ્રથા ફરજિયાત નથી પરંતુ મરજિયાત છે. તે પ્રકારની દલીલનો રાજા રામમોહનરાય સંપૂર્ણ તાર્કિક દલીલોથી વિરોધ કરે છે. અને એ સાબિત કરે છે કે "સતીની પ્રથા મરજિયાત છે પણ તેનો અમલ ફરજિયાત છે."

**રૂઢિચુસ્ત વર્ગની ચોથી દલીલ :**

જો સતીની પ્રથા ન હોય તો વિધવા સ્ત્રી આડે માર્ગે જતી રહે એવી સંભાવના છે.

આ દલીલના સંદર્ભમાં રાજા રામમોહનરાય જણાવે છે કે સ્ત્રી સતી નહીં થાય તો આડે માર્ગે જશે એ દલીલ સાવ વાહિયાત છે. અવળે માર્ગે સ્ત્રીને જો જવું હોય તો પતિની હયાતીમાં પણ જઈ શકે. આના નિરાકરણ રૂપે તેઓ ઉચ્ચ શિક્ષણની હિમાયત કરે છે. સ્ત્રીને જો વધારે શિક્ષણ આપવામાં આવે, અન્ય સંસ્કારનાં ક્ષેત્રો તેને માટે ખુલ્લાં મૂકવામાં આવે તથા આદર્શ ઉચ્ચ જીવનનાં મૂલ્યોનો પરિચય કરાવવામાં આવે તો અનેક વિધવા સ્ત્રીઓ અવળે માર્ગે જતી અટકશે.

**રૂઢિચુસ્ત વર્ગની પાંચમી દલીલ :**

સ્ત્રીઓ મૂળથી જ હલકી સમજશક્તિવાળી હોય છે તેઓ અવિશ્વસનીય, આવેશપૂર્ણ તથા સદ્‌ગુણના અભાવની પ્રતીક છે.

આ દલીલના અનુસંધાનમાં રાજા રામમોહનરાય જણાવે છે કે અસંખ્ય સ્ત્રીઓ જે મરજિયાત રીતે સતીત્વ સ્વીકારતી હોય તેમનું વર્તન માત્ર પુરવાર કરે છે કે એમનામાં બળતી આગમાં પણ સભાનતાથી હોમાઈ જવા જેટલી નિર્ણયની શક્તિ છે. સ્ત્રીઓના અવિશ્વસનીય, આવેશપૂર્ણ તથા સદ્‌ગુણના અભાવ અંગેની દલીલમાં તેઓ દલીલ કરે છે કે જેટલી સ્ત્રીઓએ પુરુષને દગો દીધો છે એના કરતાં વધારે પુરુષોએ સ્ત્રીઓ તરફ બિનવફાદારી દર્શાવી છે. અનેક પત્નીત્વની પ્રથાનું અસ્તિત્વ માત્ર પુરુષની સ્ત્રીભૂખ તથા લોલુપતા દર્શાવે છે.

આમ, સતીપ્રથા કાનૂનના ઘડતર માટે અનેક પ્રકારના વાદ-વિવાદો થયા. રાજારામમોહનરાય સ્ત્રીના અસ્તિત્વ માટે લડતા હતા. તેના જીવવાના અધિકારની તરફેણ કરતા હતા. જ્યારે રૂઢિચુસ્તો તે અધિકારને છીનવવાના પ્રયત્નમાં હતા. રાજા રામમોહનરાયના અથાગ પ્રયત્નો તથા સર વિલિયમ બેન્ટિકની મદદથી સન 1829માં સતીપ્રથા વિરૂદ્ધ કાયદો પસાર થયો. સામાજિક ક્ષેત્રે કાયદા દ્વારા સુધારણા કરવાનું આ પહેલું પગલું હતું.

સ્ત્રીના અસ્તિત્વને કાયદાથી રક્ષિત કરવામાં આવ્યું જેનાથી સ્ત્રીના દરજ્જા પર નોંધપાત્ર અસરો પડી

#### 4.2.1.2 સ્ત્રીઓ તથા મિલકતના હક્કો :

બ્રિટિશશાસન પૂર્વે મિલકત અધિકારોમાં સ્ત્રીઓના દાયભાગ તરીકે વિધવા સ્ત્રીનો સંયુક્ત મિલકતમાં હક્ક માન્ય રાખવામાં આવ્યો હતો. આ પરથી એ સ્પષ્ટ થાય છે કે વિધવા સ્ત્રી સતી થવાનું સ્વીકારતી નથી અને પતિની પાછળ હયાત રહે તો એને મિલકતમાં હક્ક આપવો પડે. તેથી વિધવાની હાજરી કૌટુંબિક સભ્યો માટે સહ્ય ન બને એ સ્વાભાવિક છે. અને તેથી જ સતી કરવાનો રિવાજ વધારે ને વધારે પ્રચલિત બને તથા સમાજમાં વધુ ને વધુ તે અનુમોદન પામતો જાય તે માટેના પ્રયત્નો કરવામાં આવતા હોય તે શક્યતાને નકારી શકાય નહીં. આમ વિધવા સ્ત્રી જીવતે જીવ બળી મરવાનું પસંદ કરે અથવા સમાજ તેને ફરજ પાડે તેની પાછળ આર્થિક કારણને પણ મુખ્યત્વે જવાબદાર ગણાવી શકાય.

આ અંગે રાજા રામમોહનરોય પોતાના અભિપ્રાયની સ્પષ્ટતા આપતાં જણાવે છે કે આ પરિસ્થિતિના નિરાકરણ માટે સ્ત્રીઓને કાયદાકીય જાગૃતિ આપવી અનિવાર્ય છે. તેમના (સ્ત્રીના) જે કાંઈ મર્યાદિત હક્કો છે તે વિશે જાગૃત કરવી. આ માટે તેમણે શિક્ષણની તરફેણ કરી. શિક્ષણના ફેલાવામાં અને આર્થિક સ્વાતંત્ર્યમાં જ સ્ત્રી- ઉન્નતિનાં બીજ જોઈ શકાય એ માન્યતા રજૂ કરવાનું માન રાજા રામમોહનરોયને જાય છે.

#### 4.2.1.3 કુલીનશાહી સામે પડકાર :

બંગાળી સમાજમાં કુલીનશાહી પ્રથા પ્રચલિત હતી. જ્ઞાતિના કુલીન કુટુંબમાં અંદર અંદર જ લગ્ન સંબંધ બાંધવાની રૂઢિ હતી. મર્યાદિત વર્તુળમાં જ લગ્ન કરવાના નીતિનિયમોને કારણે છોકરાઓની સંખ્યા મર્યાદિત હોય તો છોકરાઓ મેળવવા માટેની હરીફાઈ સમાજમાં ઉપસ્થિત થતી. છોકરાઓની ઓછી સંખ્યાને કારણે વર મેળવવા માટે પૈસાનો ખર્ચ કરવો પડતો. છોકરીના પક્ષના લોકો છોકરાપક્ષના લોકોને વધુ ને વધુ નાણાં અથવા ભેટ સોગાદો આપતા જેને વરવિક્રય અથવા પૈઠણ તરીકે પણ ઓળખાવી શકાય. ગરીબ માતાપિતા માટે દિકરીનાં લગ્ન કરવાં દુષ્કર બનતાં. કુલીનશાહી પ્રથાને પરિણામે અનેક પત્નીત્વની પ્રથાનો ઉદ્ભવ થયો. એક પત્ની હયાત હોય છતાં છોકરી પરણાવવી હોય તો પૈઠણ ઓછી આપવી પડતી. આમ, કુલીનશાહી પ્રથાને કારણે જ અનેક પત્નીત્વની પ્રથાને ઉત્તેજન મળ્યું. આ ઉપરાંત પતિની પરણવા પૂરતી જ પત્ની પરત્વેની જવાબદારી રહેતી. એક પત્નીને પરણી તેની હયાતીમાં પૈસાને લીધે કે અન્ય કોઈ કારણસર બીજી પત્ની લેવાની ઈચ્છા થાય તો પત્નીને ત્યજી દઈ પુરુષ બીજી પત્ની કરતો.

કુલીનશાહી પ્રથાને કારણે કજોડાં લગ્ન પણ થતાં. પતિ મોટી ઉંમરનો હોય તો ઓછો વાંકડો આપે તો પણ લગ્ન થઈ શકતું. લગ્ન કરવું સ્ત્રીઓ માટે ફરજિયાત હોવાને કારણે સ્ત્રીને મોટી ઉંમરના પુરુષ સાથે પણ પરણાવી દેવામાં આવતી. અંતે સ્ત્રીનું જીવન દુઃખદાયક બનતું. અને તે અકાળે વૈધવ્ય પ્રાપ્ત કરતી.

કુલીનશાહીની અમાનવીય પ્રથાનો વિરોધ રાજા રામમોહનરાય કરે છે. તેઓ કુલીનશાહી પ્રથાને એક પ્રકારના કન્યાના વેચાણની પ્રક્રિયા સાથે તુલના કરે છે. તેઓ કહે છે કે, જે પિતા પોતાની કન્યાનું વેચાણ કરે છે, અથવા તો જે વ્યક્તિ પૈસા લઈ અને પત્ની મેળવે છે તે ધર્મની દૃષ્ટિએ બહું મોટું પાપ કરે છે. બંગાળી સમાજના કોઈપણ પ્રકારના કારણ વગર પૈસાની લાલચે બીજી પત્ની કરવામાં આવતી હતી તેના અટકાવ માટે કાયદાનો ઉપયોગ કરવાની બાબતનો સ્વીકાર કર્યો. સંજોગોવશાત્ કાયદાની પરવાનગી દ્વારા બીજાં લગ્ન કરી શકાય એ બાબતની તરફેણ કરી.

આમ, કાયદાની મદદ વડે રાજા રામમોહનરાયે સ્ત્રીની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો તથા સ્ત્રીના દરજ્જાને ઉન્નત કરવા માટે કાયદાકીય જોગવાઈઓ ઘડવાની તથા તેના અસરકારક અમલની તરફેણ કરી.

#### 4.2.1.4 સારાંશ :

રાજા રામમોહનરાય સ્ત્રી ઉત્થાન અને સ્ત્રી ઉદ્ધારના પ્રથમ હિમાયતી હતા. ઉદારમતવાદ તથા માનવતાવાદનાં મૂલ્યોને વરેલા હતા. તેમણે સમાજમાં પ્રવર્તતી અમાનુષી સતીપ્રથાના વિરોધમાં પોતાની તાર્કિક તથા બુદ્ધિગમ્ય દલીલો દ્વારા રૂઢિચુસ્તોના અથાગ પ્રયત્નો, વિરોધની વચ્ચે સર વિલિયમ બેન્ટિકની મદદથી 1829 માં સતીપ્રથાનો કાયદો અમલી કરાવ્યો. આમ સ્ત્રીના અસ્તિત્વના રક્ષણ માટે એક સચોટ અને સ્પષ્ટ પગરણ મંડાયા. કાયદા દ્વારા સ્ત્રીઓને રક્ષિત કરવાની તરફેણ કરી તથા કાયદાઓ દ્વારા જ સ્ત્રીના અસ્તિત્વને વધુને વધુ ઉન્નત બનાવવાનો

પ્રયાસ કર્યો. પ્રાચીન જ્ઞાતિ અને વર્તમાન જ્ઞાતિ, આપખુદ, રાજાશાહી અને લોકશાહી, જડ રિવાજો અને સંરક્ષણ, સુધારો, એનેકેશ્વરવાદ અને એકેશ્વરવાદ વચ્ચેની ખાઈને આવરી લેવા રાજા એક જીવંત કમાન જેવો બની રહ્યા. બ્રહ્મોસમાજ સમાજસુધારાનું કેન્દ્રસ્થાન બની ગયું. રાજા રામમોહનરાય ભારતની સંકુચિત અને રૂઢિગત માન્યતામાં બંધાયેલ બંધિયાર માણસમાં માનવતા ખીલવવાના મંથનોનું એક પ્રતીક બની ગયા.

## 4.3 ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

### 4.3.1 પ્રસ્તાવના:

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ઈ.સ. 1820 માં કલકત્તા શહેરમાં થયો. વિદ્યાસાગર ઉદારમતવાદી સુધારકોની હારમાળામાં એક કડી સમાન બની જાય છે. ઈશ્વરચંદ્ર નવરાત્રીના મહોત્સવમાં થતા ખર્ચને ઘટાડી ને તેને સામાજિક કાર્યમાં વાપરવાની બાબત કહી. આ ઉપરાંત તેમની કિશોરાવસ્થા દરમ્યાન તેમના ગુરુએ 70 વર્ષની જૈફવયે અત્યંત કુમળી બાળા સાથે લગ્ન કર્યું અને એક વર્ષમાં મૃત્યુ પામ્યા પરિણામે બાળાને વિધવાની યાતનાઓ સહન કરવી પડી. આ બે ઘટનાએ તેમને હચમચાવી મૂક્યા અને વિધવા પુનઃલગ્નની હિમાયત માટે તેમણે જેહાદ જગાવી. આમ, યુવાવયથી જ તેઓ એક સામાજિક સુધારક તરીકે ઊભરી આવ્યા.

વિચાર અને આચારમાં તફાવત પડે તો તે સમાજસુધારક કહી શકાય નહીં. આ પ્રકારની બેવડી નીતિથી સમાજ ઉપર દૂરોગામી અસરો પડે છે. આ બાબત વિદ્યાસાગર જાણતા હતા. તેથી તેમણે વિચાર અને આચારને એક કર્યા અને જીવનમાં ઉતાર્યા તે માટે તેમણે સાત પ્રતિજ્ઞાઓ કરી જેવી કે ..

1. પોતાની પુત્રીને પૂરતી કેળવણી, શિક્ષણ આપશે.
2. પોતાની પુત્રીનું લગ્ન 11 વર્ષ પહેલાં નહીં કરે.
   (બધી જ પુત્રીનાં લગ્ન 16 વર્ષે કર્યાં હતાં)
3. પુત્રીની જીવનસાથીની પસંદગીમાં ધનને કેન્દ્રસ્થાને ગણશે નહીં.
4. પુત્રી વિધવા થાય અને તેને ફરી પરણવાની ઈચ્છા થાય તો તેને તેમ કરવા દેશે.
5. પુત્રનું 18 વર્ષ પહેલા લગ્ન નહિ થવા દે.
6. પોતાની પત્ની હયાત હશે ત્યાં સુધી બીજી પત્ની નહિ કરે.
7. જે પુરુષની પત્ની હયાત હશે તેને પોતાની પુત્રી નહિ પરણાવે.

આ પ્રતિજ્ઞાના ઉલ્લેખ પાછળ એ ઉદ્દેશ રહેલો છે કે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સ્ત્રી ઉત્થાન, સ્ત્રી -ઉન્નતિના પ્રણેતા હતા. તેઓ સ્ત્રીની અભિવ્યક્તિની સ્વતંત્રતા, વિધવા પુનઃ લગ્નના હિમાયતી હતા. બાળલગ્નના વિરોધી અને બહુપત્નીત્વના વિરોધી હતા અને તે બાબતોની શરૂઆત તેમણે પોતાથી કરી હતી. આમ, એક વિચારને આચારમાં મૂકનાર અમલકર્તા હતા. જે તેમની સ્ત્રી ઉન્નતિ કે સામાજિક સુધારક તરીકેની છબીને વધુ સ્પષ્ટ કરે છે.

### 4.3.2 વિધવાવિવાહ અંગેની સમસ્યા:

રાજા રામમોહનરાયના પ્રયત્નોથી સતીપ્રથાનો કાનૂન અમલમાં આવ્યો. પરંતુ સતી થવાનો રિવાજ બંધ થવાથી સ્ત્રીઓની યાતનામયી પરિસ્થિતિનો અંત આવ્યો નહી. વિધવા સ્ત્રીએ સંપૂર્ણપણે આનંદરહિત કે ઉલ્લાસ રહિત જીવન ગાળવું પડતું. પછી તે બાળવિધવા હોય કે પુખ્તવયની [illegible] હોય દરેક વિધવાનું જીવન અનેક યાતનાઓથી ભરપૂર હતુ.

આ પ્રકારની અમાનુષી પ્રથાનો વિરોધ કરવા માટે શાસ્ત્રોક્ત પ્રમાણે 'પરાશર સંહિતા' અનુસાર તેમણે પોતાની દલીલો રજૂ કરી. વિધવાવિવાહની તરફેણમાં પોતાના વિચારો રજૂ કરતાં જણાવે છે કે "શાસ્ત્રોમાં જણાવ્યું છે કે કૃતયુગમાં મનુનો કાયદો, ત્રેતામાં ગૌતમનો, દ્વાપરમાં સાંખ્ય અને લિખિત તથા કલિયુગમાં પરાશરનો કાયદો માન્ય રાખાવો જોઈએ." આ પ્રમાણે જોતાં કલિયુગમાં પરાશરના કાયદાને માન્ય રાખવો પડે અને તે પ્રમાણે જોઈએ તો પતિ ખોવાઈ ગયો હોય, મૃત્યુ પામ્યો હોય, નપુંસક હોય, વ્યભિચાર કરતો હોય, ધર્માન્તર કર્યું હોય, આ પાંચ પરિસ્થિતિમાં સ્ત્રી અન્ય પતિ કરી શકે છે.

આ દલીલ પ્રમાણે વિધવા બીજું લગ્ન કરી શકે છે. પરાશરસ્મૃતિ કહે છે કે જો સ્ત્રી વૈધવ્ય જીવન વિશુદ્ધિથી વ્યતીત કરી શકતી હોય તો તેના જેવું ઉત્તમ કશું જ નથી, પણ જો ન કરી શકે તો તેને પુનર્લગ્ન કરવાનો હક્ક હોવો જોઈએ.

બીજી દલીલ :

વિધવા પૂનઃલગ્નના વિરોધમાં રૂઢિચુસ્તો દલીલ કરે છે કે પુરાણો પ્રમાણે જે કન્યાનું એક વાર કન્યાદાન કરી દીધું હોય તેનું ફરીથી ન થઈ શકે.

વિદ્યાસાગર આ દલીલના અનુસંધાનમાં જણાવે છે કે સમાજમાં આ પ્રકારનો પ્રતિબંધ પ્રવર્તે છે. એ સૂચવે છે કે કોઈકવાર એક વખત લગ્નગ્રંથિથી જોડાયેલી કન્યાનું બીજીવાર લગ્ન થતું હશે. અને તેને અટકાવવા માટે આ પ્રકારનો રિવાજ અસ્તિત્વમાં આવ્યો હશે. અને તેથી જ જૂના રિવાજને પુનઃ કાર્યાન્વિત કરીને વિધવા પુનઃલગ્નને અનુમોદન આપવું જોઈએ.

રૂઢિવાદીની ત્રીજી દલીલ :

રૂઢિવાદીઓ ત્રીજી દલીલ કરતાં જણાવે છે કે કોઈપણ વિધવા અંગે શ્રુતિ અને સ્મૃતિમાં વિરોધ ઉપજે ત્યારે, શ્રુતિનો સિદ્ધાંત માન્ય રાખવો અને જ્યારે સ્મૃતિ અને પુરાણો વચ્ચે વિરોધ ઉત્પન્ન થાય તો સ્મૃતિના વિધાનને માન્ય રાખવું - વિધવા વિવાહની હકીકતમાં પુરાણ અને સ્મૃતિ વચ્ચે મતભેદ છે. સ્મૃતિ માન્ય રાખે છે જ્યારે પુરાણ માન્ય નથી રાખતાં તો શાસ્ત્રકારો જણાવે તે મુજબ સ્મૃતિ કહે છે તેમજ આચરણ કરવું જોઈએ. આમ, તેઓ વિધવા પુનઃલગ્નની હિમાયત કરતા શાસ્ત્રોક્ત દલીલોને ટાંકે છે.

રૂઢિવાદીઓ એ પણ દલીલ કરે છે કે વિધવાવિવાહ એ સમાજનાં જડ થઈ ગયેલી રૂઢિ છે. એને કેવી રીતે ત્યજી શકાય.

આ દલીલના અનુસંધાનમાં વિદ્યાસાગર જણાવે છે કે વિષ્ણુ સમર્થ શાસ્ત્રકારે કહ્યું છે કે કોઈપણ રૂઢિ રિવાજ કે જે અંગે શાસ્ત્રોમાં ચોક્કસ આદેશ ન હોય તો જે રિવાજ પ્રજા પાળે છે એ આધારે માન્ય રાખવા. જે કાંઈ સૂચના કરવામાં આવી હોય તે પ્રમાણે કરવું. પછી ભલે તે રિવાજની વિરૂદ્ધ હોય.

વિધવાવિવાહના સંબંધમાં પણ જ્યારે પરાશર સ્મૃતિમાં વિધવાએ કયો માર્ગ લેવો તેનું સૂચન કર્યું છે. પછી લોકાચારનું બહાનું ન ચલાવી શકાય.

આમ, વિધવા પુનઃલગ્નની હિમાયત માટે તેઓ શાસ્ત્રોક્ત અર્થઘટનનો સહારો લે છે. અથાગ પ્રયત્નોને પરિણામે ઈ.સ. 1856માં વિધવા વિવાહ અંગેનો કાયદો પસાર થયો. આ કાયદા અનુસાર જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો હોય. અને જો વિધવા બીજું લગ્ન કરે તો તે લગ્ન પણ કાયદેસર ગણવામાં આવશે અને તેમાંથી જન્મતી સંતતિ પણ કાયદેસર ગણાશે. આ કાયદાને આધારે બીજું લગ્ન કર્યા પછી વિધવા સ્ત્રી પોતાના સ્વર્ગસ્થ પતિની મિલકતમાં કોઈપણ પ્રકારનો અધિકાર ધરાવી શકે નહીં તેવી સ્પષ્ટતા કરવામાં આવી હતી અને પરિણામે વિધવા સ્ત્રીઓ નીડરતાથી બીજું લગ્ન કરે તો તે મિલકતના અધિકારો ગૂમાવે અને જો સ્ત્રી વૈધવ્ય જીવનનો બુરખો ધારણ કરે; પરંતુ વાસ્તવિકતામાં અનીતિમય જીવન જીવે તો પણ તે મિલકતના અધિકારો ધરાવી શકે. આને પરિણામે અનૈતિકતાનું પ્રમાણ વધ્યું.

**4.3.3 કુલીન પ્રથા:**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વાસ્તવિક માહિતી મેળવવા માટે સૌપ્રથમ વખત સંશોધનાત્મક પ્રવિધિઓનો ઉપયોગ કર્યો. આમ, તેઓ સંશોધનાત્મક પ્રવિધિઓના પ્રણેતા બન્યા. તેમણે સમાજમાં પ્રવર્તતી કુલીનશાહી પ્રથાનો વિરોધ કરવા માટે પ્રશ્નાવલિઓ તૈયાર કરી, આંકડા એકત્ર કરી પોતાનાં વિધાનને પુરવાર કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિનાં મંડાણ વિદ્યાસાગરે માંડ્યાં. રાજા રામમોહનરોય તથા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બન્ને વિચારકોએ કુલીનશાહી પ્રથાનો વિરોધ કર્યો. પરંતુ ઈશ્વરચંદ્રની કુલીનપ્રથાની અમાનુષીતાને આંકડાકીય રીતે રજૂ કરવાની બાબત વધુ અસરકારક બની. તેમણે એક અહેવાલમાં જણાવ્યું કે એક બ્રાહ્મણ પુરોહિતે એક વ્યક્તિનાં 107 લગ્નો કરાવ્યાં હતાં. એક વ્યક્તિને 80 સ્ત્રીઓ હતી. આ તારણના અંદાજ પ્રમાણે જોઈએ તો 5 1/2 લગ્નો કુલીન પુરુષ દીઠ હતાં. વિદ્યાસાગરની આ આંકડાકીય રીતે કુલીનપ્રથાની વ્યાપકતાને રજૂ કરવાની શૈલીને કારણે આ પ્રથાના વિરોધનો વંટોળ વધુ જાગ્યો.

### 4.3.4 શિક્ષણ:

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે અંગ્રેજી કેળવણી મેળવી ન હતી. પરંતુ તેઓનો અંગ્રેજ સજ્જનો સાથેનો સંપર્ક ઘણો હતો. ઈ.સ. 1849 માં કન્યાશાળાની શરૂઆત કરી. જે આગળ જતાં કલકત્તાની વિખ્યાત બેથ્યુન કૉલેજ બની. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જ્યાં પણ શાળા સ્થાપતા ત્યાં કન્યા પાસે ફી લેવામાં આવતી ન હતી. અભ્યાસનાં સાધનો વિના કોઈ અભ્યાસથી વંચિત ન રહી જાય તેની ખાસ કાળજી રાખવામાં આવતી હતી. કલકત્તાની શાળામાં તો કન્યાને સ્કૂલે લાવવા અને જવા માટેનું વાહન રાખવામાં આવ્યું હતું જેના પર લખ્યું હતું કે - "સ્ત્રીઓનાં રક્ષણ અને શિક્ષણ માટે પણ પ્રયાસ થવો જોઈએ."

આમ, સ્ત્રી શિક્ષણની સાચી શરૂઆત વિદ્યાસાગરે કરી અને તેઓ આને માટે આજીવન પ્રયત્ન કરતા રહ્યા.

### 4.3.5 સારાંશ:

વિદ્યાસાગરે કુલીનપ્રથાનો વિરોધ કર્યો તથા સ્ત્રીશિક્ષણ ક્ષેત્રે સતત પ્રગતિ કરી. વિધવાવિવાહના સમર્થન અંગે જ્યારે અરજી કરી ત્યારે આ અરજી પર 2100 સહી આવી હતી. પહેલ વહેલું વિધવા પુનઃલગ્ન કલકત્તામાં કરાવાયું હતું. માહિતી એકત્રીકરણ કરવાની પધ્ધતિ અને તેના દ્વારા સામાજિક વિકાસ કરવાનો શ્રેય વિદ્યાસાગરનાં ફાળે જાય છે. સ્ત્રીઓના પ્રશ્નો પરત્વે જાગૃતિ કેળવવામાં અને તેનું નિવારણ કરવામાં વિદ્યાસાગરનો ફાળો અદ્વિતીય અને અમૂલ્ય રહ્યો છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નહીં લાગે.

## 4.4 બહેરામજી મલબારી : 1853 - 1912

બહેરામજી મલબારીનું નામ મુખ્યત્વે બાળલગ્ન સાથે સંકળાયેલું છે. તેઓ જણાવે છે કે બાળલગ્ન અનેક બાળવિધવાઓને જન્માવે છે. વિધવાઓની પરિસ્થિતિના નિવારણ માટે તેના ઉદ્‌ભવસ્થાન બાળલગ્નનું નિવારણ કરવું જોઈએ. એક વિધવા સ્ત્રીએ પોતાનાં બાળકની હત્યા કરી તે બનાવે તેમના હૃદયને ખૂબ ધક્કો પહોંચાડ્યો અને તેથીજ તેમણે પુનઃલગ્નની હિમાયત કરી. તેમણે આ અંગે અત્યંત આર્દ્ર સ્વરમાં જણાવ્યું કે જ્ઞાતિઓમાંથી પુનઃલગ્ન કરતી વ્યક્તિઓને જ્ઞાતિ બહાર કાઢવાનો હક જ્ઞાતિમહાજન પાસેથી લઈ લેવો જોઈએ. અત્યારે પરિસ્થિતિ એવી છે કે સરકાર વિધવા પુનઃલગ્નને માન્ય રાખે છે જ્યારે જ્ઞાતિ અમાન્ય રાખે છે. મલબારી સંસ્કૃતના વિદ્વાન ન હતા તેથી તેઓ પોતાની દલીલના સમર્થનમાં શાસ્ત્રોક્ત કથનો લાવી શક્યા નહીં. પરંતુ બાળલગ્નનો વિરોધ તથા વિધવાલગ્નનાં સમર્થન માટે બુદ્ધિવાદથી સમજાવવાનો પ્રયાસ કર્યો.

મલબારીએ ઈ.સ. 1884માં બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્ય ઉપર પોતાની નોંધ પ્રસિદ્ધ કરી. તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે બાળલગ્ન સુખી તેમજ દુઃખી બન્ને પ્રકારના લગ્નોમાં અવરોધક છે. જે યુગલોનાં દુઃખી લગ્નો છે તેમનું સમગ્ર પરિણીત જીવન આહૂતિરૂપ છે. જ્યારે સુખી લગ્નમાં પુરુષને ઘણી નાની વયે અભ્યાસનો ત્યાગ કરવો પડે છે. સ્ત્રીએ સ્વસ્થ બાળકોની જગ્યાએ માંદલા બાળકોનું અકાળ માતૃત્વ ભોગવવું પડે છે. યોગ્ય કેળવણી ન હોવાના કારણે રોજગારી પણ યોગ્ય હોતી નથી. આમ આર્થિક દૃષ્ટિએ થોડીક આવકમાં અનેક બાળકોને પોષવાનો પ્રશ્ન ઊભો થાય છે. આમ, કોઈપણ સમાજોમાં બાળલગ્ન ઉપયોગી નથી અને તેથી જ તેમને દૂર કરવાં જોઈએ. મલબારી એક માત્ર એવા સુધારક હતા જેમણે લગ્નવય માટેના ચોક્કસ માપદંડો રજૂ કર્યા. તેમણે કહ્યું કે બાળલગ્નનાં નિવારણ માટે વિશ્વવિદ્યાલયનાં સ્નાતકો ચોક્કસ વય પ્રાપ્ત કર્યા વિના લગ્ન ન કરે સાથે સાથે જ્યારે પણ લગ્ન કરે ત્યારે અમુક ઉંમરથી નાની કન્યા જોડે લગ્નગ્રંથિથી ન જોડાય તેવી પ્રતિજ્ઞા લે તો જ બાળલગ્નનું દૂષણ દૂર કરી શકાશે.

મલબારીએ વિધવા વિવાહ અંગે પણ તથા વિધવા સ્ત્રીઓની પરિસ્થિતિ અંગે પણ પોતાનાં સૂચનો આપ્યાં હતાં. વિધવા પ્રત્યેની અમાનુષીતાને ઘટાડવા માટે સરકારે સૌપ્રથમ તો વિધવા વિવાહનો જે કાયદો છે તેને અસરકારક સ્વરૂપે અમલમાં મૂકવા પ્રયાસ કરવો જોઈએ તેવું સૂચન કર્યું હતું. વિધવાઓ અંગેની બીજી એક બાબતને અગ્રિમતા આપતાં જણાવ્યું કે સરકારની એ ફરજ બને છે કે કોઈપણ વિધવા સ્ત્રીને ફરજિયાતપણે વૈધવ્યનું પાલન તો નથી કરવું પડતું ને? તે અંગેની તપાસ કરવી જોઈએ તથા વિધવાને જ્ઞાતિના સત્તાધીશો વિરુદ્ધ કોઈપણ ફરિયાદ કરવી હોય તો સરકારે તેને મદદ કરવી જોઈએ. વિધવાની પરિસ્થિતિની સુધારણાની હિમાયત

કરતાં તેઓ જ્ઞાતિપંચોને પણ તેને માટે જવાબદાર ઠેરવે છે. તેઓ જણાવે છે કે જો સગાંવહાલાંઓ પુનઃલગ્ન કરતાં યુગલોને સહાય કર્તા હોય તો જ્ઞાતિને તેમને જ્ઞાતિબહાર કાઢવાનો પુરોહિતોનો હક લઈ લેવો જોઈએ. વિધવા સ્ત્રીની સામાજિક યાતનાઓ એટલી બધી હતી કે મલબારીએ આ સૂચનોને વાઈસરોય સમક્ષ રજૂ કર્યાં અને ત્યારબાદ તરત જ સુરતની વિધવા સ્ત્રીઓએ નગરશેઠ ઉપર અને નવસારીની વિધવા સ્ત્રીઓએ ગાયકવાડને અરજી મોકલી. તેઓનાં આ કાર્ય અંગે મલબારીએ પ્રચાર કાર્ય આરંભ્યું અને તેના માટે આખા ભારતનો પ્રવાસ કર્યો. તેમણે ત્રણ સૂચનો રજૂ કર્યાં.

(1) વિધવાઓના પ્રશ્ન અંગે રાષ્ટ્રવ્યાપી સંગઠન ઊભું કરવું.

(2) અભ્યાસનાં પાઠ્યપુસ્તકોમાં બાળલગ્ન અને વિધવાઓના પ્રશ્નોને આવરી લેવા.

(3) થોડા સમયના ગાળા પછી વિશ્વવિદ્યાલયે ઠરાવ પસાર કરવાનો કે જે પરિણીત હોય તેને સ્નાતકના અભ્યાસને પાત્ર ન ઠરાવી શકાય.

ઈ.સ. 1884 થી 1889 સુધીમાં સરકાર ઉપર લગ્નની વય અંગેનાં કાનૂન ઘડવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. National Social Conference ની બેઠકમાં પણ પિનલ કોડમાં ફેરફાર કરીને 12 વર્ષની પરિણીત કે અપરિણીત બાલિકાઓને રક્ષણ આપવાનું રાજ્યનું કર્તવ્ય છે એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ઈ.સ. 1890માં બાળલગ્નની સમિતિની રચના માટે ચાર ઠરાવ પસાર કર્યા.

(1) સંમતિ વય વધારીને 12 વર્ષની કરવી.

(2) પરણનાર યુગલ જો સમયસર માન્ય ન રાખે તો બાળલગ્નને ફોક ઠરાવી શકાય.

(3) લગ્નના હક પૂરા કરવા માટેના કાયદાનો સિદ્ધાંત જે ધર્મ ઉપર રચાયેલો છે અને જે કાનૂનને અન્ય દેશોએ પણ રદ કર્યો છે તેને ભારતમાં દાખલ કરવાની કશી જરૂર નથી.

(4) વિધવા લગ્નના સંબંધમાં કોઈ પણ કાયદેસરની મુશ્કેલી દૂર કરવી જોઈએ.

આમ, બહેરામજી મલબારીનું નામ બાળલગ્ન, વિધવા વિવાહ અને સંમતિવયના કાયદા સાથે સંકળાયેલું છે. તેઓ સ્ત્રી ઉત્થાન માટેનાં સતત પ્રયત્નો કરતા રહ્યાં હતા.

## 4.5 મહાદેવ ગોવિંદ રાનડે

### 4.5.1 પ્રસ્તાવના:

સ્ત્રીઓના દરજ્જામાં ઉન્નતિ માટેના પ્રયાસો સમગ્ર ભારત વ્યાપી હતા. ડેક્કન - એજ્યુકેશન સોસાયટીની સ્થાપનાની સાથે સુધારકોનો એક સમૂહ એવો ઉત્પન્ન થયો કે જેમણે આજીવન માનવસેવાના કાર્યનો ભેખ લીધો હોય. આ સુધારકોમાં મહાદેવ ગોવિંદ રાનડેનું સ્થાન અજોડ હતું. સામાજિક સુધારા વિશેષતઃ સ્ત્રી વિષયક પ્રવૃત્તિઓમાં રાનડે અગ્રસ્થાને રહ્યા છે. અને સામાજિક સુધારાની પ્રવૃત્તિઓમાં ચોક્કસ ફલિતાર્થો પામવા માટે છૂટી છવાયી પ્રવૃત્તિ ન કરતાં સંકલિત કાર્યો કરવા ભાર મૂક્યો. સામાજિક સુધારાની સંસ્થા કયા સિદ્ધાંત પર રચાવી જોઈએ અને સુધારાની કઈ પદ્ધતિ યોગ્ય છે વગેરે વિષય ઉપર રાનડેએ સામાજિક સુધારાની લડતને સૈદ્ધાંતિક ભૂમિકા ઉપર મૂકવાનો પ્રયાસ કર્યો.

ઈ.સ. 1842 માં રાનડેનો જન્મ થયો હતો. ઈ.સ. 1854 માં તેમનુ લગ્ન 9 વર્ષના કન્યા સાથે થયું. શિક્ષણ ક્ષેત્રે અસાધારણ પ્રતિભા દાખવી અંતે તેઓ વરિષ્ઠ અદાલતના ન્યાયાધીશ બન્યા. રાનડે પાંડુરંગ અને ઝાંબેકર નામના સુધારકોના પરિચયમાં આવ્યા. અને ત્યાર પછી જ સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં તેઓ વધુ ને વધુ ઊંડા ઉતરતા ગયા. ઈ.સ. 1873માં તેમના પત્ની મૃત્યુ પામ્યાં. દ્વિતીય લગ્નના વિરોધી હોવા છતાં સામાજિક દબાણને વશ થઈને બીજું લગ્ન રમાબાઈ સાથે કર્યું. અહીં એક બાબતની સ્પષ્ટતા અનિવાર્ય રહેશે કે રાનડે વિધવા લગ્નના હિમાયતી હતા. પરંતુ વિચાર અને આચારનો તફાવત જોવા મળ્યો. વિધવા લગ્નનો પ્રચાર કરનાર રાનડેને જ્યારે દ્વિતીય લગન કરવાનો અવસર મળ્યો ત્યારે વિધવા સાથે લગ્ન કરવાની નીડરતા તે બતાવી શક્યા નહિ. પરિણામે સુધારક વર્ગમાં તેમના વિચાર અને આચાર સામે અનેક પ્રશ્નો ઉત્પન્ન થયા.

રાનડેએ પોતે અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓ પશ્ચિમના સંસ્કારોના અને મુખ્યત્વે ઉદારમતવાદી વિચારસરણીના પ્રશંસક હતા. 19મી સદીમાં ભારતીય સમાજમાં વ્યાપેલ ખળભળાટ

પાછળ મુખ્યત્વે ત્રણ કારણોને જવાબદાર ગણાવ્યાં હતાં. એક કારણ તે પશ્ચિમી શિક્ષણ પ્રથા, બીજું કારણ ખ્રિસ્તી ધર્મ પ્રચારકોની પ્રવૃત્તિ અને ત્રીજું કારણ તે બ્રિટિશ રાજ્યકર્તાઓએ આણેલી કાયદા તથા ન્યાયતંત્રની નૂતન દષ્ટિ. તેઓ પરિવર્તનની વ્યાખ્યાને વિસ્તૃત બનાવે છે. તેમના મતે પરિવર્તન એટલે બંધનમાંથી મુક્તિ, અંધશ્રદ્ધામાંથી સમજપૂર્વકની શ્રદ્ધા, અવ્યવસ્થિત જીવનમાંથી વ્યવસ્થિત જીવન, અસહિષ્ણુતામાંથી સહિષ્ણુતા, અંધનસીબવાદમાંથી માનવ-ભવિષ્યમાં શ્રદ્ધા, આમ, સામાજિક પરિવર્તનની વિશદ અને ગહન પરિભાષા આપે છે. આના પરથી જ કહી શકાય, રાનડે ઉદારમતવાદી વિચારધારાના પરમ ઉજ્જવળ પ્રચારક હતા.

**4.5.2 બાળલગ્નઃ**

રાનડે બાળલગ્નના વિરોધી હતા. રાનડેના મત પ્રમાણે લગ્નની વય કન્યા માટે 12 વર્ષની હોવી જોઈએ. અને છોકરા માટે 18 વર્ષની હોવી જોઈએ. જાતીય સંબંધ માટે તેઓ સ્ત્રીને માટે 16 વર્ષ સૂચવે છે જ્યારે પુરુષને માટે 25 વર્ષનું સૂચન કરે છે.

**4.5.3 વિધવા પુનઃ લગ્નઃ**

વિધવા પુનઃ લગ્ન અંગેના વિચારોને સ્પષ્ટ કરતાં રાનડે જણાવે છે કે, વેદકાલીન સમાજમાં વિધવા પુનઃ લગ્નનો પ્રશ્ન હતો જ નહિ. આ ઉપરાંત સુધારકો જ્યારે પુનઃલગ્નની હિમાયત કરે છે ત્યારે આ એવી સ્ત્રીઓને સ્પર્શે છે કે જે લગ્નવિહીન જીવન ન ગાળી શકતી હોય. તેથી તેમણે એક વખત દલીલમાં કહ્યું હતું કે, પુનઃલગ્નના પ્રચારકોએ એમ કોઈ દિવસ નથી કહ્યું કે, પતિના મૃત્યુ બાદ પત્ની પોતાના મૃત પતિની સ્મૃતિમાં જીવન ન ગાળવું. જે સ્ત્રી આવું ધ્યેયપૂર્ણ જીવન ન ગાળી શકતી હોય. અથવા તો જે બાળા કુમળી વયે વિધવા થઈ હોય અને જેને ખબર પણ નથી કે, પત્નીની ફરજ શું છે ? એવી સ્ત્રી કોઈપણ દિવસ પતિભક્ત ન થઈ શકે. આવી સ્ત્રીઓ માટે પુનઃલગ્ન અનિવાર્ય છે. આવી સ્ત્રીઓને મનુસ્મૃતિમાં જણાવ્યા મુજબ ભક્તિપૂર્ણ જીવન ગાળવાનું કહેવું તે ધર્મનો અને ન્યાયનો ઉપહાસ કરવા જેવો છે. ઈ.સ. 1861માં સ્થપાયેલી વિધવા પુનઃ લગ્નની સંસ્થાના રાનડે સક્રિય કાર્યકર્તા હતા.

**4.5.4 સ્ત્રી-શિક્ષણઃ**

સ્ત્રી શિક્ષણના ક્ષેત્રે રાનડેને તેમના ધર્મપત્ની રમાબાઈ રાનડેનો સાથ મળ્યો. દરેક શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રમાબાઈ સાથે રહેતાં હતાં. સ્ત્રી શિક્ષણનું ક્ષેત્ર રાનડે માટે પ્રિય હતું. ઈ.સ. 1884માં તેમણે પોતે જ કન્યા શાળા સ્થાપી હતી. રાનડેનાં સ્ત્રી શિક્ષણનો પડકાર તે સમયે ખૂબ જ ચકચાર જગાવી ગયેલો.

**4.5.5 ઈન્ડિયન નેશનલ સોશ્યલ કોન્ફરન્સઃ**

ભારતીય સમાજમાં અત્યાર સુધી સતી, ફરજિયાત વૈધવ્ય, બાળલગ્નો, કજોડાં, પરદેશ ગમનની બંધી વગેરેની ચર્ચાઓ થતી હતી. તેની સામે ઉહાપોહ થતો. પણ આ બધું જ વ્યક્તિગત રીતે કે નાના - નાનાં ભૌગોલિક વિસ્તારોના સમૂહમાં જ થતું. સમાજ સુધારાની કોઈ દેશવ્યાપી સંસ્થા ન હતી. તે સમયે કાર્યરત બ્રહ્મો સમાજનું કાર્યક્ષેત્ર માત્ર ધાર્મિક સુધારા અને બંગાળ પુરતુ મર્યાદિત હતું. નેશનલ સોશિયલ કોન્ફરન્સે પહેલીવાર સમાજસુધારાની ચર્ચા રાષ્ટ્રિય ભૂમિકા ઉપર અને સંગઠિત રીતે કરવા માંડી આ પ્રવૃત્તિની અસર સમાજજીવન ઉપર પડી. આ સંસ્થા પાછળના પ્રેરણાબળ પૂરુ પાડવા અને મૂર્તિમંત કર્તાહર્તા રાનડે હતા. ઈ.સ. 1887માં ઈન્ડિયન કોન્ફરન્સની સ્થાપના બાદ બે વર્ષમાં લગભગ 549 સામાજિક કાર્યકર્તાઓએ મદ્યપાન નિષેધ, દહેજ કે પૈઠણનો 'વિરોધ', વિધવા વિવાહની તરફદારી સ્ત્રીશિક્ષણ, બાળલગ્નની બંધી, વગેરે અંગે વ્રતો લીધાં. આ પ્રતિજ્ઞા લેનારાઓમાં રાનડે પણ સામેલ હતા.

**4.5.6 સારાંશઃ**

રાનડેનો ફાળો સમાજ સુધારાના ક્ષેત્રમાં, સ્ત્રીઓના ક્ષેત્રમાં અનન્ય હતો. બ્રિટિશ રાજ્યસભાની ભારત ઉપરની અસરકારકતાનો પરિચય તેમને પૂરેપૂરો હતો. રાનડેને મુખ્ય એક વસ્તુ સમજાઈ હતી કે સમાજ સુધારાને વ્યવસ્થિત બનાવવો હોય, તેમાં ઝડપી ગતિ લાવવી હોય તો રાષ્ટ્રવ્યાપી સંસ્થાની અત્યંત આવશ્યકતા છે. સામાજિક સમસ્યાનો ઉકેલ જે માત્ર સ્થાનિક સ્તર ઉપર થતો હતો તેને રાષ્ટ્રવ્યાપી બનાવવાનો પ્રયાસ કર્યો. રાનડેનું નામ સીધેસીધું કોઈ સામાજિક કાર્ય સાથે સંકળાયેલું નથી. વ્યક્તિગત રીતે પણ વિધવા પુનઃલગ્નના હિમાયતી હતા પરંતુ પોતાના જીવનમાં અમલકર્તા તે બની શકયા ન હતા. તેમ છતાં પણ સામાજિક સુધારામાં તેમનું નામ સુવર્ણ અક્ષરામાં લખાયું. સમાજસુધારા માટે તેમણે ચાર પદ્ધતિની આવશ્યકતા બતાવી.

જ્યાં પ્રજા ભૂતકાળ ઉપર ખૂબ જ અવલંબન રાખતી હોય ત્યાં જૂની પ્રણાલિકાનો ઉલ્લેખ કરીને શાસ્ત્રમાં એ રિવાજ માન્ય છે એવી દલીલો દ્વારા સુધારો કરી શકાય. બીજી પદ્ધતિ વ્યક્તિની યોગ્યતા અને અયોગ્યતાના ખ્યાલને સંબોધીને ગણી શકાય. ત્રીજી પદ્ધતિ કાયદો પસાર કરીને સુધારો લાવવાની છે અને આખરી માર્ગ છે સામાજિક ક્રાંતિનો. તેઓ માનતા કે કોઈપણ સામાજિક સુધારાનો ધ્યેયતો વ્યક્તિના જીવનને મુક્ત કરવાનું અને તેનું જીવન જીવી શકે તેવા સાધનો તેને આપવાનું હોવું જોઈએ.

સામાજિક સુધારણાની પ્રવૃત્તિનો એ એવો સમય હતો કે જ્યારે રાષ્ટ્રવ્યાપી સંસ્થાની ઘણી જ અનિવાર્યતા હતી. મહાદેવ ગોવિંદ રાનડેએ આ જરૂરિયાત પૂર્ણ કરી સમાજસેવાના કાર્યમાં તથા સ્ત્રી ઉત્થાનના કાર્યમાં એક અનેરું પગલું ભર્યું.

## 4.6 ધોંડો કેશવકર્વે (1858 - 1962)

### 4.6.1 પ્રસ્તાવના:

ધોંડો કેશવકર્વેનો જન્મ ઈ.સ. 1858ની સાલમાં થયો હતો. 19મી સદીમાં જન્મેલા કર્વે વીસમી સદીના મધ્યભાગ સુધી પોતાની પ્રવૃત્તિઓ ફેલાવે છે. કર્વેનું પ્રથમ લગ્ન 14 વર્ષની વયે થયું હતું. એમનાં પત્ની 8 વર્ષનાં હતાં. ક્ષયના અસાધ્ય રોગના ભોગ તેમનાં પત્ની સમાજ સુધારક કર્વેએ મૃત્યુ પછી ક્રિયા કરવાની ના પાડી અને પાતાના મુરૂધ નામના ફંડમાં 500 રૂપિયા આપ્યા. ધોંડો કેશવ કર્વે સામાજિક સુધારક તરીકે વિચાર અને આચારના પૂરક બની રહ્યા હતા. તેઓએ વિધવાવિવાહનો પ્રચાર પણ કર્યો અને સાથે સાથે વિધવા સાથે લગ્નસંબંધથી પણ જોડાયા. તેમના સ્ત્રી ઉત્થાનના પ્રયત્નોની ચર્ચા આ પ્રમાણે કરી શકાય.

### 4.6.2 વિધવાની સમસ્યા:

વિધવાના પ્રશ્ન પરત્વે અભિમુખ થવા અંગે તેમના જીવનમાં બનેલ કેટલાક પ્રસંગો મહત્વના હતા. એમના ગામની એક છોકરી હતી. એનાં લગ્ન મોટીવયના પુરુષ જોડે થયાં હતાં. ત્યાર પછી તેના પતિએ તેને ત્યજી દીધી. બીજા પુરૂષે તેના યૌવનને પીંખી નાંખ્યું. આ છોકરીના પિતાને જ્ઞાતિએ ફરજ પાડી કે જો જ્ઞાતિમાં રહેવું હોય તો ગામના મંદિરમાં દીવા માટે એક મણ તેલ પ્રાયશ્ચિત્તરૂપે આપો નહિતો જ્ઞાતિ બહાર રહેવું પડશે. આ પ્રકારની સજા એ ધોંડો કેશવ કર્વે ઉપર વ્યાપક અસર પહોંચાડી અને તેઓ વિધવાના પ્રશ્નોને વધુ ને વધુ ગહનતાથી સમજવા માટે ના પ્રયત્નો કરવા લાગ્યા હતા. વિધવા વિવાહના પ્રશ્નોનો જેમ-જેમ તેઓ ઊંડાણથી અભ્યાસ કરતા ગયા તેમ તેમ સમજાયું કે બધી વિધવાઓ કંઈ લગ્ન સંબંધથી જોડાવાની નથી. તો તેમને રક્ષણ અને આશ્રય આપવાનું કાર્ય અત્યંત અનિવાર્ય બને છે. ઉપરાંત સમાજથી હડધૂત થયેલી આ સ્ત્રીઓને માટે કાયદેસર અને ગેરકાયદેસર બાળકના રક્ષણનો પ્રશ્ન મૂંઝવનારો બને છે. આમ કર્વેના મત પ્રમાણે વિધવા સ્ત્રીનો પ્રશ્ન સર્વાંગી દૃષ્ટિ માગી લે છે. આ જ કારણસર તેમણે ઈ.સ. 1896માં હિન્દુ વિધવાશ્રમની સ્થાપના કરી.

### 4.6.3 સ્ત્રી-શિક્ષણ:

19મી સદીમાં કન્યા કેળવણી એ અણઉકેલાયેલી સમસ્યા હતી. મહર્ષિ કર્વે સ્ત્રી શિક્ષણના ઉપાસક હતા. ઈ.સ. 1916 માં શ્રીમતી નાથીબાઈ દામોદર વિદ્યાપીઠની સ્થાપના કરી. જે કર્વે યૂનિવર્સિટીના નામે વિશ્વવિખ્યાત બની. આ મહાવિશ્વવિદ્યાલયની વિશિષ્ટતાએ છે કે ભારતભરમાં આ એક માત્ર યુનિવર્સિટી સ્ત્રીઓ માટેની છે. આ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ ગૃહિણી, માતા અને નાગરિકના ત્રણેના ફાળા રૂપે સ્ત્રીની જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને ઘડવામાં આવ્યો છે. મહિલા વિશ્વવિદ્યાલયનો અભ્યાસક્રમ ઘડતી વખતે તેમણે જણાવ્યું હતું કે સ્ત્રીઓ માટેનો એવો અભ્યાસક્રમ હોવો જોઈએ કે જેનો આશય માત્ર પરીક્ષા માટે વિદ્યાર્થિનીને તૈયાર ન કરવામાં આવે પરંતુ સારી પત્ની; સુયોગ્ય માતા અને સહકારી પડોશણ બને તેવો હોવો જોઈએ.

આમ, સ્ત્રી કેળવણીની સાથે સાથે તેમણે સંસ્કાર ઊપર પણ ભાર મૂક્યો તથા સમાજની પ્રગતિ માટે સ્ત્રી શિક્ષણ અને આચારપૂર્ણ જીવનની આવશ્યકતાઓનો સ્વીકાર કર્યો. માતાપિતા પોતાની દિકરીઓને શિક્ષણ આપવાની અનિચ્છા દર્શાવતાં હોય કે, જરૂરિયાત સ્વીકારતા ન હોય તે સમયે અલગ સંસ્થાનું અસ્તિત્વ રૂઢિચુસ્તોના પૂર્વગ્રહોને દૂર કરવામાં પ્રેરકબળ બની શકે.

### 4.6.4 નિષ્કામ કર્મ:

સામાજિક સુધારણાની પ્રવૃત્તિમાં એવી વ્યક્તિઓ હોવી જોઈએ કે જે સમાજના કાર્ય માટે પોતાનું જીવનદાન કરે અને એમાં ઓતપ્રોત બની જાય. આશ્રમવાસીઓમાંથી કે મહિલા વિદ્યાલયમાંથી એવી છાત્રાઓ ઊભી થવી જોઈએ કે જે માત્ર પોતાના વ્યક્તિગત આર્થિક લાભને ન જોતાં, સમગ્ર સ્ત્રી ઉદ્ધારની પ્રવૃત્તિમાં પણ ફાળો આપે. કર્વે પોતાની પ્રવૃત્તિઓ 10 - 10ના વર્ષના ગાળામાં વહેંચી દે છે. 18 વર્ષે તેમણે અંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવ્યું હતું. 28મા વર્ષે ફંડની પ્રવૃત્તિ હાથમાં લીધી હતી. પછીનાં 10 વર્ષ પછી હિંદુ વિધવા સંસ્થા સ્થાપી. 48 વર્ષની ઉંમરે મહિલા - વિદ્યાલય સ્થાપ્યું. 58મા વર્ષે વિશ્વ વિદ્યાલય સ્થાપ્યું.

આમ, નિષ્કામ કર્મનો ધ્યેય તેમણે જીવનમાં અપનાવ્યો હતો.

### 4.6.5 સારાંશ:

ભારતીય સ્ત્રીના દરજ્જાના ઉન્નતિના માર્ગો તરફ પ્રયાણ કરવાના પ્રયાસોમાં ધોંડો કેશવ કર્વેનું સ્થાન ચિરકાલીન રહે છે. વિધવા સ્ત્રી તરફથી સમાજની ઘૃણા દૃષ્ટિમાં પરિવર્તન લાવવાનું માન કર્વેને જાય છે. તેમણે પુનઃ લગ્નની તરફેણ કરી. નાના-ગામડામાં પણ સજાના ભય વગર વિધવા પુનઃ લગ્નનો પ્રચાર થઈ શકે છે. આ પરિવર્તનનાં બીજ કર્વેએ રોપ્યાં. કર્વે પોતાને ધૂની માનવીના રૂપે ઓળખાવે છે. તેમના જીવનના એક માત્ર પ્રધાનસૂર સ્ત્રીઓની ઉન્નતિ કરવાનો છે. કર્તવ્યની પૂર્ણાહુતિ રૂપે તેમણે સ્ત્રીઓના વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી અને હજારો સ્ત્રીઓના ઉન્નત ભવિષ્યમાં અંતરાયરૂપ બની રહેલા શિક્ષણવંચિતતાના પ્રવાહને દૂર કરવાના પ્રયાસ કર્યો. સ્ત્રીઓને ઉન્નત ભવિષ્ય આપ્યું. તેનાં બીજ વર્તમાન સમયમાં વટવૃક્ષ બની ગયેલ છે.

## 4.7 પુનરુત્થાનવાદીઓ - સ્વામી વિવેકાનંદ

### 4.7.1 પ્રસ્તાવના:

સ્ત્રીઓના દરજ્જામાં સુધારમાં સામાજિક સુધારણા સાથે પુનરુત્થાનવાદીઓનું પ્રદાન પણ અનન્ય રહેલું છે. જેની ચર્ચા આ પ્રમાણે કરી શકાય.

સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણ પરમહંસના શિષ્ય હતા. સ્વામી વિવેકાનંદે પોતાના ગુરુ પાસેથી મુખ્ય બે સિદ્ધાંતો અપનાવ્યા હતા. એક તો વિચારો અને કાર્યોની સ્વતંત્રતા અને દ્વિતીય આમજનતા માટેની સહાનુભૂતિ. વિવેકાનંદના મતે સમાજમાં મુખ્યત્વે બે દૂષણો પ્રવર્તતાં હતા. એક દૂષણ સ્ત્રીઓનું સમાજમાં પરાધીન સ્થાન અને બીજું દૂષણ તે હિંદુ સમાજમાં અસમાનતા જન્માવતી લોકશાહીના સિદ્ધાંતની વિરુદ્ધ જતી જ્ઞાતિ સંસ્થા. આ પરિબળોને કારણે સમગ્ર સમાજનો વિકાસ રૂંધાયેલો હતો. સ્ત્રીઓનું સમાજમાં નીચું સ્થાન હોવાને કારણે સ્ત્રીઓ દરેક તબક્કે પરાધીનતા અનુભવતી હતી. સ્વામી વિવેકાનંદે સ્ત્રી શિક્ષણની હિમાયત કરી.

### 4.7.2 સ્ત્રી-શિક્ષણ

વિવેકાનંદ સ્ત્રી-શિક્ષણની હિમાયત કરે છે. શિક્ષણની વ્યાખ્યા આપતાં વિવેકાનંદે જણાવ્યું હતુ કે શિક્ષણ નો ધ્યેય શબ્દ - ભંડોળ એકઠું કરવાનો નથી. પરંતુ શક્તિનો વિકાસ છે અથવા એવી યોગ્ય તાલીમ કે જેથી વ્યક્તિ યોગ્ય નિર્ણય પણ લઈ શકે અને કુશળતાથી કાર્ય પણ કરી શકે. શિક્ષણની પરિભાષાને વિવેકાનંદે વિસ્તૃત અર્થ આપ્યો તેઓ શિક્ષણને કારણે સ્ત્રી સ્વાતંત્ર્યના વિકાસને ઝંખતા હતા. તેઓ માનતા હતા કે સ્ત્રી સ્વાતંત્ર્યની ઘટના સ્ત્રીના હૃદયમાં એક પ્રકારની આત્મશ્રધ્ધા જન્માવશે. તેઓ પશ્ચિમી વિકાસ માટે સ્ત્રીઓ પરત્વેની સમાનતાની દૃષ્ટિને જવાબદાર ગણતા હતા પશ્ચિમની સ્ત્રીઓની શિક્ષિત અવસ્થા તથા સાંસ્કારિક ઉચ્ચકક્ષાથી તેઓ પ્રભાવિત હતા. તેથી જ ભારતીય સ્ત્રીનો વિકાસ તેઓ ઈચ્છતા હતા. અને તેના માટે તેમણે સ્ત્રી શિક્ષણની હિમાયત કરી.

### 4.7.3 બાળલગ્ન:

સ્વામી વિવેકાનંદ બાળલગ્નના વિરોધી હતા. સંમતિવયના કાયદાની માગની લડતના સમયે, રૂઢિચુસ્તોએ જ્યારે દલીલ કરી કે લગ્નની વય ઊંચી નક્કી કરવામાં આવશે તો ધર્મ ભયમાં મુકાશે ત્યારે વિવેકાનંદે પ્રતિવાદ કરતાં જણાવ્યું કે "બાર કે તેર વર્ષની વયે છોકરીને માતા બનાવવામાં ક્યો ધર્મ સમાયેલો છે ?" બાળપણમાં લગ્ન થવાને કારણે સ્ત્રીઓ અપક્વ વયે મૃત્યુ પામે છે અથવા તો માંદલાં અને રોગિષ્ટ બાળકોને જન્મ આપે છે. આ પરિસ્થિતિના

નિવારણ રૂપે તેમણે બાળલગ્નનો વિરોધ કર્યો.

### 4.7.4 સ્ત્રીઓની પરિસ્થિતિ:

સ્વામી વિવેકાનંદ દૃઢ પણે માનતા હતા કે સમાજવિરોધી સંસ્થાઓ સ્ત્રીઓના દરજ્જાને નીચે આણવાના હેતુમાંથી જ ઉત્પન્ન થઈ છે. આ સંસ્થાઓ કે રૂઢિઓનો અંત આણવામાં આવશે તો જ સ્ત્રીઓનું સમાજમાં ઊંચુ સ્થાન આણી શકાશે. સ્ત્રીઓને માટે અનિવાર્ય ગુણો તે સ્વતંત્રતા, આત્મનિર્ભરતા તથા નીડરતા ગણવામાં આવે છે. વેદકાલીન સમાજમાં સ્ત્રીઓ સ્વતંત્ર, સમાન, શિક્ષિત હતી અને તેમનો આદર પણ થતો હતો. બૌદ્ધધર્મે સ્ત્રીઓને ધાર્મિક સ્વતંત્રતા અર્પી પરંતુ લિંગભેદ જાળવી સ્ત્રીઓની પરાધીન દશાનાં મંડાણ માંડ્યાં, શિક્ષણનો અસરકારક પ્રચાર થઈ શકે તે માટે વિવેકાનંદે બ્રહ્મચારીઓ તથા બ્રહ્મચારિણીઓનું જૂથ ઊભું કરવાનો નિર્ણય લીધો દુઃખી સ્ત્રીઓ માટેના એક મઠની કલ્પના પણ તેમણે કરી હતી. આ મઠ એક એવું સામાજિક ક્રિયાનું કેન્દ્ર બને કે જેનાથી નાના - નાના કાર્યકરોના વૃન્દો ગામડે - ગામડે જઈ અને શિક્ષણનો પ્રચાર કરે. ભારતીય સ્ત્રીમાં આદર્શ આધ્યાત્મિક જીવનની તત્પરતા, આત્મત્યાગ હોય અને તેમના જીવનનું કાર્ય સેવા. સ્ત્રીઓમાં આ ગુણો સુષુપ્ત રીતે સમાયેલા છે. તે પ્રદીપ્ત કરવા માટે શિક્ષણની જરૂર છે. સ્વામી વિવેકાનંદની દૃઢ માન્યતા હતી કે જ્ઞાનની મશાલ સ્ત્રીઓએ જ લેવી જોઈએ.

### 4.7.5 ઊપસંહાર:

સ્વામી વિવેકાનંદે સ્ત્રીઓ માટેનો જૂનો આદર પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. સ્ત્રીઓની પરાધીન દશાનાં ઐતિહાસિક કારણો તપાસ્યા, સમગ્ર રાષ્ટ્રની ઉન્નતિ બલકે વિશ્વની ઊર્ધ્વગતિમાં ભારતીય નારી શિક્ષણ પ્રાપ્ત કરી ફાળો આપી શકશે એવી એમની દૃઢ માન્યતા હતી. સ્વામી વિવેકાનંદ સ્ત્રીની પ્રવૃત્તિને પ્રધાન સ્થાન આપે છે. તેઓ દૃઢ પણે માનતા હતા કે અન્ય દેશની હરોળમા ભારતનું સ્થાન સ્થાપિત કરવા માટે સ્ત્રીઓની ઉન્નતિ અનિવાર્ય છે.

## 4.8 સ્વામી દયાનંદ સરસ્વતી

### 4.8.1 પ્રસ્તાવના:

સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ મોરબી શહેરમાં થયો હતો. જેમનું મૂળનામ મૂળશંકર હતું. પરંતુ વિશ્વ વિખ્યાત તેઓ દયાનંદ સરસ્વતીના નામે વિશ્વ વિખ્યાત થયા. દયાનંદ સરસ્વતીના જીવનમાં બનેલી કેટલીક ઘટનાઓ એ તેમને સમાજસુધારક તરફ લઈ ગઈ. તેમના મનમાં કેટલાંક પ્રશ્ન ઉદ્ભવ્યા હતા જેમનો જવાબ વેદો પાસે કે વિદ્વાનો પાસે ન હતો. પાંચ વર્ષની ઉંમરથી તેઓ વેદોનો અભ્યાસ કરતા હતા. 15 વર્ષની ઉંમરે શિવરાત્રિની રાત્રિએ શિવલિંગ ઉપર એક ઉંદરને રમતો જોયો અને એ પણ જોયું કે શિવલિંગના દેવ કશું જ કરી શકતા નથી. એક નાનકડા ઉંદર સામે શિવલિંગના દેવની અસમર્થતા જોઈને તેમને મૂર્તિપૂજા અંગેના અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા. મૂર્તિ પોતે પોતાનું રક્ષણ નથી કરી શકતી તો બીજાનું રક્ષણ કેવી રીતે કરી શકે ? આવા અનેક ચિંતનાત્મક પ્રશ્નોમાંથી મૂર્તિપૂજા નાં વિરોધનાં બીજ રોપાયાં. આમ, એમ પણ કહી શકાય કે શિવરાત્રિની રાત્રિ તેમના માટે જ્ઞાનરાત્રિ બની.

મૂળશંકરે પોતાથી નાનકડી વહાલસોયી બેનને મૃત્યુને ભેટતા જોઈ અને તેમને મૃત્યુ અંગેના પ્રશ્નો ઉત્પન્ન થયા. આ પ્રશ્નોએ તેમને મૃત્યુની અગમ્યતા તરફ દોર્યા. અનેક ઉદ્ભવેલા પ્રશ્નોના ઉત્તરો શોધવા માટે ઈ.સ. 1845માં તેમણે ગૃહત્યાગ કર્યો. ઈ.સ. 1845 થી 1860 સુધીમાં સમગ્ર ભારતમાં ગુરૂની શોધમાં ઘૂમ્યા. છેવટે, એક અંધ ગુરુ તેમને મળ્યા. આ ગુરુએ ગુરુદક્ષિણામાં સત્યના પ્રગટીકરણમાંજ સમગ્ર જીવન ન્યોછાવર કરશે તથા પ્રચલિત પુરાણધર્મના જૂઠાણાની સામે અવિરત યુદ્ધ ખેલશે તેવી માગણી કરી. બુદ્ધનાં પુરોગામી સમયમાં જે શિક્ષણની પધ્ધતિ હતી તેની પુનઃસ્થાપના કરશે તેવી પ્રતિજ્ઞાઓ લેવડાવી. આ પ્રતિજ્ઞાને પૂર્ણ કરવામાં જ દયાનંદે સમગ્ર જીવન વ્યતીત કર્યું. સામાજિક પરિવર્તન તથા સ્ત્રી-ઉત્થાનની પ્રવૃત્તિ એક નવી દિશા મળી. દયાનંદ સરસ્વતી સંસ્કૃતમાં પ્રચાર કરતા. સંસ્કૃતભાષા માત્ર બ્રાહ્મણો પુરતી મર્યાદિત હતી. પરિણામે તેમનો પ્રચાર અસરકારક રહેતો નહી. દેવેન્દ્રનાથ તથા કેશવચંદ્ર સેનના પરિચયમાં આવ્યા. ત્યારબાદ ગુજરાતી અને હિન્દીભાષામાં પ્રચારકાર્ય આરંભ્યું. એમ માતૃભાષામાં પ્રચાર કાર્ય કરવાને કારણે તે વધુને વધુ લોકભોગ્ય બન્યુ. ઈ.સ. 1875માં મુંબઈ આર્યસમાજની સ્થાપના કરી.

#### 4.8.2 દયાનંદ સરસ્વતીની તત્ત્વધારાઃ

દયાનંદ સરસ્વતી હિંદુસમાજની અવગતિનું કારણ સામાજિક ગતિશીલતાના અભાવમાં તથા ધાર્મિક વિધિઓ, ક્રિયાઓ અને રિવાજોમાં જોતા હતા. ભારતીય સ્ત્રીનો દરજ્જો પણ ઊતરતો ગયો હતો. હિંદુઓના સામાજિક તેમજ નૈતિક અધઃપતનનું પ્રધાન કારણ એ હતું કે તેઓ વૈદિક જીવન પ્રણાલીથી વિમુખ બનતા હતા. દયાનંદે ઈશ્વર અને માનવ કે ભક્ત વચ્ચેના 'મધ્યસ્થ' નો વિરોધ કર્યો. તેઓ દૃઢપણે માનતા હતા કે ઈશ્વરનું સાન્નિધ્ય સીધે સીધું અને સમાન કક્ષામાં મેળવવાનો પ્રત્યેક માનવીનો હક છે. આથી ભક્ત અને પ્રભુની વચ્ચે કોઈપણ આવે તો તેને દૂર કરવો જોઈએ. આમ, તેમણે બ્રાહ્મણવર્ગની સર્વોચ્ચતા ઉપર ઘા કર્યો. સમાજમાં વ્યક્તિના સ્થાનનો આધાર જન્મ નહિ પરંતુ બુદ્ધિ અને નૈતિક ગુણ ઉપર રહેવો જોઈએ. સમાજમાં પ્રવર્તતી જ્ઞાતિ આધારિત ઉચ્ચનીચની કોટિક્રમિકતા તથા બ્રાહ્મણના ઈજારા ઉપર તેમણે પ્રહાર કર્યો. આ સમયગાળા દરમ્યાન સ્ત્રીઓની પરાધીનતાની પરિસ્થિતિ અંગે પણ દયાનંદ સરસ્વતીએ ગંભીરતાથી વિચાર્યું.

#### 4.8.3 સ્ત્રીશિક્ષણઃ

વેદકાલીન સમયમાં સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર પ્રાપ્ત હતો, પરંતુ ત્યારપછીના સમયમાં સ્ત્રીઓ પાસેનો આ અધિકાર છીનવાઈ ગયો હતો. દયાનંદ સરસ્વતીએ આ અધિકાર પુનઃ આપવાનો નિર્ણય કર્યો. ઉપનયન સંસ્કાર સ્ત્રીઓને પુનઃ પ્રાપ્ત થાય તો સ્ત્રીને સાહજિક રીતે જ વારસાની અધિકારિણી બની શકે તથા લગ્નવય પણ ઊંચી લઈ જઈ શકાય. આમ બેવડા પરિમાણોની દૃષ્ટિથી જોતા સ્વામી દયાનંદ સરસ્વતીએ સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર પુનઃપ્રાપ્ત કરવાની બાબતનો સ્વીકાર કર્યો.

સ્વામીએ 16 વર્ષની વયને લગ્ન માટે યોગ્ય ઠેરવી. આ 16 વર્ષ દરમ્યાન સ્ત્રી શિક્ષણ પણ મેળવી શકે તે મૂળભૂત વિચાર તેની પાછળ કાર્યરત હતો. દયાનંદે શિક્ષણની પરિભાષાને વિસ્તૃતી આપી છે. તેમના મતે શિક્ષણનું ધ્યેય એવું હોવું જોઈએ કે જેથી સ્ત્રી બહારના તેમ જ ઘરના બન્ને કામ માટે લાયક બને એટલે કે જાગૃત વ્યક્તિનું ઘડતર થાય. દયાનંદ સરસ્વતીએ સ્ત્રીના બૌદ્ધિક વિકાસની સાથે શારીરિક વિકાસને પણ પ્રાધાન્ય આપ્યું છે. તેઓએ શારીરિક વિકાસની તાલીમ ઉપર પણ ભાર મૂક્યો હતો.

#### 4.8.4 લગ્નઃ

સ્વામી દયાનંદ સરસ્વતી લગ્નને એક પવિત્ર બંધન, પવિત્ર સંસ્કાર તરીકે સ્વીકારતા હતા, એટલે એનો વિચ્છેદ ન થઈ શકે પરંતુ લગ્નમાં તેમણે સ્વપસં ગી કે અભિપ્રાયની અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારની બાબતની પણ ચર્ચા કરી હતી. 16 થી 24 વર્ષની વય કન્યા માટે તથા 24 થી 48 વર્ષની વય પુરુષ માટે યોગ્ય લગ્નની વય ગણવામાં આવી.

#### 4.8.5 વિધવા સ્ત્રીઃ

સ્વામી દયાનંદ સરસ્વતી વેદકાલીન સમાજવ્યવસ્થાનું પુનઃ સ્થાપન કરવા માગતા હતા. તેથી તેઓ સંપૂર્ણપણે વિધવા વિવાહની તરફેણ કરતા ન હતા. જો કે તેઓ વિધવાઓને ભોગવવી પડતી યાતનાઓથી અત્યંત વ્યથિત પણ હતા. યાતનામયી પરિસ્થિતિના નિવારણ માટે તેમણે વિધવાશ્રમો સ્થાપવાનો પ્રયાસ કર્યો. આ ઉપરાંત સંતાન પ્રાપ્તિ માટે નિયોગનો સંબંધ પણ માન્ય રાખ્યો હતો.

#### 4.8.6 આર્યસમાજઃ

આર્યસમાજ એ દયાનંદ સરસ્વતીના વિચારોને મૂર્તિમંત કરનારું તથા સ્વપ્નિલ વિચારોને કાર્યાન્વિત કરવાનું કેન્દ્રસ્થાન છે. આર્યસમાજ તથા દયાનંદ સરસ્વતીને અલગ તરીકે સમજી શકાય નહીં. આર્યસમાજની સંસ્થા એ દયાનંદ સરસ્વતીના જીવનનું અભિન્ન અંગ રહ્યું છે. આર્યસમાજે, જે હિંદુઓએ પરધર્મનો સ્વીકાર કર્યો હોય તેમને શુદ્ધિ દ્વારા હિન્દુધર્મમાં સમાવવા પ્રયાસ કર્યો.

બ્રહ્મો સમાજના નેતાઓની તુલનામાં આર્યસમાજના નેતાઓની ભારતના ઈતિહાસપટ ઉપર જુદી જ અસર પડે છે. બ્રહ્મોસમાજના નેતાઓ સમાજના ઉત્થાન માટે કે સામાજિક પરિવર્તન માટે પશ્ચિમી અસરને આદર્શ તરીકે સ્વીકારે છે. પશ્ચિમની ઢબ, પશ્ચિમી અસરને આદર્શ તરીકે સ્વીકારે છે. પશ્ચિમની ઢબ, પશ્ચિમના સંસ્કાર અને પશ્ચિમના વિચારોને અપનાવવાની

તરફેણ કરતાં હતા, જ્યારે આર્યસમાજના નેતાઓ વેદકાલીન પરિસ્થિતિની તરફેણ કરતા હતા. જ્યારે આર્યસમાજના નેતાઓ વેદકાલીન પરિસ્થિતિને પુનઃસ્થાપન કરવામાં માનતા હતા. આર્યસમાજ પ્રજાને ભારતના ભવ્ય ભૂતકાળ તરફ અભિમુખ કરે છે અને ભારતની જનતામાં અનન્ય વિશ્વાસ તથા આત્મનિર્ણય જન્માવવા પ્રયાસ કરે છે. જ્યારે બ્રહ્મોસમાજ પરદેશી સંસ્કૃતિ પ્રત્યેના 'અહોભાવનું' પરિણામ છે. આર્યસમાજ નિઃશંક અને જાહેર રીતે ખ્રિસ્તીધર્મની વિરૂદ્ધ હતો. જ્યારે આર્યસમાજના કાર્યકર્તાઓએ કદી રાજ્યકર્તાઓ પાસે હાથ લંબાવ્યો નથી.

### 4.8.7 સારાંશ :

સ્વામી દયાનંદ સરસ્વતી સમાજના ઉત્થાન, પ્રગતિ કે વિકાસ માટે વેદકાલીન સમાજ વ્યવસ્થાની પુનઃસ્થાપનાના હિમાયતી હતા. આર્યસમાજની સંસ્થાના સ્થાપન દ્વારા તેમણે પોતાના વિચારોને અમલમાં મૂક્યા હતા. આર્યસમાજ સંસ્થાની સ્થાપના દ્વારા તેમણે પોતાના વિચારોને અમલમાં મૂક્યા હતા. તેઓ વિધવા પુનઃલગ્નના હિમાયતી ન હતા, પરંતુ વિધવા પર ગુજારતા અમાનુષી અત્યાચારના નિવારણ માટે વિધવાશ્રમોની સ્થાપના ઈચ્છતા હતા. આર્યસમાજે પશ્ચિમના અંધ અનુકરણના પ્રવાહને રોકવા પ્રયાસ કર્યો. તેમની રાષ્ટ્રીયતા ધર્મઅંકિત હતી. વેદધર્મને તેઓ આદર્શ માનતા હતા અને વર્ણનો સ્વીકાર કરતા હતા. વેદધર્મને તેઓ આદર્શ માનતા હતા અને વર્ણનો સ્વીકાર કરતા હતા. સ્ત્રી ઉન્નતિ અંગે પણ સતત ચિંતન કરતા હતા. સ્ત્રી-ઉન્નતિ સાથે પણ દયાનંદ સરસ્વતીનું નામ સંકળાયેલું હતું.

## 4.9 શ્રીમતી એની બેસન્ટ

### 4.9.1 પ્રસ્તાવના:

શ્રીમતી એની બેસન્ટ પ્રથમ સ્ત્રી કાર્યકર્તાના રૂપમાં ઈતિહાસમાં સુવર્ણ સ્થાને બિરાજમાન છે. એ એવી પ્રતિભાશાળી વ્યક્તિ હતી કે જેમણે ભારતના ભવ્યભૂતકાળની પ્રશંસા કરી. ભારત જેવો સંસ્કારસમ્રાટ દેશ બીજો કોઈ નથી તે જાહેર પણ કર્યું. એની બેસન્ટ ભવ્ય સંસ્કૃતિના પ્રશંસક હતાં. તેમનો જન્મ ઈ.સ. 1847માં થયો તથા પાદરી સાથે લગ્ન થયું હતું. ઈશ્વરમાં શ્રદ્ધા ગુમાવવાને કારણે લગ્ન છૂટા છેડામાં પરિણમ્યું. શ્રીમતી એની બેસન્ટનું જીવન એટલે નાસ્તિકતાવાદ તરફથી સમાજવાદ અને છેવટે આધ્યાત્મિક વિચારસરણીમાં વિલીનતા તરીકેની યાત્રા તરીકે જોવું પડે. ચાર્લ્સ બ્રેડલોના સંપર્કને કારણે સંતતિનિયમનનો પ્રચાર સમાજનો ખોફ વહોરવા માટે પૂરતો હતો. એની બેસન્ટે સમાજના આ ખેડૂને વહોરીને તેમણે સ્ત્રીશક્તિનો પરિચય આપ્યો. ફેબિયન વિચારસરણીના સંપર્કને પરિણામે તેઓ સમાજવાદી વિચારોથી પણ રંગાયાં. માદામ બ્લેવેટ્સ્કીના સંપર્કમાં આવવાથી તે થિયોસોફી તરફ વળ્યા. આજીવન તેઓ થિયોસોફીના સમર્થક બન્યાં ઈ.સ. 1898માં બનારસમાં સેન્ટ્રલ હિંદુ સ્કૂલ શરૂ કરી. જેનો આદર્શ હિંદુત્વનો ખ્યાલ આપવો એ રાખ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ભારતના રાજકારણમાં 'હોમરૂલ' લડતનાં નેતા બન્યાં. એની બેસન્ટનું સ્ત્રી ઉત્થાનની પ્રવૃત્તિમાં પ્રદાન અનન્ય છે. જેના વિવિધ મુદ્દાસર સમજવું પડે.

### 4.9.2 બાળલગ્ન:

એનીબિસન્ટ બાળલગ્નના વિરોધી હતાં. તેઓ લગ્નવય ઊંચી લઈ જવાનાં હિમાયતી હતાં. જો કે આના માટે તેઓ પશ્ચિમી સમાજના વિકાસને ધ્યાનમાં લેતાં નથી. તેઓ ભારતના રાષ્ટ્રના ઘડતર માટે લગ્નવય ઊંચી લઈ જવાની બાબતને અનુમોદન આપે છે. તેઓ કહે છે કે, 'ભારતને અગત્યના રાષ્ટ્રના રૂપમાં પોતાનુ સ્થાન જાળવવું હોય તો બાળલગ્નની પ્રથાનો અંત આણવો જ જોઈએ. મારું એટલું તો જરૂર માનવું છે કે રાષ્ટ્ર તરીકે ભારતના ભવિષ્યનો આધાર બાળલગ્નની પૂર્ણાહૂતિમાં રહ્યો છે. જ્યાં સુધી બાળલગ્ન રહેશે ત્યાં સુધી કેટલાંક અનિવાર્ય પરિણામો ઉત્પન્ન થવાનાં જ. જેવાં કે શક્તિમાં ઘટાડો, જ્ઞાનતંતુના રોગોનો ફેલાવો, અકાળે વૃદ્ધત્વ. ભારતમાં હાલ પણ આ પરિણામો સ્વાસ્થ્ય તથા શારીરિક તંદુરસ્તીમાં તમે જોઈ શકો છો. જે ઘટના ભારતને અન્ય દેશોની હરોળમાં ઊભા રહેવામાં અંતરાય રૂપ બને છે." બાળલગ્નના અસરકારક વિરોધ માટે તેમણે પરિણીત છોકરાઓને શાળામાં પ્રવેશ ન આપવો જોઈએ તેવી રજૂઆત પણ કરી હતી. સંમતિવય વધારવાના કાયદાનું પણ એની બેસન્ટે સમર્થન કર્યું હતું. સ્ત્રી ઉન્નતિ માટે તે વેદકાલીન વિચારસરણીનાં સમર્થક હતાં.

### 4.9.3 સ્ત્રીશિક્ષણ:

એની બેસન્ટે સમગ્ર રીતે સ્ત્રી ઉત્થાનને રાષ્ટ્રના વિકાસના સંદર્ભમાં જોયું છે. તેઓ દઢપણે માનતાં હતાં કે રાષ્ટ્રની સમસ્યાઓના ઉકેલનો આધાર સ્ત્રીવર્ગના શિક્ષણમાં રહેલો છે. કોઈપણ દેશનો પ્રશ્ન કે સમસ્યા જેમાં પુરુષવર્ગ રસ ધરાવતો હોય તેમાં સ્ત્રીઓની સમજશક્તિની પણ તેટલી જ આવશ્યકતા છે. એની બેસન્ટ સ્ત્રી શિક્ષણની જરૂરિયાતને સમજાવતાં જણાવે છે કે," સ્ત્રીઓને શિક્ષણ આપ્યા વગર, તમે ભારતને ગમે તેટલું રાષ્ટ્રના રૂપમાં તૈયાર કરવા મથશો, પરંતુ પરિણામ તો પેલા પક્ષી જેવું આવશે કે જે આકાશમાં ઊંચે ઉડ્ડયન કરવા ઝંખે છે, પરંતુ એની એક પાંખ તો તૂટી ગઈ છે."

એની બેસન્ટ સ્ત્રી શિક્ષણનો સમાજના નવનિર્માણ માટેની એક આવશ્યકતાના સંદર્ભમાં સ્વીકાર કરતાં હતાં. શિક્ષણની રાષ્ટ્રીયતાના સંદર્ભમાં ચર્ચા કરતાં વિસ્તૃત પરિભાષામાં મૂકે છે. જે શિક્ષણ રાષ્ટ્રીય ભાવનાને જાગૃત ન કરી શકે, જે નાગરિકોના હૃદયમાંથી રાષ્ટ્રીયતાની લાગણીનો ધ્વંસ કરે તે શિક્ષણને તિરસ્કારને પાત્ર ગણતાં. સમાજની આવશ્યકતા પ્રમાણે સ્ત્રીઓને શિક્ષણ અપાવવું જોઈએ. તેવી એક નવીન બાબત પણ સમાજ સામે મૂકી હતી. એટલે કે વિધવા સ્ત્રીને વિધવાશ્રમોની અંદર એવી વિશિષ્ટ તાલીમ અપાવવી જોઈએ કે જેથી તે શિક્ષિકા, નર્સ કે ડોક્ટર બનીને પોતાની આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે. આમ, એની બેસન્ટ સૌ પ્રથમ એવાં સુધારક હતાં કે જેમણે સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતાને સમર્થન આપ્યું. સાથે સાથે તેમને માટે વ્યાવસાયિક બાબતોનો પણ સ્વીકાર કરનાર એનીબેસન્ટ સૌ પ્રથમ સ્ત્રી સુધારક હતા. આ સાથે તેમણે એ બાબતની પણ સ્પષ્ટતા કરી હતી કે સ્ત્રીને ધર્મ, નીતિ, કલા, સાહિત્ય અને વિજ્ઞાનનું શિક્ષણ આપવું જોઈએ, પરંતુ જે સ્ત્રીને કોઈ ચોક્કસ વ્યવસાય કરવાની જરૂર નથી તેને વ્યવસાયિક તાલીમ આપવાની જરૂર નથી.

સ્ત્રી શિક્ષણનો એક નવીન દૃષ્ટિકોણ રજૂ થયો હતો. આવશ્યકતા પ્રમાણેનું શિક્ષણ સ્ત્રીને મળવું જોઈએ કે જે શિક્ષણની ઉપયોગિતા સિધ્ધ થઈ શકે. આમ એમ કહી શકાય કે અમલીકૃત તાલીમ તથા વ્યાવસાયિક ઉપયોગિતાનો સ્વીકાર થયો.

### 4.9.4 વિધવા પુનઃલગ્નઃ

એનીબેસન્ટે જેમ શિક્ષણની આવશ્યકતા તથા ઉપયોગિતા માટે મુખ્યત્વે સ્ત્રીને શિક્ષણ આપવાની બાબતના સમર્થક હતાં. તેવી જ રીતે તેઓ વિધવા પુનઃલગ્નનાં પણ સમર્થક હતાં. પરંતુ, જે સ્ત્રી મોટી ઉંમરે વિધવા થઈ છે તેને માટે પુનર્લગ્નનો માર્ગ ખરેખર એક ગુનાહિત પ્રવૃત્તિ છે, એક પ્રકારનો વ્યભિચાર છે. આવા સંજોગોમાં લગ્ન એક બજારુ કરાર બની જાય છે. આમ પશ્ચિમી કેળવણી પામેલાં, પશ્ચિમમાં જન્મેલાં એની બેસન્ટ લગ્ન અંગે ઉમદા તથા પ્રશંસનીય વિચારસરણી ધરાવતાં હતાં.

### 4.9.5 સારાંશ:

ભારતના નવનિર્માણમાં તથા કલ્યાણકારી સર્જનમાં એની બેસન્ટનું પ્રદાન અનન્ય છે. તેમણે તત્કાલીન ભારતમાં પ્રચલિત એવા બધાજ વિષયો ઉપર પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે. "થિયોસોફિકલ સોસાયટી" ની સંસ્થા દ્વારા સ્ત્રીઓને નવા ભૌતિક તેમજ બૌદ્ધિક અંતરાયોને દૂર કરવા પ્રયાસ કર્યો. સ્ત્રીની વ્યાવસાયિક ભૂમિકા આર્થિક સ્વતંત્રતાનો સ્વીકાર કરનાર સૌ પ્રથમ સમર્થક હતાં.

રાજા રામમોહનરોયથી શરૂ કરીને અનેક સમાજસુધારકોના સ્ત્રી ઉન્નતિનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વિવિધ પ્રકારના ફાળાનો અભ્યાસ કર્યો. વિવિધ કાળ દરમ્યાન સ્ત્રીઓના દરજ્જામાં પરિવર્તન કે સુધાર લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેના પરિણામ સ્વરૂપ આજે એકવીસમી સદીમાં સ્ત્રીઓ પોતે પોતાના હક્કો માટે નીડરતાપૂર્વક માગણી કરવાને સમર્થ બની છે. રાજા રામમોહનરોયે સ્ત્રીઓની ઉન્નતિ માટેના પ્રયાસોના શ્રીગણેશ માંડ્યા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર વિધવા પુનર્લગ્નના પ્રથમ પ્રચારક બને છે. દયાનંદ સરસ્વતી વેદકાલની સ્વતંત્ર તથા સમાન સમાજરચના સ્થાપવાના ઝુંબેશધારી બને છે. તેઓ શિક્ષણના ક્ષેત્રમાં વિશિષ્ટ હેતુપૂર્વકના અભ્યાસક્રમની રેખા દોરે છે. જ્યારે એની બેસન્ટ પ્રજાના હૃદયમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરે છે. સમાજસુધારકની પ્રવૃત્તિઓ જે વ્યક્તિગત પાયા ઉપર હતી તેને મહાદેવ ગોવિંદ રાનડે, વ્યવસ્થિત અને સંગઠિત કરી રાષ્ટ્રીય સ્તર ઉપર મૂકવા પ્રયાસ કરે છે. મહર્ષિ કર્વેએ મહિલા વિશ્વવિદ્યાલયની સ્થાપના દ્વારા સ્ત્રીશિક્ષણની મહત્તા વધારી દીધી.

વેદકાલીન સમાજથી તે અઢારમી સદીના અંત સુધી સ્ત્રીઓ પ્રત્યેની જે દૃષ્ટિ હતી તેમાં આ સમય દરમ્યાન મોટું પરિવર્તન આવે છે. સ્ત્રીને એક વ્યક્તિરૂપે જોવામાં આવે છે. એના કાર્ય અંગે મતભેદ હોઈ શકે, સમાજમાં સ્ત્રી ઉચ્ચ સ્થાનની અધિકારિણી છે એ વિચાર પણ ઓગણીસમી સદીમાં પરિવર્તનની લાક્ષણિકતા છે. રાજા રામમોહનરોયે સતી સામેનો વિરોધ કે કુલીનપ્રથા તરફનો રોષ, વિદ્યાસાગર, મલબારી કે નર્મદની વિધવા વિવાહ માટેની માગણી, દયાનંદ સરસ્વતી, રાનડે તથા કર્વેની સ્ત્રીઓને માટે શિક્ષણનાં દ્વાર સમાન રીતે ખોલવા માટેની લડત, સ્ત્રીઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક હક્કો માટેની સંસ્થાકીય પ્રવૃત્તિઓ, સમાજની સ્ત્રી તરફ પૂર્વગ્રહ યુક્ત દૃષ્ટિ હતી તેને પક્ષપાતરહિત બનાવવાની તથા સ્ત્રીઓના ઉચ્ચ સ્થાન માટે સજાગ પ્રયાસો કરવાના હેતુથી રંગાઈ હતી.

સમાજમાં પરિવર્તન તથા નવનિર્માણ માટે વિવિધ સમાજસુધારકોએ પોતાની સૂઝસમજ તથા આવશ્યકતા પ્રમાણે અનેક સંસ્થાની સ્થાપના કરી ઈ.સ. 1932માં બ્રહ્મોસમાજની સ્થાપના થઈ અને ત્યારબાદ અનેક સંસ્થાઓની હારમાળા ચાલવા માંડી. ઈ.સ. 1848માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થપાઈ. ઈ.સ. 1875માં આર્યસમાજની સ્થાપના થઈ. ઈ.સ. 1887માં ઈન્ડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સની સ્થાપના કરવામાં આવી. આમ એક પછી એક સંસ્થાઓ સ્થપાતી ગઈ. પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સ્ત્રીઓના સ્થાનને ઉન્નત બનાવવાનો કે એમના વિકાસમાં નડતાં બંધનો તોડવાનો પ્રયાસ કરવા માંડી.

એક બાબતની સ્પષ્ટતા એ પણ કરવી રહી કે સમાજસુધારકો તથા પુનરુત્થાનવાદીઓનું ધ્યાન માત્ર ઉપલા વર્ગની સ્ત્રીઓ પરત્વે જ કેન્દ્રિત થયું હતું એ હકીકત નોંધવા જેવી છે. આનું કારણ એ પણ હોઈ શકે કે મોટાભાગના સામાજિક સુધારકો તથા પુનરુત્થાનવાદીઓ ઉપલા સ્તરના પ્રતિનિધિઓ હતા. આ ઉપરાંત સુધારકોનું ધ્યાન કેટલાંક સામાજિક દૂષણો પ્રત્યે જ કેન્દ્રિત થતું હતું. સમગ્રલક્ષીતાની મર્યાદા રહી ગયેલ છે.

ટૂંકમાં, એમ કહી શકાય કે વૈદિકયુગથી માંડીને બ્રિટિશ યુગ સુધી અને સમાજસુધારકોમાં, સુધારાવાદીઓ તથા પુનરુત્થાનવાદીઓના સમગ્ર સ્ત્રીના દરજ્જા તપાસતા આ સમયગાળા દરમ્યાન સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આણવાની અનિવાર્યતા ઉપર માનસ કેળવવાની પૂર્વ તૈયારી થઈ ગઈ અને બ્રિટિશ શાસન પછી એક નવા જ યુગનાં મંડાણ થયાં.

# એકમ 5 રાષ્ટ્રીય લડત અને સ્ત્રીનો દરજ્જો

5.1 પ્રસ્તાવના
5.2 ઉદારમતવાદી વિચારસરણીનું પ્રાધાન્ય
5.3 ઉદારમતવાદી તબક્કો
5.4 મહાત્મા ગાંધીજીનાં સ્ત્રીઓ અંગેનાં ખ્યાલો
5.4.1 બાળલગ્ન
5.4.2 વિધવા પુનર્લગ્ન
5.4.3 દેવદાસી
5.4.4 પડદા પ્રથા
5.4.5 સ્ત્રીશિક્ષણ
5.4.6 સ્ત્રીઓ અને રાજકારણ
5.4.7 સ્ત્રીવિષયક દૃષ્ટિકોણ
5.4.8 સારાંશ

## 5.1 પ્રસ્તાવના:

સમાજ સુધારાની લડતનાં મંડાણ ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં થયાં હતાં. ભારતવાસીઓના હૃદયમાં રાષ્ટ્રીયતાના ભાવો જાગૃત થયા અને રાષ્ટ્રના વિકાસાર્થે રાજકીય સત્તાની મહત્તા પણ ધીમે ધીમે સમજાતી ગઈ. નવા શિક્ષિત વર્ગે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો. અંગ્રેજી સાહિત્યે ઇટાલિયન, આઈરીશ તથા અમેરિકન રાજકીય ક્રાંતિને તેમને પરિચય કરાવ્યો. બ્રિટિશ રાજ્યકર્તા પ્રત્યે જે આભારવશ તથા માનની દૃષ્ટિ હતી તેમાં પણ પલટો આવ્યો. બ્રિટિશ શાહીવાદની પક્ષપાતભરી નીતિના ભારતવાસીઓ ભોગ બન્યા હતા તે સામે વિરોધ ઊઠવા માંડ્યો. બ્રિટિશ અમલે ઉપજાવેલી રાજકીય શાંતિ પણ પ્રજાને આકરી લાગવા માંડી. અંગ્રેજોની આર્થિક શોષણનીતિએ પણ ભારતવાસીઓના મનમાં અસંતોષ ઉત્પન્ન કર્યો. બ્રિટિશ સત્તાને ઉખેડી નાંખવા માટે ઇ.સ. 1857માં પહેલો બળવો થયો. આ બળવાનો દોર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો હતો. એક વિરાટકાય, શાસન સામેની લડતની શરૂઆત એક સ્ત્રી દ્વારા થઈ તે એક વિરલ અને નોંધપાત્ર ઘટના ગણાવી શકાય. 1857ના બળવા પછી ભારતમાં ઉદારમતવાદી રાજકીય વિચારસરણીયુક્ત શિક્ષિતવર્ગ ઊભો થયો. પૂનામાં સાર્વજનિક સત્તા તથા સભા તથા બંગાળમાં 'ઇન્ડિયન એસોસિયેશન' નામની બે સંસ્થાઓ સ્થપાઈ. રાષ્ટ્રીય લડતની અસર સ્ત્રીઓની લડતને વિવિધરૂપે સ્પર્શે છે. તેથી તેની ચર્ચા કરવી અનિવાર્ય રહેશે.

## 5.2 ઉદારમતવાદી વિચારસરણીનું પ્રાધાન્ય

બિનસરકારી ઉદારમતવાદી અંગ્રેજ એ. ઓ. હ્યુમની મદદથી ઇ.સ. 1885માં શિક્ષિત પ્રતિનિધિઓએ કૉંગ્રેસની સ્થાપના કરી. કૉંગ્રેસના નેતાઓ પ્રામાણિકતાથી માનતા હતા કે બ્રિટને ભારતમાં શિક્ષણનો પ્રચાર કરી એક બહુ મોટી ફરજ અદા કરી છે. ઇ.સ. 1887માં સામાજિક પ્રશ્નોની વિચારણા માટે ઇન્ડિયન નેશનલ સોશિયલ કાન્ફરન્સ સ્થપાઈ. ભારતના રાજકીય તથા સામાજિક પ્રશ્નોની છણાવટ એક જ સ્થળે થતી. પરંતુ બાળગંગાધર ટિળકના આગમનને કારણે રાજકીય સુધારણાને વધારે પ્રાધાન્ય મળ્યું. આ ઉપરાંત સંમતિ વય અંગે કાયદો કરવાની જ્યારે સુધારકવર્ગ જોરશોરથી માંગણી કરી રહ્યો હતો ત્યારે ટિળક તેના વિરોધી બન્યા. સંમતિ વયના કાયદા અંગે તેમનો અભિપ્રાય હતો કે સામાજિક રિવાજમાં પરિવર્તન ઉપરથી લાદવામાં ન આવવું જોઈએ. પરિવર્તન સમાજની માંગ બનવું જોઈએ તો જ અસરકારક પરિવર્તન થઈ શકે. આમ, તીવ્ર સંઘર્ષ ઉદ્ભવ્યો. પરિણામે બે સંસ્થાઓ વિભાજિત થઈ. આનો ઉલ્લેખ કરવાનું મૂળ કારણ એ છે કે શરૂઆતમાં કૉંગ્રેસ સમાજસુધારણા એટલે કુદરતી રીતે સ્ત્રીઓના પ્રશ્નો તરફ અભિમુખ ન હતી. રાજકીય સુધારણાને અગ્રિમતા હતી સ્ત્રીઓના પ્રશ્નોને પ્રાધાન્ય આપતા ન

હતા. પરંતુ રાષ્ટ્રીય કોંગ્રેસના સંસ્થાપક એ. ઓ. હ્યુમે સ્ત્રીઓના પ્રશ્નોની પ્રધાનતા અંગે કહ્યું હતું કે, "કાર્યકર્તાઓએ પછી ભલે તેઓ ગમે તે રાજકીય મત ધરાવતા હોય, એટલું તો યાદ રાખવું જ જોઈશે કે રાષ્ટ્રમાં સ્ત્રી જાતિની ઉન્નતિ રાષ્ટ્રની ઉન્નતિની સમાન કક્ષાએ નહીં થતી જાય તો રાજકીય મતાધિકાર માટેની બધી જ મહેનત વ્યર્થ જશે."

આ ચર્ચા એ બાબતની સાબિતી પૂરી પાડે છે કે સ્વાતંત્ર્યની લડતની શરૂઆતના તબક્કામાં સ્ત્રીઓના પ્રશ્નો તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવ્યું હતું.

## 5.3 ઉદારમતવાદી તબક્કો

ઇ.સ. 1905ની સાલ ભારતીય કોંગ્રેસ માટે મહત્ત્વની સાલ હતી. અત્યાર સુધી ઉદારમતવાદી નેતાઓની રાજકીય-ફરિયાદો રજૂ કરવાની પદ્ધતિ માત્ર માગણીઓ અને અરજીઓ પૂરતી સીમિત હતી. આ પ્રકારની પદ્ધતિ ધીમે ધીમે અસંતોષમાં પરિણમી અને તીવ્ર અસંતોષ જન્માવ્યો હતો. ઇ.સ. 1912માં સિવિલ મેરેજ એક્ટની ચર્ચા કરવામાં આવી ત્યારે ગોપાળકૃષ્ણ ગોખલેએ સ્ત્રીશિક્ષણની હિમાયત કરતા પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો કે, "સ્ત્રીઓમાં જેમ-જેમ ઉચ્ચ કેળવણીનો ફેલાવો વધતો જશે, વ્યક્તિની સ્વતંત્રતાનો આદર જેમ જેમ થતો જશે તેમ તેમ આ બધા પરિબળોના પરિણામરૂપ આપણી સમક્ષ જે ઠરાવ છે, (1912નો સિવિલ મેરેજ કાયદો) તેને કાયદાની ચોપડીમાં સ્થાન આપવાનો દિવસ બહુ મોડો નહિ આવે એવું મારું ચોક્કસ માનવું છે."*

ઉદારમતવાદીઓએ સ્ત્રીઓ રાજકીય લડતમાં ભાગ લઈ શકે તે માટે પરદેશી વસ્તુઓનો બહિષ્કાર, સ્વદેશી બનાવટોનો ઉપયોગ વગેરે અસરકારકયુક્ત સાધનોનો ઉપયોગ કરવા માંડ્યો હતો કે જેને પરિણામે સ્ત્રીઓ પણ રાજકીય કાર્યમાં ભાગ લઈ શકે. ભારતીય સ્ત્રીઓ સ્વદેશી કાપડ વાપરી રાજકીય કાર્ય કર્યાનો સંતોષ અનુભવતી.

રાજકીય લડતમાં વીસમી સદીની શરૂઆતથી સ્ત્રીઓએ નાનો પણ સજાગ ફાળો આપવાની શરૂઆત કરી હતી. ભારતના રાજકીય ફલક ઉપર બે પ્રતિભાશાળી મહિલાઓ એની બેસન્ટ અને સરોજિની નાયડુએ અલગ અલગ પ્રતિભાઓ ઉત્પન્ન કરી હતી. સત્યાગ્રહ, સભાગૃહોમાં અને સર્વિસોમાં પોલીસનાં જે બંધનો હોય તેને તોડી નાખવા, પરદેશી કાપડ તથા દારૂની દુકાનોમાં પિકેટીંગ અને રચનાત્મક અન્ય કાર્યક્રમોમાં સ્ત્રીઓએ પોતાની અગ્રેસર ભૂમિકા નોંધાવી હતી. સામાજિક ક્ષેત્રના બંધનો તોડતા જે સ્ત્રીઓ ગભરાતી હતી તે રાજકીય કારણસર ઘર બહાર નીકળવા માંડી અને સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત કરવા માંડી.

## 5.4 મહાત્મા ગાંધીજીનાં સ્ત્રીઓ અંગેનાં ખ્યાલો

મહાત્મા ગાંધીએ સ્ત્રીઓને રાજકીય લડતમાં જોડી દીધી. સૈદ્ધાંતિક દૃષ્ટિએ જોતાં ગાંધીજીની વિચારસરણીમાં ધાર્મિક અને બૌદ્ધિક તત્ત્વોનું અસાધારણ મિશ્રણ જોવા મળેલ છે. ગાંધીજી એ બાબતનો સ્વીકાર કરે છે કે સ્ત્રીઓનાં કાર્યો પુરૂષ કરતાં વિશિષ્ટ છે અને છતાં પણ જ્યારે હક્કનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે પુરૂષ અને સ્ત્રી વચ્ચે ભેદ જોતા નથી. વિધવાલગ્નનો પ્રશ્ન કે બાળલગ્નની સમસ્યા અંગે તે બુદ્ધિથી નિર્ણય લેવાની હિમાયત કરે છે. કોઈ યુવકને મોટી ઉંમરની સ્ત્રી જોડે લગ્ન ન કરવાની સલાહ આપતી વખતે સ્વતંત્ર વ્યક્તિત્વની દલીલો વાપરે છે. તે જ સ્વતંત્રતાનો આગ્રહ તે એ કોઈ સ્ત્રીને પતિની આજ્ઞાનું ઉલ્લંઘન રાષ્ટ્રની સેવા ખાતર કરવાનું સૂચન કરતી વખતે વાપરે છે. આમ ગાંધીજી બૌદ્ધિક નિર્ણયો કરવા તરફનો ઝોક રાખતા પણ જોવા મળેલ છે.

### 5.4.1 બાળલગ્ન:

ગાંધીજી લગ્નને એક સંસ્કાર તરીકે જુએ છે નવા જીવનનું પ્રવેશદ્વાર માને છે અને તેથી જ જીવનસાથીની પસંદગીમાં કન્યાની પસંદગીને પણ તેઓ સ્વીકારે છે. કુમળાં બાળકોના સંબંધને લગ્નનું નામ આપવું અને માની લીધેલો પતિ મૃત્યુ પામ્યો છે માટે નાનકડી બાળાને વૈધવ્ય જીવનની ધૂંસરીમાં જોડી દેવી એ ખરેખર ઈશ્વરની અને માનવતાની વિરૂદ્ધનો ગુનો છે. ગાંધીજીએ સ્ત્રીઓને ક્યારેય વિષયવાસનાનું સાધન માન્યું નથી કે પુરૂષને આડે માર્ગે લઈ જનાર વાસનાયુક્ત પ્રાણ તરીકે પણ માનતા નથી. તેઓ સ્ત્રીને ભવિષ્યની પ્રજાના રક્ષક તરીકે સ્વીકારે છે. બાળલગ્ન

એ સ્ત્રી અને પુરૂષ બંને માટે શારીરિક તથા માનસિક દૃષ્ટિએ હાનિકર્તા છે. લગ્નજીવન એ જવાબદારીભર્યું કૃત્ય છે અને તેથી જ કન્યાની વીસ વર્ષની વયને લગ્નયોગ્ય વય માને છે તથા બાળલગ્નનો વિરોધ કરે છે.

### 5.4.2 વિધવા પુનર્લગ્ન:

વિવિધ સમાજસુધારકોએ વિધવા પુનઃલગ્નની હિમાયત કરી તથા તેના અમલ માટેની કાયદાકીય જોગવાઈઓ પણ કરવામાં આવી, છતાં પણ વીસમી સદીમાં પણ વિધવા પુનઃલગ્નની સમસ્યા વણઉકેલી રહી છે. ગાંધીજી વિધવા પુનર્લગ્ન અંગે જણાવે છે, "જો 50 વર્ષનાં વિધુર જરા પણ અજંપા વગર પુનર્લગ્ન કરી શકે તો તે ઉંમરના વિધવાઓને માટે પણ આ માર્ગ ખુલ્લો જ હોવો જોઈએ."[8] ગાંધીજી એ બાબતનો પણ સ્વીકાર કરે છે કે જો બંને વ્યક્તિઓ સભાનતાથી પસંદગી પ્રમાણે લગ્નગ્રંથિથી જોડાઈ હોય તો તેઓએ પુનર્લગ્ન ન કરવું જોઈએ. ગાંધીજી દઢપણે માનતા કે દેહલગ્નની વિધવા માટે પુનઃલગ્ન સમાન કોઈ પુણ્ય નથી અને સ્નેહલગ્નની વિધવા માટે પુનર્લગ્ન સમાન પાપ નથી. પરંતુ ફરજિયાત વૈધવ્ય જીવન જીવવું એ પાપ છે.

### 5.4.3 દેવદાસી:

દેવદાસી પ્રથાના નિવારણ માટે ગાંધીજી પુરૂષને પોતાનું માનસ વાસનામુક્ત બનાવવાનું તથા સ્ત્રીએ આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના અન્ય રસ્તાઓ કે રોજગારી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આર્થિક જરૂરિયાતોની પૂર્તિ માટે દેહના ઉપયોગોનો તેઓ વિરોધ કરે છે. દેવદાસીઓ આર્થિક નિર્ધનતાને કારણે જ આ પ્રથા તરફ વળેલી હતી અને તેથી જ તેના નિવારણ માટે ગાંધીજીએ સ્ત્રીઓને સ્વાવલંબી બનાવવાના તથા રોજગારી અપાવવાના હિમાયતી હતા.

### 5.4.4 પરદા પ્રથા:

ગાંધીજી પરદા પ્રથાને શારીરિક તેમજ માનસિક વિકાસની દૃષ્ટિએ હાનિકારક ગણે છે. તેઓ જણાવે છે કે પરદા પ્રથાથી સ્ત્રીઓની નૈતિક વિશુદ્ધિ જળવાય છે તેવું કહી શકાય નહીં. પરદા પ્રથાને કારણે સ્વચ્છ હવા-ઉજાસ સ્ત્રીને પ્રાપ્ત થતાં નથી. પરિણામે તેના આરોગ્યના પ્રશ્નો પણ સર્જાય છે. તે તરફ ગાંધીજીએ ધ્યાન દોર્યું. તેઓ પરદા પ્રથાની વિરૂદ્ધ હતા તથા સ્ત્રીની સ્વતંત્ર અભિવ્યક્તિના હિમાયતી હતા.

### 5.4.5 સ્ત્રી શિક્ષણ:

ગાંધીજી સ્ત્રીઓના વિકાસ માટે શિક્ષણની આવશ્યકતાને સ્વીકારે છે. તેઓ જણાવે છે કે, "શિક્ષણ વ્યક્તિની બુદ્ધિને ખીલવે છે અને તેજસ્વી બનાવે છે અને સાથે સાથે સુવર્તન માટેની શક્તિ અર્પે છે." સ્ત્રી શિક્ષણની હિમાયત કરતાં ગાંધીજી એ બાબતનો પણ સ્વીકાર કરે છે કે સ્ત્રીઓ અને પુરૂષોની ભૂમિકાઓ અલગ અલગ છે. તેઓ અસમાન છે. તેથી તેમને અભ્યાસક્રમ એકસમાન હોઈ શકે નહીં. ભૂમિકાને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ ઘડાવો જોઈએ તથા તે પ્રમાણેનું શિક્ષણ આપવું જોઈએ કે જેથી કરીને તેઓ પોતાની ભૂમિકા અસરકારક રીતે ભજવી શકે. જો કે તેઓ સ્ત્રી અને પુરૂષના વિભિન્ન અભ્યાસક્રમના આગ્રહી પણ ન હતા.

### 5.4.6 સ્ત્રીઓ અને રાજકારણ:

ગાંધીજીએ સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેની લડતનું સ્વરૂપ અસહકાર હતું. સ્વાભાવિક રીતે જ આ લડતમાં હિંસાત્મક પ્રવૃત્તિઓને સ્થાન ન હતું. પરિણામે સ્ત્રીઓ સલામતીની પૂર્ણ ખાતરી સાથે આ લડતમાં ભાગ લઈ શકતી. ગાંધીજીએ સ્વરાજ મેળવવા માટે સ્ત્રી તથા પુરૂષ બંનેની સહભાગિતાનો સ્વીકાર કર્યો. સ્વાતંત્ર્યપ્રાપ્તિની લડતમાં સ્ત્રીઓને પણ ભાગીદાર બનાવવા આવી. 1920-21ના સત્યાગ્રહમાં, 1930-31ની અસહકારની લડતમાં તથા 1942ના "હિંદ છોડો" આંદોલનમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ જોડાઈ હતી. ગાંધીજી માનતા હતા કે સ્ત્રીઓને જો ઘર બહારની જાહેર પ્રવૃત્તિઓમાં જોડી દેવામાં આવે તો તેમની ઉપર લદાયેલાં સામાજિક બંધનો, નિયંત્રણો આપોઆપ જ તૂટી જશે. હિંદની મહિલાઓ દારૂનિષેધ અને પરદેશી કાપડના ઉપયોગના પ્રતિબંધો ઉપર કામ કરશે તો આપોઆપ જ તેમનામાં આત્મવિશ્વાસ ઉદ્ભવશે અને આત્મવિશ્વાસના જન્મથી તેઓ ગુલામનું નહિ પરંતુ સ્વતંત્ર વ્યક્તિના રૂપમાં જીવન જીવતાં શીખશે.

### 5.4.7 સ્ત્રીવિષયક દૃષ્ટિકોણ:

ગાંધીજી સ્ત્રી અને પુરૂષ વચ્ચેના સંબંધોમાં અસમાનતા નહિ પરંતુ સમાનતા ઝંખે છે. તેઓ સ્ત્રીઓના વિકાસ માટે સ્ત્રી શિક્ષણની હિમાયત કરે છે. તેઓ માને છે કે સ્ત્રીઓ શિક્ષણ લેતી જશે તેમ તેમ તેમને પોતાની શક્તિનું ભાન થતું જશે. શૈક્ષણિક વિકાસને કારણે બૌદ્ધિક વિકાસ થશે. બૌદ્ધિક વિકાસ પામેલી સ્ત્રીઓ સ્ત્રી-પુરૂષ વચ્ચેની અસમાનતાને પડકારશે. સ્ત્રીઓ સાથે રાખવામાં આવતો ભેદભાવ કે અસમાનતાને તેઓ ચલાવશે નહિ, તેઓ સમાનતા માટે પોતાના અધિકારો માટેની લડત લડશે. ગાંધીજી સમાજના કલ્યાણના નવસમાજના નિર્માણ માટે પણ સ્ત્રી શિક્ષણની આવશ્યકતાનો સ્વીકાર કરે છે કારણ કે તેઓ માને છે કે દુષ્કૃત્ય કરનાર વ્યક્તિને પ્રેમ, લાગણીથી દુષ્કૃત્ય કરતાં અટકાવી શકવાની શક્તિ માત્ર ને માત્ર માનવ કે એક જીવંત વ્યક્તિ તરીકે ન જોતાં એક અમોઘ શક્તિના સ્રોત તરીકે જુએ છે.

ગાંધીજીના પ્રયત્નો તથા અસહકારની લડતમાં સહભાગી થવાને કારણે ભારતની સ્ત્રીને પહેલીવાર અનુભવ થાય છે કે એનું જીવન નિરર્થક, નિષ્ફળ કે હેતુવિહીન નથી. તેના જીવનનું ધ્યેય માત્ર પતિસેવા નથી પરંતુ અન્ય ફરજો પણ બજાવવાની છે. તે અંગેની સભાનતાનો વિકાસ થયો. રાષ્ટ્રના વિકાસાર્થે પણ સ્ત્રીને પોતાની ભૂમિકા બજાવવાની છે. આ પ્રકારની દૃષ્ટિ તેનામાં કુદરતી રીતે જ નીડરતા તથા આત્મશ્રદ્ધા જન્માવે છે. આ નવીન દૃષ્ટિકોણને કારણે ઘણી સ્ત્રીઓએ રાજકારણમાં અગ્રેસરની ભૂમિકા ભજવી. રાજકારણને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. અત્યાર સુધી સ્ત્રીઓની લડતનું સુકાન પુરૂષોના હાથમાં હતું. તેને બદલે હવે સ્ત્રીઓએ પોતે પોતાની લડતનું સુકાન સંભાળ્યું. સ્ત્રીએ પોતાના અધિકારો માટેની લડતની આગેવાની પોતે જ લીધી.

આમ, રાજકારણમાં સ્ત્રીઓની ભૂમિકા કે સ્વાતંત્ર્યપ્રાપ્તિની લડતમાં જોડી દેવાને કારણે એક સ્વયંભૂ શક્તિના સ્રોતનું નિર્માણ ગાંધીજીએ કર્યું.

### 5.4.8 સારાંશ :

ગાંધીજીએ સ્ત્રીઓને રાજકારણમાં જોડીને તેમની ઉન્નતિનાં સોપાનનાં દ્વાર ખુલ્લાં કર્યાં. ગાંધીજીએ સમાજમાં પ્રવર્તતી બેવડી નીતિનો વિરોધ કર્યો. રાષ્ટ્રીય લડતના ત્રીજા તબક્કામાં ગાંધીજીના નેતૃત્વ નીચે સ્ત્રીઓ ઘણી મોટી સંખ્યામાં ફાળો આપે છે. 1920-21ની અસહકારની લડતથી શરૂ કરીને બધી જ જનતાની લડતોમાં સ્ત્રીનો ફાળો નોંધી શકાય છે. રાજકીય લડતમાં સ્ત્રીઓના સહભાગી થવાને કારણે લડતને ખૂબ વેગ મળ્યો. એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે સ્ત્રીઓ માટે સમાજમાં પ્રવર્તતા રૂઢિચુસ્ત બંધનો, પ્રતિબંધો, નિયંત્રણો આપોઆપ છૂટવા માંડ્યાં. ભારતની સ્ત્રીઓ સંપૂર્ણ ઉદાસીનતાના તબક્કામાંથી ઉત્સાહપૂર્ણ પ્રવૃત્તિમાં પહોંચી ગઈ અને નાગરિક તરીકે દેશ પ્રત્યે પણ તેની ફરજો છે અને આ ફરજો પૂર્ણ કરવી જોઈએ એ પ્રકારની સભાનતાનો વિકાસ થયો. સામાજિક, આર્થિક કે રાજકીય આંદોલનમાં ભાગ લેવો તે માત્ર તેમનો હક્ક નથી, પરંતુ ફરજ પણ છે તે બાબતનો સ્વીકાર થયો. અત્યાર સુધી સ્ત્રી-ઉન્નતિ માટે પ્રયાસ કરવાનો યશ જે પુરૂષોને માથે જતો હતો તેને સ્થાને સ્ત્રી પોતે જ પોતાના પ્રશ્નો માટે, અધિકારો માટે લડત આપવા લાગી. સંગઠિત બનીને પણ લડત આપી. ગાંધીજીએ સ્ત્રીઓને જ સ્ત્રીશક્તિનો પરિચય કરાવ્યો એમ કહીએ તો અતિશયોક્તિ નહીં લાગે.

# એકમ 6 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો સામાજિક દરજ્જો


**6.1** પ્રસ્તાવના

6.1.1 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીની કૌટુંબિક ભૂમિકા

6.1.2 કુટુંબમાં સ્ત્રીની ભૂમિકા તેમજ દરજ્જો

6.1.3 સારાંશ

**6.2** લગ્નક્ષેત્રે સ્ત્રીનો દરજ્જો

**6.3** આર્થિક ક્ષેત્રે સ્ત્રીનો દરજ્જો

**6.4** ઉપસંહાર


## 6.1 પ્રસ્તાવનાઃ

બ્રિટિશ અમલ દરમ્યાન ભારતમાં પશ્ચિમી સંસ્કૃતિનો પ્રવેશ થયો. તેનાં મૂલ્યો અને ધોરણોએ સ્વતંત્ર ભારતમાં સ્ત્રીની ભૂમિકામાં પરિવર્તન નિપજાવ્યું. સુધારણા પ્રયાસોના ભાગરૂપે ભારતમાં સ્ત્રી શિક્ષણનો પ્રારંભ થયો. સામાજિક કાયદા અમલમાં આવવા લાગ્યા. ઉદ્યોગીકરણ અને શહેરીકરણની પ્રક્રિયા વિકસવા લાગી. બંધારણે 'સમાન હક તથા સમાન તક'ની બાબતનો સ્વીકાર કર્યો. સ્ત્રીઓને માટે સર્વ કક્ષાએ તથા સર્વ ક્ષેત્રનાં દ્વાર ખુલ્લાં થયાં. કુટુંબમાં અને સમાજમાં સ્ત્રીઓની ભૂમિકામાં સમાનતા, સ્વાતંત્ર્ય અને લોકશાહી ઢબનાં પરિવર્તનોનો પ્રારંભ થયો. સ્વતંત્ર ભારતના બંધારણે સ્ત્રીઓને પુરૂષ સમકક્ષ તકો અને અધિકારો બક્ષ્યાં હતાં. તેને અનુરૂપ સામાજિક કાયદા અમલમાં મૂકવામાં આવ્યા. સ્વતંત્ર ભારતમાં સ્ત્રીના સામાજિક દરજ્જાને વિવિધ મુદ્દાસર સમજવું અનિવાર્ય બનશે.

### 6.1.1 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીની કૌટુંબિક ભૂમિકાઃ

ગુલામીમાંથી સ્વતંત્રતા તરફની ગતિશીલતામાં સ્ત્રી અનેક પ્રકારના બંધનોમાંથી તે મુક્ત વાતાવરણમાં આવી તેમ કહેવું અતિશયોક્તિ નથી. વર્તમાન સમયમાં સ્ત્રીને માટે શિક્ષણ અને આર્થિક ક્ષેત્રે સમાન તક મળતી હોવાને કારણે સ્ત્રીએ વિકાસ કર્યો છે. આર્થિક પ્રવૃત્તિમાં સહભાગી બનીને સ્ત્રી કુટુંબજીવનની ધરી અને આધારશિલા તરીકે ભૂમિકા ભજવે છે. કુટુંબમાં સ્ત્રી એક એવા સ્થાન પર પહોંચી છે કે કુટુંબના નિર્ણયો કે પ્રવૃત્તિઓ તેની આસપાસ ઘૂમે છે. કુટુંબમાં સ્ત્રીનું સ્થાન આધારબિંદુ જેવું છે, સ્ત્રીઓ પણ આર્થિક પ્રવૃત્તિમાં ભાગ લઈને કુટુંબનો આર્થિક આધાર પણ બની છે અને તેથી જ સમાનતાવાદી મૂલ્યો અને સંજોગોની અસર નીચે સ્ત્રીની ઘરકામની ફરજોમાં પુરૂષ સભ્યો સહભાગી બનવા લાગ્યા છે. ઘરકામની સ્ત્રીની ભૂમિકા અગ્રેસર હોવા છતાં પુરૂષ સભ્યોનું સહભાગીપણું એક અર્થમાં આધુનિક સ્વરૂપમાં પરિવર્તન કહી શકાય.

પરંપરાગત રીતે કૌટુંબિક બાબતો અંગે નિર્ણયો લેવાની સત્તા પુરૂષો ધરાવે છે. સામાન્ય રીતે મોટાભાગના નિર્ણયો પુરૂષ હસ્તક કે પુરૂષ કેન્દ્રિત રહેતા હતા. તેને બદલે કૌટુંબિક બાબતોમાં સ્ત્રી વ્યક્તિગત ઇચ્છાઓની અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય ભોગવવા લાગી છે. કૌટુંબિક બાબતો અંગેના નિર્ણયો લેવામાં સ્ત્રીઓનું સહભાગીપણું વધતું જાય છે અને તે દૃષ્ટિએ નિર્ણય-પ્રક્રિયામાં પુરૂષોનું પ્રભુત્વ કે એકાધિકાર ઘટવા લાગ્યા છે. સ્વરોજગારીની વધતી જતી ટીકાઓ તેમજ શૈક્ષણિક અને વ્યાવસાયિક તકોએ સ્ત્રીઓને ઘરબહારની નવી ભૂમિકાઓ પૂરી પાડી છે. નોકરી કે વ્યવસાય કરતી સ્ત્રીઓ કુટુંબમાં હવે માત્ર પૂરક ભૂમિકા જ નહીં પણ મહત્ત્વની ભૂમિકા ભજવવા માંડી છે. વ્યાવસાયિક ભૂમિકા અદા કરતી સ્ત્રી પોતાની કમાણી દ્વારા કુટુંબનો આર્થિક દરજ્જો ઊંચે લઈ જવામાં, ઘર વસાવવામાં, ઘરને વધુ સુવિધાપૂર્ણ બનાવવામાં, બાળકોને ઉચ્ચ કેળવણી આપવામાં પોતાનો મહત્ત્વનો ફાળો આપવા લાગી છે.

સ્ત્રી એ કુટુંબની આધારશિલા છે. સ્ત્રીની ભૂમિકા માત્ર ગૃહકાર્ય પૂરતી મર્યાદિત ગણવામાં આવી છે. પરંતુ તેથી આ ગૃહકાર્યની ભૂમિકા ઉપર જ સમગ્ર સમાજનું નિર્માણ થાય છે. સ્ત્રી બાળકોના સામાજિકીકરણના એજન્ટ તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવતી આવી છે. બાળકોમાં સામાજિક, સાંસ્કૃતિક વારસાનું પ્રદાન કરવામાં સ્ત્રીઓ કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે. બાળકોના

માનસિક તથા સામાજિક વિકાસમાં માતા કેન્દ્રસ્થાને છે અને તેમાં પણ શિક્ષિત માતા બાળકોના નિર્ણયમાં, તેના વિકાસમાં અગ્રેસર સાબિત થયેલ છે. સામાજિકીકરણની પ્રક્રિયામાં સ્ત્રીની શૈક્ષણિક ભૂમિકા એ નવી ભૂમિકા છે.

બાળકોને જન્મ આપવો અને તેનો ઉછેર કરવો તે માતા તરીકે કુટુંબમાં સ્ત્રીની જૈવિક ભૂમિકા છે. સ્વતંત્ર ભારતમાં બાળક એ ઈશ્વરેચ્છા નહીં પરંતુ ઈચ્છિત સંતાન એ બાબતનું વલણ વિકસ્યું છે. કુટુંબકલ્યાણ કાર્યક્રમથી નાના કુટુંબનું ધોરણ સ્વીકૃત બનવા લાગ્યું છે. સ્ત્રીઓને વારંવારની પ્રસૂતિપીડામાંથી રાહત મળવા લાગી છે. બાળકોના પૂરક આહાર અને પોષણ કાર્યક્રમો, રસીકરણ, પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ બાદની તબીબી સેવા વગેરે ઉપલબ્ધ બનતાં સ્ત્રી માટે બાળઉછેરનું કામ સરળ અને સુવિધાજનક બનવા લાગ્યું છે. સ્ત્રીની વ્યાવસાયિક ભૂમિકાને કારણે હવે બાળકને માતાનું દૂધ છોડાવી ખોરાક તરફ વાળવા ઉપર ભાર મૂકે છે. બાલવાડી, આંગણવાડીના કાર્યક્રમ, ઘોડિયાઘરની સુવિધાને કારણે બાળ ઉછેરની જવાબદારીમાં ઘટાડો થયો છે. આથી એક બાજુ માતા તરીકે સ્ત્રીઓના આરોગ્યનું સ્તર સુધરવાની શક્યતા વધી છે. તો બીજી બાજુ આંગણવાડી, ઘોડિયાઘર જેવી સુવિધાઓને કારણે સ્ત્રીઓ માટે આર્થિક પ્રવૃત્તિ કરવાનું સાનુકૂળ વાતાવરણ સર્જાયું છે અને સ્ત્રીઓએ આ વાતાવરણનો ઉપયોગ પણ કર્યો છે.

પરંપરાગત સમયમાં રસોઈકામ કે ગૃહકાર્યમાં જ સ્ત્રીઓનો સંપૂર્ણ સમય વ્યતીત થઈ જતો. પરંતુ આધુનિક યુગમાં ઔદ્યોગિક ટેકનોલોજીને કારણે ગૃહકાર્ય જેવાં કે રસોઈ ક્ષેત્રે ઓવન, રોટલી મેકર, જેવા સાધનો ઉપલબ્ધ બન્યાં છે. તેમજ વૉશિંગ મશીન, અન્ય અદ્યતન મશીનરી ઉપલબ્ધ બની છે. તેથી રસોઈકામ ક્ષેત્રે જે સમય અને શ્રમ આપવો પડતો હતો તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગૅસ, વીજળી, વીજળીનાં ઉપકરણો વગેરેના ઉપયોગને કારણે સ્ત્રીઓનો સમય અને શ્રમશક્તિનો બચાવ થઈ શક્યો છે. સ્ત્રીને અન્ય પ્રવૃત્તિ કરવાનો, નવસર્જન કરવાનો સમય મળે છે. આમ, સર્જનાત્મક પ્રવૃત્તિ માટે સ્ત્રીઓ પાસે સમય છે. શિક્ષિત મા-બાપ દીકરીને ઘરકામની પ્રવૃત્તિમાં ગોંધી રાખતાં નથી. તેઓ શિક્ષણ અને ઇતર પ્રવૃત્તિની આવશ્યકતા સમજવા લાગ્યાં છે અને તે પ્રમાણે પુત્રીને અવકાશ પણ આપે છે. શિક્ષિત મા-બાપ સર્વાંગી વિકાસ ઉપર ભાર મૂકવા લાગ્યાં છે. સ્ત્રીઓને મળતો નવરાશનો સમય સ્ત્રીને જીવન જીવવાનો સંતોષ અને ભૂમિકા સંતોષ પૂરો પાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઉદ્યોગીકરણ, શહેરીકરણ, સ્ત્રીશિક્ષણ, વ્યાવસાયિક તકો વગેરે પરિબળોને કારણે સ્ત્રીઓએ ઘરબહારના વ્યવસાયોમાં પ્રવેશ કર્યો. ધીમે ધીમે વધુને વધુ સ્ત્રીઓ ઘરબહારના વ્યવસાયોમાં જોડાવા લાગી. સ્ત્રીઓનો વ્યવસાયપ્રવેશ થવાથી તેણે ગૃહિણી તરીકે ભૂમિકા ઉપરાંત વ્યાવસાયિક ભૂમિકા પણ ભજવવાની રહે છે. પુરૂષ માત્ર વ્યાવસાયિક ભૂમિકા ભજવે છે. જ્યારે સ્ત્રીઓ વ્યાવસાયિક તેમજ ગૃહિણી એમ બેવડી ભૂમિકા ભજવે છે. અહીં ઉચ્ચ જીવનધોરણ પામવા માટે તથા આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેઓ નોકરી કરે છે. અહીં બેવડી જવાબદારી ભારરૂપ લાગવા છતાં તેઓ ઘરમાં ગોંધાઈ રહેવા માગતી નથી. બેવડી ભૂમિકાના સંઘર્ષને કારણે તેના શારીરિક તેમજ માનસિક જીવન ઉપર તેની વિપરીત અસર પહોંચે છે.

### 6.1.2 કુટુંબમાં સ્ત્રીની ભૂમિકા તેમજ દરજ્જો:

કુટુંબમાં સ્ત્રીઓ પ્રત્યે કરવામાં આવતા વ્યવહારોને આધારે કુટુંબમાં સ્ત્રીના દરજ્જા અંગેની માહિતી પ્રાપ્ત થઈ શકે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ભારતે લોકકલ્યાણકારી અભિગમયુક્ત બંધારણ સ્વીકાર્યું. જે સમાનતા, સ્વતંત્રતા અને બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યો પર રચાયેલું છે. બંધારણીય કલમો સ્ત્રી અને પુરૂષના ભેદભાવને સ્વીકાર્ય ગણતી નથી. બંધારણીય જોગવાઈઓ દ્વારા સ્ત્રી-પુરૂષને સમાન અધિકાર આપવામાં આવ્યો છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સ્ત્રીના દરજ્જામાં સમાનતા એક સ્વાતંત્ર્યસૂચક પરિવર્તનો આવવા લાગ્યાં છે. સ્ત્રી વ્યાવસાયિક ભૂમિકા ભજવવા લાગી છે. તે વ્યક્તિગત મિલકત ધરાવતી થઈ છે. શિક્ષણના દરેક ક્ષેત્રમાં વિશેષીકૃત જ્ઞાન કે પદવી મેળવવા તેમજ પસંદગીનું જ્ઞાન કૌશલ્ય મેળવવાની સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે. રાજકીય ક્ષેત્રે પણ સહભાગીતા વધી છે. સ્ત્રી જીવનસાથીની પસંદગી તેમજ વ્યવસાય, શિક્ષણ, ચીજવસ્તુ, ગૃહ સુશોભન, અલંકારો, પોષાક અને કુટુંબનાં કદ, બે સંતાન વચ્ચેનો સમયગાળો વગેરે અંગેની પોતાની પસંદગી અને ઈચ્છાની અભિવ્યક્તિ કરવા લાગી છે. કુટુંબમાં સ્ત્રીની ઈચ્છાને માન આપવાનું વલણ કેળવાતું જાય છે. સ્ત્રી ઘરમાં અને ઘર બહારનાં ક્ષેત્રોમાં મનોરંજન મેળવવાની ઈચ્છા વ્યક્ત કરતી થઈ છે.

કૌટુંબિક નિર્ણયમાં સ્ત્રીના અવાજને પણ હવે સ્થાન મળે છે. કૌટુંબિક બાબતોને લગતા મોટાભાગના નિર્ણયો પતિ-પત્ની સાથે મળીને લેતાં હોય છે. કૌટુંબિક આવકમાંથી ખર્ચ કરવા તેમજ વ્યક્તિગત આવકનો ઉપયોગ કરવા લાગી છે. વિભક્ત કુટુંબોમાં કે વ્યક્તિગત કુટુંબોમાં સ્ત્રીઓ વધુ સ્વતંત્રતા અને સમાનતાનો અનુભવ કરે છે. સ્ત્રીઓ માટે લગ્ન કરવાં એ ફરજિયાત નથી. વ્યાવસાયિક ભૂમિકા અદા કરતી વખતે સ્ત્રીઓ ચાહે તો અપરિણીત પણ રહી શકે છે. તેની સામે સમાજનો વિરોધ ધીમે ધીમે શમી રહ્યો છે. વિભક્ત તથા શિક્ષિત કુટુંબમાં સ્ત્રી-પુરૂષ નિકટતા વધી છે. સામાન્ય રીતે પુરૂષ જ હવે સ્ત્રીઓ પર સમાજ દ્વારા લદાતાં નિયંત્રણોનો વિરોધ કરે છે. યુવાન સ્ત્રીઓ મુક્ત રીતે ઘર બહાર અવરજવર કરતી થઈ છે અને જાહેરમાં પતિ સાથે ફરવા લાગી છે. શિક્ષિત અને શહેરી કુટુંબોમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધો વધુ મુક્ત, વધુ ઉદાર, સહિષ્ણુ તથા વધુ સમાનતાવાદી જોવા મળે છે. શિક્ષણ, સમાનતા, સ્વાતંત્ર્ય, નારીવાદી મૂલ્યો તેમજ નાનાં કુટુંબોના ધોરણને લીધે ભેદભાવપૂર્ણ વ્યવહારમાં ઘટાડો થયો છે.

કુટુંબમાં પરંપરાગત બંધનો અને નિષેધોથી સ્ત્રીના વિચલન પ્રત્યે સહિષ્ણુતા અને ઉદારતા દાખવવાનું વલણ કેળવાતું જાય છે અને વધતું જાય છે. શિક્ષિત અને કામ કરતી સ્ત્રીઓમાં વિધવા પુનર્લગ્ન પ્રત્યે અનુકૂળ વલણ વિકસતું જાય છે. યુવાન વિધવાને પિતા કે શ્વસુર પક્ષ તરફથી પુનર્લગ્ન માટેની વ્યવસ્થા કરી આપવાના પ્રયાસો થતા હોય છે. સ્વ પસંદગીનાં લગ્ન પ્રત્યે કુટુંબની સહાનુભૂતિ અને ઉદારતા વધતા જાય છે. પરંપરાગત બંધનો જેમ જેમ નબળાં પડતાં જાય છે તેમ તેમ સ્ત્રી કુટુંબમાં પુરૂષ સમોવડી બનવા શક્તિમાન બનતી જાય છે.

### 5.1.3 સારાંશ:

સ્વતંત્ર ભારતમાં કુટુંબમાં સ્ત્રીના દરજ્જામાં સમાનતા અને સ્વાતંત્ર્યસૂચક પરિવર્તનો આવી રહ્યાં છે. કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો હજુ સંપૂર્ણ અર્થમાં પુરૂષ સમકક્ષ બન્યો નથી. પરંતુ કુટુંબમાં પરંપરાગત બંધનોમાં જીવન જીવતી સ્ત્રીના જીવનમાં આધુનિક સ્વરૂપનાં સમાનતા, સ્વાતંત્ર્યસૂચક પરિવર્તનો આવી રહ્યાં છે. પુત્ર-પુત્રી વચ્ચેનો ભેદભાવ એક યા બીજા સ્વરૂપે ઓછે-વધતે અંશે ટકી રહ્યો છે. પુત્રનો જન્મ થતાં કુટુંબમાં જે આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જાય છે તે પુત્રીના જન્મ સમયે સર્જાતું નથી. પરંપરાગત સમયમાં સ્ત્રીના જન્મથી અવહેલનારૂપે સ્ત્રીને દૂધપીતી કરવાનો રિવાજ પ્રચલિત હતો તેને બદલે આધુનિક સમયમાં આધુનિક ટેકનોલોજી તથા વિજ્ઞાનના સંયુક્ત ઉપક્રમે બાળકીના જન્મને અવરોધવામાં આવે છે. ગર્ભપરીક્ષણથી બાલિકાના જન્મનો અસ્વીકાર કરવામાં આવે છે. ગર્ભપાત કરવાનું વલણ વધતું જાય છે. તાજેતરમાં કાયદા દ્વારા તેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો. સોનોગ્રાફી  વલણ કાર્યાન્વિત થયેલ છે. કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો પુરૂષ સમકક્ષ બનવામાં પરંપરાગત  પ્રથાઓ, રિવાજો, માન્યતાઓ અને મૂલ્યો અવરોધરૂપ બને છે. કુટુંબમાં સ્ત્રીના દરજ્જા અંગે પરસ્પર વિરોધાભાસી ચિત્રો જોવા મળે છે. આધુનિક રીતે પરિવર્તિત પામતા સમાજમાં તેને પોતાનું ઉજળું ભવિષ્ય દેખાય છે. એકબાજુ અસ્તિત્વને નિરર્થક બનાવતો રૂઢિવાદી સમાજ દેખાય છે. સમાજમાં પોતે અણજોઈતી વ્યક્તિ હોવાનું અનુભવે છે. સ્ત્રી પોતાની પરંપરાગત ભૂમિકાથી બંધાઈ જતી હોવાનો અનુભવ કરે છે. કુટુંબમાં સ્ત્રીનો દરજ્જાસામે પુરૂષો સમોવડી બનવાના માર્ગમાં હજુ જૂની પરંપરાઓનો અવરોધ રહ્યો છે. સ્વતંત્ર ભારતમાં આજની સ્ત્રી આધુનિકતા અને પરંપરાગતતા એક વચ્ચે પ્રકારની દ્વિધાયુક્ત પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. આજની સ્ત્રી ત્રિભેટે આવીને ઊભી છે.

## 5.2 લગ્ન ક્ષેત્રે સ્ત્રીનો દરજ્જો:

સ્ત્રીના સામાજિક દરજ્જાનું બીજું મહત્ત્વનું ક્ષેત્ર લગ્ન સંસ્થા છે. પરંપરાગત ભારતીય સમાજ વ્યવસ્થામાં જીવનસાથીની પસંદગી વડીલ વર્ગના હાથમાં કેન્દ્રિત રહેતી. યોજિત લગ્નપ્રથા પ્રવર્તતી હતી. વર્તમાન સમયમાં પણ યોજિત લગ્નપ્રથા સામાન્ય છે. પરંતુ આ યોજિત લગ્નપ્રથામાં સંતાનોના અભિપ્રાયોને મહત્ત્વ આપવાનું વલણ વિકાસ પામ્યું છે. સ્વ પસંદગીના લગ્નને કાનૂની માન્યતા મળી હોવા છતાં આ પ્રકારનાં લગ્નો એક પ્રથા તરીકે હજી સમાજમાં સ્વીકાર્ય બન્યાં નથી. યોજિત લગ્નપ્રથા સ્ત્રીના જીવનસાથીની પસંદગીના સ્વતંત્રતાના અધિકારને ભોગવવામાં બાધક નીવડે છે. આધુનિક યુગમાં સ્ત્રી શિક્ષણની હિમાયતને કારણે સ્વાભાવિક રીતે જ સ્ત્રીઓની લગ્નવય ઊંચી ગઈ છે.

# એકમ 7 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો


7.1 પ્રસ્તાવના

7.2 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો

7.3 સ્ત્રી સાક્ષરતાની સ્ત્રીના દરજ્જા પર અસર

7.4 સારાંશ


## 7.1 પ્રસ્તાવના:

દેશના સાંસ્કૃતિક અને સામાજિક વિકાસના માળખાને સમજવા માટે સ્ત્રી શિક્ષણ અથવા સ્ત્રી સાક્ષરતાનો સ્તર એક અગત્યનો માપદંડ છે. શિક્ષણ એ વસ્તીના સ્થિરીકરણ અને સાતત્યપૂર્ણ વિકાસ માટે ચાવીરૂપ ફાળો નોંધાવી શકે તેમ છે. શિક્ષણ એટલે જ સમજણનો વિકાસ. સ્ત્રીઓને શિક્ષણ મેળવવાનો અધિકાર એ પાયાનો અધિકાર છે. શિક્ષણ સ્ત્રીઓને "સ્વ ઓળખ" અને "સ્વકીય મૂલ્ય"ની સભાનતા બક્ષે છે. શિક્ષણ તકો અને પસંદગી માટેનાં દ્વાર ખોલી નાખે છે. તેનાથી સ્ત્રીઓ પોતાની પસંદગીનું જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરે છે. શિક્ષણ જ માત્ર એક એવી મૂડી છે કે જે સ્ત્રી પાસે આજીવન રહે છે.

સ્ત્રીઓના શૈક્ષણિક અધિકારો, શૈક્ષણિક તકો, સ્ત્રીઓની શૈક્ષણિક ભૂમિકા તથા સ્ત્રી શિક્ષણ પ્રત્યેનાં વલણો સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો સૂચવે છે. સ્વતંત્ર ભારતમાં સ્ત્રી પુરુષ સમાનતા સ્થાપિત થતાં પુરુષોની જેમ સ્ત્રીઓને શૈક્ષણિક અધિકારો અને તકો મળ્યાં. સ્ત્રીઓ શૈક્ષણિક ભૂમિકા ભજવવા શક્તિમાન બનવા લાગી. સ્ત્રી શિક્ષણ પ્રત્યેનાં વલણોમાં પણ સમાનતાસૂચક પરિવર્તનો આવવા લાગ્યાં. સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો અસમાનતા તરફથી સમાનતા તરફનું એક પ્રયાણ છે. જેની ચર્ચા આ પ્રમાણે કરી શકાય.

## 7.2 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો:

આધુનિક યુગમાં વ્યક્તિ અને સમાજની દૃષ્ટિથી જોતાં શિક્ષણને એક મૂલ્ય અને જરૂરિયાત તરીકે ગણવામાં આવ્યું છે. સંવિધાનમાં સ્ત્રી અને પુરુષને સમાન દરજ્જો ધરાવતાં નાગરિક તરીકે ગણવામાં આવ્યાં છે. સમાન નાગરિક તરીકેના સ્વીકારને કારણે સ્ત્રીઓ માટેનાં શિક્ષણનાં દ્વાર તમામ ક્ષેત્રે ખુલ્લાં મુકાયાં છે. એક મુલ્ય તરીકે શિક્ષણ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસ તેમજ બૌદ્ધિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. શિક્ષિત વ્યક્તિઓમાં જ્ઞાનના સામાજિક હેતુ માટે ઉપયોગ થવાથી સમાજમાં તેમનો દરજ્જો ઊંચો આવે છે. શિક્ષણ કેટલાક આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક કાર્ય કરવા માટે વ્યક્તિને જરૂરી લાયકાત પૂરી પાડે છે. આયોજિત સામાજિક પરિવર્તનની જરૂરિયાતનો સ્વીકાર થવાની સાથે શિક્ષણને સામાજિક પરિવર્તનના મુખ્ય સાધન તરીકે ગણવામાં આવ્યું છે. આયોજિત શિક્ષણથી સમાજમાં અસમાનતા ઘટશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. માનવ અધિકારની સાર્વત્રિક જાહેરાતમાં શિક્ષણને દરેક માનવીના પાયાના અધિકાર તરીકે ઘોષિત કરેલું છે. યુનેસ્કોના બંધારણે કોઈપણ જાતના ભેદભાવ વિના શૈક્ષણિક તકોની સમાનતાનો આદર્શ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા ઉપર ભાર મૂક્યો છે.

સ્વતંત્ર ભારતમાં બંધારણ દ્વારા સ્ત્રી-પુરૂષ સમાનતાના મૂલ્યને સ્થાપિત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્ત્રીની બહુવિધ ભૂમિકાઓ Multiple roles ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આધુનિક યુગ પ્રમાણે સ્ત્રી-પુરૂષ સમાનતા સ્થાપિત કરવા માટે અને સ્ત્રી બહુવિધ ભૂમિકાઓ ભજવવા સજ્જ બની શકે તે માટે સ્ત્રી શિક્ષણની હિમાયત કરવામાં આવે છે. લોકશાહી સમાજમાં નાગરિકોએ તેમની નાગરિક તરીકેની અને સામાજિક જવાબદારીઓ અદા કરવાની હોય છે. સ્ત્રીઓ તેમની નાગરિક તરીકેની તથા કૌટુંબિક ભૂમિકા કુટુંબની આધારશિલા તરીકે નવા સમાજનું ઘડતર કરવાની બહુવિધ ભૂમિકાઓ ભજવી શકે તેવા શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે છે. સ્ત્રીનો દરજ્જો સુધારવા માટે સ્ત્રી બહુવિધ ભૂમિકા ભજવવા સજ્જ બની શકે તેવું શિક્ષણ અગત્યનું છે.

માનવ સંસાધન વિકાસ માટે શિક્ષણ ખૂબ જ અગત્યનું પરિબળ છે. ભારતમાં સ્ત્રીનો દરજ્જો સુધારવા માટે લેવાતાં વિવિધ પગલામાં સ્ત્રી શિક્ષણને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી છે. સ્ત્રીને તેની પરંપરાગત પત્ની અને માતા તરીકેની ભૂમિકા માટે સજ્જ કરવાને બદલે ઉત્પાદક પ્રવૃત્તિમાં પ્રદાન કરવા શક્તિમાન બની શકે એ માટે હવે સ્ત્રી શિક્ષણને ઘણું મહત્ત્વ અપાવા લાગ્યું છે. સમાજમાં પોતાન સ્થાનને ઊંચે લઈ જવા શક્તિમાન બનાવતાં મૂલ્યોનું સિંચન કરે છે. પુરૂષને શિક્ષિત કરવાથી માત્ર એક વ્યક્તિ શિક્ષિત બને છે. સ્ત્રી બે ઘરને શિક્ષિત બનાવે છે. અપરિણીત હોય ત્યારે પોતાના પિતાના ઘરને પ્રગતિ કરાવે છે. પરણીને જ્યારે પતિગૃહે જય છે ત્યારે પતિગૃહે પણ સંસ્કારનું સિંચન કરે છે. આમ સ્ત્રીને શિક્ષણ આપવાથી સમગ્ર કુટુંબો શિક્ષિત બને છે. આ હકીકતનો સ્વીકાર કરીને વિભિન્ન પંચવર્ષીય યોજનાઓમાં સ્ત્રી શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

પ્રથમ પંચવર્ષીય યોજનામાં સ્ત્રી શિક્ષણનાં અવરોધક પરિબળોના નિવારણ માટેનાં પગલાં લેવામાં આવ્યાં. અનુગામી યોજનામાં કક્ષાઓ માટે શિક્ષણની સુવિધાઓ વિસ્તૃત બનાવવામાં આવી. બીજી યોજનામાં શિક્ષણની સુવિધાઓ વિસ્તારવામાં આવી. ત્રીજી યોજનામાં પુખ્તવયની સ્ત્રીઓ માટેના શિક્ષણની યોજના દાખલ કરવામાં આવી. તેના અનુસંધાનમાં રાત્રિ શાળાઓ તથા પ્રૌઢ શાળાઓની શરૂઆત કરવામાં આવી. ચોથી પંચવર્ષીય યોજનામાં શિક્ષણની અનેક સુવિધાઓ અમલમાં મૂકવામાં આવેલ હોવા છતાં સ્ત્રી પુરૂષ વચ્ચેના શિક્ષણમાં વિસંગતતા જણાઈ આવી. આ વિસંગતતાઓ દૂર કરવા માટે પાંચમી યોજનામાં અગાઉના તમામ શૈક્ષણિક સુવિધાઓ ચાલુ રાખવામાં આવી, ઉપરાંત સામાજિક ન્યાય માટે સમાન તકો પૂરી પાડવાનાં પગલાં લેવામાં આવ્યાં.

આયોજનના વિવિધ તબક્કે સ્ત્રી શિક્ષણની પ્રગતિ તથા વિકાસ માટેની યોજનાઓ અમલમાં હોવા છતાં શાળામાં છોકરીઓનું પ્રમાણ ઓછું રહેવા પામ્યું. આ સમસ્યા દૂર કરવાના ઉપાય તરીકે સ્થાનિક છોકરીઓને શિક્ષિકા બનવા માટેનું શિક્ષણ અને તાલીમ પૂરી પાડવા માટે શિષ્યવૃત્તિઓ આપવામાં આવી. આ ઉપરાંત ઓછું ભણેલી છોકરીઓ માટે, ઘરની જવાબદારીને કારણે અધવચ્ચેથી શિક્ષણ છોડી દીધેલ પરિસ્થિતિમાં તેઓ ઘરે બેસીને અભ્યાસ કરી શકે તે માટે પત્રાચાર અભ્યાસક્રમો તથા ઓપન યુનિવર્સિટીનો પ્રારંભ થયો.

છઠ્ઠી યોજનામાં ભારતમાં સ્ત્રીના દરજ્જાવિષયક સમિતિના અહેવાલના સુચનોને અનુલક્ષીને સ્ત્રીશિક્ષણ માટે ખાસ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણના કાર્યક્રમ ઉપર ભાર મૂકવામાં આવ્યો. ઘણી વખત કુટુંબની સૌથી મોટી છોકરી નાના ભાઈ-બહેનોની જવાબદારીને કારણે શિક્ષણ લઈ શકતી નથી. આ પ્રકારની પરિસ્થિતિના નિવારણરૂપે બાલવાડી કમ ઘોડિયાઘરના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

સાતમી યોજનામાં સ્ત્રી-પુરૂષ અસમાનતામૂલક તથા પૂર્વગ્રહ યુક્ત શિક્ષણને દૂર કરવા અભ્યાસક્રમનું પુનઃઘડતર કરવામાં આવ્યું. મફત કન્યા કેળવણીની યોજના અમલમાં મૂકવામાં આવી. આઠમી યોજનામાં અગાઉના તમામ શૈક્ષણિક કાર્યક્રમોને ચાલુ રાખવામાં આવ્યા તથા સ્ત્રી શિક્ષણના વિકાસ માટે નવી યોજનાઓ દાખલ કરવામાં આવી. ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓ માટે અનામતની જોગવાઈ અને ફી માફીની યોજના સ્ત્રી શિક્ષણ માટે સહાયક બની.

આમ, વિવિધ યોજનાઓ દ્વારા, આયોજિત વિકાસ દ્વારા સ્ત્રી શિક્ષણનો વધુને વધુ વિકાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. છેલ્લા છ દાયકાને આધારે આ બાબતને સમજી શકાય.

**સારણી-7.1**

**સ્વતંત્ર ભારતમાં સ્ત્રી-પુરૂષ શિક્ષણની ટકાવારી**

| વર્ષ | પુરૂષોમાં સાક્ષરતાની ટકાવારી | સ્ત્રીઓમાં સાક્ષરતાની ટકાવારી |
|---|---|---|
| 1951 | 27.16% | 8.86% |
| 1961 | 40.40% | 15.35% |
| 1971 | 45.96% | 21.97% |
| 1981 | 56.38% | 29.76% |
| 1991 | 64.13% | 39.29% |
| 2001 | 75.85% | 54.16% |

* Sources – Census of India. 2001.

ભારતમાં સ્ત્રીના શૈક્ષણિક દરજ્જાને સમજવા માટે ગુજરાતમાં સ્ત્રીના શૈક્ષણિક દરજ્જાની ટકાવારી જોઈએ

## સારણી-7.2

### ગુજરાતમાં જિલ્લાવાર શૈક્ષણિક પરિસ્થિતિ

| જીલ્લો | પુરૂષમાં સાક્ષરતા | સ્ત્રીઓમાં સાક્ષરતા |
|---|---|---|
| અમદાવાદ | 86.87 | 71.12 |
| અમરેલી | 77.68 | 57.77 |
| બનાસકાંઠા | 66.71 | 34.54 |
| ભાવનગર | 78.83 | 54.46 |
| ભરૂચ | 83.43 | 65.42 |
| ડાંગ | 71.35 | 48.99 |
| ગાંધીનગર | 87.97 | 71.12 |
| જૂનાગઢ | 79.37 | 56.92 |
| જામનગર | 76.95 | 56.90 |
| કચ્છ | – | – |
| ખેડા | 86.58 | 57.77 |
| મહેસાણા | 86.52 | 63.96 |
| પંચમહાલ | 76.92 | 45.43 |
| રાજકોટ | 83.66 | 67.64 |
| સાબરકાંઠા | 81.17 | 52.85 |
| સુરત | 81.15 | 66.71 |
| સુરેન્દ્રનગર | 75.33 | 48.72 |
| વડોદરા | 80.65 | 61.24 |
| વલસાડ | 78.10 | 59.92 |

* Sources – Census of India, 2001.

ભારત દેશના સમગ્ર રાજ્યમાં સ્ત્રી પુરૂષની શૈક્ષણિક ટકાવારીના આધારે સ્ત્રીઓના શૈક્ષણિક દરજ્જાને તપાસીએ.

વર્તમાન સમયમાં લગ્નક્ષેત્રે પરંપરાગત સામાજિક પ્રતિષ્ઠાના માપદંડ બદલાયા છે. એટલે કે, સંતાનોના લગ્ન માટે પહેલાંના સમયમાં જમીન, મિલકત, સામાજિક પ્રતિષ્ઠા કે મોભાને નિર્ણાયક પરિબળ તરીકે ગણવામાં આવતાં હતાં. તેને બદલે વર્તમાન સમયમાં શિક્ષણ નિર્ણાયક પરિબળ બન્યું છે. જો કે, સ્વ પસંદગીના લગ્નને કાનૂની માન્યતા મળી હોવા છતાં આ લગ્નો એક પ્રથા તરીકે હજી સમાજમાં સ્વીકાર્ય બન્યાં નથી. યોજિત લગ્નપ્રથા સ્ત્રીના જીવનસાથીના પસંદગીના સ્વાતંત્ર્યના અધિકારને ભોગવવામાં બાધક નીવડે છે. હજુ કેટલાક સમાજોમાં આજે પણ 14 થી 15 વર્ષની વયે સ્ત્રીનાં લગ્ન કરવા યોગ્ય ગણવામાં આવે છે. બાળલગ્ન પ્રતિબંધક કાનૂન હોવા છતાં કેટલાક સમાજો જ્ઞાતિગત બંધારણોને આધારે બાળલગ્નો કરે છે.

દહેજ પ્રતિબંધક ધારો અમલીકૃત હોવા છતાં ભારતની ઘણી જ્ઞાતિઓ અને કોમોમાં દહેજપ્રથા પ્રવર્તે છે. આ પ્રથાએ વિકૃત સ્વરૂપ ધારણ કર્યું છે. સ્ત્રીના દરજ્જા ઉપર દહેજને કારણે વિપરીત અસર પડે છે. કુટુંબોમાં મા-બાપ માટે કન્યા જન્મ આર્થિક બોજારૂપ મનાવા લાગ્યો છે. દીકરીનાં લગ્ન કરવાં એ દહેજને કારણે માતાપિતા માટે એક ભારરૂપ પ્રક્રિયા બને છે અને તેથી જ સોનોગ્રાફી દ્વારા ગર્ભમાંથી જ ઉછરી રહેલ બાળાનો ગર્ભપાત કરી નાખવામાં આવે છે. દહેજને એક વિઘાતક બિનજરૂરી પ્રક્રિયા તરીકે ગણવામાં આવે છે. પરંતુ, સામાજિક નીતિનિયમો હેઠળ તથા પોતાની પ્રતિષ્ઠાને બતાવવા માટે આ બાબતોને સમર્થન પણ અપાતું જોવા મળે છે. સ્વતંત્ર ભારતમાં દહેજપ્રથા એક સામાજિક વિઘાતક પરિબળ તરીકે અસ્તિત્વ પામતી જાય છે.

પરંપરાગત સમાજમાં વિધવા પુનઃલગ્નનો વિરોધ થતો હતો. અનેક સામાજિક સુધારકોના પ્રયત્નોથી તથા વિધવા પુનઃલગ્નના કાનૂનને કારણે સ્ત્રીઓના આ દરજ્જામાં પરિવર્તન આવ્યું છે. 1856માં વિધવા પુનઃલગ્નને કાનૂની માન્યતા મળી પરંતુ વિધવા પુનઃલગ્નનો નિષેધ સામાજિક, ધાર્મિક વિચારધારામાં એટલો તો બધો રૂઢ બની ગયો છે કે વિધવા પુનઃલગ્ન રિવાજ બની શક્યો નથી. કેટલીક જ્ઞાતિઓમાં વિધવા પુનઃલગ્નનો સ્વીકાર થાય છે અને કેટલીક જ્ઞાતિઓ પરંપરાગતતાને જડતાથી વળગી રહે છે. જો કે, નર્સ, શિક્ષિકા, સામાજિક કાર્યકર જેવા વ્યવસાયોમાં વિધવા સ્ત્રીઓને પ્રવેશ મળવાથી તેઓ સ્વાવલંબી બને છે. આત્મનિર્ભર બનવાને કારણે વિધવા પ્રત્યેનો પ્રણાલિકાગત દૃષ્ટિકોણ બદલાવા માંડ્યો છે. આધુનિક સમયમાં પણ વિધવા પુનઃલગ્નને સામાજિક સ્વીકૃતિ મળી નથી. વિધુર જેટલી સ્વાભાવિકતાથી પુનઃલગ્ન કરી શકે છે અને તે સમાજ માન્ય ગણાય છે તેટલી સ્વાભાવિકતાથી વિધવા પુનઃલગ્ન કરી શકતી નથી. નાની વયની વિધવાનાં લગ્ન યોજવાનું વલણ વિકસ્યું છે પરંતુ તે હજુ સાર્વત્રિક બન્યું નથી. હજુ વિધવાએ સાદો પોશાક પહેરવાનો, કંકુનો ચાંદલો ન કરવાનો, કાચની બંગડી કે શૃંગાર ધારણ ન કરવાની અપેક્ષા રખાય છે. તેમજ તે ધાર્મિક વિધિમાં ભાગ ન લઈ શકે તેવા પરંપરાગત નિષેધો હજુ અસ્તિત્વ ધરાવે છે. જો કે, વાળ ઉતારવાનો રિવાજ નાબૂદ થતો જાય છે. વિધવા પ્રતિનાં સામાજિક વલણોના અને નિયમોમાં પરિવર્તનો આવ્યાં હોવા છતાં વિધવાઓની દુઃખદ સ્થિતિ સમાજનું કલંક છે.

લગ્ન એ એક પવિત્ર સંસ્કાર છે. પરંતુ ક્યારેક ક્યારેક તેમાં વિકટ પરિસ્થિતિ સર્જાતાં બંનેને છૂટાછેડા લેવા અનિવાર્ય બને છે. સ્વતંત્ર ભારતના 1954માં સ્પેશિયલ મેરેજ એક્ટ તથા 1955ના હિન્દુ લગ્નના કાયદાની જોગવાઈ અનુસાર અમુક શરતો પરિપૂર્ણ થતી હોય તો છૂટાછેડા લઈ શકાય છે. પતિ અને પત્ની બંનેને છૂટાછેડાનો સમાન અધિકાર મળ્યો છે. વર્તમાન સમયમાં પતિ-પત્ની એકબીજાથી તદ્દન પ્રતિકૂળતા અનુભવતાં હોય, બંને સાથે રહી શકવા શક્તિમાન ન હોય, પરસ્પરથી સંપૂર્ણ અસંતુષ્ટ હોય, પરસ્પર પ્રેમનો અભાવ હોય તો સ્ત્રીએ છૂટાછેડા લેવા જોઈએ તેવાં વિચાર- વલણો વિકસ્યાં છે. ભેગા રહેવાનું અશક્ય હોય તો પતિ-પત્ની એકબીજાથી શાંતિથી છૂટાછેડા લેવા હકદાર હોવાં જોઈએ તેવા વિચારોની પ્રધાનતા વધતી જાય છે. આમ, છૂટાછેડા પ્રત્યેના વિચારો અને વલણોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. છૂટાછેડા તથા ભરણપોષણની દાવાના કિસ્સા ઉત્તરોત્તર વધતા જાય છે. એટલું જ નહીં, પણ છૂટાછેડા મેળવનાર સ્ત્રી પોતાની ઇચ્છા હોય તો ગમે તે તબક્કે અને ગમે તે ઉંમરે પુનઃલગ્ન કરી શકે તેવા વિચારોને સમર્થન મળવા લાગ્યું છે.

વર્તમાન સમયમાં મિલકત વારસામાં પણ સ્ત્રીઓના અધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. 1956માં હિન્દુ વારસાધારાથી બધી મિલકતને સ્ત્રીને સંપૂર્ણ માલિક બનાવવામાં આવી છે. આ કાયદાથી મિલકત અને વારસાના હક્કો પત્નીને પુત્ર સમોવડી ગણવામાં આવી છે. વિધવાને

## સારણી-7.3

### ભારતમાં રાજ્યવાર સ્ત્રી-પુરૂષની શૈક્ષણિક ટકાવારી

| રાજ્ય | પુરૂષ સાક્ષરતા | સ્ત્રી સાક્ષરતા |
|---|---|---|
| આંધ્રપ્રદેશ | 71 | 51 |
| આસામ | 72 | 56 |
| બિહાર, ઝારખંડ | 62 | 35 |
| ગુજરાત | 80 | 59 |
| હરિયાણા | 79 | 56 |
| કર્ણાટક | 76 | 57 |
| કેરળ | 94 | 88 |
| મધ્યપ્રદેશ | 77 | 51 |
| મહારાષ્ટ્ર | 86 | 68 |
| ઓરિસ્સા | 76 | 51 |
| પંજાબ | 76 | 64 |
| રાજસ્થાન | 76 | 44 |
| તમિલનાડુ | 82 | 65 |
| ઉત્તરપ્રદેશ | 71 | 44 |
| પશ્ચિમ બંગાળ | 78 | 60 |
| અરૂણાચલ પ્રદેશ | 64 | 44 |
| ગોવા | 89 | 76 |
| હિમાચલ પ્દેશ | 86 | 68 |
| મણિપુર | 78 | 60 |
| મેઘાલય | 66 | 60 |
| મિઝોરમ | 91 | 86 |
| નાગાલેન્ડ | 72 | 62 |
| સિક્કિમ | 77 | 61 |
| ત્રિપુરા | 81 | 65 |
| જમ્મુ અને કાશ્મીર | 66 | 42 |
| સમગ્ર ભારત | 76 | 54 |

* Library rates of 2001 Census.

સ્વતંત્ર ભારતની વિભિન્ન કક્ષાએ સ્ત્રી શિક્ષણ ઝડપથી વિસ્તરતું જાય છે. છતાં, હજુ તે સંતોષકારક નથી. કારણ કે સ્ત્રી શિક્ષણની ટકાવારી પુરૂષ શિક્ષણની ટકાવારી કરતાં ઘણી ઓછી છે. પુરૂષ શિક્ષણ અને સ્ત્રી શિક્ષણની ટકાવારી વગેરેનો તફાવત દર દાયકે ઘટતો જાય છે, તે સ્ત્રીના પરિવર્તન થતા દરજ્જાને સૂચિત કરે છે તથા સ્ત્રી શિક્ષણની પ્રગતિની નોંધપાત્ર ઘટના છે. આ ઘટના સ્ત્રી શિક્ષણને મળતી જતી વધુને વધુ સામાજીક સ્વીકૃતિનો, સ્ત્રીઓને મળતી જતી વધુને વધુ શૈક્ષણિક તકોનો નિર્દેશ કરે છે.

મૃત પતિની મિલકત વારસામાં મળી શકે છે. પોતાની કમાણી ઉપર પોતાનો મિલકત અધિકાર ધરાવી શકે છે. આમ, સ્વતંત્ર ભારતનો કાયદો સ્ત્રીને મિલકત અને વારસાના અધિકાર સંપૂર્ણપણે પુરૂષ સમકક્ષ આપે છે. જો કે, એ બાબતની સ્પષ્ટતા પણ કરવી હશે કે, વ્યવહારમાં હજી સ્ત્રી માટે આ અધિકાર ભોગવવા મુશ્કેલ બને છે. પુત્રી તરીકે સ્ત્રીના મિલકત અધિકારને સામાજિક સ્વીકૃતિ મળી નથી. પુત્રીના વારસા અધિકાર પ્રત્યેના વિચાર વલણોમાં પરંપરાની અસર દેખાય છે. સાથોસાથ આધુનિકતાની અસર પણ દેખાય છે.

## 6.3 આર્થિક ક્ષેત્રે સ્ત્રીનો દરજ્જો

સ્ત્રીનો આર્થિક દરજ્જો સમાજમાં સ્ત્રીના સામાજિક દરજ્જાની સૂચિત કરે છે. ભારતીય સમાજમાં સ્ત્રીનું આર્થિક પરાવલંબન સવિશેષ છે. આ માટે સંસ્થાકીય બંધનો અગત્યનું પરિબળ બને છે. સ્વતંત્ર ભારતમાં બંધારણીય દષ્ટિએ સ્ત્રી માટે પુરૂષની જેમ જ કમાણી માટેના બધા વ્યવસાય-ધંધા ખુલ્લા મૂક્યા અને સ્ત્રીને મિલકત અધિકારો પણ ઉપલબ્ધ બન્યા પરંતુ હજુ ભારતમાં સ્ત્રીયાન્વિત આર્થિક સહભાગીપણું ઓછું છે. આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલ ન હોય તેવી સ્ત્રીઓ આર્થિક રીતે પરાવલંબી હોય છે. આર્થિક પરાવલંબન સ્ત્રીના નીચા દરજ્જાનું કારણ બને છે. આર્થિક પરાવલંબનને લીધે સ્ત્રી પોતાને મળેલા બંધારણીય અને કાનૂની અધિકારો ભોગવવા અશક્તિમાન બની જાય છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓ માટે આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરવાના તમામ દરવાજાઓ ખુલ્લા મુકાયા છે. સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓની વ્યાવસાયિક ભૂમિકાનો સ્વીકાર થયો છે. તેઓ આર્થિક પ્રવૃત્તિ કરીને કમાણી કરે છે તથા ઉચ્ચ જીવનધોરણ પ્રાપ્ત કરે છે. જો કે, એક બાબતની સ્પષ્ટતા કરવાન રહેશે કે સ્ત્રીઓ આર્થિક ઉપાર્જન કરે છે. પરંતુ સંપૂર્ણપણે તેના ઉપભોગનો અધિકાર ધરાવી શકાતી નથી તે પોતાની ઇચ્છા અનુસાર પોતાની કમાણીનો ઉપયોગ કરવા સ્વતંત્ર નથી.

વર્તમાન સમયમાં જીવનવીમો, બેંક-એકાઉન્ટ, બચત યોજના વગેરે સ્ત્રીઓને નાણાંકીય સલામતી પૂરી પાડે છે. સ્ત્રીઓ પોતાના નામે કે સયુક્ત નામે વીમો ધરાવતી થઈ છે. બચત યોજનાઓમાં જોડાવા લાગી છે. નાણાકીય સલામતી ધરાવતી સ્ત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ થવા લાગી છે.

વર્તમાન સમયમાં કુટુંબની આવકને પૂરી કરવા માટે સ્ત્રીએ કામ કરવું જોઈએ કે નોકરી કરવી જોઈએ એવું વલણ વિકાસ પામ્યું છે. આંશિક રીતે સ્ત્રીઓનું કૌટુંબિક સાધનો પર નિયંત્રણ શક્ય બનવા લાગ્યું છે. કુટુંબની આવકની પૂરક બનવા માટે નોકરી કે કામ કરવાની બાબતમાં સ્ત્રીઓ સભાનતા ધરાવતી થઈ છે. આ દષ્ટિએ જોતો સ્ત્રી આર્થિક પરાધીનતાની પરિસ્થિતિમાંથી આંશિક રીતે મુક્ત થવા પ્રયત્ન કરે છે.

## 6.4 ઊપસંહાર

સ્વતંત્ર ભારતમાં કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો સામાજિક ક્ષેત્રે સ્ત્રીનો દરજ્જો, શૈક્ષણિક ક્ષેત્રે સ્ત્રીઓના દરજ્જાના ચર્ચા પરથી સ્ત્રીઓના દરજ્જાનો એક રૂપરેખા મળે છે. આ સાથે આધુનિક યુગ રાજકીય સમાનતાનો યુગ પણ છે. રાજકીય સહભાગીપણું સામાજિક દરજ્જામાં પરિવર્તન લાવે છે. કારણ કે તે ઊર્ધ્વગામી ગતિશીલતાનાં દ્વાર ખોલી આપે છે. સ્વતંત્ર ભારતમાં સ્ત્રી શિક્ષણ પુખ્ત વય મતાધિકાર, શહેરીકરણ, આધુનિકીકરણ, પંચાયતીરાજની સ્થાપના વગેરે પરિબળોએ સ્ત્રીઓના રાજકીય સહભાગીપણા પ્રત્યે પરંપરાગત વલણોમાં પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. નિર્ણય સ્વાતંત્ર્યના અધિકારના ભવિષ્ય માટે સ્ત્રીઓએ પણ ચૂંટણીમાં મતદાન કરવું જોઈએ તેવો વિચાર વિકસવા લાગ્યો છે. આમ છતાં સ્ત્રીના રાજકીય સહભાગીપણા અંગેનાં પરંપરાગત વલણો હજુ ટકી રહ્યાં છે.

સ્ત્રીનો સામાજિક દરજ્જો એક એક સંયુક્ત ખ્યાલ છે. સ્ત્રી કુટુંબમાં વિવિધ હેતુલક્ષી ભૂમિકા ભજવે છે. તેની પરંપરાગત ભૂમિકામાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. છતાં તેની પરંપરાગત ભૂમિકા પણ ટકી રહી છે અને સ્ત્રી બેવડી ભૂમિકાના બોજા તળે તંગદિલી અનુભવી રહી છે. સ્ત્રીની ભૂમિકા પરિવર્તનોએ તેના કૌટુંબિક દરજ્જામાં સુધારો કર્યો છે. સ્ત્રીના સ્વાતંત્ર્યમાં વૃદ્ધિ થઈ છે. તેમજ સમાનતા આપવામાં પણ વૃદ્ધિ થઈ છે. સ્ત્રીઓનું આર્થિક પરાવલંબન એક યા બીજા સ્વરૂપે ઓછા વત્તા અંશે ટકી રહ્યું છે. તેની પોતાની કમાણી ઉપર સ્વાધિકાર સંપૂર્ણ બન્યો નથી. સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો તથા આરોગ્ય વિષયક દરજ્જો અને રાજકીય દરજ્જાની ચર્ચા અલગ અલગ પ્રકરણોમાં કરીશું.

ઉચ્ચ કારકિર્દી વિષયક શિક્ષણમાં સ્ત્રીઓની સંખ્યા અને ટકાવારીમાં વૃદ્ધિ થવા પામી છે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તથા વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ઇજનેરી, કમ્પ્યુટર, તબીબી, સંચાલન વગેરે તમામ ક્ષેત્રના ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓ શિક્ષણ મેળવી રહી છે. આ બાબત જ સ્ત્રીઓના ઉચ્ચ શક્ષણને તેમજ તમામ ક્ષેત્રના સ્ત્રી શિક્ષણને વિશાળ સામાજિક સ્વીકૃતિનો નિર્દેશ કરે છે.

સ્ત્રીઓના શિક્ષણની જ્યારે વાત કરવામાં આવે ત્યારે સ્ત્રીના શૈક્ષણિક દરજ્જાને કેટલીક પ્રાચીન પરંપરાઓ વર્ણ વ્યવસ્થાની અસર હજી પણ કંઈક અંશે જોવા મળે છે અને ઉચ્ચ અને મધ્યમ જ્ઞાતિઓની તુલનામાં અનુસૂચિત જ્ઞાતિઓ અને આદિવાસી સમાજોમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઓછું છે. પુરૂષ સ્ત્રી શિક્ષણમાં શહેરી અને ગ્રામીણ સમાજમાં, વિભિન્ન જ્ઞાતિઓમાં તેમજ રાજ્યોમાં સ્ત્રી શિક્ષણમાં વિષમતા જોવા મળે છે.

## 7.3 સ્ત્રી સાક્ષરતાની સ્ત્રીના દરજ્જા પર અસર :

સ્વતંત્ર ભારતે કલ્યાણ રાજ્યનો અભિગમ સ્વીકાર્યો છે. સમાનતામૂલક બંધારણ અમલમાં મૂક્યું છે. સ્ત્રી અને પુરૂષ વચ્ચેના જૈવિક તફાવતને બંધારણ સ્વીકારતું નથી. સ્ત્રી અને પુરૂષને સમાન તક અને સમાન હક આપે છે. પરિણામે સ્ત્રીઓને શિક્ષણની તક પ્રાપ્ત થઈ. કોઈપણ શરૂઆતના વિકાસમાં જે તે રાષ્ટ્રનો સાક્ષરતાદર મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે શિક્ષણ એ પરિવર્તનનું પ્રવાહક છે. સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્તિનો તથા પુરૂષ સમકક્ષ શિક્ષણ પ્રાપ્તિના અધિકારને કારણે સ્ત્રીના દરજ્જા પર તેની અસર પડી છે.

પ્રાચીન સમયમાં સ્ત્રી સ્વતંત્ર રીતે નિર્ણય શક્તિથી, અધિકારો અને તકોના ભોગવટાથી વંચિત રહેતી, પોતાની જાતનું સ્વમૂલ્યાંકન ઓછું આંકતી. શિક્ષણનું જેમ જેમ સાર્વત્રીકરણ થતું જાય છે. તેમ તેમ સ્ત્રી શિક્ષણ વધતું જાય છે. શિક્ષણને કારણે સ્ત્રીઓ માટે વ્યાવસાયિક ભૂમિકા શક્ય બની છે. શિક્ષણે સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય પૂરું પાડી આર્થિક પરાધીનતામાંથી મુક્ત કરવામાં ફાળો આપ્યો છે. આર્થિક પરાધીનતા દૂર થવાને કારણે તે આત્મનિર્ભર તથા સ્વમાનભેર જીવન જીવવા સમર્થ બની છે. સ્ત્રીની સમસ્યાઓમા મહદ્અંશે આર્થિક પરાધીનતા મહત્ત્વની હતી. આર્થિક પરાધીનતામાંથી આત્મનિર્ભરતા, સ્વાવલંબની યાત્રા સ્ત્રી માટે આત્મસન્માન આપનારી સાબિત થઈ છે. વિધવા, ત્યક્તા, છૂટાછેડા લીધેલ કે અપરિણીત બહેનો વ્યાવસાયિક ભૂમિકા દ્વારા સમાજમાં સન્માનનીય સ્થાન પ્રાપ્ત કરી શકે છે. આજીવિકા માટે પુરૂષો ઉપર આધારિત રહેવાનું પ્રમાણ ઘટ્યું છે.

નિરક્ષરતાને કારણે સ્ત્રીનું વ્યક્તિત્વ પાંગળું બનતું તથા સ્વતંત્ર નિર્ણયશક્તિનો વિકાસ થતો નહીં. શિક્ષણે સ્ત્રીના વ્યક્તિત્વને સ્વતંત્ર રીતે ખીલવ્યું છે. શિક્ષણે સ્ત્રીને સર્વાંગી વિકાસની તકો પૂરી પાડી છે. શિક્ષણ દ્વારા સ્ત્રીઓએ જે ક્ષેત્રોમાં પ્રવેશ કર્યો છે. તે તમામ ક્ષેત્રોમાં પોતાની શક્તિ અને સામર્થ્ય દાખવ્યાં છે. પુરૂષોને સમકક્ષ કાર્યોમાં તે શ્રેષ્ઠ સાબિત થઈ છે અને તે દ્વારા પોતાની જાત અંગેનો તથા સમાજમાં પોતાના સ્થાન અંગેનો દૃષ્ટિકોણ પણ બદલાયો છે. સમાજમાં પોતાની ભૂમિકા અને સમાજમાં પોતાના સ્થાન અંગે નવા પરિમાણોથી વિચારવા લાગી છે. તેની બૌદ્ધિક અને વૈચારિક જાગૃતિએ પોતે માનવ છે તથા તમામ હક્કોની અધિકારિણી છે તે પ્રકારની વિચારસરણીનો ઉદ્‌ભવ કર્યો છે.

શિક્ષણ એ સામાજિક ગતિશીલતાને પ્રોત્સાહન પૂરું પાડતું પરિબળ છે. તે સામાજિક ગતિશીલતાનું દ્વાર અને સાધન બની રહે છે. શિક્ષણે સ્ત્રીઓમાં સુષુપ્ત પડી રહેલ ઉચ્ચ દરજ્જાની પ્રાપ્તિની ભૂખ અને ઝંખના જગાડી છે. શિક્ષણ સ્ત્રીને કુટુંબ બહારના વિભિન્ન દરજ્જા પ્રાપ્ત કરવા તરફ દોરી જાય છે. મહિલા મંડળ, સ્ત્રી સંગઠન, રાજકીય પક્ષ, ક્લબ વગેરેમાં તેણે સભ્યપદ મેળવ્યું છે. વિવિધ રીતે શિક્ષણે સ્ત્રીની મનોકામનાને જગાડીને તેના પ્રાપ્તીકરણ માટેના રાહની રાહગીર બનાવી છે.

શિક્ષિત સ્ત્રીઓ પોતાના સામાજિક, આર્થિક, રાજકીય, વ્યાવસાયિક ક્ષેત્રોમાં પોતાના અધિકારોથી જાગૃત બની છે. શિક્ષિત સ્ત્રીઓ હવે સમાનતા અને સ્વાતંત્ર્યનો દાવો કરવા લાગી છે. હક્કોને મર્યાદિત કરતી કે તકોથી વંચિત રાખતી પરિસ્થિતિઓ સામે અવાજ ઉઠાવવા લાગી છે. હક્કો પ્રત્યેની સભાનતાને કારણે શિક્ષિત સ્ત્રીઓ શોષણ સામે રક્ષણ પ્રાપ્ત કરી શકે છે

તેમજ હક્કો ભોગવવાનું સામર્થ્ય કેળવવા પ્રયત્નશીલ બની છે.

'સ્ત્રીનું સ્થાન ઘરની ચાર દીવાલોમાં' કે 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' આ પ્રકારના પરંપરાગત ખ્યાલને આજની શિક્ષિત સ્ત્રીએ બદલી નાખ્યો છે. સ્ત્રીને બહુવિધ ભૂમિકા ભજવવા માટે શક્તિમાન બનાવવામાં શિક્ષણે અગત્યનો ભાગ ભજવ્યો છે. અપરિણીત સ્ત્રી શિક્ષણની મદદથી કુટુંબમાં વધુ સ્વાતંત્ર્ય ભોગવે છે. શિક્ષિત સ્ત્રી ચાહે તો વ્યાવસાયિક ભૂમિકા કરીને આજીવન અપરિણીત રહીને સન્માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. વ્યવસાય કરતી સ્ત્રી કુટુંબમાં વધુ આર્થિક સ્વાતંત્ર્ય ભોગવી શકે છે. કુટુંબમાં શિક્ષિત સ્ત્રીના વિચારો અને નિર્ણયોને લક્ષમાં લેવાનું પ્રમાણ વધતું જાય છે. આમ કૌટુંબિક નિર્ણયોમાં સ્ત્રી હવે નિર્ણયાત્મક ભૂમિકા અદા કરવા લાગી છે. પતિ પણ પોતાની શિક્ષિત પત્નીના મતની સામાન્ય રીતે અવગણના કરી શકતો નથી. પતિ શિક્ષિત પત્નીને જીવનસાથીના સ્વરૂપમાં સ્વીકારે છે. માત્ર પત્નીની ભૂમિકાને પ્રાધાન્ય ન આપતાં તે સાચા મિત્રની શોધ ઝંખે છે.

શિક્ષણને કારણે સ્ત્રીઓની લગ્નવય સહજ રીતે જ ઊંચી આવી છે. શિક્ષિત સ્ત્રી જીવનસાથીની પસંદગીનું સ્વાતંત્ર્ય ભોગવવા શક્તિમાન બની છે. શિક્ષણે સ્ત્રીઓના જીવનસાથીની પસંદગીના ખ્યાલો બદલ્યા છે. સ્વપસંદગીનો ખ્યાલ વધુ ને વધુ પ્રાધાન્ય પામતો જાય છે. શિક્ષિત સ્ત્રી પતિને પરમેશ્વર તરીકે સ્વીકારવા તૈયાર નથી. તે જીવનસાથીમાં કાર્યકુશળતા, બૌદ્ધિકતા, સજ્જનતા તથા સંભાળ લેવાની વૃત્તિને મહત્ત્વ આપવા લાગી છે. પરંપરાગત જ્ઞાતિ, કૌટુંબિક પ્રતિષ્ઠા વગેરે જેવા લગ્ન અંગેના માપદંડો બદલાયા છે. સ્ત્રી પોતાની જિંદગીના નિર્ણયો પોતે લેતી થઈ છે. શિક્ષિત સ્ત્રી પોતાની પસંદગી અનુસાર પુખ્તવયે લગ્ન કરતી હોવાથી કુટુંબ જીવનમાં સમાન દરજ્જાનો આગ્રહ રાખે છે. પતિ-પરમેશ્વરના ખ્યાલની જગ્યાએ પતિ સાથી અને મિત્ર છે તેવો ખ્યાલ ધરાવતી થઈ છે. શિક્ષિત સ્ત્રી લગ્ન બાદ દાંમ્પત્યજીવનમાં અનુકૂલન સાધવામાં પોતાના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ કરી દામ્પત્યજીવન અને કુટુંબજીવનને વધુ સક્ષમ બનાવી શકે છે. પરંતુ જ્યારે શિક્ષિત સ્ત્રીને એમ લાગે કે પતિ સાથે કોઈ અનુકૂલન સાધી શકાય એમ નથી પરસ્પર વિશ્વાસ નથી અથવા તો પતિ અસહકાર, વિશ્વાસઘાત કરે તો સ્ત્રી તેને સહન કરવાને બદલે પરસ્પર સંમતિથી છૂટાછેડા પણ લે છે. નિરક્ષરતાને કારણે તે અધિકારોથી અજાગ્રતતા કે આર્થિક રીતે પરાવલંબી હતી, તેથી છૂટાછેડાનો માર્ગ લેતા અચકાતી હતી. તે અત્યાચારો જિંદગીભર સહન કરતી. પરંતુ વર્તમાન સમયની શિક્ષિત સ્ત્રી અધિકારો વિશે અજાગ્રત પણ નથી તથા આર્થિક પરાવલંબી પણ નથી તેથી તે અત્યાચારનો સામનો કરે છે. શિક્ષણે સ્ત્રીને આત્મનિર્ભર બનવા શક્તિમાન બનાવી હોવાથી છૂટાછેડા લે । અને પુનર્લગ્ન કરવાના વિકલ્પને પસંદગી આપવા લાગી છે.

શિક્ષિત સ્ત્રીઓ જાહેર પ્રવૃત્તિઓ જેવી કે સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતી થઈ છે. જાહેર પ્રવૃત્તિઓમાં સહભાગી બનવાને લીધે સ્ત્રીઓના જાહેર સંપર્કો વધ્યા છે. જાહેર સંપર્કોને કારણે સ્ત્રીને પોતાની શક્તિઓ, કાર્યદક્ષતા, કૌશલ્યો તથા વિચારોને અભિવ્યક્ત કરવાની તક મળી છે. સ્ત્રીઓના વ્યક્તિત્વને નવો ઘાટ મળવા લાગ્યો છે. સ્ત્રીઓમાં રાજકીય જાગૃતિ પણ વિકસી છે. પોતાના રાજકીય અધિકારો પ્રત્યેનું સભાનપણું વધતું જાય છે. આ ઉપરાંત રાજકીય રીતે સ્ત્રી અનામતની જોગવાઈને કારણે ઘણી સ્ત્રીઓ રાજકારણમાં પણ પ્રવેશવા લાગી છે. સ્ત્રીમાં નેતૃત્વના ગુણોનો વિકાસ થયો છે. તે રાજકીય પક્ષોની સ્ત્રી પાંખોમાં, સ્ત્રી-સંગઠન તરીકેની ચૂંટણીમાં પ્રચારક તરીકેની ભૂમિકા ભજવે છે.

શિક્ષિત સ્ત્રી આધુનિક વિચારો અને મૂલ્યોના રંગથી રંગાયેલી હોય છે. શિક્ષણે સ્ત્રીઓમાં સમાનતા, સ્વાતંત્ર્ય, બિનસાંપ્રદાયિકતા, ઊંચા જીવનની મહત્વાકાંક્ષા, સામાજિક ગતિશીલતા, વૈજ્ઞાનિક વલણ, તાર્કિકતા, વિવેકવાદ જેવા આધુનિક મૂલ્યોનું સિંચન કર્યું છે. આ બધા ગુણો સ્ત્રીના વ્યક્તિત્વના ભાગરૂપ બની ગયા છે. શિક્ષિત સ્ત્રી પોતાના સમગ્ર કુટુંબને શિક્ષિત કરે છે. સ્ત્રી શિક્ષણ નવી પેઢીનું આધુનિકરણ કરનારું મહત્ત્વનું પરિબળ બની રહે છે. શિક્ષિત સ્ત્રીઓ સંતાનોમાં આધુનિક વિચારો અને મૂલ્યોનું સિંચન કરે છે. સંતાનોના જીવનમાં મહત્ત્વાકાંક્ષાનું નિર્માણ કરે છે. દરજ્જા પ્રાપ્તિની ઝંખના જગાડે છે. સમાનતા, સ્વાતંત્ર્ય બિનસાંપ્રદાયિકતા જેવા મૂલ્યોનું સિંચન કરે છે. શિક્ષિત સ્ત્રીઓ નાના કુટુંબના ધોરણનો સ્વીકાર કરે છે.

શિક્ષિત સ્ત્રીઓ અશિક્ષિત સ્ત્રીઓની પ્રેરણામૂર્તિ બને છે. શિક્ષિત સ્ત્રી પુત્ર-પુત્રીના ઉછેરમાં અસમાનતા રાખતી નથી. આ જોઈને અશિક્ષિત સ્ત્રીઓમાં પણ પુત્ર-પુત્રીમાં સમાનતા

દાખવતી બની છે. શિક્ષિત સ્ત્રીના જીવનવ્યવહારો, જીવનશૈલીનું અશિક્ષિત સ્ત્રીઓ અનુકરણ કરે છે. શિક્ષિત સ્ત્રીએ અપનાવેલ "નાનું કુટુંબ સુખી કુટુંબ" તથા સુખી કુટુંબ તથા સંતાનો અને માતાપિતાના વ્યવહારો જોઈને. અશિક્ષિત સ્ત્રીઓ પણ નાના કુટુંબનું ધોરણ સ્વીકારતી થઈ છે. શિક્ષણ જીવનને નવી રીતે જીવવાની તરાહ આપે છે. શિક્ષણથી સ્ત્રીમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવાની બુદ્ધિ અને કૌશલ્યો વિકસે છે. સમસ્યાને સમજવાની તેમજ તેને ઉકેલવાની તેનામાં સૂઝ આવે છે. જીવનને તે બોજા તરીકે ન લેતાં જીવનને આનંદમયી પ્રવૃત્તિ તરીકે સ્વીકારે છે. જીવનના દરેક પડકારોને તે પોતાની બૌદ્ધિક શક્તિને આધારે પહોંચી વળે છે.

## 7.4 સારાંશ :

સ્ત્રી શિક્ષણ સ્ત્રીના જીવનનાં દરેક ક્ષેત્રોમાં નિર્ણય કરવાની, સત્તા મેળવવા જેવી બાબતોમાં તેમને અધિકાર બક્ષવામાં એક નિર્ણાયક પરિબળ બને છે. સ્ત્રીઓને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. પ્રાચીન સમયમાં સ્ત્રીઓના શિક્ષણ પ્રવેશ પર નિષેધ પ્રવર્તતો હતો. બ્રિટિશ સમય દરમ્યાન સમાજસુધારકો તથા બ્રિટિશરોના સંયુક્ત ઉપક્રમે સ્ત્રીશિક્ષણનાં દ્વાર ખુલ્લાં થયાં. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ બંધારણમાં સ્ત્રીઓને પુરૂષ સમકક્ષ સમાનતાના અધિકાર આપ્યો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ સ્ત્રીઓ માટે દરેક ક્ષેત્રનાં દ્વાર ખુલ્લાં થયાં. શિક્ષણે સ્ત્રીઓને આર્થિક સ્વનિર્ભરતા આપી. શિક્ષણે સ્ત્રીઓની સુષુપ્ત મહત્ત્વાકાંક્ષાઓને જગાડીને વિકાસની પ્રેરણા આપી. જો કે સ્ત્રી શિક્ષણના વિકાસને વાસ્તવિકતાની રીતે પણ જોવો જોઈએ. આજનો શિક્ષિત પુરુષ શિક્ષિત જીવનસાથી માગે છે. તેથી સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. એમ પણ કહી શકાય કે માંગ અને પુરવઠાના સિદ્ધાંત પ્રમાણે પરિવર્તન આવ્યું છે. આમ એક નક્કર વાસ્તવિકતાનો સ્વીકાર તો ચોક્કસ કરવો જ પડશે કે આજની સ્ત્રીનો શૈક્ષણિક વિકાસ અંતે તો પુરુષના પરિઘમાં થયેલો છે, એટલે કે પુરૂષને કેન્દ્રમાં રાખીને વિકાસ કર્યો છે.

# એકમ 8 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓનો રાજકીય દરજ્જો


8.1 પ્રસ્તાવના

8.2 સ્ત્રીઓનો રાજકીય દરજ્જો

8.3 સારાંશ


## 8.1 પ્રસ્તાવના:

બંધારણના આર્ટિકલ 15 થી લિંગના પાયા પર આધારિત તમામ અસમાનતાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારતીય બંધારણ તેના આમુખમાં તેમજ મૂળભૂત હક્કોમાં સ્ત્રી પુરુષ સમાનતાની બાંહેધરી આપે છે. બંધારણમાં મહિલાઓ માટે વિકાસની સમાન તકોની બાંહેધરી સાથોસાથ રાજકીય, સામાજિક અને આર્થિક હક્કો પણ બક્ષવામાં આવ્યા છે. ભારતીય બંધારણે ભારતના બધા જ નાગરિકોને ધર્મ, જ્ઞાતિ, પ્રદેશ, ભાષા કે જન્મના આધારે કોઈપણ અસમાનતા સહન નહિ કરવા પડે તેવી વ્યક્તિને બાંહેધરી આપી છે.

સ્વતંત્ર ભારતનું બંધારણ સ્ત્રી-પુરુષ બંનેને સમાન રીતે પુખ્ત મતાધિકાર આપે છે. તેમજ સ્ત્રીને ગ્રામપંચાયતથી માંડીને લોકસભા સુધીના તમામ ક્ષેત્રોની ચૂંટણીમાં મતદાનનો અને ઉમેદવારી કરવાનો તથા પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવવાનો અધિકાર આપે છે. સ્ત્રીઓની સહભાગીતા માટે રાજકીય કાર્યમાં સામેલગીરી માટે 73 મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો. સ્ત્રીઓ માટે અનામતની જોગવાઈ કરવામાં આવી. પ્રસ્તુત પ્રકરણમાં સ્ત્રીઓનાં રાજકીય દરજ્જાની ચર્ચા કરીશું.

## 8.2 સ્ત્રીઓનો રાજકીય દરજ્જો:

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદના સમયની સ્ત્રી નેતાગીરી સ્વાતંત્ર્ય ચળવળમાં સહભાગીપણાનો અનુભવ ધરાવતી હતી. આમાંની કેટલીક સ્ત્રીઓએ સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ સ્ત્રીના સ્થાનની સુધારણા માટેના સામાજિક કાયદા માટે લોકમતનું ઘડતર કરવામાં અગત્યની ભૂમિકા ભજવી છે. સ્ત્રીઓના રાજકીય દરજ્જામાં કેટલીક વિશિષ્ટ જોગવાઈઓએ અગત્યની ભૂમિકા ભજવી. 1992 ડિસેમ્બરમાં 73 અને 74મા બંધારણીય સુધારાથી પંચાયતીરાજ તથા મ્યુનિસિપાલિટીઓને બંધારણીય માન્યતા મળી. ગ્રામપંચાયતથી માંડીને લોકસભા સુધીના તમામ ક્ષેત્રોની ચૂંટણીમાં મતદાનનો અને ઉમેદવારી કરવાનો અધિકાર સ્ત્રીને મળ્યો.

''સ્ત્રીઓને રાજકીય દરજ્જો એટલે સત્તામાં તેમની ભાગીદારી અને સત્તા ચલાવવામાં તેમજ તેનું સ્વરૂપ નક્કી કરવામાં સ્ત્રીઓને સાંપડતી સ્વતંત્રતા અને સમાનતાની જેટલી માત્રા એટલો તેમનો રાજકીય દરજ્જો. જાહેર બાબતો અંગે નિર્ણય લેવાની સત્તા, સ્વતંત્રતા અને સમાનતાના માપ વડે જે તે વ્યક્તિનો દરજ્જો નક્કી કરી શકાય છે.'' રાજકીય હક્કો અને દરજ્જાને સામાન્ય રીતે દરજ્જાની સમાનતા અને તક મેળવવાના તેમજ સામાજિક, આર્થિક અને રાજકીય વ્યાપ મેળવવાનાં સાધનો ગણાય છે. સ્વતંત્ર ભારતના બંધારણે સર્વ નાગરિકોને મૂળભૂત અધિકાર તરીકે રાજકીય અને કાનૂની સમાનતાની ઘોષણા કરી. બંધારણની જોગવાઈઓને મૂર્તિમંત કરવા 1951ના લોકપ્રતિનિધિત્વ ધારાથી સ્ત્રી-પુરૂષને સમાન રીતે ગ્રામપંચાયતથી માંડીને સંસદ સુધીનાં તમામ ક્ષેત્રોની ચૂંટણીમાં મતદાનનો તથા ચૂંટણીમાં લોકપ્રતિનિધિત્વનો અધિકાર મળ્યો હોવા છતાં સ્ત્રીઓનું સ્ત્રી સભ્યોની સંખ્યાનું પ્રમાણ ઓછું રહેવા પામ્યું છે.

## સારણી 8.1

### લોકસભામાં ચૂંટાયેલા સ્ત્રી સભ્યો

| ચૂંટણી ક્રમ | લોકસભા | કુલ બેઠક | સ્ત્રી સભ્યોની સંખ્યા | કુલ સંખ્યામાં સ્ત્રી સભ્યોની ટકાવારી |
|---|---|---|---|---|
| 1952 | પહેલી | 499 | 22 | 4.4 |
| 1957 | બીજી | 500 | 27 | 5.4 |
| 1962 | ત્રીજી | 503 | 34 | 6.7 |
| 1967 | ચોથી | 523 | 31 | 5.9 |
| 1971 | પાંચમી | 521 | 22 | 4.2 |
| 1977 | છઠ્ઠી | 544 | 19 | 3.4 |
| 1980 | સાતમી | 524 | 28 | 5.3 |
| 1984 | આઠમી | 517 | 27 | 8.1 |
| 1989 | નવમી | 517 | 27 | 5.2 |
| 1991 | દસમી | 544 | 39 | 7.4 |
| 1996 | અગિયારમી | 545 | 39 | 7.3 |

*Source – Gujarat Sanvidhan

ઉપર્યુક્ત સારણીમાં દૃષ્ટિગોચર થાય છે કે સ્ત્રીઓને મતદાન અને ચૂંટાઈ આવવાના મળેલ પુરૂષ સમકક્ષ અધિકારનો ભોગવટો કે ઉપયોગ બહુ ઓછી સ્ત્રીઓ દ્વારા થાય છે. મતદાન અધિકારના ઉપયોગની ટકાવારી પણ જોઈએ.

## સારણી 8.2

### લોકસભામાં મતદાનની ટકાવારી

| સામાન્ય ચૂંટણી | વર્ષ | પુરૂષો | સ્ત્રીઓ | કુલ |
|---|---|---|---|---|
| પહેલી | 1952 | – | – | 61.2 |
| બીજી | 1957 | – | – | 62.2 |
| ત્રીજી | 1962 | 63.31 | 46.63 | 55.42 |
| ચોથી | 1967 | 66.73 | 55.48 | 61.33 |
| પાંચમી | 1971 | 60.90 | 49.11 | 55.29 |
| છઠ્ઠી | 1977 | 65.63 | 54.91 | 60.49 |
| સાતમી | 1980 | 62.16 | 51.22 | 56.42 |
| આઠમી | 1984 | 68.18 | 58.60 | 63.56 |
| નવમી | 1989 | 66.13 | 57.32 | 61.95 |
| દસમી | 1991 | 61.58 | 51.35 | 56.93 |
| અગિયારમી | 1996 | 62.06 | 53.41 | 57.94 |
| બારમી | 1998 | 65.72 | 57.88 | 61.97 |
| તેરમી | 1999 | 63.97 | 55.64 | 59.99 |

ઉપર્યુક્ત સારણીમાં દૃષ્ટિગોચર થાય છે કે સ્ત્રી પુરૂષને મતદાનના સમાન અધિકાર મળેલ હોવા છતાં તેઓ તેનો ભોગવટો ખૂબ ઓછો કરી શકે છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ગ્રામપંચાયતથી માંડીને લોકસભામાં જે કોઈ સ્ત્રીઓ ચૂંટાઈ આવે છે તેમાંથી બહુ ઓછી સ્ત્રીઓ ઉચ્ચ કક્ષાના સત્તાસ્થાનો પ્રાપ્ત કરવા શક્તિમાન બને છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિની શરૂઆતથી જ રાજ્યકક્ષાએ 2 સ્ત્રીઓએ ગવર્નર તરીકે, 2 સ્ત્રીઓ ચીફ મિનિસ્ટર તરીકે, 1 સ્ત્રીએ સ્પીકર તરીકે અને 1 સ્ત્રીએ ડેપ્યુટી સ્પીકર તરીકેના હોદ્દા પ્રાપ્ત કર્યા છે. 1952માં કેન્દ્રકક્ષાએ 13 સ્ત્રીઓએ મિનિસ્ટરનો હોદ્દો પ્રાપ્ત કર્યો છે. શ્રીમતી ઇન્દિરા ગાંધીએ દેશને શક્તિશાળી, ગતિશીલ અને પ્રભાવશાળી નેતૃત્વ પૂરું પાડ્યું છે. શ્રીમતી ઇન્દિરાગાંધી વડાપ્રધાન બન્યા પછી કેન્દ્રની પાર્લામેન્ટ અને રાજ્યની વિધાનસભાઓમાં અનુક્રમે 95 અને 195 સ્ત્રીઓએ રાજકીય હોદ્દો મેળવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જોઈએ તો વિશ્વની સંસદોમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ માત્ર 11 ટકા છે. માત્ર 7 ટકા મહિલાઓ મંત્રી બની છે. યુનોમાં 185 દેશો સભ્યો છે. તેમાં માત્ર 7 દેશોના યુનો માટે કાયમી પ્રતિનિધિઓ સ્ત્રીઓ છે. રાજકીય સત્તાનાં ઉચ્ચ સ્થાનો ધરાવતી સ્ત્રીઓની સંખ્યા નહિવત્ છે. તેમ છતાં બીજા રાષ્ટ્રોની સરખામણીમાં ભારતીય નારીનું રાજકીય સ્થાન ઊંચુ રહેવા પામ્યું છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદના તરતના સમયની સ્ત્રી નેતાઓ સ્વાતંત્ર્ય ચળવળમાં સહભાગીપણાનો અનુભવ ધરાવતી હતી. આમાંની કેટલીક સ્ત્રીઓએ સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ સ્ત્રીના સ્થાનની સુધારણા માટેના સામાજિક કાયદા માટે લોકમતનું ઘડતર કરવામાં અગત્યની ભૂમિકા ભજવી છે.

## 8.3 સારાંશ:

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સ્ત્રીઓને રાજકીય અધિકારો વધુને વધુ પ્રાપ્ત થયા છે. ૭૩મા બંધારણીય ચુકાદા દ્વારા સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ વધ્યું છે. તેમ છતાં સ્ત્રીઓ પોતાના અધિકારોના ભોગવટો નહિવત્ કરી રહેલ જોવા મળી છે. જો કે સ્ત્રી ઉમેદવારો પોતાની ભૂમિકાને લોકપ્રતિનિધિ તરીકે જોવા લાગી છે. લોકપ્રતિનિધિ તરીકે સ્ત્રીઓ રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાનું મહત્ત્વ ધરાવતા પ્રશ્નોમાં વિશેષ રસ લે છે. કુલ મતદારોમાંથી ૫૦ ટકા મતદારો સ્ત્રીઓ છે. પરંતુ તેઓ પોતાની શક્તિથી સભાન નથી. સ્ત્રી મતદારો સ્ત્રી ઉમેદવારો જીતાડી શકે છે. ઘણી વખત સ્ત્રીઓ દ્વારા જ સ્ત્રી ઉમેદવાર પરાજિત થાય છે. અહીં, જ્ઞાતિ કે ધર્મ પ્રભાવી પરિબળ પણ બની રહે છે. આ ઉપરાંત સ્ત્રી મતદારો પુરૂષોના દોરવણી નીચે મતદાન કરે છે. સ્ત્રી ઉમેદવાર પુરૂષ ઉમેદવાર કે પક્ષના પીઠબળ વિના સ્વતંત્ર રીતે ઉમેદવારી કરી શકે અને ચૂંટણી જીતી શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું નથી. સ્ત્રીઓનો રાજકીય ક્ષેત્રે પ્રવેશ મંદ અને મર્યાદિત રહેવા પામ્યો છે.

સત્તા માળખામાં સ્ત્રીઓને ભાગીદાર અવશ્ય બનાવવામાં આવી છે, પરંતુ સત્તાનું કેન્દ્રીયકરણ પુરૂષોના હાથમાં રહેલું છે. ક્યારેક ક્યારેક તો સ્ત્રીઓ માત્ર રબ્બર સ્ટેમ્પ બનેલી પણ જોવા મળે છે. આમ, રાજકીય ક્ષેત્રે સ્ત્રીનો દરજ્જો આધુનિક સમયમાં ઉન્નત બન્યો છે, પરંતુ રાજકીય ક્ષેત્રે સર્વ નિર્ણાયક બાબતોમાં સ્ત્રીનો નિર્ણય અંતિમ તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થઈ શક્યું નથી.

# NOTES

# NOTES

# NOTES

## 2.2 વેદકાલનો અનુગામી સમયઃ

વેદકાલનો અનુગામી સમય ઈ.સ. પૂર્વે 800 વર્ષથી ઈ.સ. 200 વર્ષ સુધીનો એટલે કે લગભગ 1000 વર્ષનો ગણી શકાય. આ સમય દરમિયાન સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન આવ્યું. ધર્મસૂત્રો, મનુસંહિતા, મહાકાવ્યો અને કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આ સમયમાં આવેલા પરિવર્તનોની ઝાંખી કરાવે છે. આ સમયગાળામાં વેદકાલીન સમાજમાં પ્રવર્તની સામાજિક ગતિશીલતા ધીમે ધીમે ઓછી થતી જાય છે. સ્ત્રીઓ માટે સામાજિક વિચારસરણી તેમજ કાયદાની દૃષ્ટિએ પરતંત્રતા સૂચક વિધાનોનું મંડાણ આ સમાજમાં શરૂ થઈ ગયું હતું. સ્ત્રીઓ તથા શુદ્રો માટે ભક્તિ જ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે એવું સૂચન કરીને સમાજમાં ધાર્મિક દૃષ્ટિએ સ્ત્રીને નીચું સ્થાન આપવાનો પ્રયત્ન થયો. મનુસ્મૃતિ પ્રમાણે કોઈપણ હિંદુ માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ માનવીના અંતિમ ધ્યેય છે. આ ચાર પુરૂષાર્થોને ચાર આશ્રમોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. બ્રહ્મચાર્યશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સન્યસ્તાશ્રમ. દરેકે દરેક આશ્રમમાં પોતાની વિશિષ્ટ ફરજો મનુષ્યએ બજાવવાની રહેતી. વર્ણવ્યવસ્થા વધારે દૃઢ થતી જતી હતી. બ્રાહ્મણોનું સ્થાન સમાજમાં ખૂબ જ ઊંચું હતું. મનુસ્મૃતિ બ્રાહ્મણ વર્ણને વિશિષ્ટ અધિકારો આપે છે. આ પ્રકારના વેદકાલના અનુગામી સમયમાં સ્ત્રીઓના દરજ્જાને વિવિધ દૃષ્ટિકોણથી જોવો આવશ્યક છે. જેની ચર્ચા આ પ્રમાણે કરી શકાય.

### 2.2.1 પુત્રીજન્મઃ

વેદકાલના અનુગામી સમાજમાં પુત્રીજન્મ આવકારદાયક ગણાયો નથી. પુત્રીને આપત્તિ - આફત ગણવામાં આવતી હતી. જ્યારે પુત્ર જ આશાનું કિરણ છે તેવી માન્યતા દૃઢ બની. વેદકાલીન સમયમાં પ્રવર્તતી શિક્ષણની સ્વતંત્રતા સ્ત્રી પાસેથી છીનવાઈ ગઈ. શિક્ષણનાં દ્વાર સ્ત્રીઓ માટે બંધ થયાં. લગ્ન સ્ત્રીઓ માટે ફરજિયાત બન્યાં. આમ, સ્ત્રીનો દરજ્જો નિમ્ન થતો ગયો.

### 2.2.2 લગ્નઃ

મનુસ્મૃતિમાં આઠ પ્રકારનાં લગ્નોનો ઉલ્લેખ જોવા મળે છે, જેમાં બ્રાહ્મણ, દેવ, પ્રાજાપત્ય અને આર્ય સ્વરૂપને માન્ય ગણવામાં આવ્યાં હતાં. જ્યારે ગાંધર્વ, આસુર, રાક્ષસ તથા પિશાચ એ અમાન્ય ગણાતાં હતાં. ઈ.સ. 300 વર્ષ પૂર્વે કન્યા માટે લગ્ન કરવાં ફરજિયાત બની ગયાં. ઉપનયનનો સંસ્કાર કન્યા માટે બંધ કરી લગ્નની વિધિને ઉપનયન સાથે સરખાવવામાં આવી. પતિની સેવા ગુરુની સેવા સમાન છે અને ગૃહકાર્ય યજ્ઞની બરાબર જ છે એમ ગણાયું. એટલે કે સ્ત્રીને બીજા કોઈ ધાર્મિક કાર્યની વિધિની કે અભ્યાસની આવશ્યકતા નથી તેવી માન્યતા દૃઢ બની. અનુવેદકાલીન યુગમાં સ્ત્રીએ અપરિણીત રહેવું એ નારી માટે પાપનું કાર્ય છે એવી માન્યતા પ્રચલિત બની. લગ્નને અનિવાર્ય બનાવી લગ્નની વય નીચી લાવવાના પ્રયાસ પણ આ સમય દરમિયાન થયાં.

### 2.2.3 વિધવા સ્ત્રીનું સ્થાનઃ

વેદકાલીન સમયમાં નિયોગની જે પ્રથા હતી તેને મર્યાદિત કરવામાં આવી. પહેલાં નિયોગમાં ત્રણ પુત્રો સુધી સંબંધ રાખી શકાય તેવી રૂઢિ હતી. ધીમે - ધીમે આ સમયમાં 2 પુત્ર સુધી મર્યાદા નિશ્ચિત કરવામાં આવી. મનુસ્મૃતિમાં પત્નીધર્મ અંગે મનુ કહે છે કે જે સાધ્વી સ્ત્રી પતિના મૃત્યુ બાદ અવિરત પવિત્ર વર્તન આચરે છે તે પવિત્ર પુરુષની માફક અપુત્ર હોવા છતાં સ્વર્ગે સિધાવે છે. ઈ.સ. 200 થી વિધવા પુનઃ લગ્ન તરફ સમાજની ટીકા વધતી જાય છે. સાથે સાથે વિધવાના પુત્રનું સ્થાન પણ નીચે ઊતરતું ગયું.

## 2.3 બૌદ્ધકાલીન સમયમાં સ્ત્રીનું સ્થાનઃ

બ્રાહ્મણ વર્ણની વધતી જતી મહત્તા સામે બૌદ્ધ ધર્મીઓએ પહેલીવાર પડકાર કર્યો. હિંદુ ધર્મની વધતી જતી રૂઢિચુસ્તતા તેમજ ક્રિયાકાંડની હારમાળા સમાજમાં સ્ત્રી તેમજ શુદ્ર વર્ણ માટે બંધિયાર વાતાવરણ સર્જાયું હતું. આ સમયમાં સ્ત્રીના સ્થાનને સમજવા માટે બે વિભાગમાં સમજી શકાય.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSO-4
# જાતિ અને સમાજ

વિભાગ

# 4

# સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ


| | | |
|---|---|---|
| એકમ 1 | સામાજિક સમસ્યાઓ<br>સ્ત્રીઓ પર થતાં કૌટુંબિક અત્યાચાર | 05 |
| એકમ 2 | આત્મહત્યા | 67 |
| એકમ 3 | બળાત્કાર | 73 |
| એકમ 4 | ભૃણહત્યા | 83 |

# નોંધ

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ. હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામકશ્રી,આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |

## લેખીકા


ડૉ. ચંદ્રિકા કે. રાવલ

રીડર,
અનુ.સમાજશાસ્ત્ર વિભાગ,
સમાજવિદ્યા ભવન,
ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા,
અમદાવાદ-380 009.


## પરામર્શક (વિષય)

ડૉ. હેમિક્ષા રાવ

અધ્યક્ષશ્રી,
અનુ. સમાજશાસ્ત્ર વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ- 360005

## પરામર્શક (ભાષા)

શ્રી નટુભાઈ રાવલ

નિવૃત્ત આચાર્ય
અમદાવાદ-380 006.

## સંપાદન અને સંયોજન

ડૉ. આમ્રપાલી મર્ચંટ

કુલપતિશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-380 003

## સંયોજન સહાય

શ્રી.એસ.એચ.બારોટ

મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
ડફનાળા, શાહીબાગ,
અમદાવાદ - 380 003.


**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર - ૧, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690**



© સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# નોંધ

# એકમ:1 સામાજિક સમસ્યાઓ - સ્ત્રીઓ પર થતાં કૌટુંબિક અત્યાચાર

**એકમની રૂપરેખા**

1.0 પ્રસ્તાવના

1.1 સામાજિક સમસ્યાઓની વિભાવનાઓ

1.2 અત્યાચારનો અર્થ અને વ્યાપ

1.3 સ્ત્રી અત્યાચારની સૈદ્ધાંતિક સમજૂતિ અને કક્ષા

- 1.3.1 બાલ્યાવસ્થા અને અત્યાચાર
- 1.3.2 બાળમજૂરી
- 1.3.3 બાળલગ્ન
- 1.3.4 જાતીય શોષણ
- 1.3.5 બાળ-દુર્વ્યહાર
- 1.3.6 અનાચાર
- 1.3.7 તરુણાવસ્થા અને અત્યાચાર

.4 કૌટુંબિક હિંસાનું સ્વરૂપ

- 1.4.1 શારીરિક અત્યાચાર
- 1.4.2 માનસિક અત્યાચાર
- 1.4.3 જાતીય અત્યાચાર

.5 કૌટુંબિક હિંસાના કારણો

- 1.5.1 વ્યક્તિગત કારણ
- 1.5.2 દામ્પત્ય સંબંધોને લગતાં કારણો
- 1.5.3 લગ્નેત્તર સંબંધ
- 1.5.4 જાતીય જીવન
- 1.5.5 કૌટુંબિક કારણ
- 1.5.6 સાંસ્કૃતિક રીત-રિવાજો
- 1.5.7 આર્થિક અને વ્યાવસાયિક કારણ
- 1.5.8 અત્યાચાર શીખેલ વર્તણૂક
- 1.5.9 માનસિક અસ્વસ્થતા
- 1.5.10 તંગદિલી
- 1.5.11 કુટેવો-વ્યસન
- 1.5.12 ધાર્મિક કારણ
- 1.5.13 જાહેર માધ્યમો
- 1.5.14 અન્ય કારણો

6 કૌટુંબિક હિંસાની સ્ત્રી-જીવન પર અસરો

- 1.6.1 માનસિક અસર
- 1.6.2 શારીરિક અસર
- 1.6.3 દામ્પત્ય સંબંધો પર અસર
- 1.6.4 કૌટુંબિક અસર
- 1.6.5 પિયર પક્ષ પર અસર
- 1.6.6 શ્વસુર પક્ષ પર અસર
- 1.6.7 બાળકો પર અસર
- 1.6.8 તેની વિઘાતક અસરો જોઈએ તો,
- 1.6.9 આર્થિક અસર

1.7 કૌટુંબિક હિંસાનું નિવારણ
1.7.1 સરકારી પ્રયત્નો
1.7.2 સંસ્થાકીય પ્રયત્નો
1.7.3 સૂચનો
1.8 સારાંશ
1.9 તમારી પ્રગતિ ચકાસો

## 1.0 પ્રસ્તાવના

ભારતમાં સ્ત્રીનાં દરજ્જા અને સમસ્યાઓનાં સંદર્ભમાં થયેલા વિવિધ અહેવાલની નોંધ અને સંશોધનોએ સ્ત્રીજીવનની વાસ્તવિકતાનું નિરુપણ કર્યુ છે. ભારતમાં સ્ત્રીઓનાં દરજ્જા પર નિમાયેલી સમિતિનો રિપોર્ટ 'સમાનતા તરફ' (Towards equality) રજૂઆત સાથે સ્ત્રીઓનાં દરજ્જા પર ભારતમાં ધ્યાન કેન્દ્રિત થયું અને કેટલીક ચોંકવનારી વિગતો બહાર આવી. આ અહેવાલના તારણો તેમજ ત્યારબાદ થયેલા સંશોધનોએ સ્ત્રીઓને બંધારણમાં આપેલી સમાનતાની બાંહેધરીઓ તથા વાસ્તવિકતા વચ્ચેનો વિરોધ વ્યવસ્થિત પણ દશ્યમાન બનાવ્યો છે. બળાત્કાર, દહેજમૃત્યુ, કૌટુંબિક હિંસા, ભ્રૂણ હત્યા, આત્મહત્યા જેવી અનેક સમસ્યાઓ આમાંથી સર્જાય છે. પ્રસ્તુત પુસ્તકમાં આપણે સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીશું. પહેલા એકમમાં સામાજિક સમસ્યા, સમજૂતી અને સ્ત્રીઓની વિવિધ સામાજિક સમસ્યાઓનો ઉલ્લેખ કરીશું.

ત્યારબાદ સ્ત્રીઓ પર આચરવામાં આવતી કૌટુંબિક હિંસાની વિગતવાર રજૂઆત કરીશું. એ પછીના એકમમાં બળાત્કારની સમસ્યા વિશેની સમજૂતી આપીશું અને અંતમાં આત્મહત્યાની સમસ્યાને સમજાવીશું.

## 1.1 સામાજિક સમસ્યાઓની વિભાવના (Concept of Social Problems)

પ્રત્યેક સમાજમાં એવા કેટલાક સંજોગો કે પરિસ્થિતિ હોય છે કે જેની પ્રતિકૂળ અસર સમાજ પર પડતી હોય છે. સામાન્ય સમજ પ્રમાણે સમાજમાના એવા સંજોગ કે સ્થિતિ જે વ્યાપક ફેલાયેલા હોય અને સમાજમાં હાનિકારક પરિણામો લાવતા હોય તેમને સામાજિક સમસ્યાઓ કહેવાય.

સામાજિક સમસ્યાઓનો અર્થ સમજવા માટે આપણે તેની કેટલીક વ્યાખ્યાઓ તપાસીએ.

કુલર અને માયર્સ। (Howard Becker : 1966 : 2)

''સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે જેને નોંધપાત્ર સંખ્યાના લોકો સ્વીકૃત સામાજિક ધોરણોથી વિરુધ્ધની ગણે છે. આ રીતે દરેક સામાજિક સમસ્યામાં 'વસ્તુલક્ષી પરિસ્થિતિ' અને આત્મલક્ષી ખ્યાલ' બન્ને નો સમાવેશ થાય છે.

નિસ્બેતની વ્યાખ્યા જોઇએ તો (Robert Merton - 1971 p-1)

> "A Social problem is a way of behaviour that is regarded by a substantial part of social order as being in violation of one or more generelly accepted or approved norms"

નિસ્બેત સામાજિક સંસ્થાના નીચે મુજબ બે પાસા નોંધે છે. :

1. આત્મલક્ષી પાસું (Subjective aspect)
2. વસ્તુલક્ષી પાસું (Objective aspect)

હોર્ટન અને લેસ્લી (Horton and Leslie : 1955 : 4)

> સામાજિક સમસ્યાની ઔપચારિક વ્યાખ્યા આપતા નોંધે છે કે, ''સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય રીતે અસર કરે છે અને આવી પરિસ્થિતિ અંગે સામૂહિક પગલાં દ્વારા કંઇક કરી શકાય તેમ છે એવી લોકો માન્યતા ધરાવતા હોય છે.''

સ્પેક્ટ અને કિત્સુએ સામાજિક સમસ્યાની વ્યાખ્યા આ મુજબ આપી છે.

> "ગંભીર કે દુઃખકારક લાગે તેવી સ્થિતિ સંજોગોની વિરૂદ્ધમાં સંગઠનો, સંસ્થાઓ અને એજન્સીઓ સામે વાંધો લેતી કે વિરોધ કરતી સમૂહોની પ્રવૃત્તિઓ એટલે સામાજિક સમસ્યાઓ"

સાર્વત્રિક્તા તથા ભિન્નતા સ્વરૂપમાં

> "સામાજિક સમસ્યાનાં જટિલતાનાં તથા સાપેક્ષતાનો મુદ્દો મહત્વનો છે. વળી જનતાનું પ્રત્યક્ષ, સામાજિક આદર્શો અને વાસ્તવિક્તાઓ, નોંધપાત્ર સંખ્યા દ્વારા એની ઓળખ વગેરે પણ મહત્વની બાબત છે.

હોર્ટન અને લેસ્લી[4] (1955 : 4) સામાજિક સમસ્યાના ચાર લક્ષણો નોંધે છે.

1. લોકોની નોંધપાત્ર સંખ્યાને અસર કરતી પરિસ્થિતિ
2. આવી અસર અનિચ્છનીય માનવામાં આવે છે.
3. આવી પરિસ્થિતિને દૂર કરવા માટે કંઇક કરી શકાય તેમ છે એવી માન્યતા સેવાય છે.
4. સામૂહિક પગલાં દ્વારા પરિસ્થિતિનું નિવારણ કરવા પ્રયાસ થાય છે.

રોબર્ટ મર્ટન સામાજિક સમસ્યાઓને બે પ્રકારમાં વર્ગીકૃત કરે છે.

1. સામાજિક વિઘટન
2. વિચલિત વર્તન

બધી જ સામાજિક સમસ્યાઓમાં અમુક પ્રમાણમાં વિઘટન અને વિચલન જોવા મળે છે. મર્ટન સમજાવે છે તે મુજબ, સામાજિક વિઘટનમાં બે બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

- સામાજિક વ્યવસ્થાતંત્રમાં અપૂરતાપણું (ત્રુટિઓ)
- દરજ્જા અને ભૂમિકાઓની બિનઅસરકારક કામગીરી

સામાજિક વિચલનમાં ગંભીર ગુનાઓ તેમજ નીતિ નિયમોનાં ઉલ્લંઘનનો સમાવેશ થાય છે. દરેક સમાજમાં સામાન્ય સ્વાભાવિક વર્તન અંગેનો સર્વસ્વીકૃત વિચાર હોય છે. જ્યારે કોઇ પણ આ સ્વીકૃત ધોરણોનું ઉલ્લઘંન કરે છે અને અન્યથા વર્તન કરે છે ત્યારે તે વર્તનને અસ્વાભાવિક કે વિચલિત વર્તન ગણવામાં આવે છે.

**સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓનાં પ્રકાર**

કોઇ પણ સમાજનાં પાયાની બાબતમાં સ્ત્રી અને પુરુષ રહેલાં છે. સ્ત્રીઓની શ્રેણીનો આધાર કે પાયો ફક્ત જૈવિક બાબતો પર નથી પણ સામાજિક - સાંસ્કૃતિક રચના પર પણ રહેલો છે. સ્ત્રીઓનો સામાજિક દરજ્જો અને ભૂમિકાઓ માત્ર જાતિના પરિમાણ પર ન જોતાં જે તે સમાજમાં પ્રવર્તમાન સામાજિક ધોરણો, એ સમાજનાં મૂલ્યો, રીતરિવાજો, રૂઢિ, માન્યતાઓ, વગેરેને આધારે નક્કી કરી શકાય.

કોઇ પણ સમાજ સમસ્યા વિહોણો નથી હોતો. ભારતીય સમાજ અનેક વિવિધતા ધરાવે છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ જોવા જુદાં જુદાં ક્ષેત્રોને ધ્યાનમાં રાખવાં જોઇએ જે સ્ત્રીનાં દરજ્જામાં નિર્ણાયક પરિબળ તરીકે જોવા મળે છે: સ્ત્રીની વય, ભૌગોલિક વિસ્તાર, જ્ઞાતિ, ધર્મ, શિક્ષણ, આર્થિક સ્થિતિ, વૈવાહિક દરજ્જો, વર્ગ સમસ્યા સાથે સંકળાયેલાં છે.

સ્ત્રીઓનાં પ્રશ્નોની બાબત માત્ર સ્ત્રીઓને જ નથી સ્પર્શતી કેમ કે સ્ત્રીઓનાં ક્ષેત્ર/વર્તુળમાંજ માત્ર સમાયેલી નથી. પુરુષો દ્વારા કરવામાં આવતા અન્યાયોનું પરિણામ માત્ર નથી. સમાજની પરંપરાગત વ્યવસ્થામાં જોઇએ તો સ્ત્રીઓનું સ્થાન ગૌણ છે. એનો દરજ્જો ગૌણ છે અને એને લીધે સ્ત્રીઓને ઘણું સહન કરવાનું આવે છે.

સામાજિકરણમાં ભેદભાવ, સત્તા નહીં પણ તાબેદારી, ઉત્પાદન સાધન - સંપત્તિમાં અસમાન

ઉપલબ્ધી, નિર્ણયમાં તક અને સામેલગીરી નહીં. આમ, સમાજનાં દબાયેલા, કચડાયેલા, વંચિતતા વાળા સમૂહમાં સ્ત્રીઓનાં સમાવેશ થાય છે અને એમાંથી અનેક સામાજિક સમસ્યાઓ સર્જાય છે.

ભારતીય સમાજમાં વિવિધ સામાજિક સમસ્યાઓ સ્ત્રી-જીવનના વિવિધ પાસાને સ્પર્શે છે, જેમ કે,સ્ત્રીના સામાજિક સ્થાન સંબંધી સમસ્યા અંતર્ગત મુખ્યત્વે સ્ત્રી-પુરુષ અસમાનતાની સમસ્યા દષ્ટિગોચર થાય છે અર્થાત્ તે સ્ત્રીના નીચા દરજ્જાને સૂચિત કરે છે.

સ્ત્રીઓની આર્થિક, રાજકીય, શિક્ષણ તથા આરોગ્ય સંબંધિત સમસ્યાઓ અંતર્ગત તેના આર્થિક પરાવલંબનની, બેવડી ભૂમિકા અને ભૂમિકા-સંઘર્ષની, રાજકીય સહભાગીપણાને લગતી, શિક્ષણ સંબંધિત સમસ્યાઓમાં નિરક્ષરતા, અપવ્યય અને સ્થગિતતાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આરોગ્ય સંબંધિત સમસ્યાઓનો પણ સમાવેશ થાય છે.

સ્ત્રીઓની લગ્ન સંબંધી સમસ્યાઓ પણ વિવિધ રીતે જોવા મળે છે. જેમ કે બાળ-લગ્ન, દહેજપ્રથા, કન્યાશુલ્ક, છૂટાછેડા તેમજ વૈધવ્ય અવસ્થા જેવી સમસ્યાઓનો એમાં સમાવેશ થાય છે.

સ્ત્રીઓના શારીરિક અને જાતીય શોષણની સમસ્યાઓમાં મુખ્યત્વે અપહરણ, વેશ્યા વ્યવસાય, બળાત્કાર, છેડતી, દેવદાસી પ્રથા તથા સ્ત્રીઓ પ્રત્યે આચરાતો અત્યાચાર જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે.

સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ તરફ દષ્ટિપાત કરતાં જણાય છે કે તેમાં આત્મહત્યા, ખૂન, વૃદ્ધાવસ્થા, કુંવારું માતૃત્વ, તેની સામેના ગુના જેવી ગંભીર બાબતોનો તે ભોગ બનતી જોઈ શકાય છે.

ઘરેલુ હિંસા જેમાં જન્મતા પહેલાં ગર્ભહત્યાથી શરૂ કરી મૃત્યુ સુધી પિતૃપક્ષે અને લગ્ન બાદ શ્વસુર પક્ષે સ્ત્રીએ અનેકવિધ અત્યાચારો સહન કરવા પડે છે. જેમ કે દહેજ. મૃત્યુ, મારપીટ, દુર્વ્યવહાર વગેરેમાંથી ઊભા થતા શારીરિક-માનસિક અત્યાચાર વગેરે.

જુદી જુદી સમસ્યાઓ માટે જુદાં જુદાં કારણો જવાબદાર હોય છે. પરંતુ એને લગતાં સર્વસામાન્ય કારણોની વિગતો જોઈએ તો, સ્ત્રીઓમાં વ્યાપક નિરક્ષરતા, ભારતીય સમાજમાં ચાલતા રિતરિવાજો, રૂઢિઓ, આચાર-વિચાર અને વર્તનપ્રણાલીની પરંપરા, સ્ત્રીઓનું આર્થિક પરાવલંબન, સામાજિક જાગૃત્તિનો અભાવ, કાનૂનની મર્યાદાઓ સ્થાપિત હિતો, સ્ત્રીઓની અજ્ઞાનતા અને ઉદાસીનતા, સ્ત્રી પુરુષ અસમાનતા, સામાજિકરણમાં પરંપરાભિમુખ અભિગમ વગેરે જેવાં પરિબળો મહત્વનાં છે.

સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતા કે અત્યાચાર એ વ્યક્તિગત-અંગત કે કૌટુંબિક ઘટના કરતા સમગ્ર સમાજમાં સ્ત્રીના માનવહક્કને છીનવનારી ઘટના છે એમ કહી શકાય. આજે એ વૈશ્વિક સામાજિક સમસ્યા બની રહી છે અને વધુ ને વધુ વિકૃત સ્વરૂપ ધારણ કરતી રહી છે. આ સમસ્યામાં સ્ત્રીની વેદના-વ્યાકુળતા વગેરેને સમાજશાસ્ત્રીય પરિભાષામાં શબ્દબદ્ધ કરવાનો પ્રયાસ આ પ્રકરણમાં કર્યો છે.પ્રસ્તુત પ્રકરણમાં ઘણી બધી બાબતો વિસ્તૃત રીતે વર્ણવી શકાય. પરંતુ ભારતીય સમાજમાં સ્ત્રીજીવન અને અત્યાચાર એક સામાજિક સમસ્યા તરીકે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. સમગ્ર વિશ્વમાં સામાજિક અસમાનતા - લૈંગિક અન્યાય(gender injustice)ને આ બાબત સ્પર્શે છે અને કેવી રીતે સ્પર્શે છે તે દર્શાવ્યા છે.

Violence - અત્યાચાર - ક્રૂરતા - ત્રાસ - સતામણીના વિભિન્ન અર્થમાંથી અહીં સમાજશાસ્ત્રીય અને કાયદાકીય અર્થનો ઉલ્લેખ કરી સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતી અત્યાચાર સંબંધી વિવિધ સૈદ્ધાંતિક બાબતોને ટૂંકમાં વર્ણવી છે.

## 1.2 અત્યાચારનો અર્થ અને વ્યાપ

Violence - હિંસા, અત્યાચાર, ક્રૂરતા, ત્રાસ, સતામણી — આ બધા શબ્દો એકબીજાના પર્યાય છે. ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં આનો જુદો જુદો અર્થ થાય છે એટલે એક અને સાચી પરિભાષા આપવી મુશ્કેલ છે.

શાબ્દિક રીતે જોઈએ તો ભગવત ગોમંડળમાં અત્યાચાર એટલે (અતિ ઉલ્લંઘેલું + આચાર વર્તન) એટલે કે અનુચિત વર્તન, અધર્માચરણ એવો અર્થ થાય છે. એમાં વધ, ખૂન, ઘાત એ બધાનો સમાવેશ કરવામાં આવે છે.

પ્રોમિલા કપૂરને મતે, "Violence means intense, excessive, unrest rained, illegealeor unjustifiable use of force or coercion to inflict injury or abuse on other persons or things by some persons usually to gain their personal or group ends. Thus infliction of injury on others which may be physical, mental emotional or psychological is the essence of violence. It may include exploitation of all kinds.

'એનસાઈક્લોપીડિયા ઓફ ક્રાઈમ એન્ડ જસ્ટિસ'માં દર્શાવ્યું છે કે હિંસા વાસ્તવિક કે કાલ્પનિક પ્રકાર સાથે સંબંધિત અભિવ્યક્તિ છે. આ પ્રકારના વ્યવહારના પરિણામ સ્વરૂપે કોઈ પણ પ્રકારની વ્યક્તિગત ખોડ, સંપત્તિ વિનાશ અથવા વ્યક્તિનું મૃત્યુ થઈ શકે છે.

Richard J. Gelles and Clair Pedrick Cornell ને મતે;

"Violence is an act carried out with the intention or perceived intention of causing physical pain or injury to other person."

એમણે વધુમાં દર્શાવ્યું છે કે કોઈ પણ સમાજનું સાંસ્કૃતિક કે પેટાસાંસ્કૃતિક માળખું એને વ્યાખ્યાબદ્ધ કરે છે. અત્યાચાર એ સાર્વત્રિક છે, સાપેક્ષ છે અને એમાં વર્તણુંકમાં પરિસ્થિતિ મહત્ત્વની છે. તેમણે હિંસાની બે કક્ષા ગણાવી છે. 'Normal Violence' અને 'Abusive Violence' – 'Normal Violence'માં સાધારણ ઈજા થાય છે; દા.ત. લાફો મારવો, ધક્કો મારવો વગેરે. જ્યારે 'Abusive violence'માં ગંભીર સ્વરૂપની હિંસાનો સમાવેશ થાય છે; દા.ત. મુક્કા મારવા, લાતો મારવી, શોક લગાડવો, ગોળીથી મારવું વગેરે.

રામ આહુજા હિંસાને બે રીતે દર્શાવે છે. હિંસા જે કુટુંબમાં થાય છે અને હિંસા જે કુટુંબની બહાર થાય છે.

સ્ત્રી સામે થતા અત્યાચારમાં (1) ગુનાહિત હિંસા (2) ઘરેલુ હિંસા કે જેમાં દહેજ સંબંધી મૃત્યુ, પત્નીને મારવું, લૈંગિક દુર્વ્યવહાર, વિધવા કે વૃદ્ધો સાથેનો વ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે (3) સામાજિક હિંસા કે જેમાં વિવિધ કારણોસર સ્ત્રી પર સામાજિક દબાણ દ્વારા હાનિ પહોંચાડાય છે.

કૌટુંબિક હિંસામાં સામાન્ય રીતે કુટુંબના સભ્યો વચ્ચે થતાં હિંસાત્મક વ્યવહારને કૌટુંબિક હિંસા/અત્યાચાર કહેવાય.

Bhatti and Beig (1985)ના મતે 'Family violence means infliction of injury by one or more members of the family on other member or members of the family itself. Based on various definitions the operational definition of family violence can be framed "as an act / action performed by a family member to get desired conformity from the other members" and carrying negative emmotional component.'

નારીવાદી અભિગમની દ્રષ્ટિએ જોઈએ તો કૌટુંબિક હિંસા/અત્યાચારમાં પુરુષો તરફથી સ્ત્રીઓ તરફ થતી હિંસા મુખ્ય છે. આમાં એવી ધારણા કરવામાં આવે છે કે કૌટુંબિક હિંસા ખાનગી છે. એમાં બે ધારણાઓ સંકળાયેલી છે. પહેલી ધારણા એ છે કે કુટુંબને પોતાના ઘરના સભ્યોમાં દખલગીરી કરવાનો અધિકાર છે એટલું જ નહીં, બહારથી પણ એ દખલગીરી કરી શકે છે, બીજું એ કે આ ખાનગી બાબત હોઈ કુટુંબ એનું નિરાકરણ પોતે જ કરી શકે છે. વળી કુટુંબ એવું ઈચ્છે છે કે આમાં બહારની કોઈ પણ વ્યક્તિ દખલગીરી કરી શકે નહિ.

દામ્પત્ય સંબંધોમાં અત્યાચાર એકાએક થતા નથી અને એમાં અજાણ્યા માણસો વચ્ચે પણ અત્યાચાર થતા નથી. પુરુષ માટે હિંસા/અત્યાચાર એ અંકુશનું સાધન તથા સત્તાનું પ્રદર્શન છે. એમાં 'to destroy in order to control' - સ્ત્રીના વ્યક્તિત્વને તોડી નાંખવાનું ધ્યેય છે.

દામ્પત્ય સંબંધોના સંદર્ભમાં અત્યાચારને જોઈએ તો,

Diskstein - (1988) Gelles & Coute (1990) દર્શાવ્યું છે કે 'Marital violence is "the abuse of a spouse" - usually a woman (wife) to maintain control and power by the abuser. usually a man (husband).'

અર્થાત્ દામ્પત્ય હિંસા એ પોતાના સાથીદાર તરફનું ગેરવર્તન છે. ખાસ કરીને આ દ્વારા સ્ત્રીઓ પર અંકુશ અને સત્તા જમાવવાનો પુરુષ (પતિ) પ્રયત્ન કરે છે.

"સ્ત્રીઓ પરની હિંસા એટલે એવું કોઈ પણ કૃત્ય કે જેના પરિણામે સ્ત્રીને શારીરિક, જાતીય કે માનસિક ઈજા કે ત્રાસ થાય અથવા થવાની સંભાવના હોય. આવું કૃત્ય કરવાની ધમકી આપવી અને મનસ્વી રીતે દમન કરી સ્ત્રીની સ્વતંત્રતા પર તરાપ મારવાનાં કૃત્યોનો પણ હિંસામાં સમાવેશ થાય છે."

(યુનો દ્વારા આયોજિત ચોથી વિશ્વ પરિષદ 1995,બેજિંગના જાહેરનામા પર આધારિત)

**કાયદાકીય દૃષ્ટિએ :**

ભારતીય દંડસંહિતાના પ્રકરણ-20માં લગ્નસંબંધી ગુનાઓ (ઓફેન્સિસ રીલેટિંગ ટુ મેરેજ) વિશે જણાવ્યું છે. કલમ 493 થી 498માં આ વિશેના છ ગુનાઓ દર્શાવ્યા છે. 1986ના અધિનિયમ 46થી નવું ઉમેરવામાં આવ્યું છે. એમાની ક.498-એ પતિ કે એનાં સગા સ્ત્રી પ્રત્યે ક્રૂરતા દાખવે એને ગુનો ઠરાવીને શિક્ષાની જોગવાઈ કરે છે.

આ મુજબ કલમ 498-એ પ્રમાણે 'ક્રૂરતા' એટલે

(અ) એવા પ્રકારનું ઇરાદાપૂર્વકનું વર્તન કે જે
- (i) તે સ્ત્રીને આપઘાત કરવા પ્રેરે અથવા
- (ii) પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડવા પ્રેરે અથવા
- (iii) તેની જિંદગીને, શરીરના કોઈ અવયવને કે આરોગ્યને (પછી તે માનસિક હોય કે શારીરિક હોય) ભયમાં મૂકવા પ્રેરે.

(બ) તે સ્ત્રીની પજવણી કરે
- (i) જ્યાં આવી પજવણી તે સ્ત્રી અથવા તેનાં કોઈ સગાં, દબાણથી કોઈ મિલકત કે કીમતી દસ્તાવેજ માટેની કોઈ પણ ગેરકાયદે માંગણી પૂરી કરે તે માટે હોય અથવા
- (ii) તે સ્ત્રી કે તેનાં સગાં આવી માંગણી સંતોષી શક્યાં ન હોય તે કારણે હોય.

આ કલમ મુજબ જો કોઈ વ્યક્તિ, કોઈ સ્ત્રીનો પતિ અથવા તેના પતિનું સગું હોઈ આવી સ્ત્રી પ્રત્યે ક્રૂરતા આચરે તેને ત્રણ વર્ષની કેદની સજા કરવામાં આવશે અને દંડને પાત્ર થશે એવું જણાવવામાં આવ્યું છે.

દહેજને લઈને થતા મૃત્યુને અટકાવવામાં આમાં જરૂરી ફેરફાર પણ કરાયા છે.

આમાં શારીરિક અને માનસિક ક્રૂરતાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**અત્યાચાર : એક વૈશ્વિક સમસ્યા**

'Violence is a social act.' અર્થાત્ અત્યાચાર એ સામાજિક કૃત્ય છે. ઐતિહાસિક રીતે જોઈએ તો અગાઉ એ કુટુંબના સંદર્ભમાં સાંસ્કૃતિક ધોરણ ગણાતું એને બદલે હવે એમાં સામાજિક, સાંસ્કૃતિક અને માનસિક પરિસ્થિતિનો ઉમેરો કરવામાં આવ્યો છે.

અત્યાચાર એ શીખેલ વર્તણૂક છે. સમાજમાં સામાજિક અસમાનતા સાથે એને સંબંધ છે. એનું સ્વરૂપ ગમે તે હોય પરંતુ પ્રત્યેક હિંસા કે અત્યાચાર એ વ્યક્તિ અને સમાજને દુઃખ પહોંચાડે છે. પછી એ યુવતી હોય, પરિણીત સ્ત્રી હોય કે વ્યવસાય કરતી સ્ત્રી હોય. લૈંગિક તફાવત એમાં પાયાની બાબત છે. વર્તમાન સમયમાં આ લૈંગિક અત્યાચાર કે જે સ્ત્રીઓનાં બધાં જ પાસાંને સ્પર્શે છે. જેમ કે ઘર, વ્યવસાયની જગ્યા અને જાહેર જીવન. આનાથી સ્ત્રીઓને ભય લાગે છે અને તેણી અસલામતી અનુભવે છે. સ્ત્રી માટે આ એક અનુભવી શકાય તેવી બાબત છે, પરંતુ સમાજ એને જોઈ શકતો નથી.

સ્ત્રીઓ પ્રત્યેના અત્યાચાર એ માનવસંસ્કૃતિ જેટલા જ પ્રાચીન છે, પરંતુ એને પ્રજાજીવન સુધી પહોંચાડવામાં આવ્યા ન હતા. થોડાં વર્ષો પહેલાં જ કર્મશીલો (Activists) અને વિવિધ સંશોધકોએ આ અંગે વ્યવસ્થિત પ્રયાસો કર્યા છે. આ અંગેની હિલચાલ મોડી છતાં ઝડપી છે. પ્રત્યેક વર્ષે વિશ્વભરમાં પરિસંવાદો, સંશોધન આધારિત અભ્યાસો, લેખો વગેરે દ્વારા એને સમજવાના વ્યવસ્થિત રીતે પ્રયાસો થયા છે. આ અંગે વિવિધ અભિગમોનો પણ ઉલ્લેખ થયો છે.

ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં કુટુંબમાં સ્ત્રી પુત્રી તરીકે, પત્ની તરીકે, માતા તરીકે, પુત્રવધૂ તરીકે, નણંદ તરીકે, અગાઉની પ્રેમિકા કે હાલની પ્રેમિકા તરીકે, કેવી રીતે ભોગ બની છે તેનો ટૂંક ચિતાર આપીએ તો, 'Violence against women in the fancing' લેખમાં United Nations Office at Vienna Center for Social Development and Hamanunitarian Affairsના

In all countries and culture, women have frequently been the victiims of abuse by their intimates. They have been battered, sexually abused and psychologically injured by persons with whom they should enjoy the closest trust. This maltreatment has gone largely unpunised, unremared and has even been tacitly, if not explicitly, condoned.

બધા દેશોમાં આ પરિસ્થિતિ જોવા મળે છે.

આ અંગેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ જોઈએ તો આપણી કાયદાકીય વ્યવસ્થામાં પણ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો એ રીતે નિર્દેશિત થતાં હતાં કે પતિ પત્નીને મારે તો વિરોધ ન કરાય, પુરુષો પત્નીનો જાતીય દુરુપયોગ કરી શકે, આ માટે ઉદારમતવાદી તત્ત્વજ્ઞાની અને નારીવાદીઓએ ધ્યાન દોર્યું. 1960માં નારીવાદી ઘટના યુરોપ અને અમેરિકામાં ઝડપથી પ્રસરી અને પછી વિશ્વના બીજા દેશોમાં પણ એ ઝડપથી પ્રસરી એને લીધે કૌટુંબિક અત્યાચાર આંતરરાષ્ટ્રીય ઘટના બની.

1960થી આ અંગે વૈજ્ઞાનિક અભ્યાસો થયા. બાળકોનો દુરુપયોગ, પત્નીનો વ્યભિચાર એ બધા વિશે લોકોને રસ જાગ્યો, એ તરફ ધ્યાન દોરાયું અને એ વિશેનું સાહિત્ય પ્રગટ થયું. આ વિશેનાં સંશોધનો પણ થયાં.

- 1962માં C. Henry Kempe અને તેના સાથીદારોએ 'The Battered Child Synarome' નામના લેખમાં કુટુંબમાં બાળકો પર થતા અત્યાચારની રજૂઆત કરી.
- Snelletal (1964)માં battered wives વિશે અને Schultz (1960)માં wife assuulters વિશેની રજૂઆત કરી. જેમાં પત્નીને પતિ અને તેના કુટુંબીજનો દ્વારા કેવો અત્યાચાર આચરવામાં આવે છે એ દર્શાવ્યું છે.

1960ના દાયકામાં રજૂ થયેલ લેખ અને અભ્યાસમાં સૈદ્ધાંતિક અભિગમોનો ઉલ્લેખ નહીંવત્ હતો. ત્યાર બાદ તેની આંકડાકીય રજૂઆત થઈ જેમાં વૈદકીય અભિગમ આચરવામાં આવ્યો.

1970માં Strausએ આ સમસ્યા પ્રત્યે વધુ ધ્યાન દોર્યું અને સામાજિક તથા સાંસ્કૃતિક પાસાને કૌટુંબિક અત્યાચાર સાથે જોડ્યું. ત્યાર પછી આ અંગેના વ્યવસ્થિત અભ્યાસો થતા ગયા.

1975ના દાયકામાં જ્યારે મેક્સિકો શહેરમાં સ્ત્રીઓની બાબતમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે પ્રથમ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કર્યું ત્યારથી આ બાબત આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચર્ચાવા લાગી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના સ્ત્રીઓ માટેના દસકામાં (1976-1985) સ્ત્રી-પુરુષના જાતિગત ભેદભાવને લીધે સ્ત્રીઓ પર આચરવામાં આવતી હિંસા પરત્વે ધ્યાન આપવું જોઈએ અને આ માટે પરિવર્તનની જરૂર છે એ બાબત પર સંયુક્ત રાષ્ટ્રસંઘે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાર મૂક્યો છે.

સ્ત્રીઓ પ્રત્યેના અત્યાચારને 1980માં મળેલી કોપનહેગનની દ્વિતીય અને 1985માં મળેલી નૈરોબીની તૃતીય સંયુક્ત રાષ્ટ્રસંઘની કોન્ફરન્સમાં વધુ વેગ અપાયો અને હિંસાના બનાવોને ડામી દેવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપાયો કરવાની વિચારણા થઈ.



1979માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ એક ઐતિહાસિક મુદ્દો હાથ ધર્યો. જેને

"Convention on the Elimination of all forms of Discrimination against Women" (CEDAW) કહે છે. અર્થાત્ સ્ત્રીઓ વિરુદ્ધ કોઈ પણ સ્વરૂપમાં ભેદભાવ રાખવામાં આવતો હોય અથવા સ્ત્રીઓને વંચિત રાખવામાં આવતી હોય એ પ્રકારનું સંમેલન કે જેમાં વિવિધ મુદ્દાઓ પૈકી સ્ત્રીઓના થતા શોષણને ધિક્કારવાની બાબત પર ભાર મુકાયો છે.

1985માં નૈરોબીમાં દીર્ઘદૃષ્ટિ વ્યૂહ અપનાવવામાં આવ્યો. જેમાં રોજબરોજ થતી સ્ત્રી-પુરુષ લિંગ આધારિત હિંસાને ત્રાસનું ગંભીર સ્વરૂપ ગણ્યું છે. આ માટે કાનૂની ઉપાયો ઉપરાંત પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચોક્કસ પ્રકારનું માળખું રચવું જોઈએ અને એનું પુનઃ અવલોકન પણ કરવું જોઈએ એવી રજૂઆત થઈ છે.

1992માં "The Committee on the Elimination of Discrimination against Women"ની રચના થઈ. જેમાં એક ભલામણ એ પણ હતી કે સ્ત્રીઓ વિરુદ્ધ હિંસા આચરવામાં આવે છે. જે ભેદભાવ અને અસમાનતા સર્જવામાં આવે છે તેથી તેને ચોક્કસ રીતે લિંગ આધારિત હિંસા એ રીતે અલગ શ્રેણીમાં ગણવાં જોઈએ.

The Vienna Declaration on Human Rights અર્થાત્ "માનવ હક્કોની બાબતમાં વિયેનાનો ઠરાવ." તે 1993માં (18[Para] 38)માં સ્ત્રી સામેના અત્યાચારને માનવઅધિકારનો ભંગ ગણવામાં આવ્યો. તેણે સ્ત્રી વિરુદ્ધ જે પ્રકારની હિંસા કરવામાં આવે છે તેની ખાસ નોંધ લીધી અને આ મુદ્દાની બાબતમાં માનવ અધિકારનું જે ઊંડાણ છે – દૃષ્ટિ છે તેમાં આ મુદ્દા પર આંતરરાષ્ટ્રીય માન્યતા મળે તેવો માર્ગ મોકળો કર્યો.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ સ્ત્રી વિરુદ્ધ અત્યાચારની નાબૂદી માટેનો ઠરાવ 1993માં સ્વીકાર્યો અને આ ઠરાવ સ્ત્રીના દરજ્જા બાબતના કમિશનની ભલામણ દ્વારા કરવામાં આવ્યો. સ્ત્રીઓ વિરુદ્ધના અત્યાચારને માનવહક્ક વિરુદ્ધનો અત્યાચાર ગણ્યો. સાથોસાથ એ અંગે કેવો વ્યૂહ અપનાવવો તથા સભ્ય દેશો અને યુનોની ખાસ એજન્સીઓ તે કઈ રીતે દૂર કરી શકે તે બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો.

આ ઠરાવ (ઢંઢેરો)ની કલમ(આર્ટિકલ)-1 પ્રથમ ચાર જ એની વ્યાખ્યા આપે છે કે "સ્ત્રીઓ વિરુદ્ધ અત્યાચાર" એટલે એવું કૃત્ય કે જે લિંગ આધારિત હોય અને હિંસક હોય જેના પરિણામે શારીરિક, જાતીય અથવા માનસિક ઈજા અથવા દુઃખ સ્ત્રીઓને પહોંચે અથવા તેને કારણે તેમ થવા સંભવ હોય. તદ્ઉપરાંત સ્ત્રી વિરુદ્ધ અત્યાચારનો અર્થ તેવા કૃત્ય કરવાની ધમકી આપવામાં આવે, દબાણ કરવામાં આવે, એક તરફી રીતે તેણીની મુક્ત રીતે કામકાજ કરવા દેવાની છૂટ લઈ લેવામાં આવે તે જાહેરમાં બને કે અંગત જીવનમાં બને તો તે પણ સ્ત્રી વિરુદ્ધ અત્યાચાર જ ગણાય એમ જણાવવામાં આવ્યું છે.

આ ઠરાવમાં આર્ટિકલ-2માં સ્ત્રી વિરુદ્ધ અત્યાચાર કરવામાં આવે છે તે કયા પ્રકારના છે તે દર્શાવવામાં આવ્યું છે. તેમાં કુટુંબની અંદર અને બહાર બન્ને જગ્યાએ કયા પ્રકારના અત્યાચાર આચરાય છે તે દર્શાવ્યું છે.

જે અત્યાચાર બાબતમાં રાજ્યો હિંસાને જતી કરે (ધ્યાન ન રાખે), જેના પ્રત્યે બેધ્યાન રહે છે તેનો પણ નિર્દેશ કરવામાં આવે છે.

આ મુદ્દા બાબત માર્ચ 1994માં ફરીથી ખાસ ધ્યાન ખેંચાયું કે જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવઅધિકાર પંચે લિંગ આધારિત હિંસાનાં તમામ કૃત્યોને વખોડ્યાં અને સ્ત્રી સામેના અત્યાચારના બાબતમાં એક ખાસ વિભાગની નિમણૂક કરી. 'Rapporteur' આ ખાસ 'રેપોર્ચર' તેવા પ્રકારની હિંસાની બાબતમાં તેનાં કારણો શોધશે. પરિણામો શોધશે અને તે અંગેની માહિતી મેળવશે અને રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની નાબૂદી માટે ઉપાયો સૂચવશે. સાથોસાથ માનવઅધિકાર પંચ અને સ્ત્રીના દરજ્જા અંગેના કમિશનની સાથે ગાઢ રીતે સંકળાઈને કામ કરશે. પિતૃસત્તાક વ્યવસ્થામાં પુરુષો જુદી જુદી સંસ્થાઓમાં સ્ત્રીઓ પ્રત્યે હિંસા આચરે છે. આનું સ્વરૂપ વૈશ્વિક કક્ષાએ જુદું જુદું હોય છે. લોકોના મંતવ્ય પ્રમાણે ભારતમાં સતીપ્રથા, ચીનમાં નાનપણથી જ પગ બાંધી દેવાની પ્રથા, યુરોપમાં 'નવજાગરણ

કાળ' દરમ્યાન ડાકણના નામે કરવામાં આવતો હત્યાકાંડ, અમેરિકાની આધુનિક સ્ત્રીચિકિત્સા આમ વૈશ્વિક કક્ષાએ જુદા જુદા સ્વરૂપે સ્ત્રી- અત્યાચાર થાય છે. દક્ષિણ એશિયામાં સ્ત્રીઓ પર થતા હિંસાચારમાં મહિલાઓના આર્થિક શોષણ પર ભાર મુકાય છે.

ભ્રૂણહત્યા, ડાકણ, જાતીય પરેશાની, સતીપ્રથા, દહેજ, પત્ની પર થતી મારઝૂડ વગેરેને લીધે સતત અસુરક્ષિત રહેતી સ્ત્રી માત્ર ભારતમાં જ નહીં, વૈશ્વિક કક્ષાએ પણ છે.

સ્ત્રીઓ સાથે કુટુંબમાં, સમુદાયમાં કે રાજ્ય દ્વારા થતા અત્યાચારને દૂર કરવા માટેના પ્રયત્ન ચોક્કસ થયા છે પરંતુ એની સંખ્યાકીય પરિસ્થિતિનો ખ્યાલ કરીએ તો સ્થાનિક કક્ષાથી માંડીને વિશ્વ કક્ષાએ ચોંકાવનારા આંકડાઓ આપણને જોવા મળે છે.

....He strangles me and takes me into the garage and tells me, "now you're going to die." He has one hand on my throat and pulls back the other one to slap me in the face; with his fist in the air, he looks me straight in the eye and says, "you want to die ?....."

સને 1993માં સ્ત્રીઓ પ્રત્યે ક્રૂરતાની બાબતમાં કેનેડિયન પેનલે જે રિપોર્ટ રજૂ કર્યો તેમાં જે કિસ્સાનો ઉલ્લેખ કરેલો તેમાંનો એક ઉપર્યુક્ત ઉલ્લેખ છે. દુનિયાના કોઈ પણ ભાગની સ્ત્રીઓનો આ અવાજ હોઈ શકે.

'ફેમિના' ઓગસ્ટ-23, 1994ના અંકમાં દર્શાવ્યું છે કે, સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતા કૌટુંબિક અત્યાચારના સંદર્ભમાં જોઈએ તો, પુરુષપ્રધાન સમાજમાં ચોથા ભાગની સ્ત્રીઓ વિશ્વના કોઈ પણ દેશમાં પુરુષના પ્રભુત્વને કારણે અત્યાચારનો ભોગ બને છે.

IWTC / UNIFEAY (1992) અને World Bankના Heise Lori L. (1994)ના જણાવ્યા મુજબ,

- કેનેડામાં ઈ.સ. 1987માં સ્ત્રીઓનાં જે ખૂન થયાં તેમાં 62% ખૂનો તેમના પતિ દ્વારા થયેલાં અને દર ચાર સ્ત્રીઓએ એક જાતીય હુમલાનો ભોગ બને છે.
- Surgeon General Koopના જણાવ્યાનુસાર અમેરિકામાં 30 થી 40 લાખ સ્ત્રીઓને દર વર્ષે તેમના સાથીઓ તરફથી માર મારવામાં આવે છે અને આ તમામ સ્ત્રીઓ પૈકી 1/5 થી 1/3 સ્ત્રીઓને તેમના સાથી અથવા ભૂતપૂર્વ સાથી તરફથી શારીરિક હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવે છે.
- અમેરિકામાં જે સ્ત્રીઓના ઈજાના બનાવો નોંધાય છે તેમાં વાહન, બળાત્કાર અને અન્ય રીતે થયેલી ઈજાઓની ગણતરી કરવામાં આવે તો તેમાં કૌટુંબિક અત્યાચારોથી થયેલી ઈજાઓનું પ્રમાણ મોટું છે. આ અંગેની વિશેષ માહિતી જોઈએ તો
  - દર સેકંડે એક સ્ત્રીને મારઝૂડ થાય છે.
  - દર 6 મિનિટે એક ઉપર બળાત્કાર.
  - એક અંદાજ મુજબ 85% કિસ્સાની પોલીસમાં જાણ કરવામાં આવતી નથી જે નોંધાય છે તેમાંથી 50% કરતાં ઓછા બળાત્કારીઓને જેલ થાય છે.
- અમેરિકાની વસ્તી અંગેના એક રિપોર્ટ પ્રમાણે 22 થી 35% સ્ત્રીઓ જે ઇમરજન્સી ક્લિનિક પર આવે છે તેઓ કૌટુંબિક હિંસાનો ભોગ બનેલી હોય છે. આ ઉપરાંત 50% સ્ત્રીઓનાં ખૂન તેમના પુરુષ સાથીદારે કરેલા જોવા મળે છે.
- ફ્રાંસમાં 95% મહિલાઓ પૈકી 51% મહિલાઓ તેમના પતિ દ્વારા અત્યાચારનો ભોગ બન્યા છે.
- ડેનમાર્કમાં છૂટાછેડાના કારણમાં 25% મહિલાઓ અત્યાચારનું કારણ ટાંકે છે.
- 19મી સદીના અંતે ઇંગ્લેન્ડ અને વૉલ્સમાં જે ખૂનો થયાં તેમાં 50% મહિલાનાં ખૂન ક્યાંક તો તેમના પતિ, ચાહકો અથવા પુરુષ-મિત્રો દ્વારા કરવામાં આવેલા.

ઇંગ્લેન્ડના જે સરકારી આંકડા છે તેની તુલના કરવામાં આવે તો તેમાંથી એ જણાઈ આવે છે

કે આજે પણ આ અભિગમમાં કોઈ ફેરફાર થયેલ નથી.

- બાંગ્લાદેશમાં જે ખૂનો થયાં તેમાં 50% ખૂનોમાં પતિઓએ તેમની પત્નીઓનાં કર્યા હોવાનું બહાર આવ્યું છે.
- શ્રીલંકામાં કોલંબોમાં 200 મહિલાઓનો સર્વે થયો. તેમાંથી 60% સ્ત્રીઓ કૌટુંબિક હિંસાનો ભોગ બને છે; 42% સગર્ભાવસ્થામાં હોય ત્યારે પતિના મારનો ભોગ બને છે; 51% મહિલાઓએ જણાવ્યું કે તેમના સાથીદારોએ તેમને ત્રાસ આપવામાં, માર મારવામાં જે સાધનોનો ઉપયોગ કર્યો તેમાં ઘરમાં પડેલી ચીજવસ્તુઓ, લાકડાના ટુકડાથી માંડીને ચપ્પુ કે છરાનો સમાવેશ થાય છે.
- પપુઆ ન્યૂગિયેનાના લૉ કમિશને કરેલી રાષ્ટ્રીય મોજણીમાં એ તારણ જોવા મળ્યું છે કે 67% ગ્રામીણ અને 56% શહેરી મહિલાઓ પતિ દ્વારા થતા અત્યાચારના વલણનો ભોગ બને છે.
- કેન્યાના કિસ્સી જિલ્લામાં 733 મહિલાઓનો અભ્યાસ કરવામાં આવ્યો. જેમાં 42% મહિલાઓને તેમના પતિ નિયમિત રીતે માર મારતા હોવાનું જણાયું છે.
- કેન્યાની 42% સ્ત્રીઓ નિયમિત રીતે પોતાના સાથીદારની મારઝૂડનો ભોગ બની હતી.
- ચિલીમાં સાન્ટિયાગોમાં જે મોજણી થઈ તેમાં એવું જણાવાયું છે કે પુરુષસાથી અથવા સંબંધીથી 80% મહિલાઓને શારીરિક, માનસિક અને જાતીય યાતનાઓ ભોગવવી પડી છે અને 63% મહિલાઓએ જણાવ્યું કે તેઓ વિવિધ ત્રાસનો સામનો કરી રહી છે.
- સેન સાલ્વાડોરની 57% પત્નીઓએ તેમના પતિ તરફથી માર મારવામાં આવે છે એમ સ્વીકાર્યું છે.
- ગ્વાટેમાલામાં 1990માં Sacatepequezની 1000 મહિલાઓનો અભ્યાસ કરતાં જણાયું કે 59%ને શારીરિક રીતે, જાતીય કે માનસિક રીતે ત્રાસ આપવામાં આવે છે અને એમાં 74%ને તેમના જીવનસાથી દ્વારા માર મારવામાં આવે છે.
- ઇક્વેડોરમાં 1992માં ક્વીટોની મહિલાઓનો અભ્યાસ કરતાં જણાયું કે 60% સ્ત્રીઓને તેમના સાથીઓ તરફથી ઓછામાં ઓછો એક વખત માર મારવામાં આવે છે. જેઓને માર મારવામાં આવ્યો તેમાં 37% મહિલા ઉપર વારંવાર (રોજથી માંડીને મહિનામાં એક વખત સુધી) માર મરાતો; 25%ને નિયમિત માર મરાતો (દર બે થી છ મહિના સુધીમાં) અને 36%ને વર્ષમાં એક વાર અથવા તેથી ઓછા સમયમાં એક વાર માર મરાતો હતો.
- સાન્જોસ કૉસ્ટારિકામાં 80% જેટલી અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓ હતી. તેમની બાબતમાંથી એમ જણાઈ આવ્યું છે કે 49%ની બાબતમાં તેઓ સગર્ભાવસ્થામાં હતી ત્યારે પણ માર મારવામાં આવેલો હતો.
- કોલમ્બિયામાં 20% સ્ત્રીઓ શારીરિક સતામણીનો, 33% માનસિક ત્રાસનો અને 10% પોતાના પતિ દ્વારા બળાત્કારનો ભોગ બને છે.
- એલેકઝાન્ડ્રિયા અને ઇજિપ્તમાં નોંધાયું છે કે 28% સ્ત્રીઓ ટ્રોમા યુનિટમાં અને 47% સ્ત્રીઓનાં ખૂન કે બળાત્કાર તેમનાં સગાંસંબંધી પુરુષો દ્વારા થયેલાં હતાં.
- લીમા અને પેરૂના અભ્યાસમાં 90% સ્ત્રીઓ 12 થી 16 વર્ષના ગાળામાં મોટેભાગે તેમના પિતા, સાવકા પિતા કે અંગત સંબંધીઓ દ્વારા બળાત્કારનો ભોગ બનેલી હતી.
- દક્ષિણ આફ્રિકામાં દર 1.5 મિનિટે એક સ્ત્રી પર બળાત્કાર થાય છે. એક અંદાજ મુજબ દર વર્ષે ત્રણ લાખ એંસી હજાર સ્ત્રીઓ પર બળાત્કાર થાય છે.
- પાકિસ્તાનમાં 90% સ્ત્રીઓને તેમના પતિ મારઝૂડ કરે છે.
- યુગોસ્લાવિયામાં 1992માં આંતરવિગ્રહ દરમ્યાન અંદાજે બાર હજાર સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરવામાં આવ્યો હતો.

- બાંગ્લાદેશમાં ગ્રામીણ વિસ્તારોમાં દીકરા કરતાં દીકરીઓ ત્રણ ગણી વધુ કુપોષિત હોય છે
- થાઇલેન્ડમાં વાર્ષિક આઠથી દસ હજાર સ્ત્રીઓને વેશ્યાવૃત્તિ તેમ જ જાતીય શોષણના વેપાર માટે જાપાન મોકલવામાં આવે છે.
- ચીનમાં સ્ત્રી-પુરુષ વસ્તીના આંકમાં જણાય છે કે પુરુષોની સરખામણીમાં ત્રણ કરોડ એંશી લાખ સ્ત્રીઓ ઓછી છે.
- આફ્રિકામાં આઠ કરોડ સ્ત્રીઓ પર જાતીય આવેગ રોકવા સંદર્ભે શસ્ત્રક્રિયા થઈ છે.

નવી દિલ્હીમાં મહિલા કાર્યકરોનાં મંડળો, કાનૂની નિષ્ણાતો અને અન્ય તજ્જ્ઞોના એક પરિસંવાદમાં મહિલાઓ સામેના અત્યાચારોના સંદર્ભમાં રજૂ થયેલા આંકડા મુજબ ભારત દેશમાં,

- દર 54 મિનિટે કોઈ ને કોઈ સ્થાને મહિલા પર બળાત્કાર થાય છે.
- દર 26 મિનિટે એક મહિલાની છેડતી થાય છે.
- દર 44 મિનિટે એક સ્ત્રીનું અપહરણ થાય છે.
- દર 102 મિનિટે એક મહિલાનું દહેજને કારણે મૃત્યુ થાય છે.
- દર 7 મિનિટે મહિલા સામે અત્યાચારની કોઈ એક ઘટના બનતી હોય છે. ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો,
- 1995માં 295 સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયો હતો જ્યારે 1996માં 270 સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયો હતો. આ આંકડા મુજબ સરેરાશ દરરોજ એક સ્ત્રી ઉપર બળાત્કાર થયો હતો એમ કહી શકાય.
- 1995માં 627 સ્ત્રીઓ અને 1996માં 551 સ્ત્રીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું.
- 1995માં દહેજ લેવા અંગેના 55 ગુના નોંધાયા હતા જે 1996માં વધીને 63 થયા હતા.

નેશનલ ક્રાઇમ રેકર્ડ્સ બ્યુરો - નવી દિલ્હીના 1991-96ના અહેવાલો મુજબ દેશમાં

- દર વર્ષે સરેરાશ 13,000 સ્ત્રીઓ બળાત્કારનો ભોગ બને છે.
- 14,000 સ્ત્રીઓનાં અપહરણ થાય છે.
- 5,000 સ્ત્રીઓ દહેજના કારણે મોતના મુખમાં હોમાય છે.
- 25,000 સ્ત્રીઓ કુટુંબમાં શારીરિક-માનસિક ત્રાસનો ભોગ બને છે.
- 30,000 સ્ત્રીઓ છેડતી અને જાતીય સતામણીનો ભોગ બને છે.
- 5,000 સ્ત્રીઓ અનૈતિક જાતીય સંબંધોનો ભોગ બને છે.

આમ પ્રતિ વર્ષ 1 લાખથી વધુ સ્ત્રીઓ વિવિધ પ્રકારના અત્યાચારનો ભોગ બને છે.

નેશનલ ક્રાઇમ રેકર્ડ્સ બ્યુરો—નવી દિલ્હીના વર્ષ 1991થી વર્ષ 1996 સુધીના અહેવાલ મુજબ શારીરિક-માનસિક અત્યાચારો જોઈએ તો....

**સ્ત્રી પર થતા શારીરિક-માનસિક અત્યાચાર**

| વર્ષ | કુલ અપરાધ | શારીરિક-માનસિક ત્રાસ |
|---|---|---|
| 1991 | 74,093 | 21,106 |
| 1992 | 79,037 | 25,712 |
| 1993 | 83,954 | 27,881 |
| 1994 | 98,948 | 30,881 |
| 1995 | 1,06,471 | 36,219 |
| 1996 | 1,13,076 | 40,759 |

1997 1,18,580

(માહિતી : નેશનલ ક્રાઈમ રેકર્ડ્સ બ્યુરો)

ભારતમાં શારીરિક અત્યાચારો અને દહેજમૃત્યુનો ભોગ બનતી સ્ત્રીઓની સંખ્યા સતત વધતી જાય છે.

કુટુંબમાં શારીરિક-માનસિક ત્રાસનો ભોગ બનતી સ્ત્રીઓનું સૌથી વધુ પ્રમાણ મહારાષ્ટ્રમાં 28% છે. ત્યાર બાદ પ. બંગાળ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં છે. આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ અને ગુજરાત ત્યાર પછીના ક્રમે આવે છે. દહેજમૃત્યુ ઉત્તરપ્રદેશમાં વધુ છે.

કોઈ પણ સ્ત્રીને શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવે તો ગુનેગારને ત્રણ વર્ષની સજા કરવાની જોગવાઈ આપણા કાયદામાં છે. તેમ છતાં આપણા ગુજરાતમાં સ્ત્રીઓને માનસિક-શારીરિક ત્રાસ આપવાના દરરોજ આઠ કેસ નોંધાય છે. 1990માં સ્ત્રીઓને ત્રાસ આપવા અંગે 882 કેસ નોંધાયા હતા. 1995માં આવા 1,809 કેસ નોંધાયા હતા જે વધીને 1996માં 2,545 કેસ થયા હતા. આ આંકડા ઉપરથી કહી શકાય કે છેલ્લાં છ વર્ષમાં આ ગુનામાં ત્રણ ગણો વધારો થયો છે. આ ગુનાઓ ઉપરાંત આપઘાત કરવા ફરજ પાડવી, માર મારવો, ઈજા પહોંચાડવી, આપઘાતની કોશિશ કરવી, છેડતી કરવી, આપઘાતથી મૃત્યુ, દાઝવાથી મૃત્યુ વગેરે જેવા બનાવોનું પ્રમાણ ગુજરાતમાં ચિંતાજનક રીતે વધ્યું છે.

સ્ત્રીઓ ઉપર થતા જુદા જુદા અત્યાચારના કુલ 11,548 કેસ 1995માં નોંધાયા હતા. તે વધીને 1996માં 11,960 થયા હતા. આ આંકડાઓ અંગે નોંધપાત્ર વાત એ છે કે આ આંકડા પોલીસ મથકે નોંધાયેલા સત્તાવાર આંકડા છે. એટલે કે ગુજરાતભરમાં સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારના બધા બનાવો અંગે ફરિયાદ કરવામાં આવી નથી. તેથી ખૂબ મોટા પ્રમાણમાં સ્ત્રીઓ ઉપર અત્યાચાર થવાનો અંદાજ લગાવી શકાય. 1998 થી 2000 ની આંકડાકીય માહિતી જોઈએ તો –

**ગુજરાતમાં મહિલા અત્યાચારના ત્રણ વર્ષના આંકડા**

| વિગત | 1998 | 1999 | 2000 |
|---|---|---|---|
| બળાત્કાર | 311 | 304 | 314 |
| અપહરણ | 914 | 896 | 765 |
| ખૂન | 346 | 351 | 334 |
| દહેજ મોત | 64 | 57 | 55 |
| માનસિક ત્રાસ | 2989 | 3365 | 3542 |
| છેડતી : પજવણી | 1189 | 1118 | 876 |
| ઈવ-ટીઝિંગ | 114 | 134 | 147 |
| બાળલગ્ન | 17 | 26 | 20 |
| આત્મહત્યા | 1638 | 1774 | 1668 |
| અકસ્માત મોત | 3779 | 3378 | 3029 |
| અન્ય | 839 | 828 | 754 |

(માહિતી : ગુજરાત સમાચાર, 19મી મે 2001)

ગુજરાતમાં મહિલા સંબંધિત ગુનાઓના પ્રમાણમાં ભલે ઘટાડો થયાની આલબેલ પોકારવામાં આવતી હોય, મહિલાત્રાસ અને છેડતીના કિસ્સા છેલ્લાં આઠ વર્ષથી સતત વધતા રહ્યા છે. એક વર્ષમાં 314 બળાત્કારની ઘટના એટલે કે લગભગ 32 કલાકે એક બળાત્કાર થાય છે. અપહરણના 765 કિસ્સાનો અર્થ એ થયો કે એક દિવસમાં બે મહિલાઓનું અપહરણ થાય છે. આપઘાતના 1,668 બનાવોએ તો હદ તોડી નાંખી છે.

1993થી 2000 સુધીનાં આઠ વર્ષનું ગુનાહિત સરવૈયું જોઈએ તો 1993ના 11,255 ગુનાઓ સામે 1998માં 14,641, 1999માં 14,678 અને 2000માં 13,726 નોંધાયા છે. 1999ની સરખામણીમાં ભલે આ ગુનાઓમાં સાત ટકાનો ઘટાડો નોંધાયો હોય, આંકડા સ્પષ્ટ છે. 2001ના વર્ષમાં પ્રથમ બે મહિનામાં 1,901 ગુનાઓ નોંધાયા છે.

1998માં બળાત્કારના 311, અપહરણના 914, ખૂનના 346, માનસિક-શારીરિક ત્રાસના 2,989, પજવણીના 1,189, આત્મહત્યાના 1638 અને અકસ્માતે મોતના 3779 ગુના દાખલ થયા હતા. જેની સામે શાસનના ત્રીજા વર્ષમાં એટલે કે 2000માં બળાત્કારના 314, અપહરણના 765, ખૂનના 334, ત્રાસના 3,542, પજવણીના 976, આત્મહત્યાના 1,668 અને અકસ્માતે મોતના 3,029 ગુના પોલીસ મથકોએ નોંધાયા છે.

ગુજરાતમાં બાળલગ્નનું પ્રમાણ ઘટ્યું છે. 1993માં 45 અને 1995માં 50 બાળલગ્ન થયાં હતાં. જેની સામે આ સંખ્યા હવે ઘટીને 20 ઉપર પહોંચી છે. આમં જોઈએ તો બળાત્કાર અને અપહરણના બનાવો વધતા ગયા છે. સરકાર આંકડા ઓછા થયાનું ગૌરવ લઈ રહી છે.

ગુજરાતમાં 2001માં પ્રથમ બે માસ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં 36 બળાત્કાર, 118 અપહરણ અને 43 ખૂનના બનાવો બન્યા છે. ત્રાસ આપવાનો આંકડો 439 એ પહોંચ્યો છે. છતાં ગુનાખોરીમાં સાત કે આઠ ટકાના ઘટાડાનું ગૌરવ લેવામાં આવે છે. "એન્ટિ રોમિયો સેલ" ઊભું કરવાની યોજના ફળીભૂત કરવાનો પ્રયાસ થયો છે છતાં પજવણીના કિસ્સા વધતા ગયા છે. સ્ત્રીછેડતીના બનાવો વધી રહ્યા છે.

સરકારી કે અર્ધસરકારી નોકરી કરતી મહિલાઓની પજવણીના કિસ્સા સચિવાલયમાં નોંધાય છે. ખાનગી સંસ્થાઓમાં આવા કિસ્સા ધમકીને કારણે બહાર આવતા નથી. માનસિક ત્રાસ આપવાની બાબત હવે તો કાયમી સમસ્યા બની ગઈ છે, જેમાં સરકારી કચેરીઓ પણ બાકાત નથી.

રાજ્યમાં મહિલાઓની હત્યા કરવાના પ્રયાસો જરૂર ઓછા થયા છે, પણ ખૂન થયાનો આંકડો મોટો છે. અપહરણના કિસ્સા ઓછા થતા નથી. દહેજને કારણે મોત થયાની ઘટના ઓછી થઈ છે. 1993માં 63 મોત હતાં જે 2000માં 55 થયાં છે. બી. પી. એક્ટના ગુના ઘટ્યા છે. પણ અન્ય બનાવો યથાવત્ રહ્યા છે.

## 1.3 સ્ત્રી અત્યાચારની સૈદ્ધાંતિક સમજૂતી અને કક્ષા

સ્ત્રી પ્રત્યે આચરવામાં આવતા અત્યાચારની સૈદ્ધાંતિક સમજૂતી વિશે જોઈએ તો આ વિશેની કોઈ પ્રથિત કે કોઈ એક જ સૈદ્ધાંતિક સમજૂતી નથી; પરંતુ એ વિશેની કેટલીક રજૂઆતો થઈ છે તે મુજબ જોઈએ તો :

રામ આહુજા પોતાના પુસ્તક 'Crime against Women'માં દર્શાવે છે કે સમાજશાસ્ત્રીઓ, અપરાધશાસ્ત્રીઓ અને કાયદાશાસ્ત્રીઓ વગેરેને મૂંઝવતો એક પ્રશ્ન એ છે કે શા માટે પુરુષો સ્ત્રીઓ પ્રત્યે હિંસાત્મક વર્તણૂક આચરતા હશે !

1) અપરાધીને મન હિંસા એ લાભ કે બદલો લેવાનું સાધન છે.
2) સામેવાળી [illegible] એવું વિદ્રોહી (Provocative) વર્તન કરે કે જેથી તેને અપરાધી વર્તણૂક આચરવી પડે.
3) આમાં કોઈ માનસિક બીમારી કે માનસિક વિકૃતિનો સમાવેશ થાય છે.
4) આ એવું વર્તન છે કે જેને સમાજનાં ધોરણો સમર્થન આપે છે.

સ્ત્રી પ્રત્યે આચરવામાં આવતી હિંસાને સમજવા રજૂ થયેલા વિવિધ સિદ્ધાંતોને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચી શકાય :

1) મનોચિકિત્સક અથવા માનસિક-નિદાનશાસ્ત્રીય વિશ્લેષણ
2) સામાજિક-મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ
3) સમાજશાસ્ત્રીય અથવા સામાજિક-સાંસ્કૃતિક વિશ્લેષણ

**1) મનોચિકિત્સક અથવા માનસિક-નિદાનશાસ્ત્રીય વિશ્લેષણ (Psychiatric or Psycho-Pathological analysis) :**

રોગનિદાન પૃથક્કરણમાં ગુનાહિત વર્તન માટે વ્યક્તિની વ્યક્તિગત ખાસિયત અને વ્યક્તિમત્તા પર ભાર મુકાય છે. આ સિદ્ધાંતમાં માનસિક બીમારી—માદક દ્રવ્યોના સેવનની અસર વગેરેની વ્યક્તિમત્તા પર અસર પડે છે અને તેથી તે અત્યાચાર આચરે છે એવું મનાય છે.

વ્યક્તિ કયા બાહ્ય વાતાવરણમાં કામ કરે છે. રોજબરોજની આંતરક્રિયામાંથી ઊભી થતી હતાશા એ આ સિદ્ધાંતમાં મહત્ત્વના છે.

આ સિદ્ધાંત બે બાબતોનો નિર્દેશ કરે છે :

1) ગુનેગારની વ્યક્તિગત મનોવૈજ્ઞાનિક સમસ્યામાંથી ઉદ્ભવતા સ્ત્રી- અત્યાચારોનાં કારણો રજૂ કરે છે.
2) જેના પર અત્યાચાર થયો છે તેની પોતાની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ.

**2) સામાજિક-મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો (Socio-Psychological Theory) :**

આ સિદ્ધાંત મુજબ વ્યક્તિની વ્યક્તિમત્તા નહીં પરંતુ તે કઈ પરિસ્થિતિમાં આ વર્તન કરે છે એનાં પર ભાર મુકાય છે. વ્યક્તિનું બાહ્ય વાતાવરણ વ્યક્તિગત પરિબળને અસર કરે છે. દા.ત. રોજબરોજની આંતરક્રિયા, હતાશા, ઉગ્રવાદીપણું, હું જે કહું એ જ સાચું; બીજા કરે તો એના પર શંકા કરવી વગેરે જોવા મળે છે. આ સિદ્ધાંતમાં નિરાશા અને આક્રમકતાનો સિદ્ધાંત (Frustration & Aggression theory); વિકૃત મનોદશાનો સિદ્ધાંત (Perversion theory); સ્વ-વલણનો સિદ્ધાંત (Self-Attitude theory); પ્રેરણાત્મક સિદ્ધાંત (Motive Attribution theory) વગેરેને સૈદ્ધાંતિક રીતે સમજી શકાય.

- **Frustration – Aggression Theory :**

  ડોલાર્ડે સૌપ્રથમ 1939માં આનો નિર્દેશ કર્યો. મૂળ ફ્રોઇડની થિયરીમાં હતાશા-આક્રમણપણા તરફની બાબત વગેરે સમજાવેલ છે. વ્યક્તિગત સહભાગીપણું જે કૌટુંબિક વાતાવરણમાં વ્યક્ત થાય છે. વ્યક્તિને કાંઈક મેળવવાના પ્રયાસોમાં તો અંતરાય ઊભો થાય, નિરાશા આવે અને એ આક્રમણ તરફ લઈ જાય અને એ ચક્ર ચાલ્યા કરે છે. પરંતુ આ સિદ્ધાંતની ટીકા થઈ છે. કારણ કે હંમેશાં આવું નથી બનતું. કેટલીક ઘટનાના ખુલાસા નથી હોતા. 1949માં ફ્રોઈડે આની સૈદ્ધાંતિક સમજૂતીમાં વ્યક્તિની વિકૃતિ અને એમાંથી નીપજતી પરિસ્થિતિ પર ભાર મૂક્યો છે.

- **Self Attitude Theory :**

  આ સિદ્ધાંત પ્રમાણે સમાજ, જૂથ, સંસ્કૃતિ વગેરેમાં પ્રવર્તતાં મૂલ્યોને વ્યક્તિ કેવી રીતે લે છે, કઈ કક્ષાએ એનો સ્વીકાર કરે છે, વગેરે બાબત મહત્ત્વની છે.

- **Motive Attribution Theory :**

  આ સિદ્ધાંત મુજબ વ્યક્તિગત કારણમાં પ્રેરણાત્મક બાબત હિંસા માટે મહત્ત્વની છે. એનો સ્વીકાર થાય છે.

**3) સમાજશાસ્ત્રીય અથવા સામાજિક-સાંસ્કૃતિક સિદ્ધાંત (Socio-Cultural Theory):**

આ સિદ્ધાંત વિશાળ માયા પર જોવાય છે. આ સિદ્ધાંત સામાજિક રચના દ્વારા ગોઠવાયેલ અસમાનતાને ધ્યાનમાં લે છે. આ ઉપરાંત સામાજિક-સાંસ્કૃતિક વલણો અને ધોરણો કે જે સામાજિક વર્તણૂક અને પારસ્પરિક સંબંધોની વિરુદ્ધ છે તેને ધ્યાનમાં લે છે.

આ સિદ્ધાંતમાં કેટલાક પેટા સિદ્ધાંતોનો સમાવેશ થાય છે.

**(i) Structural theory :** આ સિદ્ધાંતમાં દર્શાવ્યું છે કે સમાજમાં વિવિધ સામાજિક સમૂહો એકબીજાથી ભિન્ન છે. એ સમૂહો એમના સ્તર પર દબાણ, તક ઝૂંટાઈ જવી, હતાશા વગેરેમાં જુદા પડે છે પણ આવું કેમ ? કારણ કે એમની પાસે Resources ઓછા છે.

આ સિદ્ધાંત પ્રમાણે જે વ્યક્તિને તંગદિલી વધુ છે અને Resources પણ વધુ છે તે ઓછો અત્યાચાર કરે છે પરંતુ જેની પાસે Resources ઓછા છે તે વધુ હિંસાત્મક બને છે. કુટુંબમાં કમાન્ડ - પ્રભુત્વ

સાથે તેને સંબંધ છે.

આ વર્તણૂક એ સામાજિક દબાણથી નક્કી થાય છે અને વ્યક્તિની વ્યક્તિમત્તા કે મૂલ્યો સાથે એને સંબંધ નથી એવું માનવામાં આવે છે.

Straus (1973) અને Gelles - Sims (1983) કૌટુંબિક અત્યાચારને સમજવા માટે સામાજિક રચનાતંત્રીય અભિગમનો ઉપયોગ કરે છે. તેઓ પણ એવું જ દર્શાવે છે કે કૌટુંબિક હિંસા સામાજિક રચનાતંત્રની પેદાશ છે. જો સમાજવ્યવસ્થા બરાબર ન હોય તો અત્યાચાર કાબૂમાં રહેતા નથી. અત્યાચાર એ વ્યક્તિમત્તાના નિદાનની ચકાસણી માંગી લે છે.

**(ii) System Tension and feed back system theory :** 1973માં સ્ટ્રેટે આ સિદ્ધાંત વિકસાવ્યો અને એ મુજબ કુટુંબમાં જોવા મળતા સંબંધો - કુટુંબમાં જે હિંસા થાય છે તે હેતુપૂર્વકના ધ્યેય પ્રાપ્ત કરવા અને સામાજિક અનુકૂલનતા સાધવા માટે છે.

આ સિદ્ધાંત મુજબ હિંસા એ સામાજિક પ્રથાની પેદાશ છે. એ વ્યક્તિગત બાબત નથી. જોકે એની ટીકા થઈ છે. આ સિદ્ધાંતમાં પણ Stress અને Strain બન્નેની રજૂઆત કરવામાં આવી છે.

**(iii) Anomie theory :** રોબર્ટ મર્ટને 1938માં એનોમીના સિદ્ધાંતમાં ધ્યેય-ધ્યેયપ્રાપ્તિ માટેનાં સાધનો, સામાજિક જરૂરિયાતો વગેરે પર ભાર મૂક્યો છે. જોકે એ બધાને મળતાં નથી કારણ કે એમાં માન્ય માર્ગોનો સાર્વત્રિક સ્વીકાર થતો નથી.

આ સિદ્ધાંત મુજબ સમાજમાં કેટલાક લોકો પર એવું દબાણ આવે છે કે જેને લીધે એને વિચલન કરવું પડે છે.

આ સિદ્ધાંતમાં વ્યક્તિના સામાજિક સ્થાનને અને એ સામાજિક સ્થાન સાથે સંકળાયેલી તંગદિલી અને એમાંથી ઊપજતી ધોરણભંગની પરિસ્થિતિ પર ભાર મુકાયો છે.

ધ્યેય–ધ્યેયપ્રાપ્તિનાં સાધનો વગેરેની રજૂઆત આમાં મુખ્ય છે પરંતુ એમાં જાતીય સતામણી કે વ્યક્તિગત નિરાશાના વર્તનની રજૂઆત નથી.

**(iv) Theory of subculture of violence :** આ સિદ્ધાંત મુજબ સામાજિક આંતરક્રિયાના પરિણામ સ્વરૂપે વિવિધ જૂથપેટા સંસ્કૃતિ વગેરેમાં જે વિસંગતતા ઊભી થાય છે. તેમાંથી કૌટુંબિક ભંગાણ જન્મે છે. ઓસ્કાર લૂઇસ દર્શાવે છે કે નિમ્નવર્ગમાં જોવા મળતી બેકારી-ગરીબી અને એમાંથી ઊભી થતી આ પરિસ્થિતિ તેમાં મુખ્ય છે. કોહેન, મિલર અને ક્લો વોર્ડ આના પ્રણેતા છે.

**(v) Patriarchy theory :** Dobash and Dobashએ (1979)માં આ અંગેની સૈદ્ધાંતિક રજૂઆત કરી છે. તેમણે દર્શાવ્યું કે વર્ષોથી સમાજમાં પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા પ્રવર્તે છે અને એમાં પુરુષને પ્રાધાન્ય આપી સ્ત્રીને ગૌણ કે આધારિત ગણવામાં આવે છે. સમાજમાં આર્થિક પ્રગતિ, નિર્ણયાત્મક બાબતો વગેરેમાંથી સ્ત્રીને એટલા માટે બાકાત રાખવામાં આવે છે કે તે હંમેશાં પુરુષાધીન રહે અને એ દ્વારા આયોજિત રીતે સત્તાવાદી પિતૃસત્તાક કુટુંબ સ્ત્રી પર અત્યાચાર આચરે છે અને એ એક ધોરણ બની રહે છે.

**(vi) Social learning theory :** આ સિદ્ધાંત મુજબ હિંસા અને ઉગ્રતા એ શીખેલ વર્તણૂક છે. જે વ્યક્તિને નાનપણથી સામાજિકરણમાં શીખવવામાં આવે છે. Albert Bandura તેમાં વ્યક્તિગત બાબત પર ભાર મૂકે છે અને અનુકરણ એમાં મુખ્ય બાબત છે.

**(vii) Symbolic interaction theory :** સ્વ-છાપ (ઓળખ), શાખ અને વ્યક્તિગત બાબતને પ્રાધાન્ય આપતી આ સૈદ્ધાંતિક બાબતમાં પ્રત્યેક સામાજિક ક્રિયામાં આંતરક્રિયાનું સ્વરૂપ, સામાજિક ક્રિયા વગેરે પર ભાર મુકાય છે. મીડ, બ્લૂમર, લુંજીલ, ગોરૂમેન, હાવર્ડ બેકર વગેરે તેના પ્રણેતા છે. એમના મતે વ્યક્તિનો 'સ્વ' બીજા તેના પ્રત્યે કેવું વર્તન કરશે એના પર નિર્ભર છે. બાહ્ય પરિબળો તેમાં મહત્ત્વનાં છે અને તેમાં ઉદ્દીપન અને વ્યવહાર એ બન્ને હેતુપૂર્વકનાં હોવાં આવશ્યક છે.

**(viii) Exchange theory :** R. Gellesના મતે આ સિદ્ધાંત પ્રમાણે કૌટુંબિક હિંસામાં cost

### 1.3.1 બાલ્યાવસ્થા અને અત્યાચાર :

કુટુંબમાં જોવા મળતી સ્ત્રી-પુરુષ અસમાનતા અને સામાજિકરણમાં જોવા મળતો ભેદભાવ. ગર્ભધારણ પછી માતાને કે પિતાને જો જાણ થાય કે આવનાર બાળક સ્ત્રી સંતાન છે ત્યારથી અસમાનતાભર્યું વર્તન સંભવી શકે. જ્યારે કોઈ પણ કુટુંબમાં છોકરી જન્મે છે ત્યારે તેની માતાને દરેક વખતે સરખો આનંદ હોતો નથી કારણ કે તે જાણે છે કે આને એના ભાઈ કરતાં ઓછા લાભ મળવાના છે. ભાઈને ભૂખ અને સગવડોથી વંચિત રહેવું નહીં પડે. જ્યારે છોકરીને એ સહેલાઈથી પ્રાપ્ત થતાં નથી. એને દહેજ આપવું પડશે એમ માની પિતા પણ નાખુશ થાય છે. એટલે જ ભારતમાં લગ્ન વખતે અને બીજા સમયે આશીર્વાદરૂપે સ્ત્રીને 'સો પુત્રોની માતા થજે' એવા આશીર્વાદ અપાય છે; નહીં કે 'દીકરીઓની માતા થજે.'

ભારતમાં સ્ત્રી અને પુરુષના ઉછેરભેદનું એક કારણ એ છે કે પુત્ર ભવિષ્યમાં આવક આપશે, સલામતી વધારશે, વંશવેલો જાળવશે અને 'પુ' નામના નર્કમાંથી ઉગારશે. માતા-પિતા સ્ત્રીને પારકી થાપણ ગણી એની પાછળ બહુ ખર્ચ કરવામાં માનતાં નથી.

સ્ત્રી-બાલિકાનો અનુભવ એવો રહ્યો છે કે બાળપણથી તેને અપોષણ મળે છે. ક્યારેક વ્યસ્તતામાં માતા બાળકોને પૂરતું દૂધ આપી શકતી નથી. જ્યારે છોકરાઓને ખાણીપીણી કે પોષણમાં આવો અનુભવ ઓછો થાય છે. સ્ત્રી-બાલિકાઓને વૈદકીય સારવાર પ્રત્યે ઉપેક્ષિત વર્તન જોવા મળે છે. શિક્ષણ ઓછું અપાય છે, અધૂરા શિક્ષણે ઉઠાવી લેવાય છે એવું પ્રણ બને છે.

ભારતમાં દર વર્ષે 13 મિલિયન સ્ત્રીઓ જન્મે છે. તેમાં દર ચારમાંથી એક સ્ત્રી તેની 15મી વર્ષગાંઠ ઊજવી શકતી નથી.

ભારતમાં 1901માં દરે હજાર પુરુષોએ 972 સ્ત્રીઓ હતી. 1991માં 927 અને 2001માં 933 સ્ત્રીઓ છે. ગુજરાતમાં 2001માં દર હજાર પુરુષોએ 919 સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા ચિંતા ઉપજાવે તેવી છે. મહારાષ્ટ્રમાં 50,000 કેસમાં થયેલા ટેસ્ટમાં સ્ત્રી હોવાને લીધે ગર્ભહત્યા વધુ થઈ હોવાનું જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ આ ઘટના જોવા મળે છે.

કુટુંબમાં જવાબદારીના સંદર્ભમાં પણ સ્ત્રીઓને બચપણથી જવાબદારીઓ નિભાવવાની હોય છે. તેનો દરજ્જો કુટુંબમાં ગૌણ હોય છે. ઘરનું કામ અદૃશ્ય અને અવેતનીય છે. શ્રમવિભાજનમાં સ્ત્રી-પુરુષના કામમાં અલગપણું જોવા મળે છે. બાળપણથી જ સ્ત્રીને દિવસના 10 કલાક કામ કરવું પડે છે. આને પરિણામે એના શિક્ષણ પર અસર પડે છે અને સામાજિક ગતિશીલતા પર અસર પડે છે. આ એક પ્રકારની પરોક્ષ હિંસા ગણાવી શકાય.

### 1.3.2 બાળમજૂરી :

ઘણીવાર માતા-પિતા પોતાનાં બાળકોને બાળમજૂરી કરવા માટે મોકલે છે. જેઓ મોકલે છે અને જેઓ એમને રાખે છે એ બધા શોષિત કહી શકાય. કારણ કે કાયદાકીય રીતે એ ગુનો છે. જેઓની માતા બહાર સતત કામ કે મજૂરીએ જાય છે તેવી બાલિકાઓને ઘરકામ કે ભાઈબહેનોને રાખવા વગેરે કામ કરવું પડે છે. આ એક પ્રકારનું શોષણ છે.

### 1.3.3 બાળલગ્ન :

ભારતમાં એક અંદાજ મુજબ 4.5 મિલિયનમાંથી 3 મિલિયન લગ્નો 18 વર્ષ પહેલાં થાય છે. સ્ત્રી માટે કાયદાકીય રીતે 18 વર્ષની વય નક્કી કરેલી છે. છતાં બાળલગ્નો, લગ્નમાં અસંમતિ, પરસ્પરની લેવડદેવડ આ બધા દ્વારા અત્યાચાર આચરવામાં આવે છે અને એને લીધે વહેલી માતા બને છે.

### 1.3.4 જાતીય શોષણ :

સ્ત્રીઓ સાથે રખાતા ભેદભાવ અને શોષણમાંથી વેશ્યાવૃત્તિ સર્જાય છે. દેવદાસી પણ એ ઘટના છે. નેપાળ, થાઈલેન્ડ અને બાંગ્લાદેશમાં આ ઘટનાથી સૌ કોઈ વાકેફ છે. એમાંથી એઇડ્સ જેવા રોગને પ્રોત્સાહન મળે છે.બીજા જાતીય રોગ પણ એમાંથી ઉદ્ભવે છે.

### 1.3.5 બાળ-દુર્વ્યહાર (Child Abuse) :

માતાપિતા દ્વારા બાળકો સાથેના દુર્વ્યવહારની વાત બાળકને સ્પર્શે છે અને એમાં સ્ત્રી અને

પુરુષ બંને બાળકો ભોગ બને છે. પરંતુ સ્ત્રીઓ એનો વધુ ભોગ બને છે.

આ વિશે જુદાં જુદાં સંશોધનો અને લેખમાંથી રજૂ થતી બાબતો જોઈએ તો,

**અર્થ :**

Child Abuse as a clinical condition, having to do with those who have been deliberately injared by physical assult.

કુટુંબમાં બાળકોનો દુરુપયોગ, તેમના પ્રત્યેની ઉપેક્ષા, બેદરકારી વગેરે અંગેની વ્યવસ્થિત રજૂઆત Fed Child Abuse Prevention and Treatments Act of 1974 માં જોવા મળે છે એ મુજબ Child Abuse એટલે

The physical or mental injury, sexual abuse, negligent treatment, or maltreatment of a child under the age of eighteen by a person who is responsible for the child's welfare under circumstances which would indicate that the child's health or welfare is harmed or threatened thereby.

અમેરિકામાં ડેવિડ ગિલે અને નાગીએ કરેલા જુદા જુદા સર્વેમાં બાળકોનો શારીરિક, જાતીય અને લાગણીવિષયક દુરુપયોગ દર્શાવ્યો છે. આ પ્રકારે ઉપેક્ષિત વર્તનો પણ દર્શાવ્યાં છે. કુટુંબ તરફથી કેવા પ્રકારે બાળકો સાથે વર્તન કરાય છે તેના અનુસંધાનમાં બાળકો પર વસ્તુનો ઘા કરવો, લાફો મારવો, ધક્કો મારવો, ગરમ વસ્તુથી દઝાડવા, છરી કે ગનથી બિવડાવવા કે એનો દુરુપયોગ કરવો એ બાબતનો સમાવેશ કર્યો છે.

કેમ્પ અને એના સહયોગીએ 1978માં બાળકો સાથેના દુર્વ્યવહાર અંગેની વ્યાખ્યામાં જણાવ્યું છે કે – "આ પરિસ્થિતિ એની સાથે સંબંધિત છે જેમાં જાણી- જોઈને શારીરિક આક્રમણ દ્વારા જખ્મી કરાય છે." આમાં શારીરિક દુર્વ્યવહારનો સમાવેશ થાય છે. આ સીમિત વ્યાખ્યા છે પરંતુ બાળદુર્વ્યવહારમાં માનસિક ચોટ, ઉપેક્ષા વગેરેનો પણ સમાવેશ થાય છે.

(1) બાળ-દુર્વ્યવહારમાં શારીરિક, લૈંગિક અને ભાવાત્મક દુર્વ્યવહારનો સમાવેશ થાય છે.

બાળકો સાથે થતા શારીરિક દુર્વ્યવહારમાં ઘરમાં અને શાળામાં માર મારવો, વારંવાર એ માર મારવો, ગરીબોને એનો વધુ ભોગ બનવું પડે, થપ્પડ મારવી, વિવિધ ચીજોથી મારવું, લાત મારવી, ગળુ દબાવવું, વાળ ખેંચવાથી શરૂ કરી વધુ આક્રમણનો ભોગ બને છે.

લૈંગિક દુવ્યર્વહારમાં 14 થી 18 વર્ષનાં બાળકો સાથે એવો વ્યવહાર રખાય છે. આવાં બાળકો જેમાં ખાસ કરીને છોકરીઓ લૈંગિક દુર્વ્યવહારનો ભોગ વધુ બને છે. પરિચિત વ્યક્તિ દ્વારા પણ આ વર્તન થાય છે.

ભાવાત્મક દુર્વ્યવહારમાં કાર્યની ઉપેક્ષા, પ્રોત્સાહન ન આપવું, ખોટા દોષારોપણ, ચિંતા ઉપજાવે તેવું વર્તન કરાવવું, તેમની પ્રવૃત્તિમાં રસ ન લેવો, સત્તાવાહી વલણ દાખવવું વગેરેનો સમાવેશ થાય છે.


અમેરિકામાં પ્રતિવર્ષ લગભગ 25 થી 41 લાખ જેટલાં બાળકો એનો ભોગ બને છે. ભારતમાં નિર્ધનતા, નિરક્ષરતા અને મોટાં કુટુંબોના સંદર્ભમાં એક અંદાજ એવો છે કે દર હજારે 5 થી 15 બાળકો કુટુંબ અને માલિકના દુર્વ્યવહારનો ભોગ બનતાં હશે.

આ માટે મનોવિકૃતિ, સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ, રહેઠાણ, સામાજિક નિયંત્રણ વગેરે જેવાં પરિબળો અસર કરે છે.

Child Abuse માટે કોઈ એક કારણ નથી પરંતુ બાળકની જાતિ, કુટુંબ, સામાજિક-આર્થિક પરિસ્થિતિ, સમુદાય વગેરે અનેકવિધ પરિસ્થિતિ એના માટે જવાબદાર હોય છે. એક કરતાં વધુ સામાજિક-માનસિક અને અન્ય કારણો એની સાથે કેવી રીતે સંકળાયેલાં છે તેનું એક મોડેલ Gelles and Strasts એમના પુસ્તકમાં દર્શાવે છે.

**Psychological Model of Child Abuse**

Source – Geils (1973) reprinted with permission from the American jomai of Orthopsychiatry – 1973 by A.O.A. Inc.




આ પ્રકારે એક ક્રતાં વધુ કારણો બાળકો સાથેના દુર્વ્યવહાર સાથે સંકળાયેલાં છે.

આ પ્રકારનાં કુટુંબની લાક્ષણિકતા કેવી છે એ અંગે તેઓએ નોંધ્યું છે તેની મુખ્ય બાબત જોઈએ તો, (Straus, Gelles and Steinmetz (1980))

(1) માતા અને પિતા બાળકને મૌખિક રીતે, શાબ્દિક રીતે ઉગ્રતાપૂર્વક બોલે છે.

(2) પતિ અને પત્ની વચ્ચે વારંવાર ઝઘડો થતો હોય.

(3) પતિ એની પત્ની પર ગુસ્સે થતો હોય.

(4) પતિ છૂટક કામદાર હોય.

(5) પતિ એમની જીવનશૈલીથી અસંતુષ્ટ હોય.

(6) પત્ની માત્ર ગૃહિણી હોય.

(7) બેથી વધારે બાળકો હોય.

(8) કુટુંબનું આયોજન ન હોય.

(9) લગ્નને દશથી ઓછાં વર્ષ થયાં હોય.

### 1.3.6 અનાચાર - Maltreatments :

કુટુંબમાં બાળકોનો દુરુપયોગ, બાળકોની ઉપેક્ષા, બેદરકારી અને એમની સાથે ઓછો માનવીય વ્યવહાર રાખી અયોગ્ય વર્તન રાખવું, ઉછેરભેદ રાખવો વગેરે યોગ્ય માવજતના અભાવવાળી પરિસ્થિતિ દર્શાવે છે.

જે બાળકો નબળા મનનાં છે, જેઓને કોઈ શારીરિક કે માનસિક ખામી છે તેઓનાં માટે પૂર્ણ માવજતની સમસ્યા ઊભી થાય છે.

**પરિણામો** : આનાં પરિણામોનો ઉલ્લેખ કરીએ તો બાળક એ સ્ત્રી હોય કે પુરુષ પરંતુ એને સ્વસ્થ નાગરિક ન બનાવી શકવાનો ગુનો માતા-પિતા અને સમાજના અન્ય લોકો કરે છે. બાળકને આનાથી શારીરિક અને માનસિક રીતે ઘણું જ નુકસાન થાય છે અને ક્યારેક તો બાળકે જાન પણ ગુમાવવો પડે છે. આવાં બાળકો આગળ જતાં નિરાશાવાદી, આક્રમક ગુનેગાર અને ખૂન કરનાર બની શકે છે. બોલ્ટન અને બોલ્ટન બાળકોના દુર્વ્યવહારની અસરો માટે નીચેની પરિસ્થિતિ સંભવિત બનવાનું જણાવે છે.

(1) ભાવાત્મક આઘાત (trauma)

(2) સ્વાભિમાનનો લોપ

(3) આત્માવમૂલ્યન (self-devaluation)

(4) અવિશ્વાસ (mistrust)

(5) ઓછા મિલનસાર બનવું (withdrawal)

(6) વિચલિત વર્તન (devation)

(7) અંતઃ વૈયક્તિક સમસ્યાઓ (Inter Personal Problem)

(8) આધારિતપણું (dependancy)

Child Abuseમાં માત્ર છોકરીઓ જ નહીં, છોકરાઓ પણ એનો ભોગ બને છે.

નિવારણ : આ પ્રકારનાં બાળકોને શોધી કાઢી તે અંગેની માહિતી આપવી જોઈએ.

- જે બાળકો દુરુપયોગનો ભોગ બન્યાં છે તેમને માટે કલ્યાણપ્રવૃત્તિ હોવી જોઈએ.
- કુટુંબને બાળકોનો દુરુપયોગ ન કરે એવા પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ.
- એક કરતાં વધારે માધ્યમોનો ઉપયોગ કરી આ અંગેનાં નિવારણ માટેનો પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ.
- પોલીસને આની જાણ કરવી જોઈએ.
- જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓએ આ પ્રકારનાં બાળકોની યોગ્ય તકેદારી માટે તત્પર રહેવું જોઈએ.
- દવાખાનામાં આવાં બાળકોની સામાજિક તપાસ કરી યોગ્ય પગલાં લેવાં જોઈએ.

### 1.3.7 તરુણાવસ્થા અને અત્યાચાર :

શ્રુતિ તામ્બેના એક લેખમાં તરુણાવસ્થાવાળી સ્ત્રીબાલિકાની હિંસાની રજૂઆત કરી છે. આમાં તેઓએ મુખ્ય બાબત એ દર્શાવી છે કે તેમની ઉંમર અને પિતૃસત્તાક માળખાને લીધે જુદી જુદી જ્ઞાતિ અને વર્ગની સ્ત્રીઓ હિંસાનો ભોગ બને છે, બળાત્કાર, જાતીય સતામણી વગેરને લીધે તે કુટુંબ અને કુટુંબ બહાર અસલામતી ભોગવે છે. એની તાબેદારી પણ મુખ્ય કારણ છે.

મહારાષ્ટ્રમાં 1991માં 2000થી વધુ દહેજમૃત્યુ થયેલાં. તે આધુનિક અને વિકાસવાળું રાજ્ય ગણાતું હોવા છતાં.

નવી આર્થિક નીતિને પરિણામે 'માળખાગત અનુકૂલન' - structural adjustment કરવાં પડે છે.

મહારાષ્ટ્રનાં સંદર્ભમાં થયેલ આ અભ્યાસમાં નવી આર્થિક નીતિ અને સ્ત્રી- હિંસાના સંદર્ભમાં અભ્યાસ થયેલો છે.

ગુંડાઓ, રાજકારણીઓ, વહીવટકાર, પોલીસો, દાણચોરો, બિલ્ડરો વગેરે દ્વારા યુવા છોકરીઓનું શોષણ કેવી રીતે થાય છે એવા કેટલાક કિસ્સા દર્શાવ્યા છે. જુદા જુદા વર્ગ અને જ્ઞાતિ, ઉંમર સાથે એ કેવી રીતે સંબંધ ધરાવે છે. એ દર્શાવ્યું છે. ઘર અને ઘર બહાર સ્ત્રીનું બિનશક્તિમાન સ્થાન કેવી રીતે હિંસાનો ભોગ બનાવે છે તે આ અભ્યાસમાં દર્શાવ્યું છે.

સિસ્ટર રાનીએ 'Violence against young girl'ના લેખમાં જણાવ્યું છે તે મુજબ ભારતમાં 1998માં 11,000 બળાત્કારના કેસ; 22,000 જાતીય સતામણીના કેસ નોંધાયા છે. જેમાં મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં એનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે.

આ ઉંમરમાં સ્ત્રીઓ ઘણી જ લાગણીશીલ હોય છે. સામેની વ્યક્તિ માટે અને જીવન માટે સાચા-ખોટા વિશેની જાણકારી એનામાં હોતી નથી. જાતીય આકર્ષણ પણ ઘણું હોય છે. આ સમયે તેના મગજનું સમતોલન જાળવવું આવશ્યક છે. યુવાનીમાં દારૂ કે અન્ય વ્યસન ક્ષણિક સુખની ભ્રાંતિ કરાવે. પરંતુ એમાંથી ક્યારેક હિંસાત્મક ઘટના બનતી જાય છે

આ યુવાનોને અન્યાય ન થાય એ માટે કાયદાકીય જ્ઞાન આપવું આવશ્યક છે. ખોટાં વચનો ન આપતાં યોગ્ય માર્ગે તેમને દોરવા જોઈએ. આ માટેનું માર્ગદર્શન અને સલાહ આપતાં કેન્દ્રો વધુ ને વધુ ખોલવાં જોઈએ.

Bohmer Carol and Parrot, Anderaના પુસ્તક "Sexual Assault on Campus : The Problem and Solution"માં દર્શાવ્યું છે કે અમેરિકામાં યુવા છોકરીઓને કેમ્પસમાં અને બહાર બળાત્કારનો ભોગ કેવી રીતે બનાય છે તે દર્શાવ્યું છે. અમેરિકામાં 25% યુવાન છોકરીઓને કૉલેજકાળ દરમ્યાન જાતીય સમાગમનો અનુભવ થયો હોય છે. આ આખા પ્રશ્નને વ્યવસ્થિત રીતે સમજવો જોઈએ.

## 1.4 કૌટુંબિક હિંસાનું સ્વરૂપ

### 1.4.1 શારીરિક અત્યાચાર (Physical Violence) :

સામાન્ય રીતે જ્યારે એક વ્યક્તિ અન્ય વ્યક્તિના શરીર કે તેના કોઈ પણ એક ભાગ પર પોતાના શરીરનાં અંગો વડે કે કોઈ સાધનો દ્વારા પ્રહાર કરે છે તેને શારીરિક અત્યાચાર કહેવામાં આવે છે.

આ પ્રકારના અત્યાચારમાં શરીરના વિવિધ ભાગ પર મારવું, મારઝૂડ કરવી, ડામ દેવો, લાત મારવી, ધક્કો મારવો, ચૂંટલા ભરવા, નખોરિયા મારવા, વાળ ખેંચવા, માથું અથડાવવું, જમીન પર ઢસડવી, બચકાં ભરવાં, જાતીય અંગો પર દબાણ કરવું, બળાત્કાર કરવો, સ્ત્રીને સળગાવી દેવી, ખૂનની કોશિશ કરવી કે ખૂન કરવું – આમ સામાન્ય પ્રકારની વ્યથાથી શરૂ કરી ગંભીર ઈજા પહોંચાડવામાં આવે છે અને ક્યારેક તો એને મારી પણ નાંખવામાં આવે છે.

અમારા અભ્યાસમાં 97% ઉત્તરદાતાઓ વારંવાર શારીરિક અત્યાચારનો ભોગ બન્યા છે.

ડૉ. રેખા ગોસાલિયાના અભ્યાસમાં મુંબઈના અગ્ર વર્ગમાં પણ કેટલાક કિસ્સામાં શારીરિક અત્યાચાર જોવા મળ્યા છે.

ડૉ. પ્રોમિલા કપૂરે નોંધ્યું છે કે બાળકન્યાઓમાં જાતીય તફાવતો, અપમાન કરવું, અવગણના કરવી, બેહૂદું વર્તન કરવું, શોષણ દુરુપયોગ, હેરાન કરવું વગેરે જોવા મળે છે.

ડૉ. નીરાબહેન દેસાઈ જણાવે છે કે જ્યારે અત્યાચાર આચરાય છે ત્યારે સ્ત્રીને પતિ, સાસુ કે નણંદનાં મહેણાં-ટોણાં સાંભળવા પડે છે અને આત્મહત્યા કે મારી નાખવાના બનાવો પણ બને છે.

ડૉ. ભારતીબહેન ગાંધીના અભ્યાસમાં ઉત્તરદાતાના પતિ દ્વારા અને શ્વસુર સભ્યો દ્વારા આચરાતા શારીરિક અત્યાચારનો ઉલ્લેખ છે.

ટંડન સ્નેહલત્તા પોતાના કાનપુરના અભ્યાસમાં દર્શાવે છે કે સ્ત્રીને લાત મારવી, ધોલધપાટ કરવી, ભીંત સાથે અફળાવવી એ સામાન્ય વર્તણૂક છે. જાણે આ એક રિવાજ જેવું જ બની ગયું છે.

રેહાના ઘડિયાળી દર્શાવે છે કે સ્ત્રી પર જ્યારે અત્યાચાર ગુજારાય છે ત્યારે તેણીને હાથથી મારવું, લાકડીથી મારવું, ઈસ્ત્રીના દોરડાથી મારવું, સ્ત્રી જ્યારે સગર્ભા હોય ત્યારે પેટ પર લાત મારવી, તીક્ષ્ણ હથિયારથી મારવું, સ્ત્રીઓના વાળ ખેંચીને માથું દીવાલ સાથે અથડાવવું, સ્ત્રીઓની છાતી તથા સાથળ ઉપર ડામ દેવા, બિનજરૂરી જાતીય સંબંધો બાંધવા દબાણ કરવું જેવી બાબતોનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સામાં હત્યાનો સમાવેશ પણ થાય છે.

ડૉ. નન્દની ઝાએ જણાવ્યું છે કે શારીરિક હિંસામાં ગર્ભહત્યા, દૂધ પીતી કરવી, બાળકોનો દુરુપયોગ કરવો, બળાત્કાર કરવો, માર મારવો, મૃત્યુ તરફ ધકેલવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

ડૉ. કુંજબાળાબહેન પોતાના અભ્યાસમાં જણાવે છે કે પતિ તેની પત્નીને લાફા મારે, પેટમાં, કમરમાં કે શરીરના અન્ય ભાગમાં પગથી મારે, ચૂંટલા ભરે, નખોરિયા મારે કે વાળ ખેંચે છે, પત્નીનું માથું ભીંત સાથે અફળાવે છે. ઓરડાની બહાર કાઢી મૂકે છે.

થાઈલેન્ડમાં સ્ત્રી પર બળાત્કાર કરવો, માર મારવો, દુરુપયોગ કરવો, વ્યભિચાર આચરવો જેવી બાબતો દૃષ્ટિગોચર થાય છે.

રેજના જૈનના જયપુરના અભ્યાસમાં લાત મારવી, ધક્કો મારવો એ બાબત મુખ્ય છે.

ડૉ. દિવાકર શર્મા, ડૉ. જયશ્રી ભટ્ટના અભ્યાસમાં 64% સાધારણ શારીરિક હિંસા, 63% ગંભીર શારીરિક હિંસા, જ્યારે 24% અત્યંત ગંભીર શારીરિક હિંસાનો ભોગ બન્યા છે.

શ્રી ઠાકોરભાઈ નાયકે પોતાના પુસ્તકમાં જણાવ્યું છે કે ગુજરાતના પરિવારોમાં જ્યાં ઝઘડા, કલહ કે વિસંવાદિતા સર્જાય છે ત્યાં આનું અતિ નાટકીય સ્વરૂપ સંબંધિતોમાંથી કોઈની હત્યા જ હોય છે. મોટે ભાગે વહુને જ આ પરિસ્થિતિનો ભોગ બનવું પડે છે.

કમલ્લમા અને પુષ્પા કે. એસ.એ તામિલનાડુના અભ્યાસમાં જણાવ્યું છે કે, શારીરિક ત્રાસનો ભોગ બનેલ બધી જ સ્ત્રીઓને માર મારવાની, 81.7% સ્ત્રીઓને ડામ દેવાની, 60%ને લાતો મારવાની, 52.5%ને પથ્થર જેવી વસ્તુઓ મારવાની, 48.3%ને છરીથી મારવાની, 20.8%ને લાકડાથી મારવાની, 19.3%ને વાળ કાપી નાંખીને અને 10%ને ગરમ પાણીમાં નાખીને હેરાન કરવામાં આવતી હતી.

ફલેવિયાએ પોતાના અભ્યાસમાં જણાવ્યું છે કે મારપીટના પ્રકારમાં ગડદાપાટુ, લાકડી કે સળિયાથી પ્રહાર, પેડુમાં લાત, છરી, કડછી કે અન્ય વાસણોથી પ્રહાર, ટેબલ કે વસ્તુ સાથે અફળાવવી, ભીંત સાથે માથું ભટકાવવું, સ્તન અને ગુહ્ય ભાગમાં ડામ, સંભોગનો અતિરેક અને વિકૃતિ જેવી બાબતો જોવા મળી છે.

કેન્યા તથા કેનેડાના અભ્યાસમાં આ ઉપરાંત ઈન્જેક્શનમાં દવા આપી અત્યાચાર આચરવામાં આવે છે.

Dr. Gelle આ સંદર્ભમાં દર્શાવે છે કે સામાજિક રચનાતંત્રમાં હિંસા તો હોય જ છે, પરંતુ એની માત્રા જુદી જુદી હોય છે. કુટુંબની હિંસામાં કોનું પ્રભુત્વ છે એ મહત્ત્વનું છે. ભારતીય સંસ્કૃતિમાં પિતા, પતિ, સાસુ, સસરા સત્તાવાળાં છે એટલે એના દ્વારા અત્યાચાર વધુ થાય છે.

### 1.4.2 માનસિક અત્યાચાર (Psychological Violence) :

આ પ્રકારના અત્યાચારમાં સામી વ્યક્તિ સાથે વર્તન-વ્યવહાર જ એવાં કરવામાં આવે છે કે જેનાથી તે આઘાતની લાગણી અનુભવે.

માનસિક અત્યાચારના સંદર્ભમાં કહી શકાય કે જે વ્યક્તિને શારીરિક ત્રાસ અત્યાચાર આપે છે તેઓને માનસિક ત્રાસ-અત્યાચાર પણ સહન કરવાનો હોય છે કારણ કે આને લીધે તેણીના મન પર આઘાતની લાગણી અનુભવાય છે અને સ્વમાન ઘવાય છે. એટલે કે એ શારીરિક અત્યાચાર કરતા તે વધારે ગંભીર છે. કેટલીક વ્યક્તિઓને માનસિક અત્યાચાર જ સહેવો પડે છે.

એમાં સ્ત્રી આઘાતની લાગણી અનુભવે છે. એમાં મહેણાં-ટોણાં મારવાં, ઉપેક્ષાભર્યું વર્તન કરવું, અબોલા લેવાં, અન્ય વ્યક્તિઓ સાથે બોલવા પર પ્રતિબંધ મૂકવો, અપશબ્દો બોલવા, દ્વિઅર્થી સંવાદો બોલવા, વિવિધ પ્રકારના ભેદભાવ રાખવા, સ્ત્રીને વિવિધ પ્રકારની ધમકીઓ આપવી, શોષણ કરવું, દુરુપયોગ કરવો, અવહેલના કરવી, પરાધીન રાખવી, નિર્ણયમાં ભાગીદાર ન બનાવવી. તેના પર અંકુશ રાખવો, બાળકોને જન્મવા ન દેવાં – ટૂંકમાં એવું વર્તન આચરવામાં આવે કે જેને લીધે સ્ત્રી આઘાત અને દુઃખની અનુભૂતિ કરે અને એ અસહ્ય બને અને સ્ત્રી મૃત્યુ તરફ પણ ધકેલાય. આમાં સ્ત્રીની લાગણીવિષયક બાબતનો સમાવેશ થાય છે. આમ સ્ત્રીનું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસવા ન દેવું, એના માનવીય અધિકારો છીનવી લેવા, એનો ગેરલાભ લેવો, એના પ્રત્યે અમાનવીય વર્તન કરવું એ બધું માનસિક અત્યાચારમાં સમાવિષ્ટ થાય છે.

અમારા અભ્યાસમાં બધા જ ઉત્તરદાતાઓ માનસિક અત્યાચારનો ભોગ બન્યા છે. જેમાં ધમકીઓ આપવી, અવગણના કરવી, અપશબ્દો બોલવા, કામમાં સાથ-સહકાર ન આપવો, આક્ષેપો મૂકવા, પિયર પક્ષે વાતચીત કરવા ન દેવી, ચારિત્ર્ય પર શંકા લાવવી અને એ દ્વારા અસહ્ય માનસિક ત્રાસ અપાય છે.

ડૉ. રેખા ગોસાલિયાના અભ્યાસમાં ગુસ્સો કરવો, બરાડા પાડવા, અપશબ્દો બોલવા, પિયર સાથેના સંબંધો તોડી નાખવા વગેરે છે.

પ્રોમિલા કપૂરના અભ્યાસમાં અપમાન, અવગણના, બેહૂદું વર્તન, શોષણ, દુરુપયોગ, હેરાન કરવું વગેરે મુખ્ય છે.

ડૉ. દિવાકર શર્મા, ભારતીબહેન ગાંધી, જયશ્રી ભટ્ટ વગેરેના અભ્યાસમાં પણ આ બાબત જોવા મળે છે.

### 1.4.3 જાતીય અત્યાચાર (Sexual Violence) :

આ પ્રકારના અત્યાચારમાં સ્ત્રીની સાથેના જાતીય વ્યવહારો સંબંધિત વિવિધ બાબતોનો ઉલ્લેખ થાય છે. આને બધા વિદ્વાનો અલગ પ્રકાર તરીકે દર્શાવતા નથી. ફલેવિયા, ગ્લોરી, ઈશ્વરચન્દ્ર વત્સા, બેલારાની શર્મા વગેરેએ એનો ઉલ્લેખ કર્યો છે. કેટલાક વિદ્વાનો આને શારીરિક અને માનસિક અત્યાચારમાં જ સમાવી લે છે.

જાતીય અત્યાચારમાં સ્ત્રીઓનાં વિવિધ અંગો સાથે બિનજરૂરી અડપલાં કરવાં, એના તરફ તાક્યા કરવું, અશ્લીલ ભાષાનો ઉપયોગ કરવો, છેડતી કરવી, બિનજરૂરી સ્પર્શ કરવો, દામ્પત્ય સંબંધોમાં ઉપેક્ષાભર્યું વર્તન, બળજબરીપૂર્વકનો જાતીય સંબંધ, સંભોગનો અતિરેક, બળાત્કાર, અન્ય સાથે અનૈતિક સંબંધ માટે દબાણ, જાતીય ઈર્ષા, વિકૃતિ, ગુહ્યભાગને વિવિધ રીતે નુકસાન પહોંચાડવું, પરપીડનવૃત્તિ દ્વારા આનંદ લેવો, બીભત્સ ચિત્રો, લખાણો દ્વારા ત્રાસ આપવો, શરીર વેચવા મજબૂર કરવી વગેરેનો સમાવેશ થાય છે.

### 1.4.4 આર્થિક અત્યાચાર (Economic Violence) :

સ્ત્રીઓનું આર્થિક પરતંત્રપણું, એની આર્થિક જરૂરિયાતો અને પુરુષનું સત્તાવાહીપણું એમાંથી આર્થિક અત્યાચાર ઉદ્ભવે છે. મિલકતની આવકનો નાશ કરવો અથવા છીનવી લેવી. બેલારાની શર્મા આનો અલગ પ્રકાર દર્શાવે છે. જેમાં સ્ત્રીઓને પૈસાથી વંચિત રાખવી, સ્ત્રીઓને આર્થિક લાભ માટે વેચી દેવી, કુટુંબ કે પતિના લાભ માટે અનિચ્છાએ પરપુરુષ સાથે જાતીય સંબંધ બાંધવા દબાણ કરવું, મિલકતમાં ભાગ ન આપવો, મિલકત આંચકી લેવી, સ્ત્રીને આર્થિક રીતે પરાધીન બનાવવી, ઘરખર્ચમાં જરૂરી રકમ ન આપવી, બાળકોની વિવિધ આર્થિક જરૂરિયાત ન સંતોષવી, સ્ત્રીને વ્યવસાય ન કરવા દેવો, જો વ્યવસાય કરતી હોય તો એની કમાણીનો દુરુપયોગ કરવો, પિતૃપક્ષેથી આપેલી મિલકત આંચકી લેવી, દહેજ માટે દબાણ કરવું. આર્થિક રીતે પરાણે પોતાના પર આધારિત રાખવી, તેની મૂળભૂત જરૂરિયાતો પણ ન સંતોષવા દેવી વગેરે બાબતો પર અસર કરે છે.

પરિણીત સ્ત્રી આ ઉપરાંત કેવા કેવા સ્વરૂપે અત્યાચારનો ભોગ બને છે તે હવે જોઈએ.

## 1.5 કૌટુંબિક હિંસાના કારણો

સમાજજીવનમાં અનેકવિધ પરિસ્થિતિ સ્ત્રી-અત્યાચાર સર્જે છે. વ્યક્તિની વ્યક્તિગત લાક્ષણિકતા, દામ્પત્ય સંબંધોને લગતાં, પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા, આર્થિક અને વ્યાવસાયિક કારણ, વિવિધ માધ્યમો વગેરે કારણો એનાં માટે જવાબદાર હોય છે.

એક બાલ્યાવસ્થાથી શરૂ કરી પરિણીત અવસ્થા સુધી સ્ત્રી શારીરિક, માનસિક લાગણીવિષયક અને આર્થિક અત્યાચાર કેવી રીતે સહે છે તે એના સ્વરૂપમાં દર્શાવી છે.

અત્યાચારની વ્યક્તિગત જીવન પર, દામ્પત્ય સંબંધો પર, કુટુંબજીવન પર કેવી વિપરીત અસર પડે છે તે આ પ્રકરણમાં દર્શાવ્યું છે. અંતમાં આ અંગેની માન્યતા અને હકીકતોનો નિર્દેશ કર્યો છે.

સમાજજીવનમાં કુટુંબ એ પાયાની સામાજિક સંસ્થા ગણાય છે, જેમાં લગ્ન પહેલાં મૂળ કુટુંબ અને લગ્ન બાદ પ્રજનન કુટુંબમાં સ્ત્રીઓએ વિવિધ કારણોસર અત્યાચારનો ભોગ બનવું પડે છે. જુદા જુદા સંશોધકો એ બાબત સાથે સહમત થાય છે કે અત્યાચાર માત્ર વ્યક્તિગત કારણને લીધે નહીં પરંતુ જુદા જુદા કારણને લીધે થાય છે.

### 1.5.1 વ્યક્તિગત કારણ :

R. Gelles દર્શાવે છે કે વ્યક્તિની સ્વછાપ અને વ્યક્તિત્વને પ્રાધાન્ય આપતી ક્રિયામાં વ્યક્તિગત કારણ મહત્ત્વનું છે. દરેક વ્યક્તિના વિચારો અને બુદ્ધિ તથા સ્વભાવ અલગ હોય છે. સ્ત્રી કે પુરુષની કોઈ એવી વ્યક્તિગત વિશિષ્ટતા કે વિચિત્રતા અત્યાચારને પ્રોત્સાહન આપે છે. વ્યક્તિનાં વ્યક્તિગત લક્ષણો જેવાં કે ગુરુતાગ્રંથિ, લઘુતાગ્રંથિ, ક્રોધી સ્વભાવ, અહમ્, અનુકૂલન ન સાધી શકવું, પરપીડનવૃત્તિ, શારીરિક કે માનસિક ખોડ-ખાંપણ, લાંબી માંદગી વગેરે એકબીજા પાત્ર માટે

અસંતોષ ઊભો કરે છે. તો ઘણી વાર કોઈ એક વ્યક્તિની દેખાદેખી, મોજશોખ, પોષાય નહીં એવા જીવનસ્તરની અપેક્ષા, આવડતમાં ખામી, કજોડાપણું, જાતીય સંબંધો વિશેની જાણકારીનો અભાવ વગેરે વ્યક્તિગત કારણ અત્યાચાર સર્જે છે.

અમારા તથા ડૉ. ભારતીબહેન ગાંધી, ડૉ. દિવાકર શર્મા, ડૉ. જયશ્રી ભટ્ટ, રંજના જૈન, ફ્લેવિયા તથા રામ આહુજાના અભ્યાસમાં વ્યક્તિગત કારણને સમર્થન મળ્યું છે.

દામ્પત્ય સંબંધોના વ્યક્તિગત કારણમાં પતિની વ્યક્તિગત ખાસિયત એ વધારે જવાબદાર હોય એવું વિવિધ અભ્યાસોમાંથી ફલિત થતું જોવા મળે છે.

આજકાલની સ્ત્રીઓ ફેશનબલ પોશાક પહેરે છે અને મર્યાદામાં રહેતી નથી. પુરુષજાતને આકર્ષવા નખરા કરે છે, એટલે પુરુષ ઉશ્કેરાય છે. આવી એક દલીલ વ્યક્તિગત કારણ અંગે રહેલી છે. છેડતી, બળાત્કાર વગેરેમાં જાહેરજીવનમાં કદાચ આ થોડું સંભવી શકે પરંતુ ઘરમાં તો વડીલોએ જે બંધનો લાદ્યા છે એ રીતે પણ જો એ ન રહેતી હોય તો શું ? આવો પ્રશ્ન ઊઠે છે. જોકે વ્યક્તિગત રીતે જે સ્ત્રીઓ પુરુષને આકર્ષવાનો બિનજરૂરી પ્રયાસ કરે છે. છેડતી, મશ્કરી વગેરેનો ભોગ તે બને છે એ બાબતને નકારી શકાય નહીં.

### 1.5.2 દામ્પત્ય સંબંધોને લગતાં કારણો :

વ્યક્તિગત કારણમાં દામ્પત્ય સંબંધોનો ઉલ્લેખ સમાવી શકાય પરંતુ પરિણિત સ્ત્રીઓના સંદર્ભમાં દામ્પત્ય સંબંધને લગતાં કારણો વિશેષ સંબંધિત હોય તેવું જોવા મળે છે.

સંવાદી અને સુખી લગ્નજીવન માટે દામ્પત્ય સંબંધોમાં પારસ્પરિક અનુકૂલન આવશ્યક છે. પતિ અને પત્નીની ઉંમર, શિક્ષણ, વ્યવસાય, વ્યક્તિમત્તા ઉપરાંત કુટુંબનાં અન્ય સગાંઓ વચ્ચેના આંતર સંબંધોના સ્વરૂપમાં દામ્પત્ય જીવનની સંવાદિતા સમાઈ જાય છે. આમ છતાં, એમાં કેટલાંક પરિબળો કે પરિસ્થિતિ એ અત્યાચાર માટે પશ્ચાદ્ ભૂમિકા બની રહે છે.

દામ્પત્ય સંબંધોમાં લગ્નની પસંદગી મહત્ત્વની બાબત છે. કુટુંબના રૂઢિચુસ્ત વાતાવરણમાં પ્રેમલગ્ન અને એમાંય આંતરજ્ઞાતીય, આંતર પ્રાંતીય કે વિધર્મી દંપતીઓને કુટુંબના સભ્યો દ્વારા અત્યાચારનો ભોગ બનવું પડે છે.

એ જ રીતે બાળ-લગ્ન કે જેમાં સ્વ-પસંદગીનો અવકાશ નથી હોતો અને એમાંથી શિક્ષણ, દેખાવ વગેરેનાં કજોડાં ઊભાં થાય છે. એવાં દંપતીઓ અનુકૂલન ન સાધી શકે તો સ્ત્રીને અત્યાચારનો ભોગ બનવું પડે છે.

દામ્પત્ય સંબંધોમાં જાતીય જ્ઞાન આવશ્યક છે. એમાં સૂગ, સંકોચ, અનિચ્છા એ અત્યાચારનાં પ્રેરકબળ બની રહે છે. તો બીજી બાજુ પતિ પત્નીને જાતીય સુખનું એક સાધન ગણતો હોય, વધુ વર્ચસ્વ ધરાવતો હોય કે બન્ને પક્ષે આ અંગે કોઈ પણ કારણસર અસંતોષ હોય તો અત્યાચાર સંભવી શકે છે.

દામ્પત્ય જીવનમાં પારસ્પરિક વફાદારી આવશ્યક છે પરંતુ બન્નેમાંથી એક પાત્ર જો કોઈ અન્ય વ્યક્તિ સાથે અનૈતિક સંબંધ બાંધે તો આવા સંબંધોમાંથી શારીરિક કે માનસિક ત્રાસ સંભવી શકે છે.

દામ્પત્ય સંબંધોમાં પતિ કે પત્ની જો કોઈ કુટેવ ધરાવતાં હોય જેવી કે દારૂ, જુગાર, વિવિધ નશીલાં દ્રવ્યોનું સેવન તો આવાં બધાં કારણો એના શારીરિક અને માનસિક આક્રોશને વ્યક્ત કરે છે અને એમાંથી અત્યાચાર સર્જાય છે.

નારીવાદી અભિગમથી જોઈએ તો પુરુષનું આધિપત્ય, સ્ત્રીનું ગૌણ સ્થાન કે જેમાં તે પોતાના પતિનો પ્રતિકાર કરી શકતી નથી એમાંથી સ્ત્રીઓને પ્રેમ અને હક્ક (અધિકાર) ગુમાવવાના આવે છે. જેમાંથી મળે છે શારીરિક, માનસિક ત્રાસ તથા પુરુષ દ્વારા માર સહન કરવાની સ્થિતિ.

દામ્પત્ય સંબંધોમાં પુરુષ જાતિના દૃષ્ટિકોણથી જોઈએ તો જ્યારે તેને નિરાશા અને અસલામતી અનુભવાય છે ત્યારે તે આઘાત પત્નીને મારઝૂડ કરવામાં કે અત્યાચાર આચરવામાં વધુ વપરાય છે.

કેટલીક વાર એવું પણ બને છે કે પુરુષ કરતાં સ્ત્રી વધારે શિક્ષિત હોય, દેખાવડી હોય, આર્થિક રીતે વધારે સદ્ધર હોય એવા સંજોગોમાં પુરુષની ઈર્ષા, અહમ્ સ્ત્રીને નીચી પાડવાનો પ્રયત્ન કરે છે. આવા પુરુષો લઘુતાગ્રંથિથી પીડાઈને સ્ત્રીને વધારે અત્યાચાર તરફ દોરે છે.

Kamallama અને Puspa K. S., ડૉ. રેખા ગોસાલિયા, ફ્લેવિયા, રામ આહુજા, ડૉ. કુંજબાળાબહેન ત્રિવેદી, Chimbos Peter વગેરેના અભ્યાસમાં આ કારણને સમર્થન મળ્યું છે.

**1.5.3 લગ્નેત્તર સંબંધ :**

લગ્ન બહારના સંબંધો લગ્નજીવનમાં સંકટ પેદા કરે છે. પોતાના જીવનસાથીની જાણ સિવાય કે જાણમાં અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓ સાથે અલ્પ કે દીર્ઘકાલીન સમય માટે પૈસા લઈને કે પૈસા લીધા વગર જાતીય સંબધ બાંધવો તેને લગ્ન બહારના જાતીય સંબંધ તરીકે ઓળખાવી શકાય. આવા સંબંધ લગ્ન પૂર્વે 'Pre Marital' અને પછીના Extra Marital સંભવી શકે. વેશ્યાવૃત્તિ, રખાત, મૈત્રી કરાર કે ક્ષણિક સુખ માટે આવા સંબંધો રખાય છે. આ સંબંધો કુટુંબમાં ઉગ્ર સંઘર્ષ, માનસિક તંગદિલી, અબોલા, અથડામણ ઊભાં કરે છે. ક્યારેક એમાંથી છૂટાછેડા કે ભગ્ન કુટુંબ પણ સર્જાય છે. પારસ્પરિક પ્રેમ, વફાદારી, વિશ્વાસને બદલે આવા સંબંધો અત્યાચાર સર્જે છે.

ડૉ. કુંજબાળાબહેન ત્રિવેદી, આમ્રપાલી બક્ષી, ભારતીબહેન ગાંધી તથા અમારા અભ્યાસમાં આ કારણ અત્યાચાર માટે કારણભૂત ગણાયું છે.

**1.5.4 જાતીય જીવન :**

દામ્પત્ય સંબંધોમાં અત્યાચાર માટે આ મુદ્દો મહત્ત્વનો છે. ડૉ. સ્ટોનના મંતવ્ય મુજબ લગ્નના મુખ્ય ત્રણ હેતુઓ છે :

(1) પરસ્પર પ્રેમ, સહચાર અને આધારિત સ્થિર સહજીવન.

(2) જાતીય જીવન ભોગવવાનો અધિકાર.

(3) ઘર અને કુટુંબજીવન સ્થાપવાની ઇચ્છા.

જાતીય તૃપ્તિનો સમાજમાન્ય માર્ગ લગ્ન છે. લગ્નજીવનમાં આ સંબંધ જેટલો મજબૂત એટલો સંઘર્ષ ઓછો. કેટલીક વાર લગ્ન બાદ જાતીય જીવનની સમજ ઓછી હોય. જાતીય જીવનમાં એનો અસંતોષ હોય, પતિ પત્નીને જાતીય સુખ માણવાનું માત્ર સાધન ગણતો હોય, સ્ત્રીએ અનિચ્છાએ એને વશ થવું પડતું હોય. પરસ્પર અનુકૂલન ન હોય તો અત્યાચાર સર્જાય છે. અમારા અભ્યાસમાં 50% ઉત્તરદાતાઓ આ કારણને મહત્ત્વનું ગણે છે.

**1.5.5 કૌટુંબિક કારણ :**

**1:5:5:1 પિતૃસત્તાક વ્યવસ્થા અને સ્ત્રીઓ પરના અત્યાચાર :**

પિતૃસત્તાનો શાબ્દિક અર્થ છે "પિતાનું અથવા કુટુંબના વડાપુરુષનું શાસન."

કુટુંબ અને જાહેર જીવનના પુરુષ-આધિપત્યવાળી વ્યવસ્થા એ પિતૃસત્તા છે. નારીવાદીઓ 'પિતૃસત્તા'નો ઉપયોગ એક વિભાવના તરીકે કરે છે. સિલ્વિયા વેલ્બી પોતાના 'થીયરાઇઝિંગ પેટ્રિઆર્કી' પુસ્તકમાં લખે છે કે, "આ એક સામાજિક માળખા અને વ્યવહારને આધારે રચાયેલ પદ્ધતિસરની એ વ્યવસ્થા છે, જેમાં પુરુષો સ્ત્રીઓ પર પોતાનું આધિપત્ય જમાવી દમન અને શોષણ કરે છે."

આ એક પ્રકારનું સંસ્થાકીય નિયંત્રણ છે. જેમાં સ્ત્રીઓનું દમન, શોષણ અને નિયંત્રણ સમાયેલાં છે. સમાજની બધી જ સંસ્થાઓનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે તમામ સંસ્થાઓ સ્વભાવગત પુરુષપ્રધાન છે.

સ્ત્રીઓને રોજબરોજના જીવનમાં જોવા મળતો હીનતા ભેદભાવ, અપમાન, નિયંત્રણ, શોષણ આ બધું કુટુંબમાં, કામની જગ્યાએ કે જાહેર જીવનમાં જોવા મળે છે. તેના મૂળમાં 'સ્ત્રી' હોવું એ પ્રધાન મુદ્દો છે.

પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રીઓ પરના પુરુષોના અંકુશના પ્રકાર નીચે મુજબ જોવા મળે છે.

**પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રીઓ પરના પુરુષોના અંકુશના પ્રકાર**

**ઉત્પાદકતા અને શ્રમશક્તિ**

ઘરના કામનું કોઈ મૂલ્ય નહીં.

*

વેતન માટે કામ કરવું કે નહીં
તેના નિર્ણય પર પુરુષોનો અંકુશ.

*

વેતન માટે કામની પસંદગી,
ક્યાં કામ કરવું, કયા સમયે કરવું,
ક્યારે છોડી દેવું વગેરે પર અંકુશ.

*

સ્ત્રીના કામનું કેટલું વેતન આપવું
— તેની પર અંકુશ.

*

સ્ત્રીના પગારનો ઉપયોગ કઈ રીતે કરવો.

**પ્રજનનશક્તિ**

બાળકને જન્મ આપવો કે નહીં.

*

ગર્ભનિરોધક વાપરવા કે નહીં.

*

કેવા પ્રકારના ગર્ભનિરોધક વાપરવા.

*

ક્યારે સગર્ભા થવું.

*

કેટલાં બાળકોને જન્મ આપવો.

*

બાળક પર કોનો અધિકાર, બાળક
કોના નામે ઓળખાય.

**જાતીયતા**

સ્ત્રી અને પુરુષ માટે જાતીયતાનાં બેવડાં ધોરણો.

*

"શીલ-પવિત્રતા" માત્ર સ્ત્રી માટે જ.

*

સ્ત્રીનું શરીર શરમજનક વસ્તુ છે તેવાં મૂલ્યો દ્વારા.

*

સ્ત્રી કોની સાથે કેટલું હસવું, બોલવું કે કેવો સંબંધ રાખવો તેની પર અંકુશ,

*

લગ્ન કરવાં કે નહીં, ક્યારે કરવાં, કોની સાથે કરવાં તેની પર અંકુશ.

*

લગ્ન પછી જાતીય સંબંધોમાં પુરુષની ઇચ્છાનું પ્રભુત્વ.

આમ જ્યારે આ અંકુશમાંથી બહાર નીકળીને સ્વતંત્ર વ્યક્તિ તરીકે જીવવાની કોશિશ સ્ત્રી કરે છે અથવા પોતે એક સ્વતંત્ર વ્યક્તિ છે એવું ક્યારેય કલ્પી જ ન શકે. એ માટે અત્યાચારનો ઉપયોગ થાય છે. વિવિધ સંસ્થાંઓમાં એ જોવા મળે છે; જેમકે :

કુટુંબ : સમાજનું પાયાનું એકમ કુટુંબ જેમાં પુરુષને જ ઘરનો મુખ્ય કર્તાહર્તા ગણવામાં આવે છે. કુટુંબની અંદર તે સ્ત્રીઓની જાતીયતા, શ્રમ-ઉત્પાદન, પ્રજોત્પાદન અને હરવા-ફરવાની શક્તિ પર સંપૂર્ણ અંકુશ ધરાવે છે. આ શ્રેણીબદ્ધ વ્યવસ્થામાં પુરુષ શ્રેષ્ઠ અને સત્તાશીલ તેમજ સ્ત્રી ઊતરતી કોટિની સત્તાહીન ગણવામાં આવે છે. સ્ત્રીઓ પ્રત્યેનો હિંસાચાર વ્યાપક પ્રમાણમાં પ્રસર્યો છે. સિલ્વિયા વેલ્બી પુરુષો દ્વારા કરવામાં આવતા હિંસાચારને એક વ્યવસ્થિત માળખા તરીકે ઓળખાવે છે. તેઓ લખે છે કે, ઉપરથી વ્યક્તિગત અને જુદા જુદા સ્વરૂપે દેખાતો અત્યાચાર વાસ્તવમાં એક કડીબદ્ધ માળખું છે. આ એક વર્તણૂક છે, જેનો અનુભવ સ્ત્રીઓ પુરુષો પાસેથી રોજબરોજની જિંદગીમાં કરે છે. સમાજ અને સરકાર પણ તેને ન્યાયસંગત અને વ્યાજબી ઠરાવે છે. આમ પિતૃસત્તાક વ્યવસ્થા અને અત્યાચાર સુયોજિત રીતે સંસ્થાકીય સંબંધોમાં વ્યાપેલો છે.

**1:5:5:2 કૌટુંબિક વાતાવરણ :**

કુટુંબ સામાજિક રચનાતંત્ર છે. સામાજિક રચનાતંત્રની દૃષ્ટિએ જોઈએ તો તે વ્યક્તિ માટે કાર્યાત્મક અને વિકાર્યાત્મક ભૂમિકા ભજવે છે. કુટુંબ વ્યક્તિને સામાજિક, માનસિક, આર્થિક અને શારીરિક રક્ષણ આપે છે. એ સાથે નૈતિક અને લાગણીવિષયક પ્રોત્સાહક બળ પૂરું પાડે છે. કુટુંબમાં વ્યક્તિ પોતાની ઇચ્છાનુસાર રહેવા માંગતી હોય પરંતુ જ્યારે એમાં પરસ્પરનો સાથ-સહકાર ન મળે, કુટુંબીજનોને આવનાર સ્ત્રી પસંદ ન હોય, કુટુંબમાં વહેમ, અંધશ્રદ્ધા, રૂઢિચુસ્તતાવાળું વાતાવરણ હોય અથવા કુટુંબીજનોમાં પરસ્પર ઈર્ષા, રાગદ્વેષ હોય કે કુટુંબની કોઈ એક વ્યક્તિની વારંવાર ચઢવણી થતી હોય કે તેને અન્ય સભ્યો વેગ આપતા હોય તેવા કુટુંબમાં અત્યાચાર જોવા મળે છે. બધાં જ કુટુંબો અત્યાચારી નથી હોતાં પરંતુ એમાં જોવા મળતું પિતૃસત્તાક માળખું અને સ્ત્રીનો ગૌણ દરજ્જો મહત્ત્વનો છે.

**1:5:5:3 કુટુંબમાં સ્ત્રીનું ગૌણ સ્થાન :**

સમાજનું પાયાનું એકમ કુટુંબસંસ્થા છે. આ સંસ્થા પુરુષપ્રધાન છે. પુરુષ-પ્રધાનતાવાળા કુટુંબમાં સ્ત્રીનું સ્થાન ગૌણ છે. કુટુંબની અંદર સ્ત્રીઓની જાતીયતા, શ્રમઉત્પાદન, પ્રજોત્પાદન, હરવા-ફરવાની શક્તિ પર સંપૂર્ણ અંકુશ ધરાવે છે. નવી આવનાર પેઢીનું સામાજિકરણ પુરુષપ્રધાન મૂલ્યોવાળું કરવામાં આવે એવી સ્ત્રીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે. કુટુંબ જ આપણને ઊંચ-નીચ, દાસત્વ અને અન્યાયનો પાઠ શીખવે છે. બાલિકા હોય, કિશોરીઓ હોય, કે પુખ્ત સ્ત્રી હોય એને પુરુષોનું નિયંત્રણ અને તાબેદારી સ્વીકારવાં પડે છે. એનાં આધિપત્યની માત્રા જેમ ઓછી થતી તેમ અત્યાચારનું પ્રમાણ ઓછું થતું જોવા મળે છે.

આ કુટુંબોમાં સાસુ પણ સત્તાવાહી પાત્ર છે.

**1:5:5:4 પારસ્પરિક સંબંધો**

કુટુંબમાં જોવા મળતા અત્યાચાર હેતુપૂર્વકના ધ્યેય પ્રાપ્ત કરવા અને સામાજિક અનુકૂલનતા સાધવા માટે છે. વ્યક્તિ જે કુટુંબમાં રહે છે એ કુટુંબના પ્રકાર (સ્વરૂપ) સાથે અત્યાચારને સંબંધ છે. કોઈ પણ વ્યક્તિ જ્યારે કુટુંબની ઇચ્છા કે અપેક્ષા પ્રમાણે ન વર્તે ત્યારે દુર્વ્યવહારનો ભોગ બને છે.

સંયુક્ત કુટુંબમાં પતિ અને પત્નીની ભૂમિકા અત્યંત વિશિષ્ટ હોવાથી નિકટના સાથી હોવા છતાં દૂરત્વ અનુભવે છે. પરિણામે દંપતીએ વિષમ પરિસ્થિતિમાં મુકાવું પડે છે.

પતિ અને પત્નીની પારસ્પરિક ફરજો ઉપરાંત કુટુંબના અન્ય સભ્યો સાથે સ્નેહ, સમજણ અને વિશ્વાસ આવશ્યક છે અને જો એમાં નિષ્ફળ નીવડે તો સ્ત્રી માટે અત્યાચારનું વાતાવરણ રચાય છે.

કુટુંબમાં પરસ્પરનો સાથ-સહકાર ન મળે, કુટુંબીજનોને પુત્રવધૂ પસંદ ન હોય, કુટુંબમાં વહેમ, અંધશ્રદ્ધા, રૂઢિચુસ્તતાવાળું વાતાવરણ, પારસ્પરિક ઈર્ષા રાગદ્વેષ, એકબીજા સભ્યોની ચઢવણી આવી બધી પરિસ્થિતિમાં માત્ર એક જ સભ્ય નહીં પણ એક કરતા વધુ સભ્યો તરફથી સ્ત્રી પ્રત્યે અત્યાચાર આચરવામાં આવે છે.

કુટુંબમાં વ્યક્તિને પૂરતો સાથ અને સહકાર ન મળે ત્યારે સંઘર્ષની સ્થિતિનું નિર્માણ થાય છે. જ્યાં પ્રેમ અને લાગણીની ભાવનાનો અભાવ હોય છે ત્યાં શારીરિક અને માનસિક અત્યાચારના સ્ત્રીઓને ભોગ બનવું પડે છે.

લગ્નમાં પાત્રની પસંદગી માટે કુટુંબનું જડ વલણ, એમાંથી ઊભાં થતાં કજોડાં લગ્ન એ બધાંમાં અત્યાચારનાં મૂળ સમાયેલાં છે. જ્ઞાતિનાં કે કુટુંબનાં ધારાધોરણો અને રૂઢિ પ્રમાણે માતાપિતાએ નિર્ણયો લીધા હોય એ નવી પેઢીને માન્ય ન હોય અને એને લીધે અણગમતી પત્ની મારઝૂડનો ભોગ બને છે.

બીજી બાજુ, પરિણીત સ્ત્રી પ્રત્યે કુટુંબની કેટલીક અપેક્ષાઓ હોય છે, પરંતુ જે સ્ત્રીઓ કુટુંબમાં અનુકૂલન સાધી શકતી નથી, યોગ્ય ગૃહસંચાલન કરી શકતી નથી એવી સ્ત્રીઓ કુટુંબમાં અભિશાપરૂપ બને છે.

લગ્નજીવનની વિસંવાદિતા અને એમાંથી સર્જાતી અત્યાચારની પરિસ્થિતિ એમાં જવાબદાર બને છે.

સંયુક્ત કુટુંબમાં વિવિધ સભ્યો સાથે અનુકૂલનતા ન સધાય અને વિભક્ત કુટુંબમાં એ સધાય જ એવું હંમેશાં બનતું નથી. કારણ કે કુટુંબોમાં આજે પણ પુરુષોનું પ્રાધાન્ય રહ્યું છે. સત્તા પુરુષોમાં વધુ જોવા મળે છે અને નવવધૂ પર કુટુંબના વિવિધ સભ્યો જેવા કે સાસુ, સસરા, નણંદ વગેરેનું વર્ચસ્વ હોય છે. તેઓ તેણી પર અંકુશ જમાવવાનો પ્રયત્ન કરે છે અને એને લીધે સ્ત્રીને શારીરિક કે માનસિક ત્રાસનો ભોગ બનવું પડે છે.

કુટુંબ સ્ત્રીઓ પ્રત્યે એવી અપેક્ષા રાખે કે એનાં રીતભાત, દેખાવ, વર્તન, વાણી બધું જ સારું હોય અને આવી અપેક્ષા જ્યારે સ્ત્રી પૂર્ણ કરી શકતી નથી ત્યારે અત્યાચારનો ભોગ બનવાની શક્યતા વધે છે.

સંયુક્ત કુટુંબમાં સ્ત્રીને ભજવવાની વિવિધ ભૂમિકાઓ-સ્વીકૃત ધારા- ધોરણવાળી, ભેદભાવયુક્ત અને અસમાન છે. નિર્ણય કરવાનો એનો લોકશાહી અધિકાર નથી. આવા કુટુંબમાં જ્યારે સ્ત્રી નિર્ણય લે છે ત્યારે અત્યાચારનો ભોગ બની શકે છે.

કુટુંબમાં અત્યાચારના સંદર્ભમાં સંતાનવિષયક કારણનો પણ સમાવેશ થાય છે. કોઈ સ્ત્રી નિઃસંતાન હોય, માત્ર પુત્રીઓને જ જન્મ આપે, સંતાનો ખોડ-ખાંપણવાળાં હોય અને એની પાછળ જ સ્ત્રીને વધુ સમય જતો હોય, કુટુંબના અન્ય સભ્યો અને સ્ત્રીને સંતાનઉછેર માટે મતભેદ પ્રવર્તતો હોય અને પરિણીત સ્ત્રીનો પતિ પોતાની પત્નીને મારઝૂડ કરતો હોય આવા સંજોગોમાં સંતાનોનું યોગ્ય રીતે સામાજિકરણ થઈ શકતું નથી અને એમાંથી વિસંવાદિતા અને અત્યાચાર સંભવી શકે છે.

અમારા ઉપરાંત રામ આહુજા, ડૉ. માબેલ, ગોવિંદ કેલકર, રંજના જૈન વગેરેના અભ્યાસમાં પણ કૌટુંબિક કારણને સમર્થન મળ્યું છે.

**1:5:5:5 સ્ત્રી-અત્યાચારના એક કારણ તરીકે :**

વર્તમાન સમયમાં ઝડપી સામાજિક પરિવર્તન પામતા સમાજમાં જીવન વધુ ને વધુ આધુનિક બનતું જાય છે. જ્યારે પણ કોઈ સ્ત્રી પર અત્યાચાર આચરવામાં આવે ત્યારે પુરુષ-પ્રધાનતાને જ દોષિત ગણવામાં આવે છે. રોજબરોજની ઘટનાઓમાં અને વર્તમાનપત્રોમાંથી મળતી માહિતીમાં એ પણ જોવા મળ્યું છે કે એક સ્ત્રી બીજી સ્ત્રી પર અત્યાચાર આચરે છે.

ગર્ભહત્યા માના ઉદરમાંથી થાય છે.

સામાજિકરણમાં માતા ભેદભાવ રાખે છે.

રીતરિવાજો અને રૂઢિચુસ્તતાને સ્ત્રીઓ સમર્થન આપે છે.

પુત્રી કે પુત્રવધૂને અન્યાય કરવામાં સાવકી મા, સાસુ, નણંદ વગેરે સ્ત્રી- પાત્ર અત્યાચાર આચરે છે.

ગૃહકંકાસ, શારીરિક, માનસિક, લાગણીવિષયક કે આર્થિક ત્રાસ પરિવારમાં જે રીતે થાય છે એનાથી સ્ત્રી સભ્ય અજાણ નથી હોતું. જેલમાં માત્ર પુરુષોએ જ નહી, સ્ત્રીઓએ પણ અત્યાચાર આચરેલા છે.

સમાજની અનેકવિધ ગુનાહિત પ્રવૃત્તિમાં સ્ત્રી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી છે. કદાચ એવું સંભવી શકે કે પિતૃસત્તાક વ્યવસ્થાને લીધે એ આવું કૃત્ય કરે, પરંતુ એ એનો ઇન્કાર કરી એનાથી દૂર રહી શકે તો આત્મહત્યા, દહેજ જેવા કિસ્સા ઘટશે.

**1:5:5:6 સંતાનવિષયક કારણો :**

કુટુંબમાં સંતાનવિષયક કારણ અને અત્યાચાર વચ્ચેનો સંબંધ જોઈએ તો કુટુંબનું સ્વરૂપ, લગ્નજીવનનો સમયગાળો વગેરે એની સાથે સંકળાયેલાં છે. નિઃસંતાનપણું, માત્ર બાળકીઓ હોવી, ખોડખાંપણવાળું સંતાન હોવું, સંતાનઉછેર માટે પૂરતો સમય ન મળતો હોય, અયોગ્ય નિયંત્રણ, સંતાનોના ઉછેરમાં ખામી હોવી, વધુ સંતાન હોવાં, અનિચ્છનીય સંતાન હોવું વગેરે કારણો એની સાથે સંકળાયેલાં છે.

ડૉ. દિવાકર શર્મા, ડૉ. જયશ્રી ભટ્ટ અને ડૉ. ભારતીબહેન ગાંધી તથા અમારા અભ્યાસમાં એવું નોંધાયું છે કે જે સ્ત્રી નિઃસંતાન હોય અથવા જે સ્ત્રી માત્ર સ્ત્રી-બાળકને જન્મ આપે છે તેને મહેણાં-ટોણાં સાંભળવા પડે છે.

ડૉ. પ્રભા આપ્ટેના મતે ઘરેલુ અત્યાચારમાં બાળકોને લીધે સમસ્યા સર્જાય છે.

**1:5:6 સાંસ્કૃતિક રીત-રિવાજો :**

**1:5:6:1 જ્ઞાતિ-રિવાજ :**

ભારતીય સમાજમાં મોટેભાગે પતિ-પત્નીના સંવાદિત કે વિસંવાદિત જીવનમાં જ્ઞાતિના પ્રચલિત રિવાજો મહત્ત્વનો ભાગ ભજવે છે. જે લગ્ન સમયે અને વિવિધ પ્રસંગોએ જ્ઞાતિઆધારિત રિવાજો હોય છે. આપવા-લેવાના વ્યવહારોમાં અપેક્ષા, બળજબરી કે દેખાદેખી વધી જાય અને એવા રિવાજોનું પાલન કરવાની જોહુકમી થાય તો સ્ત્રીને સહન કરવું પડે છે. જે સ્ત્રી કે સ્ત્રીના પિયરપક્ષનાં સગાંઓ જ્ઞાતિના રિવાજોને પોષતા નથી તેવી સ્ત્રીઓને મારઝૂડ કે અત્યાચારની પરિસ્થિતિનો વધુ ભોગ બનવું પડે છે. તેવી શક્યતા વધે છે.

ડૉ. કુંજબાળાબહેન ત્રિવેદીના અભ્યાસમાં આ બધી બાબતને સમર્થન મળેલું જોવા મળે છે.

**1:5:6:2 બાળ-લગ્ન :**

બાળલગ્ન અટકાયત ધારો અમલમાં આવતાં ભારતમાં સ્ત્રીઓની લગ્નવયમાં વધારો કરવામાં આવ્યો છે. છતાં ગ્રામીણ વિસ્તારમાં કન્યાઓનાં લગ્ન નાની ઉંમરે કરી દેવામાં આવે છે, કારણ કે તેમાં પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવાનું વલણ, કન્યાની જાતીય વિશુદ્ધિ જળવાય તેવી વિચારસરણી, તદ્ઉપરાંત કેટલીક ધાર્મિક માન્યતાઓ જેવી કે રજસ્વલા થતા પહેલાં પુત્રીને પરણાવી દેવી જોઈએ. આવી વિચારસરણી, માન્યતા અને વલણને પરિણામે બાળલગ્નને ઉત્તેજન અપાતું. આજે પણ ગ્રામીણ સમુદાયમાં આ પ્રથા જોઈ શકાય છે.

આ બાળલગ્નો અપરિપક્વ વયે થયેલાં હોવાથી સ્વાભાવિક રીતે જ બન્ને સાથીદારોને લગ્નજીવનની શરૂઆતમાં અનેક પરિવર્તનોનો સામનો કરવો પડે. આ પરિવર્તનોની સામે કોઈ-કોઈક વાર પતિ કે પત્ની બેમાંથી એકાદ સમતુલા ગુમાવી બેસે ત્યારે જીવનસાથીની પસંદગીમાં અસંતોષની લાગણી માનસિક રીતે અનુભવાતી હોય છે. બાળલગ્ન દ્વારા અનેક રીતે કજોડાં-લગ્ન સર્જાય છે. ખાસ કરીને શૈક્ષણિક, બૌદ્ધિક તેમજ શારીરિક દેખાવની બાબતમાં કજોડાં-લગ્ન સર્જાય છે. મોટેભાગે આવી પરિસ્થિતિમાં સ્ત્રીની સ્થિતિ જ કફોડી થતી જોવા મળે છે.

ભારતમાં બિહાર, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, પ. બંગાળ વગેરેમાં આજે પણ બાળ-લગ્ન થતાં જોવા મળે છે. જોકે પહેલાંની તુલનાએ પ્રમાણ ઓછું થયું છે. આવા લગ્નમાં સ્ત્રી પોતે શારીરિક અને માનસિક રીતે પરિપક્વ ન હોવા છતાં તેણીએ અનેકવિધ જવાબદારીઓ ઉઠાવવી પડે છે. બાળપણનો આનંદ ત્યજવો પડે છે. વિવિધ ફરજો, આજ્ઞાંકિતપણું એના જીવનના એક ભાગરૂપ બની જાય છે. પરિણામે સ્ત્રીને શિક્ષણ, તાલીમ, આત્મવિશ્વાસ વગેરે બાબતો જતી કરવી પડે છે. નાની ઉંમરે પરાધીન થવાથી તે દયાને પાત્ર બનતી જાય છે. આવા સંજોગોમાં તેના પતિ અને તેનાં કુટુંબીજનો (સાસરીપક્ષ) તરફથી એક સ્ત્રી તરીકેનો હકારાત્મક દૃષ્ટિકોણ ન મળે ત્યારે તેની આખી જિંદગી બાધક નીવડે છે. નાનપણથી જ તેને વિવિધ પ્રકારના અત્યાચારનો ભોગ બનવું પડે છે એમ રવિકુમાર અને ખુરાનાના અભ્યાસમાં જોવા મળ્યું છે.

**1:5:6:3 સાટા લગ્ન :**

સાટા લગ્ન એ બાળલગ્ન જેવો જ કુરિવાજ છે. આવી પ્રથામાં મોટાભાગે એક ઘરનાં ભાઈ-બહેન બીજા ઘરનાં બહેન-ભાઈ સાથે લગ્ન કરે છે. જેથી કરીને બન્ને કુટુંબ વચ્ચે ઘનિષ્ઠ સંબંધો, નિકટતા, ગઠબંધન સારાં રહે તેવી મા-બાપ કે અન્ય વડીલોની અથવા તો જ્ઞાતિનાં આગેવાનોની માન્યતા હોય છે અને તેથી તેને રિવાજ તરીકે સ્વીકારે છે. પરંતુ લગ્ન કરનાર માટે આ રિવાજ અનૈચ્છિક વ્યવહાર બની રહે છે. કારણ કે આવી પરિસ્થિતિમાં જીવનસાથીની પસંદગીનો અવકાશ યુગલને રહેતો નથી. પરિણામે આવા અનૈચ્છિક વ્યવહારમાં પતિ-પત્ની પોતાનું જીવન વિસંવાદિતતામાં પસાર કરે છે. આવાં સાટા લગ્નો બાળ-લગ્નો પણ હોવાનો સંભવ છે.

**1:5:6:4 દહેજ :**

પતિ-પત્નીના જીવનમાં કલહ ઉપજાવનારું અગત્યનું પરિબળ દહેજપ્રથા છે. ભારતીય સમાજમાં માતા-પિતા માટે પુત્રીનું લગ્ન એ કુળની સંસ્કારિતા દર્શાવતી વિધિ મનાય છે. ઉત્તમ કાર્યોમાંના એક કાર્ય તરીકે પુત્રીને તેના પતિના ઘરે વિદાય કરતી વખતે દહેજ આપવામાં આવે છે. દહેજમાં કીમતી

ઘરેણાં, કપડાં, વાસણો, રોકડ રૂપિયા વગેરે અપાય છે. સગાં-સંબંધીઓ તરફથી આવેલી ભેટ-વસ્તુઓ પણ અપાય છે.

તદ્‌ઉપરાંત પહેરામણીના નામે દીકરીના પતિ તથા તેના શ્વસુર પક્ષનાં નજીકનાં સગાંઓને ચઢતા-ઊતરતા ક્રમમાં ઘરેણાં, સાડી કે રોકડ રકમ આપવામાં આવે છે. આમ, લગ્ન પ્રસંગે, લગ્ન પહેલાં કે લગ્ન પછી ભેટસોગાદો આપવી તે હિન્દુ ધર્મમાં સમાજસ્વીકૃત મૂલ્ય થઈ ગયું છે. જોકે સમય જતાં આ પ્રથાનો દુરુપયોગ થવા લાગ્યો. દહેજની બાબતમાં અસંતોષ વધતાં સ્ત્રીઓની પરિસ્થિતિ દયાજનક બની, કારણ કે અસંતોષી પતિ તથા તેનાં કુટુંબીજનો દ્વારા મહેણાં-ટોણાં મારવા, અપશબ્દો બોલવા તેમજ મારઝૂડ જેવા માનસિક-શારીરિક ત્રાસ અપાતા ગયા.

(I) ડૉ. રેખા ગોસાલિયાના મુંબઈના અભ્યાસમાં દર્શાવ્યું છે કે પતિ-પત્નીના સંબંધોમાં વિસંવાદિતામાં લગ્નમાં થતી લેવડ-દેવડ એ એક મહત્ત્વનું કારણ છે.

(II) મહિલાઓના હત્યાના સંદર્ભમાં નાનામોટા ઝઘડા, અનૈતિક સંબંધો, લાંબી માંદગી વગેરે જવાબદાર છે.

દહેજ જેવા સામાજિક અત્યાચારમાં નિમ્ન જાતિ કરતાં ઉચ્ચ જાતિમાં એનું પ્રમાણ વધુ જોવા મળે છે એનું કારણ સામાજિક વધુ છે.

ડૉ. ઈલા પાઠકે દર્શાવ્યું છે કે સ્ત્રીના અત્યાચાર માટે કુટુંબ, શિક્ષણ, જ્ઞાતિ, વર્ગ કે બાળકો કરતાં આપણા સંસ્કૃતિનાં પ્રસ્થાપિત મૂલ્યો મહત્ત્વનાં છે. પુરુષને પત્નીને મારવાનો હક્ક, સ્ત્રીની સમર્પણ-ભાવના એ બધું એને માટે મહત્ત્વનું છે. તદ્‌ઉપરાંત દહેજના મૃત્યુમાં દીકરીનાં કુટુંબીજનો પાસે વિવિધ ચીજવસ્તુઓની માંગણી જવાબદાર છે.

શ્રી રેહાનાબહેન ઘડિયાળીના "Violence in the family wife beating" આર્ટિકલમાં સ્ત્રી પર થતા અત્યાચાર માટે દહેજપ્રથા મુખ્ય કારણ ગણાયું. મહત્ત્વની બાબત એ જણાય છે કે અભ્યાસ હેઠળની 50% સ્ત્રીઓ વ્યવસાયમાં જોડાયેલ હોવા છતાં 'દહેજ' જેવી સમસ્યા દ્વારા અત્યાચારનો ભોગ બને છે.

શ્રી નીરાબહેન દેસાઈએ 'દહેજની સમસ્યા' (1976) પરિચય-પુસ્તિકામાં જણાવ્યું છે કે દહેજ ન લાવવાને કારણે કૌટુંબિક વિસંવાદિતતા સર્જાય છે અને પતિ-સાસુ કે નણંદનાં મહેણાં-ટોણાં કે મારઝૂડનો ભોગ બનવું પડે છે.

વળી, કુટુંબનું રૂઢિગત વાતાવરણ આ મૂલ્યોને પોષે છે.

(III) ડૉ. કુંજબાળાબહેન ત્રિવેદીએ પોતાના અભ્યાસમાં દર્શાવ્યું છે કે કુટુંબમાં સ્ત્રીઓનો ગૌણ દરજ્જો દંપતીઓ વચ્ચે વિસંવાદિતતા માટે જવાબદાર છે.

**1:5:6:5 વર-વિક્રય :**

દહેજની જેમ વર-વિક્રય પણ કન્યાનાં માતા-પિતા માટે ચિંતા પેદા કરનારી પ્રથા છે. આવી પ્રથાને પરિણામે કન્યાજન્મ બોજારૂપ બને છે. વળી, આવી પ્રથાને લીધે કેટલીક કન્યાનાં માતાપિતા આર્થિક વિટંબણાને પરિણામે પોતાની કન્યાને લાયક યુવક સાથે લગ્ન ન કરાવી શકે તેવી પરિસ્થિતિ પણ સર્જાય છે. વળી, કન્યાઓને કેટલીક વખત આવી પરિસ્થિતિમાં કુંવારા રહેવું પડે. આને લીધે કજોડાં લગ્ન પણ સર્જાય છે. જે સ્ત્રીના જીવનને છિન્ન-ભિન્ન કરનાર સાબિત થાય છે.

**1:5:6:6 કંકુ-કન્યા :**

કંકુ-કન્યાનો સીધો અર્થ ફક્ત કન્યા અને તે કન્યાને શુકન થાય માટે કંકુનો ચાંદલો કરીને વિદાય કરવાનો રિવાજ. જોકે આ રિવાજ બહુભ્રામક અને અર્ધસત્યવાળો છે. કારણ કે શરૂઆતના લગ્નજીવનમાં આ કંકુ-કન્યાનો રિવાજ સંતોષ આપતો હોય છે પરંતુ સમય જતાં સ્ત્રીના લગ્નજીવનના દુઃખી દિવસોમાં ઘણાં કારણોમાંનું 'દહેજ' ઓછું કે સંતોષકારક ન લાવવાનું એક કારણ બની જાય છે. સ્ત્રીને આવી પરિસ્થિતિમાં શારીરિક અને માનસિક ત્રાસ સહન કરવો પડે છે.

**1:5:6:7 માન્યતાઓ :**

ભારતીય સમાજમાં પ્રવર્તતી કેટલીક માન્યતાઓ પણ સ્ત્રી તરફ થતા અત્યાચાર માટે જવાબદાર ગણાવી શકાય. જેમ કે જે સ્ત્રીને સંતાન ન થતું હોય તેને મહેણાં-ટોણાં સંભળાવાય છે, તો ક્યારેક તેને અપમાનિત કરી મારઝૂડ પણ કરાય છે.

વળી, એવી પણ ઘટના જોવા મળે છે કે કોઈ સ્ત્રીને પુત્રપ્રાપ્તિ ન થઈ હોય તો કુટુંબના સભ્યો દ્વારા તેના તરફ દુર્વ્યવહાર કરાય છે. વાસ્તવમાં તો પુત્ર ન જન્મવા પાછળ પતિ જ કારણભૂત ગણાય છે. આમ છતાં સ્ત્રીને (પત્નીને) જ દોષિત ગણવામાં આવે છે. કેટલીક વખત સ્ત્રી પોતે પણ પુત્રને જન્મ ન આપવા બદલ પોતાને જ દોષિત માને છે; લઘુતાગ્રંથિ અનુભવે છે. આવી મનઃસ્થિતિ પણ એક પ્રકારનો અત્યાચાર જ ગણાવી શકાય.

આની પાછળ મુખ્યત્વે આપણી ધાર્મિક માન્યતાઓ રહેલી છે કારણ કે પુત્ર દ્વારા જ મોક્ષ મળે. પિંડદાન પણ પુત્ર દ્વારા જ શક્ય બને છે. એવી ધાર્મિક માન્યતાને સમર્થન આપનારા કુટુંબમાં જો સ્ત્રી પુત્રને જન્મ ન આપે તો તેને માનસિક કે શારીરિક ત્રાસ આપવામાં આવે છે.

**1.5.7 આર્થિક અને વ્યાવસાયિક કારણ :**

પુરુષપ્રધાન અર્થવ્યવસ્થામાં પુરુષો આર્થિક સંસ્થાઓ, મોટાભાગની મિલકતો અને આર્થિક પ્રવૃત્તિઓ પર અંકુશ ધરાવે છે. સ્ત્રીઓને શ્રમવિભાજનમાં ઘરકામ કરવાનું હોય છે. મારિયા મિસ એને પ્રચ્છન્ન શ્રમ (shadow work) કહે છે.

વર્તમાન સમયમાં આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણે ઉત્પાદન, વહેંચણી, નફા વગેરે પર અસર કરી છે. આ નવી ઉત્પાદકીય વ્યવસ્થામાં જે સ્ત્રી પાસે શિક્ષણ, કૌશલ્ય કે અનુભવ નથી તેમનું શોષણ થાય છે.

નવી આર્થિક નીતિમાં જે 'માળખાગત અનુકૂલન' કરવું પડ્યું તેમાં યુવાન સ્ત્રી અત્યાચારનો ભોગ વધુ બને છે. નવી આર્થિક વ્યવસ્થામાં સેક્રેટરીની ભૂમિકા હોય, વિવિધ પ્રસાર-માધ્યમોમાં, જાહેરાતોમાં સ્ત્રી પ્રત્યે અત્યાચાર આચરવામાં આવે છે. ભારતમાં પણ ત્રીજા વિશ્વના દેશોમાં આર્થિક કારણોસર કુટુંબની બહાર સ્ત્રીઓનું શોષણ અને અત્યાચાર વધ્યાં છે. સ્ત્રી એ વાપરીને ફેંકવાલાયક ચીજ હોય એમ એનો ઉપયોગ થાય છે. યુવાન સ્ત્રીઓ એમાં જોડાય છે. પરંતુ એ પોતાના ભૌતિક અને આર્થિક વિકાસની ઘેલછામાં અત્યાચારનો ભોગ બને છે. સ્ત્રીઓ પોતાના દેહને વ્યાપાર સમજે તો અત્યાચારનો વધુ ભોગ બને છે.

કૌટુંબિક અત્યાચારના સંદર્ભમાં આર્થિક કારણ તપાસીએ તો અમારા અભ્યાસમાં પતિની બેકારી, અપૂરતી આવક, કુટુંબીજનો દ્વારા પૂરતા પૈસા ન મળવા, નોકરી માટે દબાણ કરવું પડે, બેવડી જવાબદારી બરાબર નિભાવી ન શકે, પત્નીનો પગાર પતિ માંગી લે, વ્યવસાય સ્થળે એની માંગણી કરે વગેરે કારણો જવાબદાર છે.

કૌટુંબિક જીવનધોરણના માપદંડમાં વિવિધ આર્થિક પાસાંનો પણ સમાવેશ થાય છે. જેના દ્વારા કુટુંબજીવનની સ્થિરતાનો કયાસ કાઢી શકાય છે. કુટુંબમાં કોણ કમાય છે ? કેટલી આવક છે ? તેનો વહીવટ કોણ કરે છે ? આ બધી આર્થિક બાબતોને કુટુંબ-જીવનની સ્થિરતા અને સંવાદિતા સાથે સંબંધ છે. ગરીબો કુટુંબમાં સંઘર્ષ જ કરે અને ધનિકોમાં શાંતિ જ પ્રવર્તતી હોય તેવું પ્રતિપાદિત કરવું મુશ્કેલ છે.

જે કુટુંબમાં આવકનું સાધન મર્યાદિત હોય, પતિ બેરોજગાર હોય, તેને કામ મળતું ન હોય ત્યારે આર્થિક ભીંસને કારણે કુટુંબના સભ્યો દ્વારા તેના પર શાબ્દિક પ્રહાર થાય છે અથવા પોતે લઘુતાગ્રંથિ અનુભવે છે. નિરાશા કે હતાશા અનુભવે છે. માનસિક સમતુલન ન રહેતાં તે પત્નીને મારઝૂડ કરી બેસે છે.

જે કુટુંબમાં આવકનું સાધન મર્યાદિત હોય અથવા તો ભીષણ ગરીબી પ્રવર્તતી હોય ત્યારે એ આર્થિક તંગી રોજિંદા જીવનમાં વિસંવાદિતા ઊભી કરે છે.

વળી, કુટુંબના અન્ય સભ્યોની પણ જરૂરિયાત ન સંતોષાતાં વિસંવાદિતા ઊભી થાય છે એમાંથી અત્યાચાર સંભવી શકે છે.

નિમ્ન આર્થિક સ્તરમાં ક્યારેક પતિ સ્ત્રીની કમાણી ઝૂંટવી લે, મારઝૂડ કરે, પૈસા વ્યસનમાં વાપરી નાખે ત્યારે કુટુંબમાં સર્જાતી અશાંતિ સ્ત્રીને માટે અત્યાચારરૂપ બને છે.

ઊંચા આર્થિક સ્તરનાં કુટુંબોમાં પુરુષો નાણાંનો પુષ્કળ વ્યય કરતા હોય ત્યારે તે વિખવાદ દામ્પત્ય સંબંધોમાં સંઘર્ષ કે અત્યાચાર ઊભો કરે છે.

સામાન્ય આર્થિક સંજોગો ઉપરાંત અકસ્માતે કુટુંબમાં થતી આર્થિક કટોકટી અનેક પ્રકારનો તણાવ ઊભો કરે છે. ખાસ કરીને જેઓની પાસે બચત નથી તેઓને તેમાં વધુ સહન કરવાનું આવે છે.

ભારતમાં મધ્યમ વર્ગના કુટુંબમાં આર્થિક પ્રશ્ન અત્યાચાર માટે અનેક રીતે કારણભૂત બને છે. જ્યાં સંયુક્ત કુટુંબ છે ત્યાં બાળકો અને પુત્રવધૂનો શોખ પૂરો કરવા છતાં વડીલોની નાપસંદગી વહોરવી પડે છે.

મધ્યમવર્ગીય કુટુંબમાં જરૂરિયાતોની અગ્રિમતા અપાય છે પરંતુ મોંઘવારી, ઊંચા જીવનધોરણની અપેક્ષા, ઝડપથી બદલાતી ફેશન એ બધી બાબતો કૌટુંબિક આર્થિક તંગદિલીનું નિર્માણ કરે છે. આ તંગદિલી કુટુંબના વિવિધ સભ્યોને મનદુઃખ પહોંચાડે છે. નિરાશા, હતાશા અને એમાંથી માનસિક ત્રાસ સર્જાતો જોવા મળે છે.

જે કુટુંબમાં બેકારી, જુગાર, દારૂ વગેરે વધુ હોય ત્યારે એ આર્થિક તંગદિલી અનેક કૌટુંબિક વિટંબણાઓ સર્જે છે. ખાસ કરીને પતિ આ બધી બદીઓ પાછળ નાણાં ખર્ચીને ગાળાગાળી, મારઝૂડ કે અન્ય ત્રાસ આપે છે. પત્ની તથા તેનાં બાળકો તેનો ભોગ બને છે. મધ્યમ વર્ગમાં ખોટી દેખાદેખી સંવાદિતા જોખમાવે છે. આમ, આર્થિક સ્તર માનસિક-શારીરિક ત્રાસ માટે જવાબદાર છે.

વર્તમાન સમયમાં સ્ત્રીઓનું આર્થિક સહભાગીપણું વધતું જાય છે. કુટુંબમાંથી વ્યવસાય કરવા જતી સ્ત્રી આર્થિક સ્વતંત્રતા ભોગવે છે છતાં તેણીને પૂરતો ન્યાય મળતો નથી એટલું જ નહીં પણ ક્યારેક તેના તરફ શંકાશીલ દૃષ્ટિકોણ અપનાવી અત્યાચારનો ભોગ બનાવાય છે.

હેમ્સ્ટન રોબર્ટ, રિચાર્ડ્સ, ડૉ. માબેલ, ડૉ. રેખા ગોસાલિયા, ડૉ. ભારતી ગાંધી, ડૉ. દિવાકર શર્મા, ડૉ. જયશ્રી ભટ્ટ, ડૉ. નિરોજ સિંહા વગેરેના અભ્યાસમાં આ કારણને સમર્થન મળે છે. અમારા અભ્યાસમાં પણ આ કારણને સમર્થન મળ્યું છે.

**1.5.8 અત્યાચાર શીખેલ વર્તણૂક :**

કેટલાક અભ્યાસોમાં એવું નોંધાયું છે કે એક વાર જો બાળકો પ્રત્યે ગેરવર્તણૂક કરાય, પત્નીને માર મારવામાં આવે, બળાત્કાર કરાય કે દહેજને લીધે શારીરિક-માનસિક ત્રાસ અપાતો હોય અને એ અટકે નહીં તો ચક્ર ચાલ્યા જ કરે છે. કુટુંબમાં આ બાબત ક્યારેક વારસાગત રીતે જોવા મળે છે અને એ સંદર્ભમાં એ શીખેલી વર્તણૂક છે. Gellesના અમેરિકાના અભ્યાસમાં આ બાબતને સમર્થન મળ્યું છે કે કેટલાક કિસ્સામાં નાનપણથી કે અગાઉની પેઢીમાં આ બાબત જોવા મળે છે. આની વારંવારિતા વધતાં આદત પડી જાય છે.

Stacey and Shupeના અભ્યાસમાં 10માંથી 6 અત્યાચારીઓ એમના કુટુંબમાંથી આ શીખ્યા હતા. એ જ્યારે આ પ્રકારનું કૃત્ય કરતા હોય ત્યારે કુટુંબ એમને અટકાવે નહીં તો પણ આવું બને છે. આના અનુસંધાનમાં learned behaviour સિદ્ધાંત લાગુ પાડી શકાય.

**1.5.9 માનસિક અસ્વસ્થતા :**

ગુસ્સાવાળો સ્વભાવ, ઉગ્રતા, માનસિક અસ્વસ્થતા, વારંવારની બીમારી વગેરેને લીધે વ્યક્તિને વ્યક્તિમત્તા પર અસર પડે છે અને એને લીધે અત્યાચાર આચરવામાં આવે છે.

**1.5.10 તંગદિલી :**

માનસિક તંગદિલી, નિરાશા, ભૂમિકા નીરસતા વગેરેને લીધે પણ આ પરિસ્થિતિ સર્જાય છે. બ્રિટિશ એસોસિયેશનના સામાજિક કાર્યકરોએ નોંધ્યું છે કે આર્થિક તંગદિલી, નિમ્ન આવક, ઘરની કંગાળ સ્થિતિ, વસ્તીની ગીચતા, આવકની અસલામતી, સુવિધાઓનો અભાવ, પ્રસન્ન વાતાવરણનો અભાવ—આ બધાં કારણો માનસિક તંગદિલી અને નિરાશા જન્માવે છે. આને લીધે વ્યક્તિ પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવી શકતી નથી અને અત્યાચારનો ભોગ બને છે.

### 1.5.11 કુટેવા – વ્યસન :

વ્યસન એ વ્યક્તિને વ્યક્તિગત, કૌટુંબિક તેમજ સામાજિક વિઘટન તરફ ધકેલતું પરિબળ છે. કુટેવો વ્યક્તિગત અને કૌટુંબિક જીવનમાં તાણ, તંગદિલી કે વિસંવાદિતા સર્જે છે. પાનમસાલા, તમાકુ, દારૂ, જુગાર, નશીલાં દ્રવ્યો, ચોરી, જૂઠું બોલવું આ બધી કુટેવોમાંથી અણબનાવ વધે અને એની વારંવારિતા અત્યાચાર સર્જે છે.

અમદાવાદના અમારા અભ્યાસમાં કુટેવોના સંદર્ભમાં જોવા મળ્યું છે કે ગુજરાતમાં જ્યાં દારૂબંધી છે ત્યાં દારૂ પીવાથી અત્યાચાર વધુ થતા હોવાનું વિશેષ કારણ જોવા મળે છે.

**આલ્કોહોલ અને અત્યાચાર :**

વિશ્વમાં થયેલાં જુદાં જુદાં સંશોધનોમાં જોવા મળ્યું છે કે સ્ત્રી-અત્યાચાર અને આલ્કોહોલ વચ્ચે ગાઢ સંબંધ છે. Hilberman'sના અભ્યાસમાં 93%, Renovizeના અભ્યાસમાં 40% આ કારણ જોવા મળ્યું હતું. ગિલ્સના અભ્યાસમાં 48% કિસ્સામાં આ કારણ જોવા મળ્યું હતું. જેઓના પતિ અઠવાડિયામાં વારંવાર અને આદતની માત્રાથી વધુ પ્રમાણમાં દારૂ લે છે તેમાં આ બાબત વધુ જોવા મળે છે. ઘણી વાર પત્ની આલ્કોહોલનો ઇન્કાર કરે તો પણ આવું બને છે.

ન્યૂ જિનીવા, કુવૈત તથા કોલમ્બિયા થયેલા અભ્યાસમાં પણ આવું જોવા મળ્યું છે.

### 1.5.12 ધાર્મિક કારણ :

ધર્મ વ્યક્તિને સારી વ્યક્તિ બનવાનું શીખવે છે. પરંતુ પરોક્ષ રીતે એ પુરુષસત્તાને સર્વોપરી માને છે. તમામ ધર્મોનું નિર્માણ, અર્થઘટન અને અંકુશ ઉચ્ચ વર્ગ અને ઉચ્ચ જાતિના પુરુષોના હાથમાં જોવા મળે છે. કેટલાક ધર્મમાં સ્ત્રીને સન્માનિત દરજ્જો મળ્યો પણ છે. ભારત બિનસાંપ્રદાયિક રાજ્ય હોવા છતાં વિવાહ, લગ્ન, છૂટાછેડા વગેરેમાં વ્યક્તિની ધાર્મિક ઓળખને પ્રાધાન્ય અપાય છે. પવિત્રતા અંગેના માપદંડો સ્ત્રીપુરુષ માટે અલગ છે. એમાંથી ભેદભાવ અને અસમાનયુક્ત સંબંધોને સ્વીકૃતિ મળી. આ રીતે પ્રત્યક્ષ રીતે નહીં પરંતુ પરોક્ષ રીતે ધર્મ અત્યાચારને પ્રોત્સાહન આપે છે.

### 1.5.13 જાહેર માધ્યમો :

આજે ટેલિવિઝન, પત્રિકાઓ, સમાચારપત્રો, રેડિયો જેવાં માધ્યમોમાં સ્ત્રીની પરંપરાગત ભૂમિકાને પ્રાધાન્ય અપાય છે. પુરુષ સ્ત્રીથી ચઢિયાતો છે, તે સત્તા ભોગવી શકે એવું દર્શાવવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં નારીવાદી અને નારીપ્રધાન ટીવી સીરિયલો, ચલચિત્ર વગેરે પર ભાર મુકાય છે. આમ છતાં આ બધામાં ભારતીય મૂલ્યોની પરંપરા ન જાળવીને લગ્ન બહારના સંબંધો, અનૈતિક સંબંધો, સ્ત્રી પરનાં બળાત્કાર વગેરે દૃશ્યો પણ દર્શાવવામાં આવે છે. આ બધાંનાં પ્રસારણમાં હિંસાના સમયે સ્ત્રીઓની તાબેદારી, અશક્તિ વગેરે દર્શાવાય છે. આના પ્રસારણમાં, સ્ત્રીવિરોધી પક્ષપાતી વલણો અપનાવવામાં આવે છે. આ માટે કેટલીક સ્ત્રીઓએ વ્યક્તિગત રીતે માથું ઊંચક્યું છે. સ્ત્રી-સંસ્થાઓ પણ આ માટે જાગ્રત છે. આમ છતાં જાહેર માધ્યમો પણ કેટલેક અંશે અત્યાચાર બહેકાવવામાં પરોક્ષ ભૂમિકા ભજવે છે.

જ્ઞાનનાં અન્ય ક્ષેત્રો જેવાં કે તત્ત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, કલા, વિજ્ઞાન વગેરેમાં નિપુણતા ધરાવવા અને આકાંક્ષાઓ પૂર્ણ કરવા સ્ત્રીઓએ અત્યાચાર સહન કરવા પડે છે.

### 1.5.14 અન્ય કારણો :

ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, વિજ્ઞાનની નવી શોધખોળ, પશ્ચિમીકરણ, નવી રાજકીય વિચારસરણી, નવી અર્થવ્યવસ્થાનો ઉદ્ભવ, કેળવણીનો ફેલાવો, વિવિધ સંસ્કૃતિનું મિશ્રણ, ઝડપી વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારનાં સાધનો, સ્ત્રીનાં ગૃહકાર્યોમાં યાંત્રિક સાધનોનો વપરાશ વગેરે પરિબળોએ માનવીના કૌટુંબિક જીવનમાં તથા કુટુંબના સભ્યોના આંતરસંબંધોમાં પરિવર્તન આણ્યું છે. આ પરિવર્તનની પ્રક્રિયાએ સ્ત્રીના દરજ્જા, ભૂમિકા અને કાર્યક્ષેત્ર ઉપર મહત્ત્વની અસર કરી છે. સ્ત્રીનું કાર્યક્ષેત્ર કુટુંબમાં તથા કુટુંબની બહારના ક્ષેત્રે વિસ્તાર પામ્યું છે. જેને પરિણામે તેણીને ભૂમિકા-સંઘર્ષ પણ અનુભવવો પડે. આ સંઘર્ષ તેનામાં માનસિક ત્રાસની અનુભૂતિ કરાવે છે.

સંચારમાધ્યમો કે જેમાં સ્ત્રીઓ પર થતી અત્યાચારની રીતોનું નિદર્શન કરવામાં આવે છે.

ભારતીય વ્યવસ્થાતંત્રમાં પોલીસ, કાનૂન, વકીલો, ન્યાયાધીશો વગેરે પણ કાયદાની ખામીઓ,

અસ્પૃશ્યતાઓ વગેરેના ગેરલાભ લે છે. પોલીસ આ અંગે સમયસર પગલાં ન લે, ન્યાયાધીશ યોગ્ય ન્યાય ન આપે તો સ્ત્રીઓ અત્યાચારથી મુક્તિ મેળવી શકતી નથી.

હોસ્પિટલમાં પણ ઘણી વાર અત્યાચારનો ભોગ બનેલ સ્ત્રીનું મૃત્યુ પૂર્વેનું નિવેદન (Dying Decleration), મેજિસ્ટ્રેટ દ્વારા લેવાયેલું નિવેદન કે પછી પોસ્ટ- મોર્ટમ રિપોર્ટમાં વિરોધાભાસી પરિસ્થિતિ ઊભી કરવામાં આવે છે.

આ બધાં કારણો સ્ત્રીઓને અત્યાચારથી છુટકારો અપાવી શકતાં નથી.

ડૉ. મોબેલ દર્શાવે છે કે સ્વતંત્રતા, વ્યક્તિવાદ, યાંત્રિકીકરણ, શહેરીકરણ, શિક્ષણ, નવી વિચારસરણી આ બધાને લીધે એક બાજુ જાગૃતિ વધી છે; સભાનતા વિકસી છે તો બીજી બાજુ કૌટુંબિક સંઘર્ષ અને અનુકૂલનની સમસ્યા ઊભી થઈ છે જેને કારણે સ્ત્રીઓને અત્યાચારનો ભોગ બનવું પડે છે.

થાઈલૅન્ડમાં સ્ત્રીઓને પોતાના કુટુંબ દ્વારા જ વેશ્યાવૃત્તિનો ભોગ બનવું પડે છે. એ માટે પર્યટકોનું આકર્ષણનું કારણ જવાબદાર છે.

ડૉ. પ્રોમિલા કપૂરે આપણી મૂલ્યવ્યવસ્થા ઉપરાંત નિરક્ષરતા, ધાર્મિક અંધશ્રદ્ધા વગેરેને સ્ત્રીઓના અત્યાચાર માટે કારણભૂત ગણ્યા છે.

આમ અનેકવિધ કારણો સ્ત્રી-અત્યાચાર માટે છે.

## 1:6 કૌટુંબિક હિંસાની સ્ત્રી-જીવન પરની અસરો :

સ્ત્રીઓ પર થતા કૌટુંબિક અત્યાચારો વૈશ્વિક સામાજિક સમસ્યા છે. સમાજની નોંધપાત્ર સંખ્યાને એ અનિચ્છનીય રીતે સ્પર્શે છે. જેમાં એની વ્યક્તિગત અસર, દામ્પત્ય સંબંધો પર, બાળકો પર, આર્થિક ક્ષેત્રે તથા સ્ત્રીઓના બન્ને પક્ષના કુટુંબ-જીવનને સ્પર્શે છે. આ અસરો લાંબા ગાળાની પણ હોઈ શકે અને ટૂંકા ગાળાની પણ હોઈ શકે.

આ બધી અસરો એટલી વ્યાપક અને સંવેદનશીલ છે કે જેને શબ્દોમાં વર્ણવવી અઘરી છે.

Family violence can be linked to a Cancer. Which is a part of an organism but which at the same time fatally corrupts and destroys its host. (William A. Stracey and Anson Shupe. The family secret. Domestic violence in America (Boston-Beacou Press) P-XV

સ્ત્રીઓ તરફ આચરવામાં આવતા અત્યાચારનાં મૂળ ઘણાં ઊંડાં હોય છે. સાપ્રથમ તો એ સ્ત્રીના દરજ્જાને હણે છે. સ્ત્રીના માનવીય અધિકારને હણે છે, સ્ત્રીની પ્રતિષ્ઠા જોખમાય છે અને એ સ્ત્રી શારીરિક અને માનસિક રીતે ભાંગી પડે છે. અહીં આ અસરોનો ટૂંકમાં ઉલ્લેખ કરીએ તો,

### 1.6.1 માનસિક અસર.....

- અસલામતી અનુભવે છે, ભયભીત બની રહે છે.
- નિરાશા, હતાશા, વિશાદ અનુભવે છે.
- વારંવાર ગુસ્સે થઈ જાય છે.
- પોતાના જીવન પ્રત્યે વિધાયક અભિગમ કેળવી શકતી નથી.
- માનસિક ક્ષમતા ઘટતી જાય છે.
- કૌટુંબિક જીવનમાં દયાજનક-લાચારીની સ્થિતિ અનુભવે છે.
- ક્રિયાશીલતામાં ઘટાડો થતો અનુભવે છે.
- સંવેદનાઓ હણાય છે.
- અજંપો, બેચેની વગેરે વધે છે.
- સ્વભાવ ચિંતિત થઈ જાય છે.
- આપઘાતના વિચારો કરતી થાય છે.
- થાક અનુભવે છે.
- અનિદ્રાનો ભોગ બને છે..
- સગર્ભાવસ્થામાં સતત ચિંતિત રહેતા આવનાર બાળક પર વિપરીત અસર થવાની શક્યતા રહે છે.

### 1.6.2 શારીરિક અસર.....

- શરીરના વિવિધ ભાગોને નુકસાન થાય છે. ઉપરાંત સોળ ઊઠે, ચકામાં થાય, શરીર સૂજી જાય, હાડકાં ભાંગે, માથાનો, પીઠનો કે સાંધાનો દુઃખાવો થાય વગેરે.
- શરીરનું વજન ઘટતું જાય છે.
- ખોરાક પ્રત્યે અરુચિ વધે છે.
- ક્યારેક સખત મારથી બેભાન થઈ જાય છે.
- ફેફરુ આવી જાય
- સ્ત્રી પ્રતિકાર કરવા ગેરમાર્ગે દોરાય છે.
- શારીરિક ક્ષમતા ઘટતી જાય.
- જાતીય સમાગમ વખતે અશક્તિ જણાય.
- કસુવાવડ થાય.

આ ઉપરાંત બીજા અનેક આરોગ્યવિષયક પ્રશ્નો ઊભા થાય છે.

### 1.6.3 દામ્પત્ય સંબંધો પર અસર....

- પતિ-પત્ની પારસ્પરિક ફરજો બજાવી શકતાં નથી.
- પરસ્પર પ્રેમ અને હૂંફનો અભાવ વર્તાય છે. લગ્નજીવનની સ્થિરતા ઘટે છે.

- પારસ્પરિક વિશ્વસનીયતા ઘટે છે.
- બન્નેમાં ઔપચારિકતા વધતી જાય છે.
- આ સંબંધમાં નીરસતા આવતી જાય છે.
- પારસ્પરિક અણગમો વધતો જાય છે.
- ભગ્ન કુટુંબની શક્યતા વધે છે.
- પારસ્પરિક વિમુખતા વધતાં યંત્રવત્ જીવન ગુજારે છે.
- બન્નેમાંથી કોઈ એક પક્ષે અસંતોષ વધે તો લગ્નબહારના જાતીય સંબંધો વિકસવાની શક્યતા વધે છે.
- લગ્નજીવનના આદર્શોનો હ્રાસ થાય છે.
- બાળકો વિચલિત વર્તન કરે એવી પરિસ્થિતિ સર્જાય છે.

### 1.6.4 કૌટુંબિક અસર.....

કોઈ પણ પરિણીત સ્ત્રી સામાન્ય રીતે બે કુટુંબ સાથે જોડાયેલી હોય છે. એક પોતે જ્યા જન્મી છે, ઊછરી છે તે કુટુંબ અર્થાત્ પિયર પક્ષ (Orientation family); બીજું જ્યાં પોતાના લગ્ન બાદનું જીવન વિતાવવાનું છે તે શ્વસુરગૃહ (Procreation family).

જ્યારે કોઈ પણ પરિણીત સ્ત્રી અત્યાચારનો ભોગ બને ત્યારે તેની અસર તેના પિયર પક્ષે અને શ્વસુર પક્ષે થયા વિના રહેતી નથી. જેને પરિણામે કુટુંબજીવનમાં અ...ના, મૃદુતા વગેરે તૂટતી જાય છે.

પરિણીત સ્ત્રીના બન્ને પક્ષના કુટુંબ પર થતી અસર જોઈએ તો,

### 1.6.5 પિયર પક્ષ પર અસર ....

- 'દહેજ' કે અન્ય લે... દેવડ માટે વારંવાર પિયર મોકલવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે સ્ત્રીના પિયર પક્ષને આર્થિક બોજ પડે છે.
- પિયર પક્ષ સાથેના સંબંધો પર કાપ મૂકવામાં આવે ત્યારે તે સ્થિતિ સ્ત્રી માટે અસહ્ય બને છે.
- સમાજમાં દીકરીનાં માતા-પિતાનું સ્થાન ગૌણ હોવાને કારણે ક્યારેક તેમની સાથે અસભ્ય વર્તનવ્યવહાર થાય છે.
- ક્યારેક પિયર પક્ષના સભ્યો પર જીવનું જોખમ પણ રહે છે.
- અત્યાચારનો ભોગ બનેલ પરિણીત સ્ત્રી પિયર પક્ષે આવે છે ત્યારે પાછી આવેલ દીકરીને લીધે તે કુટુંબની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે.

### 1.6.6 શ્વસુર પક્ષ પર અસર....

- રોજ-બરોજ સ્ત્રી પર થતા અત્યાચારને લીધે વિવિધ સભ્યો વચ્ચેના આંતરસંબંધોમાં પારસ્પરિક પ્રેમ ઘટતો જાય છે અને તણાવયુક્ત સંબંધો વધતા જાય છે.
- કુટુંબની પ્રતિષ્ઠા સમાજમાં જોખમરૂપ બને છે.
- કુટુંબમાં સંઘર્ષમય વાતાવરણ સર્જાય છે.
- પારસ્પરિક સહકારની ભાવના લુપ્ત થતી જાય છે.
- સ્ત્રી અને કુટુંબના સભ્યો વચ્ચે પારસ્પરિક નકારાત્મક વલણ ઊભું થાય છે.
- કુટુંબમાં દબાણયુક્ત પરિસ્થિતિમાં વધારો થાય છે.
- સભ્યોની જરૂરિયાતો અપેક્ષાનુસાર સંતોષાતી નથી.

### 1.6.7 બાળકો પર અસર....

અત્યાચારની સૌથી વિશેષ નકારાત્મક અસર બાળ-માનસ પર પડે છે કારણ કે કૌટુંબિક સંઘર્ષ, પોતાની માતા પર થતો શારીરિક કે માનસિક અત્યાચાર બાળક જુએ છે.

આવાં બાળકોમાં બધાં જ બાળકો પર તેની વિપરીત અસર સંભવે એવું નથી. આમ છતાં, કેટલીક શક્યતાઓને નકારી શકાય નહીં, જેમ કે....

- માતા-પિતા બન્નેના સંઘર્ષને લીધે બાળકોનું સામાજિકરણ ખામીયુક્ત રહેવાની શક્યતા રહે છે.
- ક... બાળકો ભગ્ન કુટુંબનો ભોગ બને છે.

- બાળકોને પિતા પ્રત્યે તિરસ્કારની લાગણી પેદા થાય છે.
- તેઓ વિવિધ જરૂરિયાતોથી વંચિત રહે છે.
- અસલામતી અનુભવે છે.
- કુટુંબની વિસંવાદિતાથી દૂર રહેવા ઘરની બહાર રહેવાનું વધુ પસંદ કરે છે.
- તેઓ શિક્ષણ લેતા હોય તો તેમના અભ્યાસ પર પણ અસર થાય છે.
- ક્યારેક એવું પણ સંભવી શકે છે કે ભગ્ન કુટુંબનો ભોગ બનેલા બાળકને અન્ય સ્થળે આશ્રય લેવો પડે.

આ ઉપરાંત વિશેષમાં જોઈએ તો કોઈ પણ સ્ત્રી પર થતા અત્યાચાર એ એની વ્યક્તિગત સમસ્યા નથી. દરેક સ્ત્રીના મન પર અત્યાચારની અસર થાય છે. કેટલાક સ્ત્રીઓ પર થતાં અત્યાચાર, મારઝૂડ કે બળાત્કારને કારણે બીજી સ્ત્રીઓમાં એવો ભય સતત રહે છે કે સમાજે દોરેલ લક્ષ્મણરેખા જો તે ઓળંગશે તો તેની પણ આવી જ હાલત થશે. સમાજ પાસેથી સલામતીની અપેક્ષા રાખતી સ્ત્રીને ઘરમાં જ સલામતી જોખમાતી લાગે તો ફરિયાદ કોને કરે ?

### 1.6.8 વિઘાતક અસરો .......

- સ્ત્રીની સ્વ-ઓળખ પર અસર થાય છે.
- તેની પ્રગતિમાં અવરોધ આવે છે અને વિકાસ રૂંધાય છે.
- માનવ-અધિકારોથી વંચિત રહે છે.
- સુપુપ્ત શક્તિઓ બહાર આવતી નથી.
- બાલ્યાવસ્થામાં એની સાથે દુર્વ્યવહાર રાખ્યો હોય તો આગળ જતાં નિરાશાવાદી કે આક્રમક બને છે તો ક્યારેક ગેરમાર્ગે દોરાય છે, વિચલિત વર્તન કરે છે.
- યુવાવસ્થામાં બળાત્કારનો કે જાતીય દુરુપયોગનો ભોગ બનેલી છોકરીઓને સમાજમાં સન્માનિત રહેવા માટે ઝઝૂમવું પડે છે, તો ક્યારેક તેમાંથી પુરુષો પ્રત્યે નકારાત્મક વલણ ઉદ્ભવે છે.

### 1.6.9 આર્થિક અસર.....

અત્યાચારની આર્થિક અસર કાર્યકારણના સંદર્ભમાં તપાસી શકાય. સ્ત્રીઓ પર થતા અત્યાચાર માટે આર્થિક કારણ જવાબદાર છે અને એનાં આર્થિક પરિણામો પણ સંભવી શકે; જેમ કે,

- વ્યસન કે અનૈતિક સંબંધને કારણે પૈસા ગેરમાર્ગે વપરાઈ જાય છે અને એની વિપરીત અસરો સ્ત્રીઓને ભોગવવી પડે છે.
- આર્થિક ખેંચ/તંગદિલી સર્જાય છે.
- કુટુંબમાં બાળકોના ઘરખર્ચ વગેરે પ્રકારના આર્થિક આયોજનમાં વિક્ષેપ ઊભો થાય છે.
- ઘણી વાર સ્ત્રીને કે તેનાં બાળકોને અનિચ્છાએ વ્યવસાય કરવાની ફરજ પડે છે.
- સ્ત્રીના આર્થિક વિકાસમાં ક્યારેક અવરોધ ઊભો થાય છે.

આમ, સમગ્ર રીતે જોઈએ તો સ્ત્રી પર થતા અત્યાચારને લીધે માનવમૂલ્યોનો, નૈતિક મૂલ્યોનો તેમજ લગ્નના આદર્શોનો હ્રાસ થાય છે અને સ્ત્રીને એ સહન કરવું પડે છે. કારણ કે પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં પુરુષનું પ્રભુત્વ-અંકુશ સ્ત્રીને તાબેદારીમાં રાખે છે અને એ એક ધોરણ બની રહે છે. કારણ કે જે કુટુંબ તરફથી એને પ્રેમ કે સહાનુભૂતિ મળવાં જોઈએ એ મળતાં નથી. તે તો માત્ર કુટુંબમાં અત્યાચારનો ભોગ બનનાર (victim) વ્યક્તિ માત્ર છે જે માનસિક પ્રફુલ્લતા, આનંદ વગેરે ગુમાવી દે છે. પ્રતિકાર કરવાની ક્ષમતા મહદ્અંશે તે ગુમાવી દે છે. બહુ બહુ તો અપશબ્દો બોલે, અબોલા લે, પોતાના પતિને વિનવે પરંતુ એની કોઈ વિશેષ અસર વર્તાતી નથી. આજે પણ મોટાભાગની સ્ત્રીઓ પોતાના નસીબને દોષ દઈ, બાળકો અને કુટુંબની પ્રતિષ્ઠા ખાતર અત્યાચાર સહે છે પરંતુ હવે તે આ અસહ્ય પરિસ્થિતિની જાણ ઘર-બહાર પણ કરવા લાગી છે. પોતે એમાં પોતાની અનુમતિ દર્શાવે છે અને તેથી જ આ સમસ્યા હવે ઘરની ચાર દીવાલો પૂરતી મર્યાદિત ન રહેતાં જાહેર જીવનમાં જોઈ શકાય છે.

## 1.7 કૌટુંબિક હિંસાનું નિવારણ

કોઈ પણ સામાજિક સમસ્યાનું એક લક્ષણ એ છે કે એને દૂર કરી શકાય એવી લોકો માન્યતા સેવે છે. આ માટે સામૂહિક પ્રયત્નો અને સરકારની સહાયથી એના નિવારણ માટેના પ્રયત્નો કરે છે. સ્ત્રી પર ગર્ભહત્યાથી શરૂ કરી મૃત્યુ સુધી જે પ્રકારે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાણ્યે-અજાણ્યે અત્યાચાર આચરાય છે તેના નિવારણ માટે આયોજિત પ્રયત્નો થયા છે. સરકાર અને સંસ્થાકીય પ્રયત્નો દ્વારા એનું નિવારણ શક્ય છે. કેટલાંક એવાં તકેદારીનાં પગલાં પણ લઈ શકીએ કે જેથી કરીને આ સમસ્યાને હળવી કરી શકાય. આ બધી ચર્ચા આ પ્રકરણમાં કરી છે.

**અત્યાચારનું નિવારણ :**

સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતા કૌટુંબિક અત્યાચારના નિવારણને બે દૃષ્ટિકોણથી જોઈ શકાય:

(1) સરકારી પ્રયત્નો અને

(2) સંસ્થાકીય પ્રયત્નો

### 1.7.1 સરકારી પ્રયત્નો :

સ્ત્રીઓ પર થતા અત્યાચારના નિવારણના સંદર્ભમાં ભારતીય દંડ સંહિતા (Indian Pinal Code) ઉલ્લેખનીય છે.

**1:7:1:1 સ્ત્રીના પતિ અથવા સગાં દ્વારા તેણીને ત્રાસ આપવા બાબત :**

ઇન્ડિયન પીનલ કોડની કલમ 498(અ) મુજબ જે કોઈ વ્યક્તિ સ્ત્રીનો પતિ હોય અથવા પતિનો સગો હોય આવી સ્ત્રી ઉપર ક્રૂરતા આચરે તો તે વ્યક્તિને ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

આ કલમના હેતુ માટે ક્રૂરતા એટલે :

- એવા પ્રકારનું ઇરાદાપૂર્વકનું વર્તન કે જે તે સ્ત્રીને આપઘાત કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જિંદગીને, શરીરના કોઈ અવયવ કે આરોગ્યને (પછી તે માનસિક અથવા તો શારીરિક હોય) ગંભીર હાનિ કરે અથવા ભય પમાડે; અથવા
- સ્ત્રીને કનડગત કરવી. જ્યાં આવી કનડગત તેણીના અથવા તેણીનાં કોઈ સગાં હોય તેવી વ્યક્તિને કોઈ મિલકત અથવા કીમતી જામીનગીરી માટે ગેરકાયદેસર માંગણીને પહોંચી વળવા દબાણ કરવાના હોય અથવા તેણીનાં કોઈ સગાંઓ આવી માંગણીને પહોંચી વળવા ન હોવાને લીધે હોય.

આ કલમ 1993માં ભારતીય દંડ સંહિતામાં ઉમેરવામાં આવી છે. આ કોગ્નિઝેબલ તથા બીનજામીની ગુનો છે. પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ ચલાવી શકે છે. સ્ત્રીને સાસરીમાં તેના પતિ કે તેનાં અન્ય સાસરિયાં જે તે કારણસર શારીરિક કે માનસિક ત્રાસ આપતા હોય તેમની સામે પગલાં લેવા માટે આ મહત્ત્વની કલમ છે. પરંતુ સ્ત્રી-સંસ્થાઓનો અનુભવ રહ્યો છે કે જ્યારે કોઈ સ્ત્રી આ કલમ હેઠળ ફરિયાદ નોંધાવવા જાય છે ત્યારે મોટેભાગે તો પોલીસ ફરિયાદ નોંધવાનું ટાળે છે. જો સ્ત્રી મક્કમતાથી રજૂઆત કરે તો કદાચ અન્ય કોઈ કલમ હેઠળ ફરિયાદ લે છે.

**1:7:1:2 બળાત્કારે જાતીય સંભોગ :**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 375 મુજબ, નીચે દર્શાવેલ અપવાદ સિવાય, કોઈ પુરુષ નીચે વર્ણવેલા છ પ્રકારના સંજોગો પૈકી કોઈ પણ સંજોગમાં કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તે 'બળાત્કાર' કર્યો ગણાશે –

પહેલો - તેની ઇચ્છા વિરુદ્ધ

બીજો - તેની સંમતિ વગર

ત્રીજો - તેની સંમતિથી, જ્યારે તેને અથવા તેનાથી જે વ્યક્તિમાં હિત હોય તેવી વ્યક્તિને મૃત્યુ અથવા વ્યથાના ભયમાં મૂકી સંમતિ મેળવવામાં આવી હોય.

ચોથો - તેની સંમતિથી, જ્યારે પુરુષ જાણતો હોય કે તેનો પતિ નથી અને સંમતિ આપવામાં આવી હોય ત્યારે તે માનતી હોય કે બીજી વ્યક્તિ છે કે જેની સાથે તે અથવા પોતાની જાતને કાનૂની રીતે પરણેલી માને છે.

પાંચમો - તેની સંમતિથી, જ્યારે સંમતિ આપવા સમયે મગજની અસ્થિરતા, નશાયુક્ત હાલત અથવા પુરુષે પોતે કે અન્ય મારફત બે ભાગ બનાવે અથવા તંદુરસ્તીને હાનિકારક પદાર્થ અપાયાના કારણે સ્ત્રીએ જેની સંમતિ આપી હોય તેનો પ્રકાર અને પરિણામ સમજી શકે તેમ ના હોય ત્યારે.

છઠ્ઠો - તેની સંમતિથી કે સંમતિ વગર જ્યારે તે સોળ વર્ષથી નીચેની વયની હોય.

સમજૂતી - જાતીય સંભોગ, બળાત્કારનો ગુનો બને તે માટે યોનિપ્રવેશ થવો તે પૂરતું ગણાય.

અપવાદ - પોતાની પત્ની સાથે પુરુષે કરેલો જાતીય સંભોગ, પત્ની પંદર વર્ષથી ઓછી વયની ન હોય તો બળાત્કાર નથી.

**1:7:1:3 બળાત્કાર માટે સજા :**

ભારતીય દંડ સહિતા (IPC)ની કલમ 376 મુજબ, કોઈ પણ વ્યક્તિ પેટા કલમ (2)માં જોગવાઈ કરેલા કિસ્સાઓ સિવાય બળાત્કાર કરે, તેને સાત વર્ષથી ઓછી નહિ તેટલી પરંતુ આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની હોઈ શકે, બેમાંથી ગમે તે પ્રકારની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે, સિવાય કે બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી તેની પોતાની પત્ની હોય તથા બાર વર્ષથી ઓછી વય ધરાવતી ન હોય, આવા કિસ્સામાં તેને બે વર્ષ સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

પરંતુ, સાત વર્ષથી ઓછી કેદની સજા, ચુકાદામાં પર્યાપ્ત તથા વિશિષ્ટ કારણો દર્શાવીને અદાલત કરી શકશે.

**કોઈ પણ વ્યક્તિ**

ક. પોલીસ અધિકારી હોય;

1. જ્યાં તેની નિમણૂક કરવામાં આવી હોય તે પોલીસ સ્ટેશનની હદમાં, અથવા
2. જ્યાં તેની નિમણૂક કરવામાં આવી હોય તે પોલીસ સ્ટેશનમાં આવેલ હોય કે ન હોય તેવા કોઈ પણ સ્ટેશન હાઉસની જગામાં, અથવા
3. પોતાના હવાલામાં હોય કે પોતાના હાથ નીચેના પોલીસ અધિકારીની કબજામાં હોય તે સ્ત્રી ઉપર બળાત્કાર કરે, અથવા

ખ. જાહેર નોકર હોય, પોતાના અધિકૃત દરજ્જાનો લાભ લે અને આવા જાહેર નોકર તરીકે પોતાના કે પોતાના હાથ નીચેના જાહેર નોકરના કબ્જામાં હોય તેવી કોઈ સ્ત્રી પર બળાત્કાર કરે, અથવા

ગ. કારાવાસ, બાળ સંરક્ષણ ગૃહ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ પણ કાનૂનની રૂએ અથવા તે હેઠળ સ્થપાયેલ કોઈ પણ હવાલાના સ્થળ અથવા સ્ત્રીઓ કે બાળકીની સંસ્થાના વ્યવસ્થાપક અથવા કર્મચારી હોય અને પોતાના અધિકૃત દરજ્જાનો લાભ લઈ આવાં બાળ સંરક્ષણ ગૃહ, સ્થળ અથવા સંસ્થામાં રહેતી કોઈ પણ સ્ત્રી પર બળાત્કાર કરે, અથવા

ઘ. દવાખાનાના વ્યવસ્થાપક અથવા કર્મચારી હોય, અને પોતાના હોદ્દાનો લાભ લઈ તે દવાખાનાની સ્ત્રી પર બળાત્કાર કરે અથવા

ચ. સ્ત્રી ગર્ભવતી હોવાનું જાણવા છતાં તેના પર બળાત્કાર કરે અથવા

છ. બાર વર્ષથી નીચેની વય ધરાવતી સ્ત્રી પર બળાત્કાર કરે અથવા

જ. સામૂહિક બળાત્કાર કરે.

તેને દસ વર્ષ કરતાં ઓછી નહિ તેવી સખ્ત કેદની - જે આજીવન પણ હોઈ શકે - સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

પરંતુ દસ વર્ષ કરતાં ઓછી કેદની સજા, ચુકાદામાં પર્યાપ્ત તથા વિશિષ્ટ કારણો દર્શાવીને, અદાલત કરી શકશે.

**1:7:1:4 અલગ રહેતી પોતાની પત્ની સાથે પુરુષ દ્વારા સંભોગ :**

ભારતીય દંડ સહિતા (IPC)ની કલમ 376-ક મુજબ,

કોઈ પણ વ્યક્તિ, અલગ રહેવાના હુકમના હેઠળ અથવા કોઈ રિવાજ કે રૂઢિ હેઠળ તેનાથી અલગ રહેતી પોતાની પત્ની સાથે તેની સંમતિ સિવાય સંભોગ કરે, તેને બે વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે. તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:5 જાહેર નોકર દ્વારા તેનાં હવાલામાં હોય તેવી સ્ત્રી સાથે સંભોગ :**

ભારતીય દંડ સહિતા (IPC)ની કલમ 376-ખ મુજબ,

કોઈ પણ વ્યક્તિ, જાહેર નોકર હોય અને પોતાના અધિકૃત દરજ્જાનો લાભ લઈ આવા જાહેર નોકર તરીકે પોતાના હવાલામાં હોય અથવા પોતાની હાથ નીચેના કર્મચારીના હવાલામાં હોય તેવી કોઈ સ્ત્રીને પોતાની સાથે સંભોગ કરવા લલચાવે અથવા ફોસલાવે અને આવો સંભોગ બળાત્કારનો ગુનો ગણાય તેવો ન હોય, તેને પાંચ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:6 કારાવાસ, બાળ સંરક્ષણ ગૃહ વગેરેના અધિક્ષક દ્વારા સંભોગ :**

ભારતીય દંડ સહિતા (IPC)ની કલમ 376-ગ મુજબ,

કારાવાસ, બાળ સંરક્ષણ ગૃહ અથવા જે તે સમયે અમલમાં હોય તેવાં કોઈ પણ કાનૂન હેઠળ અથવા તે દ્વારા સ્થપાયેલા વસવાટ હેઠળના સ્થળના અથવા સ્ત્રીઓ કે બાળકોની સંસ્થાના અધિક્ષક અથવા વ્યવસ્થાપક હોય અને પોતાના અધિકૃત દરજ્જાનો લાભ લે અને આવાં કારાવાસ, બાળ સંરક્ષણ ગૃહ, સ્થળ અથવા સંસ્થાની કોઈ પણ સ્ત્રીને પોતાની સાથે સંભોગ કરવા લલચાવે અથવા ફોસલાવે અને આવો સંભોગ બળાત્કારનો ગુનો ન ગણાય તેવો હોય તેને પાંચ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:7 વ્યવસ્થાપક તંત્રના કોઈ સભ્ય દ્વારા અથવા દવાખાનાના સ્ટાફ દ્વારા એ દવાખાના માંહેની સ્ત્રી સાથે સંભોગ :**

ભારતીય દંડ સહિતા (IPC)ની કલમ 376-ઘ મુજબ,

કોઈ પણ વ્યક્તિ, દવાખાનાનું સંચાલન કરતી હોય અથવા દવાખાનાની કર્મચારી હોય અને પોતાના અધિકૃત દરજ્જાનો લાભ લઈને તે દવાખાનાની કોઈ પણ સ્ત્રી સાથે સંભોગ કરે, અને આવો સંભોગ બળાત્કારનો ગુનો ગણાય તેવો ન હોય તેને પાંચ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:8 પતિ કે પત્નીની હયાતીમાં બીજું લગ્ન કરવું :**

ભારતીય દંડ સહિતાની કલમ 494 મુજબ, કોઈ પણ વ્યક્તિ, પોતાનો પતિ અથવા પોતાની પત્ની હયાત હોય અને એવા સંજોગોમાં લગ્ન કરે કે જે લગ્ન પોતાના પતિ કે પત્નીની હયાતીમાં થવાના કારણે રદબાતલ ગણાય તેને સાત વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

અપવાદ : જે વ્યક્તિનું તેનાં પતિ કે પત્ની સાથેનું લગ્ન કાનૂની હકૂમત ધરાવતી ન્યાયની અદાલતે રદબાતલ ઠરાવ્યું હોય તેને આ કલમ લાગુ પડતી નથી; અથવા કોઈ વ્યક્તિ પોતાના અગાઉના પતિ કે પત્નીની હયાતીમાં બીજું લગ્ન કરે અને જો તેનો અગાઉનો પતિ કે પત્ની તેના બીજા લગ્ન સમયે તેનાંથી સતત સાત વર્ષ સુધી દૂર રહેલ હોય અને તે સમય દરમ્યાન તેને તેનાં કોઈ ખબરઅંતર મળ્યાં ન હોય તો તેને આ કલમ લાગુ પડતી નથી, પરંતુ બીજા લગ્ન કરનાર વ્યક્તિ જેની સાથે લગ્ન કરતી હોય તે વ્યક્તિને તેણે એવા લગ્ન પહેલાં પોતાની જાણમાં હોય તે સત્ય હકીકતથી વાકેફ કરવી જોઈશે.

**1:7:1:9 આગલા લગ્નની હકીકત જે વ્યક્તિ સાથે બીજું લગ્ન કર્યું હોય તેનાથી છુપાવીને ગુનો કરવો**

ભારતીય દંડ સહિત (IPC)ની કલમ 495 મુજબ, કોઈ પણ વ્યક્તિ, પોતાના આગલા લગ્નની હકીકત જે વ્યક્ત.જે વ્યક્તિ સાથે બીજું લગ્ન કર્યું હોય તેનાથી છુપાવીને ઉપરની કલમ 494માં વ્યાખ્યા કર્યા મુજબનો ગુનો કરે તેને દસ વર્ષ સુધીની કેદની સજા કરવામા આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:10 1961 દહેજપ્રતિબંધક ધારો :**

સામાજિક સુધારણાના કાયદાઓમાં આ કાયદો ઘણો મહત્ત્વનો છે કારણ કે દહેજપ્રથાના દૂષણને પરિણામે ઘણી સ્ત્રીઓને પોતાનાં બલિદાન સુધ્ધાં આપવાં પડ્યાં છે. કહેવાતા સુધરેલા સમાજમાં પણ દહેજનું દૂષણ અટકાવવા માટે મધ્યસ્થ સરકારે સમગ્ર દેશને આ કાયદો લાગુ પાડ્યો છે.

દહેજના કાયદાની વ્યાખ્યા પ્રમાણે દહેજ એટલે કોઈ પણ મિલકત કે કીમતી વસ્તુ સીધી કે આડકતરી રીતે લગ્ન સમયે લગ્નના પક્ષકારો એકબીજાને આપવાની સમજૂતી કરે અથવા તો લગ્ન કરનાર પક્ષકારોનાં માતા-પિતા દહેજ આપવાની સમજૂતી કરે અને આ વસ્તુની લેવડદેવડનો આશય લગ્નના અવેજ માટેનો જ્યારે નક્કી કર્યો હોય ત્યારે તેને દહેજ કહેવાય છે. જોગવાઈ એવી છે કે રોકડ રકમ, દાગીના, કપડાં વગેરેનો દહેજની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. સિવાય કે આ બધી વસ્તુઓ પણ જો પક્ષકારોએ લગ્નના અવેજ તરીકે સ્વીકારી હોય તો તે વસ્તુઓ પણ દહેજ તરીકે ગણવામાં આવે છે. દહેજની લેવડદેવડ કરવા બદલ જે પક્ષકારો ગુનેગાર ઠરે અથવા દહેજ આપવાના ગુનામાં જેઓ મદદરૂપ બન્યા હોય તેઓ છ મહિના સુધીની સામાન્ય કેદ અને 5000 રૂ.નો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર બનશે.

કોઈ પણ લગ્ન કરનાર પક્ષકાર સીધી રીતે કે બીજી રીતે કન્યા કે વરનાં માતા-પિતા પાસેથી જો દહેજની માગણી કરે તો પણ તે ગુનાહિત ગણાશે અને છ મહિના કે 5000 રૂ. દંડની અથવા બંને શિક્ષાંને પાત્ર બનશે. દહેજની લેવડદેવડ માટે કરવામાં આવેલો કરાર કાયદેસર ગણાશે નહીં અને તે રદબાતલ ગણાશે.

કેટલાક વિશિષ્ટ સંજોગોમાં લગ્ન કરનાર પક્ષકારની આર્થિક સલામતી માટે જો કોઈ રકમ અથવા દહેજ કોઈ નજીકનાં સગાંને આપવામાં આવી હશે તો તેવી રકમ કે આપેલી દહેજ જો લગ્ન સમય પહેલાં આપવામાં આવી હોય તો તેવી રકમ કે દહેજ લગ્નના પક્ષકારને (સ્ત્રીને) આપી દેવાની રહેશે અને લગ્ન કરનાર સ્ત્રી સગીર વયની હોય અને સગીર વય દરમ્યાન તે આપવામાં આવી હોય તો તે સંજોગોમાં જ્યારે તે સ્ત્રી 18 વર્ષની ઉંમર પૂરી કરે ત્યાર પછીના એક વર્ષના સમયમાં તે દહેજ કે રકમ આપી દેવાની રહેશે.

દહેજ અંગેની ફરિયાદ અને નિકાલ કરવાની સત્તા ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટને આપવામાં આવી છે. અને દહેજ અંગેનો જે કાંઈ ગુનો કરવામાં આવ્યો હોય તે ગુનાની તારીખથી એક વર્ષની સમયમર્યાદામાં ફરિયાદ કરવાની રહેશે. જો એક વર્ષ કરતાં વધુ સમય વીતી જાય તો આવી ફરિયાદ મૅજિસ્ટ્રેટ સાંભળશે નહીં.

દહેજ અંગેના ગુનાઓનું પ્રમાણ વધવાને પરિણામે ભારત સરકારે દહેજપ્રતિબંધક ધારામાં કેટલાક સુધારાવધારા કર્યા છે અને તે સુધારા પ્રમાણે સુધારેલો દહેજપ્રતિબંધક ધારો ૨ જી, ઑક્ટો. 1985થી અમલમાં આવેલ છે.

નવા સુધારેલા દહેજપ્રતિબંધક ધારાની જોગવાઈઓ પ્રમાણે લગ્ન સમયે કન્યાને જે ભેટ વગેરે આપવામાં આવે તેની એક યાદી કન્યાએ રાખવાની રહેશે. એ જ પ્રમાણે લગ્ન સમયે જે કાંઈ ભેટ વરરાજાને આપવામાં આવી હોય તેની પણ યાદી રાખવાની રહેશે. બંને પક્ષોએ લગ્ન સમયે અથવા પત્યા પછી તરત જ આ ભેટની યાદીઓ બનાવવાની રહેશે જેમાં નીચે પ્રમાણેનું લખાણ હોવું જરૂરી બનશે :

1. ભેટમાં મળેલી દરેક વસ્તુનું વર્ણન
2. ભેટમાં મળેલી વસ્તુની અંદાજે રકમ

3. ભેટ આપનાર વ્યક્તિનું નામ

4. ભેટ આપનાર વ્યક્તિ વરપક્ષ કે કન્યાપક્ષનાં સગાં થતાં હોય તો તેમના સગપણનો સંબંધ જણાવવો પડશે.

5. આ ભેટની યાદીમાં વર કે કન્યાએ બંનેએ સહીઓ કરવાની રહેશે. જો કન્યા સહી કરી ન શકે તો અંગૂઠાનું નિશાન કરતાં પહેલાં યાદીમાં લખેલી વસ્તુઓ તેને વાંચી સંભળાવવાની રહેશે એને વાંચી સંભળાવનાર પોતે પણ તેમાં સહી કરશે. એ જ પ્રમાણે જો વર સહી કરી શકતો ન હોય તો તેને પણ યાદીમાં લખેલી બાબતો વાંચી સંભળાવવાની રહેશે અને વાંચનાર વ્યક્તિ પણ તેમાં સહી કરશે.

આ સુધારેલા કાયદામાં ફેરફાર થવાથી દહેજની જૂની વ્યાખ્યામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉની જોગવાઈ મુજબ જો દહેજમાં આપવામાં આવેલી કોઈ પણ મિલકત લગ્નના અવેજ તરીકે આપવામાં આવી હોય તો જ તેને દહેજ ગણવામાં આવતી હતી. સુધારેલા કાયદા પ્રમાણે દહેજની વ્યાખ્યામાંથી અવેજ શબ્દ કાઢી નાખવામાં આવ્યો છે. તેથી અવેજ વગર પણ આપવામાં આવેલી કોઈપણ રકમ કે મિલકત એ દહેજ ગણાશે. આ ફેરફારને પરિણામે લગ્નપ્રસંગે વરકન્યાને આપવામાં આવતી મિલકતો વગેરે તેમજ એકબીજાનાં માતા-પિતા જે કાંઈ આપશે તે પણ તે દહેજ ગણાશે.

બીજો નોંધપાત્ર ફેરફાર દહેજ અંગેના ગુનાઓ માટે સજાની બાબતમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ દહેજના ગુનાઓ માટે વધુમાં વધુ છ મહિનાની સજા અથવા 5000 રૂ.ના દંડની જોગવાઈ હતી. નવા સુધારા પછી દહેજના ગુના માટે ઓછામાં ઓછી 6 મહિના અને વધુમાં વધુ 2 વર્ષની સજા થઈ શકે અને રૂ. 10,000નો દંડ અથવા દહેજની રકમ જેટલો પણ દંડ થઈ શકે. નવા સુધારેલા કાયદા પ્રમાણે 6 મહિનાની સજા ફરજિયાત કરવી પડે અને જો અદાલત્ સજા કરવા માગતી ન હોય (કોઈ ન્યાયી કારણોસર) તો નામદાર અદાલતે તે માટેનાં વિશિષ્ટ કારણો લખવાં પડશે.

સુધારેલા કાયદામાં કેટલાક અપવાદો પણ રાખવામાં આવ્યા છે જેનાથી તેનો સમાવેશ દહેજમાં થઈ શકતો નથી. જેમ કે જે કોઈ ભેટ કન્યાને લગ્ન વખતે કોઈ પણ માગણી કર્યા વગર આપવામાં આવી હોય તેવી ભેટ કે રકમ, તે જ પ્રમાણે વરરાજાને લગ્ન સમયે માગણી કર્યા વગર જો આપવામાં આવી હોય તે ભેટ કે રકમ દહેજ ગણાશે નહીં. આ રીતે મળેલી દહેજની રકમ કે ભેટવસ્તુઓ આ રીતે સ્વેચ્છાએ આપેલી ભેટ કે રકમ દહેજ ગણાશે નહીં. આ રીતે મળેલી દહેજની રકમ કે ભેટ વસ્તુઓની સંપૂર્ણ યાદી ઉપર જણાવ્યા પ્રમાણે રાખવાની રહેશે. એ નોંધવું જરૂરી છે કે વરરાજાને જે ભેટ આપવામાં આવે તે ભેટની કિંમત આપનાર વ્યક્તિની નાણાકીય સ્થિતિ સાથે અસુસંગત હોય તો આપવામાં આવેલી ભેટ દહેજ ગણાશે.

નવા સુધારેલા કાયદા પ્રમાણે મહત્ત્વની બાબતની જોગવાઈ એવી કરવામાં આવી છે કે દહેજ અંગેના ગુનાઓની ફરિયાદ કરવાનો હક્ક સામાજિક કલ્યાણનું કાર્ય કરતી સંસ્થાઓ કરી શકશે.

અગાઉની જોગવાઈ મુજબ દહેજના ગુનાઓ માટે ફરિયાદ કરવા માટે રાજ્ય સરકારની પરવાનગી મેળવવાની રહેતી હતી તે પરવાનગીની જરૂર હવે રહેતી નથી.

**1:7:1:11** દહેજ-મૃત્યુ :

ભારતીય દંડ સહિતા (IPC)ની કલમ 304-ખ મુજબ,

1. જયાં સ્ત્રીનું મૃત્યુ તેણીનાં લગ્નનાં સાત વર્ષની અંદર સળગાવી મૂકીને અથવા શારીરિક ઈજાઓ પહોંચાડીને નિપજાવવામાં આવ્યું હોય અથવા સામાન્ય સંજોગો સિવાય થવા પામ્યું હોય અને મૃત્યુના તુરત પહેલાં તેણીના પતિ અથવા તેણીના પતિનાં કોઈ સગાં દ્વારા દહેજની માંગણી માટે અથવા તે સંબંધમાં તેણીને ક્રૂરતા અથવા ત્રાસનો ભોગ બનાવવામાં આવી હતી તેવું દર્શાવવામાં આવે તો આવું મૃત્યુ 'દહેજમૃત્યુ' કહેવાશે તથા તેના પતિ કે સગાંઓએ તેણીનું મૃત્યુ નિપજાવ્યું છે તેમ ગણાશે.

**સ્પષ્ટીકરણ :** આ પેટા કલમના હેતુઓ માટે દહેજપ્રતિબંધક અધિનિયમ-1961ની કલમ-2માં દહેજનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

2. કોઈ પણ વ્યક્તિ, દહેજ-મૃત્યુ નિપજાવે તેને સાત વર્ષ કરતાં ઓછી નહીં તેવી કેદની સજા કરવામાં આવશે તથા વધુમાં વધુ આજીવન કેદની સજા કરી શકાશે.

**1:7:1:12 આપઘાતનું દુષ્પ્રેરણ :**

ઈન્ડિયન પીનલ કોડની કલમ 306 મુજબ જો કોઈ વ્યક્તિ આપઘાત કરે અને એ આપઘાત કરવામાં કોઈ મદદ કરે તો એવી વ્યક્તિને દસ વર્ષ સુધીની સાદી કે સખત કેદની તથા દંડની સજા થઈ શકે છે. સ્ત્રી પરના અત્યાચારના સંદર્ભમાં આપઘાત માટે 498(અ)ની સમજૂતી કે જેમાં ક્રૂરતાનાં વિવિધ કૃત્યોમાં આપઘાત પણ સંભવિત છે.

આ માટે ભારતીય પુરાવા અધિનિયમ, 1872ની કલમ 113-ક (પરિણીત સ્ત્રીઓએ કરેલા આપઘાતમાં મદદગીરી કરી હોવાનું માની લેવા બાબત) મુજબ, કોઈ સ્ત્રીએ આપઘાત કર્યો હોય તેમાં તેના પતિએ અથવા તેના પતિનાં કોઈ સગાંએ મદદ કરી હતી કે કેમ એવો પ્રશ્ન હોય અને એવું દર્શાવવામાં આવે કે તેણીનું લગ્ન થયાની તારીખથી સાત વર્ષની મુદતની અંદર તેણીએ આપઘાત કર્યો છે અને તેણીના પતિએ અથવા તેણીના પતિનાં એવાં સગાંએ તેણી ક્રૂરતા આચરી હતી, તો ન્યાયાલય કેસના બીજા તમામ સંજોગો ધ્યાનમાં લઈને એવાં સગાંએ મદદ કરી હોવાનું લઈ શકશે. આ કલમ 25 ડિસેમ્બર 1983થી અમલમાં આવી.

**1:7:1:13 ગર્ભપાત કરાવવા અંગે :**

ભારતીય દંડ સહિતા (IPC)ની કલમ 312 મુજબ, કોઈ પણ વ્યક્તિ, સ્વેચ્છાપૂર્વક કોઈ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરે તેને જો તે સ્ત્રીનો જીવ બચાવવાના હેતુ માટે શુભનિષ્ઠાપૂર્વક તે ગર્ભપાત ન કર્યો હોય તો ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે; અને જો તે સ્ત્રીના ઉદરમાં બાળક ફરકતું થયું હોય તો સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

સમજૂતી :- સ્ત્રી પોતે જ પોતાનો ગર્ભપાત કરે અથવા કરાવે તે આ કલમના અર્થમાં આવી જાય છે.

- **સ્ત્રીની સંમતિ વગર ગર્ભપાત કરાવવો :**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 313 મુજબ, કોઈ પણ વ્યક્તિ, કોઈ સ્ત્રીના ઉદરમાં ફરકતું થયું હોય કે ન થયું હોય તો પણ તે સ્ત્રીની સંમતિ વગર ઉપરની કલમમાં વ્યાખ્યા કર્યા મુજબનો ગુનો કરે તેને આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા' કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

- **ગર્ભપાત કરાવવાના ઇરાદાથી આચરેલ કૃત્યથી મૃત્યુ નીપજવું :**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 314 મુજબ, કોઈ પણ વ્યક્તિ, કોઈ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરાવવાના ઇરાદાથી તે સ્ત્રીનું મૃત્યુ નીપજે તેવું કૃત્ય કરે તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

જો કૃત્ય સ્ત્રીની સંમતિ વગર કર્યું હોય : તે સ્ત્રીની સંમતિ વગર તે કૃત્ય કર્યું હોય તો તેને આજીવન કેદ અથવા ઉપર જણાવેલ કેદની સજા કરવામાં આવશે.

**સમજૂતી :** એ કૃત્યથી મૃત્યુ નીપજવા સંભવ છે તેવું જ્ઞાન ગુનેગારને હોય તે આ ગુના માટે આવશ્યક નથી.

**1:7:1:14 મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી એક્ટ - 1971**

સમગ્ર ભારતને લાગુ પડતા આ કાયદાનો મુખ્ય હેતુ ખાસ કરીને સ્ત્રીઓના શારીરિક રક્ષણ અને ગર્ભાધાનને કારણે થતાં સ્ત્રીઓનાં મૃત્યુ અટકાવવાનો છે. સામાન્ય રીતે સ્ત્રીઓ સામાજિક અને બીજાં કારણોને લીધે ગર્ભાધાનનો અંત લાવવા માટે સંકોચ અનુભવતી હોય છે અને ગમે તે ડૉક્ટર પાસે જઈને તે કામ કરાવતી હોય છે અને તેને કારણે ઘણા કિસ્સાઓમાં સ્ત્રીઓનાં મૃત્યુ થયાના દાખલા બને છે. આ કાયદાનો અમલ શરૂ થયા પછી જ્યારે પણ રજિસ્ટર્ડ મેડિકલ ડૉક્ટર આ કામ કરશે અને તેના કારણે જો સ્ત્રીનું મૃત્યુ થાય, તો પણ તે ગુનાને પાત્ર બનશે નહીં. નીચેના કિસ્સાઓમાં

ગર્ભાધાનનો અંત રજિસ્ટર્ડ મેડિકલ ડૉક્ટર લાવી શકશે, જ્યારે ગર્ભાધાનનો સમય 12 અઠવાડિયાંથી વધુ હોય નહીં.

જ્યારે ગર્ભાધાનનો સમય 12 અઠવાડિયાથી વધુ હોય અને 20 અઠવાડિયાના સમયની અંદર હોય તે સંજોગોમાં કોઈ પણ બે રજિસ્ટર્ડ મેડિકલ ડૉક્ટરો પ્રામાણિકપણે જો એવા મત ઉપર આવે કે ગર્ભાધાન ચાલુ રાખવાના કારણે સ્ત્રીની જિંદગી જોખમમાં છે અથવા તો તેને માનસિક કે શારીરિક અસર થવાનો સંભવ છે અથવા તો જો બાળક જન્મે તો તે શારીરિક કે માનસિક રીતે ખોડખાંપણવાળું હશે તેવા સંજોગોમાં ગર્ભાધાનનો અંત લાવી શકાશે.

ગર્ભાધાનનો અંત લાવવા માટે કોઈ ખાનગી ડિસ્પેન્સરી કે દવાખાનામાં હવે જઈ શકાશે નહીં. તેને માટે સરકાર સંચાલિત હૉસ્પિટલ અથવા તો આ કાયદા હેઠળ સરકારે જે હૉસ્પિટલને માન્યતા આપી હોય તેમાં જ આ કાર્ય થઈ શકશે.

આ કાયદા હેઠળ જે હૉસ્પિટલોને સરકારે માન્યતા આપી હશે તે હૉસ્પિટલોનું નિરીક્ષણ જે તે જિલ્લાના ચીફ સરકારી મેડિકલ ઑફિસર કરશે અને સારવાર માટે જરૂરી સાધનો સ્વાસ્થ્યની દૃષ્ટિએ જળવાય છે કે નહીં તેનું નિરીક્ષણ પણ કરશે. સરકારમાન્ય હૉસ્પિટલોમાં સ્વાસ્થ્ય સારી રીતે રાખવામાં આવતું ન હોય તેવી હૉસ્પિટલોની માન્યતા સરકાર પાછી ખેંચી હશે.

ધી પ્રિનેટલ ડાયેગ્નોસ્ટિક ટેકનિક્સ (રેગ્યુલેશન એન્ડ પ્રિવેન્શન ઑફ મિસ યુઝ એક્ટ - 1994 (સને 1994નો 57માં)

બાળક અવતરે તે પહેલાંના તબક્કે જ્યારે તે માતાના ઉદરમાં ગર્ભ સ્વરૂપે હોય તે દરમ્યાનમાં બાળક પુરુષ છે કે સ્ત્રી તે પારખી શકાય તેવી પદ્ધતિની શોધ થતાં બાળકની જાતિ પારખી આપવા માટેનાં ઘણાં કેન્દ્રો ફૂટી નીકળ્યાં અને તેની સંખ્યામાં વધારો થતો ગયો, કારણ કે મોટાભાગનાં ભારતીય કુટુંબો બાળક તરીકે નારીના અવતારને આવકારતાં નથી. આથી પરિણામ એ આવ્યું કે આવાં પરીક્ષણનાં કેન્દ્રો હકીકતમાં ગર્ભહત્યાનાં કેન્દ્રો બની ગયાં. આ નિદાનની પદ્ધતિનો દુરુપયોગ નારીજાતિ વિરુદ્ધ અને સ્ત્રીના ગૌરવ તેમજ મોભાને અસરકર્તા હોવાથી તેનો દુરુપયોગ થતો અટકાવવા માટે ધ પ્રિનેટલ ડાયેગ્નોસ્ટિક ટેકનિક્સ (રેગ્યુલેશન એન્ડ પ્રિવેન્શન ઑફ મિસ યુઝ) એક્ટ-1994 ઘડવામાં આવ્યો. તેનો હેતુ પરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ ફક્ત ગર્ભધારણ કરવામાં કોઈ સમસ્યાઓ ઊભી થતી હોય તેના ઇલાજ માટે જ થાય અને નારી જાતિ હોવાના કારણે ગર્ભનો નાશ કરવામાં આવે તેવું ન બનવું જોઈએ, તે માટે આ કાયદો ઘડવામાં આવ્યો.

આ કાયદાથી પ્રજોત્પત્તિ બાબત અને જે કોઈ સલાહ કેન્દ્રો, પ્રયોગશાળાઓ અને ક્લિનિકો (નિદાનકેન્દ્રો) સ્થાપવામાં આવે તેમજ બાળકનો જન્મ થાય તે જન્મ પૂર્વેના ગર્ભધારણ કરેલ હોય તેનું નિદાન કરવાની બાબત હોય તો તેનું નિયમન કરવા માટે અમુક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. જેવી કે તેવાં કેન્દ્રોનું રજિસ્ટ્રેશન કરાવવું, અમુક ખાસ-લાયકાત ધરાવતી વ્યક્તિઓ જ તે શોધપદ્ધતિનો ઉપયોગ કરી શકે અને ફક્ત અમુક હેતુઓ માટે જ આ યુક્તિનો ઉપયોગ કરવામાં આવે તેમજ જે સ્થળ તેના નિદાન માટે રજિસ્ટર્ડ કરવામાં આવ્યું હોય તે સ્થળ સિવાય કોઈ અન્ય સ્થળનો ઉપયોગ નિદાન માટે કરી શકાય નહીં તેમજ જેના ગર્ભનું પરીક્ષણ કરવાનું હોય તે મહિલાની પૂરી સમજદારી સાથેની લેખિત સંમતિ હોવી જરૂરી ગણવામાં આવી છે.

ગર્ભમાં રહેલ બાળકની જાતિ નર છે કે નારી તેટલું જ ફક્ત નક્કી કરવા માટેના પરીક્ષણ પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે અને આવો પ્રતિબંધ હોવાની જાણકારી લોકોને થાય તે રીતનાં પગલાં લેવાની ફરજ ગણવામાં આવી છે અને સંબંધિત કેન્દ્રોમાં તેનું પાલન થાય અને ઉલ્લંઘન ન થાય તે જોવા માટે કાયદા હેઠળ સેન્ટ્રલ સુપરવાઇઝરી બૉર્ડની રચના કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

કોઈ વ્યક્તિ આવનાર બાળકની જાતિ જાણવાના હેતુ માટે ગર્ભપરીક્ષણ કરે અથવા તેવી વ્યવસ્થા હોવાની જાહેરાત કોઈ પણ સ્વરૂપે કરે તો તે ગુનાહિત કૃત્ય ગણવામાં આવ્યું છે. આ ગુના માટે 3 વર્ષ સુધીની સજા અને દશ હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. અને ફરીથી તેવો ગુનો કરનારને પાંચ વર્ષ સુધીની કેદ અને પચાસ હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

આ કાયદા હેઠળ ગર્ભપરિક્ષણ કરવા પર જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેની જોગવાઈઓનો ભંગ કરનારને શિક્ષા અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે. તે ઉપરાંત જાતિ જાણવા માટે જ પરીક્ષણ કરાવ્યું છે તેવી ફરિયાદ થાય તો વિરુદ્ધ સાબિતી ન થાય ત્યાં સુધી મહિલાને તે માટે ફરજ પાડવામાં આવી હતી તેવું અનુમાન કરવાનું રહેશે તેમ પણ કાયદાથી ઠરાવેલ છે.

નારી જાતિના બાળકનો જન્મ થતો અટકાવવા ગર્ભપરીક્ષણ પદ્ધતિનો દુરુપયોગ થતો અટકાવવા માટે આ ખાસ કાયદો ઘડવામાં આવેલ છે.

**1:7:1:15 ગુનાહિત બળ વાપરવા બાબત:**

**કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદે તેની ઉપર હુમલો કે ગુનાહિત બળ:**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 354 મુજબ, કોઈ પણ વ્યક્તિ, કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી પોતે તેની લાજ લેશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તેના પર હુમલો કરે અથવા ગુનાહિત બળ વાપરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**1:7:1:16 અપહરણ, અપનયન કે લાલચ:**

**કોઈ સ્ત્રીને લગ્ન વગેરેની ફરજ પાડવા તેનું અપહરણ, અપનયન કે લાલચ :**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 366 મુજબ, કોઈપણ વ્યક્તિ, કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરુદ્ધ કોઈ વ્યક્તિ સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા તેને ફરજ પાડવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં અથવા તેને લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે તેનો સંભવ હોવાનું જાણવા છતાં તેનું અપહરણ કરે અથવા અપનયન કરે તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે; તથા કોઈ પણ વ્યક્તિ, કોઈ સ્ત્રીને અન્ય વ્યક્તિ સાથે લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાનાં અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તે સ્ત્રીને આ સંહિતામાં વ્યાખ્યા કર્યા મુજબની ગુનાહિત ધમકીથી અથવા અધિકારનો દુરુપયોગ કરીને અથવા અન્ય કોઈ રીતે બળજબરી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે તેને પણ ઉપર જણાવ્યા મુજબની સજા કરવામાં આવશે.

**1:7:1:17 સગીર બાળા મેળવી આપવી:**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 366-ક મુજબ,

કોઈ પણ વ્યક્તિ, અઢાર વર્ષથી ઓછી વય ધરાવતી કોઈ સગીર બાળાને અન્ય વ્યક્તિ સાથે લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તેને કોઈ સ્થળેથી જવા માટે અથવા કોઈ કૃત્ય કરવા માટે કોઈ પણ પ્રકારે લલચાવે તેને દસ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:18 વિદેશમાંથી બાળા આયાત કરવી:**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 366-ખ મુજબ,

કોઈ પણ વ્યક્તિ, એકવીસ વર્ષ કરતાં ઓછી વય ધરાવતી કોઈ બાળાને કોઈ વ્યક્તિ સાથે લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવામાં કે તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તે બાળાને ભારત બહારના રાષ્ટ્રમાંથી અથવા જમ્મુ અને કાશ્મીર રાજ્યમાંથી ભારતમાં લાવે, તેને દસ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:19 કોઈ સ્ત્રીના શીલનું અપમાન કરવાના ઈરાદાથી ઉચ્ચારેલ શબ્દ, ચેષ્ટા અથવા કૃત્ય**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 509 મુજબ,

કોઈ પણ વ્યક્તિ, કોઈ સ્ત્રી શીલનું અપમાન કરવાના ઈરાદાથી તેને સંભળાવવા માટે કોઈ શબ્દ ઉચ્ચારે કે કોઈ અવાજ કરે અથવા તેને દેખાડવા માટે કોઈ ચેષ્ટા કરે કે કોઈ વસ્તુ બતાવે અથવા

તે સ્ત્રી એકાંતમાં હોય ત્યાં ઘૂસી જાય, તેને એક વર્ષ સુધીની સાદી કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**1:7:1:20 ભરણ-પોષણ સંબંધિત :**

સ્ત્રીઓ પર થતા અત્યાચારના નિવારણમાં ક્રિમિનલ પ્રોસીજર કોડની 125, 126, 127 અને 128 કલમો ઉલ્લેખનીય છે. જેમાં પત્ની, બાળકો અને માતાપિતાના ભરણપોષણનો હુકમ અને તેનો અમલ થઈ શકે છે.

આ ભરણપોષણ માટે.....

- પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ પત્ની,
- પરિણીત કે અપરિણીત, કાયદેસરનું કે ગેરકાયદેસરનું સગીર સંતાન કે જે પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય,
- પરિણીત પુત્રી સિવાયનું, કાયદેસર કે ગેરકાયદેસરનું પુખ્ત વયનું સંતાન કે જે શારીરિક કે માનસિક અસ્વસ્થતા કે ઈજાને કારણે પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોય,
- પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ માતા-પિતા હોય તેઓ હક્કદાર બને છે.

આ ભરણપોષણ સંબંધિત વ્યક્તિએ ભરણપોષણ કરવાનો ઇન્કાર કર્યો હોય કે તેમ કરવામાં બેદરકારી બતાવી હોય અને તેની પાસે પૂરતાં સાધનો હોય છતાં દરકાર ન કરે તેવા સંજોગોમાં ભરણ પોષણ માંગી શકાય છે.

આ ભરણપોષણનો હુકમ પ્રથમ વર્ગના ન્યાયિક મેજિસ્ટ્રેટ કરી શકે છે.

ફોજદારી કોર્ટની કાર્યવાહીમાં ભરણપોષણમાં વ્યક્તિદીઠ મહત્તમ માસિક રૂ. 500/-નો હુકમ થઈ શકે છે કે જ્યાં અંગત કાનૂન હેઠળ દીવાની કાર્યવાહી હેઠળ મોભા પ્રમાણે ભરણપોષણની સજા મળી શકે છે.

બાળક પુખ્ત વયનું થાય ત્યાં સુધીનો ભરણપોષણનો હુકમ તેના પિતાને કરી શકાય છે. 18 વર્ષની નીચેની વયને સગીર વય ગણવામાં આવે છે.

અહીં 'પત્ની'નો અર્થ ફારગતી મેળવેલી કે આપેલી અને પુનર્લગ્ન નહીં કરેલી સ્ત્રી એવો થાય છે.

જો ભરણપોષણની રકમના હુકમનું પાલન ન થાય તો ભરણપોષણની રકમ લેણી થયાની તારીખથી એક વર્ષમાં અરજી કરવી પડે છે.

જો કોઈ વ્યક્તિ પૂરતા કારણ વિના ભરણ-પોષણની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો હુકમના દરેક ભંગ માટે મેજિસ્ટ્રેટ રકમ વસૂલ કરવા કાર્યવાહી કરી શકે છે.

વળી, જો રકમ ચૂકવવામાં કસૂર થાય તો મેજિસ્ટ્રેટ નહીં ચૂકવાયેલ દરેક મહિનાના ભથ્થા દીઠ એક મહિના સુધીની અથવા જો તે પહેલાં રકમ ચૂકવાય તો ત્યાં સુધીની કેદની સજા કરી શકે છે.

વધુમાં જો એવી વ્યક્તિ પોતાની પત્નીને પોતાની સાથે રહે એ શરતે તેનું ભરણપોષણ કરવા તૈયાર હોય પણ તેણી તેની સાથે રહેવાની ના પાડે તો, તેમ કરવાની ના પાડવાના તેણીએ જણાવેલ કારણો મેજિસ્ટ્રેટ વિચારણામાં લઈ શકશે અને જો તેને ખાતરી થાય કે આ કલમ હેઠળ હુકમ કરવા માટે ન્યાયી કારણ છે તો પતિની એવી તૈયારી છતાં, તે માત્ર ભરણપોષણ પૂરતો હુકમ કરી શકશે.

જો કોઈ પતિએ બીજું લગ્ન કર્યું હોય અથવા લગ્ન વિના કોઈ સ્ત્રી સાથે રહેતા હોય તો તે હકીકત તેની સાથે રહેવાની ના પાડવાનું તેની પત્ની માટે ન્યાયી કારણ બને છે.

બીજી તરફ કોઈ પણ પત્ની વ્યભિચારી જીવન ગુજારતી હોય અથવા પૂરતા કારણ વિના પતિની સાથે રહેવાની ના પાડતી હોય અથવા પરસ્પરની સંમતિથી તેઓ જુદા રહેતા હોય તો આ કલમ હેઠળ તેના પતિ પાસેથી ભરણપોષણની રકમ મેળવવા હકદાર બનતી નથી.

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ 126માં ભરણપોષણ માટેના હુકમ માટેની કાર્યવાહીની સ્પષ્ટતા કરવામાં આવી છે.

કલમ 127માં કલમ 125 હેઠળ માસિક ભરણપોષણની રકમ મેળવનાર વ્યક્તિ માટે ભરણપોષણની રકમમાં શું અને કેવી રીતે ફેરફાર થઈ શકે એ અંગેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

કલમ 128માં ભરણ પોષણના અમલ અંગેની કાર્યવાહીનો ઉલ્લેખ છે.

**ભરણપોષણ અંગેનો કાનૂન - 1956**

આ કાયદા હેઠળ નીચેની વ્યક્તિઓ ભરણપોષણ માટે હક્કદાર ગણાય છે.

(1) પત્ની તેના પતિ પાસેથી

(2) વિધવા પુત્રવધૂ તેના સસરા પાસેથી

(3) બાળકો ઔરસ હોય કે અનૌરસ—તેની સગીર અવસ્થા દરમ્યાન તેમનાં માતાપિતા પાસેથી

(4) વયોવૃદ્ધ અને અશક્ત માતાપિતા તેમના પુત્ર કે પૌત્ર પાસેથી.

આ કાયદાના અમલ પહેલાં કે પછી પરણેલી હિંદુ સ્ત્રી તેના જીવનકાળ દરમ્યાન પતિ પાસેથી ભરણપોષણ મેળવવા હક્કદાર છે. કેટલાક અનિવાર્ય સંજોગો ઉપસ્થિત થાય તો એવી સ્ત્રી પોતાનું ભરણપોષણ મેળવવાનો હક્ક ચાલુ રાખીને પતિ પાસેથી અલગ રહેવા નીચેના સંજોગોમાં હક્કદાર બને છે.

(1) જ્યારે પતિએ વ્યાજબી કારણ વિના પત્નીને તેણીની ઇચ્છા વિરુદ્ધ ત્યજી દીધી હોય.

(2) પતિએ ક્રૂરતાભર્યું વર્તન કર્યું હોય અને પત્નીના મનમાં એવો વ્યાજબી ભય ઉત્પન્ન થાય કે પતિની સાથે રહેવું તેને માટે હાનિકારક કે જોખમી બનવા સંભવ હોય.

(3) પતિ જલદ સ્વરૂપના રક્તપિતના રોગથી પીડાતો હોય.

(4) જ્યારે પતિની બીજી પત્ની હયાત હોય.

(5) પત્ની જ્યાં રહેતી હોય તે જ મકાનમાં જ્યારે પતિ કોઈ રખાતને રાખે અથવા પતિ રખાતની સાથે વ્યવહાર રાખે એવી ખબર પડે ત્યારે.

(6) પતિએ જ્યારે ધર્માંતર કર્યું હોય ત્યારે.

સામાન્ય રીતે આ કાયદા હેઠળ ભરણપોષણની જે અરજીઓ અદાલતમાં કરવામાં આવે છે તેમાં ભરણપોષણની રકમ કેટલી નક્કી કરવી તે મુદ્દો ઘણો મહત્ત્વનો બની રહે છે. આ મુદ્દો અદાલત પોતાની વિવેકબુદ્ધિ અનુસાર નક્કી કરે છે, જેમાં નીચેની બાબતોની વિચારણા અને હકીકતો અદાલત ધ્યાનમાં લે છે.

(1) પક્ષકારોની સામાજિક સ્થિતિ અને મોભો.

(2) ભરણપોષણ માંગનારની જીવનજરૂરિયાતોની યોગ્યતા.

(3) પોષણ માગનાર જો જુદા રહેતા હોય તો અલગ નિવાસ યોગ્ય છે કે નહીં અને અલગ નિવાસની રકમ.

(4) પોષણ માગનારની પોતાની આવક જો હોય અને આવકનાં જો બીજાં સાધનો હોય તો.

(5) ભરણપોષણ માગનાર વ્યક્તિઓની સંખ્યા, બીજી મહત્ત્વની જોગવાઈ એ છે કે એક વખત ભરણપોષણની રકમ નક્કી થયા પછી આર્થિક કે બીજા કોઈ કારણસર પરિસ્થિતિ બદલાય તો ભરણપોષણની રકમમાં અદાલત ફેરફાર કરી શકે છે.

**1:7:1:21 મુસ્લિમ સ્ત્રીઓના છૂટાછેડા પછીના હક્કોના રક્ષણનો કાયદો – 1986**

મુસ્લિમ સ્ત્રીઓને લગ્નવિચ્છેદ પછી પ્રાપ્ત થતા ભરણપોષણ અંગે આજ સુધી તેઓના ધાર્મિક કાયદા પ્રમાણે હક્ક પ્રાપ્ત થતા હતા. મુસ્લિમ કાયદાનુસાર મુસ્લિમ પતિ જ્યારે પત્નીને 'મહેર'ની રકમ આપે ત્યારે પત્ની કોઈ વિશેષ રકમ મેળવવાને હક્કદાર બનતી ન હતી. ઘણા સંજોગોમાં આવી 'મહેર'ની રકમ લગ્નવિચ્છેદ પછી મુસ્લિમ સ્ત્રીઓને પોતાના નિભાવ માટે ઘણી ઓછી પડતી અને પોતાના ભરણપોષણ માટે મુશ્કેલીઓ અનુભવવી પડતી.

શાહબાનુ બેગમે કરેલી અરજી ઉપરથી ભારતની સર્વોચ્ચ અદાલતે સને 1985માં આપેલા

પોતાના ચુકાદામાં એવું જાહેર કર્યું કે ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ 125ની જોગવાઈ પ્રમાણે મુસ્લિમ સ્ત્રીઓ લગ્નવિચ્છેદ મેળવેલ હોય તો પણ તે ભરણ-પોષણની રકમ મેળવવાને માટે હક્કદાર છે અને તેથી આવી મુસ્લિમ સ્ત્રીના પતિએ તેને રકમ આપવાની જવાબદારી સ્વીકારી પડે છે. સર્વોચ્ચ અદાલતે પોતાના આ ચુકાદામાં એવું પણ જાહેર કર્યું કે ફોજદારી કાર્યવાહી કાયદાની કલમ 125 હેઠળ આપવામાં આવતી ભરણ-પોષણની રકમ મુસ્લિમ કાયદાની ધાર્મિક જોગવાઈઓ સાથે સુસંગત છે અને તેમાં કોઈ પણ પ્રકારનો કાયદાકીય સંઘર્ષ ઉપસ્થિત થતો નથી.

સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાથી ઊભી થયેલી પરિસ્થિતિ સામે ધાર્મિક બાબતમાં ચુસ્ત મત ધરાવનારાઓ અને મુસ્લિમ ધર્મના વડાઓએ ઘણો વિરોધ નોંધાવ્યો અને એક પ્રકારનો લોકમત જાગ્રત કરવાનો પ્રયત્ન કર્યો. ભારતનાં ઘણાં શહેરોમાં સરઘસો અને દેખાવો આ ચુકાદા સામેના વિરોધીઓએ દેશભરમાં કર્યા. જેના પરિણામે ભારત સરકારને પાર્લમેન્ટમાં મુસ્લિમ સ્ત્રીઓના લગ્નવિચ્છેદ પછીના હક્કોને રક્ષણ આપતો આ કાયદો પસાર કરવો પડ્યો અને તે અમલમાં આવ્યા પછી હવે ભારતની મુસ્લિમ કોમની સ્ત્રીઓને આ કાયદાની જોગવાઈઓ લાગુ પડે છે.

મુસ્લિમ કાયદા હેઠળ કોઈ પણ પરિણીત મુસ્લિમ સ્ત્રી ત્રણ રીતે લગ્નવિચ્છેદ અથવા છૂટાછેડા પ્રાપ્ત કરી શકે છે :

(1) 'તલાક' દ્વારા.

(2) પતિ અને પત્ની વચ્ચે કરવામાં આવતા છૂટાછેડાના કરારથી, જેમાં મુસ્લિમ સ્ત્રી 'મહેર'ની રકમ ઉપરથી પોતાનો હક્ક ઉઠાવી લે છે. છૂટાછેડાની આ રીતને કાયદામાં 'ખુલા' અથવા 'મુબાશી' કહે છે.

(3) દીવાની અદાલત દ્વારા સને 1939ના કાયદાની જોગવાઈ હેઠળ હુકમનામાથી છૂટાછેડા મેળવી શકાય.(સને 1939નો કાયદો મુસ્લિમ લગ્નવિસર્જનના કાયદા તરીકે ઓળખાય છે.)

સને 1986ના આ કાયદાની મહત્ત્વની જોગવાઈઓની અસર અને તેનાં પરિણામો નીચે પ્રમાણે અસ્તિત્વમાં આવ્યાં છે :

1. જે મુસ્લિમ સ્ત્રી છૂટાછેડા મેળવશે તે સ્ત્રીને છૂટાછેડાના સમયે 'મહેર'ની રકમ તથા તેને લગતી મિલકતો મેળવવાનો હક્ક રહેશે અને તેની તે સંપૂર્ણ માલિક બનશે.

(નોંધ : મુસ્લિમ કાયદાનુસાર 'મહેર' એટલે મુસ્લિમ સ્ત્રીને તેના લગ્ન સમયે પ્રાપ્ત થતી રકમ અથવા મિલકત જે લગ્નના 'અવેજ' તરીકે આપવામાં આવે છે તે.)

છૂટાછેડા મેળવેલી મુસ્લિમ સ્ત્રી જ્યારે ભરણપોષણ અને 'મહેર'ને લગતી રકમ કે મિલકત મેળવવા મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી રજૂ કરશે ત્યારે અરજીની તારીખથી એક મહિનાના સમયની અંદર યોગ્ય તપાસ કરીને અદાલત પતિને આદેશ આપીને રકમ ચૂકવી આપવા જણાવશે. અદાલતના આદેશનો અમલ જો પતિ કરશે નહિ તો તે ફોજદારી કાર્યવાહીના કાયદાનુસાર દંડ અથવા સજાને પાત્ર બનશે.

આ પ્રકારની અરજી કરવાનો હક્ક હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ થઈ શકશે અથવા તો છૂટાછેડા મેળવેલ સ્ત્રી જ્યાં રહેતી હોય તે વિસ્તારના મેજિસ્ટ્રેટની અદાલતમાં અરજી કરી શકશે.

2. છૂટાછેડા મેળવેલી સ્ત્રી જ્યારે આ પ્રમાણેની અરજી રજૂ કરશે ત્યારે મેજિસ્ટ્રેટ હુકમ કરતાં પહેલાં એવી ખાતરી કરશે કે અરજદાર સ્ત્રી પોતાનો નિભાવ કરી શકે તેમ નથી. આવી ખાતરી મેળવ્યા પછી અદાલત ભરણપોષણની રકમનો હુકમ કરશે. આ રકમ નક્કી કરવા માટે અરજદાર સ્ત્રીની રહેણીકરણી, તેની જીવન-જરૂરિયાતો અને જે રીતે જીવન વ્યતીત કર્યું હોય તે જીવન-ધોરણ વગેરે બાબતો અદાલતના લગ્નજીવનના અસ્તિત્વ વખતે આદેશ અનુસાર જો સ્ત્રીને ભરણપોષણની રકમ આપવા માટે તેનાં સંબંધીઓ અસમર્થ જણાશે તો જે સગાંઓ આવી રકમ ચૂકવી શકે એવી સ્થિતિવાળાં જણાય તેઓને તે રકમ ચૂકવવાનો આદેશ અદાલત આપી શકશે.

જો કોઈ સંજોગોમાં અરજદાર સ્ત્રીનાં સગાં-સંબંધીઓ અદાલતે કરેલા આદેશ મુજબ પોષણની રકમ ચૂકવવાની આર્થિક સ્થિતિમાં નહિ હોય એ અરજદાર સ્ત્રીનાં બીજાં કોઈ સગાં-સંબંધીઓ હયાત ન હોય તેવા પ્રસંગે અદાલત રાજ્યમાં કાયદાથી સ્થાપિત થયેલા રાજ્ય-વેલ્ફેર બોર્ડને આદેશમાં

જણાવેલી રકમ ન્કરવાનું જણાવી શકશે.

**નોંધ :** આ કાયદો અમલમાં આવ્યા પછી તેમાંની જોગવાઈઓની બંધારણીય યોગ્યતા અને કાનૂની યોગ્યાત વિષે ભારતની સર્વોચ્ચ અદાલતમાં અરજીઓ રજૂ કરવામાં આવી છે અને સર્વોચ્ચ અદાલતની બંધારણ-બેંચ આ કાયદાની બંધારણીય ક્ષમતા વિષેની તપાસ કરશે. હાલમાં આ અરજીઓનો નિકાલ થવામાં બાકી છે.

**1:7:1:22 વેશ્યાવૃત્તિ વગેરેના હેતુ માટે સગીરને ખરીદવું :**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 373 મુજબ, કોઈ પણ વ્યક્તિ, અઢાર વર્ષથી ઓછી વયની કોઈ વ્યક્તિને તેની સામે કોઈ પણ ઉંમરે તે વેશ્યાવૃત્તિના અથવા અન્ય વ્યક્તિ સાથે લગ્નબાહ્ય સંભોગ કરાવવાના હેતુઓ માટે અથવા કોઈ કાનૂન વિરુદ્ધના કે અનૈતિક હેતુ માટે કામે લગાડવામાં આવે અથવા તેનો ઉપયોગ કરવામાં આવે તેવા ઇરાદાથી અથવા તેવી વ્યક્તિને, ગમે તે ઉંમરે તેવા હેતુ માટે કોઈ કામે લગાડવામાં આવશે કે તેનો ઉપયોગ કરવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તેને ખરીદે, ભાડે રાખે અથવા અન્ય રીતે કબજો મેળવે, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:23 વેશ્યાવૃત્તિ વગેરેના હેતુ માટે સગીરનું વેચાણ :**

ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 372 મુજબ, કોઈ પણ વ્યક્તિ, અઢાર વર્ષથી ઓછી વય ધરાવતી કોઈ વ્યક્તિને તેની ગમે તે ઉંમરે વેશ્યાવૃત્તિના અથવા અન્ય વ્યક્તિ સાથે લગ્નબાહ્ય સંભોગ કરવાના હેતુ માટે અથવા કોઈ ગેરકાનૂની અને અનૈતિક હેતુ માટે કામે લગાડવામાં આવે અથવા તેને ઉપયોગ કરવામાં આવે તેવા ઇરાદાથી અથવા તેવી વ્યક્તિને કોઈ પણ ઉંમરે એવા હેતુ માટે કામે લગાડવામાં આવશે કે તેનો ઉપયોગ કરવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તેને વેચે, ભાડે આપે કે અન્યથા તેનો નિકાલ કરે તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**1:7:1:24 સ્ત્રીઓ, છોકરીઓના અનૈતિક વેપાર પર પ્રતિબંધક ધારો 1956**

મોટાં શહેરોમાં જ્યાં વેશ્યાગૃહો અને સ્ત્રીઓનાં અનૈતિક ધામ ચાલતાં હોય છે. તે પ્રકારની સામાજિક બદી દૂર કરવાનો હેતુ આ કાયદાનો છે. આ કાયદાનો અમલ શરૂ થયા પછી કોઈ પણ વ્યક્તિ વેશ્યાગૃહ કે સ્ત્રીઓનું અનૈતિક ધામ ચલાવતી હશે તે એકથી ત્રણ વર્ષના સમયને માટે સજાને પાત્ર બનશે અને તે ઉપરાંત રૂ. 2000ના દંડને પાત્ર બનશે. આ શિક્ષા પ્રથમ ગુનાને માટે છે. જો એ જ વ્યક્તિ ફરીથી એ જ ગુના માટે પકડાશે તો બેથી પાંચ વર્ષ સુધીની સજા અને રૂ. 2000 સુધીના દંડને પાત્ર બનશે.

કોઈ પણ વ્યક્તિ ભાડૂત હોય અથવા ભાડાપટેદાર હોય અથવા મકાનનો કબજો ધરાવતો હોય અથવા માલિક હોય અથવા મકાનના માલિકનો એજન્ટ હોય આ બધામાંથી કોઈ પણ વ્યક્તિ વેશ્યાગૃહ ચલાવવા માટે અથવા સ્ત્રીઓનો અનૈતિક વેપાર કરવા માટે જો મકાનનો કે તેના ભાગનો ઉપયોગ આ હેતુ માટે કરશે તો તે બે વર્ષની સજા અને રૂ. 2000 દંડને પાત્ર બનશે.

આ પ્રકારના હેતુઓ માટે જો કોઈ જગ્યા કે મકાન અથવા મકાનનો કોઈ ભાગ ભાડે આપીને વાપરવામાં આવતો હશે તો તેઓનો ભાડાપટ્ટો રદબાતલ બની રહેશે.

આ કાયદા હેઠળ અઢાર વર્ષની ઉંમર વટાવી ગયેલ છોકરીઓના અનૈતિક વ્યવહારમાંથી આવક ઉત્પન્ન કરવા ધંધો ચલાવાતો હશે અથવા તો કોઈ પણ વેશ્યાનો ઉપયોગ કરીને તેમાંથી આવક પ્રાપ્ત કરવા જો ધંધો ચલાવાતો હશે તો તે ચલાવનાર વ્યક્તિ બે વર્ષની સજા અથવા રૂ. 1000ના દંડને પાત્ર બનશે.

સ્ત્રીઓ અને છોકરીઓના અનૈતિક ધંધા કરવા માટે અથવા વેશ્યાગૃહ ચલાવવા માટે કોઈ વ્યક્તિ કોઈ સ્ત્રીને કે છોકરીને લાલચ આપશે અને જો તેનો આશય તેની મારફતે અનૈતિક વ્યવહાર કરાવવાનો હશે તો પ્રથમ ગુના માટે એક વર્ષની સજા અથવા રૂ. 2000ના દંડને પાત્ર બનશે.

મોટા શહેરમાં અને બીજી જગ્યાઓમાં સ્ત્રીઓના અને છોકરીઓના અનૈતિક વ્યવહારમાં વેશ્યાગૃહો, કેટલીક પવિત્ર અને સામાજિક જગ્યાની આસપાસ આ ચાલે નહીં તેને માટે પ્રતિબંધનો

કાયદો લાવવામાં આવેલ છે. આ કાયદાની જોગવાઈ હેઠળ સરકારે જાહેરનામાથી જાહેર કર્યો હોય તે વિસ્તારમાં ધાર્મિક સ્થળો જ્યાં આવેલાં હોય તે વિસ્તારમાં, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓ જ્યાં આવેલી હોય તે વિસ્તારમાં, હૉસ્પિટલો અને નર્સીંગ હોમ આવેલાં હોય તે વિસ્તારમાં અને શહેરના પોલીસ કમિશ્નર જે વિસ્તાર જાહેર કરે તેવા તમામ વિસ્તારોની આસપાસની 200 મીટરની જગ્યામાં આવાં વેશ્યાગૃહો કે સ્ત્રીઓના અનૈતિક વ્યવહારનો ધંધો કોઈ ચલાવી શકશે નહીં અને જો આ જોગવાઈનું કોઈ ઉલ્લંઘન કરશે તો તે શિક્ષા અને દંડને પાત્ર બનશે.

જે કિસ્સાઓમાં સ્ત્રીઓ કે છોકરીઓ વેશ્યાવૃત્તિ કે અનૈતિક પ્રવૃત્તિનો ગુનો કરતી જણાય તો તેવી ગુનાહિત પ્રવૃત્તિને કારણે તેમની સામે કાયદેસરનાં પગલાં લઈને તેઓના ભવિષ્યના વર્તન સુધારવાના હેતુથી તેઓ માટેના ખાસ રક્ષણ માટેનાં ગૃહોમાં મોકલી આપવામાં આવશે અને જે સ્ત્રીઓ કે છોકરીઓને તેમની ઇચ્છાવિરુદ્ધ કાર્યોના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવ્યાં હોય તેઓને પણ આવાં રક્ષણાત્મક ગૃહોમાં મોકલી તેઓની ચાલચલગત સારી બને અને સ્વચ્છ સામાજિક જીવન જીવી શકે તે પ્રકારની સારવાર અને સંભાળ આવાં ગૃહોમાં તેમને આપવામાં આવશે, જેથી કરીને તેમનું ભવિષ્યનું જીવન સુધરી શકે.

**1:7:1:25 સતી થવા (અટકાવ્યા) અંગેનો ધારો, 1987**

(સને 1829માં 'સતીપ્રથા' નાબૂદીનો કાયદો સૌપ્રથમ પસાર થયેલો)

સતી એટલે સળગાવવાની કે દાટવાની ક્રિયા

1) કોઈ પણ વિધવાને તેના પતિ કે અન્ય સંબંધી સાથે અથવા પતિ કે અન્ય સંબંધી સાથે સંકળાયેલ ચીજ, વસ્તુ કે પદાર્થ સાથે.
2) કોઈ પણ સ્ત્રીને કોઈ પણ સંબંધીના શરીર સાથે સળગાવવા કે દાટવાની ક્રિયા, પછી તે ક્રિયા સ્વૈચ્છિક હોવાનો દાવો, તે સ્ત્રી કે વિધવા દ્વારા અથવા અન્ય કોઈ દ્વારા થતો હોય તો પણ.

**કલમ 5 : સતીને મહત્તા બક્ષવા માટેની શિક્ષા**

સતીને મહત્તા પ્રાપ્ત થાય તેવાં કોઈ પણ પગલાં જે કોઈ લે તેને એક વર્ષથી ઓછું નહીં અને સાત વર્ષ જેટલું લાંબું હોઈ શકે તેવા એક સત્ર માટે જેલની સજા થઈ શકે અને સાથે પાંચ હજાર રૂપિયાથી ઓછો નહીં પણ ત્રીસ હજાર રૂપિયા જેટલો વધારો હોઈ શકે તેટલો દંડ પણ થઈ શકે.

સતીના સંદર્ભમાં તેને 'મહત્તા બક્ષવી' એટલે -

(1) સતી થવાના સંબંધમાં ધાર્મિક ઉજવણી કે સરઘસ કાઢવું;
(2) સતીપ્રથાને કોઈ પણ રીતે ટેકો આપવો, વ્યાજબી ઠેરવવી કે તેનો પ્રચાર કરવો;
(3) સતી થનાર વ્યક્તિની પ્રશંસા માટે કોઈ કાર્યક્રમ ગોઠવવો;
(4) સતી થયેલ વ્યક્તિના સન્માનને ચાલુ રાખવા કે તેની યાદગીરી સાચવવા ટ્રસ્ટ બનાવવું, ફંડ એકઠું કરવું. મંદિર કે બીજાં કોઈ મકાન બાંધવાં, કોઈ પણ સ્વરૂપની પૂજા કે ધાર્મિક વિધિ કરવી.

**1:7:1:26 સ્ત્રીઓને બીભત્સ રીતે રજૂ કરવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત અધિનિયમ, 1986**

'સ્ત્રીઓની બીભત્સ રજૂઆત' એટલે સ્ત્રીઓની આકૃતિ, તેણીનું સ્વરૂપ અથવા શરીર અથવા તેનો કોઈ પણ ભાગ એવી રીતે રજૂઆત કરવામાં આવે કે જેથી સ્ત્રીને બીભત્સમાં ઉતારી પાડવામાં અથવા બદનામ કરવામાં પરિણમે અથવા નૈતિક વર્તણૂક અથવા ચારિત્ર્યનું ખંડન થવાનો, ભ્રષ્ટ કરવાનો અથવા હાનિ પહોંચાડવાનો સંભવ હોય.

**કલમ 3 : સ્ત્રીઓને બીભત્સ રીતે રજૂ કરી હોય તેવી જાહેરખબરો ઉપર પ્રતિબંધ મૂકવા બાબતઃ**

કોઈ પણ વ્યક્તિ જેમાં સ્ત્રીઓની કોઈ પણ સ્વરૂપે બીભત્સ રજૂઆત કરી હોય તેવી જાહેરખબર પ્રસિદ્ધ કરી શકશે નહીં અથવા પ્રસિદ્ધ કરાવી શકાશે નહીં અથવા પ્રસિદ્ધ કરવાની અથવા પ્રદર્શિત કરવાની વ્યવસ્થા કરી શકશે નહીં અથવા તેમ કરવામાં ભાગ લઈ શકશે નહીં.

કાયદો લાવવામાં આવેલ છે. આ કાયદાની જોગવાઈ હેઠળ સરકારે જાહેરનામાથી જાહેર કર્યો હોય તે વિસ્તારમાં ધાર્મિક સ્થળો જ્યાં આવેલાં હોય તે વિસ્તારમાં, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓ જ્યાં આવેલી હોય તે વિસ્તારમાં, હૉસ્પિટલો અને નર્સિંગ હોમ આવેલાં હોય તે વિસ્તારમાં અને શહેરના પોલીસ કમિશ્નર જે વિસ્તાર જાહેર કરે તેવા તમામ વિસ્તારોની આસપાસની 200 મીટરની જગ્યામાં આવાં વેશ્યાગૃહો કે સ્ત્રીઓના અનૈતિક વ્યવહારનો ધંધો કોઈ ચલાવી શકશે નહીં અને જો આ જોગવાઈનું કોઈ ઉલ્લંઘન કરશે તો તે શિક્ષા અને દંડને પાત્ર બનશે.

જે કિસ્સાઓમાં સ્ત્રીઓ કે છોકરીઓ વેશ્યાવૃત્તિ કે અનૈતિક પ્રવૃત્તિનો ગુનો કરતી જણાય તો તેવી ગુનાહિત પ્રવૃત્તિને કારણે તેમની સામે કાયદેસરનાં પગલાં લઈને તેઓના ભવિષ્યના વર્તન સુધારવાના હેતુથી તેઓ માટેના ખાસ રક્ષણ માટેનાં ગૃહોમાં મોકલી આપવામાં આવશે અને જે સ્ત્રીઓ કે છોકરીઓને તેમની ઇચ્છાવિરુદ્ધ કાર્યોના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવ્યાં હોય તેઓને પણ આવાં રક્ષણાત્મક ગૃહોમાં મોકલી તેઓની ચાલચલગત સારી બને અને સ્વચ્છ સામાજિક જીવન જીવી શકે તે પ્રકારની સારવાર અને સંભાળ આવાં ગૃહોમાં તેમને આપવામાં આવશે, જેથી કરીને તેમનું ભવિષ્યનું જીવન સુધરી શકે.

**1:7:1:25 સતી થવા (અટકાવ્યા) અંગેનો ધારો, 1987**

(સને 1829માં 'સતીપ્રથા' નાબૂદીનો કાયદો સૌપ્રથમ પસાર થયેલો)

સતી એટલે સળગાવવાની કે દાટવાની ક્રિયા

1) કોઈ પણ વિધવાને તેના પતિ કે અન્ય સંબંધી સાથે અથવા પતિ કે અન્ય સંબંધી સાથે સંકળાયેલ ચીજ, વસ્તુ કે પદાર્થ સાથે.

2) કોઈ પણ સ્ત્રીને કોઈ પણ સંબંધીના શરીર સાથે સળગાવવા કે દાટવાની ક્રિયા, પછી તે ક્રિયા સ્વૈચ્છિક હોવાનો દાવો, તે સ્ત્રી કે વિધવા દ્વારા અથવા અન્ય કોઈ દ્વારા થતો હોય તો પણ.

**કલમ 5 : સતીને મહત્તા બક્ષવા માટેની શિક્ષા**

સતીને મહત્તા પ્રાપ્ત થાય તેવાં કોઈ પણ પગલાં જે કોઈ લે તેને એક વર્ષથી ઓછું નહીં અને સાત વર્ષ જેટલું લાંબું હોઈ શકે તેવા એક સત્ર માટે જેલની સજા થઈ શકે અને સાથે પાંચ હજાર રૂપિયાથી ઓછો નહીં પણ ત્રીસ હજાર રૂપિયા જેટલો વધારો હોઈ શકે તેટલો દંડ પણ થઈ શકે.

સતીના સંદર્ભમાં તેને 'મહત્તા બક્ષવી' એટલે -

(1) સતી થવાના સંબંધમાં ધાર્મિક ઉજવણી કે સરઘસ કાઢવું;

(2) સતીપ્રથાને કોઈ પણ રીતે ટેકો આપવો, વ્યાજબી ઠેરવવી કે તેનો પ્રચાર કરવો;

(3) સતી થનાર વ્યક્તિની પ્રશંસા માટે કોઈ કાર્યક્રમ ગોઠવવો;

(4) સતી થયેલ વ્યક્તિના સન્માનને ચાલુ રાખવા કે તેની યાદગીરી સાચવવા ટ્રસ્ટ બનાવવું, ફંડ એકઠું કરવું. મંદિર કે બીજાં કોઈ મકાન બાંધવાં, કોઈ પણ સ્વરૂપની પૂજા કે ધાર્મિક વિધિ કરવી.

**1:7:1:26 સ્ત્રીઓને બીભત્સ રીતે રજૂ કરવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત અધિનિયમ, 1986**

'સ્ત્રીઓની બીભત્સ રજૂઆત' એટલે સ્ત્રીઓની આકૃતિ, તેણીનું સ્વરૂપ અથવા શરીર અથવા તેનો કોઈ પણ ભાગ એવી રીતે રજૂઆત કરવામાં આવે કે જેથી સ્ત્રીને બીભત્સમાં ઉતારી પાડવામાં અથવા બદનામ કરવામાં પરિણમે અથવા નૈતિક વર્તણૂક અથવા ચારિત્ર્યનું ખંડન થવાનો, ભ્રષ્ટ કરવાનો અથવા હાનિ પહોંચાડવાનો સંભવ હોય.

**કલમ 3 : સ્ત્રીઓને બીભત્સ રીતે રજૂ કરી હોય તેવી જાહેરખબરો ઉપર પ્રતિબંધ મૂકવા બાબત:**

કોઈ પણ વ્યક્તિ જેમાં સ્ત્રીઓની કોઈ પણ સ્વરૂપે બીભત્સ રજૂઆત કરી હોય તેવી જાહેરખબર પ્રસિદ્ધ કરી શકશે નહીં અથવા પ્રસિદ્ધ કરાવી શકાશે નહીં અથવા પ્રસિદ્ધ કરવાની અથવા પ્રદર્શિત કરવાની વ્યવસ્થા કરી શકશે નહીં અથવા તેમ કરવામાં ભાગ લઈ શકશે નહીં.

**કલમ 4 : સ્ત્રીઓને બીભત્સ રીતે રજૂ કરતાં પુસ્તકો, ચોપાનિયાં વગેરે પ્રસિદ્ધ કરવા અથવા ટપાલ દ્વારા મોકલવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત :**

કોઈ પણ વ્યક્તિ, સ્ત્રીઓની કોઈ પણ સ્વરૂપે બીભત્સ રજૂઆત કરી હોય તેવા કોઈ પણ પુસ્તક, ચોપાનિયું, પેપર, સ્લાઇડ, ફિલ્મ, લખાણ, ડ્રૉઈંગ, પેઇન્ટિંગ, ફોટોગ્રાફ, કૃતિ અથવા આકૃતિ રજૂ કરી શકશે નહીં અથવા રજૂ કરાવડાવી શકશે નહીં, વેચી શકશે નહીં, ભાડે આપી શકશે નહીં, તેનું વિસ્તરણ કરી શકશે નહીં, તે પરિપત્રિત કરી શકશે નહીં કે ટપાલ દ્વારા મોકલી શકશે નહીં;

પરંતુ આ કલમમાંનો કોઈ પણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહીં -

(એ) કોઈ પણ પુસ્તક, ચોપાનિયું, પેપર, સ્લાઇડ, ફિલ્મ, લખાણ, ડ્રૉઈંગ, પેઇન્ટિંગ, ફોટોગ્રાફી, કૃતિ અથવા આકૃતિ :

(1) કે જેની પ્રસિદ્ધિ એવાં કારણો લોકો માટે સારું હોવાનું ન્યાયી સાબિત થાય કે આવુ પુસ્તક, ચોપાનિયું, પેપર, સ્લાઇડ, ફિલ્મ, લખાણ, ડ્રૉઈંગ, પેઇન્ટિંગ, ફોટોગ્રાફ, કૃતિ અથવા આકૃતિ, વિજ્ઞાન, સાહિત્ય, કલા અથવા શિક્ષણ અથવા સામાન્ય લાઇફના બીજા ઉદ્દેશોના હિતમાં છે અથવા

(2) કે જેને ધાર્મિક હેતુઓ માટે શુદ્ધબુદ્ધિથી રાખવામાં આવી હોય અથવા વાપરવામાં આવી હોય :

(બી) (1) એન્શિયન્ટ મોન્યુમેન્ટ અને આર્કિયોલૉજિકલ સાઇટ એક્ટ, 1958 (સન 1958ના 24મા)ના અર્થ મુજબ કોઈ પણ પ્રાચીન સ્થાપત્ય ઉપર અથવા તેમાં, અથવા

(2) કોઈ પણ મંદિર અથવા પ્રતિમા લઈ જવા માટે વાપરેલ અથવા ધાર્મિક હેતુઓ માટે અથવા વાપરેલ કોઈ પણ રથ ઉપર રજૂ કરેલ શિલ્પકળા કરેલ, કોતરેલ, ચિતરેલ અથવા બીજી રીતે રજૂ કરેલ કોઈ પણ કૃતિને,

(સી) જેના સંબંધમાં, સિનેમેટોગ્રાફ એક્ટ, 1952 (સન 1952ના 37મા)ના ભાગ -2ની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેવી કોઈ પણ ફિલ્મને.

જે કોઈ વ્યક્તિ કલમ 3 અથવા કલમ 4ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે પ્રથમ વખત દોષિત ઠર્યે બે વર્ષ સુધીની કેદની અને બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને અને બીજા અને ત્યાર પછીના દોષિત ઠર્યાના પ્રસંગે, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની અને વળી દસ હજાર રૂપિયા કરતાં ઓછી ન હોય તેટલા પણ એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

આ કાયદામાં વ્યક્તિની સાથોસાથ કંપનીના સંદર્ભમાં પણ જોગવાઈ કરવામાં આવી છે.

**કલમ 7 : કંપનીઓએ કરેલા ગુના :**

(1) આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય, ત્યારે ગુનો કરવામાં આવ્યો હોય તે વખતે કંપનીનો હવાલો ધરાવતી અને કંપનીના કાર્ય-સંચાલનમાં તે કંપનીને જવાબદાર હોય તે દરેક વ્યક્તિ તેમજ કંપની, તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદ્અનુસાર તેમને શિક્ષા કરી શકાશે,

પરંતુ આવી કોઈ વ્યક્તિ એમ સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી લીધી હતી, તો તે વ્યક્તિ આ પેટા-કલમમાંના કોઈ પણ મજકૂરથી, કોઈ પણ શિક્ષાને પાત્ર થશે નહિ.

(2) પેટા કલમ (1)માં ગમે તે મજકૂર હોય તે છતાં આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને તે ગુનો, કંપનીના ડિરેક્ટર, મૅનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે, અને સાબિત થાય ત્યારે એવા ડિરેક્ટર, મૅનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદ્અનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

**કલમ 4 : સ્ત્રીઓને બીભત્સ રીતે રજૂ કરતાં પુસ્તકો, ચોપાનિયાં વગેરે પ્રસિદ્ધ કરવા અથવા ટપાલ દ્વારા મોકલવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત :**

કોઈ પણ વ્યક્તિ, સ્ત્રીઓની કોઈ પણ સ્વરૂપે બીભત્સ રજૂઆત કરી હોય તેવા કોઈ પણ પુસ્તક, ચોપાનિયું, પેપર, સ્લાઇડ, ફિલ્મ, લખાણ, ડ્રોઇંગ, પેઇન્ટિંગ, ફોટોગ્રાફ, કૃતિ અથવા આકૃતિ રજૂ કરી શકશે નહીં અથવા રજૂ કરાવડાવી શકશે નહીં, વેચી શકશે નહીં, ભાડે આપી શકશે નહીં, તેનું વિસ્તરણ કરી શકશે નહીં, તે પરિપત્રિત કરી શકશે નહીં કે ટપાલ દ્વારા મોકલી શકશે નહીં;

પરંતુ આ કલમમાંનો કોઈ પણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહીં -

(એ) કોઈ પણ પુસ્તક, ચોપાનિયું, પેપર, સ્લાઇડ, ફિલ્મ, લખાણ, ડ્રોઇંગ, પેઇન્ટિંગ, ફોટોગ્રાફી, કૃતિ અથવા આકૃતિ :

(1) કે જેની પ્રસિદ્ધિ એવાં કારણો લોકો માટે સારું હોવાનું ન્યાયી સાબિત થાય કે આવુ પુસ્તક, ચોપાનિયું, પેપર, સ્લાઇડ, ફિલ્મ, લખાણ, ડ્રોઇંગ, પેઇન્ટિંગ, ફોટોગ્રાફ, કૃતિ અથવા આકૃતિ, વિજ્ઞાન, સાહિત્ય, કલા અથવા શિક્ષણ અથવા સામાન્ય લાઇફના બીજા ઉદ્દેશોના હિતમાં છે અથવા

(2) કે જેને ધાર્મિક હેતુઓ માટે શુદ્ધબુદ્ધિથી રાખવામાં આવી હોય અથવા વાપરવામાં આવી હોય :

(બી) (1) એન્શિયન્ટ મોન્યુમેન્ટ અને આર્કિયોલૉજિકલ સાઇટ એક્ટ, 1958 (સન 1958ના 24મા)ના અર્થ મુજબ કોઈ પણ પ્રાચીન સ્થાપત્ય ઉપર અથવા તેમાં, અથવા

(2) કોઈ પણ મંદિર અથવા પ્રતિમા લઈ જવા માટે વાપરેલ અથવા ધાર્મિક હેતુઓ માટે અથવા વાપરેલ કોઈ પણ રથ ઉપર રજૂ કરેલ શિલ્પકળા કરેલ, કોતરેલ, ચિતરેલ અથવા બીજી રીતે રજૂ કરેલ કોઈ પણ કૃતિને,

(સી) જેના સંબંધમાં, સિનેમેટોગ્રાફ એક્ટ, 1952 (સન 1952ના 37મા)ના ભાગ -2ની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેવી કોઈ પણ ફિલ્મને.

જે કોઈ વ્યક્તિ કલમ 3 અથવા કલમ 4ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે પ્રથમ વખત દોષિત ઠર્યે બે વર્ષ સુધીની કેદની અને બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને અને બીજા અને ત્યાર પછીના દોષિત ઠર્યાના પ્રસંગે, છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પણ પાંચ વર્ષ સુધીની કેદની અને વળી દસ હજાર રૂપિયા કરતાં ઓછી ન હોય તેટલા પણ એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

આ કાયદામાં વ્યક્તિની સાથોસાથ કંપનીના સંદર્ભમાં પણ જોગવાઈ કરવામાં આવી છે.

**કલમ 7 : કંપનીઓએ કરેલા ગુના :**

(1) આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય, ત્યારે ગુનો કરવામાં આવ્યો હોય તે વખતે કંપનીનો હવાલો ધરાવતી અને કંપનીના કાર્ય-સંચાલનમાં તે કંપનીને જવાબદાર હોય તે દરેક વ્યક્તિ તેમજ કંપની, તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદ્અનુસાર તેમને શિક્ષા કરી શકાશે,

પરંતુ આવી કોઈ વ્યક્તિ એમ સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી લીધી હતી, તો તે વ્યક્તિ આ પેટા-કલમમાંના કોઈ પણ મજકૂરથી, કોઈ પણ શિક્ષાને પાત્ર થશે નહિ.

(2) પેટા કલમ (1)માં ગમે તે મજબૂર હોય તે છતાં આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને તે ગુનો, કંપનીના ડિરેક્ટર, મૅનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે, અને સાબિત થાય ત્યારે એવા ડિરેક્ટર, મૅનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદ્અનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

સ્પષ્ટીકરણ : આ કલમના હેતુ માટે

(એ) 'કંપની' એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિયેશનનો સમાવેશ થાય છે, અને

(બી) પેઢીના સંબંધમાં ડિરેક્ટર એટલે પેઢીનો ભાગીદાર.

**1:7:1:27 રાષ્ટ્રીય મહિલા કમિશન – 1990નો અધિનિયમ**

આ કાયદાની જોગવાઈઓ પ્રમાણે નીચેનાં કાર્યો આ કમિશન દ્વારા કરવામાં આવે છે, જેમાં સ્ત્રીઓના હક્કોના રક્ષણ માટેની કાર્યવાહી કરવામાં આવે છે.

(1) બંધારણમાં બક્ષેલા તમામ હક્કોના (સ્ત્રીઓના) રક્ષણની કાર્યવાહી તેમજ સ્ત્રીઓને લગતા અન્ય ધારાઓ હેઠળની દેખરેખ રાખવી.

(2) રાજ્ય અને કેન્દ્ર સરકારને સ્ત્રીઓના હક્કના રક્ષણની દેખભાળ માટે જરૂરી સૂચનો કરવા.

(3) સ્ત્રીઓ સામે આચરવામાં આવતી અનેક સામાજિક પ્રવૃત્તિઓ અને ગુનાઓને ધ્યાનમાં લઈ તેને નિવારવા યોગ્ય કાનૂની કાર્યવાહી હાથ ધરવી.

આ કમિશનને જરૂરી કાનૂની કાર્યવાહી બાધ ન આવે તે માટે અદાલત જે સત્તાઓ વાપરી શકે છે તેવી સત્તા આપવામાં આવી છે.

કલમ 128માં ભરણપોષણના અમલ અંગેની કાર્યવાહીનો ઉલ્લેખ છે.

**1:7:1:28 ધ ફેમિલી કૉર્ટસ્ ઍક્ટ – 1984 :**

લગ્ન, કૌટુંબિક વ્યવહારો અને તેને લગતી બાબતોમાંથી જે તકરારો ઉપસ્થિત થાય તેના ઝડપી નિકાલ માટે 1984માં કૌટુંબિક અદાલત ધારો (ધ ફેમિલી કૉર્ટસ્ ઍક્ટ) અસ્તિત્વમાં આવ્યો.

આ કાયદો જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં હાઇકૉર્ટની સંમતિથી રાજ્ય સરકાર સ્થાપી શકે છે. રાજ્ય સરકાર હાઇકૉર્ટ સાથે ચર્ચા-વિચારણા કરી આ કૉર્ટનું કામકાજ ચલાવવા સલાહ-અધિકારીઓ, કર્મચારીઓની સંખ્યા, કક્ષા અને વર્ગ નક્કી કરશે.

કૉર્ટના સંચાલન માટેના નિયમો, સમય અને મુકદમા કેવી રીતે તૈયાર કરવા એ પણ નક્કી કરશે. આ અંગેના ન્યાયાધીશની નિમણૂકમાં રાજ્ય સરકારે હાઇકૉર્ટની સંમતિ મેળવીને નિમણૂક કરવાની રહેશે કે જે સ્ત્રી અને બાળકલ્યાણના હિતને ટકાવી રાખનાર હો. એમની નિમણૂક, માનદ્ વેતન એ બધું પણ રાજ્ય સરકાર હાઇકૉર્ટ સાથે ચર્ચા-વિચારણા કરીને ક શે. આ અંગેની કાર્યવાહી બંધ-બારણે થશે. જરૂર પડે તો બહારના નિષ્ણાતોની મદદ, વકીલની મદદ, પુરાવો, સોગંદનામું, જુબાની વગેરેની તપાસ કરશે. આમ, દરેક રાજ્યમાં ફેમિલી કૉર્ટની સ્થાપના કરવાથી સ્ત્રીઓને લગતા કેટલાક પ્રશ્નોનો નિકાલ ઝડપથી થશે.

ઇન્ડિયન પીનલ કોડ, ક્રિમિનલ પ્રોસીજર કોડ અને ભારતીય ફોજદારી ધારો—આ બધા કાયદામાં સ્ત્રીઓ પર આચરવામાં આવતા અત્યાચારની સ્પષ્ટતા કરવામાં આવી છે પરંતુ એ બધાનો અમલ કરનાર તંત્ર એટલું અસરકારક રહ્યું નથી. આ દિશામાં હજુ ઘણું કરવાનું બાકી છે.

**1.7.2 સંસ્થાકીય પ્રયત્નો :**

આધુનિક સમયમાં કૌટુંબિક અત્યાચાર વિશેની સભાનતા વધતાં આ અંગેની કેટલીક સામાજિક સંસ્થાઓ કે જે સમાજસુરક્ષા કે સમાજકલ્યાણ બૉર્ડ અંતર્ગત ચાલે છે, તો કેટલીક સંસ્થાઓ સ્વૈચ્છિક રીતે પણ આ કાર્ય કરે છે.

આ સંસ્થાઓમાં કોઈ પણ સ્ત્રી પતિ કે શ્વસુર પક્ષના સભ્યોના અત્યાચારનો ભોગ બનેલ હોય તો તેઓને સાંભળે છે, જરૂરી રક્ષણ આપે છે અને કૌટુંબિક સંઘર્ષ અટકાવવા માટે બન્ને પક્ષને વ્યવહારુ અને આદર્શ માર્ગ દર્શાવે છે.

**1:7:2:1 ગુજરાત રાજ્ય કાનૂની સહાય યોજના :**

કાનૂની સલાહ યોજના ભારતની પ્રજા માટેની એક અનિવાર્યતા છે.

ભારતના રાજ્ય બંધારણમાં નાગરિકોને જે મૂળભૂત અધિકારો આપવામાં આવેલા તે અધિકારોનું

સંરક્ષણ સામાન્ય માનવીઓને પણ પ્રાપ્ત થાય અને બંધારણમાં આલેખાયેલા રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલને મૂર્તિમંત સ્વરૂપ આપવા માટે ગુજરાત રાજ્ય તરફથી મફત કાનૂની સલાહ યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે.

સંઘર્ષમય જીવનમાં અને વધતા જતા કાયદાઓની આંટીઘૂંટીઓમાં સામાન્ય માનવીના પોતાના રોજિંદા જીવનવ્યવહારમાં કાનૂની પ્રશ્નોના નિકાલ માટે આ યોજનાનું માળખું ઊભું કરવામાં આવ્યું છે. આ કાનૂની સલાહ યોજનાની રૂપરેખા નાગરિકોને માહિતી આપવાના આશયથી અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.આ યોજનાનો પાયો 'સર્વને સમાન ન્યાય' પ્રાપ્ત થાય તેના પર આધારિત છે.

પ્રાચીન ભારતની સંસ્કૃતિને અનુરૂપ ન્યાયપદ્ધતિનું પુનઃસ્થાપન જનસમુદાય માટે અને સામાન્ય જન માટે તાકીદની અને અનિવાર્ય આવશ્યકતા આ કાનૂની સલાહ યોજનામાં એક સિદ્ધાંતરૂપે સ્વીકારવામાં આવી છે. પશ્ચિમની સંસ્કૃતિ પાસેથી ઉછીની લીધેલ, ઘર્ષણ અને સંઘર્ષલક્ષી પદ્ધતિનાં મૂળિયાં પરદેશની ધરતીમાં છે. તેની આયાત કરી આ દેશની ધરતીમાં રોપવાનું આપણા માટે અભિશાપ છે. તેવી પ્રતીતિ સાથે પુનઃવસનનો સમય પાકી ગયો છે.

લોકોના પ્રશ્નોના ઝડપી અને સાચા ઉકેલ માટે આ પદ્ધતિ આશીર્વાદ સમાન બનશે અને તે શક્ય બનશે. ન્યાયાધીશો, ધારાશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકરો, વહીવટી વર્ગ અને લોકોના સહકાર દ્વારા સફળ બનશે..

### 1:7:2:2 ગુજરાત રાજ્ય કાનૂની સહાય અને સલાહ બૉર્ડ

ગુજરાત સરકારે તા. 30 મી એપ્રિલ 1982થી મફત કાનૂની સલાહ અને સહાય યોજના નવા સ્વરૂપે અમલમાં મૂકી છે અને તેનો અમલ શરૂ થઈ ચૂક્યો છે. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકારે 'ગુજરાત રાજ્ય કાનૂની સહાય અને સલાહ બૉર્ડ' એ નામનું વિધિસરનું વ્યવસ્થાતંત્ર રચ્યું છે.

ગુજરાત સરકાર દ્વારા નિરક્ષર નબળા વર્ગોને કાનૂની જાગૃતિ આપવા અને ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોને કાનૂની અધિકારોથી વાકેફ કરવા અને તેઓ પર થતા અત્યાચારો સામે રક્ષણ આપવા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે બહુ હેતુલક્ષી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સ્ત્રીઓ અને બાળકોના કિસ્સામાં ખાસ તકેદારી દાખવવામાં આવી રહી છે. તેઓનો મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર મુખ્ય બાબત હોવાથી તેનો પ્રચાર અને પ્રસાર કરી આ અધિકાર તાલુકાથી માંડીને રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ બને તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ યોજના હેઠળ લાભ મેળવવાની પાત્રતા અંગે ઘણી છૂટછાટ મૂકવામાં આવી છે. આને પરિણામે આ યોજનાનો લાભ સમાજના ઘણા મોટા વર્ગોની વ્યક્તિઓ મેળવી શકે છે.

યોજનાના લાભ કોને મળી શકે ?

આ યોજનાના અમલ હેઠળ નીચેની વ્યક્તિઓ પહેલો લાભ મેળવી શકશે.

1. જેની કુલ વાર્ષિક આવક રૂ. 5000 કરતાં વધુ ન હોય તેવી કોઈ પણ વ્યક્તિ.

**નોંધ :** કુલ વાર્ષિક આવક રૂ. 5000 કરતાં વધુ હોય તો પણ બૉર્ડના અધ્યક્ષશ્રીની મંજૂરીથી સંપર્ક કરતાં કાનૂની સમિતિના અધ્યક્ષને યોગ્ય જણાતા કોઈ પણ કિસ્સામાં મફત કાનૂની સહાય આપી શકાય.

2. નીચે દર્શાવેલ કોઈ પણ વર્ગનો નાગરિક :

   (અ) અનુસૂચિત જાતિ

   (બ) અનુસૂચિત જનજાતિ

   (ક) વિમુક્ત જાતિ

   (ડ) વિચરતી જાતિ

   (ઈ) કોઈ પણ સ્ત્રી અથવા કોઈ પણ બાળક.

**નોંધ :** ઉપરના વર્ગની વ્યક્તિઓને રૂ. 5000ની વાર્ષિક આવકની મર્યાદાનું ધોરણ લાગુ પડતું નથી. વધુમાં નીચે જણાવેલી બાબતમાં કાનૂની કાર્યવાહી દાખલ અથવા શરૂ કરવા અથવા સહાય

આપવા માટે 'બૉર્ડ'ને અધિકાર આપવામાં આવે છે.

1) અતિ મહત્ત્વની જાહેર બાબતમાં.

2) કોઈ કસોટી-રૂપ કિસ્સામાં જેમાં સમાજના નબળા વર્ગને સ્પર્શે તેવો કાનૂની ચુકાદો આપવાની શક્યતા હોય.

3) અન્યથા કાનૂની સહાયને પાત્ર ગણવામાં આવેલ તેવા કોઈ પણ કિસ્સામાં આ બાબત અરજદારે લેખિત કારણો આપવાનું આવશ્યક રહેશે.

આ યોજનાનો લાભ કોને મળી શકે નહીં.

નીચેના કિસ્સાઓમાં મફત કાનૂની સહાય કે સલાહ મળી શકે નહીં :

1. બદનક્ષીના કેસમાં
2. દ્વેષપૂર્વક ફરિયાદ માંડવી હોય તે કેસમાં
3. લગ્ન-વચનભંગના કેસમાં
4. બળાત્કાર અંગેના કેસમાં
5. ચૂંટણી અંગેના કેસમાં
6. જે ગુનાઓની શિક્ષા માત્ર દંડથી થઈ શકે, માત્ર તેવા ગુનાઓમાં
7. દારૂબંધીના ગુનાઓમાં
8. ભેળસેળ સંબંધી ધારા હેઠળના ગુનાઓમાં
9. નોનકોગ્નિઝેબલ ગુનાઓમાં
10. સેશન્સ કેસ અગાઉના ક્રિમિનલ પ્રોસીડિંગ્સમાં

નોંધ : ઉપરોક્ત યાદી માત્ર દૃષ્ટાંતરૂપ છે, તેથી તેમાં બધા કેસનો સમાવેશ થતો નથી.

11. જ્યારે કાનૂની સલાહ માગનાર વ્યક્તિ કાનૂની કાર્યવાહીમાં માત્ર ઔપચારિક રીતે જ પક્ષકાર હોય અને જેને સદર કાર્યવાહીના પરિણામથી કોઈ મહત્વનો ફેરફાર ન પડતો હોય, ત્યારે કાનૂની સહાય આપવામાં આવતી નથી.

**1:7:2:3 કુટુંબ સલાહ કેન્દ્ર :**

વર્તમાન સમયમાં સરકારી, અર્ધસરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કુટુંબ સલાહ કેન્દ્રની જોગવાઈ કરવામાં આવે છે. આવા કેન્દ્રમાં વૈજ્ઞાનિક સમજ ધરાવતા અનુભવી અને જ્ઞાની કાર્યકરો કુટુંબની અંદર વ્યાપેલા મતમતાંતર, ગેરસમજણ, શંકા અને અવિશ્વાસ દૂર કરવા માટે બન્ને પક્ષને બોલાવીને પારસ્પરિક ફરજો અને જવાબદારીઓ સમજાવે છે. જોકે આ પ્રયોગ હજી ગ્રામીણ સમુદાય સુધી જોઈએ તેટલો સફળ થયો નથી.

એવી જ રીતે માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, વિવિધ સંચારમાધ્યમો વગેરેનો ફાળો પણ તેના નિવારણમાં ઉપયોગી થઈ શકે છે.

આ સમસ્યાના નિવારણ માટે વ્યક્તિ, કુટુંબ, સમાજના વિવિધ સમુદાયો, વિવિધ સંસ્થાઓ, ધારાશાસ્ત્રીઓ, ગુનાશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો, તબીબો વગેરે સક્રિય બન્યા છે. વળી, લોકચેતના પણ આવશ્યક બની છે. આ રીતે સમાજના સામૂહિક પ્રયત્નોથી આ સમસ્યાનું નિરાકરણ કરવા પ્રયત્નો થયા છે.

## 1.7.3 સૂચનો

સ્ત્રી પર થતા અત્યાચારના નિવારણમાં સંદર્ભમાં સૂચનો અને ભલામણ ઘણી જ હોઈ શકે. આ માટે બાળકો સાથેના દુર્વ્યવહાર અટકાવવા માટેનાં સૂચનો, સ્ત્રીઓ પોતે એમાં શું કરી શકે ? સમાજ અને સરકાર એમાં કેવી રીતે સહયોગ આપી શકે અને સ્વૈચ્છિક સંસ્થાઓ કઈ ભૂમિકા ભજવી શકે વગેરે બાબતો દર્શાવી છે. અમે એ જરૂર સ્વીકારીએ છીએ કે આ સૂચનો અને ભલામણ પૂરતાં નથી પરંતુ એ સ્ત્રી- અત્યાચારના નિવારણમાં જરૂર સહાયક બનશે એવી અમને શ્રદ્ધા છે.

**1:7:3:1 બાળકો સાથેના દુર્વ્યવહાર અટકાવવા સંબંધિત સૂચનો :**

**(1) બાળકોના હકકનું પાલન કરવું.**

Every child has the inherent right to survival. Every child has the right to the highest Standard of health and medical care attainable. Every child had the right to education. Every child had the right to play. Every child had the right to be protected from abuse. neglect and exploitation.

United Nations convention on the Rights of the Child (1989)

બાળકોને આ બધા હક્કો સમાન રીતે મળવા જોઈએ. પરંતુ છોકરા અને છોકરીને જન્મતાની સાથે આ હક્કોમાં ભિન્નતા જોવા મળે છે. કુટુંબમાં સ્ત્રી–બાલિકા વિશે બે પ્રકારનાં દૃષ્ટિબિંદુ છે.

વર્તમાન સમયમાં એક બાજુ સ્ત્રીને લક્ષ્મી, શક્તિ, દુર્ગા તરીકે બિરદાવવામાં આવે છે. આજે એવું પણ મનાય છે કે The development of the girl child is intrinsically linked to the development of society.

શિક્ષણમાં સ્ત્રીશિક્ષણને પ્રાધાન્ય અપાય એવું ઇચ્છે છે. An educated mother will educate her children.એક શિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે છે. ઘર અને બહાર આર્થિક પ્રવૃત્તિ કરે છે. આ બધું હોવા છતાં એક બાલિકા તરીકે કુટુંબમાં અને કુટુંબ બહાર એના માટે કેવું વર્તન અને વ્યવહાર રખાય છે એ અંગેની માહિતી અગાઉ આપી છે. આ માટે માતાપિતાએ એમાં પોતાનો દૃષ્ટિકોણ બદલવો જોઈએ. એમના માનવીય અધિકારોનું પૂરેપૂરું જતન કરવું જોઈએ. આજે કેટલાંક કુટુંબોનાં દૃષ્ટિકોણમાં જરૂર પરિવર્તન આવ્યું છે પરંતુ બધાં કુટુંબો આ માટે જાગ્રત બને તે એટલું જ આવશ્યક છે.

**(2) બાળમજૂરી પરત્વેનો અભિગમ બદલવો.**

કુટુંબ માટે બાળક મહત્ત્વનું છે. પરંતુ અનેકવિધ કારણોસર એને બાળમજૂરીએ મોકલે છે અને ત્યાં તથા ઘરમાં એનું શોષણ થાય છે એ અટકાવવું જોઈએ. આ બાળકોને એટલો સમય શિક્ષણ કે રચનાત્મક પ્રવૃત્તિમાં મોકલીએ તો બાળકના તથા દેશના વિકાસમાં તે ઉપયોગી થશે.

જેઓ બાળકોને મજૂરીએ રાખે છે તેઓએ પણ આ શોષણ પ્રથા કાયદાથી વિરુદ્ધની હોવાથી એને પ્રોત્સાહન ન આપવું જોઈએ.

**(3) બાળલગ્ન અટકાવવાં.**

ગુજરાત અને ભારતમાં કાયદાનો ભંગ કરીને થતાં બાળલગ્નો અટકાવવાં જોઈએ. એમાથી સર્જાતાં કજોડાં, અકાળે માતૃત્વ વગેરેમાંથી સ્ત્રીઓને બચાવવી જોઈએ.

**(4) સામાજિકરણમાં સમાનતા રાખવી.**

આજે બધાં જ કુટુંબોમાં નહીં પણ કેટલાંક કુટુંબોમાં સ્ત્રી-પુરુષના ઉછેરભેદ જોવા મળે છે. માતાપિતાએ આવા ઉછેરભેદ ન રાખવા જોઈએ. બધાં બાળકોનું સામાજિકરણ એ રીતે કરવું જોઈએ કે એમાંથી સારા અને સ્વસ્થ નાગરિક બને.

ન્યૂયોર્ક ખાતે 1990માં મળેલી બાળકો અંગેની વિશ્વ પરિષદમાં વર્ષ 2000 સુધીમાં સ્ત્રીઓ અને બાળકોના ઉત્કર્ષ માટે 33 જેટલા લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા હતા, જેમાં સૌથી અગત્યના આ લક્ષ્યાંકો ધ્યાનસૂચક છે :

(1) ભ્રૂણહત્યા અને પાંચ વર્ષ સુધીનાં બાળકોનાં થતાં મરણમાં ઘટાડો કરવો.

(2) પ્રસુતિવેળાએ માતાના મૃત્યુનો દર ઘટાડવો.

(3) પાંચ વર્ષથી નીચેની વયનાં બાળકોને પોષણક્ષમ આહાર ઉપલબ્ધ કરાવવો.

(4) પીવાલાયક સલામતીભર્યા પાણીની સગવડ પૂરી પાડવી અને આરોગ્યલક્ષી સેનેટરી વ્યવસ્થા ગોઠવવી.

(5) પ્રાથમિક શિક્ષણ મેળવવાની વય ધરાવતાં ઓછામાં ઓછાં 80% બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવે અને પૂર્ણ કરે તે જોવું.

(6) સ્ત્રીકેળવણીનો દર ઊંચો લાવવો. નિરક્ષરતાનો દર ઘટાડવો.

(7) કપરા સંજોગોમાં બાળકોને રક્ષણ આપવું.

**1:7:3:2 સ્ત્રીઓ પોતે શું કરી શકે ?**

**(1) સ્વહસ્તે થતી હિંસાને રોકી શકે :**

અપરિણીત કે પરિણીત સ્ત્રીઓ કોઈ સામાજિક કે ધાર્મિક પ્રસંગે માસિક આવવાનું હોય તો એને વહેલા લાવવા નુસખા કરે છે અથવા ગોળીઓ ખાઈ પાછું ઠેલવાનો પ્રયત્ન કરે છે. માસિક એ કુદરતી પ્રક્રિયા છે. સ્ત્રીની માતૃત્વની શક્તિ માસિક ધર્મની નિયમિતતા સાથે સંકળાયેલી છે. આ એક કુદરતી પ્રક્રિયા છે. એને ધાર્મિક માન્યતા અને અંધશ્રદ્ધા સાથે સ્ત્રીઓ વધુ સાંકળે છે. એ સમયને અપવિત્રતા સાથે સાંકળે છે. પોતાના જ શરીરને અપવિત્ર માની પોતાના પર જાતજાતનાં બંધનો લાદી સ્વયં અત્યાચાર આચરે છે. આ પ્રકારે એને પોતાને પર પોતાના દ્વારા થતા અત્યાચાર એ વૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજી અટકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(2) પરંપરાગત મૂલ્યો અને ધાર્મિક માન્યતાઓને નવા દષ્ટિકોણથી આત્મસાત કરી શકાય :**

સ્ત્રી પર થતા અત્યાચાર માટે સ્ત્રીને જ જવાબદાર ઠેરવી પુરુષો પોતે છટકી જાય છે. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ બધા જ ધર્મમાં ઉત્કર્ષની વાતોને વેગળી રાખી સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી કક્ષાની છે અને સ્ત્રીનું શરીર અપવિત્ર છે એવા અલગ રિવાજ અને પરંપરાને પ્રોત્સાહન અપાય છે. સ્ત્રીને એવા આશીર્વાદ પણ અપાય કે જેમાં એ પતિ, પુત્ર વગેરેને જ મહત્ત્વ આપે. સ્ત્રીઓ આજે પણ જે વ્રત, ઉપવાસ, બાધા-આખડી કરી પોતાની જાત પર અત્યાચાર આચરે છે અને આરોગ્ય બગાડે છે. પોતાના માટે કે સ્વ-ઉત્કર્ષ માટે જીવતી સ્ત્રી સમાજમાં સન્માનિત નથી બનતી. જેટલી સ્ત્રીઓ ધાર્મિક વૃત્તિવાળી વધુ તેટલી તે કુટુંબમાં વધુ સ્વીકૃત બને છે.

કૌમાર્યાવસ્થા અંગેનાં બંધનો, યોગ્ય સમયે લગ્ન કરવાં, પતિવ્રતા બનવું, પતિને પરમેશ્વર ગણવો, વૈધવ્ય એ અભિશાપ છે આવા બધા ધાર્મિક ખ્યાલોને, મૂલ્યોને નામે સ્ત્રીઓને પોષે છે. આ વ્યક્તિગત માન્યતાઓનો પ્રશ્ન છે. પરંતુ શક્ય હોય તો એની પાછળના કાર્યકારણનો સંબંધ તપાસીને વ્યક્તિગત દષ્ટિકોણથી સ્ત્રીઓ વિચારે તો ધાર્મિક અંધશ્રદ્ધાવાળા અત્યાચારથી જ તે જરૂર મુક્ત થઈ શકે. નહીં તો ભૂત, ડાકણ વગેરે કહીને એને માર પણ આપવાના કિસ્સા નોંધાય છે તે દૂર નહીં થાય.

સ્ત્રીઓ ધર્મને સહિષ્ણુતા, સાર્વત્રિકતા, જીવનના સત્ય તરીકે સ્વીકારે એ જરૂરી છે.

**(3) ગર્ભહત્યા અટકાવીને અત્યાચાર અટકાવી શકાય :**

ગર્ભ રહેવા માટે સ્ત્રી અને પુરુષ બન્નેની જવાબદારી છે. આજે મોટા ભાગના ગર્ભનિરોધકો જેવા કે ગોળી, આંકડી, કોપર-ટી વગેરે સ્ત્રીઓના ઉપયોગ માટે છે. હોર્મોનયુક્ત દવાઓ પણ સ્ત્રીઓ લે છે. આને લીધે સ્ત્રીના સ્વાસ્થ્ય પર કેટલીક વાર વિપરીત અસરો થતી જોવા મળે છે. ગર્ભનિરોધક ઉપરાંત ગર્ભધારણ કર્યા પછી પુત્રી હોય તો ગર્ભપાત કરી ગર્ભહત્યા સ્ત્રીની નજર સમક્ષ થાય છે. પુત્રીને જન્મવા ન દેવી એ પલાયનવાદ છે. વાસ્તવિકતા જુદી હોય પરંતુ એક રીતે આ સારું નથી. દીકરી જન્મે અને અત્યાચારનો ભોગ બને, દુઃખી થાય એના કરતાં જન્મવા ન દેવી એવી પલાયનવૃત્તિ સ્ત્રીએ ત્યજવી જોઈએ. 1901માં ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા 972 હતી તે ઘટતાં ઘટતાં 1991માં 927 થઈ અને 2001માં ગુજરાતમાં 919 છે. એ રીતે ગુજરાતમાં પણ ગર્ભપાતની સંખ્યા લાખોમાં છે. આ માટે સ્ત્રીએ મક્કમ બનવું પડશે. સ્ત્રી દ્વારા સ્ત્રીની હિંસા અટકાવવી પડશે. મહિલા સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરેના સહિયારા પ્રયત્નોથી કેટલાક પ્રતિબંધો લાદવા જોઈએ. વ્યક્તિગત રીતે સ્ત્રીએ આમાં પહેલ કરવી જોઈએ.

**(4) વ્યક્તિગત મર્યાદાઓ દૂર કરવાનો પ્રયત્ન કરવો :**

પોતાની વ્યક્તિગત લાક્ષણિકતાને લીધે જો અત્યાચાર થતો હોય તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગુરુતાગ્રંથિ, લઘુતાગ્રંથિ, અહમ્, શંકાશીલ સ્વભાવ, એકબીજાના દોષો શોધવા, ગૃહિણી તરીકેની નિષ્ફળતા, ભૂમિકા સજ્જતાનો અભાવ આ બધી વ્યક્તિગત મર્યાદાને દૂર કરવાનો પ્રયત્ન કરી જીવનને હકારાત્મક દષ્ટિકોણથી જોવું જોઈએ.

(6) સ્ત્રીકેળવણીનો દર ઊંચો લાવવો. નિરક્ષરતાનો દર ઘટાડવો.

(7) કપરા સંજોગોમાં બાળકોને રક્ષણ આપવું.

**1:7:3:2 સ્ત્રીઓ પોતે શું કરી શકે ?**

**(1) સ્વહસ્તે થતી હિંસાને રોકી શકે :**

અપરિણીત કે પરિણીત સ્ત્રીઓ કોઈ સામાજિક કે ધાર્મિક પ્રસંગે માસિક આવવાનું હોય તો એને વહેલા લાવવા નુસખા કરે છે અથવા ગોળીઓ ખાઈ પાછું ઠેલવાનો પ્રયત્ન કરે છે. માસિક એ કુદરતી પ્રક્રિયા છે. સ્ત્રીની માતૃત્વની શક્તિ માસિક ધર્મની નિયમિતતા સાથે સંકળાયેલી છે. આ એક કુદરતી પ્રક્રિયા છે. એને ધાર્મિક માન્યતા અને અંધશ્રદ્ધા સાથે સ્ત્રીઓ વધુ સાંકળે છે. એ સમયને અપવિત્રતા સાથે સાંકળે છે. પોતાના જ શરીરને અપવિત્ર માની પોતાના પર જાતજાતનાં બંધનો લાદી સ્વયં અત્યાચાર આચરે છે. આ પ્રકારે એને પોતાને પર પોતાના દ્વારા થતા અત્યાચાર એ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજી અટકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(2) પરંપરાગત મૂલ્યો અને ધાર્મિક માન્યતાઓને નવા દૃષ્ટિકોણથી આત્મસાત કરી શકાય :**

સ્ત્રી પર થતા અત્યાચાર માટે સ્ત્રીને જ જવાબદાર ઠેરવી પુરુષો પોતે છટકી જાય છે. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ બધા જ ધર્મમાં ઉત્કર્ષની વાતોને વેગળી રાખી સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી કક્ષાની છે અને સ્ત્રીનું શરીર અપવિત્ર છે એવા અલગ રિવાજ અને પરંપરાને પ્રોત્સાહન અપાય છે. સ્ત્રીને એવા આશીર્વાદ પણ અપાય કે જેમાં એ પતિ, પુત્ર વગેરેને જ મહત્ત્વ આપે. સ્ત્રીઓ આજે પણ જે વ્રત, ઉપવાસ, બાધા-આખડી કરી પોતાની જાત પર અત્યાચાર આચરે છે અને આરોગ્ય બગાડે છે. પોતાના માટે કે સ્વ-ઉત્કર્ષ માટે જીવતી સ્ત્રી સમાજમાં સન્માનિત નથી બનતી. જેટલી સ્ત્રીઓ ધાર્મિક વૃત્તિવાળી વધુ તેટલી તે કુટુંબમાં વધુ સ્વીકૃત બને છે.

કૌમાર્યાવસ્થા અંગેનાં બંધનો, યોગ્ય સમયે લગ્ન કરવાં, પતિવ્રતા બનવું, પતિને પરમેશ્વર ગણવો, વૈધવ્ય એ અભિશાપ છે આવા બધા ધાર્મિક ખ્યાલોને, મૂલ્યોને નામે સ્ત્રીઓને પોષે છે. આ વ્યક્તિગત માન્યતાઓનો પ્રશ્ન છે. પરંતુ શક્ય હોય તો એની પાછળના કાર્યકારણનો સંબંધ તપાસીને વ્યક્તિગત દૃષ્ટિકોણથી સ્ત્રીઓ વિચારે તો ધાર્મિક અંધશ્રદ્ધાવાળા અત્યાચારથી જ તે જરૂર મુક્ત થઈ શકે. નહીં તો ભૂત, ડાકણ વગેરે કહીને એને માર પણ આપવાના કિસ્સા નોંધાય છે તે દૂર નહીં થાય.

સ્ત્રીઓ ધર્મને સહિષ્ણુતા, સાર્વત્રિકતા, જીવનના સત્ય તરીકે સ્વીકારે એ જરૂરી છે.

**(3) ગર્ભહત્યા અટકાવીને અત્યાચાર અટકાવી શકાય :**

ગર્ભ રહેવા માટે સ્ત્રી અને પુરુષ બન્નેની જવાબદારી છે. આજે મોટા ભાગના ગર્ભનિરોધકો જેવા કે ગોળી, આંકડી, કોપર-ટી વગેરે સ્ત્રીઓના ઉપયોગ માટે છે. હોર્મોનયુક્ત દવાઓ પણ સ્ત્રીઓ લે છે. આને લીધે સ્ત્રીના સ્વાસ્થ્ય પર કેટલીક વાર વિપરીત અસરો થતી જોવા મળે છે. ગર્ભનિરોધક ઉપરાંત ગર્ભધારણ કર્યા પછી પુત્રી હોય તો ગર્ભપાત કરી ગર્ભહત્યા સ્ત્રીની નજર સમક્ષ થાય છે. પુત્રીને જન્મવા ન દેવી એ પલાયનવાદ છે. વાસ્તવિકતા જુદી હોય પરંતુ એક રીતે આ સારું નથી. દીકરી જન્મે અને અત્યાચારનો ભોગ બને, દુઃખી થાય એના કરતાં જન્મવા ન દેવી એવી પલાયનવૃત્તિ સ્ત્રીએ ત્યજવી જોઈએ. 1901માં ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા 972 હતી તે ઘટતાં ઘટતાં 1991માં 927 થઈ અને 2001માં ગુજરાતમાં 919 છે. એ રીતે ગુજરાતમાં પણ ગર્ભપાતની સંખ્યા લાખોમાં છે. આ માટે સ્ત્રીએ મક્કમ બનવું પડશે. સ્ત્રી દ્વારા સ્ત્રીની હિંસા અટકાવવી પડશે. મહિલા સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરેના સહિયારા પ્રયત્નોથી કેટલાક પ્રતિબંધો લાદવા જોઈએ. વ્યક્તિગત રીતે સ્ત્રીએ આમાં પહેલ કરવી જોઈએ.

**(4) વ્યક્તિગત મર્યાદાઓ દૂર કરવાનો પ્રયત્ન કરવો :**

પોતાની વ્યક્તિગત લાક્ષણિકતાને લીધે જો અત્યાચાર થતો હોય તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગુરુતાગ્રંથિ, લઘુતાગ્રંથિ, અહમ્, શંકાશીલ સ્વભાવ, એકબીજાના દોષો શોધવા, ગૃહિણી તરીકેની નિષ્ફળતા, ભૂમિકા સજ્જતાનો અભાવ આ બધી વ્યક્તિગત મર્યાદાને દૂર કરવાનો પ્રયત્ન કરી જીવનને હકારાત્મક દૃષ્ટિકોણથી જોવું જોઈએ.

**(5) ભૂમિકા માટેનું આયોજન :**

જે સ્ત્રીઓ ગૃહિણી ઉપરાંત વ્યવસાયી સ્ત્રી તરીકેની ભૂમિકાને જ પ્રાધાન્ય આપી ગૃહિણી તરીકેની ભૂમિકામાં નિષ્કાળજી રાખે, એની વ્યવસાયિક ભૂમિકાનો દુરુપયોગ કરે. સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિણમે નહીં એ માટે બંને ભૂમિકાને ન્યાય મળે એવી રીતે ભૂમિકાનું આયોજન કરવું જોઈએ.

**(6) સલામતી માટે તત્પર રહેવું :**

કુટુંબમાં કે કુટુંબની બહાર સ્ત્રીએ પોતાનાં વર્તન, પોશાક કે વાણીમાં એવું ન દાખવવું જોઈએ કે જેથી પોતાની સલામતી જોખમાય. વળી જ્યુડો, કરાટે વગેરેના વર્ગો ભરી શારીરિક સશક્તિ કેળવવી જોઈએ જેથી અસલામતી ન લાગે, ડર ટાળવો જોઈએ.

**(7) બાળકોનું યોગ્ય સામાજિકરણ કરવું :**

કુટુંબમાં બાળક માતા પાસે વધુ સમય ફાળવે છે. નાનપણથી પિતૃસત્તાક મૂલ્યો મુજબ સ્ત્રી-પુરુષનું અલગ સામાજિકરણ ન કરતાં આ બંનેનું સામાજિકરણ સમાન રીતે કરવું જોઈએ. બંનેના ખાવાપીવામાં, ઉછેરમાં, શિક્ષણમાં, બહાર જવામાં અને ઘરની જવાબદારીમાં સમાનતા લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. બાળકોને પૂરતાં પ્રેમ, હૂંફ વગેરે મળવાથી સ્વસ્થ બાળક બનશે. સમાન સામાજિકરણ સ્ત્રીને અન્યાયથી બચાવશે.

**(8) કાયદાની જાણકારી :**

ભારતનું બંધારણ, માર્ગદર્શક સિદ્ધાંતો, વિવિધ કાનૂન, આઇ.પી.સી.ની કલમો, સરકારની યોજના વગેરે વિશેની માહિતી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ માટેની સાચી સમજ મેળવવી જોઈએ. કાયદાનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે જોવું જોઈએ, નહીં કે દુરુપયોગ. આ માટે જાગૃતતા અને શિક્ષણ આવશ્યક છે.

**(9) સ્ત્રી સ્ત્રીની દુશ્મન ન બને એનું ધ્યાન રાખવું :**

સામાન્ય રીતે જ્યારે પણ સ્ત્રી પર કોઈ અત્યાચાર ગુજારવામાં આવે ત્યારે પુરુષપ્રધાન સમાજને જ દોષિત ગણવામાં આવે છે. પરંતુ માતા, સાસુ, નણંદ કે સત્તાવાહી ભૂમિકામાં ક્યારેય સ્ત્રી દ્વારા સ્ત્રીઓને અત્યાચાર ન આચરાય એ માટેનું ધ્યાન એણે રાખવું જોઈએ. પુરુષો દ્વારા શારીરિક કે માનસિક ત્રાસ અપાતો હોય તો સ્ત્રીઓએ સાથ ન આપવો જોઈએ, એનો વિરોધ કરવો જોઈએ. સ્ત્રીઓ એક થશે તો જરૂર અત્યાચાર ઘટાડી શકાશે.

**(10) જાતીય સતામણી અંગે :**

આ અંગે સ્ત્રીઓએ સામૂહિક જાગૃતિ અને સભાનતા કેળવવી જોઈએ. સમાજમાં ગૌરવપૂર્ણ જીવવા હિંમત અને શક્તિ કેળવવાની છે. આત્મવિશ્વાસ કેળવાશે તો ઘર કે ઘરબહાર જાતીય સતામણી નહીં થાય.

**(11)** સ્ત્રીએ એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે વિચારવું જોઈએ. જેટલી પરાધીનતા અને તાબેદારી ઘટાડશે એટલો એનો વિકાસ થશે, શોષણ ઘટશે.

**(12) વ્યવસાય સ્થળે સ્ત્રીઓની થતી જાતીય સતામણીના અનુસંધાનમાં**

- સ્ત્રી પ્રત્યેના સમાજનાં પરંપરાગત વલણો બદલવાં જોઈએ.
- સ્ત્રીઓએ પોતાની જાત પ્રત્યેની સભાનતા વિકસાવવી જોઈએ.
- આ અંગેના કાયદાની જાગૃતિ લાવવી જોઈએ.
- સ્ત્રીઓને વ્યવસાયમાં સલામતી અને રક્ષણ મળે એ માટે અસરકારક કાર્યવાહી હાથ ધરવી જોઈએ.
- વ્યવસાયમાં જો જાતીય સતામણી થતી હોય તો હિંમતભેર કહેવાની શક્તિ સ્ત્રીઓએ કેળવવી જોઈએ.

### 1:7:3:3 દાંપત્ય સંબંધિત સૂચનો

(1) દાંપત્ય સંબંધોમાં એકબીજાના હરીફ ન બનતાં પરસ્પરના આંતર સંબંધોમાં સંવાદિતા જાળવવાનો પ્રયત્ન કરવો.

(2) જાતીય જ્ઞાન એના વિશેની સૂગ, સંકોચ, અનિચ્છા ન રાખતાં એ પરસ્પરના સંતોષનું સાધન બની રહે એવા પ્રયત્નો કેળવવા જોઈએ.

(3) પતિ કે પત્નીની કુટેવ હોય તો એને છોડવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે નશામાં અત્યાચાર વધુ આચરાય છે.

(4) લગ્નજીવનમાં પરસ્પર પ્રેમ, વફાદારી આવશ્યક છે. જો લગ્ન પહેલાં સંબંધ હોય તો લગ્ન બાદ એ સંબંધ ન રાખવા જોઈએ. કારણ કે એ ભગ્ન કુટુંબ સર્જે છે.

### 1:7:3:4 કુટુંબ શું કરી શકે ?

(1) કુટુંબમાં સ્ત્રી-પુરુષ અસમાનતા દૂર કરવાનો અભિગમ કેળવવો જોઈએ.

(2) કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર સ્નેહ, સમજણ, વિશ્વાસ આવશ્યક છે. સત્તા, ઈર્ષા, દગો વગેરે વિસંવાદિતા ફેલાવે છે.

(3) કુટુંબે બાળલગ્નો, સાટાલગ્ન , દહેજ, કજોડાં લગ્ન, પાત્રપસંદગીનું મર્યાદિત ક્ષેત્ર વગેરે અંગે રૂઢિચુસ્ત વલણ ઓછું કરવું જોઈએ.

(4) સંયુક્ત કુટુંબમાં અને વિભક્ત કુટુંબમાં સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ ન રાખતાં સહકારયુક્ત વલણ દાખવવું જોઈએ.

(5) સ્ત્રીના શૈક્ષણિક અને બૌદ્ધિક વિકાસને કુટુંબે પ્રોત્સાહન આપવું જોઈએ.

(6) કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો ગૌણ ગણી એની સાથે સત્તાવાહી વલણ દાખવતા હોય તો એમાં પરિવર્તન લાવવું જોઈએ.

(7) કુટુંબના સભ્યો અને પુત્રવધૂ વચ્ચેના પરસ્પરના સંબંધો સહિષ્ણુતાવાળા અને સંવાદિતાવાળા જાળવવાનો પૂરતો પ્રયત્ન દરેક સભ્યોએ કરવો જોઈએ.

(8) દહેજના દૂષણને લીધે બનતા અત્યાચારોમાં કુટુંબનું વલણ બદલવું જોઈએ. આ પ્રથા પોતાના ઘરમાંથી દૂર કરવી જોઈએ.)

(9) મોટી ઉંમરની અપરિણીત સ્ત્રીઓ પ્રત્યે કુટુંબમાં પ્રવર્તતી પરંપરાગત માન્યતાઓ દૂર કરવી જોઈએ.

### 1:7:3:5 સમાજ શું કરી શકે ?

(1) સ્ત્રીશિક્ષણ વધારવા પર ભાર મૂકવો જોઈએ.

(2) સ્ત્રીઓને આર્થિક તક મળે અને અન્યાય કે શોષણ ન થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(3) પડોશીઓ, સંબંધીઓ, સામાજિક કાર્યકરો વગેરેએ કોઈ પણ ઉંમરની સ્ત્રી પર થતા અત્યાચારો ખુલ્લા પાડી દેવા જોઈએ.

(4) દહેજ, ગર્ભહત્યા, જાતીય શોષણ વગેરેને લગતા કાયદાઓનું બરાબર પાલન થાય તે જોવાની ફરજ સમાજના સૌ સભ્યોની છે.

(5) સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે સંવેદનશીલતા જગાવવી જોઈએ. સ્ત્રી-દાક્ષિણ્યની ભાવના કેળવવી જોઈએ. સ્ત્રી એક માનવ છે અને એને એનો માનવ- અધિકાર મળવો જોઈએ.

(6) નારીસંરક્ષણ ગૃહો, નારીકેન્દ્રો, નારીસંસ્થાઓ વગેરે વિશેની જાગૃતિ સમાજમાં ફેલાવી જોઈએ.

(7) સમાજમાં કેળવણીકારો, શિક્ષકો, સામાજિક સુધારકો, વિચારકો, ક્રિયાશીલો વગેરેએ પોતાનાં જ્ઞાન, અનુભવ અને કુશળતાનો લાભ અત્યાચાર-નાબૂદી માટે આપવો જોઈએ.

(8) વિવિધ વ્યાખ્યાન, ચર્ચાઓ, વર્તમાનપત્રો, પ્રદર્શન, જાહેર પ્રચાર, નાટકો, શેરીનાટકો, ટી.વી. ચેનલ, વિડિયો વગેરે જેવાં માધ્યમોનો ઉપયોગ અત્યાચાર-નિવારણ માટે કરવો જોઈએ.

**1:7:3:6 કાયદાકીય સૂચનો**

સેન્ટર ફોર વિમેન્સ ડેવલપમેન્ટ સ્ટડિઝ દ્વારા યુએનડીપી માટેના રાષ્ટ્રીય અહેવાલના સારરૂપ અહેવાલ 'ટાસ્ક ફોર્સ' દ્વારા હેવાલમાં નોંધાયું છે તે મુજબ શ્રી વીણા મજમુદાર જણાવે છે કે,

"કાયદાના અમલીકરણ અને ન્યાય કરતી રચનાઓની નિષ્ક્રિયતાના મુદ્દા પર વધતી જતી હિંસાની જટિલતા અને સ્ત્રીઓ વિરુદ્ધ આચરાતા ગુનામાં સક્રિય રહેવાની તેમની વધતી જતી નિષ્ફળતા સ્ત્રી અને શાસનકારણના સમીકરણનો તાગ લેતા કેન્દ્રવર્તી ચિંતાનું કારણ બનીને ઊભરી છે. કાનૂની સુધારણાના પ્રયત્નો અને છૂટક છૂટક અપાયેલા પ્રગતિશીલ ચુકાદાઓ અનેક અન્ય સડાઓની રચનાઓ પર કોઈ પણ સૂચક આઘાત કરવામાં અતિ નિર્બળ રહ્યા છે."

સરકારી પ્રતિનિધિઓ તેમજ નારી ચળવળ અને નાગરિક સમાજના અનેક વિભાગના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ "કાનૂની નિષ્ફળતા અનેક મુખ્ય કારણોમાંનું એક કારણ છે." આવા કાનૂનોનું અર્થઘટન તેમજ અમલીકરણ વારસાગત મળેલી અસમાન સામાજિક વ્યવસ્થામાં ભેદભાવ રીતે થાય.

**ગર્ભજાતિ પરીક્ષણ:**

ગર્ભજાતિ પરીક્ષણ સુવિધાંનો ઉપયોગ માત્ર ખોડખાંપણ કે વારસાગત રોગને (જિનેટિક એબનોર્માલિટી) શોધવા માટે જ કરવામાં આવે. આ માટે કોઈ પણ ખાનગી ડૉક્ટરોને પરવાનગી ન આપતાં માત્ર સરકારી મેડિકલ કૉલેજોમાં ઊભા કરાયેલ જીનેટિક એનાલિસિસ કેન્દ્રમાં જ ઉપલબ્ધ કરવામાં આવે એ એટલું જ જરૂરી છે.

આ કાનૂનનો ભંગ કરનાર દરેક લેબૉરેટરી, ડૉક્ટર કે અન્ય કોઈ પણ વ્યક્તિને ભારે નાણાકીય દંડ અને કારાવાસ આપવામાં આવશે. જે સ્ત્રી પર આ પરીક્ષણ કરવામાં આવ્યું તે સ્ત્રીને આ અંગે દોષિત ન ગણતાં તેના કુટુંબના વડા અથવા તેના પતિને ગુના બદલ સજા કરવી જોઈએ.

આ ઉપરાંત ગર્ભજાતિ પૂર્વ પસંદગીના નામે થતો પ્રચાર જો સ્ત્રીવિરોધી લાગણી ઉપજાવે તેમ હોય તો આ અંગેનાં તમામ સંશોધનો પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આ માટેની જાહેરાતો, દવાઓ વગેરેનો દુરુપયોગ થતો અટકાવવો જોઈએ.

**ભલામણો :**

(1) ન્યાયિક પ્રક્રિયા સાથે સંકળાયેલ વ્યક્તિઓ જેમ કે, પોલીસ, વકીલ તથા મેજિસ્ટ્રેટને જુદા જુદા દૃષ્ટિકોણથી તાલીમ આપવામાં આવતી હોય છે. જેમાં કોઈકની તાલીમમાં ન્યાય એકમાત્ર મુદ્દો હોય છે તો કોઈકની તાલીમમાં તે પ્રમુખ વિષય હોય છે. પરંતુ તાલીમની સાથોસાથ તેઓને 'સ્ત્રી એક માનવી છે અને સ્ત્રીના અધિકારો માનવ અધિકારો છે' – એ બાબતથી પણ માહિતગાર કરવા જરૂરી છે. કારણ કે પિતૃસત્તાક ખ્યાલોથી થયેલું સામાજિકરણ 'કાનૂની સુધારા'ના સ્વીકારમાં ક્યારેક આડખીલીરૂપ બનતું જણાય છે.

(2) પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા આવેલી મહિલાઓની પોતાની ફરિયાદ નિર્ભયપણે રજૂ કરી શકે તથા તેની વિગતો યોગ્ય રીતે નોંધાય, રજૂ થાય તે ખૂબ જરૂરી છે.

વળી તેનો કેસ ચલાવનાર વકીલો બિન-જરૂરી મુદતો પાડવાને બદલે સમયસર ચુકાદો લાવી શકે તેવી પોલીસી રચાય તે જરૂરી છે. કારણ કે જે કેસનો નિકાલ જલ્દીથી આવી શકે તેમ હોય છતાં તે અચોક્કસ મુદત સુધી લંબાવવામાં આવે છે. પરિણામે સમાજમાં એક છાપ એવી ઊભી થાય છે કે સ્ત્રીઓ બિનજરૂરી ફરિયાદો દાખલ કરતી હોય છે.

પોલીસોએ સ્ત્રીઓની ફરિયાદો યોગ્ય રીતે નોંધાય, આ અંગેનાં નિવેદનો યોગ્ય રીતે લેવાય અને એ મુજબના જરૂરી કાગળો, દસ્તાવેજો કે પુરાવાના સંદર્ભમાં નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરવા જોઈએ.

પોલીસ દળના કર્મચારીઓ અને ન્યાયાલયો સાથે સંકળાયેલી તમામ વ્યક્તિઓને સ્ત્રીકાયદા, સ્ત્રીજીવન, સ્ત્રીઅધિકારો વગેરે વિશેની સમજ આપતી તાલીમ આપવી જોઈએ. વળી, પદ્ધતિસરની ફરિયાદ કેવી રીતે તેની પણ તાલીમ આપવી જોઈએ. ન્યાયાલયોએ કાયદા, નિયમો, પરિપત્ર વગેરેની યોગ્ય તાલીમ આપી કાર્યકરોને વધુ સક્રિય બનાવવા જોઈએ.

- સ્ત્રીની ફરિયાદો અને અપમૃત્યુ માટેની તપાસ અંગેની સમિતિ માટેનું એક જુદું રચનાતંત્ર હોવું જોઈએ.
- એમાં થતી છટકબારીઓ પ્રત્યે સભાન બનવું જોઈએ.
- કાઉન્સિલ સેન્ટરમાં એનું યોગ્ય કાઉન્સિલિંગ થવું જોઈએ.
- સ્ત્રીઓને લગતી નીતિ કે કાયદામાં પરિવર્તન લાવતા પહેલાં સરકારે સ્ત્રી- સંસ્થાઓની મિટિંગ કરી યોગ્ય ચર્ચા-વિચારણા અને પરામર્શ કરવું જરૂરી છે. મહિલા સુરક્ષા સમિતિ, મહિલા પોલીસ સ્ટેશન, મહિલા આયોગ વગેરેની રચનામાં સહાયભૂત થઈ સ્ત્રીઓને ન્યાય મળે તેવી રચના અને નીતિને સમર્થન આપવું જોઈએ.
- જ્યારે પણ કાયદાથી વિરુદ્ધ વર્તન લાગે અને એનું અમલીકરણ બરાબર ન થતું લાગે અને અત્યાચારો વધતા જાય ત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓએ એક થઈ નારી-આંદોલન દ્વારા સાર્વત્રિક જાગૃતિ લાવવી જોઈએ.
- પોલીસ સ્ટેશન, ન્યાયતંત્ર વગેરેએ સ્વૈચ્છિક સંસ્થાની પ્રતિનિધિ બહેનોનો સતત સંપર્ક રાખી એના કાર્યમાં પૂરતો સહકાર આપવો જોઈએ અને સાનુકૂળ પ્રતિભાવ દાખવવો જોઈએ.

**જાતીય સતામણી:**

કુટુંબની બહાર કામકાજના સ્થળે અથવા અન્ય સંસ્થાઓ જેવી કે વિશ્વવિદ્યાલયો, હોસ્પિટલો વગેરે વિવિધ સ્થળોએ થતી જાતીય સતામણીના સંદર્ભમાં ભારતની સર્વોચ્ચ અદાલતે 13મી ઑગસ્ટ, 1997ના રોજ 'જાતીય સતામણી'ના વિષયમાં આપેલા 'પથદર્શક સૂચનો'ને સંક્ષેપમાં રજૂ કરીએ તો

વ્યાખ્યા : એ વર્તનને 'જાતીય સતામણી' કહી શકાય, જે સીધી રીતે અથવા આડકતરી રીતે જાતીયતા પર આધારિત હોય અને તે વર્તન જેના પ્રત્યે કરવામાં આવ્યું હોય તેની ઇચ્છા અને હિતની વિરુદ્ધનું હોય. આ પ્રકારના વર્તનમાં નીચેનાં તત્ત્વો ગણી શકાય :

- શારીરિક સંપર્ક અને પ્રેમી બનવાના પ્રયાસો કરવા.
- જાતીય રીતે પ્રીતિપાત્ર બનાવવાની માગ અથવા અરજી કરવી.
- જાતીયતાના ઓપવાળી દ્વિઅર્થી વાતો કરવી.
- અશ્લીલ સાહિત્ય બતાવવું.
- અન્ય અનિચ્છનીય શારીરિક, શાબ્દિક અથવા આશાબ્દિક રીતે જાતીયતા સૂચવતું વર્તન કરવું.

જાતીય સતામણીના પ્રયાસો અપમાનકારક હોય છે. કામકાજના વાતાવરણમાં તેને કારણે એક દુશ્મનાવટભર્યું વાતાવરણ ઊભું થાય છે. આ પ્રકારની સતામણી તેમજ વાતાવરણ સ્ત્રીઓના સ્વાસ્થ્ય તેમજ સુરક્ષા માટે હાનિકારક છે. જવાબદાર વ્યક્તિઓ તેમજ માલિકોની એ ફરજ છે કે તેમણે એ બાબતનો પણ ખ્યાલ રાખવો કે સ્ત્રીને નોકરી આપતી વખતે અથવા બઢતી વખતે કદાચિત તેને થતી શારીરિક સતામણીનો વિરોધ કરતી સ્ત્રીને કોઈ પ્રકારે અન્યાય ન થાય.

**પ્રતિબંધ :**

જાતીય સતામણી ન જ થાય તેવા હેતુથી સર્વોચ્ચ અદાલતે માલિકો અને કામકાજનાં સ્થળોની જવાબદાર વ્યક્તિઓને નીચે મુજબ સૂચનોનો અમલ કરવા જણાવ્યું છે :

(1) ઉપર જણાવેલી વ્યાખ્યા અનુસારની જાતીય સતામણીના વર્તનનો નિષેધ કરતી નોટિસ સમગ્ર કાર્યકર્તાઓની જાણમાં આવે તે રીતે ફેરવવી, અને એક ઠેકાણે પ્રકાશિત કરી રાખવી.

(2) સરકારી કચેરીઓ તેમજ જાહેર એકમોના કર્મચારીઓને લગતા વર્તનના કાયદાઓ અને શિસ્તના નિયમોમાં જાતીય સતામણીનો નિષેધ ઉમેરવો અને તેનો ભંગ કરનાર સામે યોગ્ય પગલાં લેવાય તેવી વ્યવસ્થા કરવી.

(3) ખાનગી એકમોના માલિકોએ પણ ઉપર જણાવેલ પ્રતિબંધનાં પગલાં લેવાં અને તે ઔદ્યોગિક રોજગાર (સ્થાયી નિયમો)ના 1946ના કાયદાની નીચે લઈ શકાય.

(4) કામકાજ, આરામ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા વગેરેના વાતાવરણમાં યોગ્ય તત્ત્વો રહેવાં જોઈએ જેથી સ્ત્રીઓની વિરુદ્ધ વધુ જાતીય સતામણીનું વર્તન થઈ શકે નહિ અને કોઈ પણ સ્ત્રી-કર્મચારીને એ બાબતે ફરિયાદ ન રહે કે તેની નોકરીની બાબતમાં તેને સ્ત્રી હોવાને કારણે અન્યાય થઈ રહ્યો છે.

**ફરિયાદો :**

પોતપોતાની સંસ્થામાં માલિકોએ જાતીય સતામણીના વર્તનની ફરિયાદો સાંભળવાની વ્યવસ્થા કરવાની રહે છે. આ માટે અદાલતે સૂચવ્યું છે કે એક સમિતિ ફરિયાદો સાંભળવા માટે જ રચવી જોઈએ અને અન્ય મદદકર્તા સેવાઓ પણ આ ફરિયાદના નિકાલ માટે ઊભી કરવી જોઈએ. આ સમિતિ અંગે અદાલતે નીચેનાં પથદર્શક સૂચનો કર્યાં છે :

- આ સમિતિના અધ્યક્ષપદે એક મહિલા હોવી જોઈએ.
- આ સમિતિમાં ઓછામાં ઓછા અડધા સભ્યો મહિલાઓ હોવી જોઈએ.
  સંસ્થામાંથી કોઈ અયોગ્ય આંતરિક દબાવ આ સમિતિ પર ન આવે તે માટે ત્રીજા પક્ષ તરીકે સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો કે એવી કોઈ અન્ય સંસ્થા જેઓ જાતીય સતામણીના પ્રશ્ન વિશે જાણકારી ધરાવતી હોય. તેને સભ્ય તરીકે સમાવવા.
- જાતીય સતામણીની ફરિયાદનો ખાનગી(ગુપ્ત) રાહે ઉકેલ લાવવાનો પ્રયત્નો થવો જોઈએ, તેમજ તે અમુક સમયની મર્યાદામાં આવી જવા જોઈએ.
- આ સમિતિએ પોતાના કામનો વાર્ષિક અહેવાલ સંબંધિત સરકારી ખાતાને સોંપવો જોઈએ.
- ઉપર જણાવેલ પથદર્શક સૂચનોના અમલ તેમજ વ્યવસ્થા માટે લીધેલાં પગલાં વિષે માલિકો તેમજ જવાબદાર વ્યક્તિઓએ વાર્ષિક અહેવાલ સંબંધિત સરકારી ખાતાને સોંપવો જોઈએ.

**શિસ્તપાલન માટેનાં પગલાં:**

જ્યાં સેવાના નિયમોમાં ઉપર જણાવેલ નિયમોના આધારે જે વર્તન ગેરશિસ્તભર્યું ગણાય, તેના વિરોધમાં માલિકે પોતે પગલાં ભરવાની શરૂઆત કરવાની હોય છે અને સજાના નિયમો લાગુ કરવાના હોય છે.

**અન્ય જોગવાઈઓ :**

આ બધા પ્રતિબંધ માટે તેમજ ગેરશિસ્તની સજાને માટેનાં પગલાંઓ ઉપરાંત અદાલતે કામકાજના સ્થળે આ વિષયમાં વધુ સભાનતા (જાગૃતિ) ફેલાવવાને માટે કેટલીક જોગવાઈઓ માટે સૂચનો કર્યાં છે :

- કામદારોની સભામાં તેમજ અન્ય યોગ્ય સમિતિઓમાં જાતીય સતામણીના પ્રશ્નનો વિષય ચર્ચવાની છૂટ માલિકોને મળે છે.
- માલિકો અને કામદારોની સભાઓમાં જાતીય સતામણીના વિષયમાં વિધેયાત્મક ચર્ચા થવી જોઈએ.
- સ્ત્રી-કામદારોના બધા હક્કોને જાહેર કરતી નોટિસો પ્રકાશિત થવી જોઈએ.

**ફોજદારી કાયદો :**

આ ઉપરાંત જાતીય સતામણી અને ફોજદારી કાયદા અંગે પણ અદાલતે વિચાર કર્યો છે :

(1) જ્યારે જ્યારે ઇન્ડિયન પીનલ કોડ અથવા અન્ય કોઈ ધારા હેઠળ (જાતીય સતામણીનું) વર્તન કોઈ ગુનો ગણાતું હોય, ત્યારે ત્યારે માલિક એ કાયદાને અનુસરીને તે માટે સંબંધિત ખાતાના માર્ગદર્શન હેઠળ સજા અપાવશે.

(2) માલિકે એ જોવાનું રહેશે કે જાતીય સતામણીની ફરિયાદને લીધે તેનો ભોગ બનેલી સ્ત્રી/સ્ત્રીઓ અથવા સાથીઓને કોઈ રંજાડશે નહિ અથવા અન્ય રીતે અન્યાયનો ભોગ બનાવશે નહિ. જાતીય સતામણીનો ભોગ બનેલ પોતાને સતાવનાર વ્યક્તિની અથવા પોતાની બદલી માટે માગણી કરી શકે તેવો પણ વિકલ્પ રાખવો જરૂરી છે.

(3) જ્યારે પણ બહારની અન્ય વ્યક્તિ કે ત્રીજા પક્ષની ચૂકથી અથવા કાર્યને પરિણામે જાતીય સતામણી થાય, તો માલિક તેમજ જવાબદાર વ્યક્તિએ બધાં જ જરૂરી પગલાં લેવાનાં રહેશે અને ભોગ બનેલ વ્યક્તિને પ્રતિબંધો લાદીને અને મદદનાં પગલાં લઈને પૂરતી સહાય પહોંચાડવી પડશે.

આ પ્રકારની જોગવાઈ હોવા છતાં આપણે સ્ત્રીઓની જાતીય સતામણી અટકાવી શક્યા નથી.

**1:7:3:7 સંસ્થાકીય સૂચનો :**

ભારતીય સંસ્કૃતિ મુજબ કૌટુંબિક બાબત અંગત બાબત ગણાય છે. એક સમયે મૂંગે મોઢે ત્રાસ સહી લેતી પરિણીતાઓ આજે પોતાની કૌટુંબિક અસહ્ય પરિસ્થિતિની બાબતો સામાજિક સંસ્થા, કોર્ટ, મહિલા પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ નોંધાવીને જણાવતી થઈ છે.

- મહિલા પોલીસ સ્ટેશન કે જે નારીવાદી પરિપ્રેક્ષ્યથી શરૂ કરવામાં આવેલ છે તે હજી અપેક્ષા મુજબ ચલાવાય તે ખૂબ આવકાર્ય છે.
- સ્ત્રીના દૃષ્ટિકોણથી સ્ત્રી-જીવનને સમજવાની બાબત, ભ્રષ્ટાચાર, અનીતિથી પર રહી સમસ્યાનું સમાધાન થાય એ વધુ ઇચ્છનીય છે.
- બોલચાલની ભાષા, વર્તનવ્યવહારમાં 'કાનૂની રક્ષકની છાપ' આવે તે ખૂબ જરૂરી છે.
- સામાજિક સંસ્થાના કાર્યકરોને યોગ્ય સુવિધાઓ, સગવડો, સલામતી વધુ સારી અપાય તે જરૂરી છે. સંસ્થાના મકાન, રાચરચીલું, સફાઈ-વ્યવસ્થા જેના પર સ્ત્રીના ભવિષ્યનો આધાર છે. તે ફાઈલોની ગોઠવણ માટેની જગ્યા સુવ્યવસ્થિત હોવી જરૂરી છે.
- આંગણવાડી, બાલમંદિર જેવાં સ્થળો, આવા સમસ્યા હલ કરનાર મકાનો સાથે ન રાખવાં જોઈએ. તેનાથી બાળકો પર વિપરીત અસર પડવાની શક્યતા રહે છે. સંસ્થાના કાર્યકરોનું વ્યક્તિત્વ એક 'જવાબદાર કાર્યકર' છે તે રીતનું હોવું ખૂબ જરૂરી છે.
- સામાજિક સંસ્થા, કોર્ટ કે મહિલા પોલીસ સ્ટેશનમાં કે પોલીસ સ્ટેશનમાં ચોખ્ખા પીવાના પાણીની સુવિધા, સ્વચ્છ કચરા પેટી તથા સલામતીભર્યો સ્વચ્છ કચરા પેટી તથા સલામતીભર્યા સ્વચ્છ બાથરૂમ હોવાં ખૂબ જરૂરી છે.
- કાયદાથી વંચિત, ડરપોક અરજદારને નબળા બનાવી, ખોટા આક્ષેપો રજૂ કરાવી કાયદાઓનો થતો દુરુપયોગ નાબૂદ કરવાની તાતી જરૂર છે અને સામાજિક સંસ્થાઓ, નાગરિકો પણ એમાં વધુ સહયોગી બની શકે.

આ સઘળા પ્રયાસોની મદદથી સ્ત્રી-અત્યાચાર ઘટાડી શકાય છે.

ગુજરાતમાં સરકાર દ્વારા નિરક્ષર નબળા વર્ગોને કાનૂની જાગૃતિ આપવા અને ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોને કાનૂની અધિકારોથી વાકેફ કરવા અને તેઓ પર થતા અત્યાચારો સામે રક્ષણ આપવા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે બહુહેતુલક્ષી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સ્ત્રીઓ અને બાળકોના કિસ્સામાં ખાસ તકેદારી દાખવવામાં આ ી રહી છે. તેઓનો મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર મુખ્ય બાબત હોવાથી તેનો પ્રચાર અને સાર કરી આ અધિકાર તાલુકાથી માંડીને રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ બને તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના ઇન્ચાર્જ સભ્ય સચિવ શ્રી વાય. એમ. શુક્લએ પોતાના આર્ટિકલ 'મહિલા તથા બાળકોના અત્યાચાર અંગે ચાંપતા ઉપાયો'માં મહિલાને લગતા અત્યાચાર અટકાવવામાં જુદી જુદી સંસ્થા કઈ રીતે ઉપયોગી થઈ શકે તેની રજૂઆત કરી છે.

## 1.8 સારાંશ

પ્રત્યેક સમાજમાં વિવિધ સમાજિક સમસ્યા જોવા મળે છે. લોકોની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય અસર રીતે અસર કરતી આ પરિસ્થિતિ છે. આવી પરિસ્થિતિને દૂર કરવા માટે કંઇક કરી શકાય તેમ છે એવી માન્યતા સેવાય છે અને સામૂહિક પગલાં દ્વારા પરિસ્થિતિનું નિવારણ કરવા પ્રયાસ થાય છે.

સ્ત્રીઓ પર જન્મતા પહેલાથી શરૂ કરી અનેક રીતે અત્યાચાર આચરવામાં આવે છે.

ભ્રૂણહત્યા, બાલ્યાવસ્થા, બાળમજૂરી, બાળદૂર્વ્યવહાર, જાતીય શોષણ, તરૂણાવસ્થામાં અત્યાચાર અને પરિણામ કૌટુંબિક સ્ત્રીઓ અત્યાચાર એ કૌટુંબિક હિંસામાં જોવા મળે છે. કૌટુંબિક હિંસા શારીરિક, માનસિક, જાતીય અને આર્થિક સ્વરૂપે જોવા મળે છે. વ્યક્તિગત, દામ્પત્ય સંબંધોને લગતાં કારણો, લગ્નેત્તર સંબંધ, જાતીય જીવનને લગતાં કારણો કુટુંબનું વાતાવરણ, કૌટુંબિક સંબંધો, સંતાન વિષયક કારણ, સાંસ્કૃતિક રીતરિવાજો, આર્થિક અને ધાર્મિક કારણ તથા જાહેર માધ્યમો વગેરે કારણો કૌટુંબિક હિંસા માટે જવાબદાર છે.

કૌટુંબિક હિંસાને લીધે સ્ત્રીઓની માનસિક અને શારીરિક સ્થિતિ પર વિપરીત અસર પડે છે. તેઓનાં કુટુંબજીવન અને બાળકો પર તથા દામ્પત્ય સંબંધોમાં પણ ભંગાણ પડે છે. આ સમસ્યાને

નિવારવા સરકારી અને સંસ્થાકીય પ્રયત્નો નોંધનીય રહ્યા છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન-1 સામાજિક સમસ્યાની વિભાવના સમજાવી સ્ત્રીઓની વિવિધ સામાજિક સમસ્યાઓ ટૂંકમાં સમજાવો.

પ્રશ્ન-2 અત્યાચાર એટલે શું ? કુટુંબમાં જુદા જુદા તબક્કે સ્ત્રીઓ પર થતાં અત્યાચારો વર્ણવો.

પ્રશ્ન-3 'કૌટુંબિક અત્યાચાર એ વૈશ્વિક સામાજિક સમસ્યા છે.' સમજાવો.

પ્રશ્ન-4 કૌટુંબિક અત્યાચારનાં કારણોની ચર્ચા કરો.

પ્રશ્ન-5 કૌટુંબિક અત્યાચારની વિવિધ અસરો જણાવો.

પ્રશ્ન-6 કૌટુંબિક અત્યાચાર નિવારવા સરકારે લીધેલા પગલાંઓનું મુલ્યાંકન કરો.

પ્રશ્ન-7 કૌટુંબિક અત્યાચારનાં નિવારણ માટે આપ શું પગલા સૂચવશો ?

# એકમ -2 સ્ત્રીઓની આત્મહત્યા (Suicide of Women)

## એકમની રૂપરેખા

2.0 પ્રસ્તાવના
2.1 આત્મહત્યાનો અર્થ
2.2 આત્મહત્યાનાં કારણો
2.3 આત્મહત્યાની સમસ્યાનું નિવારણ
2.4 સારાંશ
2.5 તમારી પ્રગતિ ચકાસો

## 2.0 પ્રસ્તાવના

સ્ત્રીઓની આત્મહત્યાની સમસ્યા સ્ત્રીઓ પરનાં અત્યાચારોનું પરિણામ છે. અપમાન, ત્રાસ, બળાત્કાર, અપહરણ, જાતીય દુરુપયોગ વગેરે સ્ત્રીઓને આત્મહત્યા તરફ દોરી જાય છે. જ્યારે સ્ત્રીઓને એક યાતનાભરી જિંદગી અસહ્ય અને બોજારૂપ લાગે છે ત્યારે પોતાનું કોઇ નથી, ક્યાંય આશ્રય સ્થાન નથી તેવું લાગે છે તેમાંથી મુક્ત થવા કે દુ:ખ અને યાતનાઓનો અંત લાવવાના આખરી અને છેવટના ઉપાય તરીકે આપઘાતનો આશ્રય લે છે.

આપઘાત એ સાર્વત્રિક સમસ્યા છે. જુદા જુદા સમાજોમાં એનું પ્રમાણ વત્તું ઓછું હોય છે. આપણે આત્મહત્યાની સમસ્યાનો વિગતે ઉલ્લેખ કરીએ.

## 2.1 આત્મહત્યાનો અર્થ

આત્મહત્યા માટે અંગ્રેજી શબ્દ 'Suicide' છે. આ અંગ્રેજી શબ્દ લેટિન શબ્દો 'Sui' અને 'cideo' પરથી બનેલો છે. 'Sui'નો અર્થ થાય છે 'પોતાની જાત' અને 'cideo'નો અર્થ થાય છે 'મારી નાખવું' આમ શબ્દાર્થ અનુસાર 'Suicide' એટલે પોતાની જાતને મારી નાખવી. ઓક્સફર્ડ અંગ્રેજી શબ્દકોશ અનુસાર આત્મહત્યા એટલે પોતાની જાતને મારી નાંખવાનું કૃત્ય.

એલ્વીન સ્ટેન્જલ નોંધે છે તે મુજબ 'આત્મહત્યા' એ પોતાની જાતનો નાશ કરવાના હેતુવાળુ સભાનતાપૂર્વક પ્રાણઘાતક કૃત્ય છે.

આ વ્યાખ્યા અનુસાર આત્મહત્યામાં ત્રણ તત્ત્વો જોવા મળે છે

1. આત્મહત્યા પ્રેરિત કૃત્ય છે
2. આત્મહત્યા સભાનતાપૂર્વકનું કૃત્ય છે.
3. આત્મહત્યા પાછળ પોતાની જાતનો નાશ કરવાનો હેતુ હોય છે.

દુર્ખિમ આપઘાતને વિચલિત વર્તન (deviance) તરીકે ઓળખાવે છે. દુર્ખિમે કહ્યું છે કે કોઇ પણ સમાજશાસ્ત્રીય માપદંડથી જોઇએ તો, આપઘાત એક અનૈતિક કૃત્ય છે અને તે સામાજિક બંધનના ભંગરૂપ છે. આપઘાત કરવાથી કેવળ વ્યક્તિને જ નુકસાન થાય છે' અને સમાજને કંઇ નુકસાન થતુ નથી એમ કહેવું ખોટું છે. વ્યક્તિના આપઘાતથી સમાજને પણ નુકસાન થાય છે, કારણ કે આવું કૃત્ય સામાજિક એકતાની ન્યૂનતા સૂચવે છે, એટલું જ નહીં પણ તેનાથી સામાજિક એકતા સામે ભય ખડો થાય છે.

દુર્ખિમે એના અભ્યાસમાં વ્યક્તિ કેમ આપઘાત કરવા તરફ દોરાય છે, એનાં સામાજિક કારણો શોધવા પ્રયાસ કરે છે. આપઘાત કરનારી વ્યક્તિનાં વ્યક્તિગત હેતુઓ પરથી જ આપઘાતનું કારણ મળી શકે નહીં, પરંતુ આપઘાત કરનાર વ્યક્તિ જે જૂથનું સભ્યપદ ધરાવે છે. એ સામાજિક જૂથની લાક્ષણિક્તાઓ તપાસવાની જ આપઘાતનાં સાચાં કારણો મળી શકે. દુર્ખિમ જૂથ એકતાની ઓછી માત્રા આપઘાતનું કારણ છે એમ દર્શાવે છે. વ્યક્તિવાદ પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(1) દુર્ખિમ આપઘાતનાં નીચે મુજબ પ્રકારો દર્શાવે છે. અહંવાદી આપઘાત, જૂથ જીવનમાં વ્યક્તિની અપૂરતી ભાગીદારીનાં કારણે વ્યક્તિ વધુ પડતી અહંવાદી બની જાય છે. આ કારણથી થતા આપઘાતને દુર્ખિમ અહંવાદી આપઘાત તરીકે ઓળખે છે.

(2) પરાર્થવાદી આપઘાત - વ્યક્તિ જ્યારે કોઇક સામાજિક હિત માટે પોતાનું આત્મબલિદાન

આપે ત્યારે તેને આ પ્રકારનો આપઘાત થયો એમ કહેવા.

(3) એનોમિક આપઘાત - દુર્ખિમના મતે આ પ્રકારનો આપઘાત 'એનોમી' અથવા ધોરણ વિહીનતાની પરિસ્થિતિમાં થતો હોવાથી તેને 'એનોમિક' આપઘાત તરીકે ઓળખાવી શકાય.

આત્મહત્યા પ્રેરિત કૃત્ય છે, એટલે કે પોતાની જાતનો નાશ કરવાની વ્યક્તિની કાંઇક પ્રેરણાં સંતોષનારુ કૃત્ય છે, તે સભાનતા પૂર્વકનું કૃત્ય છે અને એમાં વ્યક્તિનો હેતુ પાતાની જાતનો નાશ કરવાનો હોય છે, બીજી રીતે કહીએ તો આત્મહત્યા એ બુદ્ધિહીન કૃત્ય નથી, પરંતુ સભાનતાપૂર્વકનું કૃત્ય છે જેમાં વ્યક્તિ સામે બે વિકલ્પો હોય છે : કાંતો દુઃખમય જિંદગી જીવવી અગર પોતાની જાતને મારી નાંખવી.

ભારતમાં દર વરસે એક લાખની વસ્તીએ આત્મહત્યાના 6 કિસ્સા બનતા હતા, તે હવે 9 થવા પામ્યા છે. ભારતમાં તમીલનાડુ અને ગુજરાતમાં આત્મહત્યાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

**ગુજરાતમાં પાંચ વર્ષમાં નોંધાયેલા આત્મહત્યાના બનાવો**

(2005ના આંકડા એપ્રિલ સુધીના છે)

| વર્ષ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|
| 2001 | 262 | 186 |
| 2002 | 210 | 175 |
| 2003 | 232 | 146 |
| 2004 | 295 | 164 |
| 2005 | 095 | 055 |

## 2.2 આત્મહત્યાનાં કારણો

સમાજશાસ્ત્રી દુર્ખિમના મતે આત્મહત્યા ભલે સૌથી અંગત ગણી શકાય એવું વ્યક્તિગત કૃત્ય છે. પણ તેની સાચી સમજણ મેળવવા માટે વ્યક્તિગત હેતુઓનું નહીં પણ વ્યક્તિની જૂથ રચનાનું વિશ્લેષણ કરવું જોઇએ. દુર્ખિમનાં આ મંતવ્યને અનુલક્ષીને આપણે ભારતમાં સ્ત્રીઓની આત્મહત્યાનાં વિવિધ કારણોની તપાસ કરીએ.

● **લગ્નપ્રથા :**

ભારતીય પરંપરામાં બાળલગ્ન પ્રથા અને વડીલ આયોજિત લગ્નપ્રથા પ્રચલિત હતી. હવે બાળલગ્નનું પ્રમાણ ઘટતું ગયું છે. વડીલ આયોજિત લગ્નપ્રથા પ્રચલિત છે. આ વડીલ આયોજિત લગ્નપ્રથામાં સ્વપસંદગી આંતરજ્ઞાતીય, આંતરધર્મીય લગ્નની બહુ છૂટ નથી. વડીલ આયોજિત લગ્ન પ્રથામાં સંતાનો માટે તેમના મા-બાપ કે વડીલ જીવનસાથીની પસંદગી કરે છે. માતાપિતા સ્ત્રીની આત્મહત્યાનાં કારણોમાં આ એક અગત્યનું કારણ બની રહે છે. માતાપિતા પોતાનો દરજ્જો - પ્રતિષ્ઠા ઊંચા લઇ જવા માટે, દહેજથી બચવા માટે, દહેજ ચુકવવાની અશક્તિને લીધે પોતાની પુત્રીને અયોગ્ય પુરુષ સાથે પરણાવી દેતા હોય છે. જ્યાં અનુકૂલન ન સધાતાં સ્ત્રી જે તંગદિલી અનુભવે છે એની અંતિમ પરાકાષ્ઠા એને આત્મહત્યા તરફ લઇ જાય છે. કેટલાક સમૂહોમાં બાળલગ્ન પ્રથા આજે પણ પ્રચલિત છે. જો કે કાયદાને લીધે એનું પ્રમાણ હવે ઓછું જરૂર થયું છે. બાળલગ્નને લીધે કન્યાને પોતાની જીવનસાથીની પસંદગી રહેતી નથી. બાળલગ્નને લીધે ઉંમરનાં, શિક્ષણનાં અને દેખાવનાં કજોડા થાય છે. ઘણીવાર સ્ત્રીને શિક્ષણ, આર્થિક બાબત વગેરેમાં અનુકૂલનની સમસ્યા ઊભી થાય છે. જો દામ્પત્યજીવનમાં પારસ્પરિક અનુકૂલન ન સધાય અને માનભંગ, માનસિક ત્રાસ, અવગણના અસહ્ય અને ક્રૂરતાભરી પરિસ્થિતિ સ્ત્રીને આત્મહત્યા તરફ દોરી જાય તેવી શક્યતાને નકારી ન શકાય.

● **કૌટુંબિક સંબંધો :**

ભારતીય સંયુક્ત કુટુંબ પ્રથામાં જ્યાં કૌટુંબિક સંબંધોમાં એક્તા છે ત્યાં વ્યક્તિને જીવન જીવવાની મજા આવે છે. પરંતુ જો સંયુક્ત કુટુંબમાં સભ્યો વચ્ચેના સંબંધો તંગદિલીભર્યા હોય. પારસ્પારિક સંબંધોમાં સંઘર્ષ પ્રવર્તતો હોય કે તાણ ભર્યા સંબંધો હોય તો એમાંથી ઉદ્દ્ભવતી ચિંતા, ગુસ્સો, ઇર્ષા, દ્વેષ વગેરે સ્ત્રીઓનો અસંતોષ ઊભો કરે છે અને આ અસંતોષની માત્રા વધતાં કેટલીક સ્ત્રીઓ આપઘાત કરવા

કુટુંબમાં યાતના ભોગવવી એ પ્રાચીનકાળથી ચાલતી આવતી સ્થિતિ છે. પરંતુ સતત તાણ અને તંગદિલીનો અનુભવ સહ્ય ન બનતાં સ્ત્રી આત્મહત્યા તરફ દોરાય છે.

● **અસુરક્ષિત વાતાવરણ**

ભારતીય સ્ત્રી આજે પણ સંપૂર્ણ સુરક્ષિત નથી. સ્ત્રીઓનું ચારિત્ર્ય જાળવવું અમુક અંશે અસલામતી ભર્યું છે કારણ કે હજુ પણ સ્ત્રી હોવાને નાતે સ્ત્રીઓની છેડતી થાય છે, બળાત્કાર થાય છે, અને એમાંથી જીવનનો સુરક્ષિત માર્ગ ન મળતાં સ્ત્રી આત્મહત્યા તરફ દોરાય છે.

આજે વિધવા, ત્યક્તા કે છૂટાછેડા વાળી સ્ત્રીને પણ અસલામતી વચ્ચે જીવવું પડે છે. આવી સ્ત્રીઓનો આર્થિકબોજ હંમેશાં કુટુંબ ઉઠાવવા તૈયાર હોતુ નથી. આવી સ્ત્રીઓને કુટુંબ તરફથી પ્રેમ અને હૂંફ ન મળે, આર્થિક સલામતી ન મળે એની સાથે અપમાન-જનક અને ધૃણાસ્પદ વ્યવહાર થાય એમનાં પ્રત્યે દુર્લક્ષ સેવાય અને જ્યારે આ કષ્ટમય પરિસ્થિતિ અસહ્ય બને સતત યાતનાઓનો સામનો કરવો પડે ત્યારે એ યાતનામાંથી મુક્તિના માર્ગ તરીકે સ્ત્રીઓ આત્મહત્યાનો આશ્રય લે છે.

સ્ત્રીના દરજ્જા વિષયક રાષ્ટ્રીય સમિતિના સર્વેક્ષણ અનુસાર ભારતની સ્ત્રીઓ આજે પણ અત્યંત અસહાય અને અસુરક્ષિત દશા ભોગવે છે અને મુક્તિના માર્ગ તરીકે આત્મહત્યાનો માર્ગ અપનાવતી હશે એવું કહી શકાય.

● **દહેજ પ્રથા:**

જે જ્ઞાતિઓમાં દહેજપ્રથા છે તે જ્ઞાતિઓમાં લગ્ન બાદ સાસુ-સસરા, પતિ અને એનાં કુટુંબીજનો સ્ત્રીને આવકનું સાધન ગણે છે. જે માતાપિતા પોતાની કન્યાને 'ઉચ્ચ કુળવાન' કુટુંબમાં પરણાવવા ઇચ્છે છે. તેઓ આવા 'ઉચ્ચ કુલવાન' કુટુંબોની સંખ્યા મર્યાદિત હોવાને લીધે વધુ દહેજ આપે છે. આવા કુટુંબોની અપેક્ષા હોય છે કે પ્રસંગોપાત સ્ત્રી એનાં પિયરમાંથી કંઇકને કંઇક કીંમતી વસ્તુ લાવે એવી અપેક્ષા સેવે છે. આ અપેક્ષા ન સંતોષાતાં સ્ત્રીને ઘણું સહન કરવું પડે છે. જો સ્ત્રી ઇચ્છિત નાણાં કે ભેટ સોગાદ ન લાવે તો સ્ત્રીને મહેણાં ટોણાં, માનભંગ , ત્રાસ અને અત્યાચાર અનુભવવો પડે છે અને કેટલીક વાર આ માંગણી ન સંતોષાતાં સાસરેથી પિયર મોકલવામાં નથી આવતી, એનાં પિતૃપક્ષનાં સભ્યો સાથે વાતચીત કરવા દેવામાં આવતી નથી. એનો પતિ અને કુટુંબીજનો અમાનુષી વર્તાવ દાખવે છે. આ ત્રાસ વધતા તંગદિલી અનુભવે છે, જેમાંથી મુક્તિના એકમાત્ર માર્ગ તરીકે એ આત્મહત્યાનો માર્ગ અપનાવવા તરફ પ્રેરાય છે.

ડૉ. ઇંદિરા નોંધે છે તે મુજબ કેટલીક વખત દહેજ પ્રથા સ્ત્રીના અપમૃત્યુનું કારણ પણ બને છે. 1983માં 386, 1984માં 435, 1985માં 598 અને 1987માં 1128, 1990માં 4836, 1993માં 5582 થવા પામી હતી આમ દહેજ સ્ત્રીની આત્મહત્યા અને સ્ત્રીનાં કમોત માટે જવાબદાર છે.

● **જાતીય પવિત્રતા:**

લગ્ન પહેલાં ચારિત્ર્યની જાળવણી એ સ્ત્રી માટે મહત્ત્વની બાબત ગણાય છે. લગ્ન પહેલાંના પ્રેમસંબંધ, ફસામણી, જાતીય સતામણી અપહરણ કે બળાત્કાર જાતીય પવિત્રતા માટે જોખમરૂપ બને છે. આવી ઘટનાથી ક્યારેક કુંવારું માતૃત્વ ધારણ કરવાની શક્યતા વધે છે. વ્યક્તિ કુટુંબ અને સમાજ માટે આ ઘટના લાંછનરૂપ ગણાય છે. આવી સ્ત્રીઓ વ્યક્તિગત રીતે નામોશી અનુભવે છે અને બીજો માર્ગ ન મળતાં આત્મહત્યાનો માર્ગ અપનાવે છે.

● બળાત્કાર

સ્ત્રીઓ પર થતી બળાત્કારની ઘટના વ્યક્તિગત અને કૌટુંબિક કક્ષાએ પ્રતિષ્ઠાભંગ અને માનહાનિ ગણાય છે. સ્ત્રી માટે લગ્ન દામ્પત્યજીવનની અસ્થિરતા અને અનિશ્ચતતા ઊભી કરે છે. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીનું જીવન લાંછનરૂપ ગણાય છે. એની મનઃસ્થિતિ પણ એટલી હદે ચિંતા ઉપજાવે છે એનો સહન કરવાની ક્ષમતા તેનામાં ન હોય અને એ યાતનામાંથી મુક્ત થવા આત્મહત્યા તરફ દોરાય છે.

● **ભૌતિકવાદ અને વ્યક્તિવાદ**

વ્યક્તિવાદ અને ભૌતિકવાદની દોટ કેટલીક સ્ત્રીઓને આત્મહત્યા તરફ દોરે છે. આધુનિક સમયમાં સ્ત્રીનો પોતાનો જીવનપ્રત્યે દષ્ટિકોણ બદલાયો છે. માધ્યમોમાં અને સમાજજીવનમાં ભૌતિકવાદ વધતો જાય છે. બધાને એક દિવસમાં ભૌતિક સુખ પ્રાપ્ત કરવું હોય છે અને એની દોટમાં જ્યારે ઓટ આવે છે ત્યારે માનવી ભાંગી પડે છે. વ્યક્તિવાદનાં સંદર્ભમાં આત્મહત્યાની ઘટનાને સમજીએ તો આધુનિક પરિસ્થિતિમાં વ્યક્તિનાં સામાજિકીરણમાં રહેલી ખામી, અવ્યવહારુ વર્તન, વાસ્તવિક્તાનો અસ્વીકાર, સંયમ, અનુકૂલન, સહિષ્ણુતા, ત્યાગભાવના, અને પરાર્થવાદી વગેરે જેવા ગુણોનું આત્મસાતપણુ હવે

ઓછું થતું જાય છે. ધીમે ધીમે વ્યક્તિ સ્વકેન્દ્રી બનતી જાય છે.

રાજગોપાલને ટાંકીને ડૉ. નીરા દેસાઇ લખે છે તેમ સ્ત્રીઓમાં હવે ધીમે ધીમે આત્મભાન થતું જાય છે. કે માનવી તરીકે એમનું પોતાનું પણ અસ્તિત્વ છે; તેમનાં જીવનનું કાર્ય સદ્‌ગુણી પત્ની કે સુજ્ઞ માતા દ્વારા પરિપૂર્ણ થતું નથી, પરંતુ સમાજ અને રાજ્યનાં પણ તેઓ સભ્ય છે, નાગરિક છે. આવી પ્રતીતિ સ્ત્રીને પણ થતી હોય છે.

આજે પતિના અમાનુષી વર્તન કે ક્રૂરતાને લાંબો સમય સ્ત્રી સ્વીકારવા તૈયાર નથી તે પરાધીનતામાંથી મુક્તિ ઇચ્છે છે. ગુલામ બનવા માગતી નથી. અને એમાંથી મુક્તિ મેળવવા યાતનાભરી જીવનમાંથી મુક્તિ મેળવવા આત્મહત્યાનો માર્ગ અપનાવે છે.

## 2.3 આત્મહત્યાની સમસ્યાનું નિવારણ

સ્ત્રીઓની આત્મહત્યા એ કાંઇ પણ સમાજ માટે લાંછનરૂપ છે. આ સમસ્યા સમાજની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય રીતે અસર કરે છે. આ અંગેના ઉપાયો બે પ્રકારે સૂચવી શકાય. એક તો કાયદાકીય પ્રયત્નો અને બીજું સમાજ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો.

કાનૂની પ્રતિબંધોના સંદર્ભમાં જોઇએ તો,

(1) 1929માં બાળલગ્ન પ્રતિબંધક કાનૂન અસ્તિત્વમાં આવ્યો. એ પછી 1954નાં સ્પેશ્યલ મેરેજ એક્ટમાં અને 1955નાં હિંદુ લગ્ન કાયદો વગેરેમાં 18 વર્ષની નીચેની ઉંમરની છોકરીનાં અને 21 વર્ષથી નીચેની ઉંમરના છોકરાના લગ્ન પર પ્રતિબંધ મૂકે છે. અર્થાત્ બાળ લગ્નને લીધે ઊભાં થતાં કજોડાં અટકે અને પુખ્ત વયના લગ્નનને પ્રોત્સાહન આપે છે અને એને લીધે સ્ત્રીઓની આત્મહત્યાઓ અટકાવવામાં એ મદદરૂપ થશે.

1954નાં સ્પેશ્યલ મેરેજ એક્ટ પરણનાર પાત્રને ઘણી સ્વતંત્રતા આપે છે. જીવનસાથીની પસંદગી હોય, પારસ્પરિક અનુકૂલન ન હોય તો એવા સંજોગોમાં પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવાની સ્ત્રી-પુરુષ બંનેને છૂટ આપે છે. વળી આ કાયદો આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નનો સ્વીકાર કરે છે. એટલે દહેજપ્રથા, અધિલગ્નપ્રથા, વડીલયોજિત લગ્નપ્રથા, બાળલગ્ન વગેરેને કારણે થતાં આત્મહત્યાને ઘટાડવામાં સહાયરૂપ બની શકે છે.

1955નો હિંદુલગ્ન ધારો પણ સ્ત્રીને સુરક્ષા બક્ષે છે. આ કાયદાથી ન્યાયિક પૃથક્‌વાસની અને પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવી શકાય છે. આ કાયદાથી સ્ત્રી તેનાં પતિના ત્રાસમાંથી મુક્તિ મેળવી શકે છે. એને ભરણપોષણ મેળવવાનો હક્ક છે. 1954નાં કાનૂનની જેમ આ કાયદો હિંદુધર્મના અનુસંધાનમાં લગ્નક્ષેત્રને વિકસિત કરે છે. બાળલગ્નને આ કાયદામાં અવકાશ નથી. એક સાથી લગ્નને આ કાનૂન સ્વીકારતો નથી અને સ્ત્રીની મુક્તિની દિશામાં એ સીમાચિહ્નરૂપ બની રહે છે. એને લીધે આત્મહત્યાનો દર ઘટાડી શકાય છે.

1961નો દહેજ પ્રતિબંધક કાનૂન અને એમાં 1985માં થયેલો સુધારો આ ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપે છે. દહેજનાં કારણે થતાં મૃત્યુનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. દહેજને કારણે થતાં મૃત્યુના કિસ્સામાં પૂરતી તપાસ થતી નથી અને કેટલાય કિસ્સાઓને આત્મઘાત કે અકસ્માતમાં સમાવવામાં આવે છે. પરંતુ સમાજનાં બદલાતા વલણ સાથે આ કાનૂન મુજબ દહેજ આપવું અને દહેજ લેવું એ બંને ગુનો ગણવામાં આવે છે. દહેજને લીધે ભોગ બનનારી પુત્રવધૂઓ પુત્રીઓ, અને બહેનોના સંદર્ભમાં આ કાનૂન અસરકારક બની શકે. પરંતુ એમાં રહેલી છટકબારીને લીધે અસરકારક રીતે અમલ ન થતાં આજે પણ દહેજને લીધે અપાતો ત્રાસ અને આત્મઘાતી પગલાનો આપણે સંપૂર્ણ નાશ કરી શક્યા નથી.

1971માં થયેલો તબીબી ગર્ભપાત કાનૂન અમુક પરિસ્થિતિમાં દાક્તરી રાહે ગર્ભપાતને માન્યતા આપે છે. આ કાયદાની જોગવાઇને લીધે દંપતિઓ અનિચ્છનીય બાળકનો જન્મ થતો અટકાવી શકે છે. આત્મહત્યાનાં કારણોનાં સંદર્ભમાં આપણે જોયું તે મુજબ બળાત્કાર, અપહરણ કે અન્ય સંજોગોમાં કુંવારું માતૃત્વ ધારણ કરનાર કે અનિચ્છિત - ગેરકાયદેસરના બાળકનાં ગર્ભપાતને આ કાનૂનની કલમોને ધ્યાનમાં રાખી ગર્ભપાત કરી શકાય છે. અર્થાત્ અનિચ્છનીય કે બળજબરીપૂર્વકના ગર્ભાધાનથી અનુભવાતા પ્રતિષ્ઠાભંગ અને કલંકથી બચવા થતી આત્મહત્યાને રોકવા આ કાનૂન જરૂર ઉપકારક બની રહેશે.

IPCની કલમ 375 અને 376 મુજબ બળાત્કાર એ અતિગંભીર પ્રકારનો ગુનો છે. આ માટે સખતમાં સખત શિક્ષા થઇ શકે છે મહિલાઓને મારઝૂડ કરવી, દહેજ ન લાવવું, પતિના આદેશોને ઉથાપવી, તેની પાશવી ઇચ્છા તાબે ન થવું એ અકુદરતી સંભોગ કે મેરીટલ રેપ છે. કૌટુંબિક હિંસામાં આવી ક્રૂરતા જ્યારે અસહ્ય બને ત્યારે આત્મઘાતનું પગલું લેતી સ્ત્રીઓ આ કલમ મુજબ સહારો મેળવી શકે છે.

ઇન્ડિયન પીનલ કોડની 304બી કલમ ડાવરીડેથને ક્રુરતાનો ગૂનો ગણે છે અને એ મુજબ એની અસરકારકતા વધારવામાં આવે તો દહેજ મૃત્યુ-દહેજ આપઘાત ઘટાડી શકાય.

સ્ત્રીના દરજ્જા વિષયક રાષ્ટ્રીય સમિતિએ સ્ત્રીઓને કાનૂની સહાય પૂરી પાડવા અંગેની ભલામણ કરી હતી તેને અનુલક્ષીને રાષ્ટ્રીય કાનૂની સહાય સમિતિ રચવામાં આવી. આ સમિતિએ રચેલા રાષ્ટ્રીય કાનૂની સહાય કાર્યક્રમોએ કાનૂની શિક્ષણ આપવા પર ભાર મૂક્યો. રાષ્ટ્રીય કાનૂની સહાય સમિતિ સ્ત્રીઓને વંચિતપણાનો, ક્રૂરતાનો અને જોહુકમીનો ભોગ બનનારા વર્ગની ગણે છે. એટલે કે નબળા વર્ગની ગણે છે અને એ મુજબ કાનૂની સહાયકેન્દ્ર સ્ત્રીને કાયદાકીય સમજ આપી આત્મહત્યા ન કરવા માટે સહાયરૂપ બને છે.

**કૌટુંબિક અદાલત :**

1984માં અમલમાં આવેલ કૌટુંબિક અદાલતોમાં ઝડપથી દહેજ, બળાત્કાર મિલ્કત વગેરેને લગતાં કેસ હાથ ધરે છે અને તેના નિવારણ માટે સક્રિય પ્રયત્ન કરે છે.

- **સ્ત્રી વિષયક દષ્ટિકોણમાં પરિવર્તન**

સ્ત્રી વિષયક દષ્ટિકોણમાં પરિવર્તન લાવવાથી આત્મહત્યાની સમસ્યાનું નિવારણ થઇ શકે તેમ છે. આ માટે સ્ત્રીઓનાં માનઅધિકારો વિશેની સમજ આપવી જોઇએ. સ્ત્રીઓ માટે જે બેવડા ધોરણો હોય છે તેને સમજવાં જોઇએ અને એ દ્વારા સ્ત્રી આત્મહત્યાનું પ્રમાણ ઘટાડવું જોઇએ.

- **સંસ્થાકીય વ્યવહારોમાં પરિવર્તન**

લગ્ન, કુટુંબ, જ્ઞાતિ વગેરે સંસ્થાઓના વ્યવહારમાં પરિવર્તન લાવવું જોઇએ. જેથી દહેજ જેવી પ્રથાને ઉત્તેજન ન મળે અને આત્મહત્યા અટકે વળી, લગ્ન સંસ્થામાં પણ સ્ત્રીઓ પર થતાં અત્યાચારને અટકાવી એ તો આત્મહત્યાનું પ્રમાણ ઘટાડી શકાય. સંસ્થાઓમાં પ્રવર્તતી અસમાનતાને દૂર કરી શકાય.

- **સામાજિક સુરક્ષાના માર્ગો સરળ બનાવવા**

ભારતના સંવિધાનને અનુરુપ આધુનિક્તા, લોકશાહી, સમાનતા, સ્વાત ય અને માનવતા ભર્યા તેમજ વ્યક્તિનું ગૌરવજળવાય તે સ્વરૂપના સંસ્થાકીય વ્યવહારો ઉપર ભાર મુકાય તે જરૂરી છે. આ બધાં ક્ષેત્રે બેવડાં ધોરણોનો ત્યાગ કરી સમાન ધોરણ અને માપદંડો અપનાવી સ્ત્રી-પુરુષ બંને પ્રત્યે સમાન સંસ્થાકીય વ્યવહારોનું પ્રસ્થાન થવું જરૂરી છે. સ્ત્રીઓને પૂરતી સુરક્ષા મળવી જોઇએ. જ્યારે એ સુરક્ષાનો અભાવ જણાય છે અને સ્ત્રી અસલામતી ભોગવે છે ત્યારે આત્મહત્યાની સમસ્યા સર્જાય છે. આપણે સ્ત્રીઓની સલામતીના માર્ગ વધારવા જોઇએ અને આત્મહત્યાનું પ્રમાણ ઘટાડવું જોઇએ.

- **સામાજિક ધોરણોમાં પરિવર્તન લાવવું જોઇએ**

ભારતીય સંવિધાનના આદર્શોને મૂર્તિમંત કરવા માટે લગ્ન, કુટુંબ, મિલ્કત, વ્યવસાય, શિક્ષણ, રાજકારણ વગેરે સંસ્થાકીય ક્ષેત્રે સ્ત્રી અને પુરુષની સમાનતા માટે કાનૂની ધોરણોનું પ્રસ્થાપન કરવામાં આવે છે. સમાજમાં પ્રવર્તતાં રૂઢિગત ધોરણો અને જો એમાંથી સ્ત્રીઓને આત્મહત્યાનો માર્ગ અપનાવવો પડતો હોય તો એવા ધોરણોમાં પરિવર્તન લાવવું જોઇએ. બદલાતી સમાજ વ્યવસ્થામાં કાનૂની ધોરણોને અનુરુપ રિવાજો, લોકરીતિ, લોકનીતિ વગેરેમાં પરિવર્તન લાવવું જોઇએ અને આધુનિક પરંપરા વિકસાવવી જોઇએ.

- **સરળકાનૂની કાર્યવાહી**

આપણાં કાનૂનો સ્ત્રીઓને રક્ષણ જરૂર આપે છે પરંતુ આ કાનૂની કાર્યવાહી એટલી જટિલ છે કે એને લીધે ન્યાય મેળવવો અઘરો લાગે છે. આ કાર્યવાહી સરળ કરવામાં આવે અને ઝડપી ન્યાય પ્રણાલી વિકસાવવામાં આવે તો આત્મહત્યાની સમસ્યાનું નિવારણ થઇ શકે.

- **યોગ્ય સામાજિકરણ**

બાળપણથી સ્ત્રીઓને મહદ્અંશે સામાજિકરણમાં ભેદભાવની અનુભૂતિ થતી હોય છે. સ્ત્રીઓનાં સામાજિકરણમાં લોકશાહી અને આધુનિક્તા ભિમુખ સમાજિકીકરણ આવશ્યક છે. સ્ત્રીઓનાં

સામાજિકરણમાં સ્ત્રીઓ પોતાના હક્કો અને જવાબદારી તથા ફરજ અંગેનો વ્યવહારુ માર્ગ કેળવે અને સ્ત્રીઓનો સમતોલ વિકાસ થાય એ જરૂરી છે. એ સમાજની વ્યક્તિ, તરીકે યોગ્ય વર્તાવ કરે તે જરૂરી છે. સ્વતંત્રતા હોય પણ સ્વચ્છતા ન હોય, સમાનતા, આશાવાદ, ઉદારતા, સહિષ્ણુતા, સેવાભાવના વગેરે એનાં સામાજિકરણમાં હશે તો એ આત્મહત્યાનું પગલું નહીં ભરે.

- **કૌટુંબિક સંવાદિત**

જે કુટુંબમાં સ્ત્રીઓનું યોગ્ય સામાજિકરણ થાય છે. જે કુટુંબમાં શાંતિ-સંવાદિતા અને સુમેળભર્યા સંબંધો હોય છે ત્યાં સ્ત્રીઓને કૌટુંબિક અનુકૂલન સાધવું સરળ બને છે. કૌટુંબિક સંવાદિત એને લીધે જળવાઇ રહે છે. સ્ત્રીઓને નવી જવાબદારી ઉઠાવવી ગમે છે. કઠિન-મુશ્કેલ પરિસ્થિતિમાં એ પોતાની સમસ્યાનું નિરાકરણ કરી શકે છે અને એ રીતે કૌટુંબિક સંવાદિત આત્મહત્યા તરફ દોરી જતી નથી.

- **સામાજિક જાગૃતિ**

સ્ત્રીઓની આત્મહત્યાનાં સમસ્યાના નિવારણ માટે સામાજિક જાગૃતિ વિકસાવવી આવશ્યક છે. સ્ત્રીઓને આત્મહત્યા તરફ દોરી જતાં કારણો વિશે સભાનતા કેળવી સામાજિક જાગૃતિ કેળવવી જોઇએ. આ સામાજિક જાગૃતિ સ્ત્રીઓને જીવવનો સાચો રાહ બતાવશે.

- **માધ્યમોની અસરકારક ભૂમિકા**

વિવિધ સમૂહ માધ્યમો સ્ત્રીઓની સમસ્યાઓ વધારે છે. સમૂહ માધ્યમો સમાજજીવનમાં એક્તા, સંવાદિત, સુમેળભર્યું જીવન જીવવાની પ્રેરણા આપે તો કેટલીક સામાજિક સમસ્યાઓને હળવી બનાવી શકાય.

- **સ્વતંત્રતા અને સમાનતાની વિચારસરણી**

સ્ત્રી જીવન અંગેની પરંપરાગત વિચારસરણીમાં હવે પરિવર્તન લાવવું જરૂરી છે. સમાનતા, સ્વતંત્રતા, માનવતા, વ્યક્તિનું ગૌરવ, સામાજિક ન્યાય વગેરેની વિચારસરણી સમાજમાં પ્રસ્થાપિત કરવી જોઇએ. સ્ત્રીઓને પરંપરાગત બાબતોમાંથી મુક્તિ અપાવવી જોઇએ. સ્ત્રી સહજ ભૂમિકાને પ્રોત્સાહન મળવું જોઇએ. દેશના કૌટુંબિક, આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સ્ત્રીઓને સ્વતંત્રતા અને સમાનતા બક્ષવા જોઇએ તો આત્મહત્યાની સમસ્યાને હળવી બનાવી શકાય.

આ ઉપરાંત સામાજિક સંસ્થાઓની અસરકારક ભૂમિકા, હેલ્પ લાઇપ, કાનૂની અને કુટુંબની સલાહકેન્દ્રોનો વિકાસ વગેરે દ્વારા સ્ત્રીઓની આત્મહત્યાનું પ્રમાણ ઘટાડી શકાય.

## 2.4 સારાંશ

આપઘાત એ સાર્વત્રિક સમસ્યા છે. 'આત્મહત્યા' એ પોતાની જાતનો નાશ કરવાના હેતુવાળુ સભાનતા પૂર્વકનું પ્રાણઘાતક કૃત્ય છે. દુર્ખિમ નામના સમાજશાસ્ત્રી આપઘાતને સામાજિક તથ્ય તરીકે ઓળખે છે. તેઓએ અહમ્‌વાદી આપઘાત, પરાર્થવાદી અને એનોમિક આપઘાત તરીકે ઓળખાવી શકાય.

આત્મહત્યા જુદા જુદા કારણોને લીધે થતી હોય છે તેમ કે લગ્ન પ્રથા, કૌટુંબિક સંબંધો, અસુરક્ષિત વાતાવરણ, દહેજપ્રથા, જાતીય પવિત્રતા, બળાત્કાર ભૌતિકવાદ વગેરે.

ભારતમાં થયેલાં વિવિધ કાનૂનો અને કૌટુંબિક અદાલતોએ એને રોકવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ સ્ત્રી વિષયક દષ્ટિકોણમાં અને સંસ્થાકીય વ્યવહારોમાં પરિવર્તન લાવવાથી, સામાજિક સુરક્ષાના માર્ગો સરળ બનાવવાથી અને સામાજિક ધોરણોમાં પરિવર્તન લાવવાથી તેમજ યોગ્ય સામાજિકરણ કૌટુંબિક સંવાદિતા, સામાજિક જાગૃતિને લીધે આ સમસ્યા હળવી બનાવી શકાય માધ્યમોની ભૂમિકા આમા અસરકારક રહે છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન-1 આત્મહત્યાનો અર્થ સમજાવી. આત્મહત્યાનાં વિવિધ કારણોની ચર્ચા કરો.

પ્રશ્ન-2 સ્ત્રીઓ શા માટે આત્મહત્યા કરે છે ? આત્મહત્યાનાં નિવારણ માટે તમારા મંતવ્યો સૂચવો.

પ્રશ્ન-3 આત્મહત્યાના નિવારણ માટે સરકાર અને સમાજ દ્વારા થયેલા પ્રયત્નોનું મૂલ્યાંકન કરો.

# એકમ -3 બળાત્કાર

એકમની રૂપરેખા


3.0 પ્રસ્તાવના

3.1 બળાત્કારનો અર્થ

3.2 બળાત્કારનું પ્રમાણ

3.3 બળાત્કારનાં પ્રકારો

3.4 બળાત્કાર વિરોધી નારી આંદોલનો

3.5 બળાત્કારનાં કારણો

- 3.5.1 બદલાની ભાવના
- 3.5.2 સ્ત્રી [illegible]
- 3.5.3 એકાંત
- 3.5.4 [illegible]
- 3.5.5 જાતીય [illegible]
- 3.5.6 વેશ્યા વ્યવસાય
- 3.5.7 સમૂહ માધ્યમો
- 3.5.8 પ્રલોભન અને ધમકી
- 3.5.9 ઉત્તેજનાત્મક [illegible]
- 3.5.10 [illegible]

3.6 [illegible]

- 3.6.1 [illegible]
- 3.6.2 ખૂન
- 3.6.3 ગર્ભધારણનો ભય
- 3.6.4 [illegible]
- 3.6.5 [illegible]
- 3.6.6 [illegible]
- 3.6.7 [illegible]

3.7 બળાત્કારની સમસ્યાના ઉકેલ

- 3.7.1 કાયદાની [illegible]
- 3.7.2 પુરુષ માનસ [illegible]
- 3.7.3 [illegible]
- 3.7.4 સામાજિક [illegible]
- 3.7.5 રાત્રે એકલા બહાર ન જવું
- 3.7.6 સ્વબચાવની પ્રયુક્તિ
- 3.7.7 સંગઠનોની [illegible]
- 3.7.8 ખાસ [illegible]
- 3.7.9 સ્વરક્ષણની તાલીમ
- 3.7.10 જેન્ડર સંવેદનશીલતા કેળવવી

3.8 સારાંશ

3.9 તમારી પ્રગતિ ચકાસો


## 3.0 પ્રસ્તાવના

પુરુષો દ્વારા સ્ત્રીઓ/યુવાન બાલિકાઓ પર થતાં બળાત્કારના કિસ્સા સ્ત્રીઓ પ્રત્યેની અસમાનતા અને સ્ત્રીઓની સ્વતંત્રતા પર નિયંત્રણ મુકવાનું સૂચવે છે. આ સમસ્યાની વિગતવાર માહિતી મેળવીએ.

## 3.1 બળાત્કારનો અર્થ

બળાત્કાર એટલે પુરુષ દ્વારા સ્ત્રી ઉપર બળજબરીપૂર્વકનો આચરવામાં આવતો જાતીય સંભોગ છે.

સ્ત્રીની ઇચ્છા વિરુધ્ધ, સ્ત્રીની સંમતિ વિના હિંસાત્મક રીતે તેનાં પર કરવામાં આવતો બળજબરી પૂર્વકનો સંભોગ એ બળાત્કાર છે. અહીં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેનો સત્તા સંબંધ દષ્ટિગોચર થાય છે. સ્ત્રીની એક વ્યક્તિ તરીકેની ઓળખ, બળાત્કાર ઘટાડી નાંખે છે અને તેને વસ્તુ તરીકે ઓળખે છે. મુંબઇમાં 1990માં આ મહિલા સંસ્થાઓની આ અંગે મળેલી મીટીંગમાં જણાવ્યા અનુસાર Rape is not only sexually motivated it is a weapon of power.... it is violation of a physical and mental nature. Rape is a systematic way for destroying a women well being.

વધુમાં જોઈએ તો એમાં power relation મહત્વનાં છે.

For men their sexuality and plesure are defined in terms of the power of an erection and agression, for a women this becomes and assault, anitil and unless there is consent on her part. That is way consent is so central to the whole question of rape. (Belarani Sharma 1997 page-127)

બળાત્કારનો ગુનો (ક.375, 376)એ અતિગંભીર પ્રકારનો ગુનો છે. કલમમાં દર્શાવ્યા પ્રમાણે નીચેના છ સંજોગોમાંથી કોઇ પણ એક સંજોગોમાં કોઇ સ્ત્રી સાથે જાતીય સંભોગ કરવો એ એની પર આચરેલો બળાત્કાર છે.

- જ્યારે આવું કાર્ય તેની ઇચ્છા વિરુદ્ધનું હોય, અથવા
- જ્યારે આવું કાર્ય એની સંમતિ વિનાનું હોય, અથવા
- જો તેની સંમતિ સાથેનું હોય તો તેની સંમતિ તેને અથવા તો તેને જેમાં હિત છે તેવી વ્યક્તિને મૃત્યુના ભયમાં અથવા તો ઇજાના ભયમાં મૂકીને મેળવી હોય.
- જો તેની સંમતિ સાથેનું હોય તો તેવું કાર્ય કરનાર વ્યક્તિ જાણતો હોય કે તેણીનો પતિ નથી અને સ્ત્રી એમ માનતી હોય કે તે પુરુષ તેનો પતિ છે અને તેથી તેણે એ વિષે સંમતિ આપી હોય, અથવા
- જો તેની સંમતિ સાથેનું હોય તો પણ તે અસ્વસ્થ મનની હોવાને કારણે અથવા તો કેફી પદાર્થની અસર હોવાને કારણે તેવી સંમતિ આપવાને તે સક્ષમ હોય, અથવા
- જ્યારે તે સ્ત્રી 16 વર્ષની નીચેની વયની હોય ત્યારે તેવું કાર્ય તેની સંમતિથી કર્યું હોય કે સંમતિ વિના.

પત્ની જો પંદર વર્ષથી વધુ ઉંમરની હોય તો તેની પતિનો તેની સાથેનો જાતીય સંભોગ એ બળાત્કાર ગણાતો નથી.

બળાત્કારનો ગુનો બનવા માટે પુરુપલિંગનો સ્ત્રીની યોનિમાં પ્રવેશ થવો જરૂરી થે, પછી તે પ્રવેશ ગમે તેટલો હોય. યોનિપ્રવેશ ન થયો હોય તો તે બળાત્કારની કોશિશનો ગુનો બને છે. તેને માટે કલમ 11 હેઠળ તેના કર્તાને બળાત્કારના ગુનાની શિક્ષાથી અડધી શિક્ષા થઇ શકે છે. ક્યા અંગોને લક્ષ્ય બનાવાય છે તેની વિગતો મેળવતાં મસ્તક, પગ, હાથ મુખ્ય છે. પેઢુ અને છાતી પરની ઇજાઓ જલદી જણાઇ આવતી નથી. સળગનાર સ્ત્રીના શરીર પર વધુ ઇજા જણાય છે. મોઢા પર ઓછી ઇજા જોવા મળે છે. અમુક સ્ત્રીઓ તો માર ખાઈને પરિણામે બેભાન બની જતી હોય છે.

મહિલાઓને મારઝૂડ કરવાનાં કારણોની તપાસ કરતાં કોઇવાર નજીવાં કારણો જ હાય છે. પરંતુ તેમાં મોટા ભાગે દહેજ ન લાવવું, પતિના આદેશોને ઉથાપવા, તેની પાશવી ઇચ્છાઓને તાબે ન થવું (અકુદરતી સંભોગ અથવા બળાત્કાર સંભોગ જેને મેરિટલ રેપ કહે છે), પતિની બિનવફાદારી સામે અવાજ ઉઠાવવો-વગેરે કારણો મુખ્ય હોય છે.

## 3.2 બળાત્કારનું પ્રમાણ

વિભિન્નદેશોમાં એક લાખની વસ્તીએ બળાત્કારનો વાર્ષિક દર :-

(1) અમેરિકા - 26
(2) કેનેડા - 0.8
(3) ઇંગલેન્ડ - 5.5
(4) જાપાન - 3.3
(5) ફ્રાંસ - 2.88
(6) આર્યલેન્ડ - 1.26
(7) ભારત - 0.56

તાજેતરમાં 22-5-2005નાં રોજ પ્રસિધ્ધ થયેલ ગુજરાત સમાચારની રવિપૂર્તિમાં ડૉ. ભાલચંદ્ર જાનીએ જણાવ્યું છે તે મુજબ,

- ભારતમાં દર કલાકે બળાત્કારની બે ઘટના બને છે.
- બળાત્કારનો ભોગ બનેલી દર પાંચ વ્યક્તિમાં એક સગીર વયની કન્યા હોય છે.
- દર 20 આરોપીમાંથી 19 અપરાધીઓ બાઇજ્જત છૂટી જાય છે.
- બળાત્કારનાં વર્ષે એક લાખથી વધુ કેસ બને છે પરંતુ પોલીસ ચોપડે નોંધાય છે માત્ર 15,000 કિસ્સા.

ભારતમાં 1974માં 2962, 1988માં 8706, 1991માં 9794 અને 1993માં 11117 કિસ્સા બળાત્કારનાં બન્યા હતા. પરંતુ હવે આ અંગેની જાગૃતિ વધતાં અને સ્ત્રી સંગઠનોની પ્રવૃત્તિ વધતાં એ પ્રમાણ ઘટવા લાગ્યું છે અને આ અંગેની શિક્ષાત્મક જોગવાઇ પણ થવા લાગી છે. તાજેતરમાં સ્ટારન્યૂઝ ચેનલે મુંબઇ અને દિલ્હીમાં હાથ ધરેલ સર્વેક્ષણ મુજબ 85% થી વધુ મહિલાઓએ એવો આગ્રહ રાખ્યો હતો કે બળાત્કારીને ફાંસીની સજા ફટકારવી જોઇએ આ દર્શાવે છે કે આ કૃત્યને હવે કોઇ સાંખી શકે તેમ નથી.

એવું કહેવાય છે કે ભારતમાં દર બે કલાકે, ક્યાંક એક બળાત્કાર થતો હોય છે. સૌથી વધુ વધતા જતા બળાત્કારના કિસ્સાઓમાં ડરામણી અને ઘૃણાત્મક બાબત તો એ છે કે બળાત્કારનો ભોગ બનનારોએમાં ઘણી મોટી સંખ્યામાં તો 12 વર્ષથી નીચેની વયના બાળકો હોય છે. બે કે ત્રણ વર્ષનું પાપા પગલી ભરતું બાળક પણ તેમાંથી બાકાત નથી રહ્યું પણ બળાત્કાર કરનાર તેને જાતીય સંતોષ માટે સુયોગ્ય પાત્ર ગણે છે. (ESO-06, પાન નં. 45)

આમ બળાત્કારની પ્રાથમિક સમજ મેળવ્યા બાદ હવે આપણે બળા કારનાં પ્રકારો જોઇએ.

## 3.3 બળાત્કારનાં પ્રકારો

(અ) કુટુંબમાં થતા બળાત્કાર (દા.ત. અપસંગમ, બાળકનો જાતીય દુરુપયોગ, પતિ દ્વારા થતો બળાત્કાર જેને કાયદામાં બળાત્કાર તરીકે ગણવામાં આવતો નથી.)

(બ) જ્ઞાતિ કે વર્ગના વર્ચસ્વ (પ્રભુત્વ) દર્શક તરીકે બળાત્કાર (દા.ત. ઉપલી જ્ઞાતિના પુરુષો નીચલી જ્ઞાતિની સ્ત્રીઓ પર બળાત્કાર કરે, જમીનવિહોણા, ખેતમજૂરો કે બંધવા મજૂર સ્ત્રી પર જમીનદાર બળાત્કાર કરે ઇત્યાદી).

(ક) બાળકો, સગીર વયની અને રક્ષણવિહોણી યુવતી પર બળાત્કાર

(ડ) યુદ્ધો, કોમી રમખાણો અને રાજકીય ઉથલપાથલો દરમિયાન સામૂહિક બળાત્કાર.

(ઇ) કબજા હેઠળ ગિરફતાર કે કેદમાં બળાત્કાર (દા.ત. પોલીસ ગિરફતારીમાં હોય, રિમાન્ડ હોમમાં, હોસ્પિટલમાં અથવા નોકરી (વ્યવસાય) સ્થળે બળાત્કાર ઇત્યાદિ).

(ઉ) છૂટાછવાયા, પૂર્વ આયોજન વગરના બળાત્કાર

આ ઉપરાંત બળાત્કારના નીચે મુજબ પણ પ્રકાર દર્શાવવામાં આવે છે.

- **Communal rape :**

  કોમી રમખાણો દરમ્યાન થતાં વિવિધ સામૂહિક કે વ્યક્તિગત બળાત્કાર જેમાં કોમવાદને ધ્યાનમાં લેવામાં આવે છે. જેમ કે ગુજરાતમાં થયેલા કોમી રમખાણો દરમ્યાન બનેલી ઘટનાઓ.

- **Gang rape :**

  ગોવાના વાસ્કોમાં એક કામદાર પર એમનાં માલિક અને ત્રણ મિત્રો દ્વારા થયેલ ગેંગ રેપ.

- **Political rape :**

  રાજકીય ઉથલપાથલ દરમ્યાન થતો સામૂહિક બળાત્કાર કે રાજકીય નેતા, રાજકીય વગવાળી વ્યક્તિ દ્વારા થતાં બળાત્કારને રાજકીય બળાત્કાર કહેવાય. જેમાં સત્તાના જોરે વ્યક્તિ નિર્દોષ પણ સાબિત થતી હોય છે.

- **Rape of minors :**

  ઘણીવાર બહુમતી જૂથ લઘુમતી જૂથ પર પોતાની સત્તા જમાવવા કે બહુમતી સાબિત કરવા લઘુમતી જૂથ પર પ્રહાર કરે છે અને ક્યારેક બદલો લેવા નાનો-લઘુમતી સમૂહ પર બળાત્કાર કરે છે. જેને rape of monors કહેવાય છે.

- **Army rape:**

  જ્યારે જ્યારે યુદ્ધ થાય છે ત્યારે આ પ્રકારનાં બળાત્કારની સંભાવના રહે છે. જુદા જુદા દેશો વચ્ચે થતાં યુદ્ધ સમયે એક દેશનાં નાગરિક પર બીજા દેશનાં લશ્કરી જવાનો બળાત્કાર કરે છે.

- **Marital Rape:**

  મહિલાઓને મારઝૂડ કરવાનાં કારણોની તપાસ કરતાં કોઈવાર નજીવા કારણો જ હોય છે. પરંતુ તેમાં મોટા ભાગે દહેજ ન લાવવું, પતિના આદેશોને ઉથાપવા, તેની પાશવી ઇચ્છાઓને તાબે ન થવું (અકુદરતી સંભોગ અથવા બળાત્કાર સંભોગ જેને મેરિટલ રેપ કહે છે).

- **Rape in economically dependent circumstances:**

  આર્થિક રીતે પરવશતા વાળી સ્થિતિમાં થતાં બળાત્કાર જેમાં સ્ત્રીની આર્થિક ગરજ કે પરવશતા સ્ત્રીઓને બળાત્કારનો ભોગ બનાવે છે.

  ઘણીવાર એક કરતાં વધુ પરિસ્થિતિ બળાત્કાર માટે જવાબદાર ગણાય છે.

## 3.4 બળાત્કાર વિરોધી નારી આંદોલનો

સમકાલીન નારી આંદોલનમાં બળાત્કારનો મુદ્દો ખૂબ મહત્વનો રહ્યો છે, કારણ કે બળાત્કાર એ સ્ત્રીઓ પરની હિંસાનો સૌથી વધુ ઘૃણાસ્પદ અને ક્રૂર પ્રકાર છે. એમાં ગુનેગાર કરતાં ગુનાનો ભોગ બનનારને ઘણી યાતનામાંથી પસાર થવું પડે છે. સ્ત્રીના શરીર સાથે કુટુંબ અને સમુદાયની ઇજ્જતને જોડી દઇને તેને ચૂપ રહેવાની ફરજ પાડવામાં આવે છે ઉપરાંત જો સત્તાશીલ અથવા વગ ધરાવનાર વ્યક્તિ દ્વારા બળાત્કાર થાય ત્યારે ન્યાય જોજનો સુધી દૂર રહે છે (નીરા દેસાઇ : 2009 : 45)

ભારતમાં આજે પણ બળાત્કારનો મુદ્દો મહત્વનો છે. પોલીસ અને લશ્કર દ્વારા બળાત્કારના જેટલા બનાવો બને છે. તેમાંથી ખૂબ ઓછા બહાર આવે છે. ઘણીવાર એવું પણ બને છે કે સત્તાના ઉપયોગ દ્વારા પોતાના ગુનાને ઢાંકી દે છે.

1978માં હૈદ્રાબાદમાં રમીઝા બી નામની સ્ત્રી પોતાના પતિ સાથે રાત્રે સિનેમા જોઇ રહી હતી ત્યારે તેને વેશ્યા છે એમ કહી ધરપકડ કરવામાં આવી, બળાત્કાર ગુજાર્યો હતો. એની સામે 20,000 જેટલા નાગરિકોએ પોલીસ ઘેરાવો કર્યો હતો.

મહારાષ્ટ્રના ચંદપુર ગામમાં બનેલો મથુરા બળાત્કાર કેસ પણ મહત્વનો બન્યો એ સમયે મુંબઇના બળાત્કાર વિરોધી મંચે દેશવ્યાપી વિરોધ કર્યો હતો.

આ ચુકાદાની સામે વડોદરામાં નારી શોષણ વિરોધી સંગઠનની શરૂઆત થઇ. કેટલાક સ્થળે આવી ઘટના સામે સ્વયંભૂ આંદોલનો પણ થયા છે. પ્રચાર માધ્યમો દ્વારા આવી ઘટનાને પ્રસિધ્ધિ આપવામાં આવી હતી.

હરિયાણામાં બાગપતમાં જ્યારે માયાત્યાગી નામની સ્ત્રી પર પોલીસોએ બળાત્કાર કર્યો ત્યારે નિર્વસ્ત્ર ફેરવી એ રાજકીય ઘટનાનો સામૂહિક વિરોધ અને પ્રદર્શનો યોજાયા.

ગુજરાતમાં સાગબારામાં આદિવાસી બહેન પર પોલીસોએ કરેલ બળાત્કાર સામેની લડતમાં વર્તમાનપત્રો અને આમજનતા બંનેનો ફાળો નોંધનીય રહ્યો. 'સહિયર' અને ચિનગારી જેવી સંસ્થાએ એમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ માટેનાં જાગૃતિ કાર્યક્રમો પણ યોજાયા.

ગુજરાતમાં ખેડા જિલ્લામાં આવેલ દેથલી આશ્રમશાળાના સંચાલક લાલુપ્રસાદ શાસ્ત્રીના કેસમાં 14 વર્ષની દલિત બાળા પર સંચાલકે કરેલા બળાત્કારના કેસમાં ફરિયાદ નોંધાવી પરંતુ વગને લીધે સરકારે એની સામેનો કેસ પાછો ખેંચ્યો. તાજેતરમાં બાંજલ નામની છોકરી પર અમદાવાદમાં થયેલા સામૂહિક બળાત્કારનાં કેસમાં અમદાવાદની સ્ત્રી સંસ્થાઓએ સારો એવો વિરોધ કર્યો હતો. બળાત્કાર સામેની લડત વધી છે પરંતુ એની જટિલતામાં અનેકગણો વધારો થયો છે.

એક દૃષ્ટિબિંદુ એવું પણ રહ્યું છે કે આ ઘટનામાં કોર્ટ અને કાયદા પર છોડવાથી ક્યારેય ન્યાય મળતો નથી. તામીલનાડુમાં રૂરલ વીમેન્સ લીબરેશન મુવમેન્ટનું એક સંગઠન છે. અમદાવાદમાં અવાજ સંસ્થાએ અમદાવાદની વસ્તીમાં 5 વર્ષની બાળકી પર થયેલા બળાત્કારના અનુસંધાનમાં બળાત્કારીને કાયદા ઉપરાંત સામાજિક બહિષ્કાર અને સ્ત્રીઓનાં સમૂહ દ્વારા પાઠ ભણાવવાનો પ્રયોગ કર્યો હતો.

બળાત્કારનાં કેસમાં કાનૂની પ્રયત્નોની સાંઠગાંઠ ઉપરાંત સમાજનું વલણ પણ એટલું જ મહત્વનું છે પોલીસ, સરકાર, ન્યાયતંત્ર અને દબાણ પણ મહત્વના છે. આ માટે પોસ્ટર પ્રદર્શન, શેરી નાટકો, પત્રિકા, પુસ્તિકા, ફિલ્મ, સભા, સરઘસ રેલી જેવા કાર્યક્રમો લડતનું અવિભાજ્ય અંગ બન્યા છે. આ બધું હોવા છતાં આજે પણ સ્ત્રીઓ પર બળાત્કાર થાય છે.

તામીલનાડુમાં એક કામદાર સ્ત્રીને બળજબરી પૂર્વક રૂમમાં લઇ જઇ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

ગોવાના વાસ્કોમાં 9 મહિનાની સગર્ભ કામવાળા બહેન પર એમનાં માલિક અને મિત્રો દ્વારા ગેંગ રેપ આચરવામાં આવ્યો હતો. ।

બેંગલોરની વિમોચના સંસ્થાએ નોંધ્યુ છે તે મુજબ 6.5 વર્ષની એક બાળકી પર એનાં 75 વર્ષના દાદાએ બળાત્કાર ગુજાર્યો હતો. આ જ સંસ્થાએ નોંધ્યું છે કે એક શાળાની બાળકીનું અપહરણ કરી એનાં મિત્ર અને કુટુંબીજનોએ બળાત્કાર ગુજાર્યો હતો.

મુંબઇની એલ્ફિસ્ટન કોલેજમાં એક કોલેજ યુવતી પર એનાં 6 સહાધ્યાયી મિત્રોએ બળાત્કાર ગુજાર્યો હતો.

હૈદ્રાબાદની મૈત્રેયી સંસ્થાએ નોંધ્યું છે તે મુજબ એક યુવતીનાં ભાડ઼ રપતિએ એનું અપહરણ કરી બળાત્કાર ગુજાર્યો હતો.

આ ઉપરાંત રોજબરોજ એવા કેટલાય કિસ્સા નોંધાય છે. જેમાં સ્ત્રી સંગઠનોની ભૂમિકા મહત્વની રહી છે.

## 3.5 બળાત્કારનાં કારણો

અમેરિકન મનોવિજ્ઞાનની નિકોલસ એ. ગોથના મતે બળાત્કાર એક આક્રમણાત્મક અપરાધ છે. એમાં માનસિક કારણ વધુ જવાબદાર હોય છે. પ્રો. આનંદ ગ્રોવરના મતે સ્ત્રીઓ સામેના અપરાધો સ્ત્રીઓ પ્રત્યેની સમાજની હીણીનજરમાંથી ઉદ્‌ભવે છે. બળાત્કાર સંબંધિત વિવિધ અભ્યાસોમાંથી ફલિત થાય છે કે નીચેના કારણોસર સ્ત્રીઓ પર બળાત્કાર થતા હશે.

### 3.5.1 બદલાની ભાવના

માનસશાસ્ત્રીઓનું માનવું છે કે બળાત્કાર પાછળ કોઇ પ્રકારનો બદલો લેવાની અથવા તો સ્ત્રી અને સ્ત્રીના કુટુંબીજનોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની, એમની આબરૂને ધક્કો પહોંચાડવાની અને એમનું જીવન નષ્ટ કરવાની વેરવૃત્તિની ભાવનાથી આ ઘટના સર્જાય છે અને એ દ્વારા સગીર કે પુખ્તવયની સ્ત્રીનાં જીવનની બરબાદી આ બદલાની ભાવનાથી સંતોષવાનો પ્રયત્ન કરે છે.

### 3.5.2 સ્ત્રી હોવાને નાતે

કેટલાંક બળાત્કાર કરવા માટે સ્ત્રીને જવાબદાર ગણે છે. કેટલાંક માનવું છે કે સ્ત્રીની શરીર

ગુજરાતમાં સાગબારામાં આદિવાસી બહેન પર પોલીસોએ કરેલ બળાત્કાર સામેની લડતમાં વર્તમાનપત્રો અને આમજનતા બંનેનો ફાળો નોંધનીય રહ્યો. 'સહિયર' અને ચિનગારી જેવી સંસ્થાએ એમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ માટેનાં જાગૃતિ કાર્યક્રમો પણ યોજાયા.

ગુજરાતમાં ખેડા જિલ્લામાં આવેલ દેથલી આશ્રમશાળાના સંચાલક લાલુપ્રસાદ શાસ્ત્રીના કેસમાં 14 વર્ષની દલિત બાળા પર સંચાલકે કરેલા બળાત્કારના કેસમાં ફરિયાદ નોંધાવી પરંતુ વગને લીધે સરકારે એની સામેનો કેસ પાછો ખેંચ્યો. તાજેતરમાં બાજલ નામની છોકરી પર અમદાવાદમાં થયેલા સામૂહિક બળાત્કારનાં કેસમાં અમદાવાદની સ્ત્રી સંસ્થાઓએ સારો એવો વિરોધ કર્યો હતો. બળાત્કાર સામેની લડત વધી છે પરંતુ એની જટિલતામાં અનેકગણો વધારો થયો છે.

એક દષ્ટિબિંદુ એવું પણ રહ્યું છે કે આ ઘટનામાં કોર્ટ અને કાયદા પર છોડવાથી ક્યારેય ન્યાય મળતો નથી. તામીલનાડુમાં રૂરલ વીમેન્સ લીબરેશન મુવમેન્ટનું એક સંગઠન છે. અમદાવાદમાં અવાજ સંસ્થાએ અમદાવાદની વસ્તીમાં 5 વર્ષની બાળકી પર થયેલા બળાત્કારના અનુસંધાનમાં બળાત્કારીને કાયદા ઉપરાંત સામાજિક બહિષ્કાર અને સ્ત્રીઓનાં સમૂહ દ્વારા પાઠ ભણાવવાનો પ્રયોગ કર્યો હતો.

બળાત્કારનાં કેસમાં કાનૂની પ્રયત્નોની સાંઠગાંઠ ઉપરાંત સમાજનું વલણ પણ એટલું જ મહત્વનું છે પોલીસ, સરકાર, ન્યાયતંત્ર અને દબાણ પણ મહત્વના છે. આ માટે પોસ્ટર પ્રદર્શન, શેરી નાટકો, પત્રિકા, પુસ્તિકા, ફિલ્મ, સભા, સરઘસ રેલી જેવા કાર્યક્રમો લડતનું અવિભાજ્ય અંગ બન્યા છે. આ બધું હોવા છતાં આજે પણ સ્ત્રીઓ પર બળાત્કાર થાય છે.

તામીલનાડુમાં એક કામદાર સ્ત્રીને બળજબરી પૂર્વક રૂમમાં લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

ગોવાના વાસ્કોમાં 9 મહિનાની સગર્ભ કામવાળા બહેન પર એમનાં માલિક અને મિત્રો દ્વારા ગેંગ રેપ આચરવામાં આવ્યો હતો.

બેંગલોરની વિમોચના સંસ્થાએ નોંધ્યુ છે તે મુજબ 6.5 વર્ષની એક બાળકી પર એનાં 75 વર્ષના દાદાએ બળાત્કાર ગુજાર્યો હતો. આ જ સંસ્થાએ નોંધ્યું છે કે એક શાળાની બાળકીનું અપહરણ કરી એનાં મિત્ર અને કુટુંબીજનોએ બળાત્કાર ગુજાર્યો હતો.

મુંબઈની એલ્ફિસ્ટન કોલેજમાં એક કોલેજ યુવતી પર એનાં 6 સહાધ્યાયી મિત્રોએ બળાત્કાર ગુજાર્યો હતો.

હૈદ્રાબાદની મૈત્રેયી સંસ્થાએ નોંધ્યું છે તે મુજબ એક યુવતીનાં ભાભીપતિએ એનું અપહરણ કરી બળાત્કાર ગુજાર્યો હતો.

આ ઉપરાંત રોજબરોજ એવા કેટલાય કિસ્સા નોંધાય છે. જેમાં સ્ત્રી સંગઠનોની ભૂમિકા મહત્વની રહી છે.

## 3.5 બળાત્કારનાં કારણો

અમેરિકન મનોવિજ્ઞાનની નિકોલસ એ. ગોથના મતે બળાત્કાર એક આક્રમણાત્મક અપરાધ છે. એમાં માનસિક કારણ વધુ જવાબદાર હોય છે. પ્રો. આનંદ ગ્રોવરના મતે સ્ત્રીઓ સામેના અપરાધો સ્ત્રીઓ પ્રત્યેની સમાજની હીણીનજરમાંથી ઉદ્ભવે છે. બળાત્કાર સંબંધિત વિવિધ અભ્યાસોમાંથી ફલિત થાય છે કે નીચેના કારણોસર સ્ત્રીઓ પર બળાત્કાર થતા હશે.

### 3.5.1 બદલાની ભાવના

માનસશાસ્ત્રીઓનું માનવું છે કે બળાત્કાર પાછળ કોઈ પ્રકારનો બદલો લેવાની અથવા તો સ્ત્રી અને સ્ત્રીના કુટુંબીજનોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની, એમની આબરૂને ધક્કો પહોંચાડવાની અને એમનું જીવન નષ્ટ કરવાની વેરવૃત્તિની ભાવનાથી આ ઘટના સર્જાય છે અને એ દ્વારા સગીર કે પુખ્તવયની સ્ત્રીનાં જીવનની બરબાદી આ બદલાની ભાવનાથી સંતોષવાનો પ્રયત્ન કરે છે.

### 3.5.2 સ્ત્રી હોવાને નાતે

જેઓ બળાત્કાર કરવા માટે સ્ત્રીને જવાબદાર ગણે છે તેઓનાં માનવું છે કે સ્ત્રીની શરીર

રચના પુરુષની શરીર-રચનાથી અલગ છે. પુરુષ સ્ત્રી પર પ્રભુત્વ ભોગવવા માંગે છે અને પુરુષોની જાતીય વિકૃત્તિ સ્ત્રી પર બળાત્કાર કરાવે છે. આ અંગે વિશેષમાં જોઇએ તો બધા જ પુરુષો જાતીય વિકૃતિ ધરાવતાં હોતા નથી, પરંતુ બળાત્કારએ પુરુષોની આવેગાત્મક જાતીય વિકૃતિનું પરિણામ છે. ભારતમાં બનેલા કિસ્સા આને સમર્થન આપે છે. સ્ત્રી હોવાને નાતે પુરુષથી એનું સ્થાન ગૌણ રહે છે અને પુરુષ જાત સ્ત્રીને અવળા સમજે છે તેથી બળાત્કાર કરે છે.

### 3.5.3 એકાંત

બળાત્કારના વિવિધ કિસ્સાઓનું વિશ્લેષણ કરીએ તો મહદ્અંશે સાંજના અથવા રાત્રિના સમયે બળાત્કાર ગુજારવામાં આવે છે. ઘટનાસ્થળ પણ લગભગ એકાંત અને બંધ જણાય છે. એકાંતમાં બળાત્કારને ઉત્તેજન મળે છે. ડૉ. રામઆહૂજાનાં અભ્યાસમાં જોવા મળ્યું છે કે બળાત્કાર યુવાવર્ગની સ્ત્રીઓમાં વિશેષ જોવા મળે છે સાથે સાથે એમનાં અભ્યાસમાં એ પણ જોવા મળ્યું છે કે 70% કિસ્સામાં બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીના ઘરનાં જ બળાત્કાર થવા પામ્યા હતા. જ્યારે 25% કિસ્સામાં બળાત્કાર બિનરહેઠાણના મકાનમાં થવા પામ્યા હતા.

### 3.5.4 જાતીય વિકૃત્તિ

સ્ત્રીઓ પર થતાં બળાત્કાર એ પુરુષની જાતીય વિકૃત્તિનું પરિણામ છે. સ્ત્રી દ્વારા બળજબરીથી શારીરિક સુખ મેળવવાનો પ્રયત્ન છે. બળાત્કારનાં વિવિધ પ્રકારો જોતાં એ સ્પષ્ટ થાય છે કે જ્યારે કોઇ અબુધ, મુંગી, ભિક્ષુક, મંદબુદ્ધિ, બહેરી, અપંગ, ગાંડી સ્ત્રી પર બળાત્કાર થાય છે ત્યારે પુરુષોમાં રહેલી જાતીય વિકૃત્તિ જવાબદાર ગણાવી શકાય. કોમી રમખાણોનો સમય હોય, યુદ્ધનો સમય હોય ત્યારે પણ આ વિકૃત્તિ વકરે છે.

### 3.5.5 જાતીય શોષણની ઇચ્છા

જાતીય વિકૃતિમાં જાતીય શોષણની સમસ્યા સંકળાયેલી છે. અમુક વિશિષ્ટ સંજોગોમાં જ્યારે સ્ત્રી અસલામતી કે લાચારીનો અનુભવ કરે છે. અને પુરુષને જાતીય તૃપ્તિ અને શોષણની ઇચ્છા હોય છે. બળાત્કારમાં સ્ત્રીની લાચારીનો લાભ લેવાની વૃત્તિ અને પુરુષોની જાતીય શોષણની ઇચ્છા મહત્વની છે. અગાઉ જોયુ છે તેમ જ્યારે નિર્જન વિસ્તાર હોય, એકાંત હોય, સ્ત્રીની પરવશતા હોય, કે પરાધીનતા હોય ત્યારે આ વૃત્તિ પ્રબળ બનવાની શક્યતાને નકારી શકાય નહીં બળાત્કારના કેટલાક કિસ્સાઓમાં એવું જોવા મળ્યું છે કે જ્યારે માલિકો, ઉપરી કે સત્તાવાળી વ્યક્તિમાં જાતીય શોષણની અદમ્ય ઇચ્છા થાય છે ત્યારે તે જાતીય શોષણ તરફ વળે છે.

### 3.5.6 વેશ્યા વ્યવસાય

ભારતમાં થયેલા વિવિધ અભ્યાસોમાં જોવા મળ્યું છે કે સગીર અને કુમળીવયનાં બાળકોને વેશ્યાઓ પુરી પાડવાના હેતુથી બળાત્કાર ગુજારી એવી સ્ત્રીઓને વેશ્યા બનાવવામાં આવે છે અને એ દ્વારા અનૈતિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવે છે. વેશ્યાવૃત્તિમાં પણ સ્ત્રીએ અનિચ્છાએ સંબંધ રાખવો પડે છે. આમ વેશ્યા વ્યવસાય અને બળાત્કાર પારસ્પારિક સંળકાયેલા છે.

### 3.5.7 સમૂહ માધ્યમો

અશ્લીલ સાહિત્ય, ચલચિત્રો, ટી.વી.ની કેટલીક શ્રેણીઓ, બ્લ્યૂ ફિલ્મ વગેરે સમૂહ માધ્યમોની આડઅસરને લીધે પુરુષો સ્ત્રીઓ પર બળાત્કાર કરે છે. માધ્યમોમાં જોવા મળતાં દૃશ્યો અને ઘટનાઓ તથા વાર્તાકથન બળાત્કારીઓને પ્રોત્સાહન આપે છે એમાંથી તેઓનું આ પ્રકારનું કૃત્ય કરવાની પ્રેરણા મળે છે. જો કે આમાં વ્યક્તિગત કારણ કે ઇચ્છા પણ મહત્વની છે.

### 3.5.8 પ્રલોભન અને ધમકી

ડૉ. રામઆહૂજાના અભ્યાસમાં એવું જોવા મળ્યું છે કે દર દસમાંથી નવ બળાત્કારનાં કિસ્સામાં શારીરિક હિંસા કે બળનો ઉપયોગ થયો ન હતો. એટલે કે મોટાભાગના કિસ્સામાં પ્રલોભન કે ધમકીનો ઉપયોગ કરીને સ્ત્રીને ધમકી આપી તાબે કરવામાં આવે છે.

### 3.5.9 ઉત્તેજનાત્મક હાવભાવ અને પોશાક

આધુનિકીકરણ, પશ્ચીમીકરણ, શહેરીકરણ અને ફેશન જેવા પરિબળો ઉપરાંત સમૂહ માધ્યમોની અસરને લીધે 15 થી 20 વર્ષની કેટલીક છોકરીઓ પર વિપરીત અસર પડી છે જે

યુવતીઓ ઉત્તેજક, ફેશન પરસ્ત અંગ પ્રદર્શન કરનાર વસ્ત્રો પહેરે છે તેવી નખરાળી છોકરીઓનો પુરુષો દુરઉપયોગ કે બળાત્કાર કરવા પ્રેરાય છે કારણ કે તેઓનો એ હાવભાવ, પોશાક, ઉત્તેજનાત્મક અંગચેષ્ટા વગેરે બળાત્કારનાં કારણરૂપ ગણાવી શકાય.

### 3.5.10 પુરુષનું સત્તાવાહી વલણ

કેટલાક પુરુષો એવું માને છે કે સ્ત્રી શારીરિક રીતે અબળા છે. પુરુષ એનાં મસલ્સ પાવર અને પોતાની જાતને સ્ત્રી કરતાં સત્તા અને શક્તિવાળા માને છે, જે બળાત્કારી છે તે બળાત્કાર સહન કરે છે તેનાથી ચઢિયાતા છે તેવું તે માને છે. આ બાબત તમામ જ્ઞાતિ, વર્ગ અને સમૂહ તથા પેટાસમૂહમાં જોવા મળે છે. સામાન્ય રીતે જ્યારે બળાત્કાર થાય છે ત્યારે આ ગંભીર ઘટનામાં પુરુષની હેવાનિયત સ્ત્રી પર આક્રમણ કરે છે. સ્ત્રીને માટે આ ઘટના શરમ જનક ગણાય છે.

વિરંગાહન્સના 1987નાં અભ્યાસમાં એવું જોવા મળ્યું છે કે 90% નિમ્ન જ્ઞાતિનાં લોકો બળાત્કારના ભોગ બને છે.

રાવના અભ્યાસમાં એવું જોવા મળ્યું છે કે ભારતમાં આદિવાસી અને હરિજન સ્ત્રીઓ બળાત્કારનો ભોગ વધુ બને છે.

રસેલ્સના અભ્યાસમાં એવું જોવા મળ્યું છે કે જે સ્ત્રીઓ આર્થિક અને સામાજિક રીતે પછાત છે અને જે સ્ત્રીઓ કાળી છે તેનાં પર બળાત્કાર વધુ થાય છે.

અમદાવાદમાં મારા અભ્યાસમાં 43.75% ઉત્તરદાતાઓએ દર્શાવ્યું છે કે કાયદાની બિન અસરકારકતાને લીધે સ્ત્રીઓ પર બળાત્કાર થાય છે. 56.25% ઉત્તરદાતાઓ આની સાથે સહમત થતાં નથી.

કાયદાની મર્યાદાને લીધે બળાત્કાર થાય છે અને તેથી એને અટકાવી શકતા નથી, એવું 43.75 ટકા ઉત્તરદાતાઓ માને છે. કાયદાની અસમર્થતા આપણે ત્યાં છે અને તેની કાર્યવાહી લાંબી છે વળી આને લીધે આબરુ જશે એવો ભય રહે છે તેથી સ્ત્રીઓ પોલીસ સ્ટેશન કે કોર્ટમાં જતી અટકે છે. અને આ ઉપરાંત કાયદા પાલન કરવા ઇચ્છે તો પણ જેઓ સત્તાવાળા છે તેઓ ધાક-ધમકીથી આ કાર્ય કરાવે છે. આમ કાયદાની બિન અસરકારકતા એમાં ભાગ ભજવે છે.

આ ઉપરાંત ઉત્તરદાતાઓનું માનવું એવું રહ્યું છે કે જે પુરુષોનાં સામાજિકરણમાં ખામી હોય, જેઓ સ્ત્રી સન્માનની ભાવનાને સમજતા ન હોય તેમના સામાજિક ણની ખામી આ પ્રકારની વૃત્તિ તરફ દોરે છે.

સમાજમાં જોવા મળતાં જાતીય ભેદભાવોનું કારણ પણ આને માટે કેટલેક અંશે જવાબદાર છે. જે પુરુષો પોતાની જાતીયવૃત્તિને નિયંત્રણમાં રાખી શકતાં નથી તે આ તરફ દોરાઇ શકે છે. પુરુષોમાં સહનશીલતા ઓછી હોય છે એ પણ આને માટે જવાબદાર કહી શકાય.

આમ બળાત્કાર માટે એક કરતાં વધુ કારણો જવાબદાર છે.

## 3.6 બળાત્કારની અસરો

સ્ત્રીઓ પર થતાં બળાત્કારની કેટલીક નોંધપાત્ર વિપરીત અસરો જોવા મળે છે. આ વિપરીત અસરો નીચે મુજબ દર્શાવી શકાય.

### 3.6.1 સ્ત્રીનું અપમાન

સ્ત્રીઓ પર થતાં બળાત્કારને લીધે સમગ્ર સ્ત્રી જીવન પર અસર પડે છે. આ અસરોને લીધે સ્ત્રીનું સ્વમાન હણાય છે અને એને નુકશાન થાય છે. સ્ત્રીને અબળા તરીકે ગણી પ્રભુત્વ ભોગવનાર પુરુષ સ્ત્રીનું અપમાન કરે છે. આવી સ્ત્રીઓ માનસિક રીતે પડી ભાંગે છે.

### 3.6.2 ખૂન

બળાત્કારનો ભોગ બનેલ અપરાધી પોતાને બચાવે કે અન્ય કારણસર બળાત્કારનો ભોગ બનાવાયેલી સ્ત્રીનું ખુન કરી નાસી જતો હોય છે. કેટલીક વાર આવા પુરુષોની માનસિક વિકૃતિ વધતાં ખૂન થવાની શક્યતા વધે છે.

### 3.6.3 ગર્ભાધાનનો ભય

બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને ગર્ભાધાન થવાનો ભય રહે છે. ગર્ભાધાન થતાં અનૌરસ બાળક સમાજમાં સ્વીકૃત બનતાં નથી. ગર્ભાધાનથી સ્ત્રી વિકટ પરિસ્થિતિમાં મુકાય છે અને આને લીધે સ્ત્રીને અપમાનજનક સ્થિતિમાં મુકાવવું પડે છે.

### 3.6.4 કૌટુંબિક ભંગાણ

બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને કૌટુંબિક ભંગાણ થવાની શક્યાતાને નકારી ન શકાય. કારણ કે બળાત્કારનો અનુભવ કુટુંબ માટે ઘણો જ આઘાત જનક છે. અપરિણીત હોય તો માતા પિતા અને પરિણીત હોય તો પતિ, સાસુ, સસરા કે માતા-પિતા અને ભાઇઓ તથા નિકટના સગા કેટલીક વખતા બળાત્કારનાં કિસ્સામાં સ્ત્રીની જાતીય પવિત્રતા ઉપર શંકા ઉઠાવે છે. કુટુંબની પ્રતિષ્ઠા પર આની વિપરીત અસર પડે છે. આ બધાથી કુટુંબ જીવનમાં ભંગાણ ઊભુ થાય છે.

### 3.6.5 સ્ત્રી માનસ પર વિપરીત અસર

બળાત્કારની ઘટનાની સ્ત્રી માનસ પર અસહ્ય અને વિપરીત અસર પડે છે. કૌટુંબિક અને સામાજિક પ્રતિષ્ઠા પર આની અસર હાનિકર્તા હોય છે.

બળાત્કાર બાદ સ્ત્રીને શરમ, સંકોચ, લઘુતાગ્રંથી ભય અને અનેક વિટંબણાનો સામનો કરવો પડે છે. એ કેટલીક વાત કોઇને કહી નથી શકતી અને સહી પણ નથી શકતી.

### 3.6.6 આત્મહત્યા

બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી ઘણીવાર આત્મહત્યા તરફ દોરાય છે. બળાત્કારનાં બનાવ પછી સતત રોકટોક, પૂછતાછ, માનસિક વ્યગ્રતા અને નિરાશા, તબીબી પરીક્ષણ, ન્યાય પ્રક્રિયા આ બધાથી સ્ત્રી વ્યથિત થઇ જાય છે અને યાતનામય પરિસ્થિતિમાં મુકાઇ જાય છે. આ સમયે એને યોગ્ય માર્ગદર્શન કે સહારો ન મળે તો આત્મહત્યાનો માર્ગ પણ અપનાવે છે.

### 3.6.7 અનુકૂલનમાં અવરોધ

બળાત્કારની ઘટના સ્ત્રીને સ્વાભાવિક જીવન જીવવા દેતી નથી. થોડા સમય સુધી તો એને માનસિક અનુકૂલન માટે સતત પ્રયત્નો કરવા પડે છે. એ ઉંડા આઘાત અને હૃદય દ્રાવક પરિસ્થિતિમાં મુકાઇ જાય છે. સ્ત્રીના માનસિક જીવન પર દુરોગામી અસર પડે છે બળાત્કાર તેનાં તન મન પર જે અસર કરે છે એ આઘાતમાં વ્યક્તિગત અને કૌટુંબિક અનુકૂલન કરવું મુશ્કેલ છે.

## 3.7 બળાત્કારની સમસ્યાનો ઉકેલ

બળાત્કારની સમસ્યાને નિયંત્રિત કરવાના ઉપાય તરીકે નીચેના પગલાં લઇ શકાય.

### 3.7.1 કાયદાની અસરકારકતા વધારવી

બળાત્કારનું નિવારણ કરવા કાયદાની અસરકારકતા વધારવી જોઇએ બળાત્કાર કરનારને સખતમાં સખત સજા થવી જોઇએ. આજે લોકો એક અથવા બીજા કારણોસર બળાત્કારીઓને છોડાવી દેતા હોય છે. પરંતુ કાયદાની અસરકારકતા વધારવી જોઇએ. જે વ્યક્તિ બળાત્કાર કરે છે તેને આજીવન કેદની સજા થવી જોઇએ જેનું જાણીને જોઇને બીજી વ્યક્તિ આ પ્રકારનું કૃત્ય કરતાં અટકશે.

1983ના સુધારેલા ફોજદારી કાયદાથી બળાત્કારની સમસ્યાને નિયંત્રિત કરવા કેટલીક અગત્યની જોગવાઇ કરવામાં આવી છે. બળાત્કારનાં ગુનો કોગ્નિઝેબલ ગુનો છે. એટલે કે પોલીસ હકુમતનો ગુનો ગણાય છે.

કાનૂની પરિભાષામાં જેને custodian rape એટલે કે રક્ષક તરીકે ફરજ બજાવતા સંસ્થાના અધિકારી જેમાં પોલીસ ખાતું, હોસ્પિટલ, જેલ, રિમાન્ડ હોમ, રાજ્ય સેવક, ડૉક્ટર, વ્યવસ્થાપક વગેરેનો સમાવેશ થાય છે. આવા રક્ષક પોતે અપરાધી હોય કે સામૂહિક બળાત્કારનો કિસ્સો હોય તો અપરાધીને ઓછામાં ઓછા દશ વર્ષની કેદની સજાની જોગવાઇ છે.

### 3.7.2 પુરુષ માનસ બદલાવું જોઇએ :

મારા અમદાવાદનાં અભ્યાસમાં 37.5% ઉત્તરદાતાઓ માને છે કે પુરુષનું માનસ આ અંગે બદલાવું જોઇએ. 62.5% ઉત્તરદાતાઓ આને સમર્થન આપતાં નથી. પુરુષ માનસ બદલવું એટલે

પિતૃસત્તાક વિચારસરણીમાં પરિવર્તન લાવવું સ્ત્રીએ એવું માનવાની જરૂર નથી કે તે પુરુષથી ગૌણ છે અને આ મક્કમતા પુરુષ માનસને બદલી શકે છે. પુરુષો સ્ત્રીને એક વ્યક્તિ તરીકે નહીં પરંતુ સ્ત્રી-અબળા તરીકે જુએ છે. પુરુષોમાં આ અંગે કેટલાક મૂલ્યો પ્રસ્થાપિત કરવાં જોઇએ. જેમ કે,

1) સ્ત્રીઓને માનની દ્રષ્ટીએ જોવું જોઇએ.
2) સ્ત્રીએ કોઇ વાપરવાની ચીજવસ્તુ નથી.
3) સ્ત્રીઓ જે પણ ભૂમિકા ભજવતી હોય તેની ભૂમિકાને માન આપવું જોઇએ.

આની સામે સ્ત્રીઓએ પણ પુરુષ સાથે માન મર્યાદાથી વાત-ચીત કરવી જોઇએ એનું વર્તન વ્યવહાર પરપુરુષને ઉત્તેજે એવા ન હોવા જોઇએ, સ્ત્રીએ પોતાની ભૂમિકામાં સ્વચ્છંદતા ન આચરવી જોઇએ, સ્ત્રીઓએ અંગ પ્રદર્શન ન કરવું જોઇએ. આમ કુટુંબમાં સ્ત્રી અને પુરુષનું સરખાપણું - સામ્યતા આચરવા જોઇએ. જો કે 62.5% ઉત્તરદાતાઓનું માનવું એવું રહ્યું છે કે, આ જરૂરી નથી.

### 3.7.3 સ્ત્રીઓએ એવી તક આપવી જોઇએ નહીં

સ્ત્રીઓએ પોતાનાં કપડાં, વાણી કે વર્તન એવું ન કરવું જોઇએ કે જેથી પુરુષને આ અંગેની તક મળે અને એનાં પર બળાત્કાર થાય. સ્ત્રીનું વર્તન ભારતીય સંસ્કૃતિને અનુરુપ હોવું જોઇએ.

### 3.7.4 સામાજિકરણમાં ખામી

વ્યક્તિનાં સામાજિકરણમાં ખામી હોય તો પુરુષ આ પ્રકારનું કૃત્ય આચરે છે. ઘણીવાર સામાજિકરણ યોગ્ય રીતે થયું હોય પરંતુ તેઓની વ્યક્તિગત વિકૃત્તિ કે અક્ષમતા તેમને આ તરફ દોરે છે. તો કેટલીક વાર બાહ્ય કારણો પણ આને માટે જવાબદાર હોય છે.

### 3.7.5 રાત્રે એકલા બહાર ન જવું

સ્ત્રીઓએ મોડી રાત્રે સુમસામ રસ્તાઓ હોય ત્યાં એકલા ન જવું જોઇએ. કારણ કે આને લીધે કેટલાક અસામાજિક તત્વોને છૂટો દોર મળે છે. કેટલાકનાં મતે આ એક રૂઢિગત ખ્યાલ છે. ગુજરાતમાં અને એમાંય અમદાવાદમાં આ પ્રકારનાં કિસ્સા ઓછા મળે છે. વળી સામાન્ય રીતે સ્ત્રીઓ એકલી બહાર જતી નથી પરંતુ તેમની સખી કે કુટુંબીજનો સાથે બહાર જાય છે. આથી આ બાબત સાથે તેઓ સંમત નથી.

### 3.7.6 સ્વબચાવની પ્રયુક્તિ

જ્યારે બળાત્કારની ઘટના બને છે ત્યારે સ્ત્રીની અનિચ્છાએ એનાં પર દબાણયુક્ત પ્રવૃત્તિ કરવામાં આવે છે. આવા સમયે જો સ્ત્રીને કરાટે કે સ્વબચાવની પ્રયુક્તિ આવડતી હોય તો તેનો બચાવ કરી શકે છે. સ્ત્રીઓનાં સામાજિકરણમાં નાનપણથી આ તાલીમ આપવી જોઇએ. બ્રાઉન અને નીલર પણ આ બાબતને સમર્થન આપે છે કે સ્ત્રીઓને રમત-ગમત અને સ્વબચાવની પ્રવૃત્તિમાં વધુને વધુ પ્રોત્સાહન આપવું જોઇએ. આ માટે જરૂરી વ્યવસ્થા કરવી જોઇએ.

### 3.7.7 સંગઠનોની ઝૂંબેશ

સ્ત્રીઓ માટે કાર્ય કરતાં કાર્યજૂથોને આ અંગે પ્રોત્સાહન આપવું જોઇએ. આવી કોઇ ઘટના બને ત્યારે ગુનેગાર વિરૂધ્ધ પગલાં લેવા બધા સ્ત્રી સંગઠનોએ એક થવું જોઇએ. જે સ્ત્રી બળાત્કારનો ભોગ બની હોય તેને નૈતિક હિંમત સંગઠનોએ આપવી જોઇએ. એમાં હસ્તક્ષેપ ન કરવો જોઇએ. તેને ન્યાય મળે તે માટે પૂરતા પ્રયત્ન કરવા જોઇએ. પોલીસ સ્ટેશને આવા કિસ્સા નોંધાવવા જતા ઘણી સ્ત્રીઓ ડરે છે ત્યારે સ્ત્રી સંગઠનોએ એક થઇ તેઓની ફરિયાદ નોંધાવવી જોઇએ. ગુનાહિત વ્યક્તિને માટે બધી સ્ત્રી સંસ્થાઓનું વલણ એક સરખુ હોવું જોઇએ. આવા સમયે સ્ત્રી કર્મશીલોએ કોઇનાં દબાણ કે ધાકધમકીને વશ થવું જોઇએ નહીં.

ભારતમાં આ અંગે થયેલા વિવિધ કિસ્સાઓની નોંધ અગાઉ કરી છે. તાજેતરમાં બનેલો અમદાવાદનો બીજલ જોષીનો કિસ્સો સામૂહિક બળાત્કારનો હતો. બધી સ્ત્રી સંસ્થાઓ જો એક થઇ આ અંગેના પ્રયત્નો કર્યા તો સરકારે અને પોલીસે બળાત્કારીઓને પકડવા પડ્યા અને તેમને શિક્ષા પણ થઇ.

જો કે આ કર્મશીલો માને છે કે આપણે મૂલ્યોમાં પરિવર્તન લાવવું જોઇએ. સત્તાવાહી વલણ

એ પુરુષ આધીન હોય કે જ્ઞાતિ અને વર્ગ આધારીત એને ત્યજવું જોઇએ. કારણ કે સત્તાવાળા લોકો આવી ઘટનાને દબાવી દે છે. એકલ દોકલ ઘટનાને જો સ્ત્રી સંગઠનનું બળ મળતું નથી તો પોલીસ એને ગણકારતી નથી., ઘણી વાર તો રાજકીય નેતાઓ બદલો લેવા કે સત્તાનું પ્રદર્શન કરવા આવું કૃત્ય આચરતા હોય છે. તેમાં જ્ઞાતિ કે મસલ્સ પાવર મહત્વનાં છે એની સામે સ્ત્રી સંગઠનોએ એક સાથે અવાજ ઉઠાવવો જોઇએ.

### 3.7.8 ખાસ અદાલત :

બળાત્કારના અપરાધોમાં ન્યાયકાર્ય માટે ખાસ અદાલતો રચવાનું સૂચન થયેલું છે અને આવી અદાલતોની શરૂઆત પણ થઇ છે. મહિલા પોલીસ, મહિલા વકીલો, વગેરે દ્વારા સઘન કાર્યવાહી કરી સ્ત્રીની માનહાનિ થતી અટકાવી શકાય.

### 3.7.9 સ્વરક્ષણની તાલીમ

જ્યારે સ્ત્રી એકલી બહાર જાય છે. ત્યારે બળાત્કારથી બચવા, રક્ષણ મેળવવા ખાસ શારીરિક તાલીમની આવશ્યક્તા છે. સ્ત્રીઓને જ્યુડો અને કરાટેની તાલીમ દ્વારા સ્વબચાવ માટે ઉપયોગી થઇ શકે છે.

### 3.7.10 જેન્ડર સંવેદનશીલતા કેળવવી

બળાત્કારના કિસ્સા સમાજમાં સ્ત્રી માટે હીનતાની ભાવના જન્માવે છે. આ એક પ્રકારનું એવું કૃત્ય છે કે જેમાં સ્ત્રી અને પુરુષ બંનેનો સંવેદનશીલતા જગાવવાની જરૂર છે. સમાજના વિવિધ સમૂહ જેવા કે પોલીસ તંત્ર, ન્યાયતંત્ર, રાજકારણીઓ, સામાજિક કાર્યકરો અને મહિલા સંગઠનોમાં આવશ્યક સંવેદનશીલતા જગાવવી જોઇએ. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને માટે કુટુંબે અને સમાજે સહાનુભૂતિ પેદા કરવી જોઇએ.

ટૂંકમાં સ્ત્રીનું મનોબળ, સ્વબચાવની તાલીમ અને કાનૂન તથા સામૂહિક પ્રયત્નો અને દબાણથી બળાત્કારની સમસ્યાને હળવી બનાવી શકાય.

## 3.8 સારાંશ

બળાત્કાર એટલે પુરુષ દ્વારા સ્ત્રી ઉપર બળજબરી પૂર્વકનો આચરવામાં આવતો જાતીય સંભોગ. ભારતમાં બળાત્કારનું પ્રમાણ ચિંતાજનક છે. બળાત્કારનાં જુદા જુદા પ્રકારો જોવા મળે છે. ભારતમાં બળાત્કાર વિરોધી નારી આંદોલનો પણ થયા છે. બદલાની ભાવના, સ્ત્રી જાતિ, એકાંત, જાતીય શોષણની ઇચ્છા, વેશ્યા વ્યવસાય, સમૂહ માધ્યમો, પ્રલોભન અને ધમકી, ઉત્તેજનાત્મક હાવભાવ અને પોશાક, પુરુષનું સત્તાવાહી વલણ વગેરેને લીધે બળાત્કાર જેવી સમસ્યા સર્જાય છે. બળાત્કારની અસરો સમાજ પર વિપરીત પડે છે. આને લીધે સ્ત્રીનું અપમાન ખૂન પણ થઇ શકે છે. અનૈતિક ગર્ભાધાનનો ભય રહે છે, કૌટુંબિક ભંગાણ થાય છે અને સ્ત્રી માનસ પર વિપરીત અસર થાય છે. કેટલીક વાર તો આત્મહત્યા પણ થાય છે. આ ગંભીર સમસ્યાને નિવારવા કાયદાની અસરકારક્તા વધારવી જોઇએ આ માટે ખાસ અદાલતની નિમણૂંક કરવી જોઇએ અને સ્ત્રીઓને સ્વરક્ષણની તાલીમ આપવી જોઇએ અને સંવેદનશીલતા કેળવવી જોઇએ.

## 3.9 તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન-1 બળાત્કાર એટલે શું ? ભારતમાં બળાત્કાર વિરોધી આંદોલન વિશે ચર્ચા કરો.

પ્રશ્ન-2 બળાત્કારનાં વિવિધ પ્રકારો જણાવી પુરુષ પ્રધાનતા સાથે એનો સંબંધ જણાવો.

પ્રશ્ન-3 ભારતમાં સ્ત્રીઓ પર થતાં બળાત્કારના વિવિધ કારણો જણાવો.

પ્રશ્ન-4 બળાત્કારની સ્ત્રી જીવન પર પડેલી વિવિધ અસરો વર્ણવો.

પ્રશ્ન-5 બળાત્કારની સમસ્યાનાં ઉકેલની વિવિધ રીત જણાવો.

# એકમ - 4 ભૃણહત્યા

**એકમની રૂપરેખા**


4.0 પ્રસ્તાવના
4.1 ભૃણહત્યાનો અર્થ
4.2 એમ્નિયોસિન્ટેસિસ અને જાતિ ભેદભાવ
4.3 ગર્ભપાત
4.4 સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ
4.5 ભૃણહત્યાનાં કારણો
    4.5.1 પુરુષપ્રધાન સમાજ
    4.5.2 સ્ત્રીનું ગૌણ સ્થાન
    4.5.3 જ્ઞાતિ પ્રથા
    4.5.4 ભારતીય કુટુંબ પ્રથા
    4.5.5 પુત્રનું મહત્ત્વ
    4.5.6 જાતીય ભિન્નતા(લિંગભેદ)
    4.5.7 સ્ત્રી અંગેના પરંપરાગત વલણો
    4.5.8 ધાર્મિક કારણ
    4.5.9 આર્થિક કારણ
4.6 ભૃણહત્યાનાં પરિણામો
4.7 ભૃણહત્યાની અટકાયત
    4.7.1 સરકારી પ્રયાસો
    4.7.2 સમાજની જવાબદારી
4.8 સારાંશ
4.9 તમારી પ્રગતિ ચકાસો


## 4.0 પ્રસ્તાવના

ભારતમાં તેના સ્થાપિત સામાજિક સંભાળ ઓછા પ્રમાણમાં ઉપલબ્ધ છે. સ્ત્રીઓની આરોગ્ય વિષયક જ નહીં પરંતુ સામાજિક સમસ્યામાં ગંભીર કહી શકાય તેવી સામાજિક સમસ્યા ભૃણહત્યા છે. ભૃણહત્યા શું છે ? ભારતીય સ્ત્રીનાં દરજ્જા અને (sex ratio)જાતિ પ્રમાણ સાથે એને શું સંબંધ છે અને આ માટેના જવાબદાર પરિબળો ક્યા છે તથા એની અસર શું નીપજે છે એને કેવી રીતે અટકાવી શકાય વગેરે અંગેની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

## 4.1 ભૃણહત્યાનો અર્થ

ગર્ભમાં રહેલા બાળકની હત્યા એ ભૃણહત્યા છે. સ્ત્રીભૃણહત્યાનાં સંદર્ભમાં જોઇએ તો ગર્ભમાંથી ફલિત થતા સ્ત્રી બાળકની જન્મતા પહેલા જાણી જોઇને હત્યા કરવી એ ભૃણહત્યા છે.

બાલિકા હત્યા તથા બાલિકા ગર્ભહત્યા (Female Infanticide and Foetal Killing)

જન્મ બાદ તરત જ અથવા જન્મ પહેલાં ગર્ભમાં હોય ત્યારે જ બાલિકાની હત્યા થતી હોય છે. અમુક આદિવાસીઓ અને જ્ઞાતિ-કોમમાં, જેવી કે તામિલનાડુના કલ્લરોમાં બાલિકાની જન્મ બાદ હત્યા એ ખૂબ જ સામાન્ય બાબત જોવા મળે છે. દારુણ ગરીબીમાં કલ્લરો જીવન ગુજરાતા હોય છે. આજીવિકા પ્રાપ્તિ માટે તેઓ ગેરકાયદેસર દારૂ ગળવાની ભટ્ઠીમાં તથા નાળિયેરના બગીચામાં મજૂરી કરતા હોય છે. આવા કામમાં વધુ પુરુષોનો સાથ જોઇતો હોય છે. બાલિકાનો જન્મ તેમને માટે બોજારૂપ બને છે, કેમ કે તેને માટે યોગ્ય કામનો અભાવ હોય છે તથા તેના લગ્નમાં દહેજ આપવું પડતું હોય છે તથા લગ્ન બાદ તેના સાસરીના કુટુંબીઓને પ્રસંગોપાત ભેટસોગાદો પણ આપવી પડતી હોય છે.

કેટલાક શહેરી વિસ્તારોમાં બાલિકા ગર્ભ હત્યા [illegible] સમસ્યા છે. તબીબી રોગનિદાનની

એમ્નિયોસિન્ટેસિસ નામે ઓળખાતી પ્રક્રિયાનો ઉપયોગ અમેરિકામાં જન્મ પામેલાં બાળકમાં થતી ખોડખાંપણ જાણવા-દૂર કરવા માટે તેનો ઉપયોગ થાય છે. જ્યારે ભારતમાં માતાપિતા પોતાના વણજન્મ્યા બાળકની જાતિ જાણવા માટે તેનો વધુ ને વધુ ઉપયોગ કરવા લાગ્યા છે. જાતિપરીક્ષણ કસોટીનો આ સૌથી વધુ દુરુપયોગ છે અને તે કેટલાક નગર વિસ્તારોમાં ગંભીર સમસ્યારૂપ પ્રશ્ન બની ચૂક્યો છે. આમ નવી રીતે, નવા સ્વરૂપે, બાલિકાની હત્યા કરવામાં આવી રહી છે. બાલિકા ગર્ભમાં હોય તો ગર્ભપાત કરાવીને બાલિકાની હત્યા થઇ રહી છે. 1984 દરમિયાન મુંબઇમાં કરેલા એક સર્વેક્ષણમાં જણાયું હતું કે એકંદર થયેલા 8000 ગર્ભપાતના કિસ્સાઓમાં 7999 કિસ્સામાં ગર્ભપાતમાં બાલિકા ભ્રૂણહત્યા હતી (NPPW 1998 : 98)

## 4.2 એમ્નયોસિન્ટેસિસ અને જાતિ ભેદભાવ

સ્ત્રી ભ્રૂણહત્યા જાતિભેદભાવ સાથે સંકળાયેલ છે. આ માટે એમ્નયોસિન્ટેસિસ અને જાતિ ભેદભાવને વધુ સ્પષ્ટ રીતે સમજવા જરૂરી છે.

તમે કદાચ સાંભળ્યું હશે કે એમનિયો સિન્થેસિસની પ્રક્રિયા દ્વારા ગર્ભવતી સ્ત્રીના શરીરમાંથી એમિનોએટિક પ્રવાહી કાઢવામાં આવે છે અને તેના પરીક્ષણ દ્વારા ગર્ભમાં રહેલા બાળકના સ્વાસ્થ્ય અંગે જાણકારી પ્રાપ્ત કરવામાં આવે છે. અમુક બાળકોમાં જન્મજાત કેટલીક ત્રુટિ કે ખોડખાંપણ જોવા મળતી હોય છે. આથી આ પરીક્ષણ દ્વારા બાળકની જાતિ કે લિંગ જાણવામાં આવે છે અને કોઇપણ પ્રકારની ખોડખાંપણ કે ત્રુટિ બાળક ધરાવે છે કે નહિ તે જાણી શકાય છે. આ ટેસ્ટનો હેતુ બાળકની જાતિ કે લિંગ તપાસવાનો નથી. માત્ર શારીરિક ખામી કે અન્ય ખામી જાણવાનો છે, છતાં જન્મ પહેલાં જાતિપરીક્ષણ કરવામાં તેનો દુરુપયોગ થઇ રહ્યો છે. 1985ના વર્ષમાં બૃહદ મુંબઇ વિસ્તારનો એક અભ્યાસ દર્શાવે છે કે એમ્નિયોસિન્ટેસિસ બાદ મધ્યમ વર્ગીય કુટુંબોમાં જ્યાં કોલેજ શિક્ષણ પ્રાપ્ત થયું હશે, તેવાં કુટુંબોમાં ચાલીસ હજાર બાલિકાઓની ગર્ભઅવસ્થામાં જ હત્યા કરવામાં આવી હતી.

## 4.3 ગર્ભપાત

જેમ સ્ત્રીઓને મોતને ઘાટ ઉતારવામાં આવે છે તે રીતે ગર્ભમાં જો સ્ત્રી બાળક હોય તો એમ્નીઓસેન્ટેસીસ કસોટીથી તે જાણી લઇને એવી સ્ત્રી ગર્ભપાત કરાવવાની ફરજ તેનાં સાસરિયાં તરફથી પાડવામાં આવે છે. સુનિતા ચતુર્વેદીનો કેસ મુબંઇમાં બન્યા પછી મહારાષ્ટ્રની સ્ટેટ એસેમ્બલીમાં આવા ટેસ્ટ કરી ગર્ભાવસ્થાનો અંત લાવવા (જેથી સ્ત્રીની જિંદગી પણ જોખમમાં આવી પડે છે) વિરુદ્ધ કાયદો કરવામાં આવ્યો છે. ધી મહારાષ્ટ્ર રેગ્યુલેશન ઓફ યુઝ ઓફ પ્રીનેટા ડાએગ્નોસ્ટીક ટેક્નીક્સ એક્ટ, 1988). આ માટે કેન્દ્ર સરકાર કાયદો કરે એવી માંગણી થઇ રહી છે અને એ વિષેનું બીલ પાર્લામેન્ટમાં મૂકાયું છે. ગુજરાતમાં આનો વગદાર વર્તુળો તરફથી વિરોધ થઇ રહ્યો છે.

ભારતીય દંડ સંહિતાની કલમ 312 પ્રમાણે જે કોઇ વ્યક્તિ સ્વૈચ્છાથી કોઇ ગર્ભવતી સ્ત્રીનો જાન બચાવવાનો હેતુથી શુદ્ધ બુદ્ધિપૂર્વકનો ન હોય તો તેને 3 વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે. જો સ્ત્રીના ગર્ભમાં બાળક ફરકતું થયું હોય અને એ ગર્ભપાત કરાવવામાં આવે તો આવી શિક્ષા સાત વર્ષસુધીની કેદની અને દંડની એમ બંને પ્રકારની હશે. જે કોઇસ્ત્રી પોતે જ પોતાનો ગર્ભ પાડી નાંખે અથવા તેમ કરાવે તે આમાં સમાવિષ્ટ છે. ઉપરનું કાર્ય જો સ્ત્રીની સંમતિ વિના કરવામાં આવ્યું હશે તો તેમ કરનારને 10 વર્ષ સુધીની કેદની શિક્ષા અને દંડ થશે (કલમ 313). આ પ્રમાણે ગર્ભપાતનું કાર્ય કરતાં જે પાત્ર ઠરશે. (કલમ 314).

ગર્ભપાતને મોટાભાગના માણસો એક સામાજિક શસ્ત્રક્રિયા માને છે. એબોર્શન એક જીવતા જાગતા નિર્દોષ જીવની સુવ્યવસ્થિત અને ઘાતકી હત્યા છે. ગર્ભમાં જીવની હયાતી તો ગર્ભાધાન થતાં વાર જ થઇ જાય છે અને માતાને ખબર પડે કે તે ગર્ભવતી છે ત્યાં સુધીમાં તો એની કુખના બાળકનાં મગર-હૃદય બધુ વિકસી ગયું હોય છે.

- આ ક્રિયામાં માતાપિતા જાણે છે કે પોતાના ગર્ભમાં રહેલા બાળકની નિર્દયતાથી યાતના દઇ હત્યા કરવાની છે.
- બાળકના શરીરનાં ટૂકડે ટૂકડા કરવાના છે એચીરાયેલા/કાપેલા/હત્યા કરાયેલા ટુકડાને બહાર ખેંચી કચરાના ઢગલામાં ફેંકી દેવામાં આવે છે.
- જન્મતા પહેલાં કુમળું બાળક મરણને શરણ થાય છે.

આમ ભ્રૂણહત્યા એટલે,

- ગર્ભમાંથી ફલિત થતાં સ્ત્રી બાળકની જન્મતા પહેલા જાણી જોઇને હત્યા કરવી.
- માનવ અધિકારોનું ઘોર ઉલ્લંઘન છે.
- ગર્ભવતી મહિલાઓનાં મૌલિક અધિકાર પર તરાપ મારે છે.
- ગર્ભમાં પોષણ થવાવાળી શિશુકન્યાને જીવિત રહેવાના અધિકારથી વંચિત રાખવામાં આવે છે.
- સ્ત્રી અસમાનતા સૂચક છે.
- વૈદકીય ક્ષેત્રની આચાર સંહિતાનો ભંગ કરતી પ્રક્રિયા છે.

## 4.4 સ્ત્રી પુરુષ જાતિ પ્રમાણ

20મી સદીમાં ભારત અને તેનાં રાજ્યોમાં સ્ત્રી અને પુરુષનું જાતિ પ્રમાણ જોઇએ તો સ્પષ્ટ થશે ભ્રૂણહત્યા સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણને અસર કરે છે.

**સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ**

| વર્ષ | ભારત | ગુજરાત |
|---|---|---|
| 1901 | 972 | 954 |
| 1911 | 964 | 946 |
| 1921 | 955 | 944 |
| 1931 | 950 | 945 |
| 1941 | 945 | 941 |
| 1951 | 946 | 952 |
| 1961 | 941 | 940 |
| 1971 | 930 | 934 |
| 1981 | 934 | 942 |
| 1991 | 929 | 934 |
| 2001 | 933 | 919 |

*(સેન્સસ ઓફ ઇન્ડિયા : 2001)*

ભારતની વસ્તીમાં 1901માં પ્રત્યેક 1000 પુરુષો દીઠ સ્ત્રીઓનું પ્રમાણ 972 હતું. જે 2001માં ઘટીને 933 થયું છે. 1981ના દશકાને બાદ કરતાં બાકીના બધા દશકાઓમાં લિંગપ્રમાણમાં થોડો થોડો ઘટાડો થતો રહ્યો છે. ભારતનાં જુદા જુદા રાજ્યોમાં આ જાતિપ્રમાણમાં તફાવત જોવા મળે છે. જેમ કે કેરાલામાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યુ વધુ છે. પરંતુ પંજાબ અને હરીયાણામાં એનું પ્રમાણ ઘણું ઓછું છે.

વર્ષ 2001ની વસ્તી ગણતરી પ્રમાણે હજાર પુરુષોની સરખામણીમાં ગુજરાત રાજ્યમાં માત્ર 919 સ્ત્રીઓનું પ્રમાણ છે. વર્ષને અંતે કેટલીય બાળકીઓ અદશ્ય થઇ રહે છે. એમાં પણ 0-6 વર્ષની સ્ત્રીઓમાં જોઇએ તો ભ્રૂણહત્યાનો નગ્નચિતાર સ્પષ્ટ થશે. જેમ કે, રીપોર્ટ મુજબ ભારતમાં 2001ની વસતિ ગણતરીના 0-6ના વયજૂથમાં પંજાબમાં 793 અને હરીયાણામાં 820નું જાતિપ્રમાણ છે. ગુજરાતમાં 1991માં 0-6ના વયજૂથમાં 928 સ્ત્રીઓ હતી જે 2001માં 878 થઇ છે. ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં 0-6ની વર્ષની વયજૂથમાં જાતિ-ગુણોત્તર પ્રમાણ જોઇએ તો, મહેસાણા જિલ્લામાં એ ચિંતાજનક છે. (798) જ્યારે ડાંગમાં એ સૌથી સારો 974 છે.

**જાતિ ગુણોત્તર ઘટાડાના શક્ય કારણો જોઇએ તો :**

- પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું જન્મવાનું ઓછું પ્રમાણ.
- પુરુષો દ્વારા થતું સ્થળાંતર
- પુરુષ પ્રધાન સમાજના કારણે પુરુષોને સ્ત્રીઓની સરખામણીમાં અપાતું પ્રાધાન્ય
- બાળકીઓનાં ઉછેરમાં લેવાતી બેદરકારી

- પુરુષ બાળકને અપાતુ મહત્વ અને સ્ત્રીના ભ્રૂણહત્યા

આમ આવનાર વર્ષોમાં 0-6ના વયજૂથનો જાતિ ગુણોત્તર હજુ પણ ઘટતો જશે તો સ્ત્રીઓની અછત સમાજને વિકૃત કરી નાંખશે.

દિલ્હીના એક પ્રતિષ્ઠિત ડૉકટરનું કહેવું છે કે એમની પાસે ગર્ભ પરિક્ષણ માટે મહિલાઓને લાવવાવાળામાં 98% લોકો એવા હોય છે, જે દીકરી ઇચ્છતા નથી, દીકરો ઇચ્છે છે. દિલ્હીમાં આ ક્ષેત્રમાં કાર્યરત બધાં દવાખાનાઓના અનુભવ કંઇક એવો જ છે. ત્યાં દંપતી કન્યા-ભ્રૂણની હત્યા કરાવવા માટે આવે છે. જો કે ગર્ભવતી મહિલાઓ પારિવારિક દબાણને કારણે અનિચ્છાએ જ આ ધૃણિત કાર્ય માટે તૈયાર થાય છે. પરિણામ સ્વરૂપ દિલ્હી મહાનગરમાં છોકરા અને છોકરીઓનો વાર્ષિક જન્મદર 55 અને 45ના પ્રમાણથી એ વખતે છે, જયારે આ લખાઇ રહ્યું છે. ભવિષ્યમાં સ્થિતિ શું હશે, એનું ફક્ત અનુમાન જ લગાવી શકાય છે.

આ રીતે sex-ratio સતત પુરુષ તરફી રહ્યો છે. કેટલાક રાજયોમાં જાતિપરીક્ષણ માટેના ક્લીનીક આ પ્રકારનાં ગેરકાયદેસરનાં ગર્ભપરીક્ષણ અને ગર્ભહત્યા કરાવે છે.

એક અંદાજ મુજબ અમદાવાદમાં દર વર્ષે 10 હજારથી વધુ, વડોદરામાં દર વર્ષે 6 હજાર અને રાજકોટમાં દર વર્ષે 4 હજાર જેટલી ભ્રૂણહત્યા થાય છે.

ભારતમાં જે રીતે સ્ત્રીઓની ભ્રૂણહત્યા થાય છે તેના યુનાઇટેડ નેશન્સ પણ ચિંતિત છે.

## 4.5 ભ્રૂણહત્યાનાં કારણો

ભ્રૂણહત્યા એક કરતાં વધુ કારણોથી સંભવે છે. એની કેટલીક માહિતી જોઇએ તો.

### 4.5.1 પુરુષ પ્રધાન સમાજ

દુનિયાના મોટાભાગના સમાજોમાં પિતૃપ્રધાન કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. આવા પિતૃપ્રધાન સમાજોને પિતૃપ્રધાન કે પુરુષ પ્રધાન સમાજ કહેવાય. અપવાદરૂપ સમાજો કે સમુદાયમાં માતૃપ્રધાન કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. પુરુષ પ્રધાન સમાજમાં પુરુષ હસ્તક નિર્ણય લેવાથી સ્ત્રીનું ગૌણ સ્થાન રહે છે. પુરુષોનું આધિપત્ય સ્ત્રીને હક્કો અને તકમાં રૂકાવટ ઊભુ કરે છે. અને આ પુરુષ પ્રધાન સમાજમાં વલણ એવું રહ્યું છે કે સ્ત્રી કરતાં પુરુષ ચઢિયાતો છે. સ્ત્રીની ભ્રૂણહત્યા માટે આ રીતે કેટલેક અંશે જવાબદાર ગણી શકાય.

### 4.5.2 સ્ત્રીનું ગૌણ સ્થાન

સ્ત્રીની ભ્રૂણહત્યાની સમસ્યા સ્ત્રીનાં ગૌણ દરજ્જા સાથે સંકળાયેલી છે. શિક્ષણ, આરોગ્ય, આર્થિક, વિકાસ તથા ધાર્મિક ક્ષેત્રે એ ગૌણ સ્થાન ધરાવે છે. સ્ત્રીને આદર્શ સ્ત્રી બનવા માટે તાબેદારી અને સહનશીલતાનો સ્વીકાર કરવો પડે છે અને સમાજજીવનનાં લગભગ બધા પાસાંમાં સ્ત્રીની પરાધીનતા સૂચક બની રહે છે. એટલે સ્ત્રી જન્મ પુરુષ જન્મ જેટલો આવકારદાયક બનતો નથી અને કદાચ એને લીધો ભ્રૂણહત્યા થવાની શક્યતાને નકારી ન શકાય.

### 4.5.3 જ્ઞાતિ પ્રથા

સ્ત્રી પુરુષ અસમાનતા સ્ત્રીના નીચા સ્થાન અને સ્ત્રીની ભ્રૂણહત્યા માટે કેટલેક અંશે જવાબદાર ગણી શકાય. દરેક જ્ઞાતિને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે, જેમાં લગ્ન, કુટુંબજીવન, સ્ત્રીજીવન, ધર્મ, વ્યવસાય વગેરેને લગતાં નિયમોનાં પાલનનો ખાસ આગ્રહ રખાય છે. જે જ્ઞાતિઓ દહેજ, અધિલગ્ન, વરવિક્રય, વગેરે જેવી પ્રથા છે ત્યાં સ્ત્રીનો દરજ્જો વધુ બિન આવકારદાયક ગણાય છે અને આ સમસ્યામાંથી મુક્ત થવા છોકરીઓને જન્મતા અટકાવવા ગર્ભહત્યા કરાવે છે.

### 4.5.4 ભારતીય કુટુંબ પ્રથા

ભારતીય સંયુક્ત કુટુંબના કેટલાક લાભ છે તો કેટલાક ગેરલાભ છે. સંયુક્ત કુટુંબમાં રહેતી સ્ત્રી પર કેટલીક વાર પુત્રજન્મ માટે દબાણ કરે છે જે પુત્ર-વધૂ વધુ છોકરીઓને કે માત્ર છોકરીઓને જન્મ આપે છે તેને મ્હેણા ટોણા મારે છે. એનું માન-સન્માન જળવાતું નથી અને એ દ્વારા સ્ત્રી ભ્રૂણહત્યા માટે કુટુંબ પ્રણાલી કારણભૂત બને છે.

### 4.5.5 પુત્રનું મહત્વ

ભારતીય હિંદુ સંસ્કૃતિનાં મૂલ્યો જોઇએ તો લગ્નને એક પવિત્ર સંસ્કાર ગણવામાં આવે છે. આપણે જે સંસ્કૃતિ કે જીવન જીવવાના સાંસ્કૃતિક મૂલ્યો અપનાવ્યા છે તેમાં પુત્રજન્મને વિશેષ પ્રાધાન્ય

આપવામાં આવે છે અને એના નામે જ વંશ-વારસો આગળ ચાલે એવું સાંસ્કૃતિક ધોરણ રહેલું છે. પુત્ર જ વૃધ્ધાવસ્થામાં લાકડી બની રહે અને આધાર બની રહે એવી અદમ્ય ઈચ્છા લગભગ દરેક કુટુંબમાં હોય છે અને એ સાંસ્કૃતિક મૂલ્યને લીધે સ્ત્રી ભૃણહત્યા થતી રહે છે.

### 4.5.6 જાતીય ભિન્નતા (લિંગભેદ)

પરંપરાથી સ્ત્રી-પુરુષની ભૂમિકામાં લિંગભેદ પ્રવર્તે છે. લૈંગિક પાયા પર ભૂમિકા ભેદ સ્વીકાર્ય છે. સ્ત્રી અને પુરુષની ભૂમિકામાં ઘણો જ તફાવત સ્વીકારાયેલો છે. સ્ત્રીની ભૂમિકા ગૃહિણી અને કુટુંબ પૂરતી મર્યાદિત છે. કુટુંબનાં સભ્યોનું સામાજિકરણ, વડીલોની સેવા, બાળઉછેર ઉપરાંત માતા, પત્ની વગેરેની ભૂમિકા સ્ત્રીધર્મ છે. જ્યારે પુરુષ ઘરબહારની પ્રવૃત્તિઓ સાથે, શારીરિક શ્રમયુક્ત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે. સ્ત્રી-પુરુષની અસમાનતા જોતાં પુરુષ જન્મને પ્રાધાન્ય આપે છે અને સ્ત્રી ભૃણહત્યા વધારે છે.

### 4.5.7 સ્ત્રી અંગેના પરંપરાગત વલણો

ભારતીય સમાજમાં સ્ત્રી અને પુરુષ માટે બેવડાં ધોરણો જોવા મળે છે. વળી, આ ધોરણો અસમાન પણ છે. સમાજમાં નૈતિકસ્તર ઊંચુ લાવવા સ્ત્રીનાં કૌમાર્યની પવિત્રતા પર ભાર મુકાય છે અને સ્ત્રીને ત્યાં સુધ સલામતપૂર્વક સાચવવી અઘરી છે. એટલે સ્ત્રી જન્મ બહુ આવકારદાયક ગણવામાં આવતો નથી. બાળલગ્ન, તીપ્રથા, વિધવા પુર્નલગ્ન નિષેધ, વિધવા, બળાત્કાર, કુંવારી માતા, દેવદાસી પ્રથા વગેરે સ્ત્રી સહજ સમસ્યાઓ છે. આ સમસ્યાનો ભોગ સ્ત્રી ન બને એટલે જન્મતા પહેલા જ એને અટકાવવામાં આવે છે અને ભૃણહત્યા કરવામાં આવતી હશે.

### 4.5.8 ધાર્મિક કારણ

ભારતીય હિંદુધર્મ અનુસાર પુત્ર પ્રાપ્તિ એ લગ્નનાં ઉદ્દેશ્યો પૈકી એક મહત્ત્વનો ઉદ્દેશ્ય ગણવામાં આવે છે. માતિ,પિતા અને પૂર્વજોનું ઋણ ચુકવવા માટે શાસ્ત્રકારોએ પુત્રપ્રાપ્તિ અનિવાર્ય ગણાવી છે. 'પુ' નામના નરકમાંથી ઉગારે એ પુત્ર એવી વ્યાખ્યા બાંધવામાં આવે છે.

પુત્ર જ અગ્નિ સંસ્કાર કરી શકે, પિંડદાન કરીને પિતૃઓને શાંતિ આપી શકે. એ બાબત પણ ધાર્મિક છે.

માતાપિતા અને પૂર્વજો પ્રત્યેનું ઋણ ચુકવવા માટે શાસ્ત્રકારોએ પુત્રપ્રાપ્તિ અનિવાર્ય ગણી છે.

ધાર્મિક સાહિત્યમાં શ્રાદ્ધનું મહત્ત્વ છે અને બાધ્યક્રિયા માત્ર પુત્ર ' કરી શકે આમ કુટુંબનાં વંશવેલો જ નહીં પણ ધાર્મિક કારણોસર પુત્રનું મહત્ત્વ રહ્યું છે. આજે પણ ત્રી પોતાના પતિ તેમજ પુત્રોના લાંબા આયુષ્ય માટે તથા રક્ષણ માટે વ્રત કરે છે. પુત્ર જન્મ માટે બાધા, માનતા, દોરા, ધાગા રાખે છે. આ ધાર્મિક મહત્વમાં 'પુત્ર' અનિવાર્ય છે અને સ્ત્રી અનિવાર્ય જ છે એવું નથી. આ કારણથી પુત્ર ગર્ભહત્યા નથી કરાતી પણ સ્ત્રીની ગર્ભહત્યા થાય છે.

### 4.5.9 આર્થિક કારણ

સ્ત્રીઓનું આર્થિક પરાવલંબન સ્ત્રીઓની પરાધીનતાનું મૂળ છે. ભારતીય નારી પોતાની આર્થિક જરૂરિયાતા માટે પતિ, પુત્ર કે પિતા પર આધાર રાખતી આવી છે. સ્ત્રીનાં કામનું આર્થિક મૂલ્ય પણ નથી અંકાતુ અને આ આર્થિક પરાવલંબન એટલું રૂઢ અને સંસ્થીકૃત થયેલું છે કે સ્ત્રીઓને પારકી થાપણ ગણવામાં આવે છે. સ્ત્રી પાછળ થતો ખર્ચ ડેડ ઇન્વેસ્ટમેન્ટ છે. છોકરીની આવક ન મળે એને માટે માતા-પિતા બહુ મહેચ્છા રાખતા નથી. માતા-પિતાનું આર્થિક સંદર્ભમાં સ્થાપિત હીત છે. સ્ત્રીનું ગૌરવ, સ્વમાન તથી સ્વતંત્રતા આને લીધે જોખમાય છે. આ બધા આર્થિક કારણને લીધે સ્ત્રી જન્મતા પહેલા જ મારી નાંખવામાં આવે છે અને એની ભૃણહત્યા કરવામાં આવે છે.

આર્થિક કારણનાં સંદર્ભમાં ગરીબી અને બેકારી જેવા કારણો પણ જવાબદાર છે. આજે વધતી જતી મોંઘવારીમાં જ્યારે મર્યાદિત બાળકોની જરૂર હોય અને જો કુટુંબ ગરીબી કે બેકારીમાં સપડાયેલું હોય યો છોકરીને જન્મ આપી એની પાછળ પૈસા વેડફવા માગતા નથી. આને લીધે ગરીબી, બેકારી અને દેવલુ વધશે એવું તે માને છે.

અજ્ઞાનતા, વહેમ, અંધશ્રધ્ધા, પછાત વલણ, વ્યાપક નિરક્ષરતા, સ્ત્રીનો પોતાની જાત વિશેનો ખ્યાલ, વગેરે જેવા પરિબળોને લીધે કન્યાજન્મમાં ઓછો રસ રહે છે અને એને લીધે કન્યા ભૃણ હત્યા પણ થાય છે.

દહેજ પ્રથા ભારતની ઘણાં જ્ઞાતિ સમૂહોમાં દહેજ પ્રથા પ્રવર્તે છે. આ દહેજ પ્રથામાં જ્યાં વરવિક્રય પ્રથા છે ત્યાં માતાપિતા દહેજ માટે છોકરીઓને જન્મ આપતા ખચકાય છે અને છોકરાઓનાં જન્મને હોંશભેર વધાવે છે. કારણ કે એનાથી ભવિષ્યમાં દહેજની મોટી રકમ મળવાની હોય છે. આમ સ્ત્રી જન્મને બિન આવકારદાયક ગણી ભૃણહત્યા કરવામાં આવે છે. સોનાડા દેસાઈએ નોંધ્યું છે કે મુંબઈમાં જાતીય પરીક્ષણના સંદર્ભમાં એવા પોસ્ટર જોવા મળ્યા છે કે 'It is better to pay 500 Rs. now than 50,000 Rs. in dowary.

(Indu Agrewal and J. Kishare latter : 2005 : 2)

મેડીકલ પ્રોફેશનમાં પણ gender biased જોવા મળે છે. ઘણાં સુખી સંપન્ન કુટુંબો જેઓ મેડીકલના ક્ષેત્રમાં રોકાયેલા હોય તેઓ આ અંગેનું પરીક્ષણ કરી ગેર કાયદેસર ગર્ભહત્યા કરે છે અને એની પાછળનું એમનું કારણ એમનો આર્થિક લાભ જુએ છે.

## 4.6 ભૃણહત્યાનાં પરિણામો

- ભૃણહત્યાને લીધે આંકડાકીય માહિતી દ્વારા સાબિત થયું છે કે સ્ત્રી-પુરુષ પ્રમાણમાં અસમાનતા સર્જાશે અને એને લીધે સમાજમાં અનેક પ્રશ્નો ઊભા થશે.
- ભૃણહત્યા સ્ત્રીઓનાં માનવઅધિકારનો ભંગ કરે છે.
- જે સ્ત્રી સગર્ભ છે. તેના માનસિક અને શારીરિક રોગ વધારવામાં ભૃણહત્યા જવાબદાર છે કારણ કે એને મન જો બાળકનો જન્મ આનંદદાયક હોય તો સ્ત્રી બાળકની ભૃણહત્યાની પ્રક્રિયા એની માનસિક છેમાની પરિસ્થિતિ વધારે છે.
- જે રીતે ભારતમાં 0-6નાં વયજૂથમાં સ્ત્રીઓનું પ્રમાણ લગભગ બધા ધર્મમાં ઘટી રહ્યું છે. એને લીધે ભવિષ્યમાં ઘણાં પુરુષો અવિવાહીત રહેશે, બહુપતિત્વ પ્રથા વિકસશે, યોન અપરાધ વધશે.
- અલ્ટ્રાસાઉન્ડ મશીનનો આને લીધે દુરઉપયોગ થાય છે. વળી કાનૂનનો પણ ભંગ થાય છે.
- ગર્ભમાં રહેલા બાળકને જાણી જોઈને મારી નાંખવું એ ખૂની માનસ સૂચવે છે. આ પાશવી કૃત્ય સમાજમાં વ્યાપી બનતા હિંસા વધશે. પાપ-પૂણ્ય એવા મૂલ્યોનો હ્રાસ થશે.
- ગ્રામ્ય વિસ્તારોમાં પણ જ્યાં આ sex-ratio ઘટી રહ્યો છે ત્યાં યુવા છોકરીઓનું પ્રભાવી જ્ઞાતિના મોટી વયના લોકો અપહરણ કરતા હોય એવા કિસ્સા નોંધાયા છે. જેમ કે આસામ અને પશ્ચિમ બંગાળમાંથી યુવાન છોકરીઓને ઉપાડી જઈ હરીયાણામાં એને મોટી ઉંમરના પુરુષ સાથે પરણાવવામાં આવે છે. દિલ્હીમાં પણ આને લીધે સ્ત્રી-પુરુષનું અસમાન પણું વધ્યું છે.
- પુખ્ત ગર્ભ હોય અને ગર્ભપાત કરાવવામાં આવે ત્યારે ગર્ભસ્થનું મોત લાવવામાં ઘણી વાર માતાનું પણ આરોગ્ય ભયમાં મુકાય છે.
- સ્ત્રી તરીકે જન્મવાના અધિકાર પર તરાપ મરાય છે.
- સ્ત્રી અને પુરુષની અસમાનતા ઘટી નથી જતી પણ સતત વધતી રહે છે.
- આ રીતે જાણી જોઈને એક જીવની હત્યા કરવી એ બિન કાયદેસર કરાતું પાશવી કૃત્ય છે.

**ભૃણહત્યા એ શું નથી ?**

- ભૃણહત્યા એ આકસ્મિક મરણ નથી. કારણ કે એમાં માતા, એનાં કુટુંબીજનો, પતિ અને ડોક્ટર તથા દાયણ વગેરે દ્વારા જાણી જોઈને સ્ત્રીની ભૃણહત્યા કરવામાં આવે છે. એટલે આ આકસ્મિક મરણ નથી પરંતુ સામૂહિક પ્રયાસોથી થયેલું ખૂન કહી શકાય.
- આ કૃત્ય ગરીબ અને અભણ પ્રજા નથી કરાવતાં કારણ કે એ સંતાનોને ઈશ્વરની દેણ ગણે છે. પરંતુ મધ્યમ, ઉચ્ચ મધ્યમ કે અતિશ્રીમંત વર્ગ જ્યાં પુત્રના વારસાનું મહત્ત્વ હોય, સંપત્તિ વારસદાર જોઈતો હોય ત્યાં સ્ત્રી બાળકની ભૃણહત્યાની શક્યતા વધે છે. વળી આ માટે નાણાંકીય વ્યવસ્થા પણ તેમની પાસે હોય છે.
- શિક્ષણ સાથે ભૃણહત્યાને સંબંધ નથી. કારણ કે જેઓ નિરક્ષર છે તેનાં કરતાં સાક્ષર આનો દુરુપયોગ વધુ કરે છે. આની દવાઓ, ડૉક્ટરને મળવું, સોનોગ્રાફી કરાવવી વગેરે માટે શિક્ષિત લોકો સામેલ થાય છે.
- ગરીબી સાથે એને સંબંધ નથી. ગુજરાત, પંજાબ, હરિયાણા વગેરે જેવા રાજ્યો આર્થિક શૈક્ષણિક રીતે સધ્ધર છે. વળી તેઓને આને લીધે શું ફાયદો થશે શું ગેરફાયદો થશે વગેરે ગણતરી પૂર્વકનું કૃત્ય છે.

- આ સમસ્યા ગ્રામીણ અને શહેરી બંને સમાજને સ્પર્શે છે.
- સ્ત્રીની ઇચ્છાને એમાં હંમેશા જોવામાં નથી આવતી. ઘણીવાર કૌટુંબિક દબાણ, કુટુંબની ઇચ્છા વગેરેને લીધે સ્ત્રી અનિચ્છાએ ભ્રૂણહત્યાનો આશરો લે છે.

## 4.7 ભ્રૂણહત્યાની અટકાયત

... ભ્રૂણ હત્યાની સમસ્યાને નિવારવા માટે સરકારી અને સામાજિક પ્રયાસો જોઇએ તો,

### 4.7.1 સરકારી પ્રયાસો

ભારતીય દંડ સંહિતાની કલમ 312 પ્રમાણે જે કોઇ વ્યક્તિ સ્વેચ્છાથી કોઇ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરાવે અને જો તેવો ગર્ભપાત તે સ્ત્રીનો જાન બચાવવાનો હેતુથી શુદ્ધ બુદ્ધિપૂર્વકનો ન હોય તો તેને 3 વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે. જો સ્ત્રીના ગર્ભમાં બાળક ફરકતું થયું હોય અને એ ગર્ભપાત કરાવવામાં આવે તો આવી શિક્ષા સાત વર્ષ સુધીની કેદની અને દંડની એમ બંને પ્રકારની હશે. જે કોઇ સ્ત્રી પોતે જ પોતાનો ગર્ભ પાડી નાંખે અથવા તેમ કરાવે તે આમાં સમાવિષ્ટ છે. ઉપરનું કાર્ય જો સ્ત્રીની સંમતિ વિના કરવામાં આવ્યું હશે તો તેમ કરનારને 10 વર્ષ સુધીની કેદની શિક્ષા અને દંડ થશે. (કલમ 313). આ પ્રમાણે ગર્ભપાતનું કાર્ય કરતાં જે પાત્ર ઠરશે. (કલમ 314).

### 4.7.2 સમાજની જવાબદારી

- મહિલા સંગઠનોની જવાબદારી છે કે તેઓ આ વિષયમાં વિચારે અને તેમના સમ્માન તથા પોતાના જીવિત રહેવાના મૂળ અધિકારોની સુરક્ષા માટે અવાજ ઉઠાવે. જનસંખ્યા પર અંકુશ લગાવવાના આકાશમાં અરાજકતાને સહન ન કરવી જોઇએ. અન્યથા સમાજને એક બીજા જ પ્રકારના ભયંકર પ્રદૂષણનો સામનો કરવો પડશે.
- જે સ્ત્રીઓ ધાર્મિક અને પરંપરાગત દૃષ્ટિકોણ ધરાવે છે. સ્ત્રીઓને ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવું જોઇએ અને એ દ્વારા સમજાવવું જોઇએ કે આ એક ચિંતાજનક પડકાર છે. આ પાપ છે.
- વૈજ્ઞાનિક રીતે બુધ્ધિપુર્વક સ્ત્રીઓને સમગ્ર પ્રક્રિયા સમજાવવી જોઇએ.
- નજીકમાં આરોગ્યકેન્દ્ર હોવા જોઇએ અને ત્યાં સાચી સલાહ આપનાર સેવાભાવી ડૉક્ટરો હોવા જોઇએ જેથી ગેરકાયદેસરનાં ભ્રૂણહત્યાઓ
- 'યુનિસેફ'ના એક રિપોર્ટમાં બતાવવામાં આવ્યું છે કે કન્યા-શિશુ યા કન્યા-ભ્રૂણની હત્યા જ વાસ્તવમાં ભારતમાં સ્ત્રી-પુરુષોની જનસંખ્યામાં અસમાનતાનું કારણ બની રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો જન્મ નહીં આવે તો સ્ત્રી-પુરુષોની જનસંખ્યાનું પ્રમાણ એટલું ઓછું થઇ જશે કે માનવ-અધિકારોની બીજી સમસ્યાઓ તથા યૌન-અરાજકતા પેદા થઇ જવાનો ભય છે.
- સ્ત્રીઓને સશક્તીકરણ માટે તૈયાર કરવી જોઇએ. એનાં હક્કો અને માનવઅધિકારો માટે શિક્ષણ આપી જાગૃત કરવી જોઇએ.
- ડૉક્ટરો આચાર સંહિતાનુ પાલન માટે આગ્રહ રાખવો જોઇએ જો એના ભંગ કરે તો એવા ડૉક્ટરો સામે સખત પગલાં લઇ અને શિક્ષા કરવી જોઇએ. એમનાં ક્લીનીક બંધ કરાવવા જોઇએ.
- દવાખાને જતી સ્ત્રીઓ માટે રજિસ્ટર્ડ રાખવા જોઇએ.
- ભારતમાં તબક્કાવાર સ્ત્રીઓનાં દરજ્જા વિશે, જાતિ પ્રમાણ, શિક્ષણ, આર્થિક દરજ્જો વગેરેનુ મુલ્યાંકન કરવું જોઇએ.

આમ સામૂહિક પ્રયત્નો દ્વારા આને હળવી કરી શકાય.

- ધાર્મિક સંસ્થાઓ, વડાઓ, રાજકીય સંસ્થાઓનાં નેતાઓ અને સરકારની ભૂમિકા મહત્વની રહે છે. જેમ કે, જગદ્‌ગુરુ શંકરાચાર્ય - ગર્ભ પરીક્ષણ કરાવી સ્ત્રી ભ્રૂણ હત્યા રોકવા પર ભાર મૂક્યો હતો. પંજાબમાં - શીખ ધર્મગુરુએ મનાઇ ફરમાવી છે. એ રીતે બીજા ધર્મગુરૂઓએ પણ આ માર્ગ અપનાવવો જોઇએ.
- જનજાગૃતિ દ્વારા આ સમસ્યાને હળવી કરાવી શકાય તેમ છે.
- ડૉક્ટરો અને દાયણોની સાથ લઇ આ પ્રવૃત્તિ અટકાવવી જોઇએ.
- ગર્ભહત્યાની જાહેરાત પર પ્રતિબંધ મુકવો જોઇએ.
- સરળ અને સલામત ગર્ભ વિશેની સમજ આપવી જોઇએ.

2001 નું વર્ષ સ્ત્રી સશક્તિકરણ વર્ષ તરીકે ઉજવાય અને

... ઓછી સ્ત્રીઓ હોય તો કેમ ચાલે?

- અલ્ટ્રા સોનોગ્રાફી - એમ્નીનોસેન્ટેસીસ પર મનાઈ ફરમાવી જોઈએ.
- જેઓ બિનકાયદેસર ગર્ભપાત કરાવે છે તેવા ડૉક્ટરોની મેડીકલ પ્રેક્ટીસ અને રજિસ્ટ્રેશન નાબુદ કરવું જોઈએ.

## 4.8 સારાંશ

ગર્ભમાં રહેલા બાળકની હત્યા એ ભૃણહત્યા છે. તબીબી રોગનિદાનની એમનીયોસિથેસીસ નામે ઓળખાતી આ પ્રક્રિયાએ ગંભીર સમસ્યા ઊભી કરી છે. જે જાતિ ભેદભાવ સાથે સંકળાયેલ છે. ગર્ભપાત એક જીવતા જાગતા નિર્દોષ જીવની સુવ્યવસ્થિત અને ઘાતકી હત્યા છે. ભૃણ હત્યા સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ પર અસર કરે છે. ભારતમાં અને ગુજરાતમાં સ્ત્રી બાલિકાનું આનું ઘટતું પ્રમાણ ચિંતા ઉપજાવે છે. જુદા જુદા કારણોસર ભૃણહત્યા થતી હોય છે જેમ કે પુરુષ પ્રધાન સમાજ, સ્ત્રીનું ગૌણ સ્થાન, જ્ઞાતિપ્રથા, ભારતીય કુટુંબપ્રથા, પુત્રનું મહત્વ, લિંગભેદ સ્ત્રી અંગેના પરંપરાગત વલણો, ધાર્મિક અને આર્થિક કારણ વગેરે. આ ભૃણહત્યા એ સ્ત્રીના માનવઅધિકારોનો ભંગ છે.

સગર્ભા સ્ત્રીની માનસિક અને શારીરિક આરોગ્ય પર તેની વિપરીત અસર પડે છે. સમાજમાં ભવિષ્યમાં સ્ત્રી પુરુષની અસમાનતા અનેક ચિંતાજનક પ્રશ્નો ઊભા કરશે. આ એક પાશવી કૃતય છે. જે સ્ત્રી તરીકે જન્મવાના અધિકાર પર તરાપ મારે છે. આ એક આકસ્મિક ઘટના નથી. શિક્ષિત શ્રીમંત પ્રજા પણ પુત્ર વારસા માટે આ માર્ગ અપનાવે છે. ગેરકાયદેસર થતાં જાતીય પરીક્ષણ અટકાવવા જોઈએ અને માનવીય અભિગમ દાખવવો જોઈએ. સમાજનાં સહિયારા પ્રયાસોથી જ આ કૃત્ય અટકાવી શકાશે.

## 4.9 તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન-1 ભૃણહત્યા એટલે શું ? ભૃણહત્યાનાં કારણો જણાવો.

પ્રશ્ન-2 'ભૃણહત્યા એ સમાજ માટે અભિશાપ છે' - સમજાવો.

પ્રશ્ન-3 ભૃણહત્યાનાં પરિણામો સમજાવી એનાં ઉકેલ માટેનાં માર્ગો સૂચવો.

# NOTES

# NOTES